॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૩૫

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

## - પિંડનિર્યુક્તિ - ઓઘનિર્યુક્તિ

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.

35/1

# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૩૫ માં છે...

-૦- પિંડનિર્યુક્તિ-મૂલસૂત્ર-૨-નો

— સંપૂર્ણ સટીક અનુવાદ

-૦- ઓઘનિર્યુક્તિ-મૂલસૂત્ર-૨-નો

[વૈકલ્પિક બીજું મૂળસૂત્ર]

— સાર રૂપ સંક્ષેપાનુવાદ

— x — x — x — x — x — x — x —

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

# ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-3 નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

## પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૰ ના

### ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના

# ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

## પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૰

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

## પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*

આગમ સટીક અનુવાદના

આ ભાગ | ૩૫ | ની

સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

પરમપૂજ્ય ક્રિયારૂચિવંત આચાર્યદેવ

શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના સમુદાયના

**સાધ્વીશ્રી મોક્ષનંદિતાશ્રીજી મ.**

તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર

**શ્રી વલ્લભનગર જૈન શ્વે.મૂ.પૂ. સંઘ**

**ઈન્દૌર, મ.પ્ર.**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ ''આગમદીપ'' સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ૩. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૅષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

0 અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

0 કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :- 3

0 અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

0 નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

0 તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

0 તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપધ, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. [૧]

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** [3]

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** [3]

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** [૧]

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# ભાગ-૩૫

# ૪૧/૧ પિંડનિર્યુક્તિ - મૂલસૂત્ર-૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

આગમ સટીક અનુવાદ શ્રેણીમાં આ ૪૧-મું આગમ છે તે ચાર મૂળસૂત્રોમાં બીજુ સૂત્ર છે. તે ''પિંડનિર્યુક્તિ'' નામથી પ્રસિદ્ધ છે તેને પ્રાકૃતમાં 'पिंडनिज्जुत्ति' કહેવામાં આવે છે. તેમાં કોઈ શ્રુતસ્કંધ કે અધ્યયન આદિ વિભાગો નથી, સળંગ-૬૭૧ ગાથાઓ જ છે. માત્ર તેની મધ્યે બીજી ભાષ્ય ગાથાઓ પણ આવે છે.

દશવૈકાલિક સૂત્રના પાંચમાં અધ્યયનની વિગતો ને વિસ્તારથી જણાવનારી આ 'પિંડનિર્યુક્તિ' છે. જેમાં પિંડનું સ્વરૂપ, ઉદ્‌ગમ-ઉત્પાદન અને એષણાના દોષો તેમજ ગ્રાસૈષણાના દોષ અને આહાર વિધિનું કથન છે.

આ આગમના વિકલ્પમાં ''ઓઘનિર્યુક્તિ'' નામે બીજું આગમ છે. જેમાં સાત દ્વારોનું વર્ણન છે - પ્રતિલેખના, પિંડ, ઉપધિ, અનાયતન વર્જન, પ્રતિસેવા, આલોચના અને વિશુદ્ધિ, એવી ૮૧૨-શ્લોકોમાં રચના છે.

બંને નિર્યુક્તિ મુખ્યત્વે ચરણકરણાનુયોગ પ્રધાન છે.

અમારા પૂર્વેના બધાં સંપાદનોમાં ૪૧/૧-ઓઘનિર્યુક્તિ અને ૪૧/૨ પિંડનિર્યુક્તિ એમ ભાગ કરેલ છે. અહીં અમે ૪૧/૧ પિંડનિર્યુક્તિ એમ ક્રમ એટલે બદલ્યો છે કે — અહીં તેમાં પૂ.મલયગિરિજી ટીકાની મુખ્યતાથી સંપૂર્ણ વિવેચન કરેલ છે.

જ્યારે ૪૧/૨-ઓઘનિર્યુક્તિ એવો ક્રમ ફેરવી, તેને થોડું ઓછું મહત્ત્વ આપી ઓઘનિર્યુક્તિ-સારરૂપે રજૂ કરેલ છે. જો કે તેમાં કિંચિત્ આધાર દ્રોણાચાર્યકૃત્ ટીકાનો તો લીધો જ છે.

પિંડનિર્યુક્તિમાં ક્રમાનુસાર ગાથાર્થ અને ટીકા આદિના અર્થોનો સંક્ષેપ કરેલ છે. જ્યારે ઓઘનિર્યુક્તિમાં તો 'ગ્રંથ-સાર' કહી શકાય તે રીતે જ નોંધ છે, આટલી સ્પષ્ટ કબૂલાતપૂર્વક જ અમે આ સટીક અનુવાદ રજૂ કરી રહ્યા છીએ છતાં સંપૂર્ણ સટીક ગ્રંથ માટે અમારું आगमसुत्ताणि-सटीकं જોવું.





# પિંડનિર્યુક્તિ-મૂલસૂત્ર/૨

## આગમ-૪૧/૧ નો સટીક અનુવાદ

૦ ભૂમિકા :- પરોપકાર કરવામાં તત્પર, કર્મરૂપી રજનો નાશ કરનાર, મોક્ષમાર્ગરૂપ ચારિત્રને પોષણ કરનાર નિર્દોષ આહારવિધિના દેશક એવા શ્રી વર્ધમાન જિનેશ્વર જય પામે છે.

ગુરુપદ કમલ નમીને હું ગુરુ ઉપદેશથી શિષ્યોના બોધને માટે આ પિંડનિર્યુક્તિની સંક્ષેપમાં વિવૃત્તિ કરું છું.

[શંકા] નિર્યુક્તિ સ્વતંત્ર શાસ્ત્રરૂપ નથી પણ સૂત્રને પરાધીન છે, કેમકે નિર્યુક્તિ એટલે સૂત્રોક્ત પદાર્થો સ્વ સ્વરૂપ સાથે સંબંધવાળા છે, તો પણ શિષ્યોની પાસે, જેનાથી નિશ્ચયપણે સંબંધનો ઉપદેશ કરી વ્યાખ્યાન કરાય છે, તે નિર્યુક્તિ કહેવાય છે. આપ પણ પિંડનિર્યુક્તિની ટીકા કરવાનું કહો છો, તો આ પિંડનિર્યુક્તિ કયા સૂત્રના સંબંધવાળી છે ?

[સમાધાન] અહીં દશ અધ્યયનના પરિમાણવાળું, બે ચૂલિકા વડે શોભતું દશવૈકાલિક નામે શ્રુતસ્કંધનું પાંચમું અધ્યય પિણ્ડૈષણા છે. તથા દશવૈકાલિક નિર્યુક્તિ ચૌદપૂર્વી શ્રી ભદ્રબાહુ સ્વામીએ કરી છે. તેમાં પિણ્ડૈષણા નામક અધ્યયનની નિર્યુક્તિ અતિ મોટી હોવાથી શાસ્ત્રાંતરની માફક જુદી રાખી છે. તેનું પિંડનિર્યુક્તિ નામ રાખેલ છે.

આ કારણથી જ ગ્રંથમાં પહેલા મંગલને માટે નમસ્કાર કર્યો નથી. કેમકે દશવૈકાલિકની નિર્યુક્તિમાં આનો સમાવેશ છે. તેથી તે નિર્યુક્તિના આરંભે જ નમસ્કાર કરેલો હોવાથી અહીં પણ વિઘ્નના ઉપશમનો સંભવ છે. - x - આરંભે અધિકાર સંગ્રાહક ગાથા આ છે —

● મૂલ-૧ :-

***પિંડને વિશે ઉદ્‌ગમ, ઉત્પાદના, એષણા, સંયોજના, પ્રમાણ, અંગાર, ધૂમ અને કારણ એ આઠ પ્રકારે પિંડનિર્યુક્તિ છે.***

● વિવેચન-૧ :-

પિંડ એટલે સમૂહ, પિંડ કરવો તે પિંડ - ઘણી વસ્તુનો એકત્ર સમુદાય કરવો તે જે સમુદાય હોય તે સમુદાયવાળાથી કથંચિત્ અભિન્ન છે તેથી તે જ ઘણાં પદાર્થો એકત્ર સમૂહરૂપે કરેલા તે પિંડ શબ્દથી કહેવાય છે તે પિંડ જો કે નામાદિ ભેદથી અનેક પ્રકારનો કહેવાશે તો પણ અહીં સંયમ આદિ ભાવપિંડનો ઉપકાર કરનાર દ્રવ્યપિંડ ગ્રહણ કરાશે.

તે દ્રવ્યપિંડ પણ આહાર, શય્યા અને ઉપધિ ભેદથી ત્રણ પ્રકારે છે. અહીં

આહારશુદ્ધિનો પ્રક્રમ હોવાથી આહારરૂપ જ દ્રવ્યપિંડ કહેવાશે. તેથી તે આહારરૂપ પિંડનો વિષય હોવાથી પહેલાં ઉદ્‌ગમ કહેવો જોઈએ. ઉદ્‌ગમ એટલે ઉત્પત્તિ. અહીં ઉદ્‌ગમ શબ્દથી ઉદ્‌ગમમાં રહેલા દોષો કહેવાય છે. કેમકે અહીં તેવી વિવક્ષા છે. ઉદ્‌ગમનો ભાવાર્થ આ રીતે –

(૧) ઉદ્‌ગમમાં રહેલા આધાકર્માદિક દોષ કહેવા લાયક છે. (૨) પછી ઉપ્પાયણ તે ઉત્પાદના. ધાત્રિત્વાદિ ભેદો વડે પિંડની પ્રાપ્તિ કરવી તે, તે કહેવા લાયક છે. ઉદ્‌ગમ પછી ઉત્પાદના દોષો કહેવા લાયક છે. (૩) ત્યારપછી એષણા - શોધવું તે એષણા. તે એષણા ત્રણ પ્રકારે છે – ગવેષણા એષણા, ગ્રહણ એષણા, ગ્રાસ એષણા.

(૧) ગવેષણા - ગવેષણને વિશે જ એષણા - અભિલાષા તે. આ પ્રમાણે જ (૨) ગ્રહણૈષણા, (૩) ગ્રાસૈષણા પણ જાણી લેવા.

તેમાં ગવેષણાનો વિષય ઉદ્‌ગમ અને ઉત્પાદના છે, તેથી તે બેના ગ્રહણ કરવાથી જ ગવેષણ એષણા ગ્રહણ કરેલી જાણવી. ગ્રાસૈષણા આહાર કરવાના વિષયવાળી છે. તેથી સંયોજનાદિના ગ્રહણ વડે તે ગ્રહણ કરશે, તેથી અહીં શેષ રહેવા થકી એષણા શબ્દે કરીને ગ્રહણૈષણા ગ્રહણ કરી છે ગ્રહણૈષણાના ગ્રહણ કરવા વડે ગ્રહણૈષણાના દોષો જાણવા. ભાવાર્થ એ કે – ઉત્પાદન દોષ પછી, ગ્રહણૈષણામાં રહેલ શંકિત, મ્રક્ષિતાદિ દોષો કહેવા.

(૪) ત્યારપછી સંયોજના, સંયોગ કરવો તે સંયોજના. જિહ્વેન્દ્રિયની લોલુપતાને લીધે રસ ઉત્પન્ન કરવા માટે લાપશી આદિને ખાંડ આદિની સાથે મેળવવા તે. આ સંયોજના દ્રવ્ય અને ભાવથી બે ભેદે છે. (૫) ત્યારપછી પ્રમાણ - કોળીયાની સંખ્યારૂપ કહેવું. અહીં च શબ્દ સમુચ્ચય અર્થમાં છે તે ભિન્ન ક્રમવાળો હોવાથી कारण શબ્દ પછી જાણવો.

(૬,૭) અંગાર દોષ અને ધૂમ્ર દોષ. જે પ્રમાણે થાય છે તે પ્રમાણે કહેવા. (૮) કારણ - જે કારણો વડે મુનિઓના આહાર ગ્રહણ કરાય છે તે.

આ પ્રમાણે આ પિંડનિર્યુક્તિ - પિણ્ડૈષણા નિર્યુક્તિ આઠ ભેદે છે. એટલે કે આઠ અર્થાધિકારોએ કરીને રચેલી છે.

[શંકા] આ આઠે અધિકારો કોઈ સંબંધ વિશેષથી છે કે યથાકથંચિત્ ?

[સમાધાન] વિશેષ પ્રકારના સંબંધે કરીને જ આ આઠે પ્રકારો આવેલા છે તે આ રીતે – પિણ્ડૈષણા અધ્યયનની નિર્યુક્તિ આરંભી છે, તેમાં પિંડએષણા અધ્યયનના ચાર અનુયોગદ્વાર - ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ, નય. તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપામાં 'પિંડ-એષણા' અધ્યયન એ નામ. તેથી પિંડ અને અધ્યયન, બે શબ્દની વ્યાખ્યા કરવી જોઈએ. 'અધ્યયન' શબ્દની વ્યાખ્યા પહેલાં દ્રુમપુષ્પિકા અધ્યયનમાં કહેલ છે. અહીં માત્ર 'પિંડ' શબ્દની વ્યાખ્યા.

પછી એષણા શબ્દની વ્યાખ્યા કરવી. એષણા તો ગવેષણા, ગ્રહણૈષણા અને



ગ્રાસૈષણા એ ત્રણ પ્રકારે છે. તે ગવેષણ-એષણાદિ ઉદ્‌ગમ આદિ વિષયવાળી છે, તેથી કહેવા યોગ્ય છે. માટે પિંડાદિ આઠ ભેદ છે.

પહેલાં 'પિંડ' શબ્દની વ્યાખ્યા. તે તત્ત્વ, ભેદ અને પર્યાય એમ ત્રણ પ્રકારે છે. પહેલાં 'પિંડ' શબ્દના પર્યાયોને કહે છે –

**● મૂળ-૨ :-**

***પિંડ, નિકાય, સમૂહ, સંપિંડન, પિંડના, સમવાય, સમવસરણ, નિચય, ઉપચય, ચય, યુગ્મ અને રાશિ. એ પિંડશબ્દના પર્યાયો છે.***

**● વિવેચન-૨ :-**

સામાન્યથી આ પિંડ શબ્દના પર્યાયો છે, વિશેષથી કોઈ અર્થને વિશે રૂઢ છે. તેમાં (૧) પિંડ - ગોળનો પિંડો, આદિ રૂપ સંઘાતમાં રૂઢ છે. (૨) નિકાય-ભિક્ષુકાદિ સમૂહ, (૩) સમૂહ - મનુષ્યાદિનો સમુદાય, (૪) સંપિંડન - સેવ આદિ, તથા ખંડપાક આદિનો પરસ્પર સમ્યક્ સંયોગ, (૫) પિંડના - મળવા માત્રના સંયોગમાં રૂઢ, (૬) સમવાય - વણિકાદિનો સંઘાત, (૭) સમવસરણ - તીર્થંકરની દેવ, મનુષ્યાદિની પર્ષદા, (૮) નિચય - સુવરાદિનો સંઘાત, (૯) ઉપચય - પ્રથમની અવસ્થા થકી મોટા થયેલા, (૧૦) ચય - ઇંટોની રચના વિશેષ, (૧૧) યુગ્મ - બે પદાર્થનો સંઘાત, (૧૨) રાશિ - સોપારીનો સમૂહ. - x - x -

સામાન્યથી સર્વ પિંડાદિ શબ્દો એકાર્થક છે.

પિંડના પર્યાયો કહ્યા. હવે તેના ભેદોની વ્યાખ્યા –

**● મૂળ-૩ :-**

***પિંડનો નિક્ષેપ ચાર પ્રકારે અથવા છ પ્રકારે કરવા લાયક છે. એ પ્રમાણે નિક્ષેપ કરીને પછી પિંડની પ્રરૂપણા કરવા લાયક છે.***

**● વિવેચન-૩ :-**

પિંડનો નામ આદિ નિક્ષેપ ચાર પ્રકારે છે. અથવા છ પ્રકારે કરવા લાયક છે. - x - x - અહીં જે વસ્તુને વિશે સમ્યક્ પ્રકારે વિસ્તારથી નિક્ષેપ જાણવામાં ન હોય અથવા જાણ્યાં છતાં વિસ્મરણને પામ્યો હોય ત્યાં પણ નામાદિ ચાર ભેદે નિક્ષેપ અવશ્ય કરવો - x - x - જો છ પ્રકારનો નિક્ષેપ સમ્યક્ પ્રકારે જાણેલો હોય, જાણીને વિસ્મરણ ન પામ્યો હોય તો છ પ્રકારનો નિક્ષેપ કરવો. અન્યથા ચાર પ્રકારનો નિક્ષેપ અવશ્ય કરવો.

એ પ્રમાણે નિક્ષેપ કરીને તે પિંડની પ્રરૂપણા કરવી.

નામાદિ ભેદના સ્થાપન વડે વ્યાખ્યાનું ફળ એ કે – વિવક્ષિત શબ્દ વડે કથનીય પદાર્થોને તેના સ્વરૂપ પ્રમાણે છૂટા છૂટા દેખાડીને પછી નામાદિમાંથી જે કોઈ વડે પ્રયોજન હોય તેનો યુક્તિપૂર્વક અધિકાર કરવો, બાકીનાનો ત્યાગ કરવો. - x - અહીં જે ચાર કે છ પ્રકારે નિક્ષેપનું કહ્યું, તેમાં તેનું સ્વરૂપ દેખાડ્યા વિના તેને જાણવાને શિષ્યો સ્વયં સમર્થ ન થાય, તેથી તેનું સ્વરૂપ અવશ્ય દેખાડવું જોઈએ. છ

પ્રકાર કહેવાથી ચાર પ્રકાર તો તેમાં સમાવિષ્ટ જ છે. માટે છ ભેદે નિક્ષેપ કહે છે —

● મૂલ-૪ :-

***જેમ કુલકમાં ચોથો ભાગ અવશ્ય સંભવે, તેમ છ ભેદે નિક્ષેપ થકી ચાર ભેદે નિક્ષેપ અવશ્ય સંભવે છે, તેથી છ ભેદે નિક્ષેપ કહું છું.***

● વિવેચન-૪ :-

ચાર સેતિકાના એક કુલકમાં તેના ચોથા ભાગરૂપ સેતિકા અવશ્ય વિદ્યમાન હોય, તેમ છ ભેદના નિક્ષેપમાં ચાર ભેદે નિક્ષેપ અવશ્ય સંભવે, તેથી તે છ નિક્ષેપની પ્રરૂપણા કરું છું. પ્રતિજ્ઞાને નિર્વહતા કહે છે —

● મૂલ-૫ :-

***નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ છ ભેદે પિંડ છે.***

● વિવેચન-૫ :-

નામપિંડ, સ્થાપનાપિંડ, દ્રવ્ય વિષયક પિંડ તે દ્રવ્યપિંડ, ક્ષેત્રનો પિંડ અને ભાવ પિંડ. એમ છ ભેદે પિંડનો નિક્ષેપ થાય છે. તેમાં નામપિંડની વ્યાખ્યા કરવા અને સ્થાપના પિંડનો સંબંધ કરવાને કહે છે —

● મૂલ-૬ :-

***પિંડ એવું નામ તે ગૌણ કે સિદ્ધાંતોક્ત કે બંને વડે કરેલું હોય કે ન હોય તેને નામ પિંડ કહે છે. હવે હું સ્થાપના પિંડને કહીશ.***

● વિવેચન-૬ :-

'પિંડ' એવા અક્ષરની શ્રેણિરૂપ તે 'નામપિંડ'. નામ એવો તે પિંડ. 'નામ' ચાર પ્રકારે — ગૌણ, સમયજ, ઉભયજ, અનુભયજ.

(૧) ગૌણ-ગુણથી આવેલ. તેમાં ગુણ-શબ્દની વ્યુત્પત્તિ રૂપ પદાર્થ-જેમકે જ્વલ ધાતુ દીપ્તિ અર્થે છે, તેથી જ્વલન એટલે દીપન. - x - પદાર્થને વિશે પ્રવર્તતા જે જે શબ્દો, તેની વ્યુત્પત્તિના કારણરૂપ જે દ્રવ્ય, ગુણ કે ક્રિયા તે ગુણ કહેવાય છે. તેમાં શ્રૃંગી, દંતી આદિ શબ્દોમાં વ્યુત્પત્તિના કારણરૂપ દ્રવ્ય છે. જાતરૂપ, સુવર્ણ આદિમાં વ્યુત્પત્તિ નિમિત્ત ગુણ છે. તપન, શ્રમણ, દીપ્ર આદિમાં વ્યુત્પત્તિ નિમિત્ત ક્રિયા છે. જાતિ નામની વ્યુત્પત્તિનું નિમિત્ત ન થાય પણ પ્રવૃત્તિનું નિમિત્ત થાય છે. જેમકે ગો શબ્દનું પ્રવૃત્તિ નિમિત્ત 'ગોજાતિ' છે. - x - x - પરંતુ જે જાતિવાચી શબ્દો વ્યુત્પત્તિ રહિત છે અને યથાકથંચિત્ જાતિવાળાને વિશે રૂઢિ પામેલા હોય તે શબ્દોમાં વ્યુત્પત્તિનું નિમિત્ત જ નથી. તો પછી તેવા શબ્દોમાં જાતિ સંબંધિ વ્યુત્પત્તિ નિમિત્તનો પ્રસંગ જ ક્યાંથી હોય ? ન હોય. તેતી તે જાતિ ગુણના ગ્રહણ વડે ગ્રહણ કરી શકાતી નથી. ઈત્યાદિ૦ - x - x -

સમયજ - અર્થ રહિત હોય અને સિદ્ધાંતમાં જ પ્રસિદ્ધ હોય તે સમયજ કહેવાય. જેમ ઓદનનું પ્રાભૃતિકા નામ સિદ્ધાંતમાં પ્રસિદ્ધ છે.

ઉભયજ - ગુણ વડે પણ પ્રસિદ્ધ અને સમયમાં પણ પ્રસિદ્ધ હોય તે ઉભયજ કહેવાય. જેમ ધર્મધ્વજનું 'રજોહરણ' નામ છે. આ નામ સિદ્ધાંત પ્રસિદ્ધ પણ છે અને અર્થયુક્ત પણ છે. તે આ રીતે — જેના વડે બાહ્ય અને અભ્યંતર રજ હરાય, તે રજોહરણ. બાહ્યરજને દૂર કરે તે પ્રસિદ્ધ છે, આભ્યંતર રજને દૂર કરનાર સંયમયોગો છે તેઓનું મરણ ધર્મલિંગ રજોહરણ છે. કારણને વિશે કાર્યના ઉપચારથી તે રજોહરણ કહેવાય.



અનુભયજ - જેમકે શૂરતા, ક્રૂરતા આદિ ગુણરૂપ કાર્ય અસંભવ છે. તેથી સિંહરૂપ કારણમાં તે કાર્યના ઉપચારનો અભાવ છે. એવા કોઈ પુરુષનું સિંહ એવું નામ પાડ્યું. એ રીતે દેવદત્ત.

એ જ રીતે 'પિંડ' એ અક્ષરોના સમૂહરૂપ નામ પણ ગૌણાદિ ભેદે ચાર પ્રકારે છે. સજાતીય કે વિજાતીય ઘણાં કઠિન દ્રવ્યોનો સમૂહ કરવાથી 'પિંડ' એવું નામ પ્રવર્તે, તે ગૌણ કહેવાય.

વળી સિદ્ધાંતની ભાષાથી પાણીને વિશે પિંડ નામનો પ્રયોગ કરવાથી તે સમયજ કહેવાય. - x - જેમકે - આચારાંગ સૂત્રમાં કહેલ છે કે — તે સાધુ કે સાધ્વી પિંડ લેવા ગૃહસ્થને ઘેર પ્રવેશી પાણીને જુએ તે આ પ્રમાણે તલનું પાણી, તુષનું પાણી આદિ, અહીં પાણી પણ પિંડ કહ્યું.

ઉભયજ - જેમકે સાધુ-સાધ્વી ગૃહસ્થને ત્યાંથી ગોળનો પિંડ કે સાથવાનો પિંડ પ્રાપ્ત કરે, તે 'પિંડ' શબ્દ ઉભયજ કહેવાય. કેમકે તે સમયમાં પ્રસિદ્ધ છે અને અન્વર્થયુક્ત પણ છે. અનુભયજ - કોઈ માણસનું પિંડ એવું નામ કરે, પણ શરીરના અવયવ સમૂહને ન વિવક્ષે તે.

ગાથાનો અક્ષરાર્થ કહે છે — જે પિંડ એવું નામ તે "ગૌણ" છે. સમય કૃત્ - તે સમયમાં પ્રસિદ્ધ, તદુભયકૃત - ગુણ અને સમય બંનેથી યુક્ત. અનુભયજ - અન્વર્થ રહિત અને સમયમાં અપ્રસિદ્ધ. આ ચારે ભેદોને તીર્થંકરાદિ નામપિંડ કહે છે, હવે હું સ્થાપના પિંડ કહીશ.

● મૂલ-૭ :- [ભાષ્ય]

***ગુણ વડે બનેલ હોય તે જ ગૌણ નામ છે, એમ અર્થવિદો યથાર્થ કહે છે, તે ગૌણનામ-ક્ષપણ, જ્વલન, તપન, પ્રદીપ આદિ છે.***

● વિવેચન-૭ :-

ગુણ વડે એટલે પરાધીન વ્યુત્પત્તિના નિમિત્તરૂપ દ્રવ્યાદિ વડે જે બનેલું હોય તે ગૌણ નામ કહેવાય. જેના ગુણ વડે બનેલું હોય, તેના ગુણથી કે વસ્તુને વિશે આવેલું નામ તે ગૌણ કહેવાય છે, ગૌણ નામને અર્થવિદો યથાર્થ કહે છે. તે ગૌણ નામ ત્રણ પ્રકારે છે — દ્રવ્ય નિમિત્ત, ગુણ નિમિત્ત અને ક્રિયા નિમિત્ત. ત્રણેની વ્યાખ્યા પૂર્વે કરેલી છે. તેમાં પિંડ એવું જે નામ તે ક્રિયાનિમિત્ત છે, જેમકે - x - કર્મને ખપાવે તે ક્ષપણ, આ ગૌણ નામ ક્રિયાનિમિત્ત છે. એ જ પ્રમાણે બાકીના દૃષ્ટાંતો જાણવા. જેમકે બળે તે જ્વલન - અગ્નિ, તપે તે તપન - સૂર્ય.

વાય તે વાયુ-પવન.

હવે પિંડ એવા ગૌણ નામ અને સમયકૃત્ બેની વ્યાખ્યા કરે છે —

• **મૂલ-૮ :- [ભાષ્ય]**

***બહુ દ્રવ્યોનો મેળાપ તે પિંડ. પ્રતિપક્ષે પિંડ એવું જે નામ તે સમયકૃત્ પિંડ જાણવું. જેમ પિંડ પ્રતિપાત સૂત્ર છે.***

• **વિવેચન-૮ :-**

સમાન કે જુદી જાતિના ઘણાં કઠિન દ્રવ્યોનું જે પિંડન-એક સ્થાને મેળાપ, તેને માટે કહેવાતું પિંડ એવું જે નામ તે ગૌણ કહેવાય છે. કેમકે વ્યુત્પત્તિના નિમિત્તનું તેમાં હોવાપણું છે. તથા પ્રતિપક્ષ - કઠિન દ્રવ્યોના મેળાપનો અભાવ, આવા ઘણાં દ્રવ્યોના મળવા વિના પિંડ એવું નામ પ્રવર્તે છે, તેમાં પણ કંઈ વિરોધ નથી. એમ अपि શબ્દનો અર્થ જાણવો. સિદ્ધાંતથી 'પિંડ' એવા નામ વાળો તે 'નામપિંડ' સમયકૃત્ કહેવાય. તેમાં નામ અને નામવાળો એ બંનેના અભેદ ઉપચારથી આવો નિર્દેશ છે. પણ ઉપચાર ન કરીએ તો આ પ્રમાણે અર્થ કરવો કે — તે વસ્તુને વિશે તે પિંડ એવું જે નામ તે સમયકૃત્ છે. - x - x -

અહીં पिंड શબ્દથી 'પિંડપાત' શબ્દ જાણવો. - x - x - સંક્ષેપમાં કહીએ તો - આ સૂત્રમાં ઘણાં કઠિન દ્રવ્યોનો પરસ્પર મેળાપ ન હોય તો પણ પાણીને વિશે 'પિંડ' એવું અન્વર્થ રહિત નામ સમયની પ્રસિદ્ધિથી થાય છે. તેથી આ નામને समयज કહેવાય. હવે 'उभयज' પિંડ કહે છે —

• **મૂલ-૯ :- [ભાષ્ય]**

***પિંડના લાભ માટે ગૃહસ્થના ઘેર પ્રવેશેલા જે કોઈ સાધુને જે ગોળ અને ઓદનના પિંડની પ્રાપ્તિ થાય, તેને તદુભયપિંડ કહ્યો છે.***

• **વિવેચન-૯ :-**

વળી જે કોઈ સાધુને પિંડપાત - આહારનો લાભ, તદર્થીપણાએ — તે માટે ગૃહસ્થના ઘેર પ્રવેશ કરીને ગોળના પિંડ અને ઓદનના પિંડની પ્રાપ્તિ થાય, ઉપલક્ષણથી સાથવાના પિંડાદિની પ્રાપ્તિ થાય, તે ગુડપિંડાદિને તીર્થંકર અને ગણધરોએ ગુણથી થયેલ અને સમયપ્રસિદ્ધ પિંડ શબ્દથી વાચ્ય એવો તદુભયપિંડ કહ્યો છે. અહીં પણ નામ અને નામવાળાના અભેદ ઉપચારથી એ પ્રમાણે ગાથામાં નિર્દેશ કર્યો છે. જો ઉપચાર ન કરીએ તો - તે વિષયવાળું પિંડ એવું જે નામ તે ઉભયજ કહેવાય છે. કેમકે અન્વર્થયુક્ત અને સમય પ્રસિદ્ધ છે. હવે ઉભયાતિરિક્ત નામને કહે છે—

• **મૂલ-૧૦ :- [ભાષ્ય]**

***અથવા ઉભયાતિરિક્ત બીજું પણ સ્વ અભિપ્રાયથી કરેલ લૌકિક નામ જેમકે — સિંહક, દેવદત્ત આદિ.***

• **વિવેચન-૧૦ :-**

'અથવા' શબ્દથી નામનો બીજો પ્રકાર જણાવે છે. ઉભયાતિરિક્ત - ગૌણ અને સમયજથી જુદુ. લોકમાં પ્રસિદ્ધ, સ્વેચ્છાથી કરેલું - અનુભયજ નામ છે. જેમકે — સિંહક, દેવદત્તાદિ. શૂરતા, ક્રૂરતાદિ ગુણના કારણનો ઉપચાર કર્યા વિના-સિંહક, 'દેવોએ આને આપ્યો' એવી વ્યુત્પત્તિ વિના 'દેવદત્ત'. એ રીતે વ્યુત્પત્તિ અર્થના સંભવ વિના પિતા આદિએ સ્વેચ્છાથી પાડેલું નામ, તે અન્વર્થરહિત પણ છે અને સમયજ પણ નથી. એ પ્રમાણે 'પિંડ' નામ પણ કહેવું.



[શંકા] 'પિંડ' એવું ઉભયાતિરિક્ત નામ નિર્યુક્તિમાં કહેલ નથી, તો ભાષ્યકારે તેની વ્યાખ્યા કેમ કરી ? [ઉત્તર] આ શંકા અયુક્ત છે. કેમકે 'अपि' શબ્દ વડે ગાથામાં તેનું સૂચન છે તે માટે કહે છે કે —

• **મૂલ-૧૧ :- [ભાષ્ય]**

***આ પિંડ કે બીજું ગૌણ કે સમયાતિરિક્ત નામ 'अपि' શબ્દ વડે સૂચવેલ છે. જેમ કોઈ મનુષ્યનું 'પિંડ' એવું નામ કરાય તેમ.***

• **વિવેચન-૧૧ :-**

- x - જેમ કોઈ મનુષ્યનું 'પિંડ' એવું નામ કરાય, તે ગૌણ નથી, કેમકે ઘણાં દ્રવ્યોના મેળાપનો અસંભવ છે, તથા શરીરના અવયવોના સમૂહની અવિવક્ષા છે, તેથી તે સમયકૃત્ પણ નથી, માટે તે ઉભયાતિરિક્ત છે.

[શંકા] સમયકૃત્ અને ઉભયાતિરિક્ત બંનેમાં કોઈ તફાવત જણાતો નથી. કેમકે - બંનેમાં અન્વર્થ રહિતતા છે અને પોતાના અભિપ્રાય વડે કરવું તે અવિશેષ છે, તો પછી બંનેનું ગ્રહણ શા માટે કર્યું ? માત્ર સંકેતવાળું કહો તો પણ બંનેનું ગ્રહણ થઈ જશે. [સમાધાન] શંકા અયોગ્ય છે. કેમકે અભિપ્રાયને જાણતા નથી. લૌકિક નામ જે સંકેતથી થાય તેનો વ્યવહાર સામાન્ય જન અને સમયજ્ઞ બંને કરે છે. પણ સમયને વિશે સંકેત કરાયેલા નામનો વ્યવહાર સામાન્યજનો કરતા નથી. તે કહે છે —

• **મૂલ-૧૨ :- [ભાષ્ય-૬]**

***અભિપ્રાયથી તુલ્ય તો પણ સમયપ્રસિદ્ધ નામને સામાન્ય લોક ગ્રહણ કરતો નથી. પણ લોકપ્રસિદ્ધ નામને બંને ગ્રહણ કરે છે.***

• **વિવેચન-૧૨ :-**

અહીં અભિપ્રાય શબ્દથી પદનો એક દેશ કહેવાથી પદ સમુદાય ગ્રાહ્ય છે. અભિપ્રાયથી - ઈચ્છા માત્રથી કરેલ. પણ વસ્તુના બળથી પ્રવર્તેલ નહીં તે. આ અભિપ્રાયકૃતત્વ - સાંકેતિકપણું તે તુલ્ય છે છતાં સમય પ્રસિદ્ધ નામને 'લોક' સામાન્યજન ગ્રહણ ન કરે. જેમકે ભોજનાદિ એ સમય પ્રસિદ્ધ નામ મુજબ 'સમુદ્દેશ' કહેવાય, તો પણ સામાન્ય જન તેમ કહેતો નથી. લોકપ્રસિદ્ધ નામ હોય તો બંને તેનો વ્યવહાર કરે છે. માટે બંને નામો જુદા કહ્યા, તેમ સાર્થક છે. કેમકે તે બંનેમાં સ્વભાવથી ભેદ છે.

હવે - x - x - નિર્યુક્તિકાર સ્થાપના પિંડને કહે છે —

● મૂલ-૧૩ :-

*પાસા, કોડા, કાષ્ઠ, ઢીંગલી કે ચિત્રકર્મમાં સ્થાપના કરાય તે સદ્‌ભાવ કે અસદ્‌ભાવ સ્થાપના પિંડને તું જાણ.*

● વિવેચન-૧૩ :-

સત્ - વિધમાનની જેમ હોવાપણું તે સદ્‌ભાવ કહેવાય છે. સ્થાપના કરાતા ઈન્દ્રાદિના યોગ્ય એવા અંગ, ઉપાંગ, ચિહ્નાદિ જે આકાર વિશેષ કે જેને જોવાથી જાણે સાક્ષાત્ વિધમાન હોય એવા ઈન્દ્રાદિક દેખાતા હોય તે સદ્‌ભાવ કહેવાય. તેનો અભાવ તે અસદ્‌ભાવ કહેવાય.

તે બંનેને આશ્રીને અક્ષ - ચંદનકમાં, વરાટક - કોડામાં, લાકડામાં, ઢીંગલામાં, લેપ્ય કે પત્થરમાં અથવા ચિત્રકર્મમાં જે પિંડાદિની સ્થાપના કરાય તે સ્થાપના પિંડ કહેવાય. ભાવાર્થ આ છે – કાષ્ઠ, લેપ્ય આદિમાં ઘણાં દ્રવ્યોનો સંશ્લેષરૂપ પિંડનો આકાર જાણે સાક્ષાત્ વિધમાન હોય તેવો આલેખાય છે અથવા ઘણાં અક્ષાદિને એકત્ર કરીને પિંડપણે સ્થાપન કરાય છે. ત્યારે તેમાં પિંડના આકારના જાણવાપણાથી સદ્‌ભાવ પિંડ સ્થાપના કહેવાય છે. પણ એક અક્ષાદિમાં પિંડપણે સ્થાપે ત્યારે પિંડનો આકાર પ્રાપ્ત થતો ન હોવાથી તે અસદ્‌ભાવ પિંડસ્થાપના કહેવાય. - x - x - જેમ એક બિંદુને ચિત્રકર્મમાં સ્થાપી તેને ગોળનો પિંડ આદિ કલ્પના કરાય ત્યારે તે અસદ્‌ભાવ પિંડ સ્થાપના કહેવાય છે.

હવે ભાષ્યકાર આ સદ્‌ભાવ-અસદ્‌ભાવ સ્થાપનાને કહે છે –

● મૂલ-૧૪ :- [ભાષ્ય-૭]

*અસદ્‌ભાવમાં એક જ ની જ્યારે સદ્‌ભાવમાં ત્રણ અક્ષાદિની સ્થાપના થાય છે. ચિત્રમાં અસદ્‌ભાવમાં, કાષ્ઠાદિમાં સદ્‌ભાવ સ્થાપના છે.*

● વિવેચન-૧૪ :-

જ્યારે એક જ અક્ષ, વરાટક કે વીંટી આદિમાં પિંડરૂપે સ્થાપના થાય ત્યારે તે પિંડ સ્થાપના અસદ્‌ભાવ વિષયક કહેવાય. કેમકે ત્યાં પિંડની આકૃતિ દેખાતી નથી. પરંતુ જ્યારે ત્રણ અક્ષ, ત્રણ વરાટક આદિનો પરસ્પર એકત્ર સંશ્લેષ કરવા વડે પિંડપણે સ્થાપન કરાય ત્યારે તે પિંડ સ્થાપના સદ્‌ભાવ વિષયક કહેવાય. કેમકે ત્યાં આકૃતિ પ્રાપ્ત થાય છે. અહીં ત્રણની સંખ્યા ઉપલક્ષણથી જાણવી. તેનાથી વધુ સંખ્યા પણ હોઈ શકે. એ જ રીતે ચિત્રકર્મમાં એક બિંદુથી કરાતી પિંડ સ્થાપના અસદ્‌ભાવ વિષયક છે, પણ અનેક બિંદુના સંશ્લેષથી થતી તે સદ્‌ભાવ સ્થાપના જાણવી. તથા કાષ્ઠ લેપ્ય કે પત્થર વિશે પિંડની આકૃતિ કરવા વડે જે પિંડની સ્થાપના થાય તે સદ્‌ભાવ પિંડ સ્થાપના કહેવાય છે.

સ્થાપના પિંડ કહ્યો. હવે દ્રવ્યપિંડનો અવસર છે.

દ્રવ્યપિંડ બે પ્રકારે – આગમથી, નોઆગમથી. 'પિંડ' શબ્દના અર્થને જાણે પણ તેમાં ઉપયોગ ન હોય તે આગમથી દ્રવ્યપિંડ કહેવાય. નોઆગમથી દ્રવ્યપિંડ



ત્રણ પ્રકારે છે - જ્ઞશરીર દ્રવ્યપિંડ, ભવ્ય શરીર દ્રવ્યપિંડ, તદ્‌વ્યતિરિક્ત દ્રવ્યપિંડ. - x - x - x - તેમાં તદ્ વ્યતિરિક્તને કહે છે –

● મૂલ-૧૫ :-

*દ્રવ્યપિંડ ત્રણ ભેદે – સચિત્ત, અચિત્ત, મિશ્ર. તે પ્રત્યેક નવ ભેદે છે.*

● વિવેચન-૧૫ :-

જ્ઞશરીર અને ભવ્યશરીરથી રહિત દ્રવ્યપિંડ ત્રણ પ્રકારે છે – સચિત્ત, અચિત્ત, મિશ્ર. અહીં પૃથ્વીકાયાદિક પિંડ શબ્દ વડે કહેવાશે અને તે પહેલાં સચિત્ત હોય, પછી સ્વકાય શસ્ત્રાદિથી અચિત્ત કરે ત્યારે કેટલોક મિશ્ર હોય છે, પછી અચિત્ત થાય છે. તેથી ક્રમ છે – સચિત્ત, મિશ્ર, અચિત્ત.

આ સચિત્તાદિ પ્રત્યેકના નવ-નવ ભેદો કહે છે –

● મૂલ-૧૬ :-

*પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયો.*

● વિવેચન-૧૬ :-

અહીં પૂર્વની ગાથાથી 'પિંડ' શબ્દની અનુવૃત્તિ બધાં સાથે કરવી. તે આ પ્રમાણે – પૃથ્વીકાયપિંડ, અપ્‌કાયપિંડ યાવત્ પંચેન્દ્રિયપિંડ. એ નવ.

હવે આ નવ ભેદોના સચિત્તાદિને ભાવવા પહેલા પૃથ્વીકાય –

● મૂલ-૧૭,૧૮ :-

*પૃથ્વીકાય ત્રણ ભેદે – સચિત્ત, મિશ્ર, અચિત્ત. સચિત્ત પૃથ્વીકાય બે ભેદે – નિશ્ચયથી અને વ્યવહારથી... નિશ્ચયથી સચિત્ત પૃથ્વીકાય તે ઘર્માદિ પૃથ્વી અને મેરુના બહુ મધ્ય ભાગે જાણવો. અચિત્ત અને મિશ્રથી વર્જિત બાકીનો બધો વ્યવહારથી સચિત્ત જાણવો.*

● વિવેચન-૧૭,૧૮ :-

ગાથાર્થ બંનેમાં કહ્યા. વિશેષ આ – નિશ્ચયથી સચિત્ત પૃથ્વીકાય ઘર્માદિ પૃથ્વી, મેરુ આદિ મોટા પર્વતો, ટંકાદિના બહુ મધ્યભાગમાં જાણવો. કેમકે ત્યાં અચિત્ત અને મિશ્રપણાના સ્થાનમાં સંભવતા મિશ્ર અને અચિત્ત સિવાયના પૃથ્વીકાય નિરાબાધ વનની પૃથ્વી આદિમાં રહેલા હોય તે વ્યવહારથી સચિત્ત જાણવા.

હવે મિશ્ર પૃથ્વીકાયને કહે છે.

● મૂલ-૧૯ :-

*ક્ષીરવૃક્ષની નીચે, માર્ગમાં, ખેડવામાં, જલાર્દ્રમાં, ઇંધનમાં રહેલ પૃથ્વીકાય મિશ્ર હોય, તેમાં પણ એક-બે-ત્રણ પ્રહર સુધી અનુક્રમે બહુ, મધ્યમ કે થોડા ઇંધનમાં રહેલાને મિશ્ર જાણવો.*

● વિવેચન-૧૯ :-

ક્ષીરદ્રુમ - વડલો, પીપળો આદિ. તેમાં તળીયાનો પૃથ્વીકાય તે મિશ્ર કહેવાય છે. કેમકે ત્યાં ક્ષીરવૃક્ષની મધુરતાને લીધે શસ્ત્રપણાનો અભાવ હોવાથી કેટલોક

ભાગ સચિત્ત હોય છે અને શીતાદિ શસ્ત્રના સંબંધના સંભવથી કેટલોક ભાગ અચિત્ત હોય છે. તેથી મિશ્ર કહ્યો.

માર્ગમાં - ગામ કે નગરની બહારનો પૃથ્વીકાય મિશ્ર હોય કેમકે ત્યાં ગાડાંના પૈડાથી ખોદાયેલો તે સચિત્ત અને કેટલોક ભાગ શીત અને વાયુ વડે અચિત્ત થયેલો હોવાથી તેને મિશ્ર જાણવો.

કૃષ્ટ - હળ વડે ખેડેલ, પહેલાં સચિત્ત પછી ઉપર મુજબ મિશ્ર.

આર્દ્ર - જળ વડે મિશ્રિત થયેલ. મેઘનું પાણી સચિત્ત પૃથ્વી ઉપર પડે ત્યારે કેટલાંક પૃથ્વીકાયને વિરાધે છે, તેથી જલાર્દ્ર પૃથ્વીકાય મિશ્ર થાય છે. તે પણ અંતર્મુહૂર્ત પછી અચિત્ત થાય. કેમકે પરસ્પર શસ્ત્રપણું છે, પણ ઘણું જળ પડે અને તે સ્થિર ન થાય ત્યાં સુધી મિશ્ર છે. સ્થિરતાને પામે ત્યારે તે સચિત્ત પણ સંભવે છે.

ઇંધણ - છાણ વગેરેને વિશે પૃથ્વીકાય મિશ્ર હોય. તેનું કાળ પ્રમાણ આ રીતે — ઘણાં ઇંધણ મધ્યે એક પોરિસિ સુધી મિશ્ર, મધ્યમ ઇંધન મધ્યે બે પોરિસિ સુધી, અલ્પ ઇંધણ મધ્યે ત્રણ પોરિસિ સુધી મિશ્ર હોય, પછી તે અચિત્ત થાય —

હવે અચિત્ત પૃથ્વીકાયને કહે છે —

**● મૂલ-૨૦ થી ૨૨ :-**

***શીત, ઉષ્ણ, ક્ષાર, ક્ષત્ર વડે તથા અગ્નિ, લવણ, ઉષ, આમ્લ અને સ્નેહ વડે પૃથ્વીકાય અચિત્ત થાય છે. યોનિરહિત થયેલા તે પૃથ્વીકાય વડે સાધુઓને આ પ્રયોજન હોય છે... અપરાદ્ધિક અને વિષના શમન માટે બંધ - લેપ કરવામાં પૃથ્વીકાયનું ગ્રહણ, અચિત્ત લવણ, સુરભિલવણ વડે પ્રયોજન છે... અથવા... સ્થાન, બેસવું, સૂવું, ઉચ્ચારાદિનો ત્યાગ, ગુટ્ટક, ડગલક અને લેપ એ ઘણાં પ્રકારનું પ્રયોજન છે.***

**● વિવેચન-૨૦ થી ૨૨ :-**

શીત-ઠંડી, ઉષ્ણ-તાપ, ક્ષાર-જવખાર આદિ, ક્ષત્ર-ખાતર. આટલા વડે તથા અગ્નિ-વૈશ્વાનર, લવણ-મીઠું, ઉષ-ઉખરાદિ ક્ષેત્રમાં ઉત્પન્ન લવણ વડે યુક્ત રજ, આમ્લ-કાંજી અને સ્નેહ. આ બધાં વડે પૃથ્વીકાય અચિત થાય. આ બધામાં શીત, અગ્નિ, અમ્લ, ક્ષાર, ક્ષત્ર અને સ્નેહ એટલા પરકાયશસ્ત્ર છે. ઉષ સ્વકાય શસ્ત્ર છે. અહીં સૂર્યના પરિતાપરૂપ ઉષ્ણ શબ્દથી સ્વભાવથી જ ઉષ્ણ કે તથાવિધ પૃથ્વીકાય પરિતાપરૂપ ઉષ્ણ લેવું, અગ્નિના પરિતાપ રૂપ ન લેવું, કેમકે અગ્નિ અલગ ગ્રહણ કરેલ છે.

અહીં સ્વકાય અને પરકાય શસ્ત્રના ગ્રહણથી બીજા પણ સ્વકાય અને પરકાય જાણી લેવા. જેમકે - કટુક રસ મધુર રસનું સ્વકાય શસ્ત્ર છે. આટલું કહીને પૃથ્વીકાયનું અચિત્તપણે જે થવું તે ચાર પ્રકારે કહ્યું. તે આ પ્રમાણે — દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. તેમાં સ્વ કે પરકાય વડે જે અચિત્ત કરવું તે દ્રવ્યથી, ક્ષારાદિ કે મધુરાદિ ક્ષેત્રથી ઉત્પન્ન સમાન વર્ણવાળા ભૂમિ આદિ પૃથ્વીકાયનો પરસ્પર સંબંધ



થવાથી અચિત્તપણું થાય તે ક્ષેત્ર અચિત્ત કહેવાય. બીજા ક્ષેત્રમાં ઉત્પન્ન પૃથ્વીકાયને ૧૦૦ યોજનથી વધારે દૂર બીજા ક્ષેત્રમાં લઈ જવાય ત્યારે તે સર્વે પૃથ્વીકાય ભિન્નાહાર અને શીતાદિ સંબંધથી અવશ્ય અચિત્ત થાય છે.

આ પ્રમાણે ક્ષેત્રાદિ ક્રમથી અપ્કાય યાવત્ વનસ્પતિકાયનું અચિત્તપણું જાણવું. હરડે આદિ ૧૦૦ યોજન દૂરથી લાવેલ હોવાથી અચિત્ત થયેલ હોવાથી ઔષધાદિને માટે સાધુ ગ્રહણ કરી શકે છે.

કાળથી અચિત્તપણું સ્વભાવથી જ પોતાના આયુના ક્ષય વડે થાય છે. પણ તે અતિશય જ્ઞાન વિના જાણી ન શકાવાથી વ્યવહાર માર્ગમાં ન આવે. આ જ કારણે તૃષાથી અતિ પીડિત સાધુને ભગવંતે અચિત્તપાણી જાણવા છતાં તળાવના પાણીને પીવાની અનુજ્ઞા ન આપી. કેમકે છદ્મસ્થો તે જાણી ન શકે અને છૂટ આપે તો તેવું પાણી પીવાની પ્રવૃત્તિ થાય. પૂર્વ વર્ણાદિ તજીને અન્ય વર્ણાદિ થવા તે ભાવથી અચિત્તપણું છે.

યોનિ-ઉત્પત્તિ સ્થાન નાશ પામેલ છે તે વિધ્વસ્ત યોનિ અર્થાત્ પ્રાસુક પૃથ્વી વડે આ કહેવાનાર સ્વરૂપનું પ્રયોજન સાધુને હોય.

જેને પીડા ઉત્પન્ન કરવાપણું છે તે અપરાદ્ધિક-કરોળિયાનો વ્યાધિ કે સર્પદંશ, વિષ વગેરે દાદર આદિ રોગમાં ચોપડવા સંભવે. તે માટે લેપ કરવો તે. આવા કાર્યમાં ધોળી માટી આદિ અચિત્ત પૃથ્વીકાયનું પ્રયોજન છે. અલૂણા ભોજનાદિમાં લવણ વડે પ્રયોજન છે, ગંધપાષાણથી ખરજરૂપ વાયુનો નાશ થાય માટે પ્રયોજન છે તદુપરાંત :-

અચિત્ત ભૂતલ પ્રદેશમાં જે 'સ્થાન' એટલે કાયોત્સર્ગ કરાય, બેસવું, સુવું, ઉચ્ચારાદિની પારિષ્ઠાપના કરવી, લેપકૃત્ પાત્રની કોમળતા માટે કોઈ પત્થર રાખવો, ડગલક-ગુદા લુંછવા માટેના પત્થરાદિ ઢેખાળા, લેપ-પાષાણ વિશેષથી બને, જે તુંબડાના પાત્રની અંદર દેવાય ઈત્યાદિ બહુ પ્રકારે અચિત્ત પૃથ્વીથી પ્રયોજન હોય છે.

હવે અપ્કાય પિંડને કહે છે —

**● મૂલ-૨૩,૨૪ :-**

***અપ્કાય ત્રણ પ્રકારે છે — સચિત્ત, મિશ્ર, અચિત્ત. તેમાં સચિત્ત બે પ્રકારે છે. નિશ્ચયથી અને વ્યવહારથી... ઘનોદધિ, ઘનવલય, કરા તથા સમુદ્ર અને દ્રહના મધ્ય ભાગે રહેલ અપ્કાય એ બધાં નિશ્ચયથી સચિત્ત છે. કૂવા વગેરેમાં રહેલ અપ્કાય વ્યવહાર નયથી સચિત્ત છે.***

**● વિવેચન-૨૩,૨૪ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ પ્રમાણે :- 'ઘનોદધિ' નરકપૃથ્વીના આધારભૂત કઠિન જળવાળા સમુદ્રો. 'ઘનવલય' નરકપૃથ્વીની પડખે વલયાકારે રહેલા કઠિન જળવાળા સમુદ્રો. 'કરક'-મેઘના કરા, સમુદ્ર-લવણ આદિ, દ્રહ-પદ્મદ્રહ આદિ. આ બંનેના બહુ મધ્ય ભાગે રહેલ અપ્કાય. તે નિશ્ચય સચિત્ત.

બાકીના 'અવટાદિ' કૂવા, વાવ, તળાવ આદિમાં રહેલ - x - જે અપ્કાય તે

વ્યવહાર નયથી સચિત્ત છે - હવે મિશ્ર અપ્કાય કહે છે —

● **મૂલ-૨૫ થી ૨૮ :-**

***ત્રણ ઉકાળે ન ઉકળેલ ઉષ્ણ જળ, વરસાદ પડ્યો ત્યારનું જળ, ત્રણ મતને તજીને અતિ નિર્મળ થયેલ તંદુલનું જળ તે મિશ્ર કહેવાય છે... ત્રણ મતો — (૧) પાત્રની પડખે લાગેલા બિંદુઓ સુકાઈ ગયા ન હોય, (૨) પરપોટા શાંત થયા ન હોય, (૩) બીજા આચાર્યના મતે - જ્યાં સુધી તે ચોખા રંધાઈ ગયા ન હોય. ત્યાં સુધી તે મિશ્ર કહેવાય... આ ત્રણે આદેશો લૂખા અને સ્નિગ્ધ વાસણ અને પવનના સંભવ અને અસંભવાદિ વડે કરીને કાળના નિયમનો અસંભવ હોવાથી અનાદેશો જ છે... માત્ર જ્યાં સુધી ચોખાના ધોવાણનું પાણી અતિ સ્વચ્છ થયું ન હોય ત્યાં સુધી મિશ્ર જાણવું. આ આદેશ અહીં પ્રમાણરૂપ છે, પણ જે પાણી અતિ સ્વચ્છ થયું હોય તે અચિત્ત જાણવું.***

● **વિવેચન-૨૫ થી ૨૮ :-**

[૨૫] ત્રણ ઉકાળા ન ઉકાળેલ હોય તેવું જે ઉષ્ણજળ તે મિશ્ર છે. તે આ રીતે — પહેલો ઉભરો આવતા થોડા અપ્કાય અચિત્ત થાય, થોડા ન પરિણમે, તેથી મિશ્ર હોય છે. બીજે ઉપર ઉભરે ઘણો અપ્કાય અચિત્ત થાય અને થોડો સચિત્ત રહે છે, ત્રીજા ઉભરે સર્વ અપ્કાય અચિત્ત થાય છે. તેથી ત્રણ ઉભરા ન આવેલ હોય તો તેવું ઉષ્ણ જળ મિશ્ર સંભવે છે.

વરસાદ પડતો હોય ત્યારે જ્યાં ઘણાં તિર્યંચ અને મનુષ્યોનો પ્રચાર હોય તેવા સંભવવાળા ગામ-નગરાદિ હોય છે. તે જ્યાં સુધી અચિત્ત ન થાય ત્યાં સુધી મિશ્ર જાણવું. ગામ બહાર પણ પ્રથમ જળ તો મિશ્ર જ જાણવું, પણ પછી પડતું હોય તે તો અચિત્ત જ હોય છે.

તથા મુક્ત્વા - તજીને. કોને ? ત્રણ મતને. જે ગાથા-૨૬ માં કહીશું. અને ચોખાનું જળ જો અતિ સ્વચ્છ ન થયું હોય તો મિશ્ર કહેવાય છે.

[૨૬] ત્રણ મતો કહે છે — (૧) ચોખા ધોયેલ પાણી એક વાસણમાંથી બીજા વાસણમાં નાંખતા વાસણની બાજુમાં જે બિંદુઓ લાગે, તે જ્યાં સુધી શાંત ન થાય - નાશ ન પામે, ત્યાં સુધી ચોખાનું પાણી મિશ્ર છે. (૨) ચોખાનું પાણી ચોખા ધોયેલા વાસણમાંથી બીજા વાસણમાં નાંખતા ઉત્પન્ન થયેલા પરપોટા શાંત ન પડે ત્યાં સુધી તે મિશ્ર કહેવાય. (૩) કેટલાંક આચાર્ય કહે છે — ચોખા રંધાઈ ન જાય ત્યાં સુધી તે પાણી મિશ્ર છે.

હવેની ગાથામાં આ ત્રણે આદેશના દોષો બાતવે છે —

[૨૭] આ ત્રણે આદેશો અનાદેશો જ છે. શા માટે ત્રણે અનાદેશો છે ? કાળના નિયમનો અસંભવ છે. કેમકે બિંદુઓ સુકાઈ જવામાં, પરપોટા શાંત થવામાં કે ચોખાનો પાક સિદ્ધ થવામાં સર્વદા સર્વત્ર નિયમિત કાળ હોતો નથી. જેથી નિયમિત કાળે સંભવતા મિશ્રપણાની પછી કહેવામાં આવતા અચિત્તપણાનો વ્યભિચાર



સંભવે નહીં.

નિયમિત કાળે કેમ ન ઘટે ? રૂક્ષ અને સ્નિગ્ધ વાસણના સંભવ અને અસંભવાદિકે કરીને તથા વાયુના સંભવ - અસંભવાદિકે કરીને આદિ શબ્દથી પાણી વડે ભેદાયેલપણું અને ન ભેદાયેલપણું આદિ ગ્રહણ કરવા. ભાવાર્થ એ છે — માટીનું પાત્ર તાજું લાવેલા છે કે લાંબાકાળથી, તેલ કે જળ આદિથી ખરાયેલું છે કે નથી અર્થાત્ સ્નિગ્ધ છે કે રૂક્ષ છે ? તેના ઉપર જળબિંદુ કે પરપોટાના સૂકાવાનો સંભવ છે. તેનાથી મિશ્રને અચિત્ત રૂપે ગ્રહણ સંભવે છે અથવા અચિત્ત પણ ગ્રહણ નહીં થાય.

એ પ્રમાણે પરપોટા પણ ઉગ્ર પવનના સંબંધના જલ્દી નાશ પામે છે અને તેના અભાવે લાંબો કાળ રહે છે. આ આદેશમાં પણ મિશ્ર એવા ચોખાના જળનું અચિત્તપણું માની ગ્રહણ કરાશે અથવા અચિત્ત હોવા છતાં તેનું ગ્રહણ નહીં થાય કેમકે પરપોટા દેખાતા હોવાથી મિશ્રપણાની શંકા રહેશે.

ત્રીજા આદેશને માનનારા પણ પરમાર્થ વિચારતા નથી લાંબો કાળ પાણી વડે ભેદાયેલા કે ન ભેદાયેલા હોવાથી ચોખાના પાકનો કાળ અનિયત હોય છે. ચોખા પલાળેલા છે, જૂના છે કે નવા, ઇંધણ સામગ્રી ઓછી છે કે વધારે તેના આધારે તેનો મિશ્ર કે અચિત્તપણાનો આધાર છે.

આ પ્રમાણે આ ત્રણે આદેશો અયોગ્ય જ છે.

હવે પ્રથમ જે આદેશ પ્રવચનને અવિરુદ્ધ કહેલો છે, તેથી ભાવના —

[૨૮] ચોખાનું પાણી અતિસ્વચ્છ થયું ન હોય ત્યાં સુધી મિશ્ર જાણવું. આ આદેશ મિશ્ર વિચારના સંબંધમાં પ્રમાણરૂપ છે. બાકીના આદેશો પ્રમાણરૂપ નથી. પણ અતિ સ્વચ્છ પાણીને અચિત્ત જાણવું. માટે તે ખપે.

મિશ્ર અપ્કાય કહ્યો, હવે તે જ અચિત્ત અપ્કાયને કહે છે —

● **મૂલ-૨૯,૩૦ :-**

***શીત, ઉષ્ણ, ક્ષાર અને ક્ષત્ર વડે તથા અગ્નિ, લવણ, ઉષ, આમ્લ અને સ્નેહ વડે કરીને અપ્કાય અચિત્ત થાય, યોનિ રહિત થયેલા આ અપ્કાય વડે સાધુને પ્રયોજન હોય છે... આ પ્રયોજન આ છે — સિંચત કરવું, પીવું હાથ વગેરે ધોવા, વસ્ત્ર ધોવા, આચમન કરવું. પાત્ર ધોવા ઈત્યાદિ.***

● **વિવેચન-૨૯,૩૦ :-**

વ્યાખ્યા, પૂર્વ ગાથા-૨૦ મુજબ જાણવી. વિશેષ એ કે — પૃથ્વીકાયને બદલે અપ્કાય શબ્દ કહેવો. સ્વકાય-પરકાય શસ્ત્ર કે દ્રવ્યાદિ અપેક્ષાથી અચિત્તપણાની ભાવના પૂર્વની જેમ જ યથાયોગે અપ્કાય વિશે ભાવવી. અચિત્તપણાનો પોરિસિકાળ પણ એક-બે-ત્રણ પૂર્વવત્ જ કહેવો.

પ્રયોજન - અચિત્ત પાણી સાધુને શા કામનું ? દુષ્ટ વ્રણાદિ ઉપર પાણીથી સિંચન કરવું, તૃષા દૂર કરવા પાણી પીવું. કારણે હાથ-પગ ધોવા, વસ્ત્ર ધોવા. જો

કે અહીં સૂત્રમાં વિભક્તિ જુદી કરીને સૂચવેલ છે કે – સાધુએ હંમેશાં ઉપધિનું પ્રક્ષાલન ન કરવું. મળ-મૂત્ર ત્યાગ બાદ આચમન માટે પાણી જોઈએ. પાત્રાદિને ધોવા માટે ગ્લાન કાર્યાદિ માટે અચિત્ત અપ્‌કાયનું પ્રયોજન રહે છે. વસ્ત્ર ધોવાનું વર્ષાકાળે કલ્પે, શેષકાળે નહીં, કેમકે - - -

● **મૂલ-૩૧ થી ૩૫ :-**

***[૩૧] શેષ કાળમાં વસ્ત્ર ધોવાથી બકુશ ચારિત્ર થાય છે. બ્રહ્મચર્ય વિનાશ પામે છે, સાધુને અસ્થાને સ્થાપવામાં આવે છે, સંપાતિમ જીવોનો અને વાયુકાયોનો વધ થાય છે, પૃથ્વી ઉપર પાણી રેડાતા પ્રાણીનો ઉપઘાત થાય. [૩૨] અતિભાર, સડી જવું, પનક, શીતળ વસ્ત્ર પહેરવાથી અજીર્ણ થતાં માંદગી થાય, શાસન નિંદા, અપ્‌કાય વધ વર્ષાઋતુ પહેલા ન ધોવામાં આ દોષો થાય. [૩૩] વર્ષાઋતુ પૂર્વે જ સર્વ ઉપધિ યતના વડે ધોવી, જો પાણી ન હોય તો જઘન્યથી પાત્રનિર્યોગ ધોવો જોઈએ. [૩૪] આચાર્ય અને ગ્લાન સાધુના મેલા થયેલા વસ્ત્રોને વારંવાર ધોવા, જેથી ગુરુનો લોકમાં અવર્ણવાદ ન થાય. ગ્લાનને અજીર્ણ ન થાય. [૩૫] પાત્રનો છ ભેદે પ્રત્યવતાર, બે નિષધા, ત્રણ પટ્ટ, મુખવસ્ત્રિકા, રજોહરણ આટલી ઉપધિને વિશ્રાંતિ ન આપવી, યતના વડે સંક્રમણ કરીને ધોવી.***

● **વિવેચન-૩૧ થી ૩૫ :-**

[૩૧] વર્ષાકાળ સમીપના કાળને છોડીને બાકીના ઋતુબદ્ધ - શેષ કાળમાં વસ્ત્ર ધોવાથી ચારિત્ર બકુશ થાય. કેમકે તે ઉપકરણ બકુશ કહેવાય. મૈથુન પ્રત્યાખ્યાન ભંગ થાય. કેમકે ધોયેલા વસ્ત્રથી ભૂષિત શરીરવાળો સાધુ કુરૂપ હોય તો પણ રમણીય લાગે છે. - x - તેથી પ્રાર્થના કરતી સર્વ સ્ત્રીના લીલારૂપ દેખાડેલા કટાક્ષ નેત્રોને જોવા, શરીર મરડવાના બહાને દેખાડેલ કક્ષા, ગોળ-મનોહર-પુષ્ટ-કઠિન સ્તનનો વિસ્તાર, ગંભીર નાભિ પ્રદેશ એ સર્વ જોતાં અવશ્ય બ્રહ્મચર્ય ભ્રષ્ટ થાય. કદાચ ભ્રષ્ટ ન થાય તો પણ લોકો અસ્થાને સ્થાપે છે. આ સાધુ 'કામી' છે. અન્યથા શરીર કેમ શણગારે ? તથા સંપાતિમ - ઉડીને આવતા મક્ષિકાદિ અને વાયુકાયનો વિનાશ થાય તથા ધોયેલા જળને પરકવતા પૃથ્વીને આશ્રીને રહેલા કીડી વગેરે પ્રાણીનું ઉપમર્દન થાય, માટે ઋતુબદ્ધ કાળે વસ્ત્રો ન ધોવા.

પરંતુ જો વર્ષાકાળ પૂર્વે વસ્ત્ર ન ધોવે તો આવા દોષો સંભવે છે –

[૩૨] વર્ષાકાળ પૂર્વે પણ વસ્ત્ર ન ધોવે તો વસ્ત્રોનો ભાર વધી જાય છે - મલિન વસ્ત્રો જળ કણથી યુક્ત થઈ, વાયુ વડે સ્પર્શિત થતાં પણ મળ ચોંટે છે, તો જળમય એવી વર્ષાઋતુમાં તો અતિ મેલયુક્ત થવાના જ છે. તેનાથી વસ્ત્રો ભારે થાય. વળી તેવા વસ્ત્રો વર્ષાઋતુમાં જીર્ણ થઈ સડી જાય, વર્ષાકાળમાં નવા વસ્ત્રો લઈ ન શકાય, અધિક પરિગ્રહ રાખી ન શકાય, વસ્ત્રના અભાવે થતાં દોષો આગમ પ્રસિદ્ધ છે.

ભીંજાયેલા મળવાળા વસ્ત્રોમાં શીતળ જળકણથી આર્દ્રપણું થવાથી નીલફૂગ થાય છે. તેથી જીવહિંસા થાય. ચોતરફ પ્રસરવા વડે વરસાદ પડતો હોવાથી, શીતળ



વાયુ વાતો હોવાથી, તેવા શીતળ વસ્ત્રો પહેરતા ખાધેલ આહારનું અજીર્ણ થાય. માંદગી આવે, તેથી શાસન નિંદાય. જેમકે - આ સાધુ મૂર્ખશિરોમણિ છે. પરમાર્થથી તત્ત્વ જાણતા નથી. સામાન્ય લોકથી જ્ઞાતને ન જાણનારા સ્વર્ગ કે મોક્ષને જાણે છે. તેવી શ્રદ્ધા કરવી યોગ્ય નથી.

વર્ષાઋતુમાં ન ધોયેલા વસ્ત્રો પહેરી ભિક્ષાદિ માટે નીકળેલા સાધુને મેઘવૃષ્ટિથી અપ્‌કાયની વિરાધના થાય છે. - x - વર્ષાઋતુની પાસે કાળે વસ્ત્રાદિ ન ધોવામાં આ દોષો છે. તેથી વર્ષાકાળ પૂર્વે અવશ્ય વસ્ત્ર ધોવા. વળી જીવહિંસાદિ દોષો પૂર્વે વસ્ત્ર ધોવામાં કહ્યા, તે સૂત્રોક્ત રીતિથી યતના વડે પ્રવર્તતા સાધુને ન સંભવે. - x - "વર્ષાકાળ પૂર્વે સર્વે ઉપધિ યતના વડે ધોવી જોઈએ." એમ આગળ સૂત્ર કહેશે, તેથી કોઈ દોષ નથી. તેથી ત્યારે વસ્ત્ર ધોવાથી બકુશ ચારિત્ર પણ થતું નથી. કેમકે સૂત્રની આજ્ઞાથી પ્રર્વતવાપણું છે. અસ્થાન સ્થાપન દોષ પણ નથી લાગતો કેમકે લોકો પણ વર્ષાકાળે વસ્ત્ર ન ધોવાના દોષો જાણે છે. ઈત્યાદિ –

વર્ષાકાળ પૂર્વે પણ જેટલો ઉપધિ ધોવા લાયક છે, તે કહે છે –

[૩૩] વર્ષાકાળથી કંઈક પહેલાંના કાળે જલાદિ સામગ્રી હોય તો સર્વ ઉપકરણને સાધુઓ યતના વડે ધોવે છે. પણ જળના અભાવે જઘન્યથી પાત્ર નિર્યોગ અવશ્ય ધોવો. ઉપકાર કરાય જેના વડે તે 'નિર્યોગ' એટલે ઉપકરણ. પાત્રનો જે નિર્યોગ તે પાત્ર નિર્યોગ. તે આ – પાત્ર, પાત્રબંધ, પાત્ર સ્થાપન, પાત્ર કેસરિકા, પડલા, રજસ્ત્રાણ અને ગુચ્છ.

વસ્ત્ર ધોવાના આ નિયમમાં જે અપવાદ છે, તે કહે છે –

[૩૪] જેમણે અરહંત પ્રરૂપિત આચારાંગાદિના ઉપધાન વહન કર્યા હોય, સ્વ સિદ્ધાંતનો અભ્યાસ કર્યો હોય, સમગ્ર સ્વ-પર સિદ્ધાંતના શાસ્ત્રોના અર્થના જ્ઞાતા હોય, પંચાચારમાં સ્વયં કુશળ અને બીજાને કુશળ બનાવનારા હોય, પ્રવચનની અર્થ વ્યાખ્યાના અધિકારી, સદ્ધર્મ દેશનામાં તત્પર હોય તે આચાર્ય. આચાર્યના ઉપલક્ષણથી ઉપાધ્યાયાદિને પણ ગ્રહણ કરવા. તેમના તથા ગ્લાન-માંદા સાધુના વારંવાર મલિન થયેલા વસ્ત્રો પણ ધોવાય છે. જેથી ગુરુના વિષયમાં લોકમાં નિંદા ન થાય કે આવા મળની દુર્ગંધવાળા ગુરુની નીકટ કોણ જાય ? ગ્લાનને અજીર્ણ ન થાય માટે તેઓના વસ્ત્રો વારંવાર ધોવાય છે.

[૩૫] જેના વિશે પાત્ર મૂકાય તે પ્રત્યવતાર એટલે ઉપકરણ કહેવાય. પછી પાત્રનો પ્રત્યવતાર એટલે પાત્ર સિવાય છ પ્રકારનો પાત્ર નિર્યોગ તથા રજોહરણ સંબંધી બે નિષધા - બાહ્ય અને અભ્યંતર. સૂત્રોક્ત રીતે દશી હોતી નથી પણ દાંડી જ હોય, તેની ત્રણ નિષધા - દાંડીની ઉપર એક હાથ લાંબી, તિર્છી ત્રણ વેષ્ટક પહોળી, જે કામળીના કકડારૂપ હોય છે, તે પહેલી નિષધા, તેના અગ્રભાગે દશી બંધાય. દશી સહિતની નિષધાને પછી રજોહરણ શબ્દથી ગ્રહણ કરશે, માટે અહીં ગ્રહણ ન કરવું. તેના ઉપર એક હાથથી વધુ લાંબી, ઘણા વેષ્ટકથી વીંટતી તીર્છી

જે વસ્ત્રમય નિષધા તે અભ્યંતર અને અભ્યંતરને વીંટતી એક હાથ-ચાર આંગળ પ્રમાણ ચતુરસ્ર જે કામળમય નિષધા, તે બેસવામાં ઉપકારક હોવાથી, પાદ પ્રોંછનક નામે પ્રસિદ્ધ છે, તે ત્રીજી બાહ્ય નિષધા કહેવાય. દાંડી સહિત આ ત્રણે નિષધા મળીને રજોહરણ કહેવાય છે. તેથી રજોહરણ સંબંધી બે નિષધા છે, એમ જે કહ્યું તે અવિરુદ્ધ છે.

તથા પટ્ટ ત્રણ છે — સંસ્તારકપટ્ટ, ઉત્તરપટ્ટ, ચોલપટ્ટ, પોત્તિ એટલે મુખપોત્તિકા, તે એક વેંત અને ચાર આંગળ પ્રમાણ માત્ર હોય છે. તથા 'રજોહરણ' — દાંડી અને ત્રણ વેષ્ટક પ્રમાણ પહોળી એક હાથ લાંબી અને એક હાથના ત્રીજા ભાગ પ્રમાણ લાંબી દશીઓ સહિત જે પહેલી નિષધા ઉપર કહી તે રજોહરણ કહેવાય છે. - x - આ વિશેષ પ્રકારની ઉપધિને પરિભોગ કર્યા વિના સ્થાપી ન રાખો. કેમકે આ ઉપધિઓ હંમેશાં ઉપયોગી છે. તેથી વસ્ત્રના આંતરાવાળા હાથ વડે ગ્રહણ કરવારૂપ યતના વડે કરીને ન ધોવાલાયક વસ્ત્રમાં તે ષટ્પદિકા આદિને મૂકી, પછી વસ્ત્રો ધુવે.

આ છેલ્લી ગાથાની વ્યાખ્યા ભાષ્યકારશ્રી કહે છે —

● **મૂલ-૩૬ થી ૩૮ :-**

***પાત્રનો પ્રત્યાવતાર, પાત્રને વર્જીને પાત્રનો નિયોગ છ પ્રકારે છે, અભ્યંતર અને બાહ્ય બે નિષધા, સંથારો - ઉત્તરપટ્ટો - ચોલપટ્ટો એ ત્રણ પટ્ટ જાણવા. મુખપોત્તિકા, એક નિષધાવાળું રજોહરણ આ સર્વે હંમેશાં ઉપયોગી હોવાથી વિશ્રાંતિ આપવા લાયક નથી, તેથી યતના વડે ષટ્પદિકાને સંક્રમાવીને વિધિપૂર્વક તેને ધોવાના છે.***

● **વિવેચન-૩૬ થી ૩૮ :-**

અનંતર પૂર્વના સૂત્રમાં કહેવાઈ ગયેલ છે. આ પ્રમાણે વિસામો ન આપવા લાયક ઉપધિ કહી, તેથી બાકીની ઉપધિ વિસામો આપવા યોગ્ય છે એમ જાણવું. તેથી તેના વિસામાની વિધિને કહે છે —

● **મૂલ-૩૯,૪૦ :-**

***[૩૯] જે ઉપધિ ધોવાનો કાળ પ્રાપ્ત થવા છતાં વિસામો અપાય છે, તે ઉપધિને સર્વજ્ઞની આજ્ઞાએ કરીને સાધુ આ પ્રમાણે વિસામો આપે. [૪૦] અભ્યંતર ઉપયોગી વસ્ત્રને ત્રણ દિવસ ધારણ કરે. ત્રણ દિવસ સુધી રાત્રે સુતી વેળા નીકટ સ્થાપે. એક રાત્રિ માથે લટકાવીને પરીક્ષા કરે.***

● **વિવેચન-૩૯,૪૦ :-**

ઉપધિ ધોવાનો કાળ થતાં, આમ કહીને અકાળે ધોવાથી આજ્ઞાભંગરૂપ દોષ દેખાડે છે. સમગ્ર ષટ્પદિકાની શુદ્ધિ કરવા માટે પરિભોગ કર્યા વિના ધારણ કરાય છે, તે ઉપધિને સર્વજ્ઞોક્ત વચનથી આ રીતે સાધુ વિસામો આપે. સાધુને બે સુતરાઉ કપડાં અને એક કામળી એમ ત્રણ હોય તેમાં એક કપડો અંદર ઓઢાય છે, તેની





ઉપર બીજો સુતરાઉ કપડો, તેની ઉપર કામળરૂપ કપડો ઓઢે. પ્રક્ષાલન કાળે વિશ્રામણ વિધિના આરંભે રાત્રે સૂતી વખતે, શરીરને લાગીને રહેતા કપડાંને બહાર સૌથી ઉપર ત્રણ દિવસ ધારી રાખે. તેથી ષટ્પદિકા આહારાર્થે કે શીતાદિ વડે પીડા પામવાથી અંદરના કપડામાં કે શરીરે આવીને લાગે. આ પહેલો વિધિ.

આ રીતે ત્રણ દિવસ કરી, પછી રાત્રે સુવાના કાળે સમીપમાં સ્થાપન કરી રાખે. જેથી પહેલી વિશ્રામણામાં જે ષટ્પદિકા ન નીકળી હોય તે પણ ક્ષુધાદિ પીડાથી કપડામાંથી નીકળી સંથારામાં લાગી જાય. આ બીજો વિશ્રામણા વિધિ. પછી એક રાત્રિ સુધી સુવાના સ્થાને ઉપર લટકતું રાખીને શરીરને છોડો અડે તેમ તે વસ્ત્ર રાખે. પછી દૃષ્ટિ વડે અને પ્રાવરણ વડે તે ષટ્પદિકાને જુએ — દૃષ્ટિ વડે જુએ, પછી 'જૂ' ન દેખાય તો ફરીથી શરીરે ધારણ કરે, જેથી સૂક્ષ્મ 'જૂ' આહારાર્થે શરીરમાં લાગે આવા પરીક્ષણ પછી જો 'જૂ' ન હોય તો કપડાં ધુવે. જો 'જૂ' હોય તો વારંવાર ફરીથી જોઈને તે નથી એમ નિશ્ચય થાય પછી ધોવે. આ રીતે સાત દિવસ વડે કપડાંની શુદ્ધિ કરવી. આ રીતે બાકીની ઉપધિની શુદ્ધિ જાણવી.

● **મૂલ-૪૧ :- [ભાષ્ય-૧૧] + વિવેચન :-**

***ધોવાને માટે કપડાને ત્રણ દિવસ સુધી કામળીની ઉપર ધારણ કરે, ત્રણ દિવસ સુધી સમીપે ધારે અને એક દિવસ લટકતું રાખે.***

આ જ વિશ્રામણા વિધિને વિશે મતાંતરને કહે છે —

● **મૂલ-૪૨ :-**

***પૂર્વોક્ત ત્રણ પ્રકારે એક એક રાત્રિ કપડાંને ધારણ કરી, પરીક્ષા કરે, પછી શરીરે ધારણ કરે, ત્યારે 'જૂ' લાગેલી ન હોય તો કપડાં ધુવે.***

● **વિવેચન-૪૨ :-**

કોઈ આચાર્ય કહે છે - x - એક રાત્રિ શોધવાલાયક કપડાંને બહાર ધારણ કરે, બીજી રાત્રિ સંથારા પાસે રાખે. ત્રીજી રાત્રિ સુવાના સ્થાને તેને ઉપર લટકતો રાખે જેમાં પ્રાયઃ શરીરને છેડો સ્પર્શતો હોય, તેમ પ્રસારીને રાખે. આ પ્રકારે ત્રણ વખત ધારણ કરીને પરીક્ષા કરે, છતાં 'જૂ' જોવામાં ન આવે તો સૂક્ષ્મ 'જૂ' શોધવા શરીરે કપડો ધારણ કરે ઈત્યાદિ પૂર્વવત્ વિધિ કહેવી. - x - વસ્ત્ર પ્રક્ષાલન જળ વડે થાય, માટે જળ ગ્રહણ વિધિ કહે છે.

● **મૂલ-૪૩ :-**

***કોઈ કહે છે પાત્રમાં નેવાનું પાણી ગ્રહણ કરવું, પણ તે જળ અશુચિ હોવાથી પાત્રમાં લેવાનો પ્રતિષેધ છે. ગૃહસ્થના પાત્રમાં વર્ષા રહ્યા પછી ગ્રહણ કરવું, વરસાદ વરસતો હોય ત્યારે તે તે મિશ્ર કહેવાય તથા તે જળમાં ક્ષાર નાંખવો.***

● **વિવેચન-૪૩ :-**

વર્ષામાં નેવાથી પડતું જળ તે નીવ્રોદક. વર્ષાકાળ પૂર્વે સર્વ ઉપધિ કોઈ

પ્રકારે સામગ્રી અભાવે ન ધોયેલ હોય તો વર્ષાઋતુ પ્રાપ્ત થતાં સાધુઓએ નીવ્રોદક વસ્ત્ર ધોવા માટે ગ્રહણ કરવું. કેમકે તે જળ રજથી ખરડાયેલ, ધૂમાડાથી ધૂમ્રિત, સૂર્યતાપથી ઉષ્ણ થયેલા નેવાના સ્પર્શથી પરિણત થયેલ હોવાથી અચિત્ત હોય છે, માટે કોઈ વિરાધના નથી. કોઈ આચાર્ય પાત્રમાં ગ્રહણ કરવા કહે છે, બીજા આચાર્ય તેનો નિષેધ કરે છે. અશુચિ અને મલિનતાને લીધે ભોજનના પાત્રમાં તે જળ ગ્રહણ ન કરે. જેથી લોકમાં નિંદા ન થાય. ગૃહસ્થની ભાંગેલ કુંડી આદિમાં ગ્રહણ કરી લે. વરસાદ રહ્યા પછી અંતર્મુહૂર્ત બાદ તેના સર્વથા અચિત્ત થવાનો સંભવ છે. માટે તે રીતે લેવું પણ વરસાદ રહ્યા વિના ગ્રહણ ન કરવું કેમકે ત્યારે મિશ્ર હોય છે. વળી ગ્રહણ કરીને તેમાં ક્ષાર નાંખવો, જેથી ફરી સચિત્ત ન થાય. કેમકે અચિત્ત થયેલ જળ ત્રણ પ્રહર પછી સચિત્ત થઈ જાય છે. ક્ષાર નાખતાં તે સચિત્ત નહીં થાય, તથા નિર્મળતા પામશે. વસ્ત્રો વધું ઉજળા થશે.

હવે ધોવાનો ક્રમ —

● **મૂલ-૪૪ :-**

***ગુરુ, તપસ્વી, ગ્લાન, શૈક્ષાદિના વસ્ત્રો પહેલાં ધોવા. પછી પોતાના ધોવા, તેમાં યથાકૃત્ વસ્ત્ર પહેલા ધોવા, બીજા બે અનુક્રમે ધોવા.***

● **વિવેચન-૪૪ :-**

ઉક્ત ક્રમે વસ્ત્રો ધોઈને પછી પોતાના ધોવા. આ વિનય છે. વિનયથી જ સમ્યગ્દર્શનાદિની વૃદ્ધિ સંભવે છે. અન્યથા અવિનિત સાધુને ગચ્છમાં રહેવાનો જ અસંભવ હોવાથી સમગ્ર મૂળની હાનિ થાય. પહેલાં આચાર્યના વસ્ત્રો ધોવા ઈત્યાદિ ગાથાર્થ મુજબ ક્રમ જાણવો.

અહીં ઉક્ત વસ્ત્રો ત્રણ પ્રકારે સંભવે છે - યથાકૃત્, અલ્પપરિકર્મ, બહુપરિકર્મવાળા. જે પરિકર્મ રહિત તથાવિધ વસ્ત્રો તે યથાકૃત્ કહેવાય છે. એક વાર ખંડીને સાંધ્યા હોય તે અલ્પ પરિકર્મ, ઘણાં પ્રકારે ખંડીને સાંધેલ હોય તે બહુ પરિકર્મ કહેવાય તેમાં ધોવાનો અનુક્રમ આ છે —

પહેલાં બધાંના યથાકૃત્ વસ્ત્ર ધોવા, પછી અનુક્રમે બીજા બે ધોવા. આ ક્રમ વિશુદ્ધ અધ્યવસાય વૃદ્ધિ માટે છે. અલ્પ પરિકર્મ વસ્ત્રો બહુ પરિકર્મની અપેક્ષાએ સંયમનો થોડો વ્યાઘાત કરે માટે અપેક્ષાથી શુદ્ધ છે. તેનાથી યથાકૃત્ અતિ શુદ્ધ છે. તે પલિમંથ [સ્વાધ્યાય વ્યાઘાત] કરનાર નથી. તેથી જેમ-જેમ પહેલાં શુદ્ધ વસ્ત્ર ધોવાય તેમ તેમ સંયમ બહુમાનની વૃદ્ધિ હોવાથી વિશુદ્ધ અધ્યવસાય વૃદ્ધિ થાય છે. હવે પ્રક્ષાલન વિધિ —

● **મૂલ-૪૫ :-**

***આચ્છોટન અને પિટ્ટન વડે વસ્ત્રો ધોવા નહીં, ધોઈને સૂકવવા માટે અગ્નિનો તાપ ન આપે. પરિભોગ વસ્ત્રને છાયામાં, અપરિભોગને તડકામાં સૂકવે, તેની સામે જોયા કરે, ધોવામાં 'કલ્યાણ' પ્રાયશ્ચિત્ત આવે.***



● **વિવેચન-૪૫ :-**

આચ્છોટન - ધોબીની જેમ શિલા ઉપર પછાડવું. પિટ્ટન-નિર્ધન એવી વિધવા સ્ત્રી માફક વારંવાર પાણી નાંખવા પૂર્વક વસ્ત્રને ઉથલાવીને ધોકા વડે પીટવું. - x - હાથ-પગ વડે મસળી મસળીને યતના વડે ધોવા. ધોયા પછી પોતાને લાગેલ ઠંડી દૂર કરવા કે વસ્ત્ર સૂકવવા અગ્નિનો તાપ ન આપે. કેમકે — આર્દ્ર હસ્તાદિ કે વસ્ત્ર થકી કોઈ પ્રકારે જળબિંદુ પડવાથી અગ્નિકાયની વિરાધના થાઓ. તો તે ભીના વસ્ત્રો કેમ સૂકવવા ?

પરિભોગ્ય વસ્તુને છાયામાં અને અપરિભોગ્યને તડકામાં સૂકવવા, કેમકે પરિભોગ્યમાં તથા પ્રકારે શોધ્યા પછી પણ 'જૂ'નો સંભવ રહે છે, ધોતી વખતે વસ્ત્રમર્દન કરાયા છતાં કદાચ જીવિત રહી હોય, તો તે સૂર્યના તાપના સંબંધથી મૃત્યુ પામે તેથી તેના રક્ષણ માટે ઉક્ત વિધિ કહી. વળી છાયા કે તડકામાં સૂકવેલા વસ્ત્રોને નિરંતર જુએ. જેની ચોર લોકો તેને હરી ન જાય. અહીં વસ્ત્રાદિ ધોતાં વાયુકાય વિરાધના રૂપ કે 'જૂ'ના મર્દન આદિરૂપ અસંયમ પણ સંભવી શકે, તેથી શુદ્ધિને માટે ગુરુ 'કલ્યાણ' પ્રાયશ્ચિત્ત આપે. અપ્કાય પિંડ કહ્યો. હવે તેઉકાય પિંડ કહે છે —

● **મૂલ-૪૬ થી ૪૮ :-**

***[૪૬] તેઉકાય ત્રણ પ્રકારે છે — સચિત્ત, મિશ્ર, અચિત્ત. સચિત્ત બે પ્રકારે — નિશ્ચયથી અને વ્યવહારથી. [૪૭] ઈંટના નિભાડાનો ઠીક મધ્યભાગ તથા વિજળી આદિ નિશ્ચયથી સચિત્ત છે, બાકીના અંગારા વગેરે વ્યવહારથી સચિત્ત છે... મુર્મુર આદિ મિશ્ર છે. [૪૮] અચિત્ત તેઉકાય-ભાત, શાક, કાંજી, ઓસામણ, ઉષ્ણજળ, રાંધેલા અડદ, ડગલક, રાખ, સોય ઈત્યાદિ. તેથી તે સાધુના ઉપયોગમાં આવે છે.***

● **વિવેચન-૪૬ થી ૪૮ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ છે — ઇંટનો નીભાડો, કુંભારનો નીભાડો, શેરડીનો રસ ઉકાળવાની ચૂલ આદિનો મધ્યભાગ, વિજળી ઉલ્કા આદિ તેઉકાય નિશ્ચયથી સચિત્ત છે. અંગારાદિ - જ્વાળારહિત અગ્નિ, જ્વાળા આદિ વ્યવહાર સચિત્ત છે. છાણાનો અગ્નિ, અર્ધ બુઝાઈ ગયેલો અગ્નિ આદિ મિશ્ર તેઉકાય છે.

હવે અચિત્ત તેઉકાય કહે છે —

ઓદન - ભાત વગેરે ભોજન. વ્યંજન - શાક, ભાજી, કઢી આદિ. પનક - કાંજી. આયામ - ઓસામણ. ઉષ્ણોદક - ત્રણ ઉકાળાવાળું પાણી. મંડક - રોટલા, કુલ્માષ - રાંધેલા અડદ. આ બધું અગ્નિનું કાર્ય હોવાથી અગ્નિરૂપ કહેવાય છે અને ઓદનાદિ અચિત્ત હોવાથી અચિત્ત અગ્નિકાય કહેવામાં દોષ નથી. ડગલક - પાકી ઇંટોના ટુકડા. સરજસ્ક-રાખ. સૂચિ-સોય. પિપ્પલક-સજીયો. નખવિદારણિકા આદિને કહેવા. આ બધાં પૂર્વે અગ્નિરૂપપણાએ પરિણમેલા હતા, ભૂતપૂર્વ ગતિથી હાલ પણ અગ્નિકાયપણે અને અચિત્ત કહેવાય છે. આ અચિત્ત અગ્નિકાયનું પ્રયોજન -

ભોજનાદિમાં છે.

તેઉકાયપિંડ કહ્યો. હવે વાયુકાયપિંડ કહે છે –

● **મૂલ-૪૯ થી ૫૨ :-**

***[૪૯] વાયુકાય ત્રણ પ્રકારે છે – સચિત્ત, મિશ્ર, અચિત્ત. સચિત્ત બે પ્રકારે છે – નિશ્ચયથી અને વ્યવહારથી. [૫૦] વલયસહિત ઘનવાત અને તનુવાત, અતિહિમ અને અતિદુર્દિન એ નિશ્ચયથી સચિત્ત છે. પૂર્વાદિ દિશાનો વાયુ વ્યવહારથી સચિત્ત છે, આક્રાંતાદિ વાયુ અચિત્ત છે. [૫૧] આક્રાંતાદિ – આક્રાંત, આધ્માત, દેહાનુગત, પીલિત, સંમૂર્છિમાદિને વિશે જે વાયુ હોય છે, તેને આઠ કર્મમથનકે અચિત્ત વાયુકાય કહ્યો છે. [૫૨] મશકમાં રહેલો વાયુકાય જળમાં ૧૦૦ હાથ જાય ત્યાં સુધી અચિત્ત પછી ૧૦૦ હાથ સુધી મિશ્ર, ત્રીજા ૧૦૦ હાથથી સચિત્ત હોય. બસ્તી, પોરસિમાં, દિવસમાં અચિત્તાદિ હોય છે.***

● **વિવેચન-૪૯ થી ૫૨ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ પ્રમાણે - વલયાકાર એવો ઘનવાત અને તનુવાત. નરક પૃથ્વીના પાર્શ્વભાગમાં વલયાકારે તે રહેલ છે. તથા અતિ હિમ પડતો હોય ત્યારે, મેઘાંધકાર વર્તતો હોય કે વાદળાં વડે આકાશમંડલ આચ્છાદિત હોય ત્યારે જે વાયુ હોય, તે બધાં વાયુ નિશ્ચયથી સચિત્ત હોય છે. પણ અતિ હિમ કે અતિ દુર્દિન સિવાય પૂર્વાદિ દિશાનો વાયુ વ્યવહારથી સચિત્ત છે. આક્રાંતિક - પગના દબાવવા વડે પંકાદિથી ઉત્પન્ન પાંચ પ્રકારનો વાયુ અચિત્ત છે. તે આક્રાંતાદિ કહે છે–

આક્રાંત - પગ વડે કાદવ આદિ દબાતા ચિત્કાર શબ્દ કરતાં જે વાયુ ઉછળે તે. આધ્માત - મુખના વાયુથી ભરેલ દૃતિ આદિમાં રહેલો વાયુ. ધ્માણ - તલ પીલાવાથી શબ્દ સહિત નીકળતો વાયુ. દેહાનુગત - શરીરાશ્રિત શ્વાસોચ્છ્વાસ રૂપ વાયુ. પીલિત - ભીનું વસ્ત્ર નીચોવતા નીકળતો વાયુ. સંમૂર્છિમ, તાલવૃંતાદિનો વાયુ. આ પાંચે પ્રકારનો વાયુ આઠ કર્મના મથન કર્તા અરહંતોએ અચિત્ત કહેલો છે.

હવે મિશ્ર વાયુકાયને જણાવતા કહે છે – મશક એટલે બકરી કે કોઈ પશુના શરીરને ઉપરથી ચીર્યા વિના મસ્તકને દૂર કરીને, પછી શરીરની ચામડી નીચેના હાડકાદિ કાઢીને, ગુદાછિદ્રને બીજા કોઈ ચામડાના થીંગડા વડે ઢાંકીને, ગ્રીવાની અંદરના મુખને સાંકડુ કરીને બનાવેલ ચામડાનો કોથળો તે દૃતિ કે મશક. તેને અચિત્ત એવા મુખના વાયુથી ભરી, દોરડા વડે મુખને મજબૂત બાંધી કોઈ મનુષ્ય નદી આદિ જળમાં તરતી મૂકે તો દૃતિનો વાયુકાય, ક્ષેત્રથી ૧૦૦ હાથ દૂર જાય ત્યાં સુધી અચિત્ત હોય છે. ઈત્યાદિ ગાથાર્થ મુજબ કહેવું. ૩૦૦ હાથ બાદ તો સચિત્ત જ રહે છે. તેથી ૧૦૦ હાથવાળા ક્ષેત્રમાં જવા-આવવા-ફરીથી જવા વડે અચિત્તપણું જાણવું અથવા ૧૦૦ હાથ જેટલાં ક્ષેત્રમાં જતાં જે કાળ થાય તેટલો કાળ એક જ સ્થાને જળ મધ્યે રહેવાથી ઉપરોક્ત ક્રમે અચિત્તત્વાદિ ભાવવા.

દૃતિમાં કહ્યું તેમજ બસ્તિના સંબંધમાં જાણવું માત્ર બસ્તિનું સ્વરૂપ થોડું ભિન્ન



છે. દૃતિમાં રહેલ વાયુકાય પણ સ્નિગ્ધ અને રૂક્ષ કાળને આશ્રીને અનુક્રમે પોરિસિ અને દિવસોને વિશે અચિત્તાદિરૂપ જાણવો.

● **મૂલ-૫૩ થી ૫૬ :- [ભાષ્ય-૧૨ થી ૧૫]**

***કાળ બે પ્રકારે – સ્નિગ્ધ અને રૂક્ષ. સ્નિગ્ધ ત્રણ ભેદે – એકાંત સ્નિગ્ધ, મધ્યમ, જઘન્ય. રૂક્ષ ત્રણ પ્રકારે – જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ. એકાંત સ્નિગ્ધ કાળે બસ્તિનો વાયુ એક પોરિસિ અચેતન હોય, બીજી એ મિશ્ર અને ત્રીજીએ સચેતન, મધ્યમ સ્નિગ્ધકાળે બે પોરિસિ અચિત્ત, ત્રીજીએ મિશ્ર, ચોથીએ સચિત્ત થાય. જઘન્ય સ્નિગ્ધ કાળે ત્રણ પોરિસિ સુધી અચિત્ત, ચોથીએ મિશ્ર, પાંચમીએ સચિત્ત થાય. એ પ્રમાણે રૂક્ષકાળમાં પણ દિવસની વૃદ્ધિ જાણવી.***

● **વિવેચન-૫૩ થી ૫૬ :-**

સ્નિગ્ધ - જળવાળો અને શીતવાળો કાળ. રુક્ષ - ઉષ્ણકાળ. એકાંત સ્નિગ્ધ - અતિ સ્નિગ્ધકાળ. ઉત્કૃષ્ટ રૂક્ષ - અત્યંત રૂક્ષ. એકાંત સ્નિગ્ધકાળમાં બસ્તિકે દૃતિમાં રહેલો વાયુકાય એક પોરિસિ સુધી અચિત્ત રહે, બીજી પોરિસિના આરંભથી અંત સુધી મિશ્ર, ત્રીજી પોરિસિના આરંભથી જ સચિત્ત રહે છે. બાકી ગાથાર્થ મુજબ કાળ વર્ણન જાણવું. રૂક્ષકાળમાં - જઘન્ય રૂક્ષકાળે બસ્તિ આદિનો વાયુ એક દિવસ અચિત્ત, બીજે દિવસે મિશ્ર, ત્રીજે દિવસે સચિત્ત થાય છે. એ પ્રમાણે એક-એક દિનની વૃદ્ધિ જાણવી.

● **મૂલ-૫૭ :-**

***અચિત્તકાયનું પ્રયોજન મુનિને દૃતિ કે બસ્તિમાં રહેલ વાયુથી અથવા માંદગીમાં હોય છે. સચિત્ત અને મિશ્ર વાયુ પરિહરવો.***

● **વિવેચન-૫૭ :-**

નદી આદિ ઉતરતા મુનિને આવા વાયુનું પ્રયોજન હોય છે. આ કહેવા વડે જળમાં રહેલ વાયુ ગ્રહણ કરાય છે અથવા માંદગીમાં કોઈક વ્યાધિમાં દૃતિ આદિથી વાયુ ગ્રહણ કરી ગુદા આદિમાં નંખાય છે. આમ કહીને સ્થળમાં રહેલ વાયુ ગ્રહણ કર્યો. જળમધ્યે અશક્ય પરિહાર હોવાથી વાયુકાયની વિરાધનાનું પછી પ્રાયશ્ચિત્ત કરે. –૦– હવે વનસ્પતિકાયપિંડ કહે છે –

● **મૂલ-૫૮ થી ૬૧ :-**

***[૫૮] વનસ્પતિકાય ત્રણ પ્રકારે – સચિત્ત, અચિત્ત, મિશ્ર. સચિત્ત બે પ્રકારે – નિશ્ચયથી અને વ્યવહારથી. [૫૯] નિશ્ચયથી સર્વે પણ અનંતકાય સચિત્ત હોય છે. પ્રત્યેક વનસ્પતિકાય વ્યવહારથી સચિત્ત છે. મ્લાન થયેલ વનસ્પતિ અને લોટ - આટો વગેરે મિશ્ર હોય છે. [૬૦] પુષ્પ, પત્ર, કોમળ ફળ, હરિત એ સર્વેના ડીંટ મ્લાનિ પામ્યા પછી બધાં જીવરહિત જાણવા. [૬૧] અચિત્ત વનસ્પતિકાયનું પ્રયોજન-સંથારો, પાત્ર, દંડ, બે સુતરાઉ વસ્ત્ર, પીઠ, ફલક આદિ તથા ઔષધ, ભેષજ આદિમાં છે.***

**● વિવેચન-૫૮ થી ૬૧ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ પ્રમાણે — સર્વે અનંતકાય એટલે સાધારણ વનસ્પતિકાય. પ્રત્યેક વનસ્પતિકાય — લીંમડો, આંબો આદિ. પ્રમ્લાન - અર્દ્ધ સુકાયેલ સર્વ વનસ્પતિ. તેને મિશ્ર કહી, કેમકે — જેટલે અંશે સુકાયેલ હોય તે અચિત્ત અને શેષ અચિત્ત હોય છે. લોટ-ઘંટી આદિથી થયેલ ચૂર્ણ, તેમાં કેટલીક નખિકા સંભવે છે તે સચિત્ત હોય, બાકી અચિત્ત હોય.

અચિત્ત વનસ્પતિકાય - ગાથાર્થ મુજબ જાણવું. તેનું પ્રયોજન આ પ્રમાણે - જે આ સંસ્તારક - શય્યા, પાટ વગેરે સાધુ ગ્રહણ કરે છે, જે પાત્રો, દંડ, વિદંડ ઈત્યાદિ ગાથાર્થ મુજબ જાણવા. ઔષધ - હરડે આદિ એકલી વસ્તુ, ભેષજ - બે કે વધુ ઔષધનું એકત્ર ચૂર્ણાદિ અથવા અંદર ઉપયોગ કરવો. તે ઔષધ અને બહાર ઉપયોગ કરવો તે લેપ વગેરે ભેષજ કહેવાય.

હવે બેઈન્દ્રિયાદિ ચાર પિંડ અને તેનું પ્રયોજન કહે છે —

**● મૂલ-૬૨ થી ૬૭ :-**

***[૬૨] બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયવાળા જીવો સ્વ સ્વ જાતિવાળા ત્રણ ત્રણ વગેરે સ્વ-સ્વ સ્થાનમાં ભેળા થાય તેને પિંડ કહેવાય છે. [૬૩] અક્ષ, છીપ, શંખાદિ બેઈન્દ્રિયનો પરિભોગ છે, તેઈન્દ્રિયમાં ઉધેઈ આદિનો અથવા વૈદ્ય કહેતે, માખીની વિષ્ટા કે અશ્વમક્ષિકાનો ચઉરિન્દ્રિયમાં ઉપયોગ છે. [૬૪] પંચેન્દ્રિય પિંડને વિશે બધું ઉપયોગી છે, પણ નારકીઓ અનુપયોગી છે. [૬૫] ચર્મ, અસ્થિ, દાંત, નખ, રોમ, શ્રૃંગ, બકરી આદિનું છાણ, ગોમૂત્ર, દુધ, દહીં વગેરે વડે પંચેન્દ્રિય તિર્યંચનો પરિભોગ છે. [૬૬] સચિત્ત મનુષ્યનું પ્રયોજન માર્ગ પૂછવામાં, ભિક્ષા દાનાર્થે છે. અચિત્ત મનુષ્યના મિશ્ર કહેવાય છે, તેને માર્ગ પૂછવો તે ઉપયોગ છે. [૬૭] દેવતાનો ઉપયોગ - ક્ષપકાદિ મુનિ મરણના કાર્ય વિશે કોઈક દેવતાને પૂછે કે માર્ગ વિશે શુભાશુભ પૂછે છે.***

**● વિવેચન-૬૨ થી ૬૭ :-**

જે મેળાપમાં પોતાની જાતવાળાનું જ્યાં સ્થાન હોય ત્યાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો ત્રણ વગેરે એકત્ર થયા હોય, જેમકે ત્રણ-ત્રણ, ચાર-ચાર આદિ, તેને પિંડ કહેવાય છે. પોતપોતાના સ્થાને પિંડ કહેવાય. આવો પિંડ પણ ત્રણ ત્રણ પ્રકારે છે. તે આ — સચિત્ત, મિશ્ર, અચિત્ત. જીવતા ત્રણ વગેરે અક્ષાદિનું એક સ્થાને જે મળવું તે સચિત્ત છે, કેટલાંક જીવંત અને કેટલાંક મૃત અક્ષાદિનો મેળાપ તે મિશ્ર છે. જીવરહિત તે જ અક્ષાદિનો મેળાપ તે અચિત્ત છે.

તે બેઈન્દ્રિયાદિ વડે આ કાર્ય - પ્રયોજન છે :- સાધુને બે પ્રકારે પ્રયોજન સંભવે છે - શબ્દ વડે, શરીર વડે. શકુનાદિ જોવામાં શબ્દ વડે પ્રયોજન છે, તે આ રીતે — શખના શબ્દને પ્રશસ્ત અને મહાશકુન માને છે. શરીર વેડ ત્રણ પ્રકારે પ્રયોજન છે - સંપૂર્ણ શરીર વડે, શરીના કોઈ ભાગ વડે અને શરીરના સંબંધથી



ઉત્પન્ન કોઈ બીજી વસ્તુ વડે.

બેઈન્દ્રિયના સંપૂર્ણ શરીર વડે પ્રયોજન — છીપ, શંખ વગેરે સહિત અક્ષનો પરિભોગ હોય છે. आदि શબ્દથી કોડા પણ ગ્રહણ કરવા. અક્ષ અને કર્પદ વગેરેનો ઉપયોગ સમવસરણની સ્થાપના વગેરેમાં, શંખ અને છીપનો ઉપયોગ આંખના ફૂલા વગેરે કાઢવામાં થાય છે.

તેઈન્દ્રિયનો ઉપયોગ - અહીં ઉધઈ શબ્દથી ઉધઈએ કરેલા રાફડાની માટી સમજવી, એવા પ્રકારના બીજા તેઈન્દ્રિયની માટીનું પણ ગ્રહણ કરવું. પરિભોગ એટલે ઉપભોગ કરવાપણું. ઉધઈની માટી વગેરેનો પરિભોગ સર્પદંશાદિમાં દાહની શાંતિ માટે જાણવો અથવા વૈદ્ય અમુક તેઈન્દ્રિયના શરીરાદિને બાહ્ય વિલેપનાદિને માટે બતાવે ત્યારે તેનો ઉપભોગ થાય છે.

ચઉરિન્દ્રિય મધ્યે માખીનો વિષ્ઠા એ પરિભોગ છે. કેમકે તે વિષ્ઠા વમનના નિષેધાદિમાં સમર્થ છે. અથવા નેત્રમાંથી જળ વગેરે કાઢવા અશ્વમક્ષિકાનો ઉપયોગ કરાય છે. તથા આવી જાતિના ચઉરિન્દ્રિય પણ લેવા.

પંચેન્દ્રિયના પિંડના વિષયમાં ઉપયોગ - તિર્યંચાદિનો પિંડ યથાયોગપણે ઉપયોગમાં આવે છે. તે આ રીતે — ચામડું, અસ્થિ, દાંત ઈત્યાદિ ગાથાર્થ પ્રમાણે કહેવા. अस्थि - ગીધ પક્ષીની નખિકાદિનો પરિભોગ છે, તે શરીરના ફોલ્લાને દૂર કરવા માટે બાહુ આદિ ઉપર બંધાય છે. दंत - સુવરના દાંતને ઘસીને નાંખતા નેત્રને વિશ ફૂલા દૂર કરાય છે. नख - અમુક જીવોના નખ ધૂપમાં નાંખી તેની ગંધ હોય તે કોઈપણ રોગનો નાશ કરે છે. रोम - તેનો કામળો બને છે. श्रृंग - ભેંસ આદિનું શીંગડું, માર્ગમાં ગચ્છથી ભૂલા પડેલા સાધુને ભેગા કરવાને વગાડાય છે. છાણ અને ગોમૂત્રનો ઉપયોગ ખસ વગેરેના મર્દનમાં થાય છે. દુધનો ઉપયોગ ભોજનમાં થાય છે.

સચિત્ત મનુષ્યનું પ્રયોજન સાધુને માર્ગ જણાવવા કે ભિક્ષાદિ દાન માટે છે. અચિત્ત મનુષ્યના મસ્તકના અસ્થિ ઉપયોગી છે, તે અસ્થિ ઘસીને પુરુષ ચિહ્નનો અમુક વ્યાધિ દૂર થાય છે. કોઈ રાજા સાધુના વિનાશાદિ માટે ઉદ્યમવંત થાય ત્યારે સાધુ મસ્તકના અસ્થિ લઈને કાપાલિકનો વેશ લઈ દેશાંતર જઈ શકે છે. મિશ્રનો ઉપયોગ અસ્થિ લઈને કાપાલિકનો વેશ લઈ દેશાંતર જઈ શકે છે. મિશ્રનો ઉપયોગ અસ્થિ વડે ભૂષિત અને સરજસ શરીર કાપાલિક પાસે માર્ગને જાણવા ઉપયોગી છે.

દેવતાના વિષયનો ઉપયોગ - તપસ્વી કે આચાર્યાદિને દેવીઓ પ્રાયઃ સમીપે જે રહેવાવાળા હોય છે. મરણ વગેરે પ્રયોજન ઉપસ્થિત થાય ત્યારે કોઈ દેવતાને પૂછે કે માર્ગના વિષયમાં શુભાશુભ પૂછે.

આ પ્રમાણે સચિત્તાદિ ભેદથી ત્રણ પ્રકારનો દ્રવ્યપિંડ પ્રત્યેક પૃથ્વીકાયાદિ નવની મધ્યે બે આદિના મિશ્રપણાથી મિશ્રદ્રવ્યપિંડ :-

**● મૂલ-૬૮,૬૯ :-**

***હવે મિશ્ર પિંડ, આ નવેના દ્વિક સંયોગાદિથી આરંભીને યાવત્ છેલ્લા***

*નવ સંયોગવાળા ભંગ સુધી જાણવો. આ મિશ્રપિંડના દૃષ્ટાંતો આ રીતે છે — કાંજી, ગોરસ, મદિરા, વેસન, ભેષજ, સ્નેહ, શાક, ફળ, માંસ, લવણ, ગોળ, ઓદનાદિ અનેક પ્રકારે સંયોગપિંડ જાણવા.*

● **વિવેચન-૬૮,૬૯ :-**

કેવળ પૃથ્વીકાયાદિકના પિંડને કહ્યા પછી મિશ્રપિંડ કહે છે મિશ્રક - સજાતીય અને વિજાતીય દ્રવ્યના મિશ્ર કરવારૂપ પિંડ. આ જ નવે પિંડોના બે આદિના સંયોગવાળો જાણવો. તે આ પ્રમાણે —

પૃથ્વીકાય + અપ્‌કાય એ દ્વિક સંયોગનો પહેલો ભંગ. પૃથ્વીકાય + તેઉકાય એ બીજો ભંગ. એ પ્રમાણે દ્વિકસંયોગમાં ૩૬-ભંગો જાણવા.

ત્રિકસંયોગમાં પૃથ્વીકાય + અપ્‌કાય + તેઉકાય એ પહેલો ભંગ, પૃથ્વીકાય + અપ્‌કાય + વાયુકાય એ બીજો ભંગ એ પ્રમાણે ૮૪ ભંગો જાણવા.

ચતુષ્ક સંયોગમાં — પૃથ્વી, અપ્, તેઉ, વાયુ એ પહેલો ભંગ. પૃથ્વી, અપ્, તેઉ, વનસ્પતિ એ બીજો ભંગ. એ રીતે ૧૨૬-ભંગો જાણવા.

પંચક સંયોગમાં-૧૨૬, ષટ્ક સંયોગમાં-૮૪, સપ્તક સંયોગમાં ૩૬, અષ્ટક સંયોગમાં-૯, નવક સંયોગમાં એક ભંગ. કુલ-૫૦૨ ભંગો થાય. - x - x - x - x - x - x - x - નવક સંયોગથી પ્રાપ્ત એક સંખ્યાવાળો જે મિશ્રપિંડ આવે તે લેપને આશ્રીને દેખાડે છે. અહીં ગાડાંની ધરી ઉપર તેલ લગાડે ત્યારે તેના ઉપર ‘રજ’રૂપ પૃથ્વીકાય લાગે. નદી ઉતરતા અપ્‌કાય લાગે, લોઢાની વસ્તુ ઘસાતા તેઉકાય, તેજસ્ હોય ત્યાં વાયુ હોય છે, માટે વાયુકાય લાગે, ધોંસરી વનસ્પતિકાય છે. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયવાળા જીવો સંપાતિમ સંભવે છે. ભેંસાદિના ચામડાની વાધરી આદિ ઘસાતા હોવાથી તેના અવયવરૂપ પંચેન્દ્રિય પિંડ પણ સંભવે છે. આવા પ્રકારની ગાડાની ધરીથી લેપ કરાય, તે મિશ્રપિંડ કહેવાય.

આટલો જ દ્રવ્યપિંડ મિશ્રપિંડ સંભવે છે. હવે તેના દૃષ્ટાંતો —

કાંજી, તે અપ્‌કાય, તેઉકાય, વનસ્પતિકાયના પિંડરૂપ છે તે આ રીતે — ચોખાને ધોવા તે અપ્‌કાય, પકવવા તે તેઉકાય, ચોખાના અવયવો તે વનસ્પતિકાય. જો તેમાં લવણ નાંખે તો પૃથ્વીકાય પણ સંભવે છે, એ પ્રમાણે સર્વત્ર સ્વબુદ્ધિથી ભાવના કરવી.

ગોરસ છાસ. તે અપ્‌કાય અને ત્રસકાયથી મિશ્ર હોય છે. આસવ - મદિરા, તે અપ્, તેઉ અને વનસ્પતિકાયના પિંડરૂપ છે. ભેષજ - રાબડી આદિ, તે અપ્, તેઉ, વનસ્પતિકાયના પિંડરૂપ છે. સ્નેહ - ઘી, ચરબી, તે તેઉ અને ત્રસકાયના પિંડરૂપ છે. શાક - ભાજી વગેરે, તે વનસ્પતિ, પૃથ્વી, ત્રસકાયના પિંડરૂપ છે. આ પ્રમાણે - x - x - બધાં સંયોગો વિચારવા. જેનો જે દ્વિકસંયોગાદિમાં સમાવેશ થતો હોય ત્યાં જ કરવો.

હવે ક્ષેત્રપિંડ અને કાલપિંડ કહે છે —



● **મૂલ-૭૦ થી ૭૩ :-**

*[૭૦] ત્રણ પ્રદેશ અને ત્રણ સમય એ અનુક્રમે ચોથા ક્ષેત્ર અને પાંચમાં કાળ-પિંડનું સ્વરૂપ છે. દ્રવ્ય એટલે પુદ્‌ગલ સ્કંધને વિશે જે સ્થાન એટલે અવગાહ અને સ્થિતિ એટલે રહેવું. તે પણ તેના આદેશથી ચોથા અને પાંચમાં પિંડનું સ્વરૂપ છે. તથા જ્યાં અને જ્યારે તેની પ્રરૂપણા થાય. [૭૧] જો મૂર્તિમાન દ્રવ્યમાં પરસ્પર મળી જવા થકી અને સંખ્યાના બહુપણા થકી પિંડ શબ્દ યોગ્ય છે, તો અમૂર્તિમાન દ્રવ્યને વિશે પણ તે પિંડ શબ્દ જ યોગ્ય છે. [૭૨] જેમ ત્રણે પ્રદેશને અવગાહીને રહેલો જે ત્રિપ્રદેશી સ્કંધ અવિભાગે કરીને સંબંધવાળો છે, તે પ્રમાણે સ્કંધનો આધાર પણ પિંડપણે કેમ ન કહેવાય? કહેવાય. [૭૩] અથવા તો નામાદિ ચાર પિંડનો યોગ અને વિભાગ વડે અવશ્ય પિંડ કહેવો. પરંતુ ક્ષેત્ર અને કાળ એ બેને આશ્રીને જે સ્થાને કે જે કાળે પિંડ વર્ણન કરાય અથવા ઉત્પન્ન કરાય છે તે પણ પિંડ કહેવાય છે.*

● **વિવેચન-૭૦ થી ૭૩ :-**

[૭૦] નામાદિ પિંડ ગાથાના અનુક્રમથી ચોથો ક્ષેત્રપિંડ અને પાંચમો કાળપિંડ કહેવાય છે. ક્ષેત્ર - આકાશ, काल - સમયનું પરાવર્તન. તેમાં ત્રણ આકાશ પ્રદેશો તથા ત્રણ સમયો - કાળનો વિભાગ ન થઈ શકે. તેવા ભાગો. - x - x - અહીં ભાવાર્થ આ છે :- પરસ્પર મળેલા ત્રણ આકાશ પ્રદેશો અને પરસ્પર મળેલાં ત્રણ સમયો અનુક્રમે ક્ષેત્રપિંડ, કાળપિંડ જાણવા. અહીં ત્રિ શબ્દથી બે, ચાર વગેરે પણ જાણવા.

ક્ષેત્રપિંડ અને કાળપિંડ ઉપચાર રહિત કહીને હવે ઉપચાર સહિત કહે છે :- પુદ્‌ગલ સ્કંધ દ્રવ્યમાં, અવગાહ અને કાળથી રહેવું તે. સ્થાન અને સ્થિતિને આશ્રીને જે ક્ષેત્ર અને કાળની પ્રધાનપણે વિવક્ષા કરીને ક્ષેત્ર અને કાળ વડે જે કથન. તેથી ચોથા અને પાંચમાં પિંડની પ્રરૂપણા કરવી, એમ કહેવાથી શું કહ્યું? સ્કંધરૂપ પુદ્‌ગલદ્રવ્યને વિશે અવગાહના વિચારને આશ્રીને ક્ષેત્રના પ્રધાનપણાની વિવક્ષાએ કરીને જ્યારે ક્ષેત્ર વડે આ એક, બે, ત્રણ પ્રદેશવાળો ઈત્યાદિ કથન કરાય ત્યારે તે ક્ષેત્રપિંડ કહેવાય. કાળથી સ્થિતને આશ્રીને કાળના પ્રધાનપણાની વિવક્ષા કરીને આ એક, બે સમયવાળો ઈત્યાદિ કાળ વડે કથન કરાય ત્યારે તે કાળપિંડ કહેવાય છે. - x - x -

હવે બીજા પ્રકારે ઉપચાર સહિત ક્ષેત્રપિંડ અને કાલપિંડ કહે છે — જે વસતિ આદિને વિશે, જે પહેલી પોરિસિ આદિ કાળમાં પિંડની પ્રરૂપણા કરાય છે, તે પિંડ. પ્રરૂપાતો નામાદિ પિંડ વસતિ આદિ ક્ષેત્રથી ક્ષેત્રપિંડ કહેવાય છે. એ રીતે પોરિસિ આદિને આશ્રીને તે કાળપિંડ છે.

અહીં અન્ય કોઈ આક્ષેપ કરે છે કે — મૂર્તિમાન દ્રવ્યમાં પરસ્પર મળી જવાથી અને સંખ્યાનું ઘણાંપણું થવાથી પિંડ એવું કથન ઘટી શકે છે. પણ ક્ષેત્ર અને કાળનું

પરસ્પર મળવું થતું નથી, તેમજ કાળમાં તો સંખ્યાનું ઘણાંપણું ઘટતું નથી. - x - x - x - આ આક્ષેપનું નિવારણ કરતાં કહે છે —

[૭૧] જો મૂર્તિમાન દ્રવ્યમાં પરસ્પર ભળી જવા થકી તથા બે વગેરે સંખ્યાના સંભવ થકી પિંડ એવા શબ્દનું કહેવું ઘટે છે. તો તે પિંડ એવા શબ્દનું કથન અમૂર્ત્ત એવા પણ ક્ષેત્રના પ્રદેશો અને કાળના સમયોને વિશે ઘટે છે. કેમકે તેમાં પણ પિંડ શબ્દની પ્રવૃત્તિનું કારણ જે પરસ્પરાનું બંધ અને સંખ્યા બાહુલ્ય સંભવે છે. તે આ રીતે —

સર્વે ક્ષેત્રના પ્રદેશો પરસ્પર નિરંતરપણારૂપ સંબંધે કરીને સહિત રહેલા છે, તેથી જેમ પરમાણુથી બનાવેલા ચતુરસ્રાદિ ઘનમાં પરસ્પર નિરંતરપણારૂપ અનુવેધથી અને સંખ્યાના બહોળાપણાથી પિંડ એવું કથન પ્રવર્તે છે તેમ ક્ષેત્રના પ્રદેશોમાં પણ પ્રવર્તતો પિંડ શબ્દ અવિરુદ્ધ છે. કેમકે તેમાં પણ નૈરંતર્યરૂપ અનુવેધાદિનો સંભવ છે તથા કાળ પણ પરમાર્થથી વિધમાન છે અને દ્રવ્ય છે. તેથી તે કાળ પણ પરિણામી છે. કેમકે સર્વે વિધમાન પદાર્થનું પરિણામીપણું અંગીકાર કરેલ છે. વળી તે રૂપે પરિણામ પામતો પરિણામી પદાર્થ અન્વયવાળો કહેવાય છે. તેથી વર્તમાનકાળના સમયનો પણ પૂર્વના અને પછીના સમય સાથે સંબંધ હોય છે. - x - તેથી પિંડ શબ્દની પ્રવૃત્તિનો વિરોધ નથી.

[૭૨] ક્ષેત્રમાં પિંડ શબ્દની પ્રવૃત્તિના અવિરોધને બતાવે છે —

જેમ કોઈ ત્રિપરમાણુ સ્કંધ ત્રણે આકાશ પ્રદેશમાં અવગાહીને રહેલો છે. પણ એક કે બે પ્રદેશમાં રહેલો નથી. અવિભાગ - નિરંતરપણું, તેનાથી સંબંધવાળો જે સ્કંધ - 'પિંડ' કહેવાય. કેમકે નિરંતરપણે રહેવું અને સંખ્યાનું બાહુલ્ય છે. એ પ્રમાણે ત્રિપ્રદેશાવગાહી ત્રિપરમાણું સ્કંધ માફક ત્રિપરમાણું સ્કંધના આધારરૂપ જે ત્રિપ્રદેશ સમુદાય તે પિંડ જ કહી શકાય, કેમકે સામાન્યપણે તે બંને સરખાં જ છે.

[૭૩] હવે જે સ્થાને જે પિંડની પ્રરૂપણાની વ્યાખ્યા - પૂર્વ ક્ષેત્ર અને કાળ વિશે સૂચિત સંખ્યા મુજબ પ્રદેશો અને સમયોનો પરસ્પર સંબંધ અને સંખ્યાનું બાહુલ્ય હોવાથી પારમાર્થિક પિંડપણું કહ્યું. અથવા યોગ અને વિભાગના અસંભવથી પારમાર્થિકપણું ઘટતું જ નથી. તે આ રીતે — લોકને વિશે જ્યાં યોગ હોતા વિભાગ કરી શકાય કે વિભાગ હોતા યોગ કરી શકાય ત્યાં 'પિંડ' શબ્દ કહેવાય છે પણ ક્ષેત્ર અને પ્રદેશને વિશે યોગ છે, તો પણ વિભાગ કરી શકાતો નથી. કેમકે નિત્યપણાએ કરીને તથા પ્રકારે રહેલા તે પ્રદેશોને અન્યથા પ્રકારે કરી શકાય તેમ નથી. તેથી તે ક્ષેત્રપ્રદેશોમાં પારમાર્થિક પિંડપણું નથી. વળી સમય પણ વર્તમાન જ છે. અતિત-અનાગત નહીં. તેથી અહીં કાળના સમયની વાતમાં એકલો વિભાગ જ છે, યોગ નથી. તેથી પારમાર્થિક પિંડપણાનો અભાવ છે. તેથી ક્ષેત્રપિંડ અને કાળપિંડ પ્રરૂપણા અન્યથા પ્રકારે કરવી જોઈએ.

નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવપિંડમાં યોગ અને વિભાગનો સંભવ હોવાથી પિંડ



એવું કથન નિશ્ચે કરાય છે. તે આ રીતે — નામ અને નામવાળો અભેદ ઉપચાર હોવાથી નામનો જે પિંડ તે નામપિંડ, પુરુષાદિક જ કહેવાય છે કેમકે હસ્ત પાદાદિ અવયવોનો ખડ્ગાદિથી વિભાગ થઈ શકે છે. તેથી યોગ હોતા વિભાગ થયો. એ રીતે પહેલાં ગર્ભ માંસપેશીરૂપ હતો, પણ પછી તેને હાથ આદિનો સંયોગ થયો. તેથી વિભાગ હોતા યોગ થયો. તેથી તેનું પિંડરૂપપણું છે. - x - x - x - ભાવપિંડમાં ભાવ અને ભાવવાળો કોઈક પ્રકારે અભેદ હોવાથી સાધુ વગેરે જ મૂર્તિમાન્ - શરીરવાળો ગ્રહણ કરાય છે. તેમાં નામપિંડની જેમ સંયોગ અને વિભાગ તાત્ત્વિક છે, તેથી તેનું પારમાર્થિક પિંડપણું છે. - x - x - x - x -

ક્ષેત્રપિંડ, કાળપિંડ કહીને હવે ભાવપિંડ કહે છે —

● **મૂલ-૭૪ થી ૭૮ :-**

***પ્રશસ્ત અને અપ્રશસ્ત એ બંને પ્રકારના ભાવપિંડને હું કહીશ. પ્રશસ્ત અને અપ્રશસ્ત ભાવપિંડ એક પ્રકારે યાવત્ દશ પ્રકારે છે. તેમાં ૧- સંયમ, ૨- જ્ઞાન ચારિત્ર, ૩- જ્ઞાન દર્શન ચારિત્ર, ૪- જ્ઞાન દર્શન તપ સંયમ, ૫- પાંચ મહાવ્રત, ૬- પાંચ વ્રત સાથે રાત્રિભોજન વિરમણ, ૭- સાત પિન્ડૈષણા, સાત પાણૈષણા, સાત અવગ્રહપ્રતિમા ૮- આઠ પ્રવચન માતા, ૯- નવ બ્રહ્મચર્યગુપ્તિ, ૧૦- દશવિધ શ્રમણધર્મ આ પ્રશસ્ત ભાવપિંડ આઠ કર્મનું મથન કરનાર તીર્થંકર કહેલ છે. અપ્રશસ્ત ભાવપિંડ આ પ્રમાણે — ૧- અસંયમ, ૨- અજ્ઞાન અને અવિરતિ, ૩- અજ્ઞાન, અવિરતિ, મિથ્યાત્વ. ૪- ક્રોધાદિ કષાય, ૫- આશ્રવ, ૬- છ કાય, ૭- સાત કર્મ, ૮- આઠ કર્મ, ૯- નવ બ્રહ્મચર્ય ગુપ્તિ, ૧૦- દશવિધ અધર્મ.***

● **વિવેચન-૭૪ થી ૭૮ :-**

ગાથાર્થ કહ્યો. પ્રતિજ્ઞાત કથનના નિર્વાહ માટે કહે છે —

પ્રશસ્ત ભાવપિંડ દશેય પ્રકારે છે. (૧) એક પ્રકારે પ્રશસ્ત ભાવપિંડ સંયમ છે. તેમાં જ્ઞાન અને દર્શન સંયમમાં જ અંતર્ભૂત કહેવાને ઈચ્છ્યા છે, તેથી એક સમયને ભાવપિંડ કહેવામાં કોઈ બાધા નથી.

(૨) બે ભેદે પિંડ - જ્ઞાન અને ચારિત્ર. અહીં સમ્યગ્દર્શનને જ્ઞાનમાં જ અંતર્ભૂત ગણેલ છે. (૩) ત્રણ ભેદે પિંડ — જ્ઞાન, દર્શન, ચારિત્ર. (૪) ચાર ભેદે પિંડ — જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ. (૫) પાંચ ભેદે પિંડ - પ્રાણાતિપાત વિરમણ આદિ સ્વરૂપવાળા પાંચ, અહીં પણ જ્ઞાન, દર્શનની અંતર્ભૂત વિવક્ષા કરી છે, રાત્રિભોજન વિરમણ વ્રત પણ અંતર્ભૂત ગણેલ છે. (૬) છ ભેદે ભાવપિંડ - પાંચ મહાવ્રત અને છટ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત.

(૭) સાત પ્રકારના પિંડમાં સાત પિન્ડૈષણા, સાત પાનૈષણા, સાત અવગ્રહ પ્રતિમા છે. તેમાં પિન્ડૈષણા અને પાનૈષણા સંસૃષ્ટાદિક સાત છે — અસંસૃષ્ટા, સંસૃષ્ટા, ઉદ્ધૃતા, અલ્પલેપા, અવગૃહીતા, પ્રગૃહિતા, ઉજ્ઝિતધર્મા. *[જેનું વર્ણન અન્ય સ્થાનેથી*

જાણવું] અવગ્રહ પ્રતિમા એટલે વસતિ સંબંધી વિશેષ પ્રકારના નિયમો *[જે આચારાંગસૂત્ર, અધ્યયન-૭ થી જાણવું]*

(૮) આઠ ભેદે પિંડ, તે આઠ પ્રવચન માતા - પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ. (૯) નવ ભેદે પિંડ, તે નવ બ્રહ્મચર્ય ગુપ્તિ *[જેનું વર્ણન સ્થાનાંગ સૂત્રના સ્થાન-૯, સૂત્ર-૮૦૨માં, તથા સમવાય-૯ના સૂત્ર-૧૧માં છે.]* (૧૦) દશ ભેદે પિંડ તે દશવિધ શ્રમણધર્મ - ક્ષાંતિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનતા અને બ્રહ્મચર્ય.

આ દશે પ્રકારનો ભાવપિંડ આઠ કર્મનું મથનકર્તા તીર્થંકરે કહેલ છે. આમ કહીને ગ્રંથકારે — 'હું કંઈ કહેતો નથી' એમ જણાવેલ છે.

હવે અનુક્રમે દશ ભેદે અપ્રશસ્ત ભાવપિંડને કહે છે, તે આ છે —

(૧) અસંયમ - વિરતિનો અભાવ, અહીં અજ્ઞાન મિથ્યાત્વ આદિ સર્વે પણ અંતર્ભૂત છે. (૨) અજ્ઞાન અને અવિરતિ. અહીં મિથ્યાત્વ, કષાય વગેરે સર્વે પણ આ બેમાં જ અંતર્ભૂત છે. (૩) મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ એ ત્રણ ભેદે અપ્રશસ્ત ભાવપિંડ છે. (૪) કષાય - ક્રોધ, માન, માયા, લોભ. (૫) આશ્રવ - પ્રાણાતિપાત આદિ પાંચ. (૬) છ ભેદે તે — પૃથ્વીકાયિક આદિ છ કાયનો વિનાશ, (૭) સાત ભેદે ભાવ પિંડ - કર્મબંધના કારણભૂત અધ્યવસાયો જાણવા. આયુ સિવાયના સાતે કર્મના કારણભૂત પરિણામ વિશેષ, જ્ઞાનાવરણાદિ જાતિ ભેદથી સાત પ્રકારે છે. (૮) આઠ ભેદે ભાવપિંડ - આઠે કર્મબંધના કારણભૂત પરિણામ. (૯) નવ બ્રહ્મચર્ય અગુપ્તિ. (૧૦) દશ ભેદે અધર્મ - ક્ષમા આદિથી વિપરીત કહેવો. આ અપ્રશસ્ત ભાવપિંડ.

હવે પ્રશસ્ત અપ્રશસ્ત ભાવપિંડનું લક્ષણ કહે છે —

**● મૂલ-૭૯ થી ૮૧ :-**

***[૭૯] જે ભાવપિંડ વડે કર્મ બંધાય તે સર્વે અપ્રશસ્ત અને જેના વડે કર્મથી મૂકાય તે પ્રશસ્ત ભાવપિંડ જાણવો. [૮૦] દર્શન, જ્ઞાન, ચારિત્રના જે અને જેટલા પર્યાયો હોય છે, તે તે-તે વખતે તે-તે નામનો પર્યાયનું પ્રમાણ કરવાથી પિંડ કહેવાય. [૮૧] જીવ જે પરિણામથી આત્માને વિશે કર્મના પિંડને ચીકણાં બાંધે છે, તે ભાવપિંડ કહેવાય, કેમકે જ્ઞાનાવરણાદિ કર્મને પિંડરૂપે કરે છે.***

**● વિવેચન-૭૯ થી ૮૧ :-**

અહીં એકવિધાદિ ભેદે પ્રવર્તતા જે ભાવપિંડ વડે જ્ઞાનાવરણ આદિ કર્મ બંધાય છે. ચ શબ્દથી દીર્ઘ સ્થિતિક, દીર્ઘ અનુબંધવાળું અને વિપાકમાં કટુ કર્મો જેના વડે બંધાય તે અપ્રશસ્ત ભાવપિંડ જાણવો અને એકવિધાદિથી પ્રવર્તતા સંયમાદિ વડે જે કર્મ થકી ધીમે-ધીમે કે સર્વથા મુક્ત થવાય તે પ્રશસ્ત ભાવપિંડ જાણવો.

[શંકા] ઘણાનું એક સ્થાને મળવું તે પિંડ કહેવાય. પરંતુ સંયમ વગેરે ભાવો જ્યારે પ્રવર્તે ત્યારે તે એક સંખ્યાવાળા જ હોય છે, કેમકે એક સમયે એક જ અધ્યવસાયનું હોવાપણું છે, તો તે ભાવોનું પિંડપણું કેમ કહેવાય ?



ગાથા-૮૦માં તેનો ઉત્તર આપતા કહે છે — ચારિત્રના ગ્રહણથી તપ વગેરે પણ ગ્રહણ કરાય છે. કેમકે — તપ પણ વિરતિના પરિણામરૂપ હોવાથી ચારિત્રનો જ ભેદ છે, તેથી દર્શનાદિ ત્રણેના જે જે અવિભાગ પરિચ્છેદરૂપ પર્યાયો. જ્યારે જ્યારે જેટલા હોય ત્યારે ત્યારે તે-તે દર્શનાદિ નામવાળો પર્યાયનું પ્રમાણ કરવા વડે કરીને પર્યાયના સમૂહની વિવક્ષાથી પિંડ કહેવાય છે. ભાવાર્થ એ કે — સંયમની વિવક્ષામાં દર્શન, જ્ઞાન અંતર્ભાવ છે. ત્યારે તે સંયમના અવિભાગ પરિચ્છેદ નામના જે પર્યાયો છે તે સમુદાયપણે એક સ્થાને પિંડરૂપ થઈને રહે છે. - x - તેથી એકવિધ ભાવ પિંડપણે કહેવાતો સંયમ વિરોધ પામતો નથી. પણ તે જ સંયમરૂપ અધ્યવસાયમાં જ્ઞાન કે ક્રિયાની વિવક્ષા જુદી કરવામાં આવે ત્યારે જ્ઞાન કે ક્રિયાના અવિભાગ પરિચ્છેદરૂપ જે પર્યાયો તે જ્ઞાન કે ક્રિયાપિંડ કહેવાય. તેથી જ્ઞાન અને ક્રિયા નામે ભાવપિંડ બે ભેદે કહેવામાં વિરોધ ન પામે.

જ્યારે તે જ સંયમરૂપ અધ્યવસાયને વિશે જ્ઞાનની, દર્શનની અને ચારિત્રની વિવક્ષા જુદી કરાય છે ત્યારે જ્ઞાનનો કે દર્શનનો કે ચારિત્રનો અવિભાગ પરિચ્છેદરૂપ પર્યાય તે-તે સમુદાયને પામીને જ્ઞાનપિંડ કે દર્શનપિંડ કે ચારિત્ર પિંડ કહેવાય છે. એમ ત્રણ પ્રકારનો જ્ઞાન, દર્શન અને ચારિત્ર નામે ભાવપિંડ ઘટે છે. - x - x - x -

એ પ્રમાણે બાકીના પિંડોને વિશે પિંડપણાની ભાવના ભાવવી. એ જ પ્રમાણે અપ્રશસ્ત ભાવપિંડની ભાવના ભાવવી.

આ રીતે "જે એકઠું કરવું તે પિંડ" એવી ભાવવિષયવાળી વ્યુત્પત્તિને આશ્રીને સંયમાદિનું પિંડપણું કહેવું. - x - પછી ભાવ એવા પિંડ તે ભાવપિંડ કહેવાય એવું ગાથા-૮૧માં જણાવે છે.

જે ભાવ - આત્માના પરિણામ વિશેષ વડે કર્મના પિંડને પરસ્પર સંબંધ વડે ગાઢ સંશ્લેષથી આત્માને વિશે એકઠાં કરે તે ભાવપિંડ. તેમાં હેતુ - જે કારણ માટે જેના વડે આત્મા પોતાની સાથે પિંડરૂપ કરાય તે પિંડન - જ્ઞાનાવરણાદિક કર્મને આત્માની સાથે સંબદ્ધ કરે તે ભાવ, તેથી કરીને ભાવપિંડ કહેવાય. તેમાં જે ભાવ વડે આત્મામાં શુભ કર્મો બંધાય તે પ્રશસ્ત ભાવપિંડ, અશુભ બંધાય તે અપ્રશસ્ત ભાવપિંડ.

એ રીતે નામાદિ છ પિંડ કહ્યા. હવે આ છ માં જે પિંડ વડે અહીં અધિકાર છે, તે પિંડને કહેવાની ઈચ્છાથી જણાવે છે —

**● મૂલ-૮૨ :-**

***અહીં દ્રવ્યમાં અચિત્ત પિંડ અને ભાવમાં પ્રશસ્ત ભાવપિંડ વડે પ્રયોજન છે, બાકીના નામાદિ પિંડો શિષ્યની મતિના વિસ્તારાર્થે કહેલા છે.***

**● વિવેચન-૮૨ :-**

આ પિંડનિર્યુક્તિમાં દ્રવ્યમાં અચિત્ત દ્રવ્યપિંડ વડે અને ભાવમાં પ્રશસ્ત ભાવપિંડ

વડે પ્રયોજન છે. બાકીના નામાદિ પિંડો સાર્થક એવા પિંડ શબ્દ વડે કહેલ જે અર્થ તેને તુલ્ય છે, કેમકે તેમનું પણ પિંડ એ રીતે કથન કરવાપણું છે માટે. તેથી કરીને શિષ્યોની મતિનું જે પ્રકોપન - તે તે અર્થના વ્યાપકપણાએ કરીને જે પ્રસરવું, તેને માટે કહેલ છે. ભાવાર્થ એ કે — અચિત્ત દ્રવ્યપિંડ અને પ્રશસ્ત ભાવપિંડનો અહીં અધિકાર છે, બાકીના પિંડનો અધિકાર નથી. અર્થને છૂટા-છૂટા પણાએ કરીને કહેવા બાકીના પિંડ કહ્યા છે.

[શંકા] મુમુક્ષુ જીવોને પ્રશસ્ત ભાવપિંડનું પ્રયોજન નભલે હોય, પણ અચિત્ત દ્રવ્યપિંડનું અહીં શું પ્રયોજન છે ? [સમાધાન] ભાવ પિંડની વૃદ્ધિમાં દ્રવ્યપિંડ એ ટેકો છે, આ જ વાત કહે છે —

● **મૂલ-૮૩ :-**

***આહાર, ઉપધિ, શય્યા પ્રશસ્ત ભાવપિંડનો ઉપગ્રહ કરે છે. તેમાં આહારપિંડનો અધિકાર છે, તે આઠ સ્થાનો વડે શુદ્ધ હોય છે.***

● **વિવેચન-૮૩ :-**

અચિત્ત દ્રવ્ય પિંડ ત્રણ ભેદે — આહારરૂપ, ઉપધિરૂપ, શય્યારૂપ. આ ત્રણે પિંડ જ્ઞાન, સંયમાદિ પ્રશસ્ત ભાવપિંડને ટેકો કરે છે. તેથી આ ત્રણેનું સાધુને પ્રયોજન છે, તો પણ અહીં કેવળ આહારપિંડનો અધિકાર છે. તે પિંડ ઉદ્‌ગમાદિક આઠ સ્થાને શુદ્ધ એવો જેમ સાધુને ગવેષ્ય છે, તે કહેશે —

● **મૂલ-૮૪,૮૫ :-**

***મુમુક્ષુને નિર્વાણ જ કાર્ય છે, કારણ જ્ઞાનાદિ ત્રણ છે. તે નિર્વાણના કારણનું પણ કારણ શુદ્ધ આહાર છે. જેમ વસ્ત્રનું કારણ તંતુ છે, તંતુનું કારણ પક્ષ્મ છે, તેમ મોક્ષના કારણ જ્ઞાનાદિ ત્રિકનું કારણ આહાર છે.***

● **વિવેચન-૮૪,૮૫ :-**

મુમુક્ષુને નિર્વાણ જ માત્ર કર્તવ્ય છે. બાકી સર્વે તુચ્છ છે. નિર્વાણનું કારણ જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. - x - નિર્વાણના કારણરૂપ જ્ઞાનાદિનું કારણ આઠ સ્થાને શુદ્ધ એવો આહાર છે. આહાર વિના ધર્મ માટે શરીરની સ્થિતિ અસંભવ છે. ઉદ્‌ગમાદિ દોષ વડે દૂષિત આહાર ચારિત્રનાશક છે. હવે દૃષ્ટાંતથી આ જ વાત કરે છે — જેમાં વસ્ત્ર, તંતુ, રૂના દૃષ્ટાંત વડે સિદ્ધ કરે છે કે નિર્વાણનું કારણ જ્ઞાનાદિ અને તેનું કારણ આહાર છે.

હવે જ્ઞાનાદિકનું મોક્ષકારણત્વ સદૃષ્ટાંત જણાવે છે —

● **મૂલ-૮૬ :-**

***જેમ ન હણાયેલ અને પરિપૂર્ણ સામગ્રીવાળું કારણ અવશ્ય કાર્યને સાધે, તેમ પરિપૂર્ણ જ્ઞાનાદિ મોક્ષ સાધવામાં સમર્થ છે.***

● **વિવેચન-૮૬ :-**

જેમ બીજ આદિરૂપ કારણ અગ્નિ આદિથી વિનાશ પામ્યું ન હોય અને અવિકલ હોય તો અવશ્ય અંકુરાદિરૂપ કાર્યને ઉત્પન્ન કરે, એમ જ જ્ઞાનાદિ પણ અવિકલ અને વિનાશ પામેલા ન હોય તો તે અવશ્ય મોક્ષરૂપ કાર્યને સાધનાર થાય છે. તે આ રીતે — સંસારનો નાશ તે મોક્ષ. સંસારનું કારણ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, જ્ઞાનાદિ દેના પ્રતિપક્ષરૂપ છે. જ્ઞાનાદિના સેવનથી મિથ્યાત્વાદિથી ઉત્પન્ન કર્મ અવશ્ય નાશ પામે છે. માત્ર આ જ્ઞાનાદિ પરિપૂર્ણ અને અનુપહત હોવા જોઈએ. ચારિત્રનું અનુપહતપણું ઉદ્‌ગમાદિ દોષ રહિત શુદ્ધ આહારથી થાય છે. આઠ સ્થાનોથી શુદ્ધ આહાર સાધુ ગ્રહણ કરે. તેથી અહીં આહાર પિંડનો અધિકાર છે. આ પ્રમાણે પિંડ કહ્યો. હવે 'એષણા' કહેવી જોઈએ —



● **મૂલ-૮૭,૮૮ :-**

***એ રીતે સંક્ષેપથી એકઠા મળેલા અર્થવાળો પિંડ કહ્યો. હવે પછી સ્ફૂટ, વિકટ અને પ્રગટ અર્થવાળી એષણાને હું કહીશ... આ એષણાના એકાર્થિક પર્યાયો આ પ્રમાણે છે — એષણા, ગવેષણા, માર્ગણા, ઉદ્‌ગોપના.***

● **વિવેચન-૮૭,૮૮ :-**

આ રીતે સંક્ષેપથી - સામાન્યપણાથી એક સ્થાને સ્થાપન કર્યો છે અર્થ - અભિધેય જેનો તે તથારૂપનો પિંડ મેં કહ્યો. હવે એષણાને કહેનારા ગાથા શ્રેણિને સ્ફૂટ - નિર્મળ, પણ તાત્પર્ય ન સમજવાથી મલિન નહીં એવો સૂક્ષ્મ મતિવાળા જાણી શકે તેથી દુર્ભેદ તથા વિશેષ રચનાના વિશેષ થકી જે સુખે કરીને જાણી શકાય તેવો - x - x - પ્રગટ કહેવાય છે, એવા પ્રકારનો અર્થ જેનો છે તેવી એષણાને હું કહીશ. તેમાં સુખબોધાર્થે એકાર્થિક પર્યાયો કહે છે — જેમાં एषणा - ઈચ્છા, गवेषणा - અન્વેષણા ઈત્યાદિ

એકાર્થિક નામો કહીને હવે ભેદોને કહે છે —

● **મૂલ-૮૯ :-**

***એષણા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને વિશે જાણવી. તેમાં દ્રવ્ય અને ભાવના વિષયવાળી પ્રત્યેક એષણા ત્રણ-ત્રણ પ્રકારે જાણવી.***

● **વિવેચન-૮૯ :-**

એષણા ચાર ભેદે — નામૈષણા, સ્થાપનૈષણા, દ્રવ્યૈષણા, ભાવૈષણા. નામૈષણા - એષણા એવું નામ કોઈ જીવ કે અજીવનું કરાય તે નામ અને નામવાળાના અભેદોપચારથી "નામૈષણા" કહેવાય. સ્થાપનૈષણા - એષણાવાળા સાધુ આદિની સ્થાપના, અહીં એષણા સાધુ આદિથી ભિન્ન નથી, તેથી ઉપચારથી સાધુ વગેરે જ 'એષણા' કહેવાય છે. દ્રવ્યૈષણા બે ભેદે — આગમથી, નોઆગમથી. એષણા શબ્દના અર્થને જાણે પણ તેમાં ઉપયોગવંત ન હોય તે આગમથી દ્રવ્યૈષણા. નોઆગમથી દ્રવ્યૈષણા ત્રણ ભેદે — જ્ઞશરીર૦ ભવ્યશરીર૦ તદ્‌વ્યતિરિક્ત.

'એષણા' શબ્દના અર્થને જાણનારનું જે શરીર જીવરહિત થઈને રહેલ હોય તે ભૂતકાલીન ભાવપણાથી જ્ઞશરીરદ્રવ્યૈષણા. જે બાળક હાલ તેના અર્થને જાણતો

નથી પણ ભાવિમાં જાણશે તે ભવ્યશરીર દ્રવ્યૈષણા. તદ્‌વ્યતિરિક્ત તે સચિત્તાદિ દ્રવ્યના વિષયવાળી છે.

ભાવૈષણા પણ બે ભેદે — આગમથી અને નોઆગમથી. એષણાના અર્થને જાણે અને તેમાં ઉપયોગવંત તે આગમથી ભાવૈષણા. નોઆગમથી ગવેષણા આદિ ભેદથી ત્રણ પ્રકારે છે. આમાં નામાદિ એષણા સુજ્ઞાત છે, તેથી નોઆગમથી દ્રવ્યૈષણા અને નોઆગમથી ભાવૈષણાની વ્યાખ્યા કરવાને કહે છે —

દ્રવ્યના વિષયવાળી અને ભાવના વિષયવાળી તે પ્રત્યેકને ત્રણ પ્રકારે જાણવી. દ્રવ્યમાં સચિત્તાદિ ત્રણ ભેદ, ભાવમાં ગવેષણાદિ ત્રણ ભેદ છે સચિત્ત દ્રવ્યૈષણાના ત્રણ ભેદ — દ્વિપદ, ચતુષ્પદ અને અપદવિષયક. તે આ —

● **મૂલ-૯૦,૯૧ :-**

***કોઈ પુત્રના જન્મને ઈચ્છે છે, કોઈક નાસી ગયેલ પુત્રને શોધે છે, કોઈ પગલાથી શત્રુને શોધે છે, કોઈ તે શત્રુના મૃત્યુને કહેવા ઈચ્છે છે.***

***એ પ્રમાણે બાકીના ચતુષ્પદ, અપદ, અચિત્ત અને મિશ્રને વિશે જે એષણા જે સ્થાને યોગ્ય હોય, ત્યાં તેને જોડવી.***

● **વિવેચન-૯૦,૯૧ :-**

જો કે પૂર્વે એષણાદિ ચારે નામો એકાર્થક કહ્યા છે, તો પણ કોઈક પ્રકારે તેનો અર્થ ભેદ છે. एषणा - માત્ર ઈચ્છા. गवेषणा - પરસ્પર પણ અર્થનો ભેદ નિયત છે, તે આ રીતે — અપ્રાપ્ત પદાર્થની ચોતરફ પરિભાવના. मार्गणा - નિપુણ બુદ્ધિ વડે શોધવું. उद्‌गोपन - કહેવા ઈચ્છેલા પદાર્થને લોકમાં પ્રકાશ કરવાની ઈચ્છા. તેના અનુક્રમે ઉદાહરણો આ છે —

એક પુત્રના જન્મને ઈચ્છે છે, આ એષણાનું ઉદાહરણ કહ્યું. બીજો કોઈ નાસી ગયેલા પુત્રની ગવેષણા - શોધ કરે છે, આ ગવેષણાનું ઉદાહરણ કહ્યું. ત્રીજો કોઈ ઘણી ધૂળવાળી પૃથ્વી ઉપર પડેલાં પગલાં મુજબ શત્રુને શોધે છે, આ માર્ગણાનું ઉદાહરણ છે. ચોથો કોઈ શત્રુના મૃત્યુ-મરણને સર્વજન સમક્ષ કહેવાને ઈચ્છે છે, આ ઉદ્‌ગોપનનું ઉદાહરણ કહ્યું.

આ દ્વિપદની જેમ જ બાકીના ચતુષ્પદ - ગાય વગેરે, અપદ-બીજોરુ આદિ, અચિત્ત - રૂપિયા આદિ, મિશ્ર - કડા, બાજુ બંધાદિ અલંકાર વડે વિભૂષિત પુત્રાદિને વિશે જ્યાં જે એષણા, ગવેષણા, માર્ગણાદિ ઘટી શકે તેને પૂર્વોક્ત ગાથાનુસાર જોડવા. જેમકે — કોઈ દુધ માટે ગાયને ઈચ્છે છે, કોઈ નાસી ગયેલી ગાયને શોધે છે ઈત્યાદિ - x - x -

દ્રવ્ય એષણા કહી, હવે ત્રણ પ્રકારની ભાવ એષણા કહે છે —

● **મૂલ-૯૨,૯૩ :-**

***વીતરાગે ત્રણ પ્રકારે ભાવૈષણા કહી છે — ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણા. આ જ અનુક્રમ કેમ કહ્યો ? - ગવેષણા ન કરેલ પિંડાદિનું ગ્રહણ***





***ન હોઈ શકે, ગ્રહણ ન કરેલાનો પરિભોગ ન હોઈ શકે, તેથી ત્રણ એષણાની આ આનુપૂર્વી જાણવી.***

● **વિવેચન-૯૨,૯૩ :-**

ભાવ - જ્ઞાનાદિરૂપ પરિણામ વિશેષ, તદ્‌વિષયક એષણા તે ભાવૈષણા. જે રીતે જ્ઞાનાદિ ત્રણેનો એક દેશ થકી કે સમૂલઘાત ન થાય તેમ પિંડાદિની એષણા કરવી. તે પણ અનુક્રમે ત્રણ પ્રકારે કહી — ગવેષણૈષણા, ગ્રહણૈષણા, ગ્રાસૈષણા.

શેષ વૃત્તિ કથન ગાથાર્થ મુજબ જાણવું.

● **મૂલ-૯૪ થી ૯૯ :-**

***નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને વિશે ગવેષણા જાણવી. તેમાં દ્રવ્યને વિશે મૃગ અને હસ્તી જાણવા. ભાવમાં ઉદ્‌ગમ અને ઉત્પાદના જાણવા. દ્રવ્યમાં કુરંગ [મૃગ]નું દૃષ્ટાંત ત્રણ ગાથા વડે કહે છે, જે વૃત્તિમાં કથાનક થકી આપેલ છે અને હાથીનું દૃષ્ટાંત બીજી બે ગાથા વડે કહે છે, જે વૃત્તિથી જાણવું.***

● **વિવેચન-૯૪ થી ૯૯ :-**

નામ ગવેષણા અને સ્થાપના ગવેષણા એ બે એષણાની જેમ સવિસ્તર પોતાની મેળે જ જાણી લેવી. દ્રવ્ય વિષયક ગવેષણા આગમથી અને નોઆગમથી એમ બે ભેદે છે. ગવેષણા શબ્દના અર્થને જાણે પણ તેમાં ઉપયોગવાળો ન હોય તે આગમથી દ્રવ્ય ગવેષણા. નોઆગમથી દ્રવ્ય ગવેષણા ત્રણ પ્રકારે — જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્‌વ્યતિરિક્ત. આ તદ્‌વ્યતિરિક્ત ગવેષણા સચિત્તાદિ દ્રવ્યના વિષયવાળી છે. તેમાં કુરંગ [મૃગ] અને ગજ-હાથીનું ઉદાહરણ છે. તે દૃષ્ટાંતને કહે છે —

ક્ષિતિપ્રતિષ્ઠિત નગર હતું. જિતશત્રુ રાજા અને સુદર્શના રાણી હતા. તેણી ગર્ભિણી હતી. તેણીને મૃગનું માંસ ખાવાનો દોહદ થયો. તે જાણીને રાજાએ કનકપૃષ્ઠ મૃગોને લાવવા પોતાના પુરુષોને મોકલ્યા. તે પુરુષોએ વિચાર્યુ કે — કનકપૃષ્ઠ મૃગોને શ્રીપર્ણીના ફળો અતિ પ્રિય છે, તે ફળો આ સમયે હોતા નથી. તેથી તે ફળ જેવા લાડવા બનાવી શ્રીપર્ણીવૃક્ષ નીચે ઢગલા કરીએ, નીકટમાં પાશ-ફાંસા સ્થાપીએ. એ પ્રમાણે કર્યુ. કનકપૃષ્ઠ મૃગો પોતાના યૂથપતિ સાથે સ્વેચ્છાએ ત્યાં આવ્યા. તે જોઈને યૂથાધિપતિએ મૃગોને કહ્યું — તમને બાંધવા માટે કોઈ ધૂતારાએ આ કપટ કરેલ છે. કેમકે — હાલમાં શ્રીપર્ણી ફળો સંભવતા નથી, કદાચ સંભવે તો આવા ઢગલાના આકારે તો ન જ હોય. કદાચ તેવા વાયુના સંબંધથી આ ઢગલાં થયા હોય તો તે પણ ખોટું છે કેમકે વાયુ તો પહેલાં પણ વાતા જ હતા. પણ કદાપિ આ પ્રમાણે ઢગલા થયા નથી. તેથી આપણને બાંધવા કોઈએ આ કપટ કરેલ છે, તો તેની પાસે તમે જશો નહીં.

યૂથાધિપતિના વચનને જેમણે સ્વીકાર્યુ તેઓ દીર્ઘાયુષ્ક થઈ વનમાં સ્વૈરવિહારી થઈ સુખને પામ્યા. જેઓએ આહારના લંપટત્વથી તેમનું વચન ન સ્વીકાર્યુ તેઓ પાશ બંધનાદિથી દુઃખ ભોગવનાર થયા.

અહીં શ્રીપર્ણી જેવા લાડવા વિશે યૂથાધિપતિએ સદોષ કે નિર્દોષપણાને વિચાર્યુ તે દ્રવ્ય ગવેષણા જાણવી. અહીં યૂથાધિપતિને સ્થાને આચાર્ય અને મૃગસમૂહને સ્થાને સાધુઓ જાણવા. જે ગુરુની આજ્ઞાથી આધાકર્માદિ દોષ વડે દૂષિત આહારનો ત્યાગ કરે છે, તે પ્રશસ્ત મૃગ જેવા જાણવા. જેઓ આહાર લંપટપણાથી ગુરુ આજ્ઞા ન માનીને આધાકર્માદિ પરિભોગ કરનારા થયા તે અપ્રશસ્તમૃગ સમાન જાણવા.

હરંત નામે ગામ હતું. આગમાનુસારી વિચરણ કરતાં સમિત નામે આચાર્ય ત્યાં આવ્યા. ત્યાં જિનદત્ત શ્રાવક હતો. જિનાગમ અને સાધુ ભક્તિને માટે તન્મય ચિત્ત અને દાન દેવામાં નિપુણ હતો. કોઈ દિવસે તેણે સાધુ નિમિત્તે આધાકર્મ દોષવાળું ભોજન કરાવ્યું. તે વાત આચાર્યએ જાણી. તેથી તેમણે તેના ઘેર પ્રવેશતા સાધુને નિવાર્યા. જે સાધુએ ગુરુવચનને અંગીકાર કર્યુ. તેઓ આધાકર્મના પરિભોગથી થતાં પાપકર્મથી ન બંધાયા અને ગુરુ આજ્ઞા પાલક થયા, તેથી સંયમપાલનના શુદ્ધ અને શુદ્ધતર ભાવ પરિણામથી મુક્તિના સુખને ભજનારા થયા. જેમણે આહાર લંપટત્વથી દોષોની અવગણના કરી, આધાકર્મમાં પ્રવૃત્ત થયા. તે આધામકર્મ પરિભોગના દોષ અને ગુર્વાજ્ઞા ભંગથી દીર્ઘ સંસાર ભજનારા થયા.

૦ હાથીનું દૃષ્ટાંત :- રાજાને વિચાર આવ્યો કે મારે હાથી ગ્રહણ કરવા છે ગ્રીષ્મઋતુમાં પુરુષો મોકલ્યા. તેઓએ રેંટ વડે મોટા સરોવરોને ભર્યા. અત્યંત જળને લીધે ઘણાં નળના વનો ઉગ્યા. આનંદનગરના આ રાજા રિપુમર્દન કે જેની ધારિણી રાણી હતી, તેને હાથીના સમૂહથી વ્યાપ્ત વિંધાચળ નામને નીકટ રહેલા વનમાંથી હાથી પકડવા આ કપટ કરેલું હતું. યૂથાધિપતિ હાથી તેના સમૂહ સાથે ત્યાં આવ્યો. તેણે નળ વનને જોઈને હાથીઓને કહ્યું કે — આ નળના વનો સ્વાભાવિક ઉગેલા નથી, પણ આપણને બાંધવા કોઈ ધૂર્તે કપટ કરેલ છે. કેમકે આવા નળના વનો અને આ ભરેલા સરોવરો વર્ષાઋતુમાં જ સંભવે છે, હાલ ગ્રીષ્મઋતુ ચાલે છે માટે સંભવતા નથી. વળી વિંધાચળના ઝરણાના પ્રવાહથી પણ આ સરોવરો ન ભરાય કેમકે ઝરણા તો પહેલાં પણ વહેતાં જ હતા. માટે ત્યાં જશો નહીં.

જેઓએ તે વચન માન્યું તે દીર્ઘકાળ વનમાં સ્વેચ્છાથી ફરનાર અને સુખને ભજનારા થયા. જેઓ આ વચન ન માન્યા તે બંધનાદિ દુઃખોને ભોગવનારા થયા. અહીં પણ યૂથાધિપતિ હાથીને ‘નળવન’ સદોષ છે કે નિર્દોષ એ વિચાર થયો તે દ્રવ્ય ગવેષણા જાણી. નિષ્કર્ષ પૂર્વવત્ કહેવો.

૦ હવે ભાવ ગવેષણા કહે છે. તે ઉદ્‌ગમ અશુદ્ધ આહાર વિષયક છે તેમાં પહેલાં ઉદ્‌ગમના એક અર્થવાળા નામો અને ભેદોને કહે છે —

**● મૂલ-૧૦૦ થી ૧૦૫ :-**

*[૧૦૦] ઉદ્‌ગમ, ઉદ્‌ગોપના અને માર્ગણા એ એકાર્થિક શબ્દો છે. વળી તે ઉદ્‌ગમ પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારે છે.*

*[૧૦૧] નોઆગમથી ભાવોદ્‌ગમમાં - લાડુ આદિ દ્રવ્યવિષયક ઉદ્‌ગમ*



*જાણવો. તથા ભાવમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર વિષયક ઉદ્‌ગમ જાણવો. અહીં ચારિત્ર ઉદ્‌ગમ વડે પ્રયોજન છે.*

*[૧૦૨] જ્યોતિષ્ ઉદગમાદિ દ્રવ્યોદ્‌ગમ — જ્યોતિષ્, તૃણ, ઔષધિ, મેઘ, કર્જ [ઋણ], રાજકર એ સર્વેનો ઉદ્‌ગમ દ્રવ્ય વિષયવાળો છે. તે દ્રવ્યોદ્‌ગમ જેનાથી જે કાળે, જે પ્રકારે યોગ્ય છે તે કહેવા લાયક છે.*

*[૧૦૩ થી ૧૦૫] લડુકપ્રિય કુમારની કથા છે, વિવેચનમાં જોવી.*

**● વિવેચન-૧૦૦ થી ૧૦૫ :-**

[૧૦૦] ઉદ્‌ગમ ચાર પ્રકારે — (૧) નામોદ્‌ગમ - જીવ કે અજીવનું ઉદ્‌ગમ એવું જે નામ, તે નામ અને નામવાળાના અભેદ ઉપચારથી નામોદ્‌ગમ કહે છે. સ્થાપના કરાતો જે ઉદ્‌ગમ તે સ્થાપનોદ્‌ગમ કહેવાય. તથા દ્રવ્ય વિષયક તે દ્રવ્યોદ્‌ગમ, ભાવ વિષયક તે ભવોદ્‌ગમ કહેવાય. તેમાં દ્રવ્યોદ્‌ગમ બે ભેદે છે - આગમથી, નોઆગમથી. નોઆગમથી પણ ત્રણ ભેદે — જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્‌વ્યતિરિક્ત. હવે તદ્‌વ્યતિરિક્ત દ્રવ્યોદ્‌ગમ અને નોઆગમથી ભાવોદ્‌ગમને કહે છે —

[૧૦૧] દ્રવ્ય વિષયક ઉદ્‌ગમ લાડુ સંબંધી જાણવો. आदि શબ્દથી જ્યોતિષ્ વગેરેનું ગ્રહણ કર્યુ. ભાવ વિષયક ઉદ્‌ગમ ત્રણ પ્રકારે જાણવો — દર્શન વિષયક, જ્ઞાન વિષયક, ચારિત્ર વિષયક. તેમાં અહીં ચારિત્ર ઉદ્‌ગમનું પ્રયોજન છે. કેમકે મોક્ષનું પ્રધાન અંગ ચારિત્ર છે. કેમકે ચારિત્ર વિના કર્મમળ દૂર ન થાય. તથા સ્વરૂપે ચારિત્રમાં નવા કર્મના ઉપાદાનનો નિષેધ અને પૂર્વબદ્ધ કર્મનો નાશ કરવાના સ્વરૂપવાળું છે. માટે તેનું પ્રયોજન છે.

[૧૦૨] જ્યોતિષ્ - ચંદ્ર, સૂર્યાદિ. તૃણ - ડાભ, ઘાસ. ઔષધિ - શાલિ આદિ ધાન્ય, ऋण - કરજ, कर - રાજાને દેવાનો ભાગ. ઉપલક્ષણથી આવા બીજા દ્રવ્યોનો ઉદ્‌ગમ પણ દ્રવ્ય વિષયક જાણવો. તેમાં જ્યોતિષ્ અને મેઘનો ઉદ્‌ગમ આકાશ થકી છે. તૃણ અને ઔષધિનો ભૂમિ થકી છે. ઋણનો વેપાર થકી, કરતો ઉદ્‌ગમ રાજા થકી છે. વળી જ્યોતિષ્‌માં સૂર્યનો ઉદ્‌ગમ પ્રાતઃકાળે છે, તૃણાદિનો ઉદ્‌ગમ પ્રાયઃ શ્રાવણાદિ માસમાં હોય. જ્યોતિષ્ અને મેઘનો ઉદ્‌ગમ પ્રસરવા વડે છે. તૃણ અને ઔષધિનો ઉદ્‌ગમ ભૂમિ ફોડીને બહાર નીકળવા વડે, ઋણનો ઉદ્‌ગમ વ્યાજ વધવાથી છે ઈત્યાદિ - x -

[૧૦૩ થી ૧૦૫] લાડુપ્રિય કુમારનું દૃષ્ટાંત —

સ્થલક નામે નગર હતું ત્યાં ભાનુ નામે રાજા હતો. રુકિમણી તેની પત્ની હતી. તેમને સુરૂપ નામે પુત્ર હતો. તે પાંચ ધાત્રી વડે પાલન કરાતો પહેલા દેવલોકના કુમાર તેમ ઉછેરાતો, અનેક સ્વજનના હૃદયને આનંદ પમાડતો કુમારપણાને પામ્યો. યુવાન થયો. તેને સ્વભાવથી જ લાડુ પ્રિય હોવાને લીધે તેનું ‘લાડુપ્રિય’ નામ પ્રસિદ્ધ થયું. કોઈ દિવસે તે પ્રાતઃકાળે સભામાં આવ્યો. મનોહર સ્ત્રીઓના ગીત, નૃત્યાદિ જોવામાં પ્રવર્ત્યો. ભોજન નિમિત્તે માતાએ તેને લાડુ મોકલ્યા, પરિવાર સહિત સ્વ

ઈચ્છાનુસાર તેણે લાડુ ખાધા.

તે લાડુ તેને અનિદ્રાદિ કારણે પચ્યા નહીં. અજીર્ણના દોષથી તેનો અધો વાયુ અતિ અશુચિગંધવાળો નીકળ્યો. તે ગંધપુદ્ગલો તેની નાસિકામાં પ્રવેશ્યા. તેવી અશુચિ ગંધથી તે વિચારે છે કે – આ લાડુ ગોળ ઘી અને લોટ આદિના બનેલા છે. શુચિ દ્રવ્ય ઉત્પન્ન છે. પણ આ દેહ માતાનું લોહી અને પિતાના વીર્યરૂપ બે મળથી ઉત્પન્ન થયેલ હોવાથી અશુચિ છે, તેના સંબંધથી આ મોદક અશુચિ થયા છે. કપૂરાદિ સ્વાભાવિક સુગંધી પદાર્થો પણ દેહના સંબંધથી દુર્ગંધવાળા થઈ જાય છે. આ રીતે અશુચિરૂપ અનેક સેંકડો અપાયોથી વ્યાપ્ત એવા આ શરીરને માટે જે ગૃહવાસને પામીને નરકાદિ કુગતિમાં પડનારા પાપકર્મો સેવે છે, તેઓ ચેતના સહિત છે તો પણ મોહમય નિદ્રા વડે તેમનું વિવેકરૂપી ચેતન હણાયેલ છે. તેમનું શાસ્ત્રાદિ જ્ઞાન પણ પરમાર્થથી શરીરનો પરિશ્રમ જ છે. અથવા પાપાનુબંધિતાથી અશુભને જ કરનારું છે. તે જ જ્ઞાન વિદ્વાનોને યથાવસ્થિત પદાર્થનું વિવેચન કરી હેય અને ઉપાદેયમાં ઉપયોગી હોવાથી પ્રશસ્ત કહ્યું છે.

જે વિદ્વતા સમગ્ર જન્મના અભ્યાસની પ્રવૃત્તિથી મહામુશ્કેલીથી પરિપાક પામી હોય, તે પણ તથા પ્રકારના પાપકર્મોદયથી એકાંત અશુચિ એવા સ્ત્રીઓના મુખ, જઘન, સ્તનાદિના વર્ણન કરનારી હોય તો તે વિદ્વતા આ ભવમાં શરીરપરિશ્રમરૂપ ફળ અને પરભવમાં કુગતિનું કારણ બને છે.

હું તેમને નમસ્કાર કરું છું જે તત્ત્વજ્ઞ છે, સમ્યક્ શાસ્ત્રાભ્યાસી છે, સમગ્ર કર્મના નાશ માટે યત્નશીલ છે. તેઓએ આચરેલા માર્ગને હવે હું આચરું છું. આવું વિચારતા તેને વૈરાગ્યથી સમ્યગ્દર્શનાદિનો ઉદ્ગમ થયો પછી કેવળજ્ઞાનનો ઉદ્ગમ થયો. આ રીતે અહીં શુદ્ધ એવા ચારિત્રના ઉદ્ગમ વડે પ્રયોજન છે. - x - x -

ચારિત્ર શુદ્ધિનું કારણ બે ભેદે છે – બાહ્ય અને અભ્યંતર. બંને પ્રકારના કારણોને કહે છે –

**● મૂલ-૧૦૬ :-**

***ચારિત્ર, દર્શન અને જ્ઞાનથી ઉદ્ભવે છે. દર્શન અને જ્ઞાનની શુદ્ધિથી ચારિત્રની શુદ્ધિ થાય છે. ચારિત્રથી કર્મની, ઉદ્ગમથી ચારિત્રની શુદ્ધિ થાય.***

**● વિવેચન-૧૦૬ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ પ્રમાણે – સાધુએ સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્દર્શનને વિશે યત્ન કરવો. યત્ન એટલે નિરંતર સદ્ગુરુના ચરણકમળ સેવી સર્વજ્ઞ મતને અનુસરતા આગમ શાસ્ત્રાદિનો અભ્યાસ કરવો. આમ કહીને ચારિત્રની શુદ્ધિનું અભ્યંતર કારણ કહ્યું. - x - x - તેથી મોક્ષના અર્થી વડે ચારિત્રશુદ્ધિની અપેક્ષા કરાય છે. - x - ઉદ્ગમની શુદ્ધિથી પણ ચારિત્રની શુદ્ધિ થાય છે. આ કહેવા વડે બાહ્ય કારણ કહ્યું. તેથી ચારિત્ર-શુદ્ધિ માટે સમ્યગ્ દર્શન-જ્ઞાનવાળાએ અવશ્ય ઉદ્ગમના દોષથી શુદ્ધ એવો આહાર ગ્રહણ કરવો. તે ઉદ્ગમના દોષ સોળ



છે, તે આ –

**● મૂલ-૧૦૭,૧૦૮ :-**

***આદાકર્મ, ઔદ્દેશિક, પૂતિકર્મ, મિશ્રજાત, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, અપમિત્ય, પરિવર્તિત, અભ્યાહત, ઉદ્ભિન્ન, માલોપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અધ્યવપૂરક. આ ૧૬-દોષો ઉદ્ગમના છે.***

**● વિવેચન-૧૦૭,૧૦૮ :-**

–૦– (૧) આધાકર્મ - સાધુના નિમિત્તે અમુક ભોજનાદિ ક્રિયાર્થે ચિત્તનું પ્રણિધાન. તે ક્રિયાના યોગથી ભોજનાદિ પણ આધાકર્મ કહેવાય. અથવા આધાય - સાધુને મનમાં ધારીને જે ભોજનાદિ કરાય તે આધાકર્મ છે.

–૦– (૨) ઔદ્દેશિક - જેટલાં યાચકો હોય, તે સર્વે તે ચિત્તમાં રાખીને કરાયેલ.

–૦– (૩) પૂતિકર્મ - શુદ્ધ ભોજનાદિને અવિશુદ્ધ કોટિવાળા ભોજનાદિ અવયવની સાથે સંપર્ક થતાં પૂતિરૂપ - દોષ મિશ્ર ભોજનાદિનું કર્મ તે પૂતિકર્મ.

–૦– (૪) મિશ્રજાત - કુટુંબ અને સાધુ બંનેના મળવારૂપ મિશ્રભાવથી થયેલ.

–૦– (૫) સ્થાપના - સાધુ નિમિત્તે કે સાધુને આપવાની બુદ્ધિથી ભોજનાદિ રાખવા.

–૦– (૬) પ્રાભૃતિકા - ઈષ્ટજન કે પૂજ્યને બહુમાનપૂર્વક ઈચ્છિત વસ્તુ અપાય તે પ્રાભૃત. પ્રાભૃત જેવું - સાધુઓને ભિક્ષાદિ દેવાની વસ્તુ તે પ્રાભૃતિકા. અથવા પ્રકર્ષે કરીને સાધુને દાન આપવારૂપ મર્યાદા વડે નીપજાવેલ ભિક્ષા.

–૦– (૭) પ્રાદુષ્કરણ - સાધુ નિમિત્તે મણિ આદિ સ્થાપીને કે ભીંત વગેરે દૂર કરવા વડે દેય વસ્તુને પ્રગટ કરવી, તેના યોગે ભોજનાદિ પણ તે જ કહેવાય.

–૦– (૮) ક્રીત - સાધુને માટે મૂલ્ય આપીને ખરીદી કરેલ હોય તે.

–૦– (૯) પ્રામિત્ય - સાધુને માટે ઉછીનું ગ્રહણ કરાય તે.

–૦– (૧૦) પરિવર્તિત - સાધુને નિમિત્તે જે પરાવર્તન - બદલો કરાય તે.

–૦– (૧૧) અભિહૃત - સાધુને માટે અન્ય સ્થાનેથી લાવેલ હોય તે.

–૦– (૧૨) ઉદ્ભિન્ન - છાણ આદિથી ઢાંકેલ કુડલાદિના મુખ ઉઘાડીને દેવું તે.

–૦– (૧૩) માલોપહૃત - માંચા કે મેડી ઉપરથી સાધુને માટે ઉતારેલ.

–૦– (૧૪) અનિસૃષ્ટ - સર્વ સ્વામીએ સાધુને આપવાની સંમતિ ન આપી હોય તેવું.

–૦– (૧૫) આચ્છેદ્ય - ન ઈચ્છતા નોકરાદિ પાસેથી સાધુને દેવા માટે લઈ લેવાય.

–૦– (૧૬) અધ્યવપૂરક - અધિકપણાથી, પોતાના માટે રાંધવા મૂકેલ

ઓદનાદિમાં સાધુનું આગમન જાણીને તેમને માટે વધારે ઉમેરવું.

હવે પહેલાં આધાકર્મ દોષને કહેવા માટેની દ્વાર ગાથા —

● **મૂલ-૧૦૯ થી ૧૧૨ :-**

***[૧૦૯] આધાકર્મના એકાર્થક નામો કહેવા, પછી કોના માટે ? પછી શું ? પછી પરપક્ષ, પછી સ્વપક્ષ, ગ્રહણ કરવાના ચાર ભેદ, આજ્ઞાભંગાદિ કહેવા. [૧૧૦] આધાકર્મ, અધઃકર્મ, આત્મઘ્ન, આત્મકર્મ, પ્રતિસેવન, પ્રતિશ્રવણ, સંવાસ અને અનુમોદના એ એકાર્થિક નામો છે. [૧૧૧] તદ્‌વ્યતિરિક્ત દ્રવ્ય આધા — ધનુષ્, યૂપ, કાવડ, ભારની આધા (આધાર) સ્કંધાદિક છે, કુટુંબ અને રાજ્યની ચિંતા વગેરેની આધા હૃદય છે. અંતકમાં ધનુષ્‌ની આધા છે. [૧૧૨] ઔદારિક શરીરનું અપદ્રાવણ અને ત્રિપાતન જેને માટે મનની પ્રવૃત્તિપૂર્વક કરાય છે, તે આધાકર્મ કહેવાય છે.***

● **વિવેચન-૧૦૯ થી ૧૧૨ :-**

[૧૦૯] પહેલાં આધાકર્મિકનાં એક અર્થવાળા નામો કહેવા. પછી કોના માટે કરેલું ભોજનાદિ આધાકર્મ થાય છે ? પછી આધાકર્મનું સ્વરૂપ શું છે ? ગૃહસ્થ લોકો અને સાધુ આદિનો સમૂહ, તેમાં ગૃહસ્થ નિમિત્તે કરેલ ભોજનાદિ આધાકર્મ થતાં નથી. આધાકર્મ ગ્રહણ કરવામાં અતિક્રમાદિ ચાર પ્રકાર છે, તે કહેવા. તથા તે ગ્રહણ કરવામાં આજ્ઞાભંગાદિ દોષ થાય.

[૧૧૦] આધાકર્મના પર્યાય નામોમાં :- अधःकर्म - અધોગતિના કારણ રૂપ જે કર્મ તે અધઃકર્મ, કેમકે આધાકર્મ ભોગવનારા સાધુઓની અધોગતિ થાય છે, કેમકે અધોગતિના કારણરૂપ પ્રાણાતિપાતાદિ આશ્રવો आत्मघ्न - દુર્ગતિમાં પડવાના કારણપણે જે આત્માને હણે તે. आत्मकर्म - પાચક આદિ સંબંધવાળું જે કર્મ અથવા જ્ઞાનાવરણીયાદિ કર્મ, જેના વડે સંબદ્ધ કરાય તે. અભેદ વિવક્ષાથી આ પણ કહે છે - पडिसेवण - વારંવાર કરાય તે પ્રતિસેવન. प्रतिश्रवण - આધાકર્મનો સ્વીકાર કરાય તે. संवास - આધાકર્મ ભોગવનારની સાથે જે વસવું તે, સંવાસથી શુદ્ધ આહાર ભોગવનાર પણ આધાકર્મ ભોગવનારની સાથે જે વસવું તે, સંવાસથી શુદ્ધ આહાર ભોગવનાર પણ આધાકર્મભોજી જાણવો કેમકે ત્યાં અનુમતિ દોષ છે. વળી આધાકર્મીની સુંદર ગંધાદિથી ક્યારેક તેમાં પ્રવર્તન પણ થાય. अनुमोदन - આધાકર્મી ભોજનની પ્રશંસા, તે પણ આધાકર્મની પ્રવૃત્તિનું કારણ છે. આ પ્રતિસેવનાદિ આધાકર્મત્વ આત્મકર્મરૂપ નામને આશ્રીને જાણવું.

આધા નામાદિ ભેદ વડે ચાર પ્રકારે છે - નામ આધા૦ ઈત્યાદિ. નામ આધાદિ એષણા પ્રમાણે જાણવા. તદ્‌વ્યતિરિક્ત દ્રવ્યાધા. આ રીતે —

[૧૧૧] દ્રવ્યાધામાં આધા શબ્દ અધિકરણ પ્રધાન છે. જેના વિશે સ્થાપન કરાય તે આધા. આધા, આશ્રય, આધાર સર્વે એકાર્થક છે. ધનુષ્ તે પ્રત્યંચાની આધા છે. યૂપ-સ્તંભ, ધુંસરું પ્રસિદ્ધ છે. કાવડ - પુરુષો પોતાના ખંભે ધારણ કરીને



જેના વડે જળ વહન કરે છે. ભર-ઘાસ આદિનો સમૂહ. કુટુંબ - સ્ત્રી, પુત્રાદિનો સમુદાય ઈત્યાદિ. આ બધામાં દ્રવ્યાધા - દ્રવ્યરૂપ આધાર અનુક્રમે સ્કંધાદિ અને હૃદય છે. જેમકે યૂપની આધા બળદ આદિનો સ્કંધ છે, કાવડની આધા મનુષ્યનો સ્કંધ છે. ભારની આધા ગાડું વગેરે છે. કુટુંબ ચિંતાની આધા હૃદય છે.

આ દ્રવ્યાધા કહી.

હવે ભાવ આધા - તે આગમથી અને નોઆગમથી બે ભેદે છે. આધા શબ્દના અર્થને જાણવામાં કુશળ અને તેમાં ઉપયોગવાળો તે આગમથી ભાવાધા કહેવાય. જ્યાં ત્યાં મનનું પ્રણિધાન હોય તે નોઆગમથી ભાવાધા કહેવાય. - x - અહીં પ્રસ્તાવથી ભાવાધા સાધુને દાન આપવાને ઓદન રાંધવા, રંધાવવાના વિષયવાળી જાણવી. તે આધા વડે થતું ઓદનપાકાદિ કર્મ તે આધાકર્મ કહેવાય છે.

તે માટે હવેની નિર્યુક્તિમાં કહે છે —

[૧૧૨] ઔદારિક શરીરવાળા તે તિર્યંચ અને મનુષ્ય બે ભેદે છે. તિર્યંચોમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી લેવા. એકેન્દ્રિયો પણ સૂક્ષ્મ અને બાદર બંને લેવા. કેમકે <u>જે પ્રાણી જે કારણથી અવિરતિ છે, તે પ્રાણી કાર્યને ન કરતો હોય તો પણ પરમાર્થથી કરતો જ જાણવો</u> તેમ ગૃહસ્થ સૂક્ષ્મ એકેન્દ્રિયના અપદ્રાવણથી નિવૃત્ત થયો નથી તેથી સાધુ માટે સમારંભ કરતો તે ગૃહસ્થ સૂક્ષ્મનું પણ અપદ્રાવણ કરનાર જાણવો. માટે સૂક્ષ્મનું પણ ગ્રહણ કરેલ છે, અથવા અહીં બાદર એકેન્દ્રિયો જ ગ્રહણ કરવા.

સાધુને માટે ઓદનાદિ સંસ્કાર કરાતા જ્યાં સુધી શાલિ વગેરે વનસ્પતિકાયાદિના પ્રાણનો અતિપાત ન થાય, ત્યાં સુધી તેને થતી બધી પીડા અપદ્રાવણ કહેવાય. જેમકે શાલિ ડાંગરને બે વખત ખાંડે ત્યાં સુધી અપદ્રાવણ અને ત્રીજી વાર ખાંડે ત્યારે અતિપાત છે. અતિપાત પૂર્વેની પીડા તે અપદ્રાવણ કહેવાય. तिपायण - કાય, વાણી, મન અથવા દેહ, આયુ, ઈન્દ્રિય તેનું પાતન-વિનાશ. - x - આ ત્રિપાતન ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યનું જાણવું. એકેન્દ્રિય માત્ર કાયનો વિનાશ હોય, શેષ જીવોને કાયા-વચનનો હોય. દેહ, આયુ, ઈન્દ્રિય અર્થ લો તો એ ત્રણનો વિનાશ સર્વે તિર્યંચ અને મનુષ્યને હોય. માત્ર જેમને જે ઘટે તેમ કહેવું. - x - x - x - x -

જે ધાન્યના જીવનું સાધુને માટે અપદ્રાવણ કરીને ગૃહસ્થ પોતાને માટે અતિપાતન કરે તે ધાન્ય સાધુને કલ્પે છે. પણ ગૃહસ્થ જેનું ત્રિપાતન પણ સાધુને માટે કરે તે સાધુને ન કલ્પે. આ રીતે ઔદારિક શરીરવાળાનું અપદ્રાવણ અને ત્રિપાતન જે કોઈ એક કે અનેક સાધુને માટે - સાધુ નિમિત્તે કરાય તે આધાકર્મ કહેવાય એમ તીર્થંકરો અને ગણધરો કહે છે.

આ જ ગાથાને ભાષ્યકારશ્રી ત્રણ ગાથા વડે કહે છે —

● **મૂલ-૧૧૩ થી ૧૧૫ :- [ભાષ્ય-૨૫ થી ૨૭]**

***ઔદારિક શરીરના ગ્રહણ વડે બધાં તિર્યંચ અને મનુષ્ય જાણવા. અથવા***

*સૂક્ષ્મને વર્જીને જાણવા. અતિપાતને વર્જીને જે પીડા તે અપદ્રાવણ જાણવું. કાય, વચન, મન એ ત્રણ અથવા દેહ, આયુ, ઈન્દ્રિય એ ત્રણ પ્રાણ જાણવા. સ્વામીત્વ, અપાદાન અને કરણમાં અતિપાત હોય છે. જે ગૃહસ્થદાતા એક કે અનેક સાધુને હૃદયમાં સ્થાપી કાયા વડે પ્રાણીવધ કરે તે આધાકર્મ છે.*

**● વિવેચન-૧૧૩ થી ૧૧૫ :-**

ગાથાર્થ કહ્યો. अपादान - પંચમી, करण - તૃતીયા વિભક્તિ.

આધાકર્મ કહ્યું, હવે અધઃકર્મ કહે છે. તે નામાદિ ચાર ભેદે છે. નોઆગમના પહેલા બે ભેદ સુધી આધાકર્મવત્ જાણવું. તદ્વ્યતિરિક્ત દ્રવ્ય આધાકર્મને નિર્યુક્તિકાર સ્વયં જણાવે છે.

**● મૂલ-૧૧૬,૧૧૭ :-**

*જળ આદિમાં નાંખેલ દ્રવ્ય ભાર વડે નીચે જાય તે કે નીસરણી આદિથી નીચે ઉતરવું તે દ્રવ્ય અધઃકર્મ છે. ભાવ અધાકર્મ તે - સંયમ સ્થાનો, કંડકો, લેશ્યા અને શુભકર્મની સ્થિતિ વિશેષના ભાવને નીચે કરે છે.*

**● વિવેચન-૧૧૬,૧૧૭ :-**

પત્થરાદિ દ્રવ્ય, જળ આદિમાં નાંખતા ભારેપણાને લીધે નીચે જાય છે, નીસરણી કે દોરડાદિથી કૂવાદિમાં ઉતરવું કે માળ આદિથી નીચે જવું તે દ્રવ્ય અધઃકર્મ છે. હવે ભાવ અધઃકર્મનો અવસર છે તે બે ભેદે - આગમથી અને નોઆગમથી. આગમથી પૂર્વવત્. નોઆગમથી ભાવ અધઃકર્મ આ રીતે —

જે કારણે આધાકર્મ ભોજી સાધુ આગળ કહેવાશે તે સંયમનાં સ્થાનો, કંડક - અસંખ્યાતા સંયમનાં સ્થાન સમુદાયરૂપ. તથા લેશ્યા, સાતા વેદનીય આદિ શુભ પ્રકૃતિ સંબંધી સ્થિતિ વિશેષ. આ બધાં સંબંધે વિશુદ્ધ અને અતિ વિશુદ્ધ સ્થાનોમાં વર્તતા પોતાના આત્માના અધ્યવસાયને નીચે કરે છે. એટલે હીન અને અતિહીન સ્થાનોને વિશે કરે છે. તે કારણે આધાકર્મ ભાવ અધઃકર્મ કહેવાય છે.

ભાષ્યકાર આ વાત ત્રણ ગાથા વડે કરે છે —

**● મૂલ-૧૧૮ થી ૧૨૦ :- [ભાષ્ય-૨૮ થી ૩૦]**

*તેમાં ચારિત્રના જે અનંત પર્યાયો છે તે સંયમસ્થાન હોય છે અને તે અસંખ્યાત સ્થાનોનો એક કંડક થાય છે. વળી અસંખ્યાતા જે કંડકો તે ષટ્સ્થાનક કહેલ છે, આવા અસંખ્યાતા જે ષટ્સ્થાનકો તે સંયમશ્રેણી જાણવી. તથા જે કૃષ્ણાદિ લેશ્યાઓ અને સર્વોત્કૃષ્ટ વિશુદ્ધ પ્રકૃતિના વિશુદ્ધ સ્થિતિ વિશેષો એ સર્વેને સાધુ આધાકર્મ-ગ્રહણથી પોતાના આત્માને આ વિશુદ્ધ સંયમ સ્થાનાદિકથી નીચે-નીચે કરે છે.*

**● વિવેચન-૧૧૮ થી ૧૨૦ :-**

દેશવિરતિના સર્વોત્કૃષ્ટ વિશુદ્ધ સ્થાનથી સર્વ વિરતિનું જઘન્ય એવું વિશુદ્ધિસ્થાન પણ અનંતગણું છે. અનંતગુણપણું 'છઠાણ વડિયા' ભાવ વિચારતી



વખતે સર્વ સ્થળે સર્વજીવના અનંત પ્રમાણ ગુણાકારે જાણવું. - x - x -

હવે આ સૂત્રનો અર્થ લખાય છે. તે સંયમના સ્થાનાદિ કહેવા લાયકમાં પહેલું સંયમ સ્થાન કહેવામાં આવે છે - અનંત સંખ્યાવાળા ચારિત્રના પર્યાયો એટલે કે ચારિત્ર સંબંધી સર્વ જઘન્ય વિશુદ્ધિ સ્થાનમાં રહેલા નિર્વિભાગ ભાગો છે, તે બધાં મળીને એક સંયમ સ્થાન થાય. તેના પછીનું બીજું સંયમ સ્થાન, તે પહેલાં સ્થાનથી અનંતતમ ભાગ વડે અધિક છે. એ રીતે પૂર્વ-પૂર્વના સ્થાનથી ઉત્તર-ઉત્તરના સ્થાનો અનંતતમ ભાગથી અધિક એવા નિરંતર કહેવા. આ સર્વે સંયમ સ્થાનોનો એક કંડક થાય. કંડક એટલે અંગુલ માત્ર ક્ષેત્રના અસંખ્યાત ભાગમાં રહેલા પ્રદેશોની રાશિ પ્રમાણ સંખ્યા.

કંડક પછીનું બીજું તુરંતનું સંયમ સ્થાન તે પૂર્વના સંયમસ્થાન થકી અસંખ્યાત ભાગ અધિક છે. પછીના બીજા પણ કંડક પ્રમાણ સંયમ સ્થાનો ઉત્તરોત્તર અનંતભાગ વૃદ્ધિવાળા છે. ત્યારપછીનું એક સંયમસ્થાન અસંખ્યાત ભાગ અધિક હોય છે. પછી ફરીથી તેની પછીના કંડક પ્રમાણ સંયમ સ્થાનો ઉત્તરોત્તર અનંત ભાગ વૃદ્ધિવાળા છે. યાવત્ પછી-પછી વૃદ્ધિ કરતાં ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી તે સ્થાનો પણ કંડક પ્રમાણવાળા થાય. યાવત્ છેલ્લે એક સંયમસ્થાન સંખ્યેય ભાગ અધિક હોય છે. પછી પહેલેથી આરંભી જેટલાં સંયમ સ્થાનો પૂર્વે વ્યતીત થયા છે. તે ફરીથી તે જ અનુક્રમ વડે કહીને ફરીથી પણ એક સંયમ સ્થાન સંખ્યેય ભાગ અધિક કહેવું ઈત્યાદિ - x - x - વૃત્તિમાં ઘણું લાંબુ કથન છે. - x - x - પણ છેલ્લે અસંખ્યાતા કંડકો મળીને એક ષટ્સ્થાનક થાય છે.

આ ષટ્સ્થાનકોમાં છ પ્રકારે વૃદ્ધિ કહેલી છે, તે આ પ્રમાણે — ૧- અનંત ભાગ વૃદ્ધિ, ૨- અસંખ્યેય ભાગ વૃદ્ધિ, ૩- સંખ્યેય ભાગ વૃદ્ધિ, ૪- સંખ્યેયગુણ વૃદ્ધિ, ૫- અસંખ્યેયગુણ વૃદ્ધિ, ૬- અનંતગુણ વૃદ્ધિ. અહીં વૃત્તિકારશ્રી જેવા પ્રકારનો અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ કે સંખ્યાતમો ભાગ ગ્રહણ કરાય છે તથા જેવા પ્રકારનો સંખ્યાતો, અસંખ્યાતો કે અનંતો ગુણાકાર ગ્રહણ કરાય છે, તે કહે છે. *[અમે આ રાશિ ગણિતનો અનુવાદ કરેલ નથી, પણ 'કમ્મપયડિ'માં આ ષટ્સ્થાનકમાં રહેલા ભાગાકાર, ગુણાકાર વિસ્તારથી સમજાવેલા છે, તેમાં ત્રણમાં ગુણાકાર અને ત્રણમાં ભાગાકાર છે.]*

પહેલાં ષટ્સ્થાનક પછી ઉક્ત ક્રમે બીજું ષટ્સ્થાનક પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે બીજું ષટ્ સ્થાનક પ્રાપ્ત થાય છે, એ રીતે ત્યાં સુધી ષટ્સ્થાનકો કહેવા કે જ્યાં સુધી તે અસંખ્યેય લોકાકાશ પ્રદેશ જેટલાં પ્રમાણવાળા થાય. આવા અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા પ્રમાણવાળા જે ષટ્ સ્થાનકો થાય તે સર્વે મળીને એક સંયમ શ્રેણિ કહેવાય છે.

કૃષ્ણાદિક લેશ્યાએ તથા સર્વોત્કૃષ્ટ સાતાવેદનીયાદિ વિશુદ્ધ પ્રકૃતિ સંબંધી વિશેષ સ્થિતિ વિશેષો જાણવા. તેથી કરીને આ સંયમ સ્થાનાદિ શુભ સ્થાનોમાં વર્તતો

આધાકર્મ ગ્રહણ કરનાર સાધુ પોતાના આત્માને આ વિશુદ્ધ એવા સંયમ સ્થાનાદિથી નીચે-નીચે પડે છે.

જો આધાકર્માદિ ગ્રહણ કરે તો તે સાધુને શું દૂષણ પ્રાપ્ત થાય ?

**● મૂલ-૧૨૧ થી ૧૨૩ :-**

*[૧૨૧] કંઈક ન્યૂન એવા ચારિત્ર વડે શ્રેષ્ઠ એવો સાધુ પોતાના ભાવના ઉતારવાથી આધાકર્મને ગ્રહણ કરતો પોતાના આત્માને નીચે નીચે લઈ જાય છે. [૧૨૨] આધાકર્મગ્રાહી સાધુ નીચા ભવનું આયુ બાંધે, શેષ કર્મોને અધોગતિ સન્મુખ કરે, તથા તીવ્ર ભાવ વડે કર્મને ગાઢ કરે અને ચય તથા ઉપચય કરે છે [૧૨૩] તે ગુરુકર્મના ઉદયથી દુર્ગતિમાં પડતા આત્માને રોકવા તેવો સાધુ સમર્થ થતો નથી, તેથી કર્મો તેને અધોગતિમાં લઈ જાય છે.*

**● વિવેચન-૧૨૧ થી ૧૨૩ :-**

સંયમ સ્થાનાદિ વિશુદ્ધ ભાવોનું હીનાતિહીન અધ્યવસાયોમાં. ઉતારવા વડે, અહીં ચરણ વડે જે પ્રધાન, નિશ્ચયનયના મતે ક્ષીણકષાયાદિ અકષાય ચારિત્રવાળો ગ્રહણ કરાય છે, તેને આ પ્રમાદનો સંભવ હોતો નથી, તેને લોલુપતા પણ હોતી નથી કેમકે તે મોહનીય કર્મનો એકાંતે નાશ થયો છે, તેથી તેને આધાકર્મ ગ્રહણ સંભવતું નથી, માટે કિંચિત્ ન્યૂન કહ્યું.

કિંચિત્ ન્યૂન ચરણાગ્ર પરમાર્થથી ઉપશાંતમોહ કહેવાય છે. અર્થાત્ પ્રમત્ત સંયતાદિ તો દૂર રહો, આધાકર્મગ્રાહી આવો ઉત્કટ સાધુ પણ પોતાના આત્માને રત્નપ્રમાદિ નરકાદિ લઈ જાય છે. આ દૂષણ આધાકર્મ ગ્રહણ કરનારને લાગે છે. - x - x - તે રત્નપ્રભાદિ નરકરૂપ ભવાયુને બાંધવા સાથે બાકીનાં ગતિ આદિ નામાદિ કર્મોને પણ અધોગતિ સન્મુખ કરે છે એટલે કે પ્રકર્ષપણે દુઃસહ, કટુક અને તીવ્ર અનુભવ સહિતપણે બાંધે છે. તેનાથી આધાકર્મ સંબંધી પરિભોગનું લંપટપણું વૃદ્ધિ પામતાં નિરંતર ઉત્પન્ન અતિ તીવ્ર પરિણામ વડે યથાયોગ્યપણે નિધત્તિરૂપપણાએ કરીને નિકાચનારૂપપણે કર્મોને સ્થાપે છે. ક્ષણે ક્ષણે અન્યાન્ય પુદ્ગલના ગ્રહણ વડે ચય-થોડી વૃદ્ધિ અને ઉપચય-ઘણીવૃદ્ધિ કરે છે. તેથી કરીને –

અધોગતિમાં લઈ જવાના સ્વભાવથી તે અધોભવાયુ વગેરે કર્મના વિપાક વેદનાના અનુભવરૂપ ઉદય વડે દુર્ગતિમાં પડતા આત્માને નિવારવા માટે આધાકર્મગ્રાહી સાધુ સમર્થ થતો નથી. તેથી અધોભવાયુ વગેરે ઉદયને પામેલા કર્મો બલાત્કારે તેને નરકાદિ અધોગતિમાં લઈ જાય છે. કર્મોથી કોઈ બળવાન્ નથી. આ રીતે આધાકર્મ અધોગતિનું કારણ હોવાથી અધઃકર્મ કહેવાય છે. –૦– હવે આત્મઘ્ન પર્યાયનો અર્થ –

આત્મઘ્ન ચાર ભેદે છે – નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી. તેમાં તદ્વ્યતિરિક્ત આત્મઘ્ને કહે છે. બાકીના ભેદો પૂર્વવત્ જાણવા.

**● મૂલ-૧૨૪ થી ૧૨૭ :-**

*[૧૨૪] જે ગૃહસ્થ પ્રયોજન સહિત કે રહિત તથા અનિદાથી કે નિદાથી છ કાયની હિંસા કરે તે આત્મઘ્ન છે. [૧૨૫] જાણતા કે અજાણતા તથા ઉદ્દેશીને કે ઓઘથી અથવા વધ કરવા તૈયાર કરેલા જાણક કે અજાણકને જે મારવા તે આ અનિદા અને નિદા કહેવાય. [૧૨૬] કાયા નિશ્ચયે દ્રવ્યાત્મા છે, જ્ઞાનાદિ ત્રણ તે ભાવાત્મા છે, તેથી બીજાના પ્રાણનો નાશ કરવામાં રક્ત સાધુ પોતાના ચારિત્રરૂપી આત્માને હણે છે. [૧૨૭] નિશ્ચયનયથી ચારિત્રરૂપી આત્માનો નાશ થતા જ્ઞાન અને દર્શનનો પણ નાશ થયો જાણવો. પણ વ્યવહારથી તો ચારિત્ર હણાયા છતાં પૂર્વના બેની ભજના જાણવી.*



**● વિવેચન-૧૨૪ થી ૧૨૭ :-**

[૧૨૪] જે ગૃહસ્થ સ્વ કે પર નિમિત્તે અથવા પ્રયોજન વિના પાપી સ્વભાવને લીધે જ, તથા જે નિદાન તે રિનદા - જીવહિંસા નરકાદિ દુઃખનું કારણ છે એમ જાણવા છતાં અથવા સાધુને આધાકર્મ ન કલ્પે એમ જાણવા છતાં પણ જીવોના પ્રાણનો જે નાશ કરવો તે નિદા કહેવાય. તેના નિષેધથી અનિદા કહેવાય છે કે જેમાં પોતાને માટે કે પુત્રાદિ અન્યને માટે એમ વિભાગ કર્યા વિના સામાન્યપણે જે કરાય.

[૧૨૫-ભાષ્ય-૩૧] ‘આ મનુષ્ય મને હમણાં જ મારશે’ એમ જાણતા એવા મારવાને તૈયાર કરેલા જીવના પ્રાણનો જે નાશ કરવો તે નિદા કહેવાય, તેનાથી જે વિપરીત તે અનિદા કહેવાય – અજાણકાર એવા મારવા તૈયાર કરેલા જીવને જે મારવો તે અનિદા.

આ રીતે નિદા કે અનિદાથી ગૃહસ્થ છકાયનું મર્દન કરે છે. તે પૃથ્વીકાયાદિ છ કાયનું મર્દન નોઆગમથી દ્રવ્ય આત્મઘ્ન છે. પૃથ્વી આદિ છ કાય નિશ્ચે દ્રવ્યરૂપ આત્મા છે. કેમકે જીવો ગુણ પર્યાયવાળા છે, તેથી દ્રવ્ય કહેવાય. તેથી તેમનું મર્દન દ્રવ્ય આત્મઘ્ન કહેવાય.

[૧૨૬] હવે ભાવ આત્મઘ્ન કહે છે – તેમાં આગમથી આત્મઘ્ન તે અર્થને જાણે અને તેમાં ઉપયોગવંત હોય. નોઆગમથી ભાવ આત્મઘ્ન તે – જ્ઞાનાદિ ત્રણ ભાવાત્માનું હનન. આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર પરમાર્થથી આત્મા છે, બાકીનું દ્રવ્ય આત્મા નથી કેમકે તેમાં પોતાના તે સ્વરૂપનો અભાવ છે. તેથી ચારિત્રવંત જો પૃથ્વી આદિના ઈન્દ્રિયાદિ પ્રાણોના વિનાશ વિશે આસક્ત હોય તે ચારિત્રરૂપ ભાવાત્માને હણે છે. ચારિત્રરૂપ ભાવ આત્મા હણાતા જ્ઞાન દર્શનરૂપ આત્મા નિશ્ચયથી જ હણાયેલા જાણવા.

[૧૨૭] નિશ્ચય નયના મતે ચારિત્રરૂપી આત્માનો વિઘાત થતાં જ્ઞાન, દર્શનનો પણ વિઘાત જાણવો. કેમકે ચારિત્રની પ્રાપ્તિરૂપ સન્માર્ગમાં જે પ્રવૃત્તિ તે જ્ઞાન-દર્શનનું જ ફળ છે, જો તે પ્રવૃત્તિ ન હોય તો તે જ્ઞાન, દર્શન પરમાર્થથી અવિદ્યમાન જ છે. વળી જે સાધુ ચારિત્રગ્રહણ કરીને આહારના લંપટાદિપણાથી આધાકર્મ ભોજનથી નિવૃત્તિ પામતો નથી, તે ભગવંતની આજ્ઞાના લોપાદિમાં વર્તતો સમ્યગ્જ્ઞાની હોતો નથી અને સમ્યગ્દર્શની પણ હોતો નથી. કેમકે આજ્ઞાથી જ ચારિત્ર છે, આજ્ઞા ભંગ

થતાં જાણ કે શું ભગ્ન ન થયું ? શાસ્ત્રમાં કહ્યા મુજબ ન કરનારાથી વધુ બીજો કોણ મિથ્યાદૃષ્ટિ હોય ? માટે ચારિત્ર વિઘાતે જ્ઞાનાદિ વિઘાત છે.

વ્યવહાર નયના મતે ચારિત્ર હણાવા છતાં જ્ઞાન, દર્શનની ભજના જાણવી. કોઈમાં તે બંને હોય, કોઈમાં ન હોય. વ્યવહાર નયના મતે સમ્યગ્ દૃષ્ટિપણું હોવાથી જ્ઞાન-દર્શન છે. નિશ્ચય નયના મતે તો ન જ હોય. તેથી બીજાના પ્રાણના વિનાશમાં આસક્ત સાધુ મૂળથી જ આત્મઘ્ન છે. આધાકર્મ ભોજી સાધુને અનુમોદના દ્વારથી તે અવશ્ય સંભવે છે. માટે તેને આત્મઘ્ન કહ્યા.

હવે આત્મકર્મ કહે છે. તે નામાદિ ચાર ભેદે છે. તેમાં તદ્ વ્યતિરિક્ત દ્રવ્ય આત્મકર્મ કહે છે. બાકી પૂર્વેના ભેદો આધાકર્મવત્ જાણવા.

**● મૂલ-૧૨૮ થી ૧૩૩ :-**

***[૧૨૮] જે પુરુષ જે ધનને પોતાનું માન છે, તેને તે ધન દ્રવ્યાત્મકર્મ કહેવાય છે. નોઆગમથી ભાવઆત્મકર્મ - અશુભ પરિણામવાળો બીજાના કર્મને પોતાનું કરે તે ભાવ આત્મકર્મ કહેવાય. [૧૨૯] આધાકર્મ અને સંક્લિષ્ટ પરિણામવાળો સાધુ પ્રાસુકને પણ ગ્રહણ કરવા છતાં કર્મ વડે બંધાય છે તેથી તેને તું [ભાવ] આત્મકર્મ જાણ. એટલે તેને ગ્રહણ કરી જે સાધુ ભોજન કરે છે તે પરકર્મને આત્મકર્મ કરે છે. [૧૩૦] [શંકા] પરક્રિયા અન્યને વિશે કેમ પ્રાપ્ત થાય ? [૧૩૧] કેટલાંક કૂટપાશના દૃષ્ટાંત વડે પરપ્રયોગમાં પણ બંધ કહે છે, પ્રમાદી અને અચતુર એવો મૃગ કૂટમાં બંધાય છે. [૧૩૨] એ પ્રમાણે અશુભ ભાવનાવાળો સાધુ ભાવકૂટમાં બંધાય છે. તેથી પ્રયત્નપૂર્વક અશુભ ભાવ વર્જવો. [૧૩૩] આધાકર્મ ભલે પોતે ન કરતો હોય તો પણ જાણવા છતાં તેને ગ્રહણ કરનાર તેના પ્રસંગને વધારે છે અને ગ્રહણ ન કરનાર તેના પ્રસંગને નિવારે છે.***

**● વિવેચન-૧૨૮ થી ૧૩૩ :-**

[૧૨૮] જે પુરુષ ધનને આ મારું છે એમ અંગીકાર કરે છે, તે પુરુષને તે ધન તદ્વ્યતિરિક્ત દ્રવ્ય વિષયક આત્મકર્મ થાય. પોતાના સંબંધપણાથી જે કરવું તે આત્મકર્મ. —૦— હવે ભાવ આત્મકર્મ કહે છે તે આગમથી અને નોઆગમથી. નોઆગમથી ભાવકર્મ કહે છે — આધાકર્મ ગ્રહણ કરવારૂપ અશુભ ભાવથી પરિણામ પામેલો પુરુષ, બીજાનું - રાંધનાર આદિ સંબંધી, જે પચન-પાચનથી થયેલ જ્ઞાનાવરણીયાદિ કર્મ, તેને પોતાનું કરે છે, તેને ભાવથી આત્મકર્મ કહેવાય.

તેને જ વિશેષથી કહે છે —

[૧૨૯] આધાકર્મ તો દૂર રહો, પણ સ્વરૂપે કરીને એષણીય એવા ભોજનાદિ હોય છતાં સંક્લિષ્ટ પરિણામથી આધાકર્મગ્રહણના પરિણામવાળો થઈને ગ્રહણ કરતો, જેમકે — ''હું અતિ વ્યાખ્યાન લબ્ધિવાળો છું'' ઈત્યાદિ વિચારી કહે કે — મારા ગુણોથી વશ આ સર્વ લોક રાંધી-રંધાવીને મને આ ઈષ્ટ ઓદનાદિ આપે છે. આવા ભાવવાળો સાધુ સાક્ષાત્ આરંભ કરનારની જેમ જ્ઞાનાવરણીયાદિ કર્મથી બંધાય. તેને



તું આત્મકર્મ જાણ. - x -

આને જ સ્પષ્ટપણે [૧૩૦] ગાથામાં કહે છે — જ્યારે સાધુ આધાકર્મ ગ્રહણ કરીને આરોગે છે, ત્યારે તે સાધુ પાચકાદિનું કર્મ, તેને આત્મ કર્મરૂપ કરે છે અર્થાત્ તે કર્મ પોતાનું પણ કરે છે.

ભાવાર્થને ન જાણતો કોઈ અન્ય પુરુષ અહીં શંકા કરે છે —

પર સંબંધી જ્ઞાનાવરણીય કર્મ આધાકર્મ ભોજી સાધુમાં કેવી રીતે સંક્રમે ? ન જ સંક્રમે. જો કદાચ બીજાનું કર્મ કોઈ બીજાને સંક્રમતું હોય તો ક્ષપકશ્રેણી ચડેલા, કૃપાળુ, સમગ્ર જગત્ના પ્રાણીના કર્મને ઉન્મૂલન કરવામાં સમર્થ એવા મહાત્મા બધાં પ્રાણીના જ્ઞાનાવરણીયાદિ કર્મને પોતાનામાં સંક્રમાવીને ખપાવી દે. તે રીતે બધાંને એક જ કાળે મુક્તિ થાય. પણ તેમ થતું નથી. તેથી પરકર્મનો સંક્રમ અન્યને વિશે ન જ થાય. - x - x - પ્રાણીનું જેનું જે કર્મ હોય તેણે જ તે વેદવા લાયક છે. તો તમે એમ કેમ કહી શકો કે ''પરકર્મને આત્મકર્મરૂપ કરે છે ?''

પૂર્વે કહેલા વાક્યનો પરમાર્થ ન જાણનાર કેટલાંક અન્યથા પણ વ્યાખ્યાન કરે છે. તેથી તેના મતને દૂર કરવા, ઉપન્યાસ કરે છે —

[૧૩૧] પ્રવચનના રહસ્યને ન જાણનારા કેટલાએક સ્વ સમુદાયના જ કૂટ-પાશના દૃષ્ટાંતને કહે છે — 'પર' - પાચક આદિ પુરુષે નિષ્પાદન કરેલા પણ ઓદનાદિને વિશે તેને ગ્રહણ કરનાર સાધુને બંધ થાય છે. જેમ શિકારીએ સ્થાપન કરેલા કૂટ-પાશમાં મૃગને જ બંધ થાય છે. પણ શિકારીને નહીં. તેમ અહીં સાધુને જ બંધ થાય છે, ગૃહસ્થને નહીં - તેથી પરકર્મ - આધાકર્મ ભોજી સાધુ પોતાનું જ કરે છે, માટે પરકર્મને આત્મકર્મરૂપ કરે છે, એમ કહેવાય છે. તેમનો આ ઉત્તર અસત્ય છે. કેમકે સાક્ષાત્ આરંભ કરનાર હોવાથી પરને પણ નિશ્ચે કર્મબંધ સંભવે છે. જેમ મૃગને માત્ર પર પ્રયોગ થકી બંધ નથી, પોતાના પ્રમાદાદિ દોષથી પણ બંધ છે, તેમ સાધુને પણ છે.

[૧૩૨] કેટલાંક સમ્યક્ પ્રકારે ગુરુચરણની સેવારહિતતાથી યથાર્થ તત્ત્વને ન જાણનારા ઉપર મુજબ કહે છે, તેનો ઉત્તર ગુરુ ભગવંત આપે છે — ''તેની તેની ઉત્પ્રેક્ષા કરનારા અને વૃદ્ધોની સેવા ન કરનારા પુરુષોની બુદ્ધિ પ્રાચીન આગમો વિના અતિ પ્રસન્ન થતી નથી.'' તેથી કહે છે — પ્રમાદી અને અદક્ષ મૃગ બંધાય છે, અપ્રમાદી તો કૂટ-પાસ નીકટ જતો જ નથી. કદાચ જાય તો પણ દક્ષપણાથી ત્યાંથી ખસી જાય છે. તેથી તે માત્ર પરપ્રયોગથી નહીં પણ સ્વપ્રમાદ વશ પણ બંધાય છે. એ પ્રમાણે સંયમરૂપ ભાવના બંધન મરાટે કૂટ સમાન આધાકર્મ, તેને વિશે તે સાધુ જ્ઞાનાવરણ આદિ કર્મ વડે બંધાય છે કે જે આહાર લંપટતાથી આધાકર્મના ગ્રહણરૂપ અશુભ ભાવના પરિણામવાળો હોય, તે વિના બીજો બંધાતો નથી. રાંધનારે આધાકર્મ કર્યા છતાં જે સાધુ તેને ગ્રહણ કરતો નથી તે જ્ઞાનાવરણીય આદિ પાપકર્મ વડે બંધાતો નથી. જેમ મૃગમાં કહ્યું કે - x - તેને માત્ર પરના પ્રયોગથી જ બંધ નથી,

તેમ સાધુને પણ અશુભ અધ્યવસાય કારણરૂપ છે. તેથી સાધુએ આધાકર્મના ગ્રહણરૂપ અશુભ ભાવને વર્જવો. - x - x - આધાકર્મનું ગ્રહણ કે ભોજનથી પરકર્મ આત્મકર્મકરણ થાય છે. અન્યથા થતું નથી, તેથી ઉપચારથી આધાકર્મ તે આત્મકર્મ કહેવાય છે.

[૧૩૩] હવે આધાકર્મને ન કરવા - કરવા છતાં દોષ કેમ લાગે ? તે શંકાનો ઉત્તર આપે છે. જો 'આ મારે માટે બનાવેલ છે' તેમ જાણવા. છતાં જો આધાકર્મને ગ્રહણ કરે તો અન્ય સાધુ અને દાતાને એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે કે – ''આધાકર્મના ભોજનમાં કંઈ દોષ નથી.'' અન્યથા આ સાધુ જાણવા છતાં કેમ ગ્રહણ કરે ? પરિણામે પરંપરાએ સાધુઓને આધાકર્મના ભોજનથી ચિરકાળ સુધી છકાયનો જે વિઘાત થાય તે સર્વ પરમાર્થથી તેના વડે પ્રવર્ત્યો કહેવાય. પણ જે સાધુ તેમ વર્તતો નથી તે તેવા પ્રકારના પ્રસંગની વૃદ્ધિને નિવારે છે. કેમકે પ્રવૃત્તિનો જ અભાવ છે. તેથી અતિપ્રસંગ નામક દોષના ભયથી સાધુએ આવું આધાકર્મ ન ભોગવવું. બીજું સાધુ તે લેવાથી અવશ્ય અનુમોદના કરે છે. ''જેનો પ્રતિષેધ નથી કર્યો તે અનુમત છે.'' એવો વૃદ્ધવાદ છે. વળી બીજું આધાકર્મ ભોજનમાં મનોજ્ઞ આહારથી દાઢાના રસને કારણે પોતે પણ આવું રાંધે કે રંધાવે. તેથી સર્વથા આધાકર્મ ભોજન ન કરવું.

હવે 'પ્રતિસેવના' આદિ કહેવા જોઈએ. તે નામો આત્મકર્મના અંગપણે પ્રવર્તેલા છે, તેથી તે અંગપણુ અને પરસ્પર ગુરુ-લઘુને વિચારે છે–

**● મૂલ-૧૩૪ થી ૧૩૭ :-**

***[૧૩૪] વળી તે કર્મને પ્રતિસેવનાદિ વડે આત્માને આધીન કરે છે. તેમાં પહેલું પદ ગુરુ છે, બીજા ત્રણ પદો અનુક્રમે લઘુ, લઘુ, લઘુ છે. [૧૩૫] પ્રતિસેવનાદિના સ્વરૂપના સ્વરૂપને પ્રતિપાદન કરવાની પ્રતિજ્ઞાથી કહે છે – હું પ્રતિસેવનાથી અનુમોદના પર્યન્તના દ્વારોના યથાસંભવ સ્વરૂપને દૃષ્ટાંત સહિત કહીશ. [૧૩૬] બીજા દ્વારા આણેલા આધાકર્મ વાપરવામાં પ્રતિસેવના દોષ - તેવું કોઈ વાપરે, તેને કોઈ પ્રેરણા કરે ત્યારે કહે કે – ''બીજાને હાથે અંગારા કઢાવતાં પોતે બળતો નથી'' હું શુદ્ધ જ છું, દોષ દેનારાને લાગે છે. આવી ખોટી ઉપમા વડે સિદ્ધાંતના અર્થનો અજાણ મૂઢ પ્રતિસેવના કરે છે.***

**● વિવેચન-૧૩૪ થી ૧૩૭ :-**

[૧૩૪] જ્ઞાનાવરણાદિ પર કર્મને પોતાના કરે છે. તે પ્રતિસેવનાદિ દ્વારા પરકર્મને પોતાનું કરે છે, તેથી પ્રતિસેવનાદિ વિષયક આધાકર્મ પણ પ્રતિસેવનાદિક કહેવાય. 'પ્રતિસેવના' પદ ગુરુ-મહાદોષવાળું છે, બાકીના ત્રણે પ્રતિશ્રવણાદિ અનુક્રમે થોડાં-થોડાં ઓછા દોષવાળા જાણવા.

[૧૩૫] પહેલાં પ્રતિસેવનાનું સ્વરૂપ કહે છે. જે સાધુ આધાકર્મને પોતે જ લાવીને વાપરે, તે આધાકર્મનો પ્રતિસેવી પ્રસિદ્ધ જ છે. અહીં તો ''બીજાએ લાવેલા આધાકર્મને વાપરવામાં કોઈ દોષ નથી.'' એમ માનનારને પ્રતિસેવનાના દોષો કહે છે :-



[૧૩૬,૧૩૭] બીજા સાધુ આધાકર્મ ભોજનાદિ લાવીને આપે, તેને જે સાધુ વાપરે તે પ્રતિસેવના છે. જો કોઈ તેમને પ્રેરણા કરે કે – ''ધિક્કાર છે કે તમે આવું આધાકર્મી વાપરો છો'' ત્યારે તે સાધુ કહેશે કે – મેં સ્વયં લીધું નથી માટે મને કોઈ દોષ નથી. પછી તે દૃષ્ટાંત આપે છે – બીજાના હાથ વડે અંગારા કઢાવે તે મનુષ્ય પોતે બળતો નથી. તેમ હું આધાકર્મભોજી શુદ્ધ જ છું, કેમકે દોષ તો તે લાવનારને લાગે છે. આ પ્રમાણે ખોટા દૃષ્ટાંતથી ભગવંતના પ્રવચનને ન જાણતો તે મૂઢ પ્રતિસેવી જ છે.

હવે પ્રતિશ્રવણાનું સ્વરૂપ કહે છે –

**● મૂલ-૧૩૮ :-**

***જે ગુરુ ઉપયોગકાળે આધાકર્મગ્રાહીના ચિત્તની રક્ષાર્થે ''લાભ'' શબ્દ કહે, આલોચના કાળે ''સુલબ્ધ'' કહે, તો તે ગુરુને પ્રતિશ્રવણા દોષ લાગે.***

**● વિવેચન-૧૩૮ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - ચિત્ત રક્ષાર્થે એટલે મનના અન્યથા ભાવ નિવારી દાક્ષિણ્યતાદિથી. આલોચના-ગૃહસ્થના ઘેરથી લાવીને ગૌચરી આલોવે ત્યારે. પ્રતિશ્રવણ-સ્વીકાર. હવે ત્રીજો, ચોથો દોષ કહે છે –

**● મૂલ-૧૩૯ :-**

***સંવાસનો અર્થ પ્રસિદ્ધ છે. અનુમોદન એટલે આધાકર્મ વાપરનારને પ્રશંસવા તે. તેમના ઉદાહરણો અનુક્રમે આ પ્રમાણે જાણવા.***

**● વિવેચન-૧૩૯ :-**

संवास - આધાકર્મભોજી સાથે એકસ્થાને વસવું. અનુમોદના - આ સાધુ પુન્યશાળી છે, સારી લબ્ધિવાળા છે ઈત્યાદિ પ્રશંસા કરવી તે.

પ્રતિસેવનાદિનું સ્વરૂપ કહ્યું, હવે દૃષ્ટાંતો કહે છે –

**● મૂલ-૧૪૦ થી ૧૪૨ :-**

***[૧૪૦] પ્રતિસેવનમાં ચોરનું દૃષ્ટાંત છે, પ્રતિશ્રવણમાં રાજપુત્રનું છે, સંવાસમાં પલ્લીનું અને અનુમોદનામાં રાજદુષ્ટનું ઉદાહરણ છે.***

***[૧૪૧] પ્રતિસેવના સંબંધે ચોરનું દૃષ્ટાંત વિવેચનથી જાણવું.***

***[૧૪૨] જે સાધુ આધાકર્મને પીરસે કે પાત્રમાં ધારણ કરે તેઓ પણ તીવ્ર કર્મ વડે બંધાય છે, તો ખાનારા બંધાય તેમાં શી નવાઈ ?***

**● વિવેચન-૧૪૦ થી ૧૪૨ :-**

ગાથાર્થ કહ્યો. તે સુગમ છે. પ્રતિસેવનામાં ચોરનું આ દૃષ્ટાંત-કોઈ ગામમાં ઘણાં ચોરો હતા. તેઓ કોઈ દિને ગાયોનું હરણ કરી નગરથી પોતાના ગામ પ્રતિ ચાલ્યા. માર્ગમાં તેમને કેટલાંક વટેમાર્ગુ ચોરો મળ્યા. તેથી તેઓ તેમની સાથે ચાલ્યા. સ્વદેશે આવી નિર્ભય થઈ, કેટલાંક પથિકો પણ આવ્યા. તેમને પણ તે ચોરોએ નિમંત્રણ આપ્યું, માંસ પક્વ થતાં કેટલાંક ચોર અને પથિકો ભોજન કરવા લાગ્યા. કેટલાંક ગોમાંસને પાપ સમજીને તેના ભોજનમાં ન પ્રવર્ત્યા, માત્ર બીજાને પીરસવા

લાગ્યા. ત્યારે તીક્ષ્ણ ખડ્ગધારી ભયંકર કોટવાળો આવ્યા. ખાનાર અને પીરસનાર બધાંને પકડ્યા. પથિકો બોલ્યા કે અમે તો પથિક છીએ, ચોર નથી, તો પણ તેમને પકડીને મારી નાંખ્યા.

તેનો નિષ્કર્ષ કહે છે — જે સાધુ બીજાને આધાકર્મ પીરસે છે કે માત્ર પાત્ર ધારણ કરે છે તેઓ પણ દુઃસહ વિપાકવાળા નરકાદિ ગતિના હેતુરૂપ કર્મો વડે બંધાય છે. તો પછી ખાનારને તો બંધાય જ ને ? તેથી સાધુએ પીરસવા આદિ માત્ર પણ આધાકર્મનું પ્રતિસેવન ન કરવું. દૃષ્ટાંતમાં ગોમાંસને સ્થાને આધાકર્મ લેવું. કોટવાળના સ્થાને કર્મો જાણવા ઈત્યાદિ.

**● મૂલ-૧૪૩ થી ૧૪૬ :-**

***[૧૪૩] પ્રતિશ્રવણા સંબંધે રાજપુત્રનું દૃષ્ટાંત છે, વિવેચનમાં જોવું. [૧૪૪] રાજપુત્રના દૃષ્ટાંતથી સાધુને પ્રતિશ્રવણા દોષ કેમ લાગે તેનો નિષ્કર્ષ છે, તે વિવેચનમાં જોવો. [૧૪૫] લાવનાર અને વાપરનારને કાયિક દોષ લાગે, બીજાને વાચિક દોષ લાગે, ત્રીજને માનસિક લાગે, ચોથાને કોઈ દોષ ન લાગે. [૧૪૬] રાજપુત્રને જેમ ચારે દોષો લાગ્યા, તેમ સાધુને પણ ચારે દોષો કહેવા.***

**● વિવેચન-૧૪૩ થી ૧૪૬ :-**

ગુણસમૃદ્ધ નગર હતું. ત્યાં મહાબળ નામે રાજા, શિલા નામે રાણી, વિજિતસમર નામે કુમાર હતો. રાજ્ય ગ્રહણ કરવાની ઈચ્છાથી કુમારે વિચાર્યુ કે — મારા પિતા રાજા મરતો નથી, તો સુભટોની સહાયથી તેને મારી નાંખુ. મંત્રણા દરમ્યાન કેટલાંક સુભટો બોલ્યા — ''અમે તમને સહાય કરીશું.'' બીજા કેટલાંકે કહ્યું — એ પ્રમાણે કરો. ત્રીજા કોઈક મૌન રહ્યા. ચોથા કેટલાંકે તે ન સ્વીકારતા સમસ્ત વૃતાંત રાજાને જણાવ્યો. રાજાએ કુમારની સાથે પહેલાં ત્રણે પક્ષકારોને મારી નાંખ્યા. માત્ર ચોથા પક્ષકારોનું બહુમાન કર્યુ. ઉક્ત દૃષ્ટાંતમાં પહેલાં ત્રણે પક્ષો પ્રતિશ્રવણાના દોષી છે, માત્ર ચોથા પક્ષને પ્રતિશ્રવણા દોષ નથી, આ દૃષ્ટાંતનો નિષ્કર્ષ કહે છે —

કોઈ સાધુએ ચાર સાધુને આધાકર્મ માટે નિમંત્રણા કરી. તેમાં પહેલાં સાધુ તે વાપરે છે, બીજો કહે છે — હું નહીં વાપરું, તું વાપર. ત્રીજો મૌન રહે છે, ચોથો કહે છે — સાધુને આધાકર્મી ન કલ્પે માટે હું નહીં વાપરું તો પહેલાં ત્રણેને પ્રતિશ્રવણા દોષ લાગે. ચોથાને ન લાગે.

[શંકા] આધાકર્મ ખાનાર પહેલાને પ્રતિસેવન દોષ લાગ્યો, તો પણ પ્રતિશ્રવણા કેમ કહ્યો ? [સમાધાન] નિમંત્રણ સ્વીકારે છે, ત્યારે હજુ પ્રતિસેવન કરેલ નથી, ત્યાં સુધી પ્રતિશ્રવણ જ છે, પછી પ્રતિસેવન દોષ લાગે.

ભોજન લાવનાર અને ખાનાર બંનેને કાયદોષની મુખ્યતા છે, પણ બીજા સાધુને વાચિક અને ઉપલક્ષણથી માનસિક દોષ લાગે. મૌન રહેલાને માત્ર માનસિક દોષ લાગે. ચોથો ત્રણે દોષોથી વિશુદ્ધ છે. માટે તેવા થવું.





કુમારના દૃષ્ટાંતથી આધાકર્મભોજીને લાગતા દોષો યોજે છે - રાજ પુત્રને પ્રતિસેવનાદિ ચારે દોષો લાગે છે. રાજાને મારવા પ્રવૃત્ત થવાથી પ્રતિસેવન, સુભટોના વચનો સ્વીકારતા પ્રતિશ્રવણ, સુભટો સાથે વસવાથી સંવાસ અને સુભટોના બહુમાનથી અનુમોદના દોષ લાગ્યો. એ જ પ્રમાણે આધાકર્મભોજી સાધુ માટે ચારે દોષો કહેવા. ગૃહસ્થના ઘેરથી આધાકર્મ લાવીને વાપરે તે સાધુને પ્રતિસેવન દોષ ગૃહસ્થે આધાકર્મ માટે નિમંત્રે ત્યારે તેને સ્વીકારતા પ્રતિશ્રવણ દોષ, તે આધાકર્મ લાવીને જેને સંવિભાગ કરી આપે તેની સાથે વસવાથી સંવાસ દોષ, તેના જ બહુમાનથી આનુમોદનાદોષ બીજાએ લાવેલા આધાકર્મીના નિમંત્રણને સ્વીકારતા પ્રતિશ્રવણા, પછી વાપરે ત્યારે પ્રતિસેવનાદિ દોષો લાગે. ત્યાં નિશ્ચયથી ચારે દોષો લાગે. પ્રતિશ્રવણામાં ત્રણ દોષ, સંવાસને વિશે લે, અનુમોદનામાં એક દોષ લાગે, માટે ગુરુ, લઘુ, લઘુ કહ્યું.

હવે સંવાસ દોષ —

**● મૂલ-૧૪૭,૧૪૮ :-**

***સંવાસમાં પલ્લીનું દૃષ્ટાંત છે, જે વિવેચનમાં જોવું. આધાકર્મીભોજી સાથે વસવું તે દોષને માટે છે કેમકે તે આધાકર્મત્યાગીને અને અતિ લુખ્ખી વૃત્તિવાળાને પણ દર્શન, ગંધ, પરિકથાથી વાસિત કરે છે.***

**● વિવેચન-૧૪૭,૧૪૮ :-**

વસંતપુર નગર, અરિમર્દનરાજા, પ્રિયદર્શના રાણી હતી. તે નગર નજીક ભીમા નામે પલ્લી હતી. ત્યાં ઘણાં ભિલ્લ-ચોરો તથા વણિકો રહેતા હતા. ચોરો હંમેશાં તે નગરને ઉપદ્રવિત કરતા હતા. કોઈ વખતે રાજા પોતે મોટી સેનાદિ સજ્જ કરી. ભિલ્લો તરફ ગયો. ભિલ્લો પણ તેની સાથે યુદ્ધે ચડ્યા. રાજાએ ઘણાંને હણી નાંખ્યા, કેટલાંક નાસી ગયા. પછી રાજાએ પલ્લી કબ્જે કરી, ત્યાંના વણિકો 'પોતે ચોર નથી' તેમ માની નાસ્યા નહીં. રાજાએ તેમને પકડ્યા. તેમને નિગ્રહ કર્યો.

અહીં જેમ વણિકોને ચોર સાથે રહેવું દોષને માટે થયું, તેમ સાધુને પણ આધાકર્મી સાથે સંવાસ દોષને માટે જાણવો. કેમકે - x - x - આધાકર્મ સંબંધી જે દર્શન, ગંધ, પરિકથા છે તે આધાકર્મના પરિભોગની ઈચ્છા પ્રાપ્ત કરાવવા વડે વાસિત કરે છે. દર્શન - અવલોકન, મનોજ્ઞ આહાર વિશે અવશ્ય વાસિત કરે - મનમાં મોક્ષ ઉપજાવે છે. ઉષ્ણ ઘી આદિની ગંધ નાસિકા ઈન્દ્રિયને તૃપ્ત કરે છે, તેથી ભોજનની રુચિ ઉપજાવે છે परिकथा - લાડુ આદિના વિષયની વાતો તેના સ્વાદની પ્રાપ્તિની આશા-ઉત્સાહ જન્માવે છે. તેથી આધાકર્મભોજી સાથે સંવાસ ન કરવો.

**● મૂલ-૧૪૯,૧૫૦ :-**

***અનુમોદનાના વિષયમાં રાજદુષ્ટનું દૃષ્ટાંત છે, વિવેચનમાં જોવું. અનુમોદનાના પ્રકારો કહે છે — સ્વાદિષ્ટ, પરિપૂર્ણ, આદરપૂર્વક, યોગ્યકાળે, ઋતુને લાયક, સ્નિગ્ધ એવા આહારને આ સાધુ પામે છે, એવી પ્રશંસાથી આહાર ન વાપરવા છતાં અનુમતિ દોષ લાગે છે.***

**● વિવેચન-૧૪૯,૧૫૦ :-**

શ્રીનિલય નામે નગર, ગુણચંર રાજા, ગુણવતી આદિ અંતઃપુર હતું. તે જ નગરમાં સુરૂપ નામે વણિક હતો. તે અત્યંત સુંદર, કામદેવ જેવો હતો. સ્વભાવથી જ પરસ્ત્રી રાગી હતો. ક્યારેક રાજાના અંતઃપુરની સમીપે જતાં તેને રાણીઓએ સ્નેહપૂર્વક જોયો. તેણે પણ તેઓને સાભિલાષ જોઈ પરસ્પર પ્રીતિ થઈ. હંમેશાં ત્યાં જઈ રાણીઓને ભોગવવા લાગ્યો. રાજા તે જાણી ગયો. રાજાએ પોતાના સેવકો દ્વારા પકડાવ્યો. તેને ચૌટામાં લઈ જઈને મારી નાંખ્યો, તો પણ રાજા અંતઃપુરની ખરાબીથી મનમાં ઘણો ખેદ પામેલો હતો. તેણે બાતમીદારોને મોકલ્યા. તે સુરૂપની પ્રશંસા કે નિંદા કરનારાની માહિતી લાવવા કહ્યું. જેઓ સુરૂપના ભોગની પ્રશંસા કરતા હતા તે બધાંને મારી નાંખ્યા. નિંદા કરનારનું બહુમાન કર્યું.

એ પ્રમાણે આધાકર્મભોજી સાધુને કેટલાંક ધન્યવાદ આપે છે કેટલાંક ધિક્કારે છે. તેમાં પ્રશંસનારા કર્મથી બંધાય છે. નિંદા કરનારા બંધાતા નથી. અહીં અંતઃપુરના સ્થાને આધાકર્મ જાણવું. રાજાને સ્થાને જ્ઞાનાવરણાદિ કર્મો જાણવા. મરણના સ્થાને સંસાર જાણવો. - x -

આધાકર્મભોજીને ઉદ્દેશીને કેટલાંક સાધુ કહે છે કે – અમે તો કદાપિ મનોજ્ઞ આહારને પામતા નથી. પણ આ સાધુઓ તો સર્વદા સ્વાદુ, પરિપૂર્ણ આહાર બહુમાનપૂર્વક પામે છે. ઈત્યાદિ - x - x - પ્રશંસા કરતાં તેમને અનુમતિ દોષ લાગે. ભોજન ન કરવા છતાં આધાકર્મ ભોજીની જેમ દોષી બને છે - x - x - આ રીતે આધાકર્મના પર્યાયો કહ્યા.

હવે 'એકાર્થક' શબ્દની વ્યાખ્યા કરવા કહે છે –

**● મૂલ-૧૫૧ થી ૧૫૮ :-**

*[૧૫૧] આધાકર્મ, અધઃકર્મ, આત્મઘ્ન, આત્મકર્મ આ નામોમાં વ્યંજનના વૈવિધ્ય માફક અર્થનું વૈવિધ્ય છે કે નહીં? [૧૫૨] આ પ્રશ્ન સંદર્ભે ચતુર્ભંગી કહે છે – (૧) એક અર્થવાળા - એક વ્યંજનવાળા, (૨) એક અર્થવાળા-વિવિધ વ્યંજનવાળા, (૩) વિવિધ અર્થ-એક વ્યંજનવાળા, (૪) વિવિધ અર્થ - વિવિધ વ્યંજનવાળા. આ જ ચતુર્ભંગીનાં અનુક્રમે લૌકિક દૃષ્ટાંતો - [૧૫૩,૧૫૪] લોકમાં (૧) ક્ષીર અને ક્ષીર [દુધ] (૨) દુધ-પયસ્, પીલુ-ક્ષીર (૩) ગોક્ષીર-મહિષક્ષીર-અજાક્ષીર, (૪) ઘટ-પટ-કટ-શકટ-રથ એ ચાર દૃષ્ટાંત અનુક્રમે જાણવા. આ જ ચતુર્ભંગીને આધાકર્મને વિશે જેમ સંભવે તેમ બે ગાથા વડે યોજે છે –*

*[૧૫૫,૧૫૬] આધાકર્માદિનું જે દ્વિરુક્તાદિ કરવું તે પહેલો ભંગ, શક્ર અને ઈન્દ્રની જેમ આધાકર્મ - અધઃકર્મ જે બોલવું તે બીજો ભંગ, અશનાદિ ચાર નામો આધાકર્મ સહિત બોલવમાં આવે તે ત્રીજો ભંગ, આધાકર્મને આશ્રીને છેલ્લો ભંગ નિશ્ચે શૂન્ય જ છે. [૧૫૭] જેમ પુરંદરાદિ શબ્દો ઈન્દ્રના અર્થનું ઉલ્લંઘન કરતા નથી તેમ અધઃકર્માદિ શબ્દો આધાકર્મના અર્થનું ઉલ્લંઘન*



*કરતા નથી. [૧૫૮] આધાકર્મ વડે આત્માને નીચે કરે છે કેમકે તે પ્રાણ અને ભૂતોને હણે છે. જેથી આધાકર્મગ્રાહી પરકર્મને આત્મકર્મ કરે છે.*

**● વિવેચન-૧૫૧ થી ૧૫૮ :-**

[૧૫૧] અહીં કોઈ પ્રશ્ન કરે કે આધાકર્માદિ ચારે નામોમાં વ્યંજનમાં જેમ વિવિધતા છે, તેમ અર્થમાં છે કે નહીં? કેમકે આધાકર્માદિ સર્વે નામોની વ્યુત્પત્તિ જુદી જુદી કહી છે. - x - x - તો ઘટ, પટ, શકટની જેમ પ્રવૃત્તિનું નિમિત્ત પણ પૃથક્ - પૃથક્ છે? કે ઘટ, કળશ, કુંભની જેમ ભિન્ન નથી? તેના ઉત્તરમાં સામાન્ય નામ વિષયક ચૌભંગી છે –

[૧૫૨] આ જગત્‌માં પ્રવર્તતા કેટલાંક નામો એક અર્થવાળા અને એક વ્યંજનવાળા જોવામાં આવે છે ઈત્યાદિ ગાથાર્થ મુજબ કહેવું. તેથી આ ચૌભંગીના લૌકિક દૃષ્ટાંતો બે ગાથામાં કહે છે – [૧૫૩ થી ૧૫૬] (૧) જેમ કોઈ એક ઘેર ગાય આદિના દુધના વિષયમાં 'ક્ષીર' નામ પ્રવર્તે છે, અન્ય અન્ય ઘેર પણ તેમજ હોય ત્યારે બધાં એક અર્થવાળા અને એક વ્યંજનવાળા પ્રાપ્ત થાય. (૨) તેને બદલે દુધ, પયસ્, ક્ષીર એ નામોમાં અર્થ એક છે, પણ વ્યંજન જુદા છે. (૩) ગાય, ભેંસ, બકરીના દુધમાં દુધ શબ્દ વ્યંજનથી સમાન છે, પણ અર્થમાં બધાં દુધ જુદા છે. (૪) ઘટ, પટ, કટ, શકટ, રથ નામો અર્થ અને વ્યંજન બંનેથી જુદા જુદા છે.

આ જ ચતુર્ભંગીને આધાકર્મને વિશે જેમ સંભવે તેમ બે ગાથા વડે યોજે છે – (૧) એક વસતિમાં અશનના વિષયમાં કોઈ આધાકર્મ એવું નામ કહે, બીજે સ્થાને પણ આધાકર્મ કહે ઈત્યાદિ, તો તે બધે એક અર્થવાળા અને એક વ્યંજનવાળા છે. (૨) જો આધાકર્મ, અધઃકર્મ આદિ શબ્દો પ્રયોજે તો તે બીજો ભંગ થાય. (૩) અશનાદિને આધાકર્મ શબ્દથી વ્યવધાનવાળા બોલાય જેમકે અશન આધાકર્મ, પાન આધાકર્મ તો તે ત્રીજા ભંગમાં આવે. (૪) આધાકર્મમાં અર્થ અને વ્યંજન બંને જુદા જુદા હોય તેવો ભંગ નિશ્ચે કરીને શૂન્ય થાય. છતાં કોઈ અશન આધાકર્મ, પાન અધઃકર્મ, ખાદિમ આત્મઘ્ન, સ્વાદિમ આત્મકર્મ એવું બોલે તો ચોથો ભંગ સંભવે છે.

અહીં બીજા ભંગની ભાવનાને કહે છે – [૧૫૭,૧૫૮] ઈન્દ્રાર્થ, ઈન્દ્રાર્થ-દેવના રાજા રૂપી ઈન્દ્ર શબ્દના અર્થને, પુરંદરાદિ શબ્દો ઉલ્લંઘતા નથી. તેમ અધઃકર્માદિ શબ્દો આધાકર્મને ઉલ્લંઘતા નથી. આધાકર્મ શબ્દવાચ્ય જે ઓદનાદિ જે દોષ વડે દૂષિત થયું હોય તે જ દોષ વડે દૂષિત તે ઓદન આદિને જ અધઃકર્માદિ શબ્દો પણ કહે છે –

ભોજન કરાતા આધાકર્મ વડે જે કારણે વિશુદ્ધ અને અતિ શુદ્ધ એવા સંયમાદિ સ્થાનોથી ઉતરીને આત્માને નીચે કરે છે, તે જ કારણોથી તે આધાકર્મ અધઃકર્મ કહેવાય છે. જે કારણે આધકર્મભોજી પરમાર્થથી બે ઈન્દ્રિયાદિ જીવો તથા વનસ્પતિકાયને હણે છે, તે નિશ્ચયથી ચારિત્રાદિ રૂપ આત્માને હણે છે, માટે આત્મઘ્ન કહેવાય. જે કારણે આધાકર્મને ગ્રહણ કરતો રાંધનાર આદિ પર સંબંધી જે કર્મોનો

પોતાનું પણ કરે છે, તેથી તે આધાકર્મ આત્મકર્મ કહેવાય છે. આ રીતે અધઃકર્માદિ શબ્દો આધાકર્મને ઉલ્લંઘતા નથી, માટે બીજા ભંગમાં આવે છે.

હવે कस्स वावि અવયવની વ્યાખ્યા કરે છે –

**● મૂલ-૧૫૯ :-**

***કોને માટે કરેલું આધાકર્મ કહેવાય ? નિયમા સાધર્મિકને માટે કર્યું હોય તે આધાકર્મ કહેવાય. તેથી સાધર્મિકની પ્રરૂપણા કરવી જોઈએ.***

**● વિવેચન-૧૫૯ :-**

ગાથાર્થ કહ્યો છે. હવે સાધર્મિકની પ્રરૂપણા કરે છે –

**● મૂલ-૧૬૦ થી ૧૬૩ :-**

***[૧૬૦] નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, પ્રવચન, લિંગ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, અભિગ્રહ અને ભાવ એ બાર પ્રકારે સાધર્મિક હોય છે. [૧૬૧ થી ૧૬૩] બારે શબ્દોની વ્યાખ્યા છે, જે વિવેચનમાં નોંધી જ છે.***

**● વિવેચન-૧૬૦ થી ૧૬૩ :-**

નામ સાધર્મિક, સ્થાપના સાધર્મિક, દ્રવ્ય સાધર્મિક ઈત્યાદિ બાર પ્રકારે સાધર્મિક ગાથાર્થ મુજબ કહેવા. તેની જ વ્યાખ્યા કરે છે –

(૧) નામ સાધર્મિક - વિવક્ષિત સાધુનું જે નામ હોય તે જ નામ જ્યારે બીજા પણ સાધુનું હોય ત્યારે તે બંને નામ સાધર્મિક કહેવાય.

(૨) સ્થાપના સાધર્મિક - કાષ્ઠ આદિની બનેલ પ્રતિમા હોય, તે બીજા જીવતા સાધુને માટે સ્થાપના સાધર્મિક થાય. જો કે આ સદ્‌ભાવ સ્થાપના છે, અક્ષ આદિને વિશે જે સાધુની સ્થાપના, તે અસદ્‌ભાવ સ્થાપના છે.

(૩) દ્રવ્યપણાના વિષયવાળો સાધર્મિક - જે ભવ્ય સાધર્મિકપણાને યોગ્ય હોય. તથા જે સાધર્મિક સાધુનું શરીર સિદ્ધશિલાની નીચે વગેરે સ્થળે જીવરહિત હોય તે ભવ્ય શરીરરૂપ અને અતીત સાધર્મિકના શરીરરૂપ હોવાથી દ્રવ્યસાધર્મિક કહેવાય.

(૪) ક્ષેત્ર વિષયક સાધર્મિક - સમાન દેશમાં ઉત્પન્ન થયેલા.

(૫) કાળ સાધર્મિક - સમાન કાળે સાધુ થયેલા હોય તે.

(૬) પ્રવચન સાધર્મિક - ચતુર્વિધ સંઘમાંના કોઈપણ.

(૭) લિંગ સાધર્મિક - રજોહરણ, મુખવસ્ત્રિકાદિ ઉપકરણથી સમાન.

(૮) દર્શન સાધર્મિક - સમાન દર્શનવાળો. દર્શન ત્રણ ભેદે – ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક. તેથી ક્ષાયિક દર્શન સાધર્મિક આદિ કહેવા.

(૯) જ્ઞાન સાધર્મિક - સમાન જ્ઞાનવાળો સાધુ હોય તે. જ્ઞાન પાંચ પ્રકારે – મતિ, શ્રુત આદિ. તેથી મતિજ્ઞાન સાધર્મિક આદિ પાંચ ભેદ.

(૧૦) ચારિત્ર સાધર્મિક - સમાન ચારિત્રવાળો સાધુ હોય તે. ચારિત્ર પાંચ ભેદે – સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિક, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત. તેથી



ચારિત્ર વડે સાધર્મિક આ પાંચ ભેદે ગણવા. મતાંતરથી ત્રણ ભેદે – ક્ષાયિક ચારિત્ર, ક્ષાયોપશમિક ચારિત્ર, ઔપશમિક ચારિત્ર. આ ત્રણ વડે સાધર્મિક હોય, જેમકે ક્ષાયિક ચારિત્ર સાધર્મિક આદિ.

(૧૧) દ્રવ્યાદિ વિષયક અભિગ્રહ – દ્રવ્યાભિગ્રહ, ક્ષેત્રાભિગ્રહ, કાલાભિગ્રહ, ભાવાભિગ્રહ. તે દ્વારા સાધર્મિકો, જેમકે દ્રવ્યાભિગ્રહ સાધર્મિક.

(૧૨) ભાવના વડે સાધર્મિક - ભાવના બાર ભેદે – અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, સંસાર, કર્માશ્રવ, સંવર, નિર્જરા, લોકવિસ્તાર અને જિનપ્રણીતધર્મ. તેથી અનિત્યભાવના સાધર્મિકાદિ બાર ભેદ.

હવે તે-તે સાધર્મિકોને આશ્રીને કલ્પ્ય અને અકલ્પ્ય વિધિ –

**● મૂલ-૧૬૪ થી ૧૮૧ :-**

***[૧૬૪] ગૃહી કે અગૃહસ્થ જેટલા દેવદત્ત હોય તેમને હું દાન આપું, એમ કોઈ સંકલ્પ કરે તો દેવદત્ત સાધુને ન કલ્પે. ગૃહી દેવદત્તનો સંકલ્પ હોય તો દેવદત્ત સાધુને કલ્પે. [૧૬૫] એ જ પ્રમાણે મિશ્ર અને અમિશ્ર એવા પાખંડીમાં વિકલ્પ જાણવો. તે જ પ્રમાણે શ્રમણોને વિશે વિકલ્પ કરવો પરંતુ અસદૃશ નામવાળા પણ સંયતોને તો ન જ કલ્પે.***

***[૧૬૬] નિશ્રા કે અનિશ્રા વડે જે કર્યું તે સ્થાપના સાધર્મિકના વિષયમાં વિભાષા. દ્રવ્ય સાધર્મિકમાં મૃત શરીરને માટે કરેલ ભોજન જો નિશ્રા વડે કર્યું હોય તો ન કલ્પે, અનિશ્રામાં પણ લોકનિંદાથી વર્જવું.***

***[૧૬૭] જેમ નામ સાધર્મિકમાં પાખંડી, શ્રમણ, ગૃહી, અગૃહી, નિર્ગ્રન્થની વિભાષા કહી, તેમ જ ક્ષેત્ર અને કાળમાં જાણવું.***

[પ્રવચન આદિ બાકીના સાત પદોમાં ચતુર્ભંગી કહી છે, તે આ પ્રમાણે –]

***- [૧૬૮] - દશમી પ્રતિમાધારી શિખાવાળા શ્રાવકો પ્રવચનથી સાધર્મિક પણ લિંગ વડે નહીં. સર્વે નિહ્નવો લિંગ વડે સાધર્મિક પણ પ્રવચનથી નહીં. [૧૬૯] - વિસદૃશ સમકિતયુક્ત પ્રવચનથી સાધર્મિક પણ દર્શથી નહીં. તીર્થંકર, પ્રત્યેકબુદ્ધ દર્શન સાધર્મિક, પ્રવચનથી નહીં. - [૧૭૦] - એ જ પ્રમાણે પ્રવચનની સાથે જ્ઞાન અને ચારિત્ર પણ જાણવા. પ્રવચનથી સાધર્મિક હોય, અભિગ્રહથી ન હોય તે શ્રાવક અને સાધુ છે. - [૧૭૧] - અભિગ્રહથી સાધર્મિક પણ પ્રવચનથી નહીં તે નિહ્નવ, તીર્થંકર, પ્રત્યેકબુદ્ધ. એમ જ પ્રવચન અને ભાવનાની ચૌભંગી જાણવી. હવે બાકીની કહું છું.***

***- [૧૭૨] - એમ જ લિંગ આદિ પદને વિશે પણ એક એક પદ વડે કરીને પછીના પદો લઈ જવા. સદૃશ ભંગો છોડીને બાકીના ભંગો આ પ્રમાણે જાણવા. - [૧૭૩] - લિંગથી સાધર્મિક, દર્શનથી નહીં. તે જુદા જુદા દર્શનવાળા સાધુ અને નિહ્નવ જાણવા. બીજા ભંગમાં પ્રત્યેકબુદ્ધો અને તીર્થંકરો જાણવા. - [૧૭૪] - લિંગ વડે સાધર્મિક, અભિગ્રહ વડે નહીં, તે અભિગ્રહ રહિત કે સહિત***

*સાધુ, શ્રાવક જાણવા. બીજા ભંગમાં પ્રત્યેકબુદ્ધ અને તીર્થંકરો જાણવા. - [૧૭૫] - એ પ્રમાણે લિંગની સાથે ભાવના કહેવા.*

*- [૧૭૫] - દર્શન અને જ્ઞાનમાં પહેલા ભંગમાં ભિન્ન જ્ઞાનવાળા સાધુ અને શ્રાવક જાણવા, એ જ પ્રમાણે બીજો ભંગ જાણવો. - [૧૭૬] - દર્શન અને ચારિત્રમાં પહેલો ભંગ-શ્રાવક અને સાધુ, બીજો ભંગ અસમાન દર્શનવાળા યતિઓ. હવે દર્શન અને અભિગ્રહ વિશે ઉદાહરણને હું કહીશ. - [૧૭૭] - વિવિધ અભિગ્રહવાળા શ્રાવક અને યતિ એ પહેલો ભંગ, બીજો પણ તે જ છે. —૦— એ જ પ્રમાણે ભાવના ભાવવી —૦— એ જ પ્રમાણે જ્ઞાનની સાથે પણ ચૌભંગી જાણવી. હવે હું ચારિત્રને કહીશ. - [૧૭૮] - વિભિન્ન અભિગ્રહવાળા યતિઓ તે પહેલો ભંગ, નિહ્નવ શ્રાવક તથા યતિએ બીજો ભંગ. —૦— એ જ રીતે ભાવના વિશે પણ જાણવું. હવે છેલ્લા બે ભંગની ચૌભંગી કહીશ.*

*- [૧૭૯] - પહેલાં અને બીજા ભંગને વિશે યતિ, શ્રાવક અને નિહ્નવ હોય. સામાન્ય કેવલી માટે અને તીર્થંકરને માટે કરેલું અનુક્રમે ન કલ્પે અને કલ્પે. - [૧૮૦] - પ્રત્યેકબુદ્ધ, નિહ્નવ, શ્રાવક, કેવલી, સામાન્ય સાધુને આશ્રીને અને ક્ષાયિક ભાવને આશ્રીને ભંગોને જોડવા. - [૧૮૧] - પ્રવચન અને લિંગના વિષયમાં જેને વિશે ત્રીજો ભંગ છે, તેને ન કલ્પે. બાકીના ત્રણ ભંગોમાં ભજના જાણવી. તીર્થંકર કેવલીને માટે કરેલ કલ્પે, શેષ સાધુ માટે ન કલ્પે.*

● વિવેચન-૧૬૪ થી ૧૮૧ :-

[૧૬૪] કોઈ માણસ પોતાના પિતાના નિમિત્તે તેના નામની પ્રીતિને લીધે તેવા નામવાળાને દાન દેવા માટે સંકલ્પ કરે કે — દેવદત્ત નામે ગૃહી કે અગૃહીને મારે ભોજનાદિ રાંધીને આપવા. તો તે દેવદત્ત સાધુને ન કલ્પે પણ જો દેવદત્ત નામક ગૃહસ્થને દાન દેવાનો સંકલ્પ કરે તો તેમને યોગ્ય ભોજનાદિ સાધુને કલ્પે. કેમકે ત્યાં સાધુનો સંકલ્પ નથી.

[૧૬૫] પાખંડીને આશ્રીને મિશ્ર અને અમિશ્રમાં પૂર્વોક્ત પ્રકારે વિકલ્પ કરવો. અહીં સામાન્ય સંકલ્પવાળા મિશ્ર કહેવાય. પણ નક્કી કરેલ સંકલ્પ વિષયવાળા અમિશ્ર કહેવાય. જેમકે સરજસ્ક પાખંડી, દેવદત્ત નામે બૌદ્ધ. પણ દેવદત્ત અને પાખંડી એવા મિશ્ર સંકલ્પમાં દેવદત્ત સાધુને ન કલ્પે પણ જો સંકલ્પ અમિશ્ર હોય, જેમકે — દેવદત્ત નામે સરજસ્ક પાખંડી, તો દેવદત્ત સાધુને કલ્પે. મિશ્ર અને અમિશ્ર પાખંડી માફક શ્રમણમાં પણ વિકલ્પ કરવો. કેમકે શાક્યાદિ પણ શ્રમણ કહેવાય. દેવદત્ત નામે શ્રમણને આપવાના સંકલ્પમાં દેવદત્ત સાધુને ન કલ્પે કેમકે મિશ્ર સંકલ્પ છે. સાધુ સિવાયના સર્વે દેવદત્ત શ્રમણો કહ્યા હોય તો આપીશ, એમ અમિશ્ર સંકલ્પ હોય તો દેવદત્ત સાધુને કલ્પે. પરંતુ સંયત નિર્ગ્રન્થોમાં તો બીજા નામવાળાને આશ્રીને સંકલ્પ કરતા દેવદત્તાદિ નામવાળા સાધુને ન કલ્પે. કેમકે ભગવંતની તેવી આજ્ઞા છે. પરંતુ તીર્થંકર અને પ્રત્યેકબુદ્ધના સંકલ્પ વડે કર્યું હોય તો તે દેવદત્તાદિ સાધુને



કલ્પે. કેમકે તીર્થંકરાદિનું સંઘાતીતપણું છે. સંઘમાં વર્તતા સાધુ સાથે તેમનું સાધર્મિકપણું નથી.

[૧૬૬] કોઈ ગૃહસ્થ પ્રવ્રજ્યા લીધેલા પિતાદિના સ્નેહથી તેની મૂર્તિ કરાવીને તેની પાસે ધરવા નિશ્રાથી કે અનિશ્રાથી બલિ નીપજાવે. નિશ્રાકૃત્ - રજોહરણાદિ વેશધારી મારા પિતા જેવા સાધુ છે, તેમને હું દાન આપીશ, એમ સંકલ્પથી બલિ નીપજાવે. અનિશ્રાકૃત્ - કોઈનો સંકલ્પ કર્યા વિના જ ધરવા માટે બલિ નીપજાવે. તેમાં નિશ્રાકૃત્ હોય તો સાધુને ન કલ્પે, અનિશ્રાકૃત્ હોય તો કલ્પે. જો કે તેમાં પ્રવૃત્તિ દોષ આવે.

દ્રવ્ય સાધર્મિકના વિષયમાં તત્કાળ મૃત સાધુનું શરીર, તેની પાસે ધરવા જે અશનાદિ તેના પુત્રાદિએ કર્યા તે મૃતતનુભક્ત કહેવાય. તેમાં પણ પૂર્વવત્ નિશ્રાકૃત્ અને અનિશ્રાકૃત્ બે ભેદ છે. તેમાં નિશ્રાકૃત્ તો ન જ કલ્પે. અનિશ્રાકૃત્ કલ્પે ખરું, પણ તે ગ્રહણ કરવાથી લોકમાં નિંદા પ્રવર્તે છે — “અહો ! આ ભિક્ષુક તો મૃતતનુભક્ત પણ તજતા નથી. તેથી સાધુ તેનો પણ ત્યાગ કરે. હવે ક્ષેત્ર અને કાલ સાધર્મિક.

[૧૬૭] નામ સાધર્મિકની માફક જ પાખંડી આદિની વિભાષા કરવી. તેમાં ક્ષેત્ર એટલે સૌરાષ્ટ્ર આદિ દેશ, કાલ એટલે દિવસ, પોરસિ આદિ. ક્ષેત્ર - સૌરાષ્ટ્રમાં ઉત્પન્ન પાખંડીને મારે આપવું, તો સૌરાષ્ટ્રના સાધુને ન કલ્પે. બીજે ઉત્પન્ન હોય તો કલ્પે ઈત્યાદિ બધું નામ સાધર્મિક માફક જ કહેવું. [વૃત્તિમાં વિસ્તાર છે, અમે પુનરુક્તિ છોડી દીધેલ છે.]

કાલ સાધર્મિકને આશ્રીને પણ ભાવના કરવી — “વિવક્ષિત દિને ઉત્પન્ન થયેલ પાખંડીને મારે દાન આપવું છે” એમ સંકલ્પ કરે ત્યારે તે જ દિવસે ઉત્પન્ન સાધુને પણ ન કલ્પે. ઈત્યાદિ બધું પૂર્વવત્.

પ્રવચન, લિંગ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, અભિગ્રહ, ભાવના આ સાત પદમાં દ્વિકસંયોગી ૨૧-ભંગો થાય છે. તે આ રીતે — (૧) પ્રવચન અને લિંગ, (૨) દર્શન સાથે, (૩) જ્ઞાન સાથે એ પ્રમાણે (૪) ભાવના સાથે. એ રીતે લિંગના દર્શનાદિ સાથે પાંચ ભંગો. દર્શનના જ્ઞાનાદિ સાથે ચાર ભંગો. જ્ઞાનના ચારિત્રાદિ સાથે ત્રણ ભંગો. ચારિત્રના અભિગ્રહાદિ સાથે બે ભંગો અને અભિગ્રહનો ભાવના સાથે એક ભંગ એમ કુલ-૨૧. આ પ્રત્યેકમાં એકૈક ચતુર્ભંગી. જેમકે - પ્રવચનથી સાધર્મિક, લિંગથી નહીં. લિંગથી સાધર્મિક પણ પ્રવચનથી નહીં. બંનેથી સાધર્મિક. બંનેથી સાધર્મિક નહીં.

[૧૬૮] -૧- પ્રવચનથી સાધર્મિક, લિંગથી નહીં. અવિરત સમકિતીથી શ્રાવકની દશમી પ્રતિમાને પ્રાપ્ત શ્રાવકો પહેલાં ભંગમાં આવે. સશિખા - કેશ સહિત. તેઓ પ્રવચનથી સાધર્મિક છે પણ લિંગથી નથી. ૧૧-મી પ્રતિમા વાળા કેશ રહિત હોય. તેથી લિંગથી સાધર્મિક હોવાથી તેને વર્જેલ છે. -૨- લિંગથી સાધર્મિક, પ્રવચનથી નહીં - તે નિહ્નવો. તેઓ પ્રવચન બાહ્ય હોવાથી પ્રવચનથી સાધર્મિકપણું નથી, પણ

વેશ હોવાથી લિંગ સાધર્મિક છે. વળી નિહ્નવ બે ભેદે — લોકમાં પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ. તેમાં અહીં પ્રસિદ્ધ લેવા. અહીં બધે જ પહેલાં બે ભંગ કહેવાથી બાકીના બે ભંગ શ્રોતા સ્વયં સમજશે, એમ માની નિર્યુક્તિકારે બતાવેલા નથી. -૩- બંનેથી સાધર્મિક, તે સાધુ અને ૧૧-મી પ્રતિમાધારી શ્રાવક. -૪- બંનેથી નહીં તે તીર્થંકર, પ્રત્યેક બુદ્ધ.

બીજી ચૌભંગી - પ્રવચન અને દર્શનથી. જેમકે -૧- પ્રવચનથી સાધર્મિક પણ દર્શનથી નહીં. ઈત્યાદિ ચાર. તેમાં પહેલાં બે કહે છે.

[૧૬૯] કેટલાંક સાધુ કે શ્રાવકોને ક્ષાયોપશમિક દર્શન હોય. બીજા કેટલાંકને ઔપશમિક કે ક્ષાયિક દર્શન હોય. તેઓ પરસ્પર પ્રવચનથી સાધર્મિક છે, દર્શનથી નથી. -૨- દર્શનથી સાધર્મિક, પ્રવચનથી નહીં, તે તીર્થંકર કે પ્રત્યેકબુદ્ધ. -૩- બંનેથી સાધર્મિક, સાધુ કે શ્રાવકો -૪- બંનેથી સાધર્મિક નહીં, જેમકે - તીર્થંકર, પ્રત્યેકબુદ્ધ અને નિહ્નવ. તેમાં તીર્થંકર અને પ્રત્યેકબુદ્ધ ભિન્ન દર્શનવાળા છે. નિહ્નવો તો મિથ્યાદૃષ્ટિ જ છે.

હવે ત્રીજી ચૌભંગી - પ્રવચન અને જ્ઞાનની છે. ચોથી - પ્રવચન અને ચારિત્રની છે. તેનો અતિદેશ કરતાં કહે છે —

[૧૭૦] પ્રવચનની સાથે દર્શનની ચૌભંગી કહી. તેમ જ્ઞાન અને ચારિત્ર પણ સાથે જાણવું. જેમકે - પ્રવચનથી સાધર્મિક પણ જ્ઞાનથી નહીં, ઈત્યાદિ. ભંગ — (૧)માં સાધુ અને શ્રાવકો, જે ભિન્ન જ્ઞાનવાળા હોય તે લેવા. શેષ બધું કથન દર્શનની ચૌભંગી મુજબ જાણવું. તથા (૧) પ્રવચનથી સાધર્મિક પણ ચારિત્રથી સાધર્મિક ન હોય. તેમાં અસમાન ચારિત્રવાળા સાધુ લેવા અને શ્રાવકો તો અવિરતિ કે દેશ વિરતિ હોવાથી ચારિત્રથી સાધર્મિકપણાનો અભાવ સ્પષ્ટ છે. શેષ સર્વ કથન દર્શનની ચૌભંગી મુજબ જ જાણવું.

હવે પાંચમી ચૌભંગી — પ્રવચનથી સાધર્મિક, અભિગ્રહથી નહીં. ઈત્યાદિ ચાર. —૦— છટ્ઠી ચૌભંગી ભાવનાની સાથે જાણવી. તે આ રીતે —

[૧૭૦,૧૭૧] પ્રવચનથી સાધર્મિક હોય, અભિગ્રહથી ન હોય. તેમાં પોતાનાથી ભિન્ન અભિગ્રહવાળા શ્રાવકો અને સાધુઓ જાણવા. શેષ સર્વ કથન પ્રવચન અને દર્શનની ચૌભંગી અનુસાર જ વૃત્તિકારે નોંધેલ છે, તે જાણવું.

પ્રવચન અને ભાવના. (૧) પ્રવચનથી સાધર્મિક પણ ભાવનાથી ન હોય, તે સાધુ અને શ્રાવક જુદી જુદી ભાવનાવાળા જાણવા. શેષ કથન પ્રવચન અને દર્શન મુજબ જ ગોઠવી લેવું.

છ ચૌભંગી કહી. હવે બાકીની ચૌભંગી હું કહીશ.

[૧૭૨] લિંગ અને દર્શનાદિ પદોને વિશે દર્શન, જ્ઞાનાદિ પદોની સાથે જે ચૌભંગી છે, તેને પૂર્વે કહ્યા. પ્રમાણે કહેવી. ભાવાર્થ આ છે — લિંગ અને દર્શનના ચાર ભાંગા ઉદાહરણ સહિત કહેવાશે તેવા જ પ્રાયઃ ઉદાહરણ અપેક્ષાએ લિંગ અને



જ્ઞાનના, લિંગ અને ચરણના પણ ભાંગાઓ પણ હોય છે તેથી તેને છોડીને લિંગ અને દર્શન, લિંગ અને અભિગ્રહના ભેદોને કહીશ.

(૧) લિંગથી સાધર્મિક, દર્શનથી નહીં ઈત્યાદિ ચતુર્ભંગી. તે આ —

[૧૭૩] લિંગથી સાધર્મિક પણ દર્શનથી નહીં. તે ભિન્ન દર્શનવાળા અને નિહ્નવો જાણવા. નિહ્નવો મિથ્યાદૃષ્ટિ હોવાથી સાધર્મિક નથી. (૨) દર્શનથી સાધર્મિક પણ લિંગથી નહીં. તેમાં પ્રત્યેકબુદ્ધો અને તીર્થંકર તથા ૧૧-મી પ્રતિમાના ધારક સિવાયના સમાન દર્શનવાળા શ્રાવકો જાણવા.

લિંગ અને જ્ઞાનની ચૌભંગી-પ્રાયઃ લિંગ અને દર્શનની ચૌભંગી સમાન છે. વૃત્તિકારે નોંધી છે, પણ અમે પુનરુક્તિ કરેલ નથી.

લિંગ અને ચારિત્રની ચૌભંગી - આ પણ પૂર્વવત્ હોવાથી નિર્યુક્તિકારે નોંધેલ નથી. વૃત્તિકારશ્રીએ નોંધેલ છે, પણ અમે પુનરુક્તિ છોડી દીધી છે.

હવે લિંગ અને અભિગ્રહની ચૌભંગી. (૧) લિંગથી સાધર્મિક પણ અભિગ્રહથી નહીં ઈત્યાદિ ચાર ભંગો.

[૧૭૪] -૧- લિંગ વડે સાધર્મિક, અભિગ્રહ વડે નહીં. તે અભિગ્રહ રહિત કે ભિન્ન ભિન્ન અભિગ્રહવાળા યતિઓ, ૧૧-મી પ્રતિમાધારી શ્રાવકો જાણવા. ઉપલક્ષણથી નિહ્નવો પણ જાણવા. અહીં નિહ્નવ અને શ્રાવક માટે કરેલું યતિને કલ્પે. પણ યતિ માટે કરેલ ન કલ્પે. શેષ પૂર્વવત્.

હવે લિંગ અને ભાવનાની ચૌભંગી -૧- લિંગથી સાધર્મિક પણ ભાવનાથી નહીં. ઈત્યાદિ. તેના ઉદાહરણો અતિદેશથી કહે છે —

[૧૭૫] લિંગને વિશે અભિગ્રહ વડે કરેલા ભંગોના ઉદાહરણ માફક જ ભાવનાની સાથે ઉદાહરણો કહેવા. તે આ પ્રમાણે - લિંગથી સાધર્મિક હોય ભાવનાથી ન હોય. તે ભાવના રહિત કે જુદી જુદી ભાવનાવાળા સાધુ, ૧૧-મી પ્રતિમાવાળા શ્રાવકો અને નિહ્નવો જાણવા. અહીં શ્રાવક અને નિહ્નવ માટે કરેલું કલ્પે, પણ સાધુને માટે કરેલું ન કલ્પે. બાકીના ત્રણે ભંગો પૂર્વવત્ સમજી લેવા. આ રીતે લિંગવિષયક પાંચ ચૌભંગી કહી.

હવે દર્શનની જ્ઞાન સાથે ચૌભંગી. દર્શનથી સાધર્મિક પણ જ્ઞાનથી નહીં ઈત્યાદિ ચાર. તેમાં પહેલા બે ભંગને કહે છે.

દર્શનથી સાધર્મિક પણ જ્ઞાનથી નહીં, તેમાં ભિન્ન જ્ઞાનવાળા પણ સમાન દર્શનવાળા સાધુ અને શ્રાવકો જાણવા. (૨) જ્ઞાનથી સાધર્મિક પણ દર્શનથી નહીં, અહીં ભિન્ન દર્શન પણ સમાન જ્ઞાનવાળા લેવા. (૩) તે બંનેથી સાધર્મિક, (૪) તે બંનેથી સાધર્મિક નહીં.

દર્શન અને ચારિત્રની ચઉભંગીમાં પહેલાં બે ભંગ કહે છે.

[૧૭૬] દર્શનથી સાધર્મિક હોય પણ ચારિત્રથી ન હોય. તે સમાન દર્શનવાળા શ્રાવકો અને અસમાન ચારિત્રવાળા સાધુઓ જાણવા. અહીં શ્રાવક માટે કલ્પે, સાધુ

માટે કરેલ ન કલ્પે. બાકી દર્શન અને જ્ઞાનની ચૌભંગી મુજબ જાણવું. —૦— દર્શન અને અભિગ્રહની ચૌભંગી — (૧) દર્શનથી સાધર્મિક પણ અભિગ્રહથી નહીં. (૨) દર્શનથી સાધર્મિક નહીં પણ અભિગ્રહથી સાધર્મિક હોય ઈત્યાદિ ચાર. તેમાં પ્રથમ બે ભંગ કહે છે —

[૧૭૭] પહેલાં ભંગમાં સમાન દર્શન પણ જુદા જુદા અભિગ્રહવાળા શ્રાવક અને સાધુઓ લીધા. તેમાં શ્રાવક માટે કરેલ કલ્પે. સાધુ માટે કરેલું ન કલ્પે. (૨) બીજા ભંગમાં ફક્ત સાધુ અને શ્રાવક જે અસમાન દર્શનવાળા પણ સમાન અભિગ્રહવાળા લેવા. ઉપલક્ષણથી સમાન અભિગ્રહવાળા નિહ્નવો પણ લેવા. અહીં શ્રાવક અને નિહ્નવ માટે કરેલ કલ્પે, સાધુ માટે કરેલ ન કલ્પે.

હવે દર્શન અને ભાવનાની ચૌભંગી — (૧) દર્શનથી સાધર્મિક પણ ભાવનાથી નહીં ઈત્યાદિ. તેમાં પહેલાં બે ભંગના ઉદાહરણને અતિદેશથી કહે છે — દર્શન અને અભિગ્રહની માફક જ અહીં બધું કહેવું. જેમકે — અસમાન ભાવનાવાળા અને સમાન દર્શનવાળા શ્રાવક અને સાધુ જાણવા.

હવે જ્ઞાનની ચારિત્રાદિ સાથેની ત્રણ ચઉભંગી કહે છે.

જેમ દર્શનની ચઉભંગી કહી, તેમ જ્ઞાનની સાથે ચારિત્રાદિ પદોને આશ્રીને ત્રણ ચઉભંગી જાણવી. જેમકે જ્ઞાન અને ચારિત્રની પહેલી ચઉભંગી - જ્ઞાનથી સાધર્મિક હોય પણ ચારિત્રથી ન હોય ઈત્યાદિ ચાર. તેમાં સમાન જ્ઞાનવાળા શ્રાવકો તથા અસમાન ચારિત્રવાળા અને સમાન જ્ઞાનવાળા સાધુઓ જાણવા. અહીં શ્રાવકને માટે કરેલ કલ્પે, સાધુ માટે કરેલ ન કલ્પે. (૨) ચારિત્રથી સાધર્મિક અને જ્ઞાનથી ન હોય, તેમાં ભિન્ન જ્ઞાનવાળા અને અભિન્ન ચારિત્રવાળા સાધુઓ જાણવા. તેઓ માટે કરેલું ન કલ્પે.

હવે જ્ઞાન અને અભિગ્રહવાળી ચઉભંગી - જ્ઞાનથી સાધર્મિક પણ અભિગ્રહથી નહીં ઈત્યાદિ ચાર. તેમાં ભંગ-૧-માં સમાન જ્ઞાનવાળા પણ અસમાન ભાવવાળા સાધુ અને શ્રાવક કહેવા. (૨) અસમાન જ્ઞાનવાળા અને સમાન ભાવનાવાળા સાધુ અને શ્રાવક તથા સમાન ભાવવાળા નિહ્નવો જાણવા. કલ્પ્યાકલ્પ્યની ભાવના પૂર્વવત્ છે.

હવે ચારિત્રની સાથે બે ચૌભંગી — બે ચઉભંગી થાય, તે આ — (૧) ચારિત્ર અને અભિગ્રહની - જેમાં ચારિત્રથી સાધર્મિક હોય, અભિગ્રહથી ન હોય. ઈત્યાદિ ચાર. તેમાં પહેલા બે ભંગ કહે છે —

[૧૭૮] ચારિત્રથી સાધર્મિક પણ અભિગ્રહથી નહીં એ પહેલો ભંગ છે. તેમાં સમાન ચારિત્રવાળા અને અસમાન અભિગ્રહવાળા સાધુ જાણવા. તેઓ માટે કરેલ ન કલ્પે. (૨) અભિગ્રહથી સાધર્મિક પણ ચારિત્રથી નહીં તેમાં અસમાન ચારિત્રિ સાધુ અને સમાન અભિગ્રહવાળા નિહ્નવો અને શ્રાવકો જાણવા. શ્રાવક અને નિહ્નવ માટે કરેલું કલ્પે, સાધુ માટેનું ન કલ્પે.

હવે ચારિત્ર અને ભાવનાની ચઉભંગી. જેમાં કહે છે કે જે પ્રમાણે ચારિત્રની સાથે અભિગ્રહમાં કહ્યું, તેમજ ભાવના વિશે પણ કહેવું. [અમે તેનો વિસ્તાર કરતાં નથી. વૃત્તિકારે કરેલ છે.]



હવે અભિગ્રહ અને ભાવનાની એક ચઉભંગી કહે છે — (૧) અભિગ્રહથી સાધર્મિક પણ ભાવનાથી નહીં. (૨) ભાવનાથી સાધર્મિક પણ અભિગ્રહથી નહીં. (૩) બંનેથી સાધર્મિક. (૪) બંનેથી સાધર્મિક નહીં. તેમાં પહેલાં બે ભંગનું ઉદાહરણ આપતા કહે છે —

[૧૭૯] -૧- અભિગ્રહથી સાધર્મિક પણ ભાવનાથી ન હોય. આમાં સમાન અભિગ્રહવાળા પણ અસમાન ભાવનાવાળા જાણવા. -૨- સમાન ભાવનાવાળા પણ અસમાન અભિગ્રહવાળા જાણવા. -૩- અભિગ્રહ અને ભાવના બંનેથી સાધર્મિક હોય, તે સમાન ભાવના અને અભિગ્રહવાળા સાધુ, શ્રાવક, નિહ્નવ જાણવા. -૪- અભિગ્રહથી સાધર્મિક નહીં, ભાવનાથી, પણ સાધર્મિક નહીં. - X - ચારેમાં શ્રાવક અને નિહ્નવ માટે કરેલું કલ્પે સાધુ માટે કરેલ ન કલ્પે. —૦—

હવે કેવલી અને તીર્થંકરનું કલ્પ્યાકલ્પ્ય —

કેવલજ્ઞાની સામાન્ય સાધુ માટે કરેલ કહેતાં શેષ સાધુ પણ લેવા. તીર્થંકર માટે કહેવાથી પ્રત્યેકબુદ્ધ પણ લેવા. તેથી શેષ સાધુ માટે કરેલું ન કલ્પે, પણ તીર્થંકર અને પ્રત્યેકબુદ્ધ માટે કરેલું કલ્પે.

જેમને આશ્રીને પૂર્વોક્ત ૨૧-ભંગો સંભવે છે, તે કહે છે —

[૧૮૦] પ્રત્યેકબુદ્ધોને, નિહ્નવોને, શ્રાવકોને, તીર્થંકરોને, શેષ સાધુઓને આશ્રીને તથા ક્ષાયિક-ક્ષાયોપશમિક - ઔપશમિક સમ્યક્ત્વને તથા વિવિધ જ્ઞાનો, ચારિત્રો, અભિગ્રહો અને ભાવનાઓને આશ્રીને ભંગોને જોડવા જોઈએ. તેમાં પ્રવચન અને લિંગની પહેલી ચઉભંગીને આશ્રીને વિશેષથી કલ્પ્યાકલ્પ્ય વિધિને કહે છે —

[૧૮૧] 'પ્રવચનથી અને લિંગથી બંનેમાં સાધર્મિક હોય' તેને વિશે ન કલ્પે. કેમકે પ્રત્યેકબુદ્ધ અને તીર્થંકર સિવાયના પ્રવચનથી અને લિંગથી બંને સાધર્મિક સાધુઓ છે. તેથી તેમને માટે કરેલું ન કલ્પે. ૧૧-મી પ્રતિમા વાહક શ્રાવક ત્રીજા ભંગમાં આવે છે, તો પણ તેને માટે કરેલું કલ્પે છે. બાકીના ત્રણ ભંગને વિશે ભજના જાણવી. હવે ચારે ભંગ માટે સામાન્યકથન —

તીર્થંકર કેવલી માટે કરેલ કલ્પે. જેને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હોય એવા જ તીર્થંકર પ્રાયઃ સર્વત્ર જગત્‌માં પ્રસિદ્ધ છે. પણ અપ્રસિદ્ધ તીર્થંકર માટે કરેલું ન કલ્પે એમ જણાવવા કેવલી શબ્દ લીધો. છદ્મસ્થાવસ્થામાં પણ તીર્થંકરપણે પ્રસિદ્ધ થયા હોય તો તેમના નિમિત્તે કરેલું કલ્પે છે. તીર્થંકરના ઉપલક્ષણથી અહીં પ્રત્યેકબુદ્ધ પણ લેવા. તેથી તેમને માટે કરેલું કલ્પે પણ બાકીના સાધુ માટે કરેલું ન કલ્પે. બાકીના ત્રણમાં ભજના કહી છે.

એ પ્રમાણે કલ્પ્યાકલ્પ્યનો વિધિ કહ્યો. [અમે અનુવાદમાં તે અતિ સંક્ષેપમાં રજૂ કર્યો છે.] 'कस्स वावि' પદનું વ્યાખ્યાન કર્યું. હવે 'किं वावि' પદનું વ્યાખ્યાન

કરવાને કહે છે –

● **મૂલ-૧૮૨ :-**

***તે આધાકર્મ શું છે ? એમ પૂછતા ગુરુ મહારાજ તેનું સ્વરૂપ કહેવા માટે તથા તેનો સંભવ દેખાડવાને અશનાદિકને કહે છે.***

● **વિવેચન-૧૮૨ :-**

તે આધાકર્મના સ્વરૂપને કહેવા તથા તે આધાકર્મના સંભવને દેખાડવા માટે અશન, પાન, ખાદિમ, સ્વાદિમને કહે છે. - x - આધાકર્મને જણાવવા – જે આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ સાધુને મરાટે કરેલા છે, એમ જાણવા કે સાંભળવામાં આવેલ હોય તો તે ભક્ત, પાન, સાધુને અકલ્પ્ય છે, તેથી દેનારને પોતે પ્રતિષેધ કરે કે – મારે તેવું કલ્પે નહીં. હવે અશનાદિકનું જ વ્યાખ્યાન કરે છે –

● **મૂલ-૧૮૩/૧નું વિવેચન :-**

શાલી વગેરે 'અશન' છે. 'अवट' ખાડો, ઉપલક્ષણથી વાવ, કુવો, તળાવ આદિ છે. કેમકે તેમાં રહેલ જળ તે 'પાન' છે. ફળ-નાળિયેર આદિ, ચિંચિણિકા, પુષ્પ તે 'ખાદિમ' છે. સુંઠ વગેરે 'સ્વાદિમ' છે.

અશનાદિ કહ્યા. હવે આધાકર્મરૂપ આ બધાંના ચાર ભંગો કહે છે.

● **મૂલ-૧૮૩/૨ :-**

***સાધુને માટે કરવાનો પ્રારંભ કર્યો અને નિષ્ઠિત કર્યું આદિ ચાર ભંગો થવા. તેમાં બે શુદ્ધ છે અને બે અશુદ્ધ છે.***

● **વિવેચન-૧૮૩/૨ :-**

સાધુને માટે કરવાનો આરંભ કર્યો તથા સાધુને માટે સર્વથા અચિત્ત કર્યુ. એ વિષયમાં ચાર ભંગો છે. (૧) સાધુ માટે આરંભ્યુ, તેમને માટે જ નિષ્ઠિત કર્યુ. (૨) સાધુ માટે આરંભી બીજાને માટે નિષ્ઠા પહોંચાડી. (૩) બીજા માટે કરવાનું આરંભ્યુ અને સાધુ માટે નિષ્ઠા પમાડ્યું. (૪) અન્યને માટે આરંભ્યુ અને અન્યને માટે નિષ્ઠા પમાડ્યું. પહેલો ભંગ કહ્યો. હવે બીજો કહે છે – સાધુને માટે આરંભ્યુ, પછી દાતારને સાધુવિષયક દાનના પરિણામનો અભાવ થવાની બીજા માટે નિષ્ઠા પમાડે૦ ઈત્યાદિ.

આ પ્રમાણે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ દરેકને વિષે ચાર ચાર ભંગ થાય છે. તેમાં બીજો અને ચોથો ભંગ સાધુને આસેવના યોગ્ય છે કેમકે સાધુ માટે નિષ્ઠિત કરેલ નથી. પહેલો અને ત્રીજો ભંગ અકલ્પ્ય છે. કેમકે નિષ્ઠા પ્રધાન છે, તે ન કલ્પે.

હવે અશનાદિરૂપ આધાકર્મ સંભવ :-

● **મૂલ-૧૮૪ થી ૧૮૯ :-**

***છ ગાથામાં એક કથાનક જ છે. જે વિવેચનમાં કહેલ છે.***

● **વિવેચન-૧૮૪ થી ૧૮૯ :-**

સંકુલ નામે ગામ, જિનદત્ત શ્રાવક, જિનમતિ નામે તેની પત્ની છે. તે ગામમાં કોદરા અને રાલક ઘણાં ઉત્પન્ન થાય છે. તેથી સાધુને પણ તે જ બધે મળે છે. વસતિ



પણ કલ્પ્ય છે. તે વસતિમાં સ્વાધ્યાય પણ વિઘ્નરહિત વૃદ્ધિ પામે છે. કેવળ શાલિનો ઓદન પ્રાપ્ત થતો નથી. તેથી કોઈપણ આચાર્ય ભગવંત સમુદાય સહિત ત્યાં રહેતા નથી.

કોઈ વખતે સંકુલ ગામની પાસે ભદ્રિલ ગામમાં કોઈ આચાર્ય પધાર્યા. તેમણે સંકુલ ગામની પ્રત્યુપેક્ષણા કરવા સાધુને મોકલ્યા. સાધુ પણ ત્યાં જઈ આગમાનુસાર જિનદત્ત શ્રાવક પાસે વસતિ માંગી. ત્યાં રહ્યા. ભિક્ષાટન અને બહિર્ભૂમિ ઈત્યાદિ વડે ગામની પ્રત્યુપેક્ષણા કરી. જિનદત્તે પણ યથાવિધિ બધાને વાંદીને મહત્તરકને પૂછ્યું – ક્ષેત્ર પસંદ પડ્યું ? સાધુ બોલ્યા – ''વર્તમાન યોગ''. જિનદત્તને થયું, બીજા પણ આવે છે, પરંતુ કોઈ સાધુ અહીં રહેતા નથી, કારણ શું ? કોઈ સરળ સાધુને પૂછતાં જાણ્યું કે – બધાં ગુણ છે, પણ આચાર્યને યોગ્ય શાલિ ઓદન નથી મળતો. તે જાણી જિનદત્તે શાલી વાવ્યા. ઘણાં શાલી નીપજ્યા.

કોઈ આચાર્ય પધાર્યા. આચાર્ય ભગવંત પધારે એવી આશાએ સાધુને શાલિ ઓદન વહોરાવવા વિચાર્યુ, સર્વે સ્વજનને ત્યાં શાલિ મોકલ્યા. જેથી સાધુને આધાકર્મની શંકા ન આવે. એષણા સમિતિ સહિત ભિક્ષાટન કરતા સાધુઓએ બાળકોના વચનો સાંભળ્યા, કે આ તે સાધુઓ છે – જેના કારણે અમારા ઘેર શાલિઓદન રંધાયા છે. ઈત્યાદિ વચનો સ્થાને-સ્થાને અલગ પ્રકારે સાંભળ્યા. કોઈ દરિદ્ર બોલ્યો કે અમારે તો ''થક્કે થક્કાવડિય'' પ્રાપ્ત થયું. અર્થાત્ અવસરમાં અવસરને અનુસરતી વસ્તુ પ્રાપ્ત થઈ. - x - x - ત્યારે સાધુઓએ શંકા જતાં પૂછ્યું કે – ''બધે આ પ્રમાણે શાલિ-ઓદનની વાત કેમ સંભળાય છે ? સરળ લોકોએ કહી દીધું. આ પ્રમાણે નિશ્ચે આ શાલિ આધાકર્મ છે, એમ જાણીને તે સર્વે ઘરોનો ત્યાગ કરી, બીજા ઘરોમાં ભિક્ષા અટન કરવા લાગ્યા.

આ રીતે નિશ્ચે નિષ્કલંક સંયમ ઈચ્છનારે આધાકર્મ તજવું.

આધાકર્મી અશનનો સંભવ કહ્યો, હવે પાનનો કહે છે –

● **મૂલ-૧૯૦ :-**

***એ પ્રમાણે જ ખારા પાણીને વિશે જાણવું. તેમાં ભૂમિ ખોદી મીઠું પાણી કાઢી તે કૂવાને ત્યાં સુધી ઢાંકી રાખે, જ્યાં સુધી સાધુ આવે.***

● **વિવેચન-૧૯૦ :-**

કોઈ ગામમાં બધાં કૂવા ખારા પાણીના હતા અર્થાત્ આમળા જેવા પાણીવાળા હતા. ત્યાં પ્રત્યુપેક્ષણા માટે સાધુ આવ્યા. પૂર્વવત્ શ્રાવકે આદરસહિત ત્યાં રહેવાનું કહ્યું. તો પણ સાધુ ત્યાં ન રહ્યા. કોઈ સરળ સાધુએ કહી દીધું કે – આ ગામમાં સર્વે ગુણો છે પણ પાણી ખારુ છે માટે અમે રહેતા નથી. પછી શ્રાવકે મીઠા પાણીનો કૂવો ખોદાવ્યો. પછી તેને પાટિયા આદિથી ઢાંકી દીધો. જ્યારે સાધુ આવ્યા ત્યારે તેણે બધાંને ઘેર મીઠું પાણી મોકલી દીધું, જેથી આધાકર્મની શંકા ન રહે. પૂર્વવત્ બાળકોના વચનથી તે વાત જાણી, આધાકર્મી પાણીને કારણે તે ગામનો ત્યાગ કર્યો.

આ રીતે નિશ્ચે આધાકર્મ પાનકનો સંભવ દેખાય, ત્યાં ત્યાગ કરવો.

—૦— હવે ખાદિમ અને સ્વાદિમ આધાકર્મ —

● મૂલ-૧૯૧ :-

*કાકડી, કેરી, દાડમ, દ્રાક્ષ, બીજોરુ આદિ ખાદિમને વિશે તથા ત્રિકટુ આદિ સ્વાદિમને વિશે અધિકરણ-પાપનું કરવું થાય છે.*

● વિવેચન-૧૯૧ :-

જો કોઈ ખાદિમ માટે કાકડી આદિ વાવે, સ્વાદિમ માટે સુંઠ, પીપર આદિ વાવે, તો અશન, પાનની જેમ અધિકરણ-પાપક્રિયા થાય છે.

● મૂલ-૧૯૨ :-

*અશનાદિ ચારેમાં જે આમ-કાચું હોય તેને સાધુને ગ્રહણ કરવા લાયક કરવું તે નિષ્ઠિત જાણવું, જે પકાવવા આરંભેલ હોય તે કૃત જાણવું.*

● વિવેચન-૧૯૨ :-

आम - અપરિણત, અચિત્ત ન થયેલ. તેને પ્રાસુક-સચિત્ત કરવું તે. નિષ્ઠિત જાણવું. અચિત્ત કરવાને આરંભેલ તે કૃત્ જાણવું.

● મૂલ-૧૯૩ :-

*ત્રણ વખત અત્યંત ખાંડવું જેનું થાય તે કંડિત ચોખા નિષ્ઠિત કહેવાય. એક-બે વાર ખાંડ્યા હોય તે કૃત કહેવાય. નિષ્ઠિત અને કૃત એવો જે કૂર તે બમણું આધાકર્મ કહેવાય છે.*

● વિવેચન-૧૯૩ :-

તંદુલ, પહેલાં સાધુને માટે વાવ્યા, પછી સાળ રૂપ થયા. પછી તેને ખાંડ્યા. કેવા પ્રકારે ? ત્રિગુણ - ત્રણવાર. આવા તંદુલ નિષ્ઠિત કહેવાય. પણ વાવવાથી આરંભીને એક કે બે વાર ખાંડેલા તે કૃત કહેવાય. અથવા સાધુ માટે વાવ્યા ન હોય પણ ત્રણ વાર ખાંડ્યા હોય તો પણ નિષ્ઠિત કહેવાય. વૃદ્ધ સંપ્રદાય એવો છે કે — બે વાર સુધી સાધુ માટે ખાંડે, પણ ત્રીજીવાર પોતા માટે ખાંડી, પોતા માટે રાંધે તો તે સાધુને કલ્પે છે. બીજા મતે તેવા ઓદન પોતા માટે રાંધી એક જણ બીજાને આપે, તે અન્યને આપે, એમ હજાર સ્થાન સુધી જાય તો તે સાધુને કલ્પે. તે પહેલાં ન કલ્પે. બીજા મતે તો તે પણ ન કલ્પે. વળી જો બે વાર કે ત્રણ વાર પોતાના માટે ખાંડીને રાંધે સાધુને માટે તો તે ન કલ્પે.

જો એક કે બે વાર સાધુ કે પોતા માટે ખાંડે, ત્રીજીવાર સાધુ માટે જ ખાંડે અને તેના જ વડે સાધુ નિમિત્તે કૂર તૈયાર કર્યો હોય તો તે ‘‘નિષ્ઠિતકૃત’’ કહેવાય અર્થાત્ નિષ્ઠિત થયેલા આધાકર્મી તંદુલ વડે નિષ્પન્ન કર્યો - રાંધ્યો. તે સાધુને સર્વથા ન કલ્પે. કેમકે નિષ્ઠિતકૃતને તીર્થંકરાદિ બમણું આધાકર્મ કહે છે.

હવે અશનાદિ ચારે માટે કૃતનિષ્ઠિતપણાને કહે છે — વાવણીથી આરંભીને બે વખત ખાંડ્યા સુધી કૃત, ત્રીજી વાર ખાંડ્યુ તે નિષ્ઠિતપણું કહેવાય. પાણી-કૂવા



ખોદવાથી સર્વથા પ્રાસુક ન થાય ત્યાં સુધી કૃત અને પ્રાસુક થાય પછી નિષ્ઠિત. ખાદિમ-કાકડી આદિ વાવે, ઉગે, કાપે તેમાં જ્યાં સુધી પ્રાસુક ન થાય ત્યાં સુધી કૃત, પ્રાસુક થાય ત્યારે નિષ્ઠિત. એ પ્રમાણે સ્વાદિમમાં પણ જાણવું. સર્વ સ્થાને બીજો-ચોથો ભંગ શુદ્ધ ગણવા.

હવે ખાદિમ, સ્વાદિમને આશ્રીને બીજા મતને દૂર કરવા કહે છે —

● મૂલ-૧૯૪ થી ૧૯૮ :-

*[૧૯૪] ફલાદિને માટે વાવેલા વૃક્ષની છાયાને પણ કેટલાંક વર્જે છે, તે યોગ્ય નથી, કેમકે બીજા ભંગમાં તેનું ફળ પણ કલ્પે છે. [૧૯૫] બીજાના હેતુવાળી છાયા છે, તે છાયા વૃક્ષની જેમ કર્તાએ વૃદ્ધિ પમાડી નથી. છતાં આમ કહેનારને જ્યારે વૃક્ષની છાયા નષ્ટ થશે ત્યારે કલ્પશે. [૧૯૬] છાયા વૃદ્ધિ અને હાનિ પામે છે, તેથી તેના વડે સ્પર્શાયેલ એક પણ ગામની વસતિ પૂતિકની જેમ નહીં કલ્પે, તથા સૂર્ય કંઈ સાધુને આશ્રીને છાયા બનાવતો નથી. [૧૯૭] વિરલ વાદળા ચાલતા હોય એવું આકાશ થતાં છાયા નાશ પામી હોય તો પણ ફરી થાય છે. તેથી તડકો હોય ત્યારે છાયા કલ્પે, તડકો હોય તો તેનો ત્યાગ કરવો - તેમ ન થાય. [૧૯૮] આધાકર્મના લક્ષણ રહિત હોવાથી આ દોષ સંભવતો જ નથી. તો પણ સાધુઓ તે છાયાને વર્જે તો પમ તેઓ દોષરહિત જ છે.*

● વિવેચન-૧૯૪ થી ૧૯૮ :-

[૧૯૪] ફળ, પુષ્પ કે બીજા કોઈ હેતુથી સાધુ નિમિત્તે વાવેલા વૃક્ષની છાયાને પણ કેટલાંક અગીતાર્થો આધાકર્મી ધારીને તજે છે. પણ તે યોગ્ય નથી. કેમકે પણ જો નિષ્ઠિત દોષ ન હોય તો બીજા ભંગમાં વર્તતુ હોય ત્યારે તેનું ફળ પણ કલ્પે છે. તો પછી છાયા તો કલ્પે જ ને ? વળી વૃક્ષ સાધુને છાયા લેવા માટે વવાયુ નથી, તો પછી છાયા કેમ ન કલ્પે ?

[૧૯૫] તે છાયા સૂર્યના હેતુવાળી છે, માત્ર વૃક્ષના નિમિત્તવાળી નથી કેમકે સૂર્યના અભાવે છાયાનો અભાવ હોય છે. - x - વૃક્ષ તો છાયાનું નિમિત્ત માત્ર છે. આટલાથી તે છાયા દૂષણવાળી ન થાય. કેમકે છાયાના પુદ્‌ગલો વૃક્ષના પુદ્‌ગલથી જુદા છે. વૃક્ષ વાવનારે તે છાયાને વધારી નથી. તેથી છાયા આધાકર્મી નથી. વળી જો છાયાને આધાકર્મી માની ત્યાં બેસવું ન કલ્પે તો જ્યારે મેઘના સમૂહથી વ્યાપ્ત આકાશમંડળ હોય ત્યારે વૃક્ષ છાયા રહિત થતાં શીતના ભયાદિથી તેની નીચે બેસવું કલ્પે, તે પણ યોગ્ય નથી. તેથી તે વૃક્ષ જ આધાકર્મી છે તેવું કલ્પી, તેણે સ્પર્શેલ પ્રદેશો પણ પૂતિ છે તેમ માનવું પડે. પણ છાયા આધાકર્મી ન મનાય. બીજું પણ દૂષણ કહે છે.

[૧૯૬] છાયા, સૂર્યની ગતિથી વૃદ્ધિ કે હાનિ પામે છે. સૂર્યના ઉદય અને અસ્ત કાળે અતિ લાંબી વૃદ્ધિ પામતી છાયા આખા ગામને વ્યાપીને રહે છે, તેથી તો સમગ્ર વસતિ ત્રીજા ઉદ્‌ગમ દોષથી દૂષિત થયેલા અશનાદિ માફક નહીં કલ્પે. પણ

તેવું આગમમાં કહ્યું નથી, માટે વૃક્ષની છાયા આધાકર્મી નથી. છતાં પણ આધાકર્મી લાગતી હોય તો —

[૧૯૭] મેઘ-વાદળા આકાશમાં થાય ત્યારે સૂર્ય ઢંકાઈ જતાં, તડકાના અભાવે તે વૃક્ષ નીચેનો પ્રદેશ સેવવો કલ્પે, આતપ હોય ત્યરે વર્જવો કલ્પે. આવો વિષયવિભાગ સૂત્રમાં કહ્યો નથી. પૂર્વ પુરુષે આચરેલ નથી. અન્યને સંમત પણ નથી. - x - x -

હવે છાયાના નિર્દોષપણાની સમાપ્તિને તથા બીજા અગીતાર્થ ધાર્મિકને કંઈક આશ્વાસન કહે છે —

[૧૯૮] અહીં આધાકર્મી દોષ સંભવતો જ નથી. - x - અથવા આધાકર્મી છાયાને પણ નિશ્ચે અતિ દયાળુ સાધુ વર્જતા હોય તો તે તેઓ દોષ રહિત જ છે. આ રીતે किं वावि પદની વ્યાખ્યા કરી. હવે परपक्खो य सपक्खो બે દ્વારની વ્યાખ્યા કરતા, નિષ્ઠિત અને કૃતનું સ્વરૂપ અને તે બંનેથી ઉત્પન્ન ચાર ભંગને કહે છે.

● **મૂલ-૧૯૯,૨૦૦ :-**

***પરપક્ષ ગૃહસ્થ છે, સ્વપક્ષ સાધુ-સાધ્વી છે. પ્રાસુક કર્યુ કે રાંધ્યુ તે નિષ્ઠિત કહેવાય છે, બાકીનું સર્વ કૃત કહેવાય. (૧) તે સાધુને કૃત અને નિષ્ઠિત. (૨) ગૃહસ્થને કૃત અને સાધુને નિષ્ઠિત તે ન કલ્પે. અહીં ચાર ભંગ થાય છે તેમાં આ કહેલા ૧ અને ૩ ન કલ્પે.***

● **વિવેચન-૧૯૯,૨૦૦ :-**

ગૃહસ્થે પોતા માટે કર્યુ તે સાધુને આધાકર્મી થતું નથી. તથા શ્રમણ, શ્રમણી માટે કરેલ તે સાધુઓને આધાકર્મ જાણવું તથા સાળ વગેરે સચિત્ત વસ્તુને સાધુ માટે અચિત્ત કરી હોય અને તંદુલાદિ જે સ્વયં અચિત્ત હોય તેને ભાતપણે રાંધ્યા હોય તે નિષ્ઠિત કહેવાય અને બાકીના એકગુણ દ્વિગુણ ખાંડેલા તંદુલાદિક સર્વે કૃત કહેવાય. અહીં કૃત અને નિષ્ઠિતને આશ્રીને (૧) સાધુને માટે કૃત અને નિષ્ઠિત હોય, ૨- અન્યને માટે કૃત અને સાધુ માટે નિષ્ઠિત હોય. એ પહેલો અને ત્રીજો ભંગ સાક્ષાત્ દેખાડેલા છે. બીજો, ચોથો તેથી જાણી લેવો. - x - x - તે બીજો-ચોથો ભંગ કલ્પ્ય છે. જે પૂર્વે કહેલ છે.

હવે चउरो પદની વ્યાખ્યા કરે છે —

● **મૂલ-૨૦૧ થી ૨૦૪ :-**

***[૨૦૧] આધાકર્મને માટે નિમંત્રણથી અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એ ચાર દોષ લાગે છે. તે ચારેનું દૃષ્ટાંત કહીશું. [૨૦૨] દાનાર્થે કોઈ નવો શ્રાવક સાધુને મનમાં ધારીને અચિત્ત બનાવેલા શાલિ, ઘી, ગોળ, દહીં, નવા વલ્લી ફળો માટે સાધુને નિમંત્રે. [૨૦૩] આધાકર્મ ગ્રહણ કરી તે સાધુ અતિક્રમાદિ ચારે દોષમાં વર્તે છે. નૂપૂર-પંડિતાના હાથીના દૃષ્ટાંતે પાછો માંડ ફર્યો, તેમ અહીં જાણવું. [૨૦૪] અહીં નિમંત્રણ સ્વીકારતા અતિક્રમ દોષ, ચાલવા માંડતા વ્યતિક્રમ, ગ્રહણ કરતાં અતિચાર અને વાપરતાં ચોથો અનાચાર***





***દોષ લાગે.***

● **વિવેચન-૨૦૧ થી ૨૦૪ :-**

ગાથાર્થ કહેલ જ છે. વિશેષ વૃત્તિ આ છે — આધાકર્મના નિમંત્રણમાં અતિક્રમાદિ ચાર દોષ સંભવે છે, તે આધાકર્મના નિમંત્રણની ભાવના મૂલ-૨૦૨ ના ગાથાર્થમાં કહી. કોઈ નવો - આચારથી અજાણ શ્રાવક નિમંત્રણ કરે. હે પૂજ્ય ! આપ અમારે ઘેર શાલિ આદિ ગ્રહણ કરે. પછી તે આધાકર્મના ગ્રહણથી સાધુ અતિક્રમાદિ ચારે દોષમાં વર્તે છે. સાધુ જેમ જેમ ઉત્તરદોષમાં વર્તે, તેમ તેમ તે દોષથી ઉત્પન્ન થયેલા પાપ થકી પોતાના આત્માને પાછો ફેરવવામાં મહા કાષ્ટે સમર્થ થાય છે.

'નૂપૂરપંડિતા' પ્રસિદ્ધ કથાની ઉપમા આપી છે. - x - x - રાજાએ રાણી અને મહાવત સહિત હાથીને સીધા પર્વતે ચડાવ્યો. મહાવતે તે હાથીના એક પગને આકાશમાં અદ્ધર રખાવ્યો. હાથી થોડા કલેશે તે પગને ફરી પર્વતે સ્થાપવા સમર્થ થયો. તેમ કોઈ સાધુ અતિક્રમ દોષ સેવીને શુભ અધ્યવસાયથી દોષને શુદ્ધ કરી, પોતાના આત્માને સંયમમાં સ્થાપવા સમર્થ થાય છે. એ રીતે બે પગની ઉપમાથી વ્યતિક્રમ દોષની શુદ્ધિ માટે વિશેષ શુભ અધ્યવસાયથી શક્તિમાન થાય. ત્રણ પગ આકાશમાં કરી એક પગ વડે ઉભ્યા પછી મહા કષ્ટે સમર્થ થાય. તેમ સાધુ અતિચાર નામે ત્રીજા દોષને અતિ વિશુદ્ધ શુભ અધ્યવસાય વડે શુદ્ધ કરવા શક્તિમાન થઈ શકે. જો તે હાથી ચારે પગ આકાશ તરફ કરે તો અવશ્ય ભૂમિ ઉપર પડી વિનાશ પામે, તેમ સાધુ અનાચારમાં વર્તતો અવશ્ય સંયમરૂપ આત્માનો વિનાશ કરે છે.

—૦— હવે અતિક્રમાદિનું સ્વરૂપ —

આધાકર્મનું નિમંત્રણ અંગીકાર કરતાં અતિક્રમ નામે દોષ લાગે તે દોષ પાત્રને ગ્રહણ કરવાથી આરંભીને આધાકર્મ ગ્રહણ માટે ચાલે નહીં ત્યાં સુધી લાગે. ચાલવાથી આરંભીને ગૃહસ્થ આપે ત્યારે પાત્ર પ્રસારવા સુધી વ્યતિક્રમ દોષ લાગે. આધાકર્મને ગ્રહણ કરે એટલે અતિચાર દોષ લાગે, તે ગુરુ સન્મુખ આલોચી સ્વાધ્યાય કરીને મુખમાં તે આહાર નાંખે ત્યાં સુધી રહે. આધાકર્મ ખાય એટલે અનાચાર નામે દોષ લાગે. આ પ્રમાણે चउरो પદનું વ્યાખ્યાન કર્યુ.

● **મૂલ-૨૦૫ થી ૨૧૦ :-**

***[૨૦૫] આધાકર્મના ગ્રહણમાં જે આજ્ઞાભંગાદિ દોષો કહ્યા છે, તે આ છે — આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, વિરાધના. - [૨૦૬] - આધાકર્મને ગ્રહણ કરતો લુબ્ધ સાધુ સર્વે જિનોની આજ્ઞા ઉલ્લંઘે છે. આજ્ઞા ઉલ્લંઘતો તે શેષ ક્રિયા કોના આદેશથી કરે ? - [૨૦૭] - એક સાધુએ અકાર્ય કર્યુ. તેને જોવાથી બીજો પણ કરે, એ પ્રમાણે સુખેચ્છુ પ્રાણીઓની પરંપરાથી સંયમ અને તપનો વિચ્છેદ થાય છે. - [૨૦૮] - જે આગમમાં કહ્યા મુજબ કરતો ન હોય તેનાથી બીજો મિથ્યાદૃષ્ટિ કયો હોય ? કેમકે - બીજાને શંકિત કરતો તે મિથ્યાત્વ વધારે છે - [૨૦૯] - તે સાધુ બીજાને અને પોતાના તે પ્રસંગને વધારે છે, તેથી ગૃદ્ધિ***

*ઉત્પન્ન થાય, પછી ભિન્ન દાઢાવાળો તે દયારહિત થઈને સચેતનને પણ મૂકતો નથી. - [૨૧૦] - આધાકર્મ ઘણું અને સ્નિગ્ધ ખાવાથી રોગ થાય, સૂત્રાર્થમાં હાનિ થાય, ચિકિત્સાથી કાયવધ થાય. પ્રતિચારકને પણ હાનિ થાય. ક્લેશ પામતો તે બીજાને પણ ક્લેશ પમાડે છે.*

**● વિવેચન-૨૦૫ થી ૨૧૦ :-**

ગાથાર્થ કહ્યા. વિશેષ વૃત્તિ આ પ્રમાણે — આજ્ઞાભંગાદિ ચારે દોષને અનુક્રમે કહે છે :— (૧) આધાકર્માદિને લેતો સાધુ બધાં જિનેશ્વરોની આજ્ઞા ઉલ્લંઘે છે. કેમકે બધાં તીર્થંકરો તેનો નિષેધ કરે છે. આજ્ઞાને ઉલ્લંઘ્યા પછી તેને કોના આદેશથી લોચ, ભૂમિશયન, મલિન વસ્ત્ર ધારણ, પડિલેહણ આદિ અનુષ્ઠાન કરે ? કોઈના નહીં કેમકે સર્વજ્ઞની આજ્ઞાના ભંજકને સર્વે અનુષ્ઠાનો નિષ્ફળ છે.

હવે અનવસ્થા દોષ કહે છે —

પ્રાયઃ બધાં પ્રાણી કર્મની ગુરુતાથી પ્રત્યક્ષ સુખાભિલાષી છે, પણ દીર્ઘસુખ દૃષ્ટા નથી. કોઈ એક સાધુપણ આધાકર્મ પરિભોગાદિ અકાર્યને સેવે છે, તેના પરના વિશ્વાસને લીધે બીજા પણ તેનું આલંબન લઈને સેવે છે. તેની પરંપરા ચાલે છે, કેમકે શાતાની ઈચ્છાવાળા બહુ પ્રાણીએ વડે આ રીતે સંયમ અને તપનો વિચ્છેદ થાય છે. તેથી તીર્થ વિચ્છેદ થાય. તેમ કરનાર મોટી આશાતનાનો ભાગી થાય છે. માટે અનવસ્થા દોષના ભયથી આધાકર્મ ન સેવવું. —૦— હવે મિથ્યાત્વ નામે ત્રીજો દોષ—

દેશ, કાળ, સંહનન અનુસારી યથાશક્તિ બરાબર અનુષ્ઠાનક્રિયા કરવી તે સમ્યક્ત્વ. તેથી દેશ-કાલાદિ અનુસાર શક્તિ ગોપવ્યા વિના આગમમાં કહ્યા મુજબ ન કરતો હોય તેનાથી બીજો મિથ્યાદૃષ્ટિ કયો હોય ? પણ તે મિથ્યાદૃષ્ટિમાં અગ્રેસર છે. કેમકે તેનું મહામિથ્યાદૃષ્ટિપણું છે. કેમકે તે બીજાને શંકિત કરે છે — જો સિદ્ધાંતમાં કહ્યું તે જ તત્ત્વ હોય તો આ સાધુ તત્ત્વને જાણવા છતાં તે પ્રમાણે કેમ કરતો નથી ? તેથી પ્રવચનમાં કહેલું અસત્ય છે. એ રીતે પરંપરાએ મિથ્યાત્વ વધારે છે. તેનાથી પ્રવચનનો વિચ્છેદ થાય છે. બીજા મિથ્યાદૃષ્ટિ તો તેમ કરી શકતા નથી. માટે તેની અપેક્ષાએ સાધુ મહામિથ્યાદૃષ્ટિ છે. - વળી -

આધાકર્મગ્રાહી, તે ગ્રહણ કરવાના પ્રસંગની વૃદ્ધિ પમાડે છે. તેમાં રહેલાં મનોજ્ઞ રસાસ્વાદના લંપટત્વથી ફરીથી પણ તેને ગ્રહણ કરવા પ્રવર્તે છે. એ રીતે એક વાર પણ આધાકર્મગ્રાહી સાધુ પોતાના તે પ્રસંગને વૃદ્ધિ પમાડે છે. કેટલેક કાળે તેને આસક્તિ ઉભી થતાં વિશેષ અને વિશેષતર એવા મનોજ્ઞ રસાસ્વાદ માટે તે લેપાયેલો જ રહે છે. પછી દયા રહિત થઈને બીજા સચેતન-કેરી આદિ ફળો પણ મૂકતો નથી. એ રીતે આગળ વધતો તે સર્વથા જિનવચન પરિણામ રહિત થઈ મિથ્યાત્વને પણ પામે છે. હવે વિરાધના નામે ચોથો દોષ —

પ્રાયઃ આધાકર્મ અતિથિના ગૌરવથી જ કરાય છે, તયેથી તે સ્વાદિષ્ટ અને સ્નિગ્ધ હોય છે તે આધાકર્મ ઘણું સ્નિગ્ધ ખાવાથી જ્વર, વિશુચિકાદિ રોગ થતાં



આત્મવિરાધના થાય. રોગથી પીડિત એવા તેને સૂત્ર અને અર્થની હાનિ થાય, જો ચિકિત્સા ન કરાવે તો લાંબો કાળ સંયમના યથાયોગ્ય પાલનનો નાશ થાય, ચિકિત્સા કરાવે તો તેજસ્કાયાદિનો વિનાશ થાય. તેમ થતાં સંયમની વિરાધના થાય.

યથાયોગ્ય પાલન કરનારા સાધુને પણ તેની વૈયાવચ્ચમાં જોડાયેલા હોવાથી સૂત્રાર્થના હાનિ થાય. છકાયના ઉપમર્દનાદિથી સંયમની પણ હાનિ થાય, વળી પીડા સહેવાને અસમર્થ હોવાથી તેનું કહ્યું ન કરનાર ઉપર કોપે છે કોપથી તેના મનમાં ક્લેશ થાય. લાંબો કાળ ક્લેશ અનુભવતો તે પ્રતિચારકોને પણ જાગરણ કરાવવા વડે રોગ ઉપાર્જે છે. તેથી તેમને પણ ચિકિત્સાથી છ કાય વિરાધના થાય.

—૦— હવે અકલ્પ્યની વિધિ —

**● મૂલ-૨૧૧,૨૧૨ :-**

*(૧) જે પ્રકારે આધાકર્મ અકલ્પ્ય છે, (૨) અથવા તેનાથી સ્પર્શિત, (૩) અથવા તેવા પાત્રમાં રહેલ, (૪) તેનો ત્યાગ, (૫) જે પ્રકારે ગ્રહણ કરેલું દોષરહિત થાય તે કહે છે. તેમાં અભોજ્ય, ગમનાદિ દોષ, દ્રવ્ય-કુળ-દેશ-ભાવને વિશે પ્રશ્ન કરવો એમ યતના કરતાં પણ છલના થાય તો આ બે દૃષ્ટાંત કહે છે —*

**● વિવેચન-૨૧૧,૨૧૨ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ છે — આધાકર્મ જે ભાજનમાં હોય, તેમાંથી આધાકર્મનો ત્યાગ કર્યા પછી ત્રણ વાર ધોયા વિના જે શુદ્ધ અશનાદિ નાંખેલ હોય તે પણ જે પ્રકારે અકલ્પ્ય થાય. જે પ્રકારે તે આધાકર્મનો ત્યાગ વિધિ અને અવિધિરૂપ થાય ઈત્યાદિ વડે આગમમાં કહ્યા મુજબ હું પિંડ વિશુદ્ધિ કહું છું — જે પ્રકારે આધાકર્મ, આધાકર્મ સ્પર્શિત, ત્રણવાર ધોયા વિનાના પાત્રમાં રહેલ અભોજ્ય થાય તેમ કહેવું. અવિધિના ત્યાગમાં કાયક્લેશાદિ દોષો કહેવા. વિધિનો ત્યાગ એ કર્તવ્ય બની જતું હોય ત્યારે જે પ્રકારે દ્રવ્ય, કુળ, દેશ, ભાવને વિશે પૃચ્છા કરવી કે જે પ્રકારે પૃચ્છા ન કરવી. આટલી યતના છતાં કદાચ અશુદ્ધ ગ્રહણરૂપ છલના થઈ જાય તો તેને દૃષ્ટાંતો કહેવા લાયક છે - x -

**● મૂલ-૨૧૩ થી ૨૧૬ :-**

*[૨૧૩] જો કે અશન સુસંસ્કારિત હતું તો પણ વમન કરેલું જેમ અભોજ્ય છે, તેમ અસંયમનું વમન કર્યા છતાં અનેષણીય ભોજન અભોજ્ય છે. આધાકર્મના અભોજ્યપણાને બીજા બે દૃષ્ટાંતથી દૃઢ કરતા [૨૧૪,૨૧૫] બે ગાથા કહી છે જે દૃષ્ટાંત વિવેચનમાં કહેલ છે. [૨૧૬] વળી ઘેટી અને ઉંટડીનું દુધ, લસણ, પલાંડુ, મદિરા, ગોમાંસને વેદ તથા બીજા શાસ્ત્રોમાં અભોજ્ય અને અપેય કહ્યા છે, તેમ અહીં પણ તે પ્રમાણે માનેલા છે.*

**● વિવેચન-૨૧૩ થી ૨૧૬ :-**

[૨૧૩] વમન કર્યા પૂર્વે ઓદનાદિ સુસંસ્કૃત હતા, તો પણ વમન થઈ ગયા

પછી અભોજ્ય છે, એ પ્રમાણે અસંયમનું વમન કર્યા પછી સાધુને પણ અનેષણીય ભોજન અભોજ્ય જ છે અર્થાત્ અસંયમરૂપ આધાકર્મ-છકાયના ઉપમર્દનથી બને છે, વિવેકી જનોને વમેલું ખાવું ઉચિત નથી અને સંયમ લેતા અસંયમ વમેલો છે માટે અનેષણીય અભોજ્ય જ છે.

[૨૧૪,૨૧૫] વક્પુર નગરે ઉગ્રતેજા નામે સીપાઈ હતો, રુકિમણી તેની પત્ની હતી. સોદાસ નામે મોટો ભાઈ નગરથી તેનો મહેમાન થયો. ત્યારે ઉગ્રતેજાએ ભોજનાર્થે માંસ ખરીદીને રુકિમણીને આપ્યું. તે માંસ બીલાડો ખાઈ ગયો. ભોજનાવસર થયો. રુકિમણી અને કૂતરાએ વમેલા માંસને જોઈને સારી રીતે ધોઈને મસાલાદિ નાખી રાંધ્યુ, ઉગ્રતેજાએ ભોજનમાં તે માંસની ગંધથી જાણ્યું કે આ તો વમન કરેલું છે. રુકિમણીને ધમકાવતા તેણી સાચું બોલી ગઈ. પછી તેણીને ઠપકો આપી બીજુ માંસ મંગાવીને ખાધુ. કેમકે વમેલું માંસ કંઈ ખાવા લાયક હોઈ શકે ખરું ? એ પ્રમાણે આધાકર્મ પણ સાધુઓને અભોજ્ય જ છે.

કોઈ આચાર્ય કહે છે – તે રુકિમણીને ઘેર અતિસારના વ્યાધિથી માંસના કકડા ઠલ્લામાં કાઢે છે. તે માંસ જ રાંધેલું હતું તેણી માંસના કકડા લેતી હતી ત્યારે તેણીની શોક્યના પુત્ર ગુણ મિત્રએ તે જોયેલ હતું પણ ભયથી તે કંઈ બોલ્યો ન હતો. ભોજનકાળે તેણે તેના પિતા અને કાકાને હાથ પકડીને અટકાવેલા. ત્યારે ઉગ્રતેજાએ રુકિમણીને તાડન કરીને તે માંસનો ત્યાગ કરેલો. - x - x - x -

[૨૧૬] ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ છે – ચારિત્ર અંગીકાર કર્યુ ત્યારે અસંયમના વમનથી સાધુએ આધાકર્મ પણ વમેલ છે કે વિષ્ઠાની જેમ તજેલ છે. વિવેકીએ તે ખાવું ઉચિત નથી. આ રીતે આધાકર્મને અભોજ્ય કહેલ છે. જિનવચન પ્રમાણથી પણ તે અભોજ્ય જ છે. મિથ્યાદૃષ્ટિઓ પણ વેદાદિમાં કહેલ અભોજ્યના પ્રમાણને માને છે. તો પછી સાધુઓએ તે ભગવંત કથિત અભોજ્ય અને અપેયને સ્વીકારવા જ જોઈએ. —૦— હવે તે આધાકર્મથી સ્પર્શિત કરાયેલ આદિનું અકલ્પ્યપણું કહે છે –

**• મૂલ-૨૧૭,૨૧૮ :-**

***તલ અને શ્રીફળ સહિત ઉત્તમ વર્ણાદિકથી યુક્ત બલિ પણ જો અશુચિ સ્થાને સ્થાપન કરેલને અશુચિનું એક બિંદુ પણ સ્પર્શે તો તે અભોજ્ય થાય... એ જ પ્રમાણે આધાકર્મનો ત્યાગ કર્યો હોય તો પણ જ્યાં સુધી કલ્પ ન કર્યો હોય ત્યાં સુધી તે અભોજ્ય હોય છે. અથવા પાત્રના શુદ્ધ આહારમાં જરા પણ આધાકર્મ પડે તો તે અભોજ્ય થાય.***

**• વિવેચન-૨૧૭,૨૧૮ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે – ઉત્તમોત્તમ દ્રવ્યાદિથી બનાવેલ બલિ વિષ્ટાના સ્થાનમાં સ્થાપ્યા પછી અશુચિનું એક બિંદુ માત્ર પણ પડે તો તે બલિ



અભોજ્ય થાય, એ પ્રમાણે આધાકર્મથી સ્પર્શિત આહાર પણ સાધુને અભોજ્ય જાણવો. એ પ્રમાણે જે પાત્રમાં આધાકર્મ ગ્રહણ કરેલ હોય, તે આધાકર્મનો ત્યાગ કર્યા પછી પણ, તે પાત્ર ત્રણ કલ્પ વડે પ્રક્ષાલન ન કરેલ હોય અથવા શુદ્ધ ભોજનમાં જરા માત્ર જ આધાકર્મ પડેલ હોય, તે શુદ્ધાશુદ્ધ બંને આહારનો ત્યાગ કરવો. કેમકે વિષ્ઠાદિથી સ્પર્શિત પાત્રને પુરુ સ્વચ્છ કર્યા વિના લોકમાં પણ જેમ વપરાતું નથી કે ભોજન આદિથી પૂર્ણ પાત્રમાં સહેજ માત્ર વિષ્ઠા પડે તો પણ તે અશનાદિ કોઈ ન ખાય, તેમ આધાકર્મી એ સંયમીએ વિષ્ઠાવત્ જાણવું. માટે અભોજ્ય છે.

હવે પરિહરણને પ્રતિપાદન કરવા માટે કહે છે –

**• મૂલ-૨૧૯ થી ૨૨૨ :-**

***વમન અને વિષ્ઠાની જેવું આધાકર્મ સાંભળીને પણ ભય પામીને પંડિત સાધુ તેનો ત્યાગ કરે, તે પરિહરણા પણ વિધિ, અવિધિથી છે તેમાં અવિધિ પરિહરણાનું દૃષ્ટાંત ત્રણ ગાથા વડે કહેલ છે.***

**• વિવેચન-૨૧૯ થી ૨૨૨ :-**

સંસારથી વિમુખ બુદ્ધિવાળો પંડિત ઉક્ત ઉપમાઓ સાંભળીને, અને આધાકર્મના પરિભોગથી સંસાર થાય છે તેમ જાણીને, આધાકર્મથી ત્રાસિત થઈ, આધાકર્મને પરિહરે છે. આ પરિહરણ - વિધિથી અને અવિધિથી થાય.

શાલિગ્રામ નામે ગામમાં ગ્રામણી નામે વણિક હતો. તેની પત્ની પણ ગ્રામણી નામે હતી. તે વણિક પોતાની દુકાને ગયેલો. તે વખતે ભિક્ષાર્થે નીકળેલા કોઈ ભદ્રિક સાધુએ તેના ઘેર પ્રવેશ કર્યો. ગ્રામણી શાલિ ઓદન લાવી.

સાધુએ આધાકર્મની શંકા નિવારવા તેણીને પૂછ્યું, તેણી બોલી કે શાલિ વિશે વણિકને પૂછો, હું કંઈ જાણતી નથી. વણિકને પૂછવા બજારમાં ગયો. તેણે કહ્યું ગોબ્બર ગામનો શાલિ છે. સાધુ તે તરફ ચાલ્યા. માર્ગ પણ કદાચ આધાકર્મી હોય તો ? તેથી સાધુ ઉન્માર્ગે ચાલતા કાંટા, કાકરાદિથી ઉપદ્રવ પામ્યો. દિશા ન જાણતો તાપમાં મૂર્છા પાણી ઘણો કલેશ પામ્યો.

**• મૂલ-૨૨૩ થી ૨૨૫ :-**

***એ પ્રમાણે અવિધિથી પરિહરણા કરતાં જ્ઞાનાદિનો ભાગી થતો નથી. તેથી દ્રવ્ય, કુળ, દેશ, ભાવને આશ્રીને વિધિપૂર્વક પરિહરણા કરવી.***

***ઓદન, માંડા, સાથવા, અડદ આદિ દ્રવ્ય, ઘણાં કે થોડાં માણસોવાળું કુળ, સુરાષ્ટ્ર આદિ દેશ, આદરથી આપે કે અનાદરથી અપાવે એ ભાવ. આ પદોના ચાર પદવાળા કે ત્રણ પદવાળા વિકલ્પો થાય છે.***

**• વિવેચન-૨૨૩ થી ૨૨૫ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે – ચાર પદવાળી એટલે જેમાં દ્રવ્યાદિ ચારે પદો પ્રાપ્ત થાય તે અને આદર કે અનાદર રહિતનો મધ્યસ્થ ભાવ હોય ત્યારે ત્રણ પદવાળી હોય છે. હવે દ્રવ્યાદિ કહે છે –

● મૂલ-૨૨૬ :-

***જો દેશને અનુચિત ઘણું દ્રવ્ય હોય, કુટુંબ નાનું હોય, આદર ઘણો હોય તે પ્રશ્ન કરવો. પોતાના દેશનું દ્રવ્ય ઘણું હોય તો પ્રશ્ન ન કરવો. અનાદરમાં પણ પ્રશ્ન ન કરવો.***

● વિવેચન-૨૨૬ :-

અમુક દેશમાં ન સંભવતુ દ્રવ્ય પ્રાપ્ત થાય, તે પણ પુષ્પળ હોય, થોડાં મનુષ્યોવાળું કુળ હોય, આદર ઘણો હોય, આ ચારે ભેગા હોય ત્યારે પૂછવાની જરૂર હોય છે, કેમકે તેમાં આધાકર્મ સંભવે છે. પણ જો આ ચારે વિપરીત હોય, જેમકે — તે દેશમાં ઘણું દ્રવ્ય સંભવતુ પણ હોય અને પ્રાપ્ત પણ હોય ઈત્યાદિ - x - તો 'આધાકર્મ' વિશે પૂછવું જરૂરી નથી.

હવે પૃચ્છા કર્યા પછી દ્રવ્ય ગ્રહણ કરવા લાયક છે કે નહીં ? તે —

● મૂલ-૨૨૭ નું વિવેચન :-

જે દાતા શ્રાવિકા સરળ સ્વભાવી હોય તેને પૂછતા તે સત્ય જ કહેશે કે — "આ અશનાદિ આપના માટે છે." માયાવી હશે તે કહેશે — આ અશનાદિ અમારા ઘરને માટે છે. પણ ઘરની સર્વે સ્ત્રીઓ પરસ્પર જોતી, હસતી - આ તમારા માટે કર્યુ છે બોલે કે પછી લજ્જાથી એકમેકને જુએ. ત્યારે સાધુએ તેને આધાકર્મ જાણી છોડી દેવું. પણ જો રોષથી બોલે કે — "તમારે શી પંચાત ?" તો તે આધાકર્મ નથી એમ જાણી ગ્રહણ કરવો.

● મૂલ-૨૨૮ :-

***ગૂઢાચારી, આદર ન કરતા હોય, પૂછવા છતાં સત્ય ન કહે, અથવા ભોજન થોડું છે. જાણીને સાધુ ન પૂછે, છતાં દેવ વસ્તુ અશુદ્ધ હોય તો ?***

● વિવેચન-૨૨૮ :-

જે શ્રાવક-શ્રાવિકા અતિ ભક્તિવશ અને ગૂઢાચારી હોય, તેઓ સાધુને વહોરાવવાની બુદ્ધિથી ઉક્ત રીતે વર્તે, સાધુ પણ થોડુંક જ જાણી ન પૂછે તો તે અશુદ્ધ-આધાકર્મી પ્રાપ્ત આહારમાં શુદ્ધિ કેમ થાય ?

● મૂલ-૨૨૯ થી ૨૩૩ :-

***આધાકર્મ પરિણામી સાધુ પ્રાસુક ભોજન કરવા છતાં અશુભકર્મનો બંધક છે, શુદ્ધ ગવેષક સાધુ આધાકર્મ ભોગવવા છતાં શુદ્ધ જ છે. આ બંને સંયોગોને અનુક્રમે બે કથા દ્વારા કહે છે — ગાથાર્થ વિવેચનથી જાણવો.***

● વિવેચન-૨૨૯ થી ૨૩૩ :-

[૨૨૯] 'પ્રાસુક' શબ્દના સામર્થ્યથી એષણીય કહેવાય છે તે આ રીતે — સાધુનો કલ્પ છે કે — ગ્લાનાદિ પ્રયોજનમાં પહેલાં એષણીય શોધે, તેના અભાવે શ્રાવકાદિ પાસે કરાવીને અનેષણીય પણ લેવું અને શ્રાવકના અભવે પોતે પણ કરી ગ્લાનને ખવડાવવું. પણ પ્રાસુકના અભાવે અપ્રાસુક ન લેવું. એવી વ્યાખ્યા કરવાથી



કોઈ વખતે અપ્રાસુક ભોજનનો અસંભવ હોય ત્યારે 'પ્રાસુકભોજી પણ' વાક્ય ન ઘટે. તેથી પ્રાસુકનો એષણીય અર્થ પ્રવર્તાવે છે એષણીયને ખાનાર પણ આધાકર્મ પરિણામી હોય તો અશુભ કર્મ બાંધે છે કેમકે અશુભ પરિણામ જ અશુભ બંધનું કારણ છે. શુદ્ધ ગવેષક આધાકર્મી વાપરે તો પણ શુદ્ધ જાણવો, કેમકે શુદ્ધ પરિણામ વાળો છે. બંનેનું દૃષ્ટાંત —

૦ અશુભ કર્મબંધનું દૃષ્ટાંત — શતમુખ નગર, ગુણચંદ્ર શ્રેષ્ઠી, ચંદ્રિકા તેમની પત્ની. તે શ્રેષ્ઠી જિનશાસનનું રાગી હોવાથી વિશાળ જિન ચૈત્ય કરાવી, ઋષભદેવની પ્રતિમા પધરાવી. સંઘ ભોજન આરંભ્યુ. નજીકમાં કોઈ વેષ વિડંબક સાધુ હતો. તેણે સંઘભોજનની વાત સાંભળી, ભોજન લેવા આવ્યો. શ્રેષ્ઠી પાસે યાચના કરી. પણ બધું ખલાસ થઈ ગયેલું શ્રેષ્ઠીની રસોઈમાંથી પરિપૂર્ણ ભોજન આપ્યું. સાધુએ સંઘ ભોજનની બુદ્ધિથી ગ્રહણ કરી વાપર્યુ. ભોજન તો શુદ્ધ જ હતું પણ સાધુએ તે આધાકર્મના અધ્યવસાયથી ગ્રહણ કરેલ હોવાથી તે અશુભ કર્મ વડે બંધાયો.

૦ શુદ્ધ ગવેષણાનું દૃષ્ટાંત — પોતનપુર નગરે ૫૦૦ સાધુથી પરિવરિત, આગમોક્ત વિહારી રત્નાકરસૂરિ પધાર્યા. ૫૦૦ સાધુમાં એક ક્ષપક-તપસ્વી હતા. માસક્ષમણને પારણે માસક્ષમણ કરતા હતા. પારણું જાણીને કોઈ આધાકર્મી ન કરે, માટે બીજા ગામમાં વહોરવા ગયા. તે ગામમાં યશોમતી શ્રાવિકાએ પરંપરાએ પારણાની વાત જાણેલી. કદાચ તપસ્વી આવે તો ? એમ વિચારી ખીર વગેરે રાંધ્યા. સાધુને આધાકર્મની શંકા ન જાય તે માટે બાળકોને થોડી-થોડી પીરસેલી, બાળકોને પણ જૂઠું બોલવા શીખવાડી દીધેલું. ભાગ્ય યોગે તે તપસ્વી સાધુ ભિક્ષાર્થે ફરતા, તેણીને ત્યાં આવ્યા. સાધુને શંકા ન જાય માટે યશોમતી આદર રહિત ઉભી રહી. બાળકો પણ શીખવ્યા મુજબ બોલે છે — મા ! રોજ રોજ ખીર શું રાંધશ ? સાધુને કહ્યું — આપને આ ખીર ખપશે, આ છોકરા તો ગાંડા થઈ ગયા છે. સાધુએ શંકા રહિત થઈ વહોર્યુ. વિશુદ્ધ અધ્યવસાયવાળા થઈ ભોજનાર્થે બેઠા.

ઈર્યાપથિકા પ્રતિક્રમીને, સ્વાધ્યાય, ધ્યાન કરતા વિચારે છે — અહો ! આ ખીર આદિ ઉત્તમ સામગ્રી મને પ્રાપ્ત થઈ છે. જો કોઈ સાધુ પધારે તો હું દ્રવ્ય સંવિભાગ કરું તો સંસારસાગરથી પાર ઉતરેલો થાઉં. પછી સાધુઓના ગુણોનું સ્મરણ કરતાં તે-તે સાધુની અનુમોદના કરવા લાગ્યા. પછી શરીરની અસારતા વિચારે છે. મૂર્છા રહિતપણે ખીર ખાતા પણ વૃદ્ધિગત વિશુદ્ધિ અધ્યવસાયવાળા થઈને, ભોજન કરીને, કેવળજ્ઞાન પામ્યા. આ પ્રમાણે ભાવથી શુદ્ધ ગવેષણા કરતાં આધાકર્મી વાપરવા છતાં કોઈ દોષ નથી.

વળી ભગવંતની આજ્ઞાની આરાધનાથી કરેલું જ અદોષ છે અને ભગવાનની આજ્ઞાનું ખંડન કરવાથી સદોષ છે, તેનું કથાનક —

● મૂલ-૨૩૪ થી ૨૩૭ :-

***ચારે ગાથાનો અર્થ વિવેચનમાં કથાનક વડે જાણવો.***

● **વિવેચન-૨૩૪ થી ૨૩૭ :-**

ચંદ્રાનના નગરી, ચંદ્રાવતંસક રાજા, ત્રિલોકરેખાદિ રાણીઓ હતી. રાજાને પૂર્વમાં સૂર્યોદય અને પશ્ચિમમાં ચંદ્રોદય ઉદ્યાન હતું. વસંતઋતુ આવી. અંતઃપુર સાથે સ્વૈર વિહાર કરવાની ઈચ્છાથી ઘોષણા કરાવી કે કોઈએ સૂર્યોદય ઉદ્યાનમાં ન જવું. સિપાઈઓને પણ સૂર્યોદય ઉદ્યાનના રક્ષણાર્થે આજ્ઞા કરી કે – કોઈને પ્રવેશવા ન દેવા. રાત્રે રાજાને વિચાર આવ્યો કે ઘાસ-ચારાદિ માટે જતાં લોકોને પૂર્વમાં જતાં સવારે સૂર્ય સામે આવશે, પાછા ફરતા પશ્ચિમમાં પણ સૂર્ય સામે આવશે તે તેમને દુઃખદાયી થશે, માટે હું ચંદ્રોદય ઉદ્યાનમાં જઉં. રાજાએ તેમ જ કર્યું.

ઘોષણા સાંભળી કેટલાંક દુર્જનોને થયું કે – આપણે રાજાની રાણીને ક્યારેય જોઈ નથી, રાણી સ્વૈર વિહાર કરવાની છે, તો ગુપ્ત રીતે તેમને જોવા જઈએ. તેઓ ઘેઘુર વૃક્ષની શાખામાં છૂપાઈ ગયા. પણ ઉદ્યાન પાલકોએ તેમને પકડી લીધા. મારી-બાંધીને લઈ ગયા. જે તૃણ-કાષ્ઠાદિ લાવનારા હતા તેઓ અજાણતા જ ચંદ્રોદય ઉદ્યાનમાં પ્રવેશી ગયા. સ્વેચ્છા પૂર્વક ક્રીડા કરતી રાણીઓને જ જોઈ. તેમને પણ રાજપુરુષોએ બાંધી દીધા.

રાજાએ બંને પ્રકારના પુરુષો જોયા. સર્વ વૃત્તાંત જાણી, જેમણે આજ્ઞા ભંગ કરેલો, તેમને મારી નાંખ્યા. સ્ભસવૃત્તિથી ચંદ્રોદય ઉદ્યાનમાં પ્રવેશી ગયેલાને છોડી મૂક્યા. હવે દાર્ષ્ટાન્તિક યોજના કરે છે –

● **મૂલ-૨૩૮ નું વિવેચન :-**

જેમ તે દુર્જનો રાણીને જોવાની ઈચ્છાવાળા છતાં ઈચ્છા પૂર્ણ થયા વિના જ આજ્ઞા ભંગથી રાજાએ મારી નાંખ્યા અને તૃણકાષ્ઠાદિ માટે જનારે અંતઃપુરને જોવા છતાં તે મુક્ત થયા. તેમ આધાકર્મમાં પણ અધ્યવસાયવાળા શુદ્ધ ભોજન કરવા છતાં, આજ્ઞાભંગ કરનાર હોવાથી સાધુ વેષ વિડંબક માફક કર્મ બંધાય છે. શુદ્ધાકાર સાધુ પ્રિયંકર ક્ષપકની માફક આજ્ઞા આરાધક હોવાથી કર્મ બાંધતા નથી.

● **મૂલ-૨૩૯ :-**

***જે સાધુ આધાકર્મ ખાય છે અને તે સ્થાનને પ્રતિક્રમતો નથી. તે મુંડીયો, બોડો, વિલુંચિત કપોતપક્ષીની જેમ વૃથા અટન કરે છે.***

● **વિવેચન-૨૩૯ :-**

આધાકર્મ ભોગવી, તે સ્થાનથી પ્રાયશ્ચિત્ત લઈને પાછો ફરતો નથી, તે સાધુ મુંડીયો છે, જિનાજ્ઞા ભંગથી તેનું લોચાદિ કર્મ નિષ્ફળ છે. તેથી બોડો જ છે તે જગત્‌માં નિષ્ફળ પરિભ્રમણ કરે છે. જેમ કપોતના પીંછાનું લુંચન અને અટન ધર્મને માટે થતાં નથી. તેમ આધાકર્મ ભોજીનું અટનાદિ ધર્મ માટે નથી. લુંચન - છુટા છવાયા પીંછા ખેંચવા તે, વિલુંચન-મૂળમાંથી ખેંચી ગયેલા. હવે આધાકર્મની સમાપ્તિ, ઔદ્દેશિકની વ્યાખ્યા –



● **મૂલ-૨૪૦,૨૪૧ :-**

***આધાકર્મ દ્વાર કહ્યું. હવે પહેલાં જે ઔદ્દેશિક દ્વારનો સમુદ્દેશ કર્યો છે, તેને હું સંક્ષેપથી કહીશ. તે ઔદ્દેશિક બે પ્રકારે છે – ઓઘ અને વિભાગ. તેમાં ઓઘ પછી કહીશ, વિભાગ બાર ભેદે છે, તે આ – ઉદ્દિષ્ટ, કૃત અને કર્મ. આ પ્રત્યેકના ચાર-ચાર ભેદ છે.***

● **વિવેચન-૨૪૦,૨૪૧ :-**

ગાથાર્થ કહ્યો, વિશેષ આ પ્રમાણે :- ઓઘ - સામાન્ય, વિભાગ - જુદું કરવું તે. ઓઘ - "જગતમાં ન આપેલું કંઈ પમાતું નથી, તેથી અમે થોડી પણ ભિક્ષા આપીએ" - એવી બુદ્ધિથી થોડાં અધિક તંદુલાદિ બનાવે તે ઓઘ ઔદ્દેશિક. તેમાં પોતાનો કે પરનો વિભાગ નથી. વિભાગ - વિવાહાદિ કાર્યને વિશે વધેલ હોય તે જુદું કરીને દાન માટે કલ્પેલ હોય તેને વિભાગ-ઔદ્દેશિક કહે છે. કેમકે તે જુદું કરાયેલ છે. ઓઘ ની વ્યાખ્યા પછી કરશું.

વિભાગ - બાર ભેદે છે. તેમાં પહેલા ત્રણ ભેદ – ઉદ્દિષ્ટ, કૃત અને કર્મ. પોતા માટે તૈયાર કરી ભિક્ષુને દેવા જુદુ પાડે તે - ઉદ્દિષ્ટ. ઉદ્ધરેલ ઓદનાદિને કરંબાદિરૂપે કરાય તે - કૃત. ઉદ્ધરેલ, લાડુના ચૂર્ણાદિ કરેલને ભિક્ષુકોને દેવા માટે ફરી પાક આપીને મોદકાદિ રૂપે કરેલ હોય તે - કર્મ. આ ત્રણેના પ્રત્યેકના ચાર-ચાર ભેદ, તેથી ૩ x ૪ = ૧૨ ભેદ થાય.

હવે ઓઘ ઔદ્દેશિકનો સંભવ છે, તે પહેલાં કહે છે –

● **મૂલ-૨૪૨ થી ૨૪૫ :-**

***[૨૪૨] અમે દુકાળમાં કષ્ટ વડે જીવ્યા, હવે હંમેશાં કેટલીક ભિક્ષા આપીએ. કેમકે એવું કંઈ નથી કે – ગત ભવે ન દીધેલ આ ભવે ભોગવાય અને આ ભવે ન કરેલ આવતા ભવે ભોગવાય. [૨૪૩] તે સ્ત્રી રંધાતા ભોજનમાં પાખંડી કે ગૃહસ્થને ભિક્ષા માટે સામાન્ય રીતે વધારે તંદુલ નાંખે છે. [૨૪૪] છદ્મસ્થ સાધુ ઓઘ ઔદ્દેશિકને કેમ જાણે ? એમ પ્રેરણા કરતા ગુરુ કહે છે – ગૃહસ્થની શબ્દાદિ ચેષ્ટામાં ઉપયુક્ત સાધુ જાણી શકે. [૨૪૫] તે પાંચે ભિક્ષા આપી દીધી છે અથવા રેખાને કરે કે ગણતા-ગણતા આપે અથવા આમાંથી આપ કે આમાંથી ન આપ કે આટલી ભિક્ષા જુદી કર એવું બોલે.***

● **વિવેચન-૨૪૨ થી ૨૪૫ :-**

[૨૪૨] દુકાળ ગયા પછી કેટલાંક ગૃહસ્થો વિચારે છે કે – અમે દુકાળમાં મહા કષ્ટે જીવ્યા. ઈત્યાદિ - x - x - પરલોકના સુખને માટે કેટલીક ભિક્ષા આપીને શુભ કર્મ ઉપાર્જન કરીએ. આ પ્રમાણે ઓઘથી ઔદ્દેશિક સંભવે છે.

[૨૪૩] ઓઘ ઔદ્દેશિકનું સ્વરૂપ - ગૃહનાયિકા સ્ત્રી રાંધતા પૂર્વે પાખંડી કે ગૃહસ્થ જે કોઈ આવશે તેને ભિક્ષાર્થે આટલું કે આટલું પોતા માટે એમ વિભાગ કર્યા વિના અધિકતર તંદુલાદિ રાંધવા મૂકે તે.

[૨૪૪] શંકા-સમાધાન કહે છે :- છદ્મસ્થ કઈ રીતે જાણે કે આ ઓઘ ઔદ્દેશિક છે ? આગળ કહેવાશે તેવી ગૃહસ્થની શબ્દાદિ ચેષ્ટામાં ઉપયોગવાળો સાધુ તે જાણી શકે. જેમકે [૨૪૫] પ્રાયઃ ગૃહસ્થોની ચેષ્ટા આવી હોય - તે ગૃહસ્વામીની સાધુ સાંભળે તેમ પતિને કહે કે – પાંચે ભિક્ષા બીજાને અપાઈ ગઈ છે. ભિક્ષાની ગણતરી માટે ભીંત ઉપર રેખા કરે કે તે ગણતી-ગણતી આપે. અથવા કોઈક બીજાને સૂચના કરે કે સંકલ્પિત કરેલ ભિક્ષાપેટીમાંથી આપ કે આમાંથી ન આપ થવા સાધુ પ્રવેશે ત્યારે બોલે કે અમુક સ્થાનેથી આટલી ભિક્ષા ભિક્ષુકોને આપવા જુદી કર. ઈત્યાદિ રીતે જાણી છદ્મસ્થ તેવી ભિક્ષાનો ત્યાગ કરે વૃદ્ધ સંપ્રદાય એવો છે કે સંકલ્પિત ભિક્ષા અપાઈ ગઈ પછી જુદી કરેલમાંથી બાકી રહેલ ભિક્ષા કલ્પે છે.

**• મૂલ-૨૪૬ થી ૨૪૯ :-**

***[૨૪૬] ગૌચરી માટે નીકળેલા સાધુએ શબ્દાદિ વિષયમાં મૂર્છા ન કરવી, પણ ગોભક્તને વિશે ગોવત્સની જેમ એષણાવાળા થવું. [૨૪૭,૨૪૮] અહીં ગોવત્સનું દૃષ્ટાંત છે, તે વિવેચનથી જાણવું [૨૪૯] ગમનાગમનમાં, ઉત્ક્ષેપમાં, બોલવામાં, શ્રોત્રાદિ ઈન્દ્રિયો વડે ઉપયોગી તથા તેમાં જ મનવાળો સાધુ એષણા કે અનેષણાને જાણી શકે છે.***

**• વિવેચન-૨૪૬ થી ૨૪૯ :-**

ભિક્ષાને માટે પ્રવેશે ત્યારે શબ્દ, રૂપ, રસાદિમાં મૂર્છા ન કરવી. પણ ઉદ્‌ગમાદિ દોષની ગવેષણામાં તત્પર રહેવું. જેમ ગોવત્સ-વાછરડો, ગોભક્ત-ગાયના ખોરાકમાં ઉપયોગી હોય, તેમ ઉપયોગી રહેવું. તેનું દૃષ્ટાંત –

ગુણાલયનગર, સાગરદત્ત શ્રેષ્ઠી, શ્રીમતી ભાર્યા, તેમને ગુણચંદ્ર આદિ ચાર પુત્રો, પ્રિયંગુલતિકા આદિ ચાર પુત્રવધૂઓ હતી. શ્રેષ્ઠી પત્ની મરણ પામતા, પ્રિયંગુલતિકાને ઘરની સંભાળ માટે સ્થાપી. શ્રેષ્ઠીને ઘેર વાછરડાવાળી ગાય હતી. તેના ચારો પાણી ચારે વહુઓ યથાયોગ આપતી. કોઈ વખતે પ્રિયંગુલતિકાના પુત્ર ગુણ સાગરના લગ્ન પ્રસંગે બધી વહુઓ શણગારમાં વ્યસ્ત હતી, વાછરડો ભૂલાઈ ગયો. તેને કોઈ વહુએ પાણી પણ ન આપ્યું. મધ્યાહ્ને શ્રેષ્ઠીને જોઈને વાછરડો આરડવા લાગ્યો. શ્રેષ્ઠીએ તેને ભુખ્યો જાણી પુત્રવધૂઓને તાડના-તર્જના કરી. તેથી ચારે વહુઓ દોડતી આવીને યથાયોગ ચારો-પાણી લઈને ચાલી. વાછરડો દેવી જેવી શોભતી વહુ કે શોભતા ઘરને પણ જોતો નથી, માત્ર ચાર-પાણીને જુએ છે.

આ પ્રમાણે સાધુઓએ ભિક્ષાર્થે અટન કરવું જોઈએ. પણ સ્ત્રી, ગીત આદિમાં આસક્ત ન થવું માત્ર ભિક્ષામાં ઉપયોગવાળા થઈને વર્તવાથી શુદ્ધ કે અશુદ્ધ જાણી શકાશે. તે આ રીતે – સાધુને માટે ભિક્ષા આપવા ભિક્ષા દેનારી સ્ત્રી લાવવા માટે જાય કે લઈને પાછી આવે, વાસણ આદિ ઉંચુ ઉપાડે કે આહાર નાંખે એ બધા પદોમાં તથા તેને બોલતી સાંભળીને ઉપયોગવાળો થાય. તે બધામાં વાછરડા માફક પોતાને કલ્પનીય આહાર-પાણી છે કે નહીં ? એ જ ભાવનામાં એકાગ્રચિત્ત રહે, તે સાધુ



એષણીય કે અનેષણીયને જાણે.

હવે વિભાગ ઔદ્દેશિકનો સંભવ કહેવા માટે સૂત્રકાર જણાવે છે –

**• મૂલ-૨૫૦,૨૫૧ :- [ભાષ્ય-૩૨]**

***મોટી સંખડીમાં વધેલ ભાત, દહીં આદિ જોઈને ગૃહસ્થ બોલે કે – આ વસ્તુ પુન્યને માટે આપ... તેમાં આ પ્રમાણે પૂર્વે કહેલ વિભાગ ઔદ્દેશિક પહેલાં ઉદ્દિષ્ટ સંભવે છે, તેને જ શિષ્યગણના હિત માટે વિભાગથી કહે છે –***

**• વિવેચન-૨૫૦,૨૫૧ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - સંખડી એટલે વિવાહ આદિ પ્રસંગ કેમકે જેને વિશે પ્રાણીઓ હણાય તે સંખડી. તેમાં જે વધેલું, તે વધેલ ભોજન જેવું છે તેવું ભિક્ષાચરોને પુન્યાર્થે આપે તો તે ઉદ્દિષ્ટ, જો તેનો કરંબો કરે તો કૃત, મોદકાદિ બનાવે તો કર્મ કહેવાય. એ પ્રમાણે વિભાગ ઔદ્દેશિક સંભવે છે.

**• મૂલ-૨૫૨,૨૫૩ :-**

***ઔદ્દેશિક, સમુદ્દેશિક, આદેશ અને સમાદેશ એ ચાર ભેદ, આ જ પ્રમાણે કૃત અને કર્મના પણ ચાર-ચાર ભેદો જાણવા. તેમાં સર્વને આશ્રીને કર્યુ તે ઔદ્દેશિક, પાખંડી આશ્રીને કર્યુ તે સમુદ્દેશ, શ્રમણને આશ્રીને કર્યુ તે આદેશ અને નિર્ગ્રન્થને આશ્રીને કર્યુ તે સમાદેશ કહેવાય છે.***

**• વિશેષ-૨૫૨,૨૫૩ :-**

ઉદ્દિષ્ટ વિભાગ ચાર ભેદે – ઔદ્દેશિક આદિ. તે પ્રમાણે કૃત અને કર્મના ચતુષ્કને જાણવા. એમ સર્વ સંખ્યા બાર થશે. આ વિભાગ ઉદ્દેશિક કહ્યું.

હવે આ બાર ભેદોના અવાંતર ભેદો કહે છે –

**• મૂલ-૨૫૪ થી ૨૫૬ :-**

***[૨૫૪] તે ઉદ્દિષ્ટ ઔદ્દેશિકાદિ બે પ્રકાર છે – છિન્ન, અછિન્ન. તે દરેક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ચાર ભેદે છે. એ પ્રમાણે નિષ્પાદિત નિષ્પન્ન પણ જ્યાં ઘટે તેમ જાણવું... તેમાં સંખડીમાંથી વધેલ ભોજનને તે કે બીજા દિવસે "અંદર અને બહાર રહેલું બધું આખો દિવસ આપ" એમ જે કહેવું તે અચ્છિન્ન કહેવાય.. દ્રવ્યાદિક છિન્ન - આ આપ બાકીનું આપીશ નહીં, તે પણ ઘરની અંદરનું કે બહારનું એ બેમાંથી એક, તે પણ અમુક સમયથી આરંભીને અમુક સમય સુધી આપ.***

**• વિવેચન-૨૫૪ થી ૨૫૬ :-**

છિન્ન-નિયમિત, અછિન્ન-અનિયમિત. એ જ પ્રમાણે જેમ ઉદ્દિષ્ટ ઔદ્દેશિકાદિ દરેકના આઠ પ્રકાર છે, તેમ નિષ્પાદિત - ગૃહસ્થે પોતાના માટે કરેલું, તે વડે નિષ્પન્ન - બનેલું. જે કરંબાદિ કે મોદકાદિ તે નિષ્પાદિત નિષ્પન્ન કહેવાય. આ નિષ્પાદિત નિષ્પન્ન કૃત કે કર્મને વિશે ઘટે છે. હવે પહેલાં દ્રવ્યાદિ અચ્છિન્નની વ્યાખ્યા કરે છે – જે દિવસે સંખડી હોય તે કે બીજે દિવસે ઘરધણી પોતાની ભાર્યાદિ પાસે અપાવે

ઈત્યાદિ અચ્છિન્ન કહ્યું. ભાવ અચ્છિન્ન જાતે જાણી લેવું. જ્યારે દ્રવ્યાદિ છિન્ન તેનાથી વિપરીત છે તેમાં દ્રવ્યછિન્ન - જેમકે શાલિ આપ, કોદરા ન આપ. કાલછિન્ન - અમુક પ્રહર સુધી આપ. ક્ષેત્રચ્છિન્ન-અમુક સ્થાનેથી આપ. ભાવચ્છિન્ન - રુચે ત્યાં સુધી આપ ઈત્યાદિ - x -

હવે ઉદ્દિષ્ટાદિને આશ્રીને કલ્પ્ય - અકલ્પ્ય વિધિ કહે છે —

**• મૂલ-૨૫૭ થી ૨૬૦ :-**

***[૨૫૭] દ્રવ્યાદિક વડે છિન્ન એવું પણ જો પહેલાથી કહે કે — હવે ન આપ, તે છિન્ન પણ કલ્પે છે. પણ અચ્છિન્નકૃત ન કલ્પે. [૨૫૮] અમુકને આપ અને અમુકને ન આપવું ત્યાં વિકલ્પ છે. તેમાં પણ જેમાં યતિઓનો સામાન્ય નિર્દેશ હોય તેનો ત્યાગ કરવો. [૨૫૯] સંકલ્પ કરાતા ભોજનને જે સાધુ સાંભળે તે જ વખતે તે કલ્પે, બીજાને સ્થાપના દોષ લાગે, ન સાંભળતા આ મર્યાદા છે કે સંકલના કરીને પરસ્પર કહેવું કે કોઈ એકને ત્યાં સ્થાપવો. [૨૬૦] આ ન આપ, આ આપ એવું કહેલ સાંભલીને સાધુને પૂછવાથી સત્ય કહેતા તેનો ત્યાગ કરે, પણ જે આપ્યુ તે ભલે, હવે ન આપીશ સાંભળીને તે ભોજન ગ્રહણ કરે.***

**• વિવેચન-૨૫૭ થી ૨૬૦ :-**

[૨૫૭] અહીં દ્રવ્યાદિ વડે નક્કી કર્યા સિવાયનું બધું ભોજન કલ્પે છે, કેમકે તેને માટે દાનનો સંકલ્પ નથી. જો ગૃહસ્વામી નિયમિત અવધિ પહેલાં જ કોઈને આપવાની મનાઈ કરે તો તેમાં ‘છિન્ન’ કલ્પે છે. પણ અચ્છિન્ન-અનિયમિત કાળવાળું તો અકલ્પ્ય જ છે. તો પણ જો અચ્છિન્ન પણ પછીથી દાનના પરિણામના અભાવે પહેલાં જ ગૃહસ્થે સ્વાધીન કરેલ હોય તે કલ્પે છે. [૨૫૮] સંપ્રદાન વિભાગને આશ્રીને કલ્પ્યાકલ્પ્ય-આપવાની વસ્તુમાં જે કોઈ ગૃહસ્થ કે અગૃહસ્થનો, પાખંડી કે શ્રમણોનો અવિશેષ નિર્દેશ હોય તો તે ન કલ્પે, પણ વિશેષ નિર્દેશ હોય અને તે સાધુના નામે હોય તો ન જ કલ્પે, અન્યને માટે હોય તો સાધુને કલ્પે છે.

વળી બીજું [૨૫૯] હજુ ઔદ્દેશિક થયું નથી, પણ તે જ વખતે ઉદ્દેશ કરાતું હોય તો તે વખતે સાધુને કલ્પે છે તે ભોજન ઉદ્દિષ્ટ ઔદ્દેશિક જાણવું પણ કૃત કે કર્મ ન જાણવું. તે જે સાધુ સાંભળે તેને તે જ વખતે કલ્પે પણ જે સાધુ આવો સંદેશ કરાતા ભોજનને સાંભળતો ન હોય તેને તે ભોજન ન કલ્પે. કેમકે તેમાં સ્થાપના દોષ લાગે છે. પરંતુ પૂર્વાચાર્ય આચરિત એવી મર્યાદા છે કે — એક સાધુ સંઘાટક બીજા સાધુ સંઘાટકને કહે, તે વળી બીજાને કહે એવી સંકલનાથી કથન કરે, ઘણાં સાધુ હોય તો એક સાધુ સંઘાટક તે જ ઘર પાસે ઉભો રહે, તો તે બધાં સાધુને નિવેદન કરે કે આ ઘેર જશો નહીં, અહીં અનેષણા છે. હવે આ વાત ન જાણતા સાધુને જાણવાનો ઉપાય બતાવે છે - [૨૬૦] જેમકે સાધુને આપતી વખતે કોઈ સ્ત્રી બીજી સ્ત્રીને કહે કે — આ તું ન આપતી પણ આ આપજે. તે સાંભળી સાધુ



કારણ પૂછે તેણી કહે કે આ દાન માટે કલ્પેલું છે. આ કલ્પેલું નથી, તો સાદુ તેને છોડી દે. પણ તે જ ઔદ્દેશિક પોતાનું કરેલ હોય તો તેવું આપે ત્યારે કલ્પ્ય માની ગ્રહણ કરે.

હવે કૃત અને કર્મ ઔદ્દેશિકના સંભવ હેતુ આદિ કહે છે —

**• મૂલ-૨૬૧ થી ૨૬૩ નું વિવેચન :-**

રસના ભાજન માટે કે કોહી ન જાય માટે અથવા સુખે દાન આપી શકાય માટે ઓદનને દહીં વડે મિશ્ર કરે તે આ કૃત કહેવાય... મારો અવર્ણવાદ ન બોલે કે મિશ્ર કરેલું હોય તો સુખેથી આપી શકું, એમ ધારીને મધ કે ઉકાળીને ઘટ્ટ બનેલા ઈક્ષુરસ કે ઘૃતાદિ સાથે મિશ્ર કરે તે કૃત... એ જ પ્રમાણે કર્મને વિશે જાણવું. વિશેષ એ કે તેમાં ઉનું કરવામાં આવે છે. જેમકે — તપાવવા અને ગોળ આદિ ઓગાળવા વડે ફરી મોદક રૂપે બનાવાય.

દહીં આદિ વડે વદેલા ઓદનાદિને કરંબારૂપ કરીને આ ભાજનને હું ખાલી કરું કે જેથી આ ભાજન બીજા કાર્યમાં લઈ શકાય. એમ રસના ભાજનને માટે અથવા આ ઓદનાદિ દહીં વડે મિશ્ર ન કરવાથી કોહી જશે. તે કોહેલું આપી નહીં શકાય અથવા દહીં વડે મિશ્ર કરેલું હોય તો તે એક જ પ્રયાસે સુખેથી આપી શકાશે ઈત્યાદિ કારણે ઓદનને દહીં વગેરે વડે મિશ્ર કરે તે કૃત. જો હું લાડુ વગેરે બધું અલગ આપીશ તો યાચકો મારી નિંદા કરશે અથવા પિંડરૂપ એકઠું કરેલ સુખેથી આપી શકાય તેથી મદિરા ઈક્ષુરસ આદિ સાથે એકરૂપ કરી મોદકાદિ પિંડ બાંધુ. તો તે કૃત કહેવાય. એ પ્રમાણએ કર્મ ઔદ્દેશિક - ગોળ વગેરેને ઓગાળીને ફરી મોદકચૂર્ણને મોદકપણે કરે કે તુવેરાદિ રાત્રિનું વાસી ભોજન ફરી સંસ્કારવા અગ્નિ વડે નીપજાવે.

**• મૂલ-૨૬૪ થી ૨૬૬ :- [પ્રક્ષેપ-૧]**

***[૨૬૪] “અમુક વસ્તુ ફરીથી હું રાધીને આપીશ” એમ દાતા કહેતો સાધુને તે ન કલ્પે. પણ તેની પહેલા કલ્પે. ઘરમાં કે બહાર, કાલે કે પછીને દિને રાંધીને આપીશ, એમ કહે તો ન કલ્પે, તેની પૂર્વે કલ્પે... યથા પ્રકારે ફરીથી કરેલું હું આપીશ એમ કહીને તે જ પ્રકારે કરીને આપે તો તે ન કલ્પે, પણ તેની પૂર્વે કલ્પે. પોતા માટે કરેલ પાક પણ યાવદર્થિકવાળું મૂકીને બાકીનું ન કલ્પે. [પ્રક્ષેપગાથામાં કહે છે — છકાયની દયા વગરના, જિનપ્રવચન બહારના મુંડીયા, કપોતની જેમ ઘણું કહે છે જે નિરર્થક છે.]***

**• વિવેચન-૨૬૪ થી ૨૬૬ :-**

ભિક્ષાર્થે પ્રવેશેલા સાધુ પ્રત્યે જો કોઈ ગૃહસ્થ બોલે કે — બીજે જઈને ફરી પધારો, જેથી હું અમુક આહાર તૈયારી કરીને આપું, જો તેમ કરીને આપે તો ન કલ્પે કેમકે તે કર્મ ઔદ્દેશિક થયું. આ જ વાત ક્ષેત્ર અને કાળના વિષયમાં ગાથાર્થવત્ સમજી લેવી. પૂર્વે વ્યાખ્યા કરી હોવાથી પુનરુક્તિ કરતાં નથી. અને જો દેવા નિધારિલ

સામાન્યથી સંકલ્પવાળું દ્રવ્ય હોય તો તે સર્વથા ન કલ્પે. જે કર્મ ઔદ્દેશિક કૃતપાક યાવદર્થિક હોય અને તેને પોતાને માટે કલ્પેલું હોય તો તે કલ્પે છે. [શંકા] આધાકર્મિક અને કર્મ ઔદ્દેશિકમાં શો ભેદ છે ? જે પહેલાંથી જ સાધુ માટે બનાવેલ હોય તે આધાકર્મિક, જે પહેલાં રાંધેલું છતાં ફરીથી પાક કરવા વડે સંસ્કાર કરાય તે કર્મ ઔદ્દેશિક છે.

૦ હવે પૂતિદ્વાર કહે છે. પૂતિ ચાર પ્રકારે — નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવપૂતિ. નામ, સ્થાપના સુગમ છે. હવે દ્રવ્ય અને ભાવપૂતિ કહે છે —

**● મૂલ-૨૬૭ થી ૨૭૦ :-**

*[૨૬૭] પૂતિકર્મ દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે. દ્રવ્યમાં છાણ વડે કહેવાતું ધાર્મિક દૃષ્ટાંત છે. ભાવમાં બાદર અને સૂક્ષ્મ બે ભેદ છે.*

*[૨૬૮] દ્રવ્યપૂતિ - જે દ્રવ્ય ગંધાદિગુણે યુક્ત પણ પછી અશુચિ ગંધદ્રવ્યથી સહિત થવાથી પૂતિ છે, તેથી તેનો ત્યાગ કરાય છે.*

*[૨૬૯,૨૭૦] હવે બે ગાથા વડે દૃષ્ટાંત કહે છે, જે વિવેચનમાં છે.*

**● વિવેચન-૨૬૭ થી ૨૭૦ :-**

પૂતિકર્મ - અશુચિ કરવું તે બે ભેદે છે — દ્રવ્યથી - જેનું દૃષ્ટાંત અહીં અપાશે. ભાવથી - બાદર અને સૂક્ષ્મ. અહીં દ્રવ્યનું જે પૂતિકરણ તે દ્રવ્યપૂતિ કહેવાય. જે દ્રવ્યથી ભાવનું પૂતિકરણ થાય છે તે દ્રવ્ય છતાં ઉપચારથી ભાવપૂતિ કહેવાય છે. દ્રવ્યપૂતિનું લક્ષણ - જે દ્રવ્ય પ્રથમથી સુગંધીરૂપે છે, પણ અશુચિ ગંધ દ્રવ્યથી યુક્ત થતાં અશુચિ થાય છે. માટે તે ત્યજાય છે.

સમિલ્લ નામે નગર હતું. નગર બહાર ઉદ્યાન સભામાં દેવકૂલિકામાં માણિભદ્ર યક્ષ હતો. તે નગરમાં શીતળાનો રોગ થયો. કેટલાંકે યક્ષની માનતા માની કે — જો અમે ઉપદ્રવથી મુક્ત થઈશું તો એક વર્ષ સુધી આઠમ વગેરે તિથિને વિશે તમારી ઉદ્યાપનિકા કરીશું તેઓ કોઈપણ રીતે ઉપદ્રવ મુક્ત થયા. દેવશર્મા પૂજારીને આઠમ આદિ તિથિએ યક્ષના સભામંડપને છાણથી લીંપજે. અમે પવિત્ર સભામાં ઉજવણી કરીશું. પૂજારી કણબીને ત્યાં સવારમાં છાણ લેવા ગયો. નોકરે અજીર્ણ થવાથી દુર્ગન્ધી વિષ્ઠા કરેલી, ઉપર ભેંસે આવીને છાણના પોદળા કર્યા. દેવશર્માએ તે ન જાણ્યું. તે છાણને તેમજ લઈને ચાલ્યો. સભાને લીંપી. ઉજવણી કરનારા આવ્યા. સભામાં દુર્ગન્ધ આવતી જાણીને પૂજારીને પૂછ્યું. લીંપણમાં વિષ્ઠા છે તેમ જાણ્યું. સર્વે ભોજન અશુચિ થયું એમ જાણીને તેનો ત્યાગ કર્યો. લીંપણ ઉખેડી, બીજા છાણથી લીંપણ કર્યું. બીજા ભોજનાદિ પકાવ્યા.

સાર એ કે — વિષ્ઠા ઉપરનું ભોજન તે દ્રવ્યપૂતિ છે.

**● મૂલ-૨૭૧ થી ૨૭૬ :-**

*[૨૭૧] ઉદ્‌ગમ કોટિના અવયવ માત્રથી પણ મિશ્ર અશનાદિક શુદ્ધ છતાં પણ શુદ્ધ ચારિત્રને મલિન કરે છે, આ ભાવપૂતિ કહેવાય. [૨૭૨] આધાકર્મ, ઔદ્દેશિક, મિશ્ર, બાદર પ્રાભૃતિકા, ભાવપૂતિ અને અધ્યવપૂરક એ ઉદ્‌ગમકોટિ કહેવાય. [૨૭૩] ભાવપૂતિ બે ભેદે — બાદર, સૂક્ષ્મ. તેમાં બાદરપૂતિ બે ભેદે — ઉપકરણમાં અને ભોજન પાનમાં. [૨૭૪] ચૂલો, તપેલી, કડછો, કડછી વડે મિશ્ર તે પૂતિ તથા શાક, મીઠું, હિંગ વડે જે મિશ્ર તે પણ પૂતિ, સંક્રામણ, સ્ફોટન, ધૂમ પણ ભોજનપાન પૂતિ છે. [૨૭૫] ચૂલો અને તપેલી રાંધવાની વસ્તુને ઉપકારક છે, કડછી-કડછો આપવામાં આવતી વસ્તુને ઉપકાર કરે છે માટે તે દ્રવ્ય ઉપકરણ કહેવાય. [૨૭૬] ચૂલો અને તપેલી બંને આધાકર્મી હોય તો પહેલા ત્રણે ભાંગામાં અકલ્પ્ય છે ત્યાં રહેલાનો નિષેધ છે બીજા સ્થાને રહેલની અનુજ્ઞા છે.*



**● વિવેચન-૨૭૧ થી ૨૭૬ :-**

છ એ ગાથાનો ગાથાર્થ કહ્યો. હવે વૃત્તિમાંના ફક્ત વિશેષ કથન કહીએ છીએ — [૨૭૧] - આધાકર્મીના ભેદો બે પ્રકારે — વિશોધિકોટિ અને અવિશોધિ કોટિ. અહીં અવિશોધિ કોટિ લેવી. તેના એક જ અવયવ વડે પણ મિશ્રિત અશનાદિ, ઉદ્‌ગમાદિ દોષ રહિત હોવા છતાં અતિચાર રહિતને મલિન કરે છે. આવું અશનાદિ તે ભાવપૂતિ - [૨૭૨] મિશ્ર - સાધુ અને પાખંડીનું મિશ્ર હોય તે. હવે ભાવપૂતિના ભેદે - [૨૭૩] - બાદર ભાવપૂતિમાં બે ભેદ - ઉપકરણ વિષયક અને ભોજન-પાન વિષયક. તેમાં ભોજન-પાન પૂતિ કહે છે — - [૨૭૪] - ચૂલો, તપેલી, કડછો, કડછી સર્વે આધાકર્મરૂપ જાણવા. તેના વડે મિશ્ર થયેલ શુદ્ધ અશનાદિ પણ પૂતિ કહેવાય. ચૂલો અને તપેલીના યોગ પૂર્વક રાંધીને કે તેની ઉપર સ્થાપીને પૂતિ થાય છે. આધાકર્મવાળા શાક વગેરે દ્રવ્યો વડે મિશ્ર તે પણ પૂતિ કહેવાય. આધાકર્મી ભોજનાદિથી ખરડાયેલ તપેલી આદિમાં શુદ્ધ અશનાદિ રાંધવા કે તેમાં મૂકવા આદિ પણ પૂતિ છે - [૨૭૫] - જેના વડે ઉપકાર કરાય તે ઉપકરણ.

ચૂલો અને તપેલીમાં રહેલા અશનાદિને આશ્રીને કલ્પ્યાકલ્પ્ય. વિધિ કહે છે — અહીં ચૂલો અને તપેલી બંને આધાકર્મી છે અથવા આધાકર્મના પંકથી મિશ્રિત છે અથવા બેમાંથી કોઈ એક તેવું હોય તેના ચાર ભંગો છે - (૧) ચૂલો આધાકર્મી તપેલી નહીં. (૨) ચૂલો આધાકર્મી ન હોય, તપેલી હોય. (૩) બંને આધાકર્મી હોય, (૪) બંને આધાકર્મી ન હોય. આમાં પહેલાં ત્રણ ભંગો વિશે રાંધવા વડે કે તેની ઉપર રાખવા માત્રથી તે અશન પૂતિદોષ હોવાથી અકલ્પ્ય છે. તેનું વિષયના વિભાગ વડે કલ્પ્યાકલ્પ્યપણું — ત્યાં રંધાય કે અન્યત્રથી લાવીને ત્યાં સ્થાપન કરાય તો તેવાનો નિષેધ છે. જો તે જ ભોજન અન્યત્ર રહેલ હોય તો તેની તીર્થંકરાદિએ અનુમતિ આપેલ છે. પણ જો સાધુ માટે અન્યત્ર લઈ જવાયું હોય તો ન કલ્પે.

હવે ચૂલા વગેરે ઉપકરણનો પૂતિભાવ દેખાડવા માટે કહે છે —

**● મૂલ-૨૭૭ થી ૨૮૦ :-**

*[૨૭૭] આધાકર્મીરૂપ પંક વડે મિશ્ર ચૂલો અને તપેલી ઉપકરણપૂતિ*

***કહેવાય છે. કડછાનો અગ્રભાગ કે દંડ એ બેમાંથી એક આધાકર્મમાં હોય તો તે લાકડાનો હાથો પૂતિ છે. [૨૭૮] દર્વીછૂઢ એટલે આધાકર્મની કડછી વડે જે આપે તે આહારપૂતિ કહેવયા, આધાકર્મનો સ્પર્શ કરાવી પછી શુદ્ધનો સ્પર્શ કરાવી આપે તે પણ આહારપૂતિ કહેવાય. [૨૭૯] પોતાના માટે આરંભ કર્યા પછી જે આધાકર્મી એવા શાક, લવણ, હિંગ કે બીજું કંઈ સ્ફોટન જે તક્રાદિ મિશ્ર થયા હોય તે ભોજનપાન પૂતિ. [૨૮૦] આધાકર્મ સંક્રમાવીને જે રાંધ્યુ કે તેમાં કંઈ મિશ્ર થયું હોય તે ભોજનપાનપૂતિ કહેવાય. અંગારામાં વેસણ નાંખવાથી જે ધૂમાડો નીકળે તે ધૂમ કહેવાય, આ ધૂમાડા વડે વ્યાપ્ત જે તપેલી કે તક આદિ હોય તે પણ પૂતિ કહેવાય.***

**● વિવેચન-૨૭૭ થી ૨૮૦ :-**

ગાથાર્થ કહ્યો. હવે માત્ર વિશેષાર્થરૂપ વૃત્તિ જ નોંધેલ છે :-

[૨૭૭] આધાકર્મિક કર્દમ વડે મિશ્ર - કેટલાંક શુદ્ધ અને કેટલાંક આધાકર્મી પદાર્થો વડે બનેલ. જે કારણે કર્દમ સૂચક આધાકર્મી વડે યુક્ત છે, તેથી કરીને આધાકર્મીકર્દમ મિશ્ર કહેવાય. ચૂલા અને તપેલી વડે બીજા પણ ઉપકરણનું પૂતિપણું જાણવું. પોતાના માટે તપેલીમાંથી કે કડછા વડે કાઢેલ હોય તો કલ્પે.

[૨૭૮] 'દર્વીછૂઢ' ગાથામાં વિશેષતા :- આધાકર્મી કડછી તપેલીમાંથી બહાર કાઢી હોય તો તે તપેલીમાં રહેલા અશનાદિ કલ્પે, કડછી શુદ્ધ હોય પણ આધાકર્મી ભોજન હલાવેલ હોય, તેના કણીયા ચોંટેલા હોય, તેવી કડછીથી આપે, તો પણ આહાર પૂતિ કહેવાય. તે કડછી કાઢ્યા પછી પણ તે તપેલીનું ન કલ્પે.

[૨૭૯] તક્રાદિપાકનો આરંભ પોતા માટે કરે પણ પછી આધાકર્મી મીઠું, હીંગ, રાય આદિ નાંખે તો તે ભક્તપાન પૂતિ કહેવાય.

[૨૮૦] આધાકર્મ જેમાં રાંધ્યુ હોય, તે બીજા વાસણમાં સંક્રમાવ્યુ. પછી મૂળ તપેલીને ત્રણ વખત સાફ ન કરી, તેમાં પોતાને માટે રાંધે કે બીજું કંઈ તેમાં નાંખે તો તે ભક્તપાનાદિ પૂતિ કહેવાય. ધૂમાડા વિનાના અંગારામાં વેસન, હીંગ, જીરુ આદિ નાંખતા ધૂમાડો નીકળે તે વેસનાંગારધૂમ કહેવાય. ધૂમાડા વડે વ્યાપ્ત તપેલી કે તક્રાદિ પણ પૂતિ કહેવાય.

બાદરપૂતિ કહી હવે સૂક્ષ્મપૂતિ કહે છે –

**● મૂલ-૨૮૧ થી ૨૮૯ :-**

***[૨૮૧] ઈંધણ, ધૂમ, ગંધ આદિ અવયવો વડે સૂક્ષ્મપૂતિ થાય છે. આ પૂતિ વર્જવી યોગ્ય છે ? એમ પૂછતા ગુરુ કહે છે – [૨૮૨] ઈંધણ, ધૂમ, ગંધાદિ અવયવોથી પૂતિ થતી નથી, જેઓ તેને પૂતિ માને છે તેમના મતે શુદ્ધિ થતી નથી. [૨૮૩] ઈંધણ, અગ્નિ અવયવ, ધૂમ, બાષ્પ, અન્નગંધ, સમસ્ત લોકને સ્પર્શે છે, તેથી તે સર્વને પૂતિ કહેવું પડશે.***

***[૨૮૪] શંકા-આમ કહેતા પૂર્વે કહેલ સૂક્ષ્મપૂતિનો અસંભવ થશે. તેથી***





***ઈંધણ અને ધૂમથી આ પૂતિ છે એમ સિદ્ધ થાય છે. [૨૮૫] હે પ્રાશ્નિક ! "ઈંધણાદિ ચારે વડે સૂક્ષ્મપૂતિ થાય છે" એ માત્ર પ્રરૂપણા છે, પરંતુ તે પૂતિનો ત્યાગ નથી. [૨૮૬] સાધ્ય અને અસાધ્ય એમ બે ભેદે કાર્ય હોય તેમાં સાધ્ય કાર્ય સાધી શકાય, અસાધ્ય નહીં. જે મનુષ્ય અસાધ્યને સાધ્યા કરે તે માત્ર ક્લેશ પામે, કંઈ સાધી ન શકે.***

***[૨૮૭] આધાકર્મના ભાજનનું પ્રસ્ફોટન કરીને ત્રણ કલ્પ ન કરે, તેવા ભાજનમાં ગ્રહણ કરેલ હોય તે સૂક્ષ્મપૂતિ છે. ધોવા આદિથી તેનો પરિહાર થઈ શકે છે. [૨૮૮] આધાકર્મ ગ્રહણ કર્યા પછી પાત્ર ધોવા છતાં પણ અવયવ રહિત ન થાય. કેમકે દ્રવ્ય વિના ગુણ ન હોય. એ પ્રમાણે શુદ્ધિ પણ ક્યાંથી હોય ? ન હોય. [૨૮૯] લોકમાં પણ દૂરથી આવેલા અપવિત્ર ગંધો પરિણામ પામતા દોષ ન પામે, દૂર રહેલા વિષકણીયા પણ મારતા નથી.***

**● વિવેચન-૨૮૧ થી ૨૮૯ :-**

ગાથાર્થ કહ્યો. હવે વૃત્તિની વિશેષતા માત્ર જ નિર્દેશેલ છે –

[૨૮૧] આધાકર્મ સંબંધી ઈંધણ, અંગારા, ધૂમ, ગંધ, બાષ્પ વડે મિશ્ર થયેલા શુદ્ધ અશનાદિ તે સૂક્ષ્મપૂતિ, તેનો આગમમાં નિષેધ નથી. નિષેધ કેમ નથી કર્યો ? [૨૮૨] ગાથાર્થ સ્પષ્ટ છે. [૨૮૩] હવે પ્રાશ્નિક પોતાના પક્ષનું સમર્થન કરે છે - [૨૮૪] ઈંધણાદિથી પૂતિ ન થાય તો પૂર્વે ગાથા-૨૬૭માં કહેલ સૂક્ષ્મપૂતિનો અસંભવ થશે. કેમકે બીજી સૂક્ષ્મપત્તિ જ નથી. ગુરુ કહે છે –

[૨૮૫] હે પ્રેરક ! તમે કહો છો તેમ ઈંધણાદિથી સૂક્ષ્મપૂતિ થાય જ છે, પણ અશક્ય પરિહાર હોવાથી તેનો ત્યાગ કર્યો નથી. [૨૮૬] સાધી શકાય તેવું કાર્ય સાધવું, તમારા જેવા અસાધ્યને સાધતા અવશ્ય ક્લેશ પામે. કેમકે તેનો ઉપાય જ વિદ્યમાન નથી. શંકા કરનાર બીજી સૂક્ષ્મપૂતિ બતાવી તેનો પરિહાર શક્ય છે તેવું સિદ્ધ કરે છે - [૨૮૭] કેટલાંક ઉદ્ધરેલા સૂક્ષ્મ આધાકર્મના અવયવોના મિશ્રણના સંભવથી ભાજનમાં સૂક્ષ્મપૂતિ થાય અને તેના પરિહાર ધોવા વડે થાય તે તમારો જ મત છે. ગુરુ કહે છે – તારું કહેવું અયુક્ત છે. એ બાદરપૂતિ જ છે. આધાકર્મી સ્થૂળ કણીયાદિ સંબદ્ધ છે, માટે સૂક્ષ્મપૂતિ ન કહેવાય. [૨૮૮] વળી તે પાત્ર ધોવા પછી પણ આધાકર્મી દ્રવ્યની ગંધની પ્રાપ્તિ થાય છે. દ્રવ્ય રહિત ગુણો સંભવે નહીં, તેથી પાત્ર ધોયા પછી પણ તેમાં અવશ્ય કેટલાંક સૂક્ષ્મ અવયવો જાણવા. તેથી તારા મતે તેને સૂક્ષ્મપૂતિ કહીએ તો પણ તેનો પરિહાર ક્યાંથી થાય ? માટે પૂર્વે કહી તે જ સૂક્ષ્મપૂતિ છે, માત્ર પ્રરૂપણા પૂરતી છે, તેનો ત્યાગ ન થાય.

[શંકા] જો તે પરમાર્થથી સૂક્ષ્મપૂતિ છે, તો તેના અત્યાગથી અવશ્ય અશુદ્ધિ પ્રાપ્ત થાય, વળી તે સૂક્ષ્મપૂતિ પણ સમગ્ર લોકવ્યાપી છે તેથી કોઈપણ સ્થાને અશુદ્ધિ પ્રાપ્ત થશે. [સમાધાન] ગંધાદિ પુદ્ગલો માત્રથી ચારિત્ર નાશ ન થાય, વળી લોકમાં પણ તે પ્રમાણે જોવાય છે. [૨૮૯] દૂરથી આવેલા અશુચિ ગંધ પુદ્ગલો અશુચિના

સ્પર્શરૂપ દોષને ઉત્પન્ન કરતા નથી. અથવા વિષ, મારણ થતું નથી. આધાકર્મ દોષ પણ થતો નથી.

હવે બાકીની ત્યાગ કરવા લાયક દ્રવ્યપૂતિને કહે છે –

• મૂલ-૨૯૦,૨૯૧ :-

*[૨૯૦] શેષ દ્રવ્યો વડે જેટલું સ્પર્શ કરાયું હોય તેટલું પૂતિ કહેવાય છે, તેથી ત્રણ લેપ વડે પૂતિ થાય અને ત્રિગુણ કલ્પ કર્યો તે કલ્પે છે. [૨૯૧] ઇંધનાદિ ચારને છોડીને શેષ દ્રવ્યો પૂતિ હોય છે, તેનું પરિણામ ત્વક્ પ્રમાણ-ફોતરાથી આરંભીને જાણવું.*

• વિવેચન-૨૯૦,૨૯૧ :-

[૨૯૦] ઇંધનાદિ સિવાયના શાક, મીઠું આદિ જેટલાં પ્રમાણમાં સ્પર્શિત હોય તેટલાં પ્રમાણમાં પૂતિ કહેવાય. ત્રણ લેપ - આધાકર્મી રાંધ્યાને દૂર કર્યા પછી તપેલીમાં ચોંટેલું રહે, તે પછી બીજી બે વાર રાંધે ત્યાં સુધી પૂતિ એ ત્રણ લેપ ચોથી વખતે રાંધે તે પૂતિ નથી. જો ધોયેલ હોય તો ત્રણ કલ્પે શુદ્ધ થાય. [૨૯૧] ઇંધણાદિ સિવાયના અશનાદિ દ્રવ્યો પૂતિ કરવામાં તત્પર જાણવા માત્ર ફોતરારૂપ અવયવથી સ્પર્શિત શુદ્ધ અશનાદિ પણ પૂતિ થાય છે.

હવે દાતારનું ઘર અને સાધુના પાત્રને આશ્રીને પૂતિમાં કલ્પાકલ્પ –

• મૂલ-૨૯૨ :-

*પહેલે દિવસે આધાકર્મ જ છે, બીજા ત્રણ દિવસ સુધી પૂતિ હોય છે, તે ત્રણ પૂતિમાં ન કલ્પે. પાત્રને ત્રીજો કલ્પ આપે ત્યારે કલ્પે.*

• વિવેચન-૨૯૨ :-

જે દિવસે આધાકર્મ કર્યુ, તે ઘેર બીજા ત્રણ દિવસ સુધી પૂતિ છે. કુલ ચાર દિવસ તે ઘેર ન કલ્પે. સાધુનું પાત્ર પૂતિ થયા પછી ત્રીજો કલ્પ આપ્યા. પછી કલ્પે.

- x - હવે આધાકર્મ અને પૂતિ જુદા જુદા કહી સમાપ્તિ કરે છે –

• મૂલ-૨૯૩નું વિવેચન :-

શ્રમણને માટે કરેલ જે આહાર, ઉપધિ, વસતિ આદિ સર્વે આધાકર્મ કહેવાય. શ્રમણ માટે કરેલ આધાકર્મ વડે મિશ્ર આહારાદિ, તે બધાં પૂતિ કહેવાય. હવે તેને જાણવાનો ઉપાય કહે છે –

• મૂલ-૨૯૪નું વિવેચન :-

શ્રાવકને ઘેર આવેલ સાધુને સંખડી આદિના ચિહ્નથી પૂતિની શંકા થાય તો શ્રાવક કે શ્રાવિકાને પૂછવું કે થોડાં દિવસો પૂર્વે સંખડી કે સંઘ ભોજન આપેલું કે તેમાં સાધુ નિમિત્તે કંઈ કરેલું જો તેવું જણાય તો ત્રણ દિવસની પૂતિ હોય, એમ જાણીને ત્યાગ કરવો. પછી ગ્રહણ થઈ શકે. અથવા પૂછ્યા વિના સ્ત્રીઓના સંલાપથી જાણવું પૂતિ જણાય તો ન કલ્પે.

૦ પૂતિદ્વાર કહ્યું, હવે મિશ્રજાત દ્વાર કહે છે –



• મૂલ-૨૯૫ થી ૩૦૧ :-

*[૨૯૫] મિશ્રજાત ત્રણ પ્રકારે છે – યાવદર્થિક, પાખંડીમિશ્ર, સાધુમિશ્ર. આ હજારના આંતરાવાળુ હોય તો પણ ન કલ્પે, ત્રણ કલ્પ કર્યા પછી કલ્પે. [૨૯૬] દુષ્કાળમાં, દુષ્કાળના ઉલ્લંઘન પછી, માર્ગના મથાળે કે યાત્રામાં કોઈ શ્રદ્ધાવાન્ ગૃહસ્થ ઘણાં ભિક્ષાચર જાણીને મિશ્રજાત કરે.*

*[૨૯૭] યાવદર્થિકને માટે આ રાંધેલ નથી, તેથી યતિને જે ઈચ્છિત છે તે તું આપ અથવા ઘણાં ભિક્ષાચરો આવ્યા હોવાતી અપૂરતું જાણીને કહે – "બીજું પણ રાંધ". [૨૯૮] પોતાને માટે રંધાતુ હોય અને પાખંડી માટે પણ રાંધ કહે તે પાખંડી મિશ્ર, નિર્ગ્રંથ માટે રાંધ કહે તે સાધુ મિશ્ર.*

*[૨૯૯] વિષ વડે મરેલાના માંસને ખાનાર મરે છે, તેના માંસને ખાઈને બીજો પણ મરે છે, એમ પરંપરાએ હજારો મરણ થાય છે. [૩૦૦] તે પ્રમાણે મિશ્રજાત પણ સાધુના સુવિશુદ્ધ ચારિત્રાત્માને હણે છે, તેથી હજારો પુરુષો પાસે ગયેલું પણ તે સાધુને ન કલ્પે. [૩૦૧] સાધુને આશ્રીને વિધિ - પાત્રને આંગળી વડે કે સૂકા છાણથી સાફ કરીને ત્રણ કલ્પ દેવા, પછી તડકામાં સૂકવીને તેમાં શુદ્ધાન્ન ગ્રહણ કરવું કોઈ કહે છે ચોથો કલ્પ દઈને સૂકવ્યા વિના ગ્રહણ કરવું.*

• વિવેચન-૨૯૫ થી ૩૦૧ :-

ગાથાર્થ કહ્યા છે. હવે વૃત્તિગત વિશેષ હોય તે જ કહીએ છીએ – [૨૯૫] યાવદર્થિક - જે કોઈ ગૃહસ્થ કે અગૃહસ્થ ભિક્ષાચરો આવશે, તેમનું પણ થશે અને કુટુંબમાં પણ થઈ રહેશે એવી બુદ્ધિથી સામાન્યે કરીને એકઠું રંધાય તે. પાખંડીમિશ્ર - કેવળ પાખંડીને યોગ્ય અને કુટુંબને યોગ્ય ભેગું રંધાય તે. સાધુમિશ્ર - માત્ર સાધુને અને પોતાને યોગ્ય ભેગું રંધાય તે. પાખંડીમાં શ્રમણ આવી જાય છે. હજાર આંતરા - એક બીજાને આપ્યું, બીજાએ ત્રીજાને આપ્યું, એ રીતે હજારના અપાય, મિશ્રજાતની ઉત્પત્તિ –

[૨૯૬] દુર્ગ્રાસ - જેમાં દુઃખે કરીને ગ્રાસ મળે તે દુર્ગ્રાસ - દુકાળ. તેમાં ભિક્ષાચરની અનુકંપાથી, ભૂખનું દુઃખ જાણીને, અરણ્યાદિથી નીકળવા કે પ્રવેશવારૂપ-મથાળુ, ત્યાં કોઈ શ્રદ્ધાવાન્ ઘણાં ભિક્ષાચરોને જાણીને પૂર્વોક્ત મિશ્રજાતને કરે. [૨૯૭] યાવદર્થિક - કોઈ સ્ત્રી બીજી સ્ત્રીને નિષેધ કરે કે – આ જે કોઈ ભિક્ષાચર આવે તેને આપવા માટે રાંધેલ નથી અથવા બીજું પણ અધિક રાંધવા ગૃહનાયક સૂચવે તેને યાવદર્થિક મિશ્ર જાણી ત્યાગ કરવો. [૨૯૮] કુટુંબ માટે રાંધતી સ્ત્રીને કોઈ બીજો ગૃહનાયક પાખંડી માટે કે ત્રીજો કોઈ નિર્ગ્રન્થને માટે અધિક નાંખ કહે તો તે પાખંડી કે સાધુમિશ્ર જાણવું.

[૨૯૯] કાલકૂટ વિષ ખાઈ કોઈ મરણ પામે, તેના માંસને કોઈ ખાય તે મરે, તેવી પરંપરા સંખ્યા વડે હજારો થાય, આ સહસ્રવેધ વિષનો પ્રભાવ છે તે. [૩૦૦] સહસ્રવેધ વિષ માફક યાવદર્થિકાદિ ત્રણે એકે બીજાને આપ્યુ, એ પ્રમાણે હજારો

પુરુષોના અંતરે ગયા પછી પણ અતિ વિશુદ્ધ ચારિત્રરૂપી આત્માને હણે છે, માટે ન કલ્પે. [૩૦૧] કોઈ પ્રકારે મિશ્ર ગ્રહણ કરાયું હોય, પછી તેનો ત્યાગ કર્યો હોય, તેને ગાથાર્થ મુજબ શુદ્ધ કરે. આ પાત્ર પ્રક્ષાલન વિધિ સર્વત્ર અશુદ્ધ કોટિને ગ્રહણ કરવામાં જાણવો. —૦—૦— હવે સ્થાપના દ્વાર —

● **મૂલ-૩૦૨ થી ૩૧૦ :- [ભાષ્ય-૩૪]**

***[૩૦૨] સ્વ સ્થાન અને પર સ્થાન એમ બે પ્રકારે સ્થાપના હોય છે, તેમ જાણવું. તેમાં દુધ આદિ પરંપર સ્થાપિત છે. હાથમાં રહેલ ભિક્ષા એક પંક્તિના ત્રણ ઘર સુધી જ સ્થાપના દોષના અભાવવાળી છે. - [૩૦૩] - ચૂલો કે અવચુલ્લ એ સ્થાનરૂપ સ્વસ્થાન છે, પિઠર-તપેલી એ ભાજનરૂપ સ્વસ્થાન છે. આ બંને સ્વસ્થાનમાં ચાર ભંગો થાય છે - [૩૦૪] - છબ્બક અને વારક આદિ અનેક પ્રકારે પર સ્થાન જાણવું. તેમાં સ્વ સ્થાનમાં પિઠર અને છબ્બક જાણવું. એ જ પ્રમાણે દૂર એટલે પર સ્થાનમાં જાણવું. - [૩૦૫] ક્ષીરાદિ પરંપરાથી પ્રત્યેક સ્થાન બે ભેદે છે - અનંતર અને પરંપર. તેમાં કર્તાએ જે અવિકારી દ્રવ્ય કર્યુ હોય તે અનંતર છે. - [૩૦૬] - શેરડી, દુધ વગેરે વિકારી દ્રવ્ય છે, ઘી, ગોળ વગેરે અવિકારી દ્રવ્યો છે. તથા રસગંધાદિ પલટાઈ જવાના દોષથી ભાત અને દહીં પણ વિકારી છે. - [૩૦૭] અને [૩૦૮] બે ગાથામાં પરંપરા સ્થાપિત ક્ષીરાદિની ભાવના કરે છે, જે વિવેચનના દૃષ્ટાંતથી જાણવી.***

***[૩૦૯] રસ, કકાબ, પિંડગુલ, મત્સ્યંડી, ખાંડ, સાકર આ બધાં પરંપરા સ્થાપન કહેવાય છે, બીજે સ્થાને પણ યોગ્ય હોય તેમ જાણવું. [૩૧૦] ભિક્ષા ગ્રહણ કરનાર એક સ્થાને ઉપયોગ કરે અને બીજો બેમાં ઉપયોગ કરે ત્યારપછીના ઘેર ઉપાડેલી ભિક્ષા પ્રાભૃતિકા સ્થાપના કહેવાય.***

● **વિવેચન-૩૦૨ થી ૩૧૦ :-**

સ્થાપના દ્વારની નવ ગાથાઓનો ગાથાર્થ કહ્યો. હવે વૃત્તિમાં રહેલ જે કંઈ વિશેષ છે, તેને જ માત્ર નોંધીએ છીએ —

[૩૦૨] સાધુ નિમિત્તે ઘી, ભોજનાદિ સ્થાપન કર્યા. તે સ્થાપના બે ભેદે — સ્વ સ્થાનથી, પર સ્થાનથી. તેમાં સ્વ સ્થાન તે ચૂલો, અવચૂલ વગેરે પર સ્થાન-વાંસની છાબડી, સૂંડલો વગેરે. તે દરેક બે ભેદે - અનંતર, પરંપર. સાધુ નિમિત્તે સ્થાપ્યા પછી જુદા વિકારને ન પામે તેવા ઘી આદિ તે અનંતર - સ્થાપિત. દુધ આદિ તે પરંપર સ્થાપિત. જેમકે દુધનું દહીં, ઘી, માખણ સુધી રૂપાંતર થાય. ત્યારે તે પરંપરા સ્થાપિત થાય છે. આ રીતે શેરડીનો રસ આદિ પણ જાણવા. એક પંક્તિમાં સાથે રહેલા ત્રણ ઘરમાં - ત્રણે ઘરે ગૃહસ્થના હાથમાં રહેલી ત્રણે ભિક્ષાને વિશે ઉપયોગનો અવકાશ સંભવે છે, તેમાં ત્રણ ઘર સુધી સ્થાપના દોષ નથી, પણ ચોથે ઘેર તે સ્થાપના કહેવાય છે. કેમકે તેમાં ઉપયોગનો અસંભવ છે. આ જ ગાથામાં ભાષ્યકાર કહે છે કે —

[૩૦૩] સ્વ સ્થાન બે ભેદે - સ્થાનથી, ભાજનથી. સ્થાન સ્વસ્થાન તે ચૂલો



અને અવચૂલો. ભાજનરૂપ સ્વસ્થાન તે થાળી, તપેલી આદિ છે. અહીં ચાર ભંગો છે — (૧) ચૂલા ઉપર સ્થાપેલ પણ તપેલીમાં નહીં. (૨) ચૂલા ઉપર સ્થાપિત નહીં પણ તપેલીમાં અન્ય સ્થાને સ્થાપિત, (૩) બંને ઉપર સ્થાપે, (૪) બંનેમાં પણ ન સ્થાપેલ [સુંડલાદિમાં સ્થાપિત] હવે પર સ્થાન કહે છે —

[૩૦૪] છાબડી, સુંડલો, ઘડી આદિ પરસ્થાન છે. અહીં आदि શબ્દથી રસોઈવાળા વાસણ સિવાયના અને ચૂલા, ઓલા સિવાયના બધાં ભાજનોનું ગ્રહણ કરવું. અહીં પણ ચાર ભંગો છે — (૧) સ્વસ્થાન-સ્વસ્થાન, (૨) પરસ્થાન-પરસ્થાન. (૩) પરસ્થાન-સ્વસ્થાન, (૪) પરસ્થાન-પરસ્થાન. તેમાં સ્વસ્થાન એટલે ચૂલાદિ અને પિઠરને વિશે, પરસ્થાન-છાબડી આદિમાં. દૂર-એટલે ચૂલા અને ઓલા સિવાયનો બીજો પ્રદેશ. અહીં પણ ચાર ભંગો પૂર્વવત્ કહેવા. આ રીતે ગાથા-૩૦૨ના પૂર્વાર્દ્ધને કહ્યો. હવે ક્ષીરાદિ પરંપરાનું વ્યાખ્યાન —

[૩૦૫] સાધુ નિમિત્તે સ્થાપન કરેલ સ્વસ્થાનગત અને પરસ્થાનગત દ્રવ્ય-ભોજન બે પ્રકારે જાણવું - અનંતર અને પરંપર अनंतर એટલે આંતરાનો અભાવ, વિકારરૂપ વ્યવધાન રહિતમાં. परंपर - વિકારની પરંપરામાં. તેમાં કર્તાએ પોતાના માટે જે અવિકારી દ્રવ્ય એવા દહીં, ગોળ આદિનું સાધુ નિમિત્તે સ્થાપન કર્યુ હોય તે અનંતર સ્થાપિત. ઉપલક્ષણથી દુધ વગેરે પણ જે દિવસે સાધુ નિમિત્તે સ્થાપ્યા તે જ દિને આપે તો દહીં આદિ વિકાર ન પામે માટે તે અનંતર સ્થાપિત છે. પણ જો તે વિકાર પામી દહીં આદિમાં પરિણમતા હોય તો પરંપરા સ્થાપિત કહેવાય. આ જ પ્રમાણે તે જ દિવસનો ઈક્ષુરસ તે અનંતર અને ગોળ આદિની તૈયારી હોય તો પરંપર સ્થાપિત છે હવે વિકારી અને અવિકારી દ્રવ્યો કહે છે —

[૩૦૬] શેરડી, દુધ આદિ વિકારી છે, તેનો ગોળ કે દહીં થાય છે. પણ ઘી-ગોળ અવિકારી છે. જેના રસાદિ પરિણમન પામે - કોહવાઈ જાય ઈત્યાદિ તે પણ વિકારી દ્રવ્ય છે. હવે પરંપરાસ્થાપિત દુધ આદિની ભાવના —

[૩૦૭,૩૦૮] કોઈ સાધુએ કોઈ ગૃહિણી પાસે દુધ માંગ્યુ. તેણી બોલી — થોડીવાર પછી આપીશ. સાધુએ બીજા સ્થાને દૂધ પ્રાપ્ત કર્યુ. પહેલા ઘેર સાધુએ દુધ ન લેતાં, તે સ્ત્રીએ ઋણના ભયથી દુધનું સ્થાપન કરી દહીં બનાવ્યું, જેથી તેણી તે સાધુને આપી શકે. સાધુએ દહીં ન લીધું. પછી માખણ બનાવ્યું. પછી ઘી બનાવ્યું. આ બધું સ્થાપના દોષથી દુષ્ટ હોવાથી સાધુને ન કલ્પે. પણ જો દુધ-દહીં-માખણ-ઘી આદિ પોતાને માટે કર્યા હોય તો સાધુને કલ્પે છે. જો કે ઘી પોતાના દેશોન પૂર્વકોટિ સુધી રહે. કેમકે પૂર્વકોટિ પછી ચારિત્ર છે નહીં અને દેશોન એટલે કહ્યું કે આઠમે વર્ષે ચારિત્ર ગ્રહણ કરે તે આઠ વર્ષ તેમાંથી ઘટે છે. એ જ પ્રમાણે ગોળ આદિ અવિનાશી દ્રવ્યનું પણ જેમ ઘટે તેમ સ્થાપનાકાળનું પરિમાણ જાણવું. આ પ્રમાણે પરંપરા સ્થાપિત દુધ આદિ કહ્યા. હવે પરંપરા સ્થાપિત ઈક્ષુ રસાદિ કહે છે—

[૩૦૯] કોઈ સાધુએ પ્રયોજનવશ કોઈની પાસે ઈક્ષુરસ માંગ્યો, ત્યારે તેણે

થોડીવાર પછી આપવા સ્વીકાર્યુ સાધુને તે બીજા સ્થાને પ્રાપ્ત થયો પહેલો ગૃહસ્થ ઋણથી ભય પામ્યો હોય તેમ તે રસની યાવત્ સાકર કરી. અહીં ઉત્તરોત્તર જે સ્વરૂપ પર્યાયો પ્રાપ્ત કરાવવા પૂર્વક રાખી મૂકાતા પદાર્થોની સ્થાપના તે પરંપરા સ્થાપના જાણવી. આ પ્રમાણે બીજા દ્રવ્યોમાં પણ આવી પરંપરા સ્થાપના ઘટતી હોય તે કહેવી. જ્યાં સુધી આ સ્થાપના દ્રવ્યો ગૃહસ્થે પોતાના માટે કર્યા હોય ત્યાં સુધી સાધુને કલ્પે પણ આરંભ કર્યો હોય તો ન કલ્પે.

હવે ગાથા-૩૦૨ના हत्थगय घरंतरની વ્યાખ્યા —

[૩૧૦] ભિક્ષાગ્રહણ કરનાર સાધુ એક ઘરને વિશે ઉપયોગ કરે છે, બીજો સાધુ બે ઘરને વિશે ઉપયોગ કરે છે, તે ત્રણ ઘરમાં ઉપયોગનો સંભવ હોવાથી સ્થાપના દોષ નથી. ત્રણ ઘર પછી સાધુને માટે ઉપાડેલી જે ભિક્ષા તે પ્રાભૃતિકા સ્થાપના કહેવાય છે.

સ્થાપના દ્વાર કહ્યું, હવે પ્રાભૃતિકા દ્વાર કહે છે —

**● મૂલ-૩૧૧ થી ૩૧૯ :- [ભાષ્ય-૩૫,૩૬]**

***[૩૧૧] પ્રાભૃતિકા પણ બાદર અને સૂક્ષ્મ બે ભેદે છે, એમ જાણવું. તે દરેકના પણ અવષ્વષ્કણ અને ઉત્ષ્વષ્કણ એમ બબ્બે ભેદ છે. તે વિશે સિદ્ધાંતમાં પુત્રી વિવાહનું દૃષ્ટાંત છે. - [૩૧૨,૩૧૩] હું રૂની પૂણી કાંતું છું તેથી પછી આપીશ, તો માટે તું રડ નહીં, ાવા વચન સાધુ સાંભળે તો ત્યાં આરંભ જાણી ન જાય. અથવા "અન્ય કાર્ય માટે ઉઠેલી હું તને કંઈક આપીશ" એમ સાંભળી સાધુ ત્યાગ કરે અથવા પુત્ર બોલે કે — કેમ હવે તું નહીં ઉઠે ? સાધુના પ્રભાવથી અમે પણ પામશું. [૩૧૪,૩૧૫] હે પુત્ર ! તું વારંવાર ન બોલ. અહીં પરિપાટીક્રમે સાધુ આવશે, તેને માટે ઉઠીશ ત્યારે તને આપીશ. આવું વચન સાંભળી સાધુ તેનો ત્યાગ કરે. અથવા બાળક સાધુને ખેંચીને પોતાને ઘેર લઈ જાય, યથાર્થ હકીકત જાણી સાધુ ત્યાં ન જાય. આ બધી સૂક્ષ્મ પ્રાભૃતિકા જાણવી. હવે અવષ્વષ્કણરૂપ બાદર પ્રાભૃતિકા કહે છે —***

***[૩૧૭] સ્થાપન કરેલ વિવાહનો દિવસ સાધુ સમુદાય આવ્યા પહેલા થઈ જશે, એમ વિચારીને ઉત્સર્પણ કરે. પ્રાભૃતિકા કરનારને કહે છે — તેને સરળ માણસ પ્રગટ કરે છે અને સરલ ન હોય તેવો માણસ બીજું કરે છે. [૩૧૮] વિવાહાદિ પ્રકૃત, મંગળને માટે પુન્યને અર્થે એમ બે પ્રકારે અવષ્વષ્કિત છે. એ જ પ્રમાણે ઉષ્વષ્કિત પણ છે. તેમાં આ શું છે ? પૂછીને, ગૃહસ્થ કહે પછી તેનો સાધુ ત્યાગ કરે. [૩૧૯] જેઓ પ્રાભૃતિકા ભક્તને ખાય છે, અને તે સ્થાનથી પાછો ફરતો નથી તે મુંડ લુંચિત વિલુંચિત કપોતની જેમ નિરર્થક જ ભટકે છે.***

**● વિવેચન-૩૧૧ થી ૩૧૯ :-**

ગાથાર્થ કહ્યો છે. હવે વૃત્તિગત વિશેષ કથન માત્ર જ નોંધીએ છીએ — [૩૧૧] પ્રાભૃતિકા બે ભેદે — બાદર અને સૂક્ષ્મ. તે પ્રત્યેકના બે ભેદ — (૧) અવષ્વષ્કણ



એટલે અપસર્પણ - પોતાના કાર્યમાં પ્રાપ્ત થતા અમુક કાળની અવધિ પહેલા કાર્ય કરવું. (૨) ઉત્ષ્વષ્કણ એટલે ઉત્સર્પણ - કાર્યની નિયત વેળા પછી કાર્ય કરવું તે. તેમાં પહેલાં બાદર પ્રાભૃતિકાને કહે છે — પુત્રી કે પુત્ર સંબંધી વિવાહને પહેલાં કે પછી રાખવા. જેથી સાધુ વિહાર કરીને આવેલા સાધુ ચાલ્યા ન જાય અથવા વિહાર કરીને તે સ્થાને પહોંચી શકે. જેથી શ્રાવકને ભોજનાદિના દાનમાં સાધુ ઉપકારક થઈ શકે. આ રીતે વિવાહને પહેલાં કે પછી રાખતા જે ભોજનાદિ રંધાય તે બાદર પ્રાભૃતિકા કહેવાય.

હવે અપસર્પણરૂપ સૂક્ષ્મ પ્રાભૃતિકાને ભાષ્યકાર બે ગાથા વડે કહે છે - કાંતતી એવી સ્ત્રી ભોજન માંગતા પોતાના પુત્રને કહે — હાલ હું રૂની પૂણીને કાંતુ છું, પછી તને ખાવા આપીશ, તું રડ નહીં. એવામાં આવી ચઢેલ સાધુ ત્યાં ભિક્ષા ન લે, જેથી સાધુ નિમિત્તે હાથ ધોવા આદિરૂપ આરંભ ન થાય. અહીં સાધુ નિમિત્તે પહેલાં ઉઠીને બાળકને ભોજન આપવું તે અવસર્પણ કહેવાય. શેષ કથન ગાથાર્થ મુજબ જાણવું. તે દરેકમાં "મને અવસર્પણરૂપ સૂક્ષ્મ પ્રાભૃતિકા દોષ ન લાગે" એમ સમજી સાધુ ભોજન ત્યાગ કરે. હવે ઉત્સર્પણરૂપ પ્રાભૃતિકાને કહે છે —

[૩૧૪,૩૧૫] કોઈ ગૃહિણી ભોજન માંગતા પુત્રને કહે કે — હે પુત્ર ! તું વારંવાર ન બોલ. સાધુ આવશે ત્યારે હું ઉઠીશ, તને ભોજન આપીશ. આ અવસરે આવેલા સાધુ આવું વચન સાંભળી તે ઘરનો ત્યાગ કરે. જેથી તેને ઉત્સર્પણરૂપ પ્રાભૃતિકા દોષ ન લાગે. સાધુ માટે તે બાળકને મોડું કરે છે તેને ઉત્સર્પણ કહે છે અથવા બાળક સાધુને પોતાના ઘર તરફ ખેંચે ત્યારે બાળકને પૂછતાં તે સાચું કહી દે, તો સાધુ ત્યાં ન જાય. આ સૂક્ષ્મ પ્રાભૃતિકા કહી.

હવે અપસર્પણરૂપ બાદર પ્રાભૃતિકાને ફરી કહે છે —

[૩૧૬] સાધુ સમુદાય આવી ગયા પછી કે આવતો જાણીને શ્રાવક પુત્રાદિનો વિવાહ પહેલા કરે શા માટે ? સાધુ સમુદાયને સંખડીને વિશે મોદકાદિ, ચોખાનું ધોવાણાદિ આપવા માટે. હવે ઉત્સર્પણ બાદર પ્રાભૃતિકા કહે છે —

[૩૧૭] સાધુ સમુદાયના આવ્યા પહેલાં વિવાહનો દિવસ આવી જશે તેમ જાણીને વિવાહનું ઉત્સર્પણ કરે અર્થાત્ વિવાહ પાછા ઠેલે. સાધુના આવવાના અવસરે કરે, જેથી વિવાહ સંબંધી દ્રવ્ય વહોરાવી શકે.

હવે આ બંને પ્રાભૃતિકા કરનારાને કહે છે —

તે અવસર્પણ, ઉત્સર્પણરૂપ બંને પ્રકારની પ્રાભૃતિકાને ઋજુ માણસ પ્રગટ કરી દે છે. બીજા તે કાર્ય કોઈ ન જાણે તેમ કરે છે. પ્રગટ હોય તો તે લોકપરંપરાએ જાણીને તેનો ત્યાગ જ કરે. અપ્રગટ હોય તો નિપુણ રીતે શોધીને ત્યાગ કરે છતાં ન જાણી શકે તો પરિણામ શુદ્ધિને લીધે દોષ ન લાગે.

[૩૧૮] વિવાહાદિને પહેલાં કે પછી શા માટે કરે ? સાધુના ઘેર પગલા થાય અને દાન અપાય તે મંગલને માટે છે, એમ ધારીને અથવા પુન્ય થાય તે માટે.

સાધુએ તે જાણીને બાદર પ્રાભૃતિકા દોષના પ્રસંગનો ત્યાગ કરવો. જેઓ નથી કરતા, તેમને દોષ લાગે છે, તે કહે છે — [ગાથા-૩૧૯નો અર્થ જુઓ, વ્યાખ્યા પૂર્વે કહેલ છે.] હવે પ્રાદુષ્કરણ દ્વાર કહે છે —

**● મૂલ-૩૨૦ થી ૩૨૫ :-**

*[૩૨૦] જેના મસ્તકના કેશ લોચ વડે વિરલ છે, તપ વડે કૃશ થયેલા, મલિનશરીરી, યુગમાત્રદૃષ્ટિવાળા, અત્વરિત, અચપળ, પોતાને ઘેર આવતા [૩૨૧] કોઈ સાધુને જોઈને સંવેગ પામેલી કોઈ શ્રાવિકા ઘમાં ભોજનપાન ગ્રહણ કરીને નીકળી, તે જોઈ તે સાધુ પણ નીકળી ગયા. [૩૨૨] નીચા દ્વારવાળા આ ઘરમાં એષણા શુદ્ધ નહીં થાય એમ ધારીને નીકળી જતાં સાધુને જોઈ, તે ગૃહિણી ઘણી ખેદ પામી. [૩૨૩] ત્યારે ચરણ-કરણના પ્રમાદી એવા બીજા સાધુ ત્યાં આવ્યા, તેણે તે ભિક્ષા ગ્રહણ કરી, ત્યારે ગૃહિણીએ પ્રશ્ન પૂછતા, તે સાધુએ આલોક-પરલોક સંબંધી કહ્યું. તેમાં આલોકનો ત્યાગ કરીને કહ્યું કે — [૩૨૪] એષણાસમિતિવાળા સાધુ નીચે દ્વારવાળા ઘેર ભિક્ષાને ઈચ્છતા નથી. જો તું મને પૂછે કે — તમે કેમ ગ્રહણ કરી ? તો કહું છું કે — હું લિંગોપજીવી છું. [૩૨૫] સાધુના ગુણ અને એષણા સાંભળી હર્ષિત થયેલી તેણીએ તેમને ભોજન-પાન આપ્યું. તેના ગયા પછી ત્રીજા સાધુ આવ્યા. તેને પૂછવાથી તે સાધુ બોલ્યા કે — તેઓ બંને માયા વડે ચાલે છે, અમે તો વ્રતનું આચરણ કરીએ છીએ.*

**● વિવેચન-૩૨૦ થી ૩૨૫ :-**

આ એક દૃષ્ટાંત જ છે મૂળમાં લખ્યુ તેનો થોડો વિસ્તાર વૃત્તિમાં કરેલો છે, વિશેષ એટલું જ કે — ત્રીજો સાધુ જે આવેલો તો દીર્ઘ સંસારના પરિભ્રમણના ભયને ન ગણકારતો અને ધર્મરહિત એવો સાધુ આવ્યો. તેણે જવાબ એવો આપ્યો કે પૂર્વે આવેલ જે સાધુએ ભિક્ષા ન લીધી તે માયા વડે વિચરે છે તારા ચિત્તના વશીકરણ માટે તેણે ભિક્ષા લીધી નથી. આવા ઘણાં માયા-કપટવાળા વ્રતો અમે પણ પહેલાં આચરેલા હતા. પણ હવે અમે એવી માયા છોડી દીધી છે. પ્રાદુષ્કરણ વિશે વિશેષ :-

**● મૂલ-૩૨૬ થી ૩૩૩ :-**

*[૩૨૬] પ્રાદુષ્કરણ બે ભેદે છે - પ્રગટકરણ અને પ્રકાશકરણ. તેમાં પ્રગટ એટલે સંક્રામણ વડે પ્રગટ કરવું તે અને પ્રકાશકરણ - ભીંતમાં દ્વાર પાડવું કે ભીંતને મૂળથી છેદીને [૩૨૭] અથવા રત્ન, પ્રદીપ કે જ્યોતિ વડે પ્રકાશ કરવો તે. સાધુને આવું પ્રકાશન ન કલ્પે, પણ ગૃહસ્થે પોતા માટે કર્યુ હોય તો કલ્પે. વળી દોષિત આહાર વાપર્યા પહેલાં પરઠવવો પછી તેમાં ત્રણ કલ્પ કર્યા વિના લેવો ન કલ્પે. [૩૨૮] તેમાં ચુલ્લી સંક્રમણ-સંચારિમા ચુલ્લી તથા સાધુને ઉદ્દેશીને પહેલેથી જ બહાર કરેલી ચુલ્લી, તથા તે વખતે કરેલી એમ ત્રણ પ્રકારે ચુલ્લી છે. તેમાં કદાચ ગૃહસ્થો રાંધે તો ઉપધિપૂતિ અને પ્રાદુષ્કરણ બે દોષ લાગે.*

*[૩૨૯] હે સાધુ ! “તમે અંધકારમાં ગૌચરી નથી લેતા, તેથી બહાર ચુલ્લી ઉપર રાંધ્યુ.” આવું વચન સાંભળી તે આહારને સાધુ ન લે. અથવા પૂછીને, તેમ જાણીને ત્યાગ કરે. [૩૩૦] પ્રાદુષ્કરણ ગૃહસ્થને પોતા માટે કઈ રીતે સંભવે ? ઘરમાં માખી કે ઉકળાટ હોય, બહાર ઘણો પવન, પ્રકાશ અને સમીપપણું હોય એમ વિચારી આહારનું પ્રાદુષ્કરણ ગૃહસ્થ પોતા માટે કરે તો તે આહાર ગ્રહણ કરવો આ કલ્પ્યાકલ્પ્યનો વિકલ્પ છે.*

*[૩૩૧] હવે પ્રકાશકરણને સ્પષ્ટ કરે છે — ભીંતમાં છિદ્ર કરે, દ્વારને વધારે કે બીજું કરે, છાદનને દૂર કરે, દેદીપ્યમાન રત્નને સ્થાપન કરે. [૩૩૨] અથવા જ્યોતિ કે પ્રદીપને કરે તે પ્રમાણે પ્રાદુષ્કરણ કહે અથવા પૂછવાથી સાધુ જાણે તો આહાર ન કલ્પે. પણ ગૃહસ્થ બધું પોતાને માટે કરે તો જ્યોતિ અને પ્રદીપના પ્રકાશથી કરેલા પ્રગટપણાને વર્જીને કલ્પે. [૩૩૩] પ્રગટકરણ કે પ્રકાશકરણ કર્યા છતાં સહસા કે અનાભોગથી ગ્રહણ કરેલું હોય તે પરઠવીને તે પાત્રમાં કલ્પ કર્યા વિના પણ બીજું શુદ્ધ ગ્રહણ કરે.*



**● વિવેચન-૩૨૬ થી ૩૩૩ :-**

ગાથાર્થ કહેલ છે. હવે વૃત્તિમાં રહેલ જે કંઈ વિશેષ કથન છે તે જ નોંધીએ છીએ - [૩૨૬] પ્રગટકરણ - અંધકારમાંથી દૂર કરીને બહાર પ્રકાશમાં સ્થાપન કરવું. પ્રકાશકરણ - અંધકારવાળા સ્થાનમાં રહેલા ઓદનાદિને ભીંતમાં છિદ્ર કરવા વડે પ્રગટ કરવું. પ્રગટકરણ - અંધકારમાંથી બીજે સ્થાને સંક્રમાવવા વડે પ્રગટ કરવું તે. પ્રકાશકરણ - ભીંતમાં છિદ્ર પાડવા વડે કે મૂળથી જ ભીંતને છેદવા વડે કે નવું દ્વાર મૂકવું આદિ. [૩૨૭] પદ્મરાગાદિ રત્ન વડે કે દીવા વડે, સળગતા અગ્નિ વડે પ્રકાશ કરે તો સાધુને ન કલ્પે. તેમાં અપવાદ એ કે — ગૃહસ્થે પોતા માટે કર્યુ હોય તો કલ્પે. પણ જ્યોતિ કે પ્રદીપ તો તેના માટે કરે તો પણ સાધુને આહાર લેવો ન કલ્પે. કેમકે તેમાં તેઉકાયનો સ્પર્શ છે. હવે સાધુના પાત્રને આશ્રીને વિધિ —

સહસાકારે પ્રાદુષ્કરણ દોષથી વ્યાપ્ત એવું ભોજન-પાન કોઈ પ્રકારે ગ્રહણ થઈ જવા પામે તો પણ પરઠવ્યા પછી લેપાદિથી ખરડાયેલ પાત્રને જળથી ધોવારૂપ કલ્પ કર્યા વિના બીજું શુદ્ધ દ્રવ્ય લેવું કલ્પે.

[૩૨૮] ચુલ્લી ત્રણ પ્રકારે - સંચારિમા - ઘરમાં હોય તો પણ બહાર લાવી શકાય, સાધુ માટે પહેલેથી બહાર કરી રાખેલ તે બીજી ચુલ્લી, સાધુના નિમિત્તે જે બહાર કરે તે ત્રીજી ચુલ્લી. ત્રણમાં કોઈપણ ઉપર ગૃહસ્થો રાંધે તો બે દોષ લાગે - ઉપકરણપૂતિ અને પ્રાદુષ્કરણ. જો દેવ વસ્તુ ચુલ્લી ઉપરથી ઉતારી લીધી હોય તો માત્ર પ્રાદુષ્કરણ દોષ લાગે.

[૩૨૯] પ્રાદુષ્કરણ કરનાર સ્ત્રી સરળ હોય તો આમ બોલે — હે સાધુ ! તમે અંધારામાં ભિક્ષા નથી લેતા માટે અમે બહાર ચુલ્લી બનાવી રાંધ્યુ છે. તે સાંભળી સાધુ તે દ્રવ્યને તજે. પ્રાદુષ્કરણની શંકા હોય તો સાધુ સામેથી પણ પૂછે કે આહાર બહાર કેમ રાંધ્યો ? તો તે આહાર ન કલ્પે. ગૃહસ્થ પોતાના માટે તે ચુલ્લો બહાર

કરે કે બહાર રાંધે તેવું કહ્યું, તે કઈ રીતે બને ?

[૩૩૦] ઘરમાં માખીઓ હોય, ઘણી ગરમી હોય, અંધકાર હોય અને રસોઈ સ્થાનથી ભોજન સ્થાન દૂર હોય, બહાર પવન હોય, પ્રકાશ હોય, ભોજન સ્થાન નીકટ હોય, માટે બહાર રાંધે તો સાધુને તે આહાર કલ્પે. એ રીતે પ્રકટીકરણમાં કલ્પ્ય-અકલ્પ્ય વિધિ કહ્યો. હવે પ્રકાશકરણને સ્પષ્ટ કરે છે —

[૩૩૧,૩૩૨] પ્રકાશ કરવા માટે ભીંતમાં છિદ્ર કરે, નાના દ્વારને મોટું કરે કે બીજું દ્વાર બનાવે, ઘરની ઉપરનું છાપરું દૂર કરે. દેદીપ્યમાન રત્નને સ્થાપે. અથવા જ્યોતિ કે દીપકને કરે. એ પ્રમાણે ઘરધણી પોતે જ પ્રાદુષ્કરણને કહે કે સાધુ પૂછતાં જણાવે તો આવું પ્રાદુષ્કરણદોષ દુષ્ટ સાધુને લેવું ન કલ્પે. શેષ કથન પૂર્વવત્ છે.

હવે ગાથા-૩૨૭ના શેષ પદો —

[૩૩૩] પ્રગટકરણ કે પ્રકાશકરમ કરતાં જે અન્ન સહસાત્કારથી કે અનાભોગથી ગ્રહણ થઈ જવા પામેલ હોય તે પરઠવીને ત્યાગ કરે. પછી તે પાત્ર થોડું પણ ખરડાયેલ હોય તો જળથી પ્રક્ષાલન રૂપ કલ્પ કર્યા વિના પણ તે પાત્રમાં બીજું શુદ્ધ અન્ન ગ્રહણ કરે, કેમકે વિશોધિકોટિ હોવાથી દોષ નથી.

પ્રાદુષ્કરણ દ્વાર કહ્યું. હવે ક્રીત દ્વાર કહે છે —

**● મૂલ-૩૩૪ થી ૩૩૬ :-**

***[૩૩૪] ક્રીતકૃત પણ દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે છે - તે પ્રત્યેકના બબ્બે ભેદ છે — આત્મક્રીત, પરક્રીત. તેમાં પરદ્રવ્ય સચિત્તાદિ ત્રણ ભેદ છે. [૩૩૫] આત્મક્રીત દ્રવ્યથી અને ભાવથી બે ભેદે છે. દ્રવ્ય — ચૂર્ણાદિ, ભાવથી બીજાને માટે કે પોતાને માટે જ. [૩૩૬] આત્મદ્રવ્યક્રીતનું વિસ્તારથી વિવરણ - નિર્માલ્ય, ગંધ, ગ્રુટિકા, ચંદન અને પોત વગેરે આત્મદ્રવ્ય ક્રીત છે, તેમાં જો ગ્લાનતા થાય તો શાસનનો ઉડ્ડાહ થાય. નીરોગી થાય તો ચાટુકરી થાય અને તેમ થવાથી અધિકરણ લાગે.***

**● વિવેચન-૩૩૪ થી ૩૩૬ :-**

ગાથાર્થ કહ્યો. હવે વૃત્તિગત વિશેષતા-માત્રની જ નોંધ કરીએ છીએ —

[૩૩૪] ખરીદવું તે ક્રીત. તે ક્રીત વડે કૃત - નીપજાવેલ તે ક્રીતકૃત - ખરીદ કરેલું. ક્રીત બે ભેદે છે — દ્રવ્યથી, ભાવથી. દ્રવ્યક્રીત, ભાવક્રીત આ બંને પણ બે ભેદે છે — આત્મક્રીત, પરક્રીત. તેથી આત્મદ્રવ્યક્રીત આત્મભાવક્રીત, પરદ્રવ્યક્રીત, પરભાવક્રીત ચાર ભેદો થયા.

(૧) આત્મદ્રવ્યક્રીત - દ્રવ્યના પુષ્કળ દાનથી ગૃહસ્થને વશ કરીને તેની પાસેથી જે ભક્તાદિ ગ્રહણ કરાય તે. (૨) આત્મભાવક્રીત - પોતે જ ભોજનાદિ માટે ધર્મકથાદિ વડે ગૃહસ્થને વશ કરી ભોજનાદિ પ્રાપ્ત કરે. (૩) પરદ્રવ્યક્રીત - ગૃહસ્થ સાધુ નિમિત્તે દ્રવ્ય જે ગ્રહણ કરે તે (૪) પરભાવક્રતી - બીજાએ સાધુ નિમિત્તે પોતાનું વિજ્ઞાન દેખાડી. બીજાને વશ કરીને તેની પાસેથી ગ્રહણ કરેલ. —૦— પહેલાં



પરદ્રવ્યક્રીતનું સ્વરૂપ-ગૃહસ્થ સંબંધી દ્રવ્ય પ્રકારે - સચિત્ત, અચિત્ત, મિશ્ર.

પરદ્રવ્યક્રીત કહ્યું હવે ત્રણ ભેદને સામાન્યથી કહે છે —

[૩૩૫] આત્મદ્રવ્યક્રીત - ચૂર્ણાદિ વડે, તે આગળ કહેશે. આત્મભાવક્રીત અને પરભાવક્રીતનો સામાન્ય અર્થ મૂલ-૩૩૪ની વૃત્તિમાં કહેલ જ છે. આ પ્રમાણે ત્રણ ભેદ સામાન્યથી કહ્યા. હવે આત્મદ્રવ્યક્રીતનો વિસ્તાર —

[૩૩૬] નિર્માલ્ય - તીર્થાદિમાં રહેલ પ્રભાવશાળી પ્રતિભાની શેષા, ગંધ-પટવાસાદિ સુગંધી પદાર્થ, ગુલિકા-રૂપ પરાવર્તનાદિકારી ગુટિકા. વર્ણક-ચંદન. પોતાનિ - બાળકને લાયક વસ્ત્રના ટુકડા આદિ. કંડક-તાવિજાદિ. આ બધું આત્મદ્રવ્યક્રીત છે. આવા દ્રવ્યો દઈ ગૃહસ્થને વશ કરી, તેની-પાસેથી ભોજનાદિ ગ્રહણ કરવા. આમાં દોષ શો ? જો તે દેવાથી દેવયોગે ગ્લાનતા આવે તો ‘‘સાધુએ મને માંદો પાડ્યો’’ એવી શાસનમલિનતા થાય. જો નીરોગી થાય તો સર્વદા સર્વલોક સમક્ષ સાધુના ગુણગાન કરશે. તેનાથી સાધુ તે પાપકાર્યમાં વધારે પ્રવૃત્તિ કરશે, તેનાથી બીજા ગૃહસ્થો પણ આવી યાચના કરશે.

હવે પરભાવક્રીતનું વિવરણ કરે છે —

**● મૂલ-૩૩૭ થી ૩૩૯ :-**

***[૩૩૭] નાના ગામના વાડા આદિમાં મંખાદિ સાધુ માટે ઉત્પાદન કરી નિમંત્રણ કરે તે પરભાવક્રીત કહેવાય છે. તેમાં ક્રીતકૃત, અભિહૃત, સ્થાપિત એ ત્રણ દોષ લાગે. [૩૩૮,૩૩૯] દૃષ્ટાંત છે, વિવેચનમાં જોવું.***

**● વિવેચન-૩૩૭ થી ૩૩૯ :-**

નાનું ગોકુળ, નગર આદિમાં મંખ - જે લોકોને પટ્ટ દેખાડીને આવર્જે છે. આદિ શબ્દથી તેવા પ્રકારના બીજા પણ ગ્રહણ કરવા. તે મંખાદિ ભક્તિ વશ થઈ સાધુને માટે જે ઘી, દુધાદિનું ઉત્પાદન કરે, તેનું નિમંત્રણ કરે, તેને પરભાવ ક્રીત કહે છે. આવા પરભાવક્રીતથી ત્રણ દોષ લાગે. (૧) ક્રીત દોષ, (૨) અન્યાન્ય ઘરથી આણે તે અભ્યાહૃત દોષ, (૩) લાવીને સાધુ નિમિત્ત એક સ્થાને સ્થાને તે સ્થાપિત દોષ. તેવું ભોજન-પાન સાધુને ન કલ્પે.

દૃષ્ટાંત - શાલિગ્રામ નામે ગામ હતું. ત્યાં દેવશર્મા નામે મંખ હતો. તેના ઘેર કોઈ વખતે સાધુ વર્ષાકાળ રહ્યા. સાધુની ક્રિયા અને રાગ-દ્વેષ રહિતતા જોઈને મંખ સાધુની ભક્તિમાં તત્પર થયો. તેને થયું કે સાધુ મારે ઘેર ભક્તાદિ ગ્રહણ કરતા નથી, બીજેથી અપાવું તો પણ ગ્રહણ નહીં કરે. તેથી વર્ષાકાળ બાદ તેઓ જ્યાં જશે, ત્યાં તેમને ભોજનાદિ અપાવીશ. સાધુ જે દિશા તરફ જવાના હતા, ત્યાં મંખે જઈને લોકોને પટ દેખાડી વશ કર્યા. લોકો તેને ઘી, દુધ આપવા લાગ્યા. તેણે કહ્યું — હું માંગુ ત્યારે મને આપજો. સાધુ વર્ષાકાળ બાદ નીકળ્યા. મંખે પોતાને ગોપવીને પૂર્વોક્ત ઘી, દુધ માટે નિમંત્રણા કરી. સાધુઓને છદ્મસ્થતાને લીધે દોષ ન જણાયો. આહારને શુદ્ધ જાણી ગ્રહણ કર્યો. તેમાં તેઓને દોષ ન લાગ્યો. કેમકે શક્તિ પ્રમાણે

પરિભાવનાથી આજ્ઞા આરાધના કરી. પરંતુ જો કદાચ આવું અશુદ્ધ કોઈ પ્રકારે જણાય તો ક્રીત આદિ ત્રણ દોષનો સદ્‌ભાવ હોવાથી અવશ્ય ત્યાગ કરવો.

હવે આત્મભાવક્રીત કહે છે –

● **મૂલ-૩૪૦ થી ૩૪૩ :-**

[૩૪૦] ધર્મકથા, વાદ, ક્ષપણ, નિમિત્ત, આતાપના, શ્રુતસ્થાન, જાતિ, કુલ, ગણ, કર્મ અને શિલ્પ આ સર્વે ભાવક્રીત છે. [૩૪૧] તેમાં ધર્મકથા વડે વશ થયેલા અથવા ધર્મકથાથી ઉઠેલા ગૃહસ્થો પાસેથી માંગીને ગ્રહણ કરે અથવા તે ધર્મકથી તમે જ છો ? એમ ગૃહસ્થ પૂછે ત્યારે સાધુ કહે કે – બધાં સાધુઓ જ ધર્મને કહે કે મૌન રહે, ત્યારે આત્મ ભાવક્રીત થાય. [૩૪૨] અથવા તે ક્ષાર શરીરી શું ધર્મકથા કહે ? અથવા જળના સૌકરિક કે ગૃહસ્થ કે બકરાના ગળાને મોટન કરનારા શું કહે ? અથવા મુંડિત કુટુંબી શું કહે ? [ધર્મકથા તો સાધુ જ કહેવાના ને ?]... [૩૪૩] એ જ પ્રમાણે વાદી, ક્ષપક, નિમિત્તજ્ઞ, આતાપકને વિશે ભાવના કરવી.

ક્રીતદ્વાર કહ્યું. હવે "પ્રામિત્યદ્વાર" કહે છે –

● **મૂલ-૩૪૪ થી ૩૪૭ :-**

***[૩૪૪] પ્રામિત્ય પણ સંક્ષેપથી લૌકિક અને લોકોત્તર એમ બે ભેદે છે. તેમાં ભગિની આદિ લૌકિક અને વસ્ત્રાદિ વિષયકને લોકોત્તર છે [૩૪૫ થી ૩૪૭] ભગિનીના ઉદાહરણને ત્રણ ગાથા વડે કહે છે, વિવેચન જોવું.***

● **વિવેચન-૩૪૪ થી ૩૪૭ :-**

પ્રામિત્ય બે ભેદે :- (૧) લૌકિક - લોકને વિશે જે થયેલું તે. (૨) લોકોત્તર - તે સાધુને જ પરસ્પર જાણવું. તે વિષયમાં ભગિનીનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે – કોશલા દેશમાં કોઈક ગામ છે. તેમાં દેવરાજ નામે કુટુંબી હતો. તેને સારિકા નામે ભાર્યા હતી. તેણીને સંમત વગેરે ઘણાં પુત્રો હતા અને સંમતિ વગેરે ઘણી પુત્રીઓ હતી. તે આખું કુટુંબ પરમશ્રાવક હતું. આ જ ગામમાં શિવદેવ શ્રેષ્ઠી હતો શિવા નામે તેની પત્ની હતી. કોઈ દિવસે સમુદ્રઘોષ નામે આચાર્ય ત્યાં પધાર્યા. તેમની પાસે જિનપ્રરૂપિત ધર્મ સાંભળી સંમત નામક પુત્રએ દીક્ષા લીધી. કાળક્રમે સંમત સાધુ મહાન્ સમર્થ ગીતાર્થ થયા.

કોઈ દિવસે સંમત સાધુને થયું કે મારો કોઈ કુટુંબી દીક્ષા ગ્રહણ કરે તો સારું. કેમકે તાત્ત્વિક ઉપકાર તો એ જ છે કે – સંસાર સમુદ્રથી તારવા. ગુરુ આજ્ઞાથી પોતાના બંધુના ગામે આવ્યા. બહારના પ્રદેશમાં કોઈ પ્રૌઢને પૂછ્યું – અહીં દેવરાજ નામના કુટુંબીના કોઈ સંબંધી છે ખરા ? તેણે કહ્યું સંમતિ નામે વિધવા પુત્રી જીવે છે, બાકી બધાં મરી ગયા છે. સાધુ તેણીને ઘેર ગયા. તેણીએ પણ ભાઈ મુનિને જોઈને બહુમાનપૂર્વક વંદના કરી. તેમના નિમિત્તે આહાર પકાવવો આરંભ્યો. સાધુએ તેણીને રોકી - કે અમને ન કલ્પે.

ભિક્ષા સમયે તે સંમતિ ગરીબ હોવાથી બીજે કંઈ પણ ન મળવાથી શિવદેવ



વણિકને ત્યાંથી બે પળી તેલ લીધું તે પણ હંમેશાં બમણી વૃદ્ધિરૂપ કલાંતર વડે લાવીને ભાઈને આપ્યું. વૃત્તાંત ન જાણતા ભાઈએ તેને શુદ્ધ માનીને ગ્રહણ કર્યું. તેણીએ ધર્મ સાંભળ્યો. તેથી કામ ઉપર ન જઈ શકવાથી બે પળી તેલ પાછું આપી ન શકી. ભાઈમુનિએ વિહાર કર્યો. વિયોગના શોકથી બીજે દિવસે વ્યાજ સહિત ચાર પળી તેલ થયું, તે આપી ન શકી. દેવું વધતું જ ગયું. તે ઘણું કામ કરવા છતાં દેવું પુરી કરી શકતી નથી. છેવટે શેઠને ત્યાં દાસીપણું અંગીકાર કર્યું. કેટલાંક વર્ષે સંમતમુનિએ પાછા આવતા બહેનને ઘેર ન જોઈ. સર્વ વૃત્તાંત જાણ્યો શિવદેવ શ્રેષ્ઠીને ત્યાં ગયા. ધર્મ કથન કર્યું.

કાળક્રમે શિવદેવે સમ્યક્ત્વ અને અણુવ્રતો સ્વીકાર્યા. વસુદેવાદિના અભિગ્રહોનું વર્ણન સાંભળી શિવદેવે પણ અભિગ્રહ લીધો – "મારો પુત્ર પણ દીક્ષા લેવાને ઈચ્છે તો હું તેનો નિષેધ નહીં કરું" ત્યારે શિવદેવનો પુત્ર અને સાધુની બહેન સંમતિ દીક્ષા લેવા તૈયાર થયા. બંનેએ દીક્ષા લીધી.

[શંકા] આવા પ્રામિત્ય દોષ તો અવશ્ય સેવવો, કેમકે પરંપરાએ તે પ્રવ્રજ્યાનું કારણ બને છે. [સમાધાન] આવા ગીતાર્થો, વિશિષ્ટ શ્રુતજ્ઞ અને દેશનાવિધિ નિપુણ તો કોઈક જ હોય, પ્રવ્રજ્યાના પરિણામ પણ કોઈકને જ થાય છે. તેથી પ્રામિત્ય લેવું તે દોષ જ છે. ૦- હવે વસ્ત્રાદિના દોષ કહે છે.

● **મૂલ-૩૪૮ થી ૩૫૦ :-**

***[૩૪૮] - આ જ દોષો વસ્ત્ર પાત્રના વિષયવાળા લૌકિક પ્રામિત્યમાં અતિ વિશેષે કરીને જાણવા. હવે લોકોત્તર દોષો, આ બીજા છે - [૩૪૯] - વસ્ત્ર મલિન થતાં, ફાટતા, જીર્ણ થતા, હરણ થતા, નાશ પામતા કલહ આદિ દોષો થાય છે. બીજું વસ્ત્રાદિ માંગનારને સુંદર વસ્ત્ર આપે તો પણ તે લેનાર દુષ્કર રુચિવાળો થાય. તેથી કલહાદિ દોષો થાય છે. - [૩૫૦] - અપવાદમાં દુર્લભ હોતા ઉચ્ચપણાએ આપવું. કુટિલ અને આળસુને પ્રામિત્ય વડે આપવું. તે દેવાતું વસ્ત્રાદિ ગુરુ પાસે મૂકવું. પછી ગુરુ આપે તો કલહ ન થાય.***

● **વિવેચન-૩૪૮ થી ૩૫૦ :-**

ગાથાર્થ કહ્યો. વૃત્તિગત વિશેષતાનો જ નિર્દેશ કરીએ તો - [૩૪૮] આ જ દાસત્વાદિ દોષો વસ્ત્ર-પાત્રના વિષયવાળા લૌકિક પ્રામિત્યમાં બેડીમાં નાંખવા આદિ જાણવા. લોકોત્તર પ્રામિત્ય વિષયક બીજા દોષો આ છે - [૩૪૯] કોઈ પાછુ આપવાની શરતે વસ્ત્ર લે. કોઈ શરત કરે કે – ઠરાવેલ કરતાં વધુ દિવસ થશે તો હું તમારા વસ્ત્ર જેવું બીજું વસ્ત્રાદિ આપીશ. તેમાં પહેલાં પ્રકારમાં મલિનતાદિ ગાથાર્થોક્ત દોષ જાણવા. બીજા પ્રકારમાં કદાચ માંગનારને પહેલાં કરતાં પણ સુંદર વસ્ત્ર આપે, તો પણ કદાચ જ લેનારો રુચિવાળો થાય. પરિણામે કલહાદિ દોષો ઉત્પન્ન થાય. તેથી લોકોત્તર પ્રામિત્ય ન કરવું. હવે તેનો અપવાદ કહે છે –

[૩૫૦] વસ્ત્રાદિ દુર્લભ હોય, સીદાતા સાધુને કોઈ બીજો સાધુ વસ્ત્રાદિ આપવા ઈચ્છતો હોય તો મફત દાન કરવું, પ્રામિત્ય વડે ન આપવું જે સાધુ કૂટિલ

હોય, વૈયાવચ્ચાદિમાં સમ્યક્ ન પ્રવર્તતો હોય, આળસુ હોય તેમની પાસે વસ્ત્રાદિ દાનના પ્રલોભનથી વૈયાવચ્ચાદિ કરાવવા. તેમાં પણ આપનાર સાધુ પહેલાં ગુરુને આપે પછી કલહ ન થાય તે રીતે ગુરુ તેને આપે.

પ્રામિત્ય દ્વાર કહ્યું. હવે પરાવર્તિત દ્વાર કહે છે —

**● મૂલ-૩૫૧ થી ૩૫૪ :-**

***[૩૫૧] પરિવર્તિત પણ સંક્ષેપથી લૌકિક, લોકોત્તર બે ભેદે છે, તે બંને પણ તદ્દ્રવ્ય અને અન્યદ્રવ્યને વિશે એમ બબ્બે પ્રકારે છે.***

***[૩૫૨ થી ૩૫૪] લૌકિક પરિવર્તિતનું દૃષ્ટાંત છે, વિવેચનમાં જોવું.***

**● વિવેચન-૩૫૧ થી ૩૫૪ :-**

(૧) તદ્દ્રવ્ય વિષયક પરિવર્તિત - કોહેલું ઘી આપીને સાધુના નિમિત્તે સુગંધી ઘી ગ્રહણ કરવું ઈત્યાદિ. (૨) અન્ય દ્રવ્ય વિષયક પરિવર્તિત - કોદરાના કૂરિયા આપીને સાધુ નિમિત્તે શાસિ ઓદન ગ્રહણ કરવા. આ લૌકિક પરિવર્તિત કહ્યું તેનું દૃષ્ટાંત હવેની ત્રણ ગાથાની વૃત્તિમાં કહ્યું છે. તે આ —

વસંતપુર નગરમાં નિલય નામે શેઠ હતો. સુદર્શના તેની પત્ની હતી. તેને ક્ષેમંકર અને દેવદત્ત બે પુત્રો, લક્ષ્મી નામે પુત્રી હતા. ત્યાં જ તિલકશેઠ, સુંદરી તેની પત્ની, ધનદત્તપુર, બંધુમતી નામે પુત્રી રહેતા હતા. ક્ષેમંકરે સમિતસૂરિ પાસે દીક્ષા લીધી, દેવદત્ત બંધુમતીને અને ધનદત્ત લક્ષ્મીને પરણ્યો. કર્મવશાત્ ધનદત્ત ગરીબ થઈ ગયો. તે પ્રાયઃ કોદરાના કુરિયા ખાતો હતો. દેવદત્ત ધનવાન્ હોવાથી શાલિઓદન ખાતો હતો. ક્ષેમંકર મુનિ વિચરતા ત્યાં આવ્યા. તેને થયું કે મારા ભાઈ દેવદત્તને ત્યાં જઈશ, તો બહેનને દુઃખ થશે કે હું ગરીબ છું માટે મારે ત્યાં ન ઉતર્યા. અનુકંપાથી તેણીના ઘેર પ્રવેશ્યા.

ભિક્ષાવેળાએ લક્ષ્મીને થયું કે — એક તો આ મારો ભાઈ છે, વળી તે સાધુ છે અને પરોણો પણ છે. તેથી બંધુમતી પાસે જઈ કોદરા આપી શાલિ લાવી. એટલામાં દેવદત્ત જમવા આવ્યો. બંધુમતીને પૂછ્યું — કેમ આપે કોદરા ખાવાના છે ? તેને થયું કે મારી પત્ની કૃપણતાને લીધે આમ કરે છે. તે બંધુમતીને મારવા દોડ્યો ત્યારે બંધુમતી બોલી કે — તમારી જ બહેન આ પરાવર્તન કરી ગઈ છે. ધનદત્ત ઘેર આવ્યો જે શાલિ સાધુને વહોરાવતા વધ્યો તે લક્ષ્મીએ તેને આપ્યો. ત્યારે તેણે પણ લક્ષ્મીને ધમકાવી કે — શા માટે બીજાના ઘેરથી લાવી, તેણે પણ મારી. લોકપરંપરાએ સાધુએ આ વાત જાણી. આમ કલહ દોષ થયો. તેથી સાધુને તે ન કલ્પે. બધાં ધર્મ સાંભળી, સંવેગ પામ્યા અને બધાંએ દીક્ષા લીધી.

અહીં પણ કોઈ પરિવર્તન દોષને દીક્ષાનું કારણ માને, તો તેને પૂર્વના પ્રામિત્ય દોષ મુજબ કહેવું. પણ આ દોષ આચરણીય નથી.

લોકોત્તર પરાવર્તનમાં એક સાધુ, બીજા સાધુ સાથે જે વસ્ત્રાદિનું પરાવર્તન કરે તે, તેમાં થતાં દોષોને કહે છે —



**● મૂલ-૩૫૫,૩૫૬ :-**

***આ વસ્ત્ર ન્યૂન છે, અધિક છે, દુર્બળ છે, ખર છે, ગુરુ છે, છેદાયેલું છે, મલિન છે, શીતને સહન ન કરે તેવું છે, દુર્વર્ણ છે. એમ જાણીને કે બીજાના કહેવાથી વિપરિણામને પામે છે. —૦— લોકોત્તરને વિશે અપવાદ કહે છે — એકનું વસ્ત્ર માનયુક્ત હોય, બીજાનું ન હોય. આવા કાર્યો ઉત્પન્ન થતાં વસ્ત્ર ગુરુની પાસે સ્થાપવું. તેઓ આપે. અન્યથા કલહ થાય છે.***

**● વિવેચન-૩૫૫,૩૫૬ :-**

વસ્ત્રના પરિવર્તનમાં - આ વસ્ત્ર ન્યૂન છે, મારું વસ્ત્ર તો પ્રમાણયુક્ત હતું. ઈત્યાદિ કલહ થાય. દુર્બળ-જીર્ણપ્રાયઃ, ખર-કઠણ સ્પર્શવાળું. ગુરુ-જાડા સુતરનું બનેલું, છિન્ન-છેડા વિનાનું દુર્વર્ણ-ખરાબ રંગવાળું. આ જાણીને પોતે વિપરિણામ પામે કે હું ઠગાયો. અથવા બીજા કોઈ કુટિલ સાધુ તેને વિપરિણામિત કરે. લોકોતરમાં જ અપવાદ કહે છે — પરાવર્તનમાં આવો કલહ સંભવે છે, તેથી વસ્ત્રાદિને ગુરુ પાસે સ્થાપવા, ગુરુને બધો વૃત્તાંત કહેવો અને ગુરુ જ તે વસ્ત્ર જેને આપવું હોય તેને આપે જેથી કલહ ન થાય. પરિવર્તિત દ્વાર કહ્યું. હવે અભ્યાહત દ્વાર કહે છે —

**● મૂલ-૩૫૭ થી ૩૬૦ :-**

***[૩૫૭] ભોજન-પાનાદિ સામેથી લાવીને આપવું તે અભ્યાહત. તે બે ભેદે - આચીર્ણ અને અનાચીર્ણ. અનાચીર્ણ અભ્યાહત પણ બે ભેદે છે - નિશીથ અભ્યાહત, નોનિશીથ અભ્યાહત. તેમાં હાલ નોનિશીથ અભ્યાહત કહે છે —***

***[૩૫૮] તે સ્વગ્રામ અને પરગ્રામના વિષયથી બે ભેદે છે. તેમાં પરગ્રામ વિષયક પણ સ્વદેશ અને પરદેશ સંબંધી એમ બે પ્રકારે છે. તે પ્રત્યેકના બબ્બે ભેદો છે - જળમાર્ગ અને સ્થળમાર્ગ. જળમાર્ગમાં નૌકા અને હોડકું બે ભેદ છે. સ્થળમાર્ગમાં જંઘા વડે, ગાડાં વડે એમ બે ભેદ છે.***

***[૩૫૯] જળમાર્ગમાં જંઘા, બાહુ, તરિકા વડે અભ્યાહત સંભવે છે, તથા સ્થળમાર્ગમાં સ્કંધ, આરનિબદ્ધ-ગાડા, ખુરનિબદ્ધ-બળદ વડે સંભવે છે. તેમ થવાથી સંયમ અને આત્મ વિરાધના થાય છે. સંયમમાં અપ્કાયાદિની વિરાધના થાય છે. જળમાં અતિ ઉંડુ હોવાથી ગ્રાહ, પંક, મગર, કચ્છપ થકી અપાય-વિનાશ થાય છે, સ્થળમાં કાંટા, સર્પ, ચોર, શિકારી પશુ થકી અપાયરૂપ આ દોષો થાય છે.***

**● વિવેચન-૩૫૭ થી ૩૬૦ :-**

ગાથાર્થ કહ્યો. વૃત્તિગત વિશેષ કથન સાર આ પ્રમાણે છે —

[૩૫૭] નિશીથ - મધ્યરાત્રિ, તે સમયે આણેલું તે ગુપ્ત હોય છે. એ પ્રમાણે સાધુને પણ અજાણ્યું અભ્યાહત તે નિશીથ અભ્યાહત કહેવાય. તેનાથી વિપરીત હોય તે નોનિશીથ અભ્યાહત કહેવાય. જેમાં સાધુ આ અભ્યાહત છે, તેમ જાણે છે. [૩૫૮] નોનિશીથ અભ્યાહતના બે ભેદોમાં — (૧) સ્વગ્રામ - જે ગામમાં સાધુ રહેલા

છે, (૨) પરગ્રામ - તે સિવાયના ગામો. પરગ્રામમાં બે ભેદ — (૧) સ્વદેશ - જે દેશમાં સાધુ રહેતા હોય. (૨) પરદેશ - સ્વદેશ સિવાયનો દેશ. આ બંને અભ્યાહતમાં જળમાર્ગ અને સ્થળમાર્ગ બે ભેદ. તેમાં - જેમાં થોડાં જળનો સંભવ હોય તો જંઘા-પગ વડે પણ આણેલ હોય. સ્થળમાર્ગમાં - બે પગ વડે અર્થાત્ ગાડાં-ગાડી આદિ વડે સમજવું.

[૩૫૯,૩૬૦] જળ અને સ્થળ સંબંધી અભ્યાહત અને તેના દોષો કહે છે :- થોડાં જળના સંભવમાં પગે ચાલીને કે ગાડાં વડે લાવે. ઘણાં જળમાં બે બાહુ વડે કે તરિકા વડે અભ્યાહત થાય. સ્થળ માર્ગમાં સ્કંધ વડે અથવા આરાની બનેલી ગાડી વડે કે ગધેડા, બળદ વડે અભ્યાહત થાય. અહીં સંયમ વિરાધના રૂપ દોષમાં અપ્કાયાદિનો વિનાશ જાણવો. જળમાર્ગમાં આત્મવિરાધના કહે છે — જેનો ભૂમિભાગ પગ આદિ વડે ન પામી શકાય એવા ઉંડા જળમાં નીચે ડૂબી જવારૂપ અપાય થાય છે. તથા ગાહ-જળચર વિશેષ વિશેષ કે કાદવ આદિ થકી વિનાશાદિ દોષો સંભવે છે. સ્થળ માર્ગમાં આત્મ વિરાધના — કાંટા, સર્પ આદિ થકી, જવરાદિનો પરિશ્રમાદિ થકી અપાયો જાણવા. હવે અનાચીર્ણ સ્વગ્રામાભ્યાહતનો નિશિથ કહે છે —

● **મૂલ-૩૬૧ થી ૩૬૪ :-**

***[૩૬૧] સ્વગ્રામવિષયક અભ્યાહત બે ભેદે છે — ગૃહાંતર અને નોગૃહાંતર. તેમાં ત્રણ ગૃહાંતરથી પણ આગળથી જે આણ્યુ હોય તે ગૃહાંતર જાણવું. [૩૬૨] નોગૃહાંતર અનેક પ્રકારે છે — વાડગ, સાહી, નિવેશન ગૃહવાળું, કાવડ, સ્કંધ અથવા માટીમય કે કાંસાના પાત્ર વડે આણે.***

***[૩૬૩] સ્વગ્રામના વિષયમાં નોનિશીથ અભ્યાહતનો સંભવ કહે છે — શૂન્યગૃહ, કાળ ન થવો, પ્રકૃત, પ્રહેણક, શ્રાવિકા સુતી હતી, આવા કારણોથી કોઈ સ્ત્રી ભોજનાદિ લઈને આવે અને લાવવાનું કારણ કહે. [૩૬૪] સ્વગ્રામ-પરગ્રામ ભેદથી નિશીથ અભ્યાહત - એ જ ક્રમે નિશ્ચયથી નિશીથ અભ્યાહતમાં પણ હોય છે, એમ જાણવું. જેમાં દાતાનો ભાવ ન જાણી શકાય તે નિશીથ અભ્યાહત જાણવું.***

● **વિવેચન-૩૬૧ થી ૩૬૪ :-**

ગાથાર્થ કહ્યો, વૃત્તિગત-વિશેષ કંઈક આ પ્રમાણે - જે ત્રણ ઘેરથી લવાય અને જેમાં ઉપયોગ હોય તે આચીર્ણ. નોગૃહાંતર અનેક ભેદે હોય છે. वाटक - ચારે બાજુથી વાડ કે વંડી કરેલ, વાડો. साही - માર્ગ, निवेशन - જેમાં પ્રવેશવા અને નીકળવાનું એક જ દ્વાર હોય તેવા બે, ત્રણ આદિ ઘરો. गृह - એક જ ઘર. આ વાટિકાદિ સર્વેને ગૃહાંતર અનાચીર્ણ જાણવું. નોગૃહાંતર નોશિથીથ સ્વગ્રામ સંબંધી અભ્યાહત કાવડ વડે કે સ્કંધ વડે ઉપાડીને લાવે, હાથ આદિ વડે લાવે અથવા માટીના વાસણ કે કાંસાદિ પાત્ર વડે લાવે. હવે સ્વગ્રામનો નિશીથ અભ્યાહત.

ભિક્ષાટન કરતા સાધુ કોઈ ઘેર પ્રવેશે ત્યારે તે ગૃહ શૂન્ય-ખાલી હોય,





ભિક્ષાકાળ ન થયો હોય, ઘેર સ્વજનાદિ જમાડાતા હોય, ત્યારે ભિક્ષા આપવી શક્ય ન હોય. સાધુ વહોરી ગયા પછી આવેલ લાહણી સાધુને વહોરાવવા લાયક હોય ઈત્યાદિ કારણે ભોજનાદિ ઉપાશ્રયે લાવે, તો આવા કારણે નોનિશીથ સ્વગ્રામાભ્યાહત સંભવે છે. ૦ હવે નિશીથ અભ્યાહત —

નિશીથ અભ્યાહતમાં દાતાના અભ્યાહત દાનના પરિણામ જાણી શકાતા નથી. ૦ પરગ્રામ અભ્યાહત નિશીથ કહે છે —

● **મૂલ-૩૬૫ થી ૩૬૮ :-**

***આ ચાર ગાથામાં એક દૃષ્ટાંત છે, જેનો અર્થ વિવેચનથી જાણીશું.***

● **વિવેચન-૩૬૫ થી ૩૬૮ :-**

કોઈ ગામમાં ધનાવહ આદિ ઘણાં શ્રાવકો અને ધનવતી આદિ શ્રાવિકાઓ હતા. તે બધાં એક કુટુંબના હતા. તેમને ત્યાં એકદા વિવાહોત્સવ થયો પછી ઘણાં મોદકાદિ વધ્યા. તેમણે તે સાધુને આપવા વિચાર્યું, જેથી ઘણું પુન્ય થાય. કેટલાંક સાધુ તો ઘણાં દૂર છે, કેટલાંક નજીકમાં છે. પણ વચ્ચે નદી હોવાથી અપ્કાયની વિરાધનાના ભયે તેઓ આવશે નહીં. વળી ઘમાં મોદકાદિ જોઈને તેને આધાકર્મી માનશે. તેથી જ્યાં સાધુ છે, ત્યાં ગુપ્ત રીતે જવું. સાધુને શંકા ન જાય તે માટે કંઈક બ્રાહ્મણાદિને આપીએ. વળી તે સાધુ તે જોઈ શકે તેવા સ્થાને આપીએ. તેઓએ તેમજ કર્યું.

સાધુઓ ત્યાંથી નીકળ્યા. તેમને નિમંત્રણા કરી કે અમારે મોદકાદિ ઘણાં વધેલા છે, આપને ખપ હોય તો ગ્રહણ કરો. સાધુએ શુદ્ધ જાણી ગ્રહણ કર્યા. તેમણે બીજા સાધુઓને કહ્યું. તેઓ પણ આવ્યા. કેટલાંક શ્રાવકો ઘણાં મોદકાદિ આપે છે, કેટલાંક કપટથી તેમને રોકે છે. બસ આટલું જ આપો. બાકી આપણે ભોજન માટે થશે વળી બીજા બોલે છે — પ્રાયઃ બધાંએ જમી લીધું છે, હવે થોડાંનું જ પ્રયોજન છે. સાધુને ઈચ્છા મુજબ આપો.

જે નવકારશીના પ્રત્યાખ્યાનવાળા હતા, તેમણે તો વાપરી લીધા. પોરસિ પ્રત્યાખ્યાનવાળા ભોજન કરવા લાગ્યા. પુરિમઢવાળાને બાકી હતું. શ્રાવકોને થયું કે હવે સાધુને વાંદીને પાછા ફરીએ. પ્રહરથી અધિક સમય વીતી ગયા પછી નૈષેધિકી આદિ શ્રાવકની ક્રિયા સહિત વસતિમાં આવ્યા. ત્યારે સાધુઓને થયું - આ શ્રાવકો અતિ વિવેકી છે. પરંપરાથી બીજા ગામના વસનારા જાણ્યા. પછી બરાબર વિચારી નિશ્ચય કર્યો કે — અમારા નિમિત્તે જ ભોજનાદિ પોતાના ગામથી આણેલ છે. તે જાણી પુરિમઢવાળા એ તે મોદક આદિનો ત્યાગ કર્યો. જેઓ જમતા હતા. તેમણે પણ હાથમાં લીધેલો કવળ પાછો ભોજનમાં જ મૂક્યો. મુખમાં હતો તે પણ બહાર કાઢીને રાખની કુંડીમાં નાંખ્યો. બાકી બધું પરઠવી દીધું. જેમણે પૂર્ણ કે અર્ધ ભોજન કર્યુ તે બધાં અશઠભાવવાળા હોવાથી શુદ્ધ જ છે.

હવે સ્વગ્રામ અભ્યાહત નિશીથ કહે છે —

● મૂલ-૩૬૯,૩૭૦ :-

*કોઈ સ્ત્રી બોલી — મેં લાહણી પ્રાપ્ત કરી છે, સંખડીમાં મને ઘણું મળેલ છે. હમણાં વંદનાર્થે આવી છું એમ કહીને તે સાધુને અશનાદિ આપે અથવા સ્વજનને માટે હું મારે ઘેરથી નીકળીને આ લાહણી લઈ ગયેલી, પણ તેમણે લીધું નહીં, તેથી ત્યાંથી અહીં આવી છું. એમ કહીને અશનાદિ આપે. અથવા સાગારિકાને પહેલાં સંકેત કરી રાખેલ સ્ત્રીને આક્રોશ કર્યો, પછી તે ક્રોધ પામી.*

● વિવેચન-૩૬૯,૩૭૦ :-

કોઈ શ્રાવિકા સાધુની અભ્યાહતની શંકા દૂર કરવા કોઈ ઘર પ્રત્યે ચાલી. ત્યાંથી પાછી વળીને સાધુને વહોરાવવા ઉપાશ્રયે પ્રવેશીને ગાથાર્થમાં કહ્યા મુજબ બોલે. અથવા માયાથી પાડોસણ સ્ત્રી સાથે ખોટો કલહ કરે. એવી કોઈપણ રીતે સાધુને તે આહાર વહોરાવે.

હવે અનાચીર્ણને સમાપ્ત કરી આચીર્ણના ભેદો કહે છે —

● મૂલ-૩૭૧,૩૭૨ :-

*ઉક્ત બે પ્રકારનું અભ્યાહત અનાચીર્ણ કહ્યું, હવે આચીર્ણ પણ દેશ અને દેશદેશ એમ બે ભેદે છે. તેમાં સો હાથ સુધી દેશ કહેવાય અને તેની પહેલાં દેશદેશ કહેવાય છે. તેમાં આચીર્ણમાં જો ઉપયોગપૂર્વક ગ્રહણ કરે તો ત્રણ ઘર સુધી કલ્પે છે.*

● વિવેચન-૩૭૧,૩૭૨ :-

આ પૂર્વોક્ત અભ્યાહત નિશીથ અને નોનિશીથ ભેદથી અથવા સ્વગ્રામ અને પરગ્રામના ભેદથી અકલ્પ્ય કહ્યું. હવે આચીર્ણ બે ભેદે છે — દેશ - ૧૦૦ હાથ પ્રમાણવાળું ક્ષેત્ર. દેશદેશ - ૧૦૦ હાથની મધ્યે રહેલ ક્ષેત્ર. તેમાં આચીર્ણમાં ત્રણ ઘર હોય તો કલ્પે, અધિકમાં ન કલ્પે. હવે ત્રણ ઘર વિના ૧૦૦ હાથના સંભવવાળા ક્ષેત્રને તથા વિષયવાળા કલ્પ્ય-અકલ્પ્ય વિધિને કહે છે —

● મૂલ-૩૭૩,૩૭૪ :- [પ્રક્ષેપ-૨]

*પીરસવાની પંક્તિમાં, દૂર પ્રદેશમાં, ઘંઘસાલના ઘરમાં ૧૦૦ હાથથી આવેલું આચીર્ણ છે, તેને ગ્રહણ કરવું, તે ઉપરાંતનું નિષિદ્ધ છે. [સો હાથથી અંદર દેશદેશ થાય છે. તે પણ ઉપયોગપૂર્વક આપે તો લેવું.]*

● વિવેચન-૩૭૩, [૩૭૪]

જમનારા મનુષ્યોની પંક્તિ-શ્રેણીમાં, એક છેડે સાધુનો સંઘાટક રહેલ હોય, બીજે છેડે દેવાની વસ્તુ હોય, ત્યાં સ્પૃષ્ટ-અસ્પૃષ્ટનો ભય આદિને લીધે જઈ શકાય તેમ ન હોય ઈત્યાદિ. લાંબા ગમન માર્ગમાં છીંડી વગેરે હોય ત્યાંથી વહોરવાને વિશે કે ધર્મશાળામાં ૧૦૦ હાથથી આણેલા ભોજનાદિનું ગ્રહણ આચીર્ણ - કલ્પે છે. આ આચીર્ણના ભેદોને કહે છે —



● મૂલ-૩૭૫નું વિવેચન :-

ત્રણ પ્રકારનું આચીર્ણ અભ્યાહત છે, તે આ પ્રમાણે — (૧) જઘન્ય અભ્યાહત - કોઈ સ્ત્રી પોતાના કાર્યથી મુઠ્ઠીમાં ગ્રહણ કરેલા મંડકાદિકથી અથવા પોતાના પુત્રાદિને પીરસવા ઓદનની ભરેલ કરોટિકા ઉપાડીને ઉભી હોય, તે અવસરે કોઈ પ્રકારે સાધુ ભિક્ષાર્થે આવે, સ્ત્રી તેને પોતાના હાથમાં રહેલ ભોજન માત્ર કર પરિવર્તનથી આપે, તે. (૨) સો હાથથી આણેલું તે ઉત્કૃષ્ટ અભ્યાહત, (૩) સો હાથમાં વર્તતુ હોય તે મધ્યમ અભ્યાહત.

અભ્યાહત દ્વાર કહ્યું હવે ઉદ્‌ભિન્ન દ્વાર કહે છે —

● મૂલ-૩૭૬,૩૭૭ :-

*ઉદ્‌ભિન્ન બે પ્રકારે — પિહિત અને કપાટ. પિહિત બે ભેદે - પ્રાસુક, અપ્રાસુક. પૃથ્વી આદિ અપ્રાસુક, છાણ દર્દરક આદિ પ્રાસુક જાણવા. આ પિહિતોદ્‌ભિન્ન અને કપાટોદ્‌ભિન્નમાં દોષો કહે છે — ઉદ્‌ભિન્નમાં છ કાયની વિરાધના થાય, પુત્રાદિને દેવામાં અને ક્રય-વિક્રયમાં અધિકરણ દોષ લાગે છે. કપાટમાં પણ તે જ દોષો લાગે. યંત્રાદિમાં વિશેષથી દોષો જાણવા.*

● વિવેચન-૩૭૬,૩૭૭ :-

ઉદ્‌ભિન્ન એટલે ઉઘાડવું. ઉઘાડતા છકાયની વિરાધના સંભવે છે. (૧) પિહિતોદ્‌ભિન્ન — તેલ, ઘી આદિ આપવા ઢાંકેલ મુખ ખોલીને અપાય તે. અર્થાત્ ઢાંકેલને ઉઘાડવું તે. (૨) બંધ બારણાં ઉઘાડીને અપાય તે કપાટ-ઉદ્‌ભિન્ન. પિહિતમાં ઢાંકણ હોય તે બે પ્રકારે હોય — પ્રાસુક, અપ્રાસુક અર્થાત્ અચેતન, સચેતન. શેષ અર્થ ગાથાર્થ મુજબ જાણવું. વળી ક્રય-વિક્રય થાય તો અધિકરણ-પાપની પ્રવૃત્તિ થાય છે. યંત્રરૂપ કપાટ-બારણામાં વિશેષથી દોષો થાય છે. હવે આ ગાથાના વિરાધના આદિ શબ્દને સ્પષ્ટ કરે છે —

● મૂલ-૩૭૮ થી ૩૮૪ :-

*[૩૭૮] ઢેકું કે પત્થર નાંખીને લીંપેલ હોય તે સચિત્ત પૃથ્વીલિપ્ત કહેવાય. સચિત્ત પૃથ્વીનો લેપ ચિરકાળ રહે છે. તુરંતના લિંપેલમાં અપ્‌કાય સંભવે છે. [૩૭૯] લિંપેલમાં કહ્યા તે દોષ લિંપણને ફરી કરવામાં પણ છે. તે આ - જળ વડે આર્દ્ર કરીને લીંપે, લાખને તપાવીને મુદ્રા કરે. [૩૮૦] પહેલા લીંપેલામાં જે કાય વિરાધના કહી, તે પ્રમાણે દાન દઈને ફરી લીંપતા પણ થાય છે. વિશેષ એ કે — છઠ્ઠી કાયમાં મુઇંગાદિની વિરાધના જાણવી.*

*[૩૮૧] તે ઉઘાડતા બીજાના કે પોતાના જ ઘરમાં તેલ, મીઠું, ઘી કે ગોળ આપે છે અથવા તે વિક્રય કરે છે. તેના વડે બીજું ખરીદ કરે છે. [૩૮૨] દાનમાં કે ક્રયવિક્રયમાં અસંયમ ભાવવાળા સાધુને અધિકરણ લાગે છે. ત્યાં મૂઇંગ, મૂષકાદિ જીવો પડે છે, તે પણ અધિકરણ લાગે છે. [૩૮૩] જે રીતે લીંપેલા કુંભાદિક ઉઘાડતા તથા પછીથી લીંપાતા પણ પૃથ્વીકાયાદિની વિરાધના*

***થાય છે, તે રીતે જ કપાટમાં પણ કાય વિરાધના કહેવી. [૩૮૪] કપાટના સંચારથી ગરોળીની વિરાધના થાય છે. પીઠિકાની નીચે કે ઉપર આવર્ત્તન કરવાથી વિરાધના થાય છે. લઈ જતાં તેમાં રહેલા ડિંભાદિને પ્રેરતા દોષ લાગે છે.***

**● વિવેચન-૩૭૮ થી ૩૮૪ :-**

ગાથાર્થ કહ્યો. હવે વૃત્તિમાં યત્‌કિંચિત્ વિશેષ છે, તે કહે છે —

[૩૭૮] દર્દરક-દાદરા ઉપર રહેલ કુડલા આદિનું મુખ. જો ચિરકાળ સચિત્ત પૃથ્વીકાયથી લીંપેલનો ઉદ્‌ભેદ કરાય તો સચિત્ત પૃથ્વીકાયનો વિનાશ થાય. તાજા લિંપેલામાં અપ્‌કાયનો વિનાશ થાય. જો કે અંતર્મુહૂર્ત્ત પછી પૃથ્વીથી અપ્‌કાયનો વિનાશ થતાં તેની વિરાધના ન લાગે. તેના આશરે રહેલા ત્રસકાયનો પણ વિનાશ થાય છે. [૩૭૯] ફરી લીંપાતા પણ આવા જ દોષો જાણવા. પૃથ્વીકાયમાં મગ વગેરે અને કીડી વગેરે પણ સંભવે છે, તેની પણ વિરાધના થાય. વળી રાળ આદિથી મુદ્રા કરે તો અગ્નિકાયની પણ વિરાધના થાય. ઈત્યાદિ૦ [૩૮૦] આ ટીકાર્થ ગાથા-૩૭૯માં કહેવાઈ ગયેલ છે. મુઇંગ - કીડી, કુંથવા.

[૩૮૧] તે કુડવ આદિનું મુખ સાધુને માટે ઉઘાડતા બીજા યાચક કે ગ્રાહક આદિને કે ઘરમાં પુત્રાદિને તેલ, ઘી, ગોળ આપે કે અવશ્ય વિક્રય કરે. તેના મૂલ્યથી બીજું ખરીદે છે. આ બધી પરંપરા સાધુને દેવા માટે ઉઘાડવાથી થાય છે. તેમાં અધિકરણ લાગે, તે આ રીતે — [૩૮૨] દાન કે ક્રય-વિક્રયમાં પ્રવર્તતા અશુદ્ધાહારનો ત્યાગ ન કરવાથી જીવરક્ષા રહિત છે ભાવ જેનો એવા સાધુને અધિકરણરૂપ પાપપ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે. કુડવાદિનું મુખ ઉઘાડુ રહેવાથી કીડી, કુંથુઆ આદિ પડીને વિનાશ પામે છે, તે પાપ સાધુને લાગે.

[૩૮૩] જે પ્રકારે પૂર્વે લીંપેલા ઘટાદિ ઉઘાડતા પૃથ્વીકાયાદિની વિરાધના થાય છે, તેથી દાન તથા ક્રય-વિક્રયરૂપ અધિકરણની પ્રવૃત્તિ પણ થાય છે. તે પ્રમાણે પહેલાં બંધ કરેલા કમાળમાં પણ સાધુ માટે ઉઘાડતા થાય તેમ જાણવું. અર્થાત્ છકાયની વિરાધના તેમાં સંભવે જ છે. દાન, ક્રય-વિક્રયરૂપ અધિકરણની પ્રવૃત્તિની ભાવના પૂર્વવત્ કરવી.

[૩૮૪] કબાટ-બારણાંનો સંચાર કરવાથી ગરોળી, કીડી, ઉંદર આદિની વિરાધના થાય છે. પ્રાસાદની નીચેની ભૂમિરૂપ પીઠિકા જેવી પીઠિકાની નીચેના કે ઉપરના બારણાંના એક ભાગનું આવર્તન કરવાથી તેને આશ્રીને રહેલા કુંથુઆ કે કીડી આદિ વિનાશ પામે છે. ઉઘાડવા લાયક કમાડની પાછળ રહેલા બાળક આદિને કોઈ ખોલવા કહે ત્યારે બારણું અથડાતાં માથું ફૂટવું આદિ દોષો થાય છે. હવે તેના અપવાદને કહે છે —

**● મૂલ-૩૮૫ :-**

***કુંચી વિનાના અને હંમેશાં ઉઘાડાતા કે બંધ કરાતા કમાંડ હોય તો***



***ગ્રહણ કરાય છે, જતુથી મુદ્રિત ન કરેલા જે દર્દર-વસ્ત્ર હંમેશાં ભોગવાતો હોય અને તેની માત્ર ગાંઠ વાળી હોય તો પણ આહાર લેવો કલ્પે.***

**● વિવેચન-૩૮૫ :-**

કુંચીના છિદ્ર રહિત હોય, પાછળના ભાગે આગળીયો ન હોય, તો ઘસાવા દ્વારા જંતુની વિરાધના ન થાય અથવા ઉઘાડાતા કમાડ કીચૂડ-કીચૂડ ન કરતા હોય તો, કેમકે ઘસડાતા કમાડોથી ઘણાં જંતુનો નાશ કરે છે, માટે તેવું કમાડ વર્જવું. તે કમાડ કેવું હોય ? નિરંતર ઉઘાડાતું-વસાતું હોય. કેમકે પ્રાયઃ તેમાં ગરોળી આદિને સંભવે. આવા કમાડ ઉઘાડીને ગૃહસ્થ વસ્તુ આપે તો લેવાય. આ સ્થવીર કલ્પીને આચીર્ણ છે. જે કુડવાદિને માત્ર વસ્ત્રનો કકડો બાંધેલ હોય, રોજ ઘોડાતો હોય તો લેપ ન હોવાથી દેવાતા કલ્પ્ય છે.

ઉદ્‌ભિન્ન દ્વાર કહ્યું. હવે માલોપહૃતદ્વાર કહે છે —

**● મૂલ-૩૮૬ થી ૩૮૯ :-**

***માલાપહૃત પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ બે ભેદે જાણવું. તેમાં પગના અગ્રભાગ અને તળીયા વડે જઘન્ય, તેથી વિપરીત તે ઉત્કૃષ્ટ છે. જઘન્યમાં ભિક્ષુ અને ઉત્કૃષ્ટમાં ગેરૂક દૃષ્ટાંત છે. તેમાં સર્પનો દંશ અને માળ ઉપરથી પડવું વગેરે દોષો છે. આ વિષયમાં બે ગાથા છે - ૩૮૮,૩૮૯ જેમાં દૃષ્ટાંતનું વિવરણ છે.***

**● વિવેચન-૩૮૬ થી ૩૮૯ :-**

માલાપહૃતના બે ભેદ — (૧) જઘન્ય - પૃથ્વી ઉપર સ્થાપેલા બે પગના અગ્ર ભાગથી તથા ઉંચી કરેલી બે પાની વડે ઉપર લટકાવેલા ઉંચા સીંકા વગેરેમાં રહેલ જે ભોજનાદિ, તે સ્ત્રીની દૃષ્ટિમાં આવતું નથી, તે લઈને જે અપાય તે જઘન્ય માલાપહૃત કહેવાય. તેને બદલે (૨) ઉત્કૃષ્ટ મોટી નીસરણી આદિ ઉપર ચડીને પ્રાસાદના ઉપલા ભાગેથી લાવીને અપાય તે ઉત્કૃષ્ટ માલાપહૃત કહેવાય છે. તેમાં જઘન્ય માલાપહૃતમાં ભિક્ષુ - વંદકનું દૃષ્ટાંત છે, ઉત્કૃષ્ટમાં ગેરૂક - કપિલમતવાળાનું દૃષ્ટાંત છે. તેમાં પહેલા ભિક્ષુનું દૃષ્ટાંત કહે છે —

જયંતપુર નામે નગર હતું. તેમાં યક્ષદિન્ન નામે ગૃહપતિ હતો. તેને વસુમતી નામે પત્ની હતી. કોઈ દિવસે ધર્મરુચિ નામના સાધુએ ભિક્ષાર્થે પ્રવેશ કર્યો. આવા ગુણવાન સાધુને જોઈને વિશિષ્ટદાન આપવાના પરિણામ ઉત્પન્ન થયા છે જેને તેવા યક્ષદિન્ને વસુમતીને આદર સહિત કહ્યું. ''આ સાધુને મોદકો આપ.'' મોદકો ઉપર ટાંગેલાં ઉંચા શીકામાં રહેલા ઘડામાં હતા. તેથી તેણી લેવા ઉભી થઈ. સાધુ માલાપહૃત ભિક્ષા જાણીને નીકળી ગયા, ત્યારપછી તુરંત ત્યાં ભિક્ષુક આવ્યો. યક્ષદિન્ને તેને પૂછ્યું — હે ભિક્ષુ ! હમણાં અહીં આવેલા સંયતે શીંકાથી લાવીને અપાતી ભિક્ષા કેમ ન લીધી ? ભિક્ષુ પ્રવચન દ્વેષથી તે સાધુની નિંદા કરે છે. ત્યારે તેને જ મોદક આપવા કહ્યું.

તે વખતે તે ઉત્તમ મોદકની સુગંધથી કોઈ પ્રકારે સર્પ ત્યાં આવેલો હતો.

વસુમતી પગની પાનીથી ઉંચી થઈને જેવી ઘડામાં હાથ નાંખવા જતી હતી. ત્યાં સર્પ ડસ્યો, વસુમતી જમીન ઉપર પડી, યક્ષદિન્ને કુંફાડા મારતા સર્પને જોયો. મંત્ર અને ઔષધિના પ્રભાવે તે સાજી થઈ. બીજે દિવસે ફરી તે જ ધર્મરુચિ સાધુ આવ્યા. યક્ષદિન્ને ઠપકો આપ્યો કે — કાલે સર્પને જોયો છતાં કેમ ન બોલ્યા. ત્યારે ધર્મરુચિએ કહ્યું — મેં તો ફક્ત કેવલીની આજ્ઞા પાળેલી કે માલાપહૃત ભિક્ષા ગ્રહણ ન કરવી. યક્ષદિન્નને જોયું કે અહો ! ભગવંતનો ધર્મ ખરેખર નિરપાય છે. ઈત્યાદિ - x - એમ વિચારી યક્ષદિન્ને સાદર ધર્મરુચિ અણગારને વંદના કરી. જિનકથિત ધર્મ પૂછ્યો. ધર્મરુચિ સાધુએ તે સંક્ષેપથી કહ્યો. તે યથાસ્થિત હેય - ઉપાદેય વસ્તુને જોવા લાગ્યો. મધ્યાહ્ને ગુરુની પાસે આવીને વિશેષથી ધર્મ સાંભળી બંને દંપતિએ સંવેગ પામી દીક્ષા ગ્રહણ કરી.

હવે આ જ જઘન્યમાલાપહૃતમાં બીજા દોષ કહે છે —

● **મૂલ-૩૯૦ :-**

***આસંદી, પીઠ, માંચો, યંત્ર અને ઉદૂખલ થકી પડતાં બંનેનો વધ થાય. સાધુને ભોજનાદિનો વિચ્છેદ થાય, તેના ઉપર દ્વેષ આદિ થાય તથા ઉડ્ડાહ અને અજ્ઞાનવાદ થાય.***

● **વિવેચન-૩૯૦ :-**

आसंदी - માંચી, पीठ - ગોમયાદિમય અસન, मंचक - માંચો यंत्र - ઘંટી, ઘંટુડો. उदूखल - ખાંડણીયો. આમાંથી કોઈના ઉપર પણ ચડીને કે પગેથી ઉંચા થઈને ટાંગેલા શીંકાદિમાંથી કોઈ આહાર ગ્રહણ કરે. જો કોઈ પ્રકારે તે સ્ત્રી પડી જાય તો દેનારીનો અને પૃથ્વીકાયાદિનો વિનાશ થાય. તથા સાધુને ભિક્ષા આપતા હું અનર્થમાં પડી, માટે કોઈએ તેને ભિક્ષા આપવી નહીં, તેથી તેના ઘેર આહારાદિનો વિચ્છેદ થાય. વળી વહોરાવવાના બહાને આને પાડી દીધી એમ માનીને તેના ઉપર દ્વેષ પણ થાય. મારે પણ ખરા. તેમ થવાથી પ્રવચનની નિંદા થાય. લોકોમાં પણ ખોટા પ્રવાદો થાય. તેથી જઘન્ય માલાપહૃત દોષ અવશ્ય તજવો. હવે ઉત્કૃષ્ટ માલાપહૃત —

● **મૂલ-૩૯૧નું વિવેચન :-**

જયંતી નામે નગરી હતી. સુરદત્ત નામે ગૃહપતિ, તેની વસુંધરા નામે પત્ની હતી. તેને ઘેર ગુણચંદ્ર મુનિ ભિક્ષાર્થે પ્રવેશ્યા. આવા ગુણવાન્‌ને જોઈને સુરદત્તે વસુંધરાને કહ્યું — ‘‘માળ ઉપરથી મોદક લાવીને આપ.’’ તે વખતે તેણી ગર્ભવતી હતી. હજી નીસરણી ચઢવા જાય ત્યાં માલાપહૃત ભિક્ષા સંયતોને ન કલ્પે એમ જાણી, સાધુ ત્યાંથી નીકળી ગયા. તુરંત જ પછી કાપિલ મતનો ભિક્ષા ભિક્ષાર્થે આવ્યો. ઈર્ષ્યાથી તે પણ સાધુ વિશે જેમ તેમ બોલ્યો.

સુરદત્તે વસુંધરાને કહ્યું — તેને મોદક આપ. વસુંધરા નીસરણીથી ચડવા જતાં પડી ગઈ. નીચે ઘંટુલો હતો. તેના ખીલાથી તેણીની કુક્ષિ ફાટી ગઈ. તરફડતો ગર્ભ બહાર પડ્યો. ગર્ભ અને વસુંધરા બંને મરણ પામ્યા. કાપિલભિક્ષુનો અવર્ણવાદ થવા



લાગ્યો. સુરદત્તે સાધુને વૃત્તાંત પૂછ્યો. સાધુએ સર્વજ્ઞનો ઉપદેશ જણાવ્યો. ધર્મ કથન સાંભળી સુરદત્તે દીક્ષા ગ્રહણ કરી. દોષો પૂર્વવત્ જાણવા.

હવે બીજા પ્રકારે માલાપહૃત કહે છે —

● **મૂલ-૩૯૨,૩૯૩ :-**

***[૩૯૨] ઉર્ધ્વ, અધો, તિર્યક્ એમ ત્રણ પ્રકારે માલાપહૃત હોય છે. ઉર્ધ્વ - ઉંચે ચડવું, અધઃ- નીચે ઉતરવું, ઉભય - કુંભાદિને વિશે કહેલ છે. [૩૯૩] અપવાદ કહે છે — દાદરા, શિલા કે પગથિયા ઉપર ચડીને આપે. પહેલાં ચડેલ દાતાર ઉંચા ન ઉપાડેલા સાધુના પાત્રમાં આપે, તો તે માલાપહૃત દોષ નથી. તે સિવાયનું માલાપહૃત છે.***

● **વિવેચન-૩૯૨,૩૯૩ :-**

उर्ध्व - લટકાવેલા શીંકા આદિમાં રહેલ, अधः - ભોંયરામાં ઉતરવું, નીચે ઉતરીને વસ્તુ અપાય તે. कुंभादिषु - કુંભ અને ઉષ્ટ્રિકા વગેરેને વિશે દેવાલાયક વસ્તુ હોય તે. उभय - ઉર્ધ્વ અને અધો માલાપહૃત કહે છે.

હવે તેનો અપવાદ કહે છે — દાદરો, શિલા, ઇંટોના બનેલ સોપાન, આટલા ઉપર ચડીને જે દાતા આપે તે માલાપહૃત ન કહેવાય. સાધુ પણ એષણા શુદ્ધિને માટે દાદરા આદિ દ્વારા પ્રાસાદની ઉપર ચડે છે અને અપવાદે પૃથ્વી ઉપર રહેલ સાધુ પણ લાવેલી વસ્તુ ગ્રહણ કરે છે. पूर्वारूढ - સાધુના આવ્યા પહેલાં પોતાના તમે નીસરણી આદિથી પ્રાસાદ ઉપર ચડેલા દાતા સાધુના પાત્રમાં જે વસ્તુ આપે. તેમાં સાધુની દૃષ્ટિ નીચી હોય અને પાત્રમાં દાતા હાથ અડાડીને આપે તેટલી ઉંચાઈએ હોય. બાકી બધું માલાપહૃત છે.

● **મૂલ-૩૯૪નું વિવેચન :-**

દૃષ્ટિની ઉપર હાથને ફેલાવીને દેયવસ્તુ ગ્રહણ કરવા માટે જે પાત્રને ધારણ કરાય તે, તે પ્રકારે ધારણ કરેલ પાત્ર ઉચ્ચ-ઉત્ક્ષિપ્ત કહેવાય. તીર્છા, લાંબા, સરળ હાથ વડે પાત્રને જોતો સાધુ જે ગ્રહણ કરે તે અનુચ્ચ-ઉત્ક્ષિપ્ત કહેવાય છે. આ પ્રમાણે ઉર્ધ્વ, અધો, તીર્છો માલાપહૃત કહ્યો. તેમાં કલ્પ્ય અને અકલ્પ્યની વિધિ આ પ્રમાણે છે — નીચે માંચી આદિ મૂકીને ગવાક્ષાદિમાં રહેલી વસ્તુ આપવા હાથને લાંબો કરી મોટા કષ્ટે જે વસ્તુનું આકર્ષણ કરે તે વસ્તુ ન કલ્પે. ભૂમિ ઉપર સ્વભાવથી જ રહેલી દાત્રી ગવાક્ષાદિમાં રહેલ વસ્તુને વિના કંઈક બાહુ પ્રસારીને સાધુને આપવા માટે જે ગ્રહણ કરે તે માલાપહૃત ન કહેવાય. તે કલ્પે છે.

આ પ્રમાણે માલાપહૃત કહ્યો. હવે આચ્છેદ્ય નામે દ્વાર કહે છે —

● **મૂલ-૩૯૫ થી ૩૯૮ :-**

***[૩૯૫] આચ્છેદ્ય પણ પ્રભૂ, સ્વામી અને ચોર એમ ત્રણ પ્રકારે છે. આ આચ્છેદ્ય નિષિદ્ધ કરેલ છે, તેથી સાધુને ગ્રહણ કરવું ન કલ્પે. [૩૯૬] પ્રભુ વિષયક આચ્છેદ્ય - ગોવાળ, ભૃતક, અક્ષરક, પુત્ર, પુત્રવધૂ વિષયક આચ્છેદ્ય અપ્રીતિ અને કલહ કરાવનાર છે. કોઈ દ્વેષ પામે છે. જેમ ગોવાળ, [૩૯૭,૩૯૮]***

***આ જ દૃષ્ટાંતને આ બે ગાથા વડે કહે છે, વિવેચનમાં જોવું.***

**● વિવેચન-૩૯૫ થી ૩૯૮ :-**

આચ્છેદ્ય - ન ઈચ્છતા નોકર કે પુત્રાદિની પાસે સાધુને આપવા માટે જે ગ્રહણ કરાય તે. (૧) પ્રભૂ - માલિકરૂપી કર્તાને આધીન રહેલું. (૨) સ્વામી - વિષયક, (૩) સ્તેન - ચોર વિષયક. આ ત્રણે પ્રકારનું આચ્છેદ્ય તીર્થંકરો અને ગણધરોએ નિષેધ કરેલ છે, સાધુને ગ્રહણ કરવું ન કલ્પે.

પ્રભુવિષયક આચ્છેદ્ય - ગોવાળ આદિ વિષયક છે. અહીં જે દોષોને કહે છે — અપ્રીતિ, કલહ, આત્મઘાત આદિ ગ્રહણ કરવા. વળી કેટલાંક લોકો 'ગોવાળ'ની જેમ સાધુ ઉપર દ્વેષ પણ પામે છે. આ દૃષ્ટાંત હવે કહે છે —

વસંતપુર નામે નગર હતું ત્યાં જિનદાસ શ્રાવક હતો. રુક્મિણી નામે તેની પત્ની હતી. તેમને ઘેર વત્સરાજ નામે ગોવાળ હતો. તે દર આઠમે દિવસે બધી ગાયો અને ભેંસોના દુધ લઈ લે. તે જ રીતે તેને પહેલાથી રાખેલ હતો. એક વખત સાધુ સંઘાટક ભિક્ષાર્થે આવ્યા. તે જ દિવસે બધું દુધ લઈ જવાનો ગોવાળનો વારો હતો. દુધથી મોટી ગોળી ભરાઈ ગઈ. જિનદાસ શ્રાવકે તે સાધુઓને ઉત્તમ પાત્ર જાણી ભક્તિથી ઈચ્છા પ્રમાણે ભોજનપાનાદિ આપ્યા. છેવટે તે ગોવાળનું દુધ પણ બળાત્કારે લઈને કેટલુંક આપ્યું. ત્યારે ગોવાળના મનમાં સાધુ ઉપર કંઈક દ્વેષ થયો. માલિકના ભયે ન બોલ્યો. કંઈક ઉણું એવું દુધનું પાત્ર લઈને ઘેર ગયો.

તે જોઈ તેની પત્ની રોષથી બોલી — આ જ આ દુધ ઓછું કેમ છે ? ગોવાળે હકીકત કહેતા તેણી પણ સાધુને આક્રોશ કરવા લાગી. બાળકો પણ રડવા લાગ્યા. ગોવાળને સાધુ ઉપર ક્રોધ ચડ્યો, તે મારવા ચાલ્યો. સાધુ તેને જોઈને સમજી ગયા - જિનદાસે આનું દુધ બળાત્કારે મને આપેલ છે. તેથી મને મારવા આવેલ છે. સાધુએ પ્રસન્ન મુખે કહ્યું કે — હે દુધધર નિયોગી ! તારા પ્રભુના આગ્રહથી મેં તે દુધ લીધેલું. લે,, તું તારું દુધ પાછું લઈ લે. તે ગોવાળ શાંત થયો. હે સાધુ ! આ જ તો હવે તમે દુધ લઈ જાઓ, ફરી આવું આચ્છેદ્ય ગ્રહણ કરશો નહીં.

**● મૂલ-૩૯૯ :-**

***અહીં ન ઉપાર્જન કરેલ કંઈપણ પમાતું નથી, દાસી પણ ભોજન વિના ભોગવી શકાતી નથી. આમ બોલતા બંનેનો કે એકનો પ્રદ્વેષ થાય છે. તથા જે અંતરાય કર્યો, તે પણ દોષ જ છે.***

**● વિવેચન-૩૯૯ :-**

પ્રભુ - માલિકે બળાત્કારે દુધ લઈ લેતા ગોવાળ ક્રોધિત થઈને આવું પણ બોલતો સંભવે - મારું દુધ કેમ લઈ લો છો ? મેં મારા શરીરના પ્રયાસ વડે આ દુધ મેળવેલ છે, ફોગટ નથી આપ્યું, પછી તમે આના માલિક કઈ રીતે થયા ? ઉત્તમ વેશ્યા તો ઠીક, દાસી પણ ભરણપોષણ વિના ભોગવી શકાતી નથી. આ ભોજન મારું છે. તમારું નથી. આ રીતે માલિક અને ગોવાળ વચ્ચે પણ દ્વેષ વધે. તે બધામાં આચ્છેદ્ય ગ્રહણથી સાધુ જ દોષી છે. ગોપાળના કુટુંબને જે અંતરાય થાય, તે પણ



દોષ છે. એ પ્રમાણે ભૃતક આદિમાં પણ યથાયોગ્ય અપ્રીત્યાદિ સંભવે છે. હવે સ્વામી વિષયક આચ્છેદ્યની ભાવના કરે છે —

**● મૂલ-૪૦૦ થી ૪૦૨ :-**

***[૪૦૦] સ્વામી કે ચારભટો સાધુને જોઈને તેમને માટે દરિદ્રોના ભોજનનું આચ્છેદન કરે, તે સાધુને લેવું ન કલ્પે. [૪૦૧] સાધુને માટે આહાર, ઉપધિ આદિ કોઈ કલહ વડે કે કલહવિના આચ્છેદન કરે તો તેને ગ્રહણ કરનાર સાધુને આ દોષો લાગે. [૪૦૨] અપ્રીતિ, અંતરાય, સ્તેનાહૃત દોષ લાગે છે. એક કે અનેક સાધુના ભોજનાદિનો વિચ્છેદ થાય, ઉપાશ્રયમાંથી કાઢી પણ મૂકે, ઉપાશ્રય ન હોવાથી કષ્ટ પામે ઈત્યાદિ દોષો લાગે છે.***

**● વિવેચન-૪૦૦ થી ૪૦૨ :-**

ગાથાર્થ કહ્યો. હવે વૃત્તિગત વિશેષતા માત્ર જ કહીશું. પ્રભુ - પોતાના ઘરનો નાયક, સ્વામી - ગામાદિનો નાયક. ચારભટ - સુભટ. તેઓ દરિદ્ર કૌટુંબિકોના ભોજનનું આચ્છેદન કરીને આપે, તે લેવું ન કલ્પે. સાધુને માટે તેઓ કલહ કરે કે કલહ ન કરે, કેમકે કોઈની પાસે બળાત્કારે લેતાં કલહ થાય, સ્વામીના ભયાદિથી ન બોલે તો કલહ ન થાય. આ રીતે સાધુને લેવું ન કલ્પે. નહીં તો આવા દોષો લાગે — ભોજનાદિ જેના છે તેમને અપ્રીતિ થવી. તેમને દેવાની વસ્તુના પરિભોગની હાનિ થવી સાધુને અદત્તાદાન લાગે. જેમની વસ્તુનું આચ્છેદન કરાયું તેમને દ્વેષ થવાથી સાધુના ભોજન-પાનનો વિચ્છેદ થાય, ઉપાશ્રયમાં સુખે રહેવા ન દે, કાઢી મૂકે ઈત્યાદિ.

હવે સ્તેનાચ્છેદ્યની ભાવના ભાવે છે —

**● મૂલ-૪૦૩ થી ૪૦૬ :- [પ્રક્ષેપ-૩]**

***[૪૦૩] કોઈ ચોર સાધુને માટે કે પોતાના માટે દરિદ્રી લોકો પાસેથી ઉઠાવીને જે આપે તે સ્તેન આચ્છેદ્ય કહેવાય. તેમાં વિચ્છેદકે પ્રદ્વેષ થાય છે, માટે ન કલ્પે. પણ તેની અનુમતિ હોય તો કલ્પે. [૪૦૪] સાધુને વિશે ભદ્રિક એવા ચોરો, જો સાધુનો નિર્વાહ ન થવાથી આપે તો પણ નિષ્કાસન અને વિચ્છેદન ન થાય, તે માટે ગ્રહણ ન કરે [૪૦૫,૪૦૬] અથવા ઘી અને સાથવાના દૃષ્ટાંતે તેઓ અનુજ્ઞા આપે ત્યારે ગ્રહણ કરવું પછી પાછું આપવું, તેમની પણ અનુજ્ઞા થાય તો ભોજન કરવું.***

**● વિવેચન-૪૦૩ થી ૪૦૬ :-**

કેટલાંક ચોરો સાધુ પ્રત્યે ભદ્રિક હોય છે. કોઈ સ્થાને સાદુઓ પણ દરિદ્ર સાર્થની સાથે વિહાર કરે છે. ભિક્ષા ન પામતા સાધુ માટે તે ચોરો દરિદ્રોનું ઝુંટવીને સાધુને આપે તે સ્તેનાચ્છેદ્ય કહેવાય. તે સાધુને ન કલ્પે. તેનાથી ભોજનાદિ વિચ્છેદ, પ્રદ્વેષ, સાર્થમાંથી કાઢી મૂક્યા કે કાલાંતરે ઉપાશ્રયની અપ્રાપ્તિ આદિ દોષ લાગે. પણ સાર્થિકો અનુમતિ આપે તો કલ્પે. - x - x - જો સાર્થિકો એમ કહે કે — અહો ! અમને આ સાથવામાં ઘી સમાન થયું, ચોરો તો લઈ જ જવાના હતા, પણ તમને આપ્યું તેથી અમને સમાધિ થાય છે. આ પ્રમાણે સાર્થિકોની અનુજ્ઞાથી લઈ લે, ચોરો

ચાલ્યા જાય ત્યારે સાર્થિકોને પાછું આપી દે. ફરી સાર્થિકો અનુજ્ઞા આપે, તો કલ્પે છે.

આચ્છેદ્ય દ્વાર કહ્યું હવે અનિસૃષ્ટ દ્વાર કહે છે —

● **મૂલ-૪૦૭ થી ૪૧૧ :-**

***[૪૦૭] અનિસૃષ્ટનો નિષેધ કર્યો છે, પણ સાધુઓને અનુજ્ઞાત કલ્પે છે. તે લાડુ, ચોલક, યંત્ર, સંખડી, દુધ અને આપણ વિષયક છે. [૪૦૮ થી ૪૧૧] લાડુના વિષયવાળું સાધારણ અનિસૃષ્ટનું દૃષ્ટાંત ચાર ગાથા વડે કહે છે. જેનો ગાથાર્થ વિવેચનમાં સમાવિષ્ટ છે.***

● **વિવેચન-૪૦૭ થી ૪૧૧ :-**

નિસૃષ્ટ એટલે અનુજ્ઞાત, અનિસૃષ્ટ-અનુજ્ઞા ન આપેલું. તેને તીર્થંકર અને ગણધરોએ નિષેધેલ છે. અનુજ્ઞાત હોય તો સાધુને કલ્પે છે. તે અનિસૃષ્ટ અનેક પ્રકારે છે, જેમકે — લાડુ વિષયક, ભોજન વિષયક ઈત્યાદિ - x - x - સામાન્યથી અનિસૃષ્ટ બે પ્રકારે — સાધારણ અનિસૃષ્ટ, ભોજન અનિસૃષ્ટ. તેમાં લાડુ વિષયક સાધારણ અનિસૃષ્ટનું દૃષ્ટાંત કહે છે —

રત્નપુર નગરે માણિભદ્ર આદિ ૩૨-મિત્રો હતા. તેઓએ ઉજાણી માટે કોઈ દિવસે લાડવા કરાવ્યા. એકને લાડવાનું રક્ષણ કરવા રાખ્યો. બાકીના ૩૧-સ્નાનાર્થે ગયા. ત્યારે કોઈ લાલચુ સાધુ ભિક્ષાર્થે આવ્યો. લાડુ જોયા. લંપટપણાથી તે પુરુષ પાસે લાડવા માંગ્યા. ત્યારે પેલા લાડુ રક્ષકે કહ્યું કે — આના માલિક-૩૨-જણા છે, મારેથી ન અપાય. ફરી સાધુ બોલ્યા - બીજાના લાડુ વડે શું તું પુન્ય કરવા સમર્થ નથી ? કે માંગવા છતાં આપતો નથી. તું મને ૩૨-લાડુ આપે તો તારા ભાગમાંથી માત્ર એક જ ઓછો થશે. તને અલ્પ વ્યયમાં ઘણો લાભ થશે, માટે આપી દે. તેણે સાધુનું પાત્ર ભરી દીધું. હર્ષિત થયેલ તે સાધુ ત્યાંથી નીકળ્યો. ત્યાં મણિભદ્ર આદિ ૩૧-સામે મળ્યા.

હે પૂજ્ય ! આ પાત્રમાં શું લીધુ છે ? સાધુને થયું, સાચું કહીશ તો મારા લાડવા પાછા માંગશે, ભારથી નમેલા સાધુને જોઈને માણિભદ્રાદિએ ધરાર પાત્ર જોવા માંગ્યુ. સાધુએ ન દેખાડતા, બળાત્કારે તેમણે જોઈને - લાડુ જોયા. તિરસ્કારપૂર્વક પે'લા રક્ષકપુરુષને પૂછ્યું — શું તેં આ બધાં લાડુ આપી દીધા ? પે'લો કહે મેં નથી આપ્યા. સાધુને ચોર ગણી, આક્રોશ કરતા, તેનું પાત્ર, રજોહરણ, ઉપકરણાદિ છિનવી લઈ, તેને ગૃહસ્થ કરી દીધો. રાજકુળે લઈ ગયા. તેઓએ સાધુવેશધારી જાણીને જીવતો છોડ્યો પણ દેશનિકાલની આજ્ઞા કરી.

આ રીતે માલિકની આજ્ઞા વિના સાધુએ ભોજનાદિ ન લેવા કલ્પે.

● **મૂલ-૪૧૨નું વિવેચન :-**

મોદક દ્વારની માફક યંત્ર, સંખડી, દુધ, આપણ આદિમાં સામાન્યનો નિષેધ છે. પણ અનુજ્ઞા આપેલું ગ્રહણ કરવું કલ્પે. અર્થાત્ તેના બધાં સ્વામી ન આપે તો તીર્થંકર ભગવંતે તેને નિષેધેલ છે. બધાં સ્વામીની અનુજ્ઞા હોય તો કલ્પે છે. હવે ચુલ્લક દ્વારની પ્રસ્તાવના તથા ચુલ્લકના ભેદ કહે છે —



● **મૂલ-૪૧૩ થી ૪૧૭ :-**

***[૪૧૩] - હવે ચુલ્લક-ભોજન દ્વાર કહે છે, બહુ વક્તવ્યતાથી તેને પાછળ રાખ્યું છે. ગુરુએ ચુલ્લકને બે ભેદે કહેલ છે — સ્વામી સંબંધી, હાથી સંબંધી. - [૪૧૪] - સ્વામીએ ન આપેલ ચુલ્લક છિન્ન અને અછિન્ન બે ભેદે છે. તેમાં અછિન્ન પણ નિસૃષ્ટ, અનિસૃષ્ટ બે ભેદે છે. છિન્નચુલ્લક ગ્રહણ કરવું કલ્પે, અછિન્ન પણ નિસૃષ્ટ હોય તો કલ્પે. - [૪૧૫] - છિન્ન હોય તે દૃષ્ટ કે અદૃષ્ટ પણ કલ્પે છે, અછિન્ન જો નિસૃષ્ટ હોય તો કલ્પે. અનુજ્ઞાત દૃષ્ટ કે અદૃષ્ટ ન કલ્પે - [૪૧૬] - અનિસૃષ્ટને પછીથી અનુજ્ઞા આપી હોય તો તે ગ્રહણ કરવું કલ્પે. તે જ પ્રમાણે અદૃષ્ટ પણ કલ્પે છે. હસ્તીનું ભોજન અનિસૃષ્ટ ન કલ્પે, હાથીએ ન દીઠેલું કલ્પે. - [૪૧૭] - હાથીનું ભોજન રાજપિંડ છે. તેના ગ્રહણથી ગ્રહણાદિ દોષો, અંતરાય, અદત્તાદાન દોષ લાગે છે. મહાવત પોતાનું ભોજન આપે તો પણ તેના વારંવાર ગ્રહણથી વસતિનું સ્ફોટન થાય છે.***

● **વિવેચન-૪૧૩ થી ૪૧૭ :-**

ગાથાર્થ કહ્યો છે. વૃત્તિમાં રહેલ વિશેષ કથન જ માત્ર નોંધીએ છીએ :- ચુલ્લક અર્થાત્ ભોજન બે ભેદે — સ્વામી સંબંધી, હાથી સંબંધી. ભોજન બે ભેદે - छिन्न:- જેમકે કોઈ કણબી ખેતરમાં રહેલા હાલિકોને કોઈના દ્વારા ભોજન મોકલે, તે જુદા જુદા ભાજનમાં નાંખીને મોકલે તો તે છિન્ન ભોજન કહેવાય. પરંતુ - अछिन्न - બધાં હાલિકોને યોગ્ય ભોજન એક જ પાત્રમાં મોકલે - તો અછિન્ન કહેવાય. એ જ પ્રમાણે ઉજાણી આદિમાં પણ ભોજનનું છિન્નાછિન્ન જાણવું. અછિન્ન બે ભેદે છે — નિસૃષ્ટ અને અનિસૃષ્ટ. જે ભોજન હાલિકોએ સાધુને આપવા છૂટું મૂકેલ છે, તે નિસૃષ્ટ. મોકળું ન મૂકેલ હોય તે અનિસૃષ્ટ. પણ હાલિકનું ભોજન તેનો માલિક સાધુને આપે તો પણ કલ્પે. જ્યારે અછિન્ન ભોજન સર્વ માલિકની અનુજ્ઞા વિના ગ્રહણ કરે તો ન કલ્પે.

જે ભોજન જેના નિમિત્તે છિન્ન હોય, તેના વડે દેવાય તો તેના મૂળસ્વામીએ જોયેલ કે ન જોયેલ હોય તો પણ કલ્પે. વળી અછિન્ન પણ સ્વામી અનુજ્ઞાત હોય તો કલ્પે, પછી તે તેના સ્વામીથી દૃષ્ટ હોય કે અદૃષ્ટ હોય. જો સ્વસ્વામી અનુજ્ઞાત ન હોય તો દૃષ્ટ કે અદૃષ્ટ એકે ન કલ્પે. કેમકે તેનાતી પૂર્વોક્ત ગ્રહણાદિ દોષો સંભવે છે. સાધારણ અનિસૃષ્ટને પૂર્વે સ્વ-સ્વ સર્વ સ્વામીએ અનુજ્ઞા ન આપી હોય તો પણ પછીથી અનુજ્ઞા આપે ત્યારે ગ્રહણ કરવું કલ્પે. પછી તે સ્વામીને અદૃષ્ટ હોય તો પણ કલ્પે.

હાથીનું ભોજન મહાવતે અનુજ્ઞા આપ્યા છતાં રાજા અને હાથીની અનુજ્ઞા ન હોવાથી ન કલ્પે. મહાવત પોતાના ભાગનું આપે તો પણ હાથીએ ન જોયું હોય તો કલ્પે. હાથીના જોતા લેવાથી ઉપાશ્રયભંગાદિ દોષો લાગે. વળી હાથીનું ભોજન રાજપિંડ છે. તેથી રાજાની અનુજ્ઞા ન હોવાથી ગ્રહણ, વેષ લઈ લેવો ઈત્યાદિ દોષો સંભવે. અંતરાય નિમિત્તક પ્રાપ્ત પણ સાધુને પ્રાપ્ત થાય છે. મહાવતને પણ વૃત્તિ

છેદનો પ્રસંગ આવે, તેનો અંતરાયકર્તા સાધુ બને ચે. વળી રાજાની અનુજ્ઞા નથી માટે અદત્તાદાન દોષ પણ લાગે. મહાવતને આધીન ભોજન પણ હાથીની દેખતા લેવાથી. હાથી સમજશે કે આ મુંડીયો મારું પિંડ લઈ જાય છે. રોષે ભરાયેલો હાથી ગમે તેવું નુકસાન કરી શકે છે.

અનિસૃષ્ટ દ્વાર કહ્યું, હવે અધ્યવપુરક દ્વાર કહે છે –

● **મૂલ-૪૧૮ થી ૪૨૧ :-**

***[૪૧૮] - અધ્યવપૂરક ત્રણ પ્રકારે છે – યાવંતિક, સ્વગૃહમિશ્ર અને પાખંડ. આરંભમાં પહેલા પોતાના માટે કરીને પછી તે ત્રણેને માટે ઉતારે. - [૪૧૯] - તંદુલ, જળ, પુષ્પ, ફળ, શાક, બેસન અને લવણ આદિને લાવતી વખતે વિવિધ પરિણામ વડે અધ્યવપૂરક અને મિશ્રજાતનું વિવિધપણું જાણવું. - [૪૨૦] - યાવદર્થિકને વિશે વિશોધિ છે, સ્વગૃહ અને પાખંડી એ બેના મિશ્રમાં પૂતિદોષ છે. તથા વિશોધિવાળું છિન્ન કાઢીને દેવામાં આવે તો કલ્પે, શેષ ન કલ્પે. - [૪૨૧] - છિન્નને તે સ્થાનેથી ઉપાડેલ હોય, ભાજનમાંથી જુદુ કરેલ હોય તો શેષ રહેલું કલ્પે છે અથવા આભાવનાથી તેટલું આપેલ હોય તો શેષ રહેલું કલ્પે છે.***

● **વિવેચન-૪૧૮ થી ૪૨૧ :-**

ગાથાર્થ કહ્યો. વૃત્તિમાં રહેલ વિશેષ કથન માત્ર ઉદ્ધરીએ છીએ –

[૪૧૮] અધ્યવપૂરક ત્રણ ભેદે છે – (૧) સ્વગૃહ અને યાવદર્થિક વડે મિશ્ર (૨) સ્વગૃહ અને સાધુ વડે મિશ્ર. (૩) સ્વગૃહ અને પાખંડી વડે મિશ્ર. આ ત્રણે અધ્યવપૂરકનું સામાન્ય લક્ષણ કહે છે :- મૂલ - અગ્નિ સળગાવવો, તપેલીમાં જળ નાંખવું વગેરેરૂપ આરંભમાં યાવદર્થિક આદિના આવવા પહેલાં જ પોતાના ઘરને માટે નીપજાવે. પછી યથાસંભવ અધિકાધિક તંદુલાદિ તેમાં નાંખે તે અધ્યવપૂરક કહેવાય. આ કારણે મિશ્રજાતથી તેનું જુદાપણું છે.

[૪૧૯] અધ્યવપૂરક અને મિશ્રજાતનું પરસ્પર ભેદપણું તંદુલ, જળ, પુષ્પ, ફળ, શાક, વેસન અને લવણના ગ્રહણના કારણે જે વિચિત્ર પરિમાણ, તેના વડે જાણવું. જેમકે મિશ્રજાતમાં પહેલાંથી ઘણાં તંદુલાદિક નંખાય છે, અધ્યવપૂરકમાં પછીથી યાવદર્થિકાદિ નિમિત્તે ઉમેરાય છે.

[૪૨૦] શુદ્ધ ભોજનમાં યાવદર્થિક વડે મિશ્ર એવું અધ્યવપૂરક દૂર કરાય તો તે વધારાનું ભોજન વિશોધિ થાય છે. સ્વગૃહ અને પાખંડી કે સાધુ વડે મિશ્ર શુદ્ધ ભોજનમાં પડ઼ેતો પૂતિ થાય છે. વિશોધિ કોટિરૂપ યાવદર્થિક અધ્યવપૂરકને જુદું પાડેલ હોય, તો બાકી રહેલ ભોજન સાધુને કલ્પે છે. પરંતુ સ્વગૃહ અને પાખંડી કે સાધુ વડે મિશ્ર એવું અધ્યવપૂરક ભોજન ન કલ્પે. હવે जावंतिए विसोही -

[૪૨૧] વિશોધિકોટિરૂપ યાવદર્થિક અધ્યવપૂરકને વિશે જેટલું પાછળથી વધુ નાંખ્યુ હોય તેટલું તમામ જુદુ કર્યુ હોય - તપેલીમાંથી કાઢી લીધેલ હોય, બાકી રહેલ ભોજન સાધુને કલ્પે. ઈત્યાદિ - x - x -



આ પ્રમાણે અધ્યવપૂરક દ્વાર કહ્યું. ૧૬-ઉદ્‌ગમદોષો પણ કહ્યા.

● **મૂલ-૪૨૨ થી ૪૨૪ :-**

***[૪૨૨] ઉક્ત ૧૬-પ્રકારનો ઉદ્‌ગમ બે પ્રકારે છે – વિશોધિકોટિ રૂપ અને અવિશોધિકોટિરૂપ. - [૪૨૩] - આધાકર્મ, ઔદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદ, પૂતિ, મિશ્રજાત, બાદરપ્રાભૃતિકા, અધ્યવપૂરકના છેલ્લા બે ભેદ અવિશોધિકોટિ છે. - [૪૨૪] - ઉદ્‌ગમકોટિ અવયવ, લેપ, અલેપથી સ્પર્શિત ભોજન ત્રણ કલ્પ કર્યા વિના જે ગ્રહણ કરાય તે પૂતિ, કાંજી, ઓસામણ, ચોખા ધોયેલા પાણી વડે સ્પર્શ કરાયલ પણ પૂતિ જાણવું.***

● **વિવેચન-૪૨૨ થી ૪૨૪ :-**

આ સોળ ભેદવાળો ઉદ્‌ગમ બે ભેદે – (૧) વિશોધિ કોટિરૂપ – જે દોષથી સ્પર્શ કરાયેલ ભોજન તેટલાં પ્રમાણવાળું કાઢી નાંખતા બાકી રહેલું કલ્પે છે, તે. (૨) અવિશોધિકોટિરૂપ - વિશોધિકોટિ સિવાયનો.

પહેલાં અવિશોધિકોટિ કહે છે – તેમાં (૧) સર્વ ભેદ સહિત આધાકર્મ, (૨) વિભાગોદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદ, (૩) ભોજન-પાનરૂપ પૂતિ, (૪) પાખંડી અને ગૃહ વડે મિશ્ર તથા સાધુ અને ઘર વડે મિશ્ર, (૫) બાદર પ્રાભૃતિકા, (૬) અધ્યવપૂરક. આ અવિશોધિકોટિરૂપ અવયવથી સ્પર્શિત શુદ્ધ ભોજન વડે થતાં દોષને કહે છે – ઉદ્‌ગમ દોષરૂપ અવિશોધિકોટિના સૂકા કણિયાદિ, તક્રાદિના લેપ વડે અને વાલ ચણાદિ અલેપ વડે સ્પર્શિત જે ભોજન, તે ભોજન પરઠવ્યા પછી પણ પાત્ર ત્રણ વાર ન ધોવે, તેમાં પછીથી ગ્રહણ કરાય તે પૂતિ, કાંજી ઓસામણ આદિથી સ્પર્શિત પણ પૂતિ જ કેહવાય છે.

ઉક્ત કથનને ભાષ્યકાર ત્રણ ગાથા વડે કહે છે –

● **મૂલ-૪૨૫ થી ૪૨૭ :- [ભાષ્ય-૩૭ થી ૩૯]**

***જેમ લોકમાં સુકા પણ અશુચિ પદાર્થ વડે સ્પર્શિત વસ્ત્રાદિ ધોવામાં આવે છે. તેમ અહીં પણ સુકા એવા આધાકર્મથી સ્પર્શિત પાત્ર ધોવા જોઈએ. અલેપવાળું દ્રવ્ય પણ પાત્રમાં ગ્રહણ કર્યા બાદ તે પાત્ર ધોયા વિના કલ્પતું નથી, તે લેપવાળા તક્રાદિ તો ક્યાંથી કલ્પે ? તેથી લેપાલેપ કહ્યું છે. આધાકર્મમાં માત્ર ઓદન જ વર્જશે, તેમ માનીને સૌવીર, આયામ, ચોખાનું ધોવાણ પણ આધાકર્મ ગણાય તેમ જણાવ્યું છે.***

● **વિવેચન-૪૨૫ થી ૪૨૭ :-**

ગાથાર્થ કહ્યો જ છે, કિંચિત્ વિશેષ આ – વાલ, ચણા આદિ અલેપકૃત્ છે, તે પણ અનાભોગાદિ કારણે પાત્રમાં ગ્રહણ કરીને પછી દોષદુષ્ટ જાણીને તજે તો તે પાત્રને ત્રણ વખત અવશ્ય ધોવું તેમ જણાવવા લેપ-અલેપ કહ્યું છે.

● **મૂલ-૪૨૮ થી ૪૩૩ :-**

***[૪૨૮] - બાકીની વિશોધિકોટિ છે. તેમાં યથાશક્તિ ભોજન-પાન ત્યાગ કર અથવા ન જાણવાથી મિશ્રદ્રવ્ય થયું હોય તો સર્વેનો વિવેક કરવો. કંઈક***

*અવયવ તેમાં રહી જાય તો તે શુદ્ધ છે. - [૪૨૯] - વિવેક ચાર પ્રકારે છે — (૧) દ્રવ્ય વિવેક - જે દ્રવ્ય ત્યાગ કરાય તે. (૨) ક્ષેત્ર વિવેક - જે સ્થાને જે દ્રવ્ય ત્યાગ કરાય તે. (૩) કાળ વિવેક - કાળના વિલંબ વિના ત્યાગ કરાય તે. (૪) ભાવ વિવેક - અશઠ એવો સાધુ જેને દોષવાળું જુએ તે.*

*[૪૩૦] - અહીં શુષ્ક અને આર્દ્રનો સદૃશપાત કે અસદૃશ પાત થતાં ચાર ભંગ થાય છે. તુલ્યમાં બે ભંગ અને અતુલ્યમાં બે ભંગ — [૪૩૧] - (૧) શુષ્કમાં શુષ્ક પડેલ હોય તો સુખે તજી શકાય, (૨) દ્રવને નાંખીને તથા આડ હાથ રાખીને તે દ્રવને કાઢી નાંખવું. - [૪૩૨] - (૩) હાથને આડો રાખી જેટલું બની શકે તેટલું ઓદનાદિ બહાર ખેંચી કાઢે. (૪) જો તે વસ્તુ દુર્લભ હોય તો માત્ર તેટલી જ દૂર કરવી. એમ બે ગાથામાં ચૌભંગી કહી.*

*[૪૩૩] નિર્વાહ થતો હોય ત્યારે બધાંનો ત્યાગ કરે, અનિર્વાહમાં ચતુર્ભંગિકાને આદરે, જેમાં અશટ હોય તો શુદ્ધ થાય અને માયાવી બંધાય છે.*

● **વિવેચન-૪૨૮ થી ૪૩૩ :-**

ગાથાર્થ કહ્યો. વૃત્તિગત કિંચિત્ વિશેષ આ પ્રમાણે છે — [૪૨૮] બાકીના નવ પ્રકારે એટલે ઓઘ ઔદ્દેશિક અને વિભાગોદ્દેશિક એટલે ઉપકરણ પૂતિ, મિશ્રનો પહેલો ભેદ, સ્થાપના, સૂક્ષ્મપ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્યક, પરિવર્તિત, અભ્યાહૃત, ઉદ્ભિન્ન, માલાપહૃત, આચ્છેદ, અનિસૃષ્ટ અને અધ્યવપૂરક્તો પહેલો ભેદ એ વિશોધિકોટિ - એટલે જે ભોજનનો ત્યાગ કરતાં બાકીનું શુદ્ધ ભોજન વિશુદ્ધ થાય. ભિક્ષાર્થે અટન કરતા સાધુએ પહેલાં પાત્રમાં શુદ્ધ ભોજન ગ્રહણ કર્યુ હોય તેમાં જ અનાભોગ - આદિ કારણે વિશોધિ કોટિના દોષથી દૂષિત થયેલું ગ્રહણ કર્યુ હોય, પછી કોઈ પ્રકારે તે જાણે ત્યારે તેના વિના નિર્વાહ ન થાય, તો વિશુદ્ધિ કોટિથી જે દૂષિત હોય તેટલો જ ત્યાગ કરે. લક્ષમાં ન આવે તો સર્વનો ત્યાગ કરે. સર્વથા ત્યાગ પછી કેટલાંક સૂક્ષ્મ દ્રવ્ય હોય તો પાત્ર ત્રણ વાર ધુવે.

[૪૨૯] ચાર ભેદે વિવેક કહે છે — દ્રવ્યાદિ ચાર ભેદે છે, તે ગાથાર્થમાં કહ્યું. અશઠ - રાગદ્વેષરહિત. નિર્વાહ ન થાય હોય તેમ દોષવાળા આહારને જ તજે, તેને વિશેની વિધિ માટે ચતુર્ભંગી કહે છે — [૪૩૦] (૧) શુષ્કમાં શુષ્ક પડે, (૨) શુષ્કમાં આર્દ્ર પડે, (૩) આર્દ્રમાં શુષ્ય પડે, (૪) આર્દ્રમાં આર્દ્ર પડે. તેમાં જે પદ વડે જ જે બબ્બે ભંગ પ્રાપ્ત થાય તે-તે દેખાડે છે. તુલ્ય - સમાન હોવાથી અન્ય વસ્તુની મધ્યે તુલ્યનો નિપાત અર્થાત્ સદૃશ વસ્તુનું નાખવું. તે પહેલો અને ચોથો ભંગ. બીજો અને ત્રીજો ભંગ તે અસદૃશ વસ્તુનો પ્રક્ષેપ કરવાથી પ્રાપ્ત થાય છે.

હવે તેનો ઉદ્ધાર વિધિ :- [૪૩૧] શુષ્ક - વાલ, ચણા આદિ. તેમાં જે શુષ્ક - વાલ, ચણાં પડી જાય. સુખં - સુખે કરીને, જળ નાંખવું આદિ કષ્ટ વિના જ ત્યાગ કરવાને માટે થાય છે. શુષ્કમાં દ્રવ - કાંજી વગેરે પડે, પાત્રને વાંકુ વાળી, આડો હાથ રાખી સર્વ દ્રવને ગાળી નાંખે. [૪૩૨] શુદ્ધ આર્દ્રની મધ્યે વાલ, ચણાદિ પડેલ હોય તો તેમાં હાથ નાંખી શટતા રહિતપણે તે શુષ્કને કાઢી નાંખે. પછીનું દ્રવ કલ્પે. જો



આર્દ્રમાં કંઈ બીજું આર્દ્ર પડે તો તેટલાં જ માત્રનો ત્યાગ કરે, બાકીનું કલ્પે છે. જો નિર્વાહ થતો હોય તો આ ચતુર્ભંગીન સેવે.

[૪૩૩] ગાથાર્થમાં કહેલ જ છે. કંઈ વિશેષ નથી. હવે ઉપસંહાર —

● **મૂલ-૪૩૪,૪૩૫ :-**

*[૪૩૪] કોટિકરણ બે ભેદે છે — ઉદ્ગમ કોટિ અને વિશોધિ કોટિ. તેમાં ઉદ્ગમ કોટિ છ પ્રકારે અને વિશોધિ કોટિ અનેક પ્રકારે છે. [૪૩૫] હવે તે કોટિ બીજા પ્રકારે કહે છે — નવ, અઢાર, સત્તાવીશ, ચોપન, નેવું, ૨૭૦ એ ભેદ છે.*

● **વિવેચન-૪૩૪,૪૩૫ :-**

[૪૩૪] ઉદ્ગમ કોટિ - આધાકર્મિક અને ઔદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદ વગેરે છ ભેદવાળી છે. [૪૩૫] નવ કોટિ - હણવું, હણાવવું, હવાતાને અનુમોદવા. રાંધવું, રંધાવવું, રંધાતાને અનુમોદવું. ખરીદવું, ખરીદાવવું, ખરીદાતાને અનુમોદવું. આમાં પહેલી છ અવિશોધિકોટિ છે. છેલ્લી ત્રણ વિશોધિ કોટિ છે.

આ નવે કોટિને કોઈ રાગથી સેવે, કોઈ દ્વેષથી સેવે તેથી અઢાર [૧૮] કોટિ થાય. ૦ સત્તાવિશ કોટિ :- મિથ્યાદૃષ્ટિ સેવે, સમ્યગ્દૃષ્ટિ વિરતિવંત સેવે અને સમ્યગ્દૃષ્ટિ અવિરતિવંત સેવે. એ ત્રણ ભેદ વડે નવ કોટિને ગુણતાં-૨૭ ભેદો થશે. ૦ ચોપન કોટિ :- આ-૨૭ને રાગ અને દ્વેષ વડે ગુણતાં-૫૪-થાય.

૦ નેવું [૯૦] કોટિ :- નવ કોટિને કદાચ પુષ્ટ આલંબનને આશ્રીને ક્ષાંત્યાદિ દશ પ્રકારના ધર્મને પાલન કરવા માટે સેવે. આ કોટિ સામાન્યથી ચારિત્રના નિમિત્તવાળી છે. [૨૭૦] નેવુંને જ્ઞાન, દર્શન, ચારિત્રથી ગુણતાં ૨૭૦ થાય.

● **મૂલ-૪૩૬ :-**

*૧૬-ઉદ્ગમના દોષો ગૃહસ્થોથી ઉત્પન્ન થયેલા જાણ. ઉત્પાદનના દોષો સાધુથી ઉત્પન્ન થયેલા જાણ.*

● **વિવેચન-૪૩૬ :-**

ઉક્ત સોળ ઉદ્ગમ દોષો, આધાકર્માદિ દોષ વડે દૂષિત થયેલા ભોજનાદિને ગૃહસ્થો જ કરે છે. ધાત્રીપણું આદિ દોષો સાધુ વડે જ સંભવે છે. તેને સાધુથી ઉત્પન્ન થયેલા તું જાણ. આ ઉત્પાદન દોષોને હવે કહે છે —

● **મૂલ-૪૩૭ થી ૪૩૯ :-**

*[૪૩૭] નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવને વિશે ઉત્પાદના જાણવી. તેમાં દ્રવ્યમાં ત્રણ પ્રકારે અને ભાવમાં સોળ પદવાળી જાણવી. [૪૩૮] ઔપયાચિતક આદિ વડે અને પુરુષ, અશ્વ તથા બીજ વગેરે વડે પુત્ર, અશ્વ, વૃક્ષાદિની જે ઉત્પાદના તે સચિત્ત છે. [૪૩૯] સોના, રૂપ આદિ મધ્યે ઈચ્છિત ધાતુથી કરેલી ઉત્પત્તિ અચિત્ત હોય છે, તથા ભાંડ - અલંકારાદિ સહિત દ્વિપદ આદિની ઉત્પત્તિ મિશ્ર હોય છે.*

● **વિવેચન-૪૩૭ થી ૪૩૯ :-**

[૪૩૭] ઉત્પાદના ચાર ભેદે છે — નામ ઉત્પાદના આદિ નામથી દ્રવ્ય ઉત્પાદનાને

ગવેષણાદિ જેમ જાણવી. પણ તદ્વ્યતિરિક્ત દ્રવ્યોત્પાદના ત્રણ પ્રકારે છે — સચિત્ત, અચિત્ત, મિશ્ર. ભાવોત્પાદના બે ભેદે :- આગમથી અને નોઆગમથી. આ નોઆગમથી ભાવોત્પાદના બે ભેદે — પ્રશસ્ત, અપ્રશસ્ત. જ્ઞાનાદિની ઉત્પાદના તે પ્રશસ્ત છે, અપ્રશસ્ત ઉત્પાદના ૧૬ ભેદે છે.

[૪૩૮] સચિત્ત દ્રવ્યોત્પાદના :- દ્વિપદ તે પુત્રાદિ, ચતુષ્પદ - અશ્વાદિ, અપદ-વૃક્ષાદિ. ઔપયાચિતક, ભાડું, જળ આદિ. કેશ રોમાદિ ભેદવાળા વડે જે વ્યાપ્ત તે વાલચિત એટલે પુરુષ. પુરુષ, તુરંગ અને બીજ આદિ વડે જે ઉત્પાદના તે સચિત્ત છે. જેમકે — કોઈ પુરુષે પોતાની પત્નીને પુત્રોત્પત્તિ માટે દેવતાની માનતા વડે પુત્રોત્પત્તિ કરી, ઘોડી માટે ઘોડાનું ભાડુ આપી વછેરો ઉત્પન્ન કરાવ્યો. જળ વડે બીજને સીંચીને છોડ ઉત્પન્ન કરાવ્યો.

[૪૩૯] અચિત્ત અને મિશ્ર દ્રવ્યની ઉત્પાદના - આ અર્થ ગાથાર્થમાં કહેલ જ છે. બાકી સુગમ છે. હવે ભાવ ઉત્પાદના કહે છે.

**● મૂલ-૪૪૦નું વિવેચન :-**

ભાવના વિષયવાળી ઉત્પાદના બે પ્રકારે — પ્રશસ્ત, અપ્રશસ્ત. તેમાં ક્રોધાદિ સહિત એવી ધાત્રીપણાની જે ઉત્પાદના તે અપ્રશસ્ત છે. તથા જ્ઞાનાદિ ત્રયની ઉત્પાદના તે પ્રશસ્ત છે. અહીં અપ્રશસ્ત ભાવોત્પાદનાનો અધિકાર છે. ઉત્પાદનાના સોળ ભેદ છે, તેને કહે છે —

**● મૂલ-૪૪૧,૪૪૨ :-**

***(૧) ધાત્રી, (૨) દૂતી, (૩) નિમિત્ત, (૪) આજીવ, (૫) વનીપક, (૬) ચિકિત્સા, (૭) ક્રોધ, (૮) માન, (૯) માયા, (૧૦) લોભ, (૧૧) સંસ્તવ, (૧૨) વિદ્યા, (૧૩) મંત્ર, (૧૪) ચૂર્ણ, (૧૫) યોગ, (૧૬) મૂળ કર્મ. આ ઉત્પાદનના દોષો છે.***

**● વિવેચન-૪૪૧,૪૪૨ :-**

-(૧)- ધાત્રી - બાળકને પાળનારી, ધાત્રીપણું કરવું કે કરાવવું.

-(૨)- દૂતિ - બીજાને સંદેશો કહેનારી. દૂતીપણું કરવું કે કરાવવું.

-(૩)- નિમિત્ત - અતીતાદિના અર્થને જાણવાના હેતુરૂપ શુભાશુભ ચેષ્ટાદિ.

-(૪)- આજીવ - આજીવિકા

-(૫)- વનીપક - ભિક્ષાચર, તેની જેમ જે આચરણ કરવું તે.

-(૬)- ચિકિત્સા - રોગનો પ્રતિકાર.

-(૭ થી ૧૦) ક્રોધ, માન, માયા, લોભ એ ચારે પ્રસિદ્ધ છે.

-(૧૧)- સંસ્તવ - પૂર્વ કે પછીના પરિચિત વડે સંસ્તવ કરવો.

-(૧૨)- વિદ્યા - સ્ત્રીરૂપ દેવતાથી અધિષ્ઠિત કે સાધના સહ અક્ષરવિશેષ.

-(૧૩)- મંત્ર - પુરુષરૂપ દેવથી અધિષ્ઠિત વિદ્યા કે સાધનારહિત હોય તે.

-(૧૪)- ચૂર્ણ - સૌભાગ્યાદિને ઉત્પન્ન કરનાર વસ્તુનો ભુકો.

-(૧૫)- યોગ - આકાશગતિ આદિ ફળવાળો દ્રવ્ય સમૂહ.





-(૧૬)- મૂળકર્મ - વશીકરણ. ૦ ધાત્રી આદિ દોષથી પિંડ-આહાર મેળવવો તે.

**● મૂલ-૪૪૩ થી ૪૪૭ :-**

***[૪૪૩] - ક્ષીર, મજ્જન, મંડન, ક્રીડન, અંક ધાત્રી. આ પ્રત્યેક કરવું અને કરાવવું બે પ્રકારે છે. - [૪૪૪] - બાળકને ધારણ કરે, પોષણ કરે અથવા બાળક તેને ધાવે માટે ધાત્રી કહેવાય. પૂર્વકાળમાં વૈભવાનુસાર પાંચ ધાત્રી રહેતી. - [૪૪૫] - દુધના આહારવાળો આ રૂવે છે, તેથી ભિક્ષાની આશા રાખનાર મને ભિક્ષા આપ. પછી તેને સ્તન્ય પાજે. અથવા મને પછી આપજે અથવા મારે ભિક્ષા નથી જોઈતી, હું ફરીથી અહીં આવીશ. - [૪૪૬] - અપમાન ન કરાયેલો બાળક બુદ્ધિમાન, અરોગી, દીર્ઘાયુ થાય છે. પુત્રનું મુખ દુર્લભ છે, માટે તેને પા, અથવા હું તેને આપું. - [૪૪૭] - જો તે ભદ્રિક હોય તો અધિકરણ કરે, અધર્મી હોય તો દ્વેષ કરે. જો બાળક કર્મોદયે ગ્લાન થાય તો ઉડ્ડાહ થાય અથવા ચાટુકારી છે એમ અવર્ણવાદ થાય. પોતાનો પુરુષ અન્ય શંકા કરે.***

**● વિવેચન-૪૪૩ થી ૪૪૭ :-**

[૪૪૩] ક્ષીરધાત્રી - જે સ્તન્યપાય છે. મજ્જન-સ્નાન વિષયક, મંડન-શણગાર કરનારી, ક્રીડન - રમાડનારી, અંકધાત્રી-ખોળામાં લે. સ્તનધાત્રી-પોતે સ્તનપાન કરાવે તે સ્વયં કરણ, બીજા પાસે કારવે તે કારાવણ ક્ષીરધાર્તી. એ પ્રમાણે મજ્જનાદિ બધીમાં જાણવું. હવે ધાત્રી શબ્દની વ્યુત્પત્તિ - [૪૪૪] - બાળકને ધારણ કરે તે, ભાડું દેવા વડે ધારણ કરાય, બાળક ધાવે માટે ધાત્રી. હવે સાધુ સ્તનપાન કરાવવા રૂપ ધાત્રીપણું કરે છે તે દેખાડે છે - [૪૪૫] - પૂર્વ પરિચિત ઘેર પ્રવેશી સાધુ, બાળકને રડતું જોઈ, માતાને કહે — આ બાળક હજી ક્ષીર આહારી છે, ક્ષીર વિના રડે છે, મને જલ્દી આહાર આપી. આ બાળકને સ્તનપાન કરાવ, અથવા પહેલા કરાવી પછી મને ભિક્ષા આપજે.

[૪૪૬] અપમાન ન કરેલો બાળક મતિમાનાદિ થાય ઈત્યાદિ તેથી બધાં કામ મૂકીને દુધ પા. જો તું ન પાય તો હું તેને દુધ આપું અથવા બીજી પાસે સ્તનપાન કરાવું. એ રીતે સાધુએ ધાત્રીપણું કરેલ દેખાડ્યું છે. તેના દોષો કહે છે — [૪૪૭] - જો માતા ભદ્રિક હોય તો રાગવાળી થઈ આધાકર્માદિ કરે. જો ધર્મ સન્મુખ ન હોય તો પ્રદ્વેષ કરે ઈત્યાદિ ગાથાર્થ મુજબ કહેવું યાવત્ તેનો પતિ મૈથુનાદિ વિષયમાં શંકિત થાય છે.

**● મૂલ-૪૪૮ થી ૪૫૩ :-**

***[૪૪૮] - ધાત્રીકરણમાં આ બીજો વિકલ્પ છે, ભિક્ષાચર્યામાં કોઈ સાધુએ કોઈ અધૃતિવાળી શ્રાવિકાને પૂછ્યું — તેણી બોલી દુઃખના સહાયકને દુઃખ કહેવાય. તો આજે મારું ધાર્તીપણું હરણ કરાયું છે. - [૪૪૯] - તેણીની વચને, ગંડને, સ્થૂલપણાને, કૃશપણાને ન જાણતો સાધુ તે બધું પૂછીને ત્યાં ગયો, તે બાળકને જોઈ ગૃહસ્વામીની સમક્ષ કહેવાલાગ્યો. શું ? - [૪૫૦] - આ તમારું***

*કુળ હમણાં ઉત્પન્ન થયેલ છે કે અજાણ્યું છે એમ હું માનું છું. પુન્ય વડે કે યદચ્છાથી આ બાળક વડે ક્ષેમ વર્તે છે એમ અમે જાણીએ છીએ.*

*- [૪૫૧] - સ્થવિરધાત્રી દુર્બળ ક્ષીરવાળી હોય તો બાળક દુર્બળ થાય, અતિ સ્તનવાળી હોય તો પ્રેરિત મુખવાળો તે ચિપટા મુખવાળો થાય. કૃશ શરીરી હોય તો અલ્પક્ષીરવાળી હોય, કૂર્પરસ્તનીમાં સૂચિ મુખવાળો થાય છે. - [૪૫૨] - જે ધાત્રી જે વર્ણે કરી ઉત્કટ હોય, તેણીને તે વર્ણે કરીને ગર્હા કરે, જેની ગર્હા કરે છે, તેવા જ વર્ણવાળી આગળની હોય તો તેણીને વળી અત્યંત પ્રશસ્ત વર્ણવાળી કહેવા લાગે અને બીજીને દુર્વર્ણવાળી કહે - [૪૫૩] - ભ્રષ્ટ કરેલી ધાત્રી પ્રદ્વેષ પામી ''આ જાર છે'' એમ અપવાદ આપે. તેને જે વધાદિ કરી શકાય, તે પણ કરે. એ જ પ્રમાણે બીજી ધાત્રી પણ મને વિઘ્ન થશે એમ ધારીને વિષાદિ આપે છે.*

**● વિવેચન-૪૪૮ થી ૪૫૩ :-**

[૪૪૮] - ધાત્રીકરણમાં આ બીજો વિકલ્પ છે. જે ગાથાર્થમાં કહ્યો છે. - [૪૪૯] - તે દુઃખી સ્ત્રીને ધાત્રીરૂપે સ્થાપવાને નવી ધાત્રીના વય, યૌવનાદિ પૂછીને ધનિકને ઘેર જઈને, ગૃહસ્વામી સમક્ષ જઈ બાળકને જોઈને કહેવા લાગ્યો. - [૪૫૦] - શું કહે છે ? મને લાગે છે કે આ તમારું કુળ હમણાં જ ધનાઢ્ય થયેલ છે. જો પરંપરાથી લક્ષ્મી આવી હોય તો પરંપરાથી ધાત્રી લક્ષણજ્ઞ કેમ ન હોય ? જેવી તેવી ધાત્રી કેમ રાખી છે ? અયોગ્ય ધાત્રીના સ્તનપાન વડે કાંતિરહિત બનેલા આ બાળકને અમે જાણીએ છીએ ઈત્યદિ કહીને માતા-પિતાને ભ્રાંતિવાળા કરે. ત્યારે તેઓ પૂછશે કે ધાત્રીના કયા દોષો છે ?

[૪૫૧] - વૃદ્ધા ધાત્રી નિર્બળ ક્ષીરવાળી હોય, તેથી બાળક બળવાન્ ન થાય. બહુ મોટા સ્તનવાળી હોય તો સ્તનપાન કરતા બાળકના હોઠ અને નાસિકા દબાયેલા રહેતા ચીબો થાય છે. શરીરથી કૃશ ધાત્રી હોય તો બાળકને પરિપૂર્ણ દુધ મળતું નથી. બહુ લાંબા સ્તનવાળી હોય તો બાળકને મુખ પસારવું પડે છે, તેથી મુખ સોયના આકારવાળું થાય છે. ઈત્યાદિ. આ નવી ધાત્રી ઉક્ત દોષવાળી છે, માટે પહેલાંની ધાત્રી જ યોગ્ય હતી. - [૪૫૨] - નવી સ્થાપેલી ધાત્રી કૃષ્ણાદિ વર્ણા હોય તો, તેણીના વર્ણથી નિંદે છે. જેમકે - કાળી સ્ત્રી રૂપનો નાશ કરે, ગૌરવર્ણી બળરહિત હોય છે, તેથી ઘઉંવર્ણી સ્ત્રી સારી, તેમ કહે વળી જૂની ધાત્રી નવીના સમાન વર્ણવાળી હોય તો જૂનીને અત્યંત પ્રશસ્ત વર્ણવાળી તરીકે પ્રશંસે છે. આમ સાધુ વડે કહેવાતા તે ગૃહનો સ્વામી નવી ધાત્રીનો ત્યાગ કરી, સાધુએ પ્રશંસેલી ધાત્રી રાખે, તેથી :-

- [૪૫૩] - ધાત્રીપણાથી ભ્રષ્ટ થયેલી ધાત્રી સાધુ ઉપર પ્રદ્વેષ કરે છે. તેથી તેણી કહેશે કે — આ સાધુ તો જાર છે. આ ધાત્રી સાથે સંબંધવાળો છે. વળી ભ્રષ્ટ થયેલ ધાત્રી સાધુને વધ આદિમાં પણ પ્રવર્તે છે. જેને સ્થાપી છે, તે ધાત્રી પણ વિચારશે કે પે'લી ધાત્રીની જેમ આ મને પણ ભ્રષ્ટ કરશે. એમ વિચારી તેણી પણ



વિષાદિ પ્રયોગ કરે. હવે બીજી ધાત્રી માટે અતિદેશ કરીને દેખાડે છે —

**● મૂલ-૪૫૪ થી ૪૫૯ :-**

*[૪૫૪] - એ જ પ્રમાણે બાકીની ધાત્રીનું પણ કરવું, કરાવવું, પોતાના ઘર વિશે કહેવું. નવી ધાત્રીને ધાત્રીપણાથી ભ્રષ્ટ કરવી આદિ બધું પૂર્વવત્. - [૪૫૫] - મજ્જન ધાત્રીના દોષ પ્રગટ કરવા સાધુ કહે છે — આ બાળક પૃથ્વી ઉપર લોટે છે, ધૂળથી ખરડાયેલો છે, તેને ન્હવડાવ અથવા હું ન્હવડાવું અથવા જળથી બીકણ થશે કે વધુ નવડાવતા દુર્બળ કે રક્ત નેત્રી થશે.*

*- [૪૫૬] - મજ્જનધાત્રી બાળકને માલિશ કરી, સંબાહના કરી, ઉદ્વર્તન કરી, સ્નાનથી પવિત્ર દેહવાળો કરીને મંડનધાત્રીને સોંપે છે. - [૪૫૭] - મંડનધાત્રીત્વ વિશે સાધુ શું કરે ? પહેલાં ઈષુકાદિ આ આભરણ વડે બાળકને મંડન કર અથવા હું વિભૂષિત કરું. આ ધાત્રીએ હાથને યોગ્ય ઘરેણાં પગમાં કે કંઠને યોગ્ય ઘરેણાં પગમાં પહેરાવ્યા છે, તેથી યોગ્ય નથી.*

*- [૪૫૮] હવે ક્રીડનધાત્રીના દોષ સાધુ કઈ રીતે કહે — આ ધાત્રી ઢઙ્ઢર સ્વરવાળી છે, તેથી બાળક ક્લીબ મુખવાળો થાય, અથવા કોમળ કે અવ્યક્ત વાણીવાળો થશે, માટે તે સારી નથી. તથા બાળકને ઉલ્લાપનાદિ ક્રિયા પોતે કરે કે બીજા પાસે કરાવે. - [૪૫૯] - અંકધાત્રીને ધાત્રીપણાથી ભ્રષ્ટ કરવા સાધુ આમ બોલે છે - સ્થૂળધાત્રી વડે પહોળા પગવાળો થાય, ભગ્ન કે શુષ્ક કટીવાળી ધાત્રીથી દુઃખ પામે છે. નિર્માંસ કે કર્કશ હાથ વડે ભીરૂ થાય.*

**● વિવેચન-૪૫૪ થી ૪૫૯ :-**

[૪૫૪] ક્ષીરધાત્રીમાં કહ્યા પ્રમાણે બાકીની - મજ્જનધાત્રી આદિના વિષયમાં પણ સમજી લેવું. - x - x - [૪૫૫] - ક્ષીરધાત્રીમાં કહ્યા મુજબ જ ધનાઢ્યોના ઘરને વિશે નવી સ્થાપિત મજ્જનધાત્રી આદિ, કે જેને ધાત્રીપણાથી ભ્રષ્ટ કરેલ હોય તેને ધાત્રીઓનો આલાવો ક્ષીરધાત્રીવત્ કહેવો. આ બાબત સંક્ષેપથી કહી, વિશેષે કરીને કહેવા માટે આગળની ગાથામાં કહે છે —

[૪૫૬] આ બાળક ધૂળવાળો છે, તેને નવડાવ. આ મજ્જનધાત્રીનું કરાવવું થયું. જો તું સમર્થ ન હોય તો હું નવડાવું, આ મજ્જનધાત્રી કરણ થયું અથવા ક્ષીરધાત્રીની જેમ પદભ્રષ્ટ થયેલ મજ્જનધાત્રીને સાધુ કહે કે હું તને ફરી તે પદે સ્થપાવીશ. પછી ધનિકને ત્યાં મજ્જનધાત્રીના દોષો કહે, જેમકે — બહુ પાણી વડે ઢંકાતો બાળક ભાવિમાં નદીના જળ પ્રવેશકાળે બીકણ થાય છે. નિરંતર નવડાવતા દુર્બળ દૃષ્ટિવાળો થાય. સર્વથા ન નવડાવે તો શરીરબળ ધારણ ન કરે. કાંતિવાળો ન થાય. માટે આ ધાત્રી મજ્જન માટે યોગ્ય નથી. ઈત્યાદિ વર્ણન ક્ષીરધાત્રીવત્ જાણવું. હવે મંડનધાત્રીને કેવો સોંપે તે કહે છે —

[૪૫૭] ગાથાર્થમાં કહેલ છે, વિશેષ કંઈ નથી. હવે સાધુ મંડનધાત્રીના વિષયમાં શું કરે, કરાવે, દોષો પ્રગટ કરે તે દેખાડે છે — બાણ, છરી વગેરેના આકારવાળું આભરણ લેવું. શ્રાવિકાના ચિત્તને વશ કરવા સાધુ બોલે — આ બાળકને વિભૂષિત

કર, જો તું ન સમર્થ હો તો હું વિભૂષિત કરું. આ કરણ-કારાવણ થયું. જો નવી સ્થાપેલી મંડનધાત્રીના દોષ કહે તો કઈ રીતે કહે ? ગાથાર્થમાં બતાવેલ છે. તેણીને પદભ્રષ્ટ કરે આદિ ક્ષીરધાત્રીવત્ જાણવું.

હવે ક્રીડન-ધાત્રીના વિષયમાં સાધુ શું કહે તે બતાવે છે —

[૪૫૮] - ગાથાર્થમાં કહ્યા મુજબ ક્રીડનધાત્રીના દોષો બતાવીને સાધુ તેણીને ધાત્રીપણાથી ભ્રષ્ટ કરાવે. તથા શ્રાવિકાના ચિત્તને વશ કરવા બાળકને ઉલ્લાપનાદિ કરે - બોલાવે, ક્રીડા પોતે કરે કે કરાવે ઈત્યાદિ. હવે નવી સ્થાપેલ અંકધાત્રીને પદભ્રષ્ટ કરવા સાધુ શું કરે તે કહે છે —

[૪૫૯] - સ્થૂળ શરીરવાળી ધાત્રી જો કેડે બાળકને ધારણ કરે તો તે બાળક પહોળા પગવાળો થશે ઈત્યાદિ બધું ગાથાર્થ મુજબ કહેવું. બાળકને રડતો જોઈ, ખોળામાં લેવા કહેવું અથવા પોતે ખોળામાં લે ઈત્યાદિ.

**● મૂલ-૪૬૦ થી ૪૬૨ :- [ભાષ્ય-૪૦,૪૧]**

***[૪૬૦] - ક્રીડનધાત્રીપણું કરવાના વિષયમાં દત્ત નામે શિષ્યનું દૃષ્ટાંત છે, જેને વિવેચનથી જાણવું [૪૬૧,૪૬૨] ભાષ્યકારશ્રીએ આ જ દૃષ્ટાંતનો સાર બે ગાથામાં રજૂ કર્યો છે. તેનો અર્થ પણ આ કથામાં આવી જ જાય છે.***

**● વિવેચન-૪૬૦ થી ૪૬૨ :-**

કોલ્લકિર નગરે વૃદ્ધાવસ્થા પામેલા, ક્ષીર જંઘાબળવાળા સંગમ-સ્થવિર નામે આચાર્ય હતા. દુકાળ પડ્યો. સિંહ નામના શિષ્યને આચાર્યપદે સ્થાપી, ગચ્છ સોંપીને સુકાળવાળા દેશમાં વિહાર કરાવ્યો. પોતે એકલા રહ્યા. તે વસતિ - ઉપાશ્રયના નવ ભાગો પાડી, ત્યાં જ યતના વડે માસકલ્પ અને વર્ષારાત્ર કરે છે. સિંહચાર્યે ગુરુજીની પ્રવૃત્તિ નિમિત્તે દત્ત નામક શિષ્યને મોકલ્યો. તેણે સંગમાચાર્યને પૂર્વે જોયા હતા તે જ ક્ષેત્રમાં જોયા, તેને થયું કે ગુરુજી ભાવથી પણ માસકલ્પ કરતા નથી, શિથિલ સાથે એક સ્થાને રહેવું યોગ્ય નથી, તે વસતિની બહાર રહયો. ભિક્ષા સમયે આચાર્ય સાથે ભિક્ષાર્થે ગયો. ત્યાં અંતપ્રાંત ઘરોમાંથી ભિક્ષા લેવડાવી, તેથી તે કાંતિરહિત મુખવાળો થયો તેનો ભાવ જાણી કોઈ ધનાઢ્યને ત્યાં ગયા. વ્યંતરી અધિષ્ઠિત બાળકને રડતો જોઈ સંગમાચાર્યએ ચપટી વગાડી કહ્યું — "રડ નહીં" તેમના પ્રભાવે વ્યંતરી નાશી ગઈ, બાળક રડતો બંધ થયો. ગૃહસ્વામીએ હર્ષિત થઈ ઘણાં લાડુ આપ્યા. દત્ત મુનિ તેથી હર્ષિત થઈ વસતિમાં આવ્યા.

સંગમાચાર્ય શરીરને વિશે નિસ્પૃહ હોવાથી આગમોક્ત રીતે અટન કરી વસતિમાં આવ્યા. પ્રતિક્રમણ વખતે દત્તને કહ્યું — તું ધાત્રીપિંડ અને ચિકિત્સાપિંડની આલોચના કર. દત્તે પૂછ્યું કે — હું તો આપની સાથે જ હતો. પછી મને કઈ રીતે દોષ લાગ્યો ? બાળકની ક્રીડાથી ક્રીડન ધાત્રીપિંડ અને વ્યંતરીને ભગાડી તેથી ચિકિત્સા પિંડ થયો. તેનાથી દત્ત મુનિ દ્વેષ પામીને વિચારે છે કે — આ ભાવથી પણ માસ કલ્પ નથી કરતા અને મને આલોચના કરવા કહે છે, તે વસતિની બહાર ચાલ્યો ગયો. દેવીએ તેને શિક્ષા કરવા વસતિમાં અંધકાર અને વાયુ સહિતની વૃષ્ટિ વિકુર્વી.



દત્ત મુનિ ગભરાયો. સંગમાચાર્યએ કરુણાથી આંગળી ઉંચી કરી, તે દીપશિખાની જેમ પ્રદીપ્ત થઈ દત્તને થયું - અરે ! આ તો અગ્નિને પણ પરિગ્રહ કરે છે. દેવીએ દત્તને ધિક્કારી સમગ્ર વૃત્તાંત કહ્યો. ત્યારે તેણે આચાર્ય મહારાજને ખમાવ્યા.

આ રીતે ધાત્રીદોષ કહ્યો. હવે દૂતિદોષ કહે છે —

**● મૂલ-૪૬૩ થી ૪૬૯ :-**

***[૪૬૩] દૂતિ બે ભેદે — સ્વગ્રામદૂતિ, પરગ્રામદૂતિ. તે તારી માતા કે તારો પિતા એમ કહે તે પ્રગટ છે. ગુપ્ત વચન વડે કહે તે છન્ન છે. - [૪૬૪] - બંને ભેદો બબ્બે પ્રકારે છે - પ્રગટ અને છન્ન. છન્ન પણ બે પ્રકારે - લોકોત્તર અને ઉભયપક્ષને વિશે. - [૪૬૫] - પ્રગટદૂતિત્વ આ પ્રમાણે - ભિક્ષાદિ માટે જતા સાધુ માતાદિનો સંદેશો કહે કે — તારી માતા કે તારો પિતા આમ કહે છે. - [૪૬૬] લોકોત્તરમાં છન્નદૂતિત્વ - દૂતિપણું નિંદિત છે એમ જાણતો કોઈ સંદિષ્ટ સાધુ, બીજા સાધુના પ્રત્યયથી બોલે કે — તારી પુત્રી જિનશાસનમાં અકુશળ છે, જેણીએ મને કહ્યું કે — મારી માતાને આમ કહેજો. - [૪૬૭] - ઉભયપક્ષમાં છન્નદૂતિત્વ - તમે મારા પિતા કે માતાને કહેજો કે તે કાર્ય તે પ્રમાણે થયું અથવા તે કાર્ય તે પ્રમાણે કરજો.***

***[૪૬૮,૪૬૯] પ્રગટ એવા પરગ્રામ દૂતિપણાને આશ્રીને દૃષ્ટાંત દ્વારા દોષો બતાવે છે. તેમાં એક દૃષ્ટાંત છે. જે વિવેચનમાં સ્પષ્ટ કરેલ છે.***

**● વિવેચન-૪૬૩ થી ૪૬૯ :-**

[૪૬૩] - જે ગામમાં સાધુ વસતા હોય, તે જ ગામમાં સંદેશને કહેનારી હોય તો તે સ્વગ્રામદૂતિ. પરગામમાં જઈને કહે તે પરગ્રામદૂતિ. તે બંનેના પણ બબ્બે ભેદ - પ્રગટ અને છન્ન. - [૪૬૪] - દૂતિપણાનું જે આચરણ કરવું તે પણ દૂતિ કહેવાય છે. તેમાં છન્ન દૂતિપણાના પણ બે ભેદ છે — (૧) લોકોત્તર-બીજા સંઘાટક સાધુથી પણ ગુપ્ત (૨) લોક અને લોકોત્તરને વિશે - સંઘાટક સાધુ અને પાસે રહેલા લોકો, તે બંનેથી ગુપ્ત હોય. - [૪૬૫] - સ્વગ્રામ અને પરગ્રામ સંબંધી પ્રગટ દૂતિને કહે છે — ભિક્ષાદિ નિમિત્તે જતા સાધુ તે જ ગામમાં કે પરગામમાં માતા-પિતાદિનો સંદેશો કહે. - [૪૬૬] - હવે લોકોત્તર છન્નદૂતિને કહે છે — કોઈ સાધુ કોઈક સ્ત્રીની પુત્રીએ સંદેશો આપવાનું કહેતા વિચારે કે — "દૂતિપણું ખરેખર નિંદિત છે." કેમકે તે સાવધ છે. વળી સંઘાટક સાધુ પણ મને દૂતિદોષથી દૂષિત ન જાણે, તેથી શબ્દ રચના બદલીને બોલે કે — તમારી પુત્રી જિનશાસનમાં અકુશળ છે, આ પ્રમાણે સંદેશો કહેવડાવેલ છે. માતા પણ સમજી જાય અને સામો જવાબ આપે કે — સારું, મારી પુત્રીને કહી દઈશ કે ફરી આ રીતે સંદેશો ન કહેવડાવે. - [૪૬૭] - હવે ઉભયપક્ષે છન્ન એવી દૂતિને કહે છે — ગાથાર્થ સ્પષ્ટ છે.

પ્રગટ એવા પરગ્રામદૂતિપણાને આશ્રીને દૃષ્ટાંતથી દોષ કહે છે —

[૪૬૮,૪૬૯] વિસ્તીર્ણ નામે ગામ હતું, તેની નીકટ ગોકુળ નામે બીજું ગામ હતું. વિસ્તીર્ણ ગામમાં ધનદત્ત રહે, તેની પત્ની પ્રિયમતી નામે હતી. દેવકી નામે પુત્રી

હતી. તે જ ગામમાં સુંદર નામે માણસ પરણ્યો. તેમને બલિષ્ઠ નામે પુત્ર થયો. રેવતી નામે પુત્રી થઈ. રેવતીને ગોકુળ ગામમાં સંગમ નામે માણસ પરણ્યો. પ્રિયમતિ મૃત્યુ પામી. ધનદત્તે દીક્ષા લીધી. ગુરુ સાથે વિચરતા ફરી કેટલાંક કાળે વિસ્તીર્ણ ગામમાં પાછા આવ્યા. તે પોતાની પુત્રી દેવકીની વસતિમાં રહ્યા. બંને ગામને ત્યારે પરસ્પર વૈર ચાલતું હતું. વિસ્તીર્ણ ગામવાળાએ ગોકુળ ગામ ઉપર ધાડ તૈયાર કરી.

ત્યારે ધનદત્તમુનિ ગોકુળ ગામે ભિક્ષા લેવા ગયા. દેવકીએ પુત્રી રેવતીને સંદેશો મોકલ્યો, આ ગામ તારે ગામ ધાડ પાડવા આવે છે. બધી મિલ્કત એકાંતમાં સ્થાપજે. સાધુએ રેવતીને કહ્યું તે તેના પતિ સંગમે આખા ગામને કહ્યું. બધાં લડવા તૈયાર થઈ ગયા. પરસ્પર મોટું યુદ્ધ થયું. સુંદર, બલિષ્ઠ અને સંગમ ત્રણે યુદ્ધમાં મરણ પામ્યા. દેવકી પતિ, પુત્ર અને જમાઈનું મરણ સાંભળી વિલાપ કરવા લાગી. બધાંને ખબર પડી કે આ સંદેશો ધનદત્ત મુનિએ [દેવકીના બાપે] જ આપેલો હતો. તે સાધુ બધે જ સ્થાને ધિક્કાર પામ્યો, પ્રવચનની મલિનતા થઈ.

૦ દૂતિ દ્વાર કહ્યું. હવે નિમિત્ત દ્વાર કહે છે –

**● મૂલ-૪૭૦ થી ૪૭૪ :- [પ્રક્ષેપ ગાથા-૫, ભાષ્ય-૪૭૩,૪૭૪]**

***[૪૭૦] ત્રણ કાળના વિષયવાળા પણ છ પ્રકારના નિમિત્તને વિશે નિશ્ચે દોષો લાગે છે. તેમાં વર્તમાનકાળે આયુનો ભય તત્કાળ થાય છે. - [૪૭૧] - લાભાલાભ, સુખ-દુઃખ, જીવિત-મરણ આ છ નિમિત્તો છે - [૪૭૨] - નિમિત્ત વડે ભોગિનીને વશ કરી ઈત્યાદિ દૃષ્ટાંત વિવેચનમાં જોવું. - [૪૭૩,૪૭૪] ભાષ્યકારશ્રી આ બે ગાથા ઉક્ત દૃષ્ટાંતનો જ સંક્ષેપ નોંધે છે.***

**● વિવેચન-૪૭૦ થી ૪૭૪ :-**

ભૂત-વર્તમાન-ભાવિકાળના વિષયમાં પ્રત્યેકને વિશે – લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવિત, મરણરૂપ છ પ્રકારના નિમિત્તને વિશે અવશ્ય દોષો લાગે છે. તેમાં કેટલાંક દોષો સાધુને મારવા વગેરેના હેતુરૂપ હોય છે. કેટલાંક બંનેનો ઘાત કરનારા હોવાથી સાધુ અને શેષ જીવોના ઘાતના હેતુરૂપ હોય છે. વર્તમાનકાળમાં તત્કાળ પરનો વિઘાત કરાવનાર આ દૃષ્ટાંત છે.

કોઈ ગામનાયક પોતાની પત્નીને ઘેર મૂકીને દિગ્યાત્રાએ ગયો. તેની પત્નીને કોઈ સાધુએ નિમિત્ત વડે વશ કરી. ગામનાયકે વિચાર્યુ કે મારી પત્ની સુશીલ છે કે દુઃશીલ તે હું જોઉં. પત્નીએ સાધુ પાસેથી પતિનું આગમન જાણી પરિવારને સામે મોકલ્યો. ઘેર આવીને જોયું તો નિમિત્ત કહેનાર સાધુ ઘેર હતો. ભોગિનીને ખાત્રી કરાવવાપૂર્વક નાયક સાથે વાત, સ્વપ્ન, તેણીના શરીર ઉપરના મસા આદિ બધું કહતો હતો. ગામનાયકને પત્નીની વાતથી ઈર્ષ્યા થઈ, કોપથી સાધુને પૂછ્યું – હે સાધુ ! આ ઘોડીના ગર્ભમાં શું છે ? સાધુ બોલ્યા – પાંચ તિલકવાળો વછેરો છે. ગામનાયકને થયું કે જો સાધુની વાત સાચી હશે તો મારી પત્નીની વાત પણ માનીશ. અન્યથા આ બંને અવશ્ય વિરુદ્ધકર્મ આચરનાર છે. ઘોડીનો ગર્ભ વિદાર્યો. સાધુએ કહેલું તેવો જ વછેરો તરફાતો નીકળ્યો. તેનો કોપ શાંત થઈ ગયો.



આ કારણે સર્વથા નિમિત્તનો પ્રયોગ કરવો નહીં.

નિમિત્ત દ્વાર કહ્યું. હવે આજીવક દ્વાર કહે છે –

**● મૂલ-૪૭૫ થી ૪૮૦ :-**

***[૪૭૫] - જાતિ, કુલ, ગણ, કર્મ અને શિલ્પ એ પાંચ પ્રકારે આજીવના છે, તે દરેકના બબ્બે ભેદ છે - આત્માને સૂચા વડે અથવા અસૂચા વડે કહે. - [૪૭૬] - જાતિ અને કુળને વિશે વિવિધ પ્રકારે બોલવું, ગણ એટલે મલ્લાદિ, કર્મ - ખેતી વગેરે, શિલ્પ-તૂણવું વગેરે અથવા અનાવર્જક તે કર્મ, આવર્જક તે શિલ્પ કહેવાય છે. - [૪૭૭] - સૂચા :- હોમાદિ બરાબર કરવાથી જણાય છે – આ શ્રોત્રિય પુત્ર છે કે ગુરુકૂળમાં રહ્યો છે, કે આચાર્યના ગુણ સૂચવે છે. - [૪૭૮] - આણે ન્યૂન, અધિક કે વિપરીત ક્રિયા કરી તેથી અસમ્યક્ ક્રિયા કરી છે અને સમિધ, મંત્ર, આહૂતિ, સ્થાન, યાગ, કાળ તથા ઘોષાદિકને આશ્રીને સમ્યક્ ક્રિયા કરી એમ કહે. - [૪૭૯] - ઉગ્રાદિકુળને વિશે પણ એ જ પ્રમાણે જાણવું. ગણને વિશે મંડલ પ્રવેશાદિ, દેવકુળનું દર્શન, ભાષાનું બોલવું તથા દંડાદિ બધાંની પ્રશંસા કરવી. - [૪૮૦] - એ જ પ્રમાણે કર્મ, શિલ્પ, તેના કર્તાને ઘણાં અને વિવિધ પ્રકારના પ્રયોજનની અપેક્ષાવાળી વસ્તુઓને સૂચા અને અસૂચા વડે સારી કે નરસી કહેવી.***

**● વિવેચન-૪૭૫ થી ૪૮૦ :-**

[૪૭૫] આજીવના જાતિ આદિ પાંચ ભેદે બતાવી. સૂચા - વચનની રચના વિશેષ. અસૂચા - સ્ફુટ વચન વડે કહે તે. તેમાં જાતિ આદિનું લક્ષણ કહે છે – [૪૭૬] - જાતિ - બ્રાહ્મણ આદિ, કુલ - ઉગ્રકુલાદિ, અથવા જાતિ - માતાથી ઉત્પન્ન, કુલ - પિતાથી ઉત્પન્ન. ગણ - મલ્લ આદિનો સમૂહ, કર્મ - ખેતી વગેરે. શિલ્પ - તૂણવું, સીવવું આદિ. અથવા અનાવર્જક - અપ્રીતિ ઉત્પન્ન કરનાર તે કર્મ, આવર્જક - પ્રીતિ ઉત્પન્ન કરનાર તે શિલ્પ. બીજા કહે છે – આચાર્ય વિના ઉપદેશાય તે કર્મ, આચાર્ય ઉપદેશિત તે શિલ્પ. - [૪૭૭] - ભિક્ષાર્થે કોઈ સાધુ બ્રાહ્મણને ત્યાં પ્રવેશે, હોમ આદિ ક્રિયા જોઈને પોતાની જાતિ પ્રગટ કરતાં કહે કે – વિધિપૂર્વક હોમાદિ કરતો આ તમારો જ પુત્ર લાગે છે, ઈત્યાદિ - x - તે સાંભળી બ્રાહ્મણ કહેશે કે – તમે અવશ્ય બ્રાહ્મણ લાગો છો, જેથી તમે આ વિધિ જાણો છો. આ રીતે તેણે સૂચા વડે પોતાની જાતિ પ્રગટ કરી કહેવાય. જો કે તેમાં ઘણાં દોષો છે. બ્રાહ્મણ ભદ્રિક હશે તો ઘણો આહારાદિ આપશે, તે જાતિ વડે ઉપજીવનનું નિમિત્ત થશે, કે જેનો નિષેધ છે. જો અધર્મી હશે તો આ સાધુએ જાતિ ભ્રષ્ટ કરી, માની કાઢી મૂકશે. અસૂચા - આહારને માટે સાધુ પોતાની જાતિ પ્રગટ કરે છે. આ પ્રમાણે જ કુળ આદિ વિશે ભાવના કરવી.

[૪૭૮] - ભિક્ષાર્થે ગયેલ સાધુ બ્રાહ્મણને ત્યાં પ્રવેશી તેના પુત્રની ક્રિયા જોઈ, જાતિ પ્રગટ કરવા બોલે કે – તમારા પુત્રે ક્રિયા સમ્યક્ કરી કે અસમ્યક્, અસમ્યક્ ક્રિયા ત્રણ ભેદે – ન્યૂન, અધિક કે વિપરીત. યથાવસ્થિત સમિધાદિ અને ઘોષાદિને

આશ્રીને કરે તે સમ્યક્ ક્રિયા. સમિધ - પીપળો આદિ, મંત્ર-ઓમ્કારાદિ, આહૂતિ - અગ્નિમાં ઘૃતાદિ નાંખવા, સ્થાન - આસન, યાગ - યજ્ઞ. કાલ - પ્રાતઃકાળ, ઘોષ - ઉદાત્તાદિ. શેષ કથન સૂત્ર-૪૭૭ મુજબ જાણવું.

[૪૭૯] કુલાદિથી ઉપજીવન - જાતિની જેમ જ કુલાદિમાં જાણવું. જેમકે — ઉગ્રાદિ કુળમાં જઈને, તેના પુત્રના આરક્ષક કર્મને પ્રશંસવું ઈત્યાદિ. - x - એ રીતે અન્યોક્તિ દ્વારા પોતાના કુળને પ્રકાશવું. એ સૂચા વડે કુળને પ્રગટ કર્યુ કહેવાય. અસૂચા - પ્રગટપણે જ "હું અમુક કુળનો છું" એમ જણાવે. તેમાં ભદ્ર કે પ્રાંતપણાના દોષો પૂર્વવત્ જાણવા.

ગણ — અહીં સમુદાયના વાડામાં ગયેલ કોઈ એક મલ્લને જે પૃથ્વીનો ખંડ મળેલ હોય તે મંડલ કહેવાય. ત્યાં પ્રતિદ્વંદ્વી મલ્લનો વિઘાત કરવા માટે પ્રવેશવું ઈત્યાદિ. યુદ્ધમાં પ્રવેશતા ચામુંડાદેવીની પ્રતિમાને નમવું, પ્રતિમલ્લને બોલાવવા તેવું વચન બોલવું. પૃથ્વી ઉપર પાડવો આ બધી બાબતને આશ્રીને ગણને ઘેર ગયેલા સાધુ તેના પુત્રની પ્રશંસા કરીને જણાવે કે આ સાધુ મલ્લ છે. - [૪૮૦] - કર્મ અને શિલ્પનું આજીવન - કુળ આદિની જેમ ઉપજીવન કહેવું. અહીં સાધુ કોઈપણ રીતે પોતાનું કર્મ કે શિલ્પ વિષયક કુશળપણું બતાવે, તે દ્વારા આજીવિકા ઉભી કરે. આ સૂચા કહેવાય. સ્ફૂટ વચન વડે કુશળપણું કહેવું તે અસૂચા.

૦ 'આજીવ' દ્વાર કહ્યું. હવે વનીપક દ્વાર કહે છે —

● **મૂલ-૪૮૧ થી ૪૯૩ :-**

***[૪૮૧] - શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ, અતિથિ, પાંચમો શ્વાન છે. પ્રાયઃ આત્માને ભક્તિવાળો દેખાડીને માંગે છે, તેથી વનિપક કહેવાય. - [૪૮૨] - મૃતમાતાવાળા વાછરડા માફક આહારાદિના લોભથી શ્રમણાદિ પાંચેને વિશે પોતાની ભક્તિ દેખાડે તે વનીપક કહેવાય છે. - [૪૮૩] - નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ, ગૈરુક, આજીવક એ પાંચ પ્રકારના શ્રમણ કહેવાય છે. તેમને ભોજન આપતી વખતે કોઈ સાધુ લોભથી પોતાને ભક્તરૂપે દેખાડે. - [૪૮૪] - તે માટે ચિત્રકર્મ સ્થિતવત્ ભોજન કરે. વળી દયાળુ અને દાનરુચિવાળા છે, કામમાં ગર્દભ જેવા બ્રાહ્મણોને વિશે પણ આપેલું નાશ પામતું નથી, તો પછી યતિઓમાં આપેલું નાશ ન પામે, તેમાં શું કહેવું ? - [૪૮૫] - હવે તેના દોષો કહે છે :- મિથ્યાત્વનું સ્થિરીકરણ. ઉદ્ગમ દોષ, સાધુ શાક્યાદિમાં ચાલી જાય, 'ખુશામતીયા છે' તેવો અવર્ણવાદ થાય. વિપક્ષી થાય તો અવજ્ઞા કરે.***

***[૪૮૬] - બ્રાહ્મણ પ્રશંસારૂપ વનીપકપણું — લોકને અનુગ્રહ કરનારા ભૂમિદેવ તેમજ બ્રહ્મબંધુને વિશે પણ આપેલું દાન ઘણાં ફળવાળું થાય છે, તો ષટ્કર્મમાં તત્પર એવા તેમને વિશે તો કહેવું જ શું ? - [૪૮૭] - કૃપણ પ્રશંસારૂપ વનીપકત્વ - પૂજા વડે વશ કરાય એવા આ લોકમાં કૃપણ, દુર્મનવાળા, બાંધવરહિત, રોગી, લૂલા, પાંગળાને દાન દેનાર દાનપતાકા ગ્રહણ કરે છે. - [૪૮૮] - અતિથિ પ્રશંસારૂપ વનીપકત્વ - પ્રાયઃ લોકો ઉપકારીને, પરિચિતને અને આશ્રિતને દાન આપે છે, પણ જે માર્ગથી ખેદ પામેલા અતિથિને પૂજે છે, તે જ દાન કહેવાય. - [૪૮૯] શ્વાન પ્રશંસારૂપ વનીપકપણું - ગાય વગેરેને તૃણાદિ આહાર સુલભ છે, પણ છી-છી કરવાપૂર્વક હણાયેલા શ્વાનોને તે સુલભ નથી. - [૪૯૦] - વળી આ શ્વાનો કૈલાસ ભવનથી આવેલા ગુહ્યક દેવો યક્ષરૂપે પૃથ્વી પર ચાલે છે, તેમની પૂજા હિતકારી છે અને અપૂજા અહિતકારી છે.***

***[૪૯૧] - બ્રાહ્મણાદિ વિષયક વનીપકપણાના દોષો - પ્રણામાદિ વડે આવર્જન કરવા લાયક આ લોકમાં આ સાધુએ મારો ભાવ જાણ્યો છે. તેથી તે પ્રત્યેકને વિશે પૂર્વોક્ત ભદ્રક અને પ્રાંતાદિ દોષો જાણવા.***

***[૪૯૨] - શ્વાનના ગ્રહણથી કાકાદિની પણ સૂચના થઈ છે અથવા જે પુરુષ કાકાદિમાં આસક્ત હોય, તેની વનીપકતા કરે છે.***

***[૪૯૩] - પાત્ર કે અપાત્રમાં અપાતું દાન નિષ્ફલ નથી, એમ બોલવામાં પણ દોષ છે, તો પછી અપાત્રની પ્રશંસા કરનારને તો નિશ્ચે મહાદોષ લાગે.***

● **વિવેચન-૪૮૧ થી ૪૯૩ :-**

[૪૮૧] વનીપક પાંચ ભેદે — શ્રમણાદિ વિષયક છે. વનીપક - પ્રાયઃ દાતારના માનીતા શ્રમણાદિમાં પોતાનો ભક્તિભાવ દેખાડીને પિંડની યાચના કરે તે. - [૪૮૨] - ભોજન, પાત્ર, વસ્તુ આદિના લોભ વડે શ્રમણાદિમાં પોતાનો ભક્તિભાવ દેખાડે તે વનીપક કહેવાય છે. - [૪૮૩] - નિર્ગ્રન્થ - સાધુ, શાક્ય - બૌદ્ધો, તાપસ-વનમાં રહેનાર, ગૈરુક - પરિવ્રાજક, આજીવક - ગોશાળાના શિષ્યો. તેઓ ગૃહસ્થને ઘેર આવેલ હોય ત્યારે ભોજનદાન વખતે કોઈ આહારલંપટ સાધુ આહારાદિમાં લુબ્ધ થઈ, પોતાને શાક્યાદિની ભક્તિવાળો દેખાડે. - [૪૮૪] - કઈ રીતે વનીપકપણું દાખવે ? તે કહે છે — અહો ! આ શાક્યાદિ પૂજ્યો નિશ્ચલ રહી ભોજન કરે છે - ચિત્રમાં હોય તેવા જોવામાં આવે છે, આ પરમ કરુણાલુ અને દાનરુચિક છે માટે તેમને અવશ્ય ભોજન આપવું. ગર્દભની જેમ મૈથુનાસક્ત બ્રાહ્મણમાં પણ દાન નાશ પામતું નથી, તો શાક્યાદિમાં કેમ પામે ?

[૪૮૫] - ઉક્ત કથનથી થતાં દોષો કહે છે — આવી શાક્યાદિ પ્રશંસા વડે લોકમાં મિથ્યાત્વ સ્થિર થાય, સાધુ પણ પ્રશંસે છે તો તેમનો ધર્મ સારો જ હશે ને ? તેમના ભક્તો ભદ્રિક હોય તો સાધુ માટે પણ આધાકર્માદિ કરશે, લુબ્ધ બની સાધુ કદાચ વેશ પણ તજીને ત્યાં જાય, સાધુઓ ખુશામતીયા છે, તેવો પણ અવર્ણવાદ થાય. કદાચ શાક્યાદિ પ્રત્યનીક બને તો, કાઢી પણ મૂકે.

[૪૮૬] - હવે બ્રાહ્મણાદિની પ્રશંસારૂપ વનીપકપણું કહે છે — પિંડદાનાદિ ક્રિયા વડે લોકોપકારી, ભૂદેવ સમાન કે જાતિમાત્રથી પણ બ્રાહ્મણને અપાતું દાન બહું ફળવાળું થાય છે તો પછી યજ્ઞ-યાગાદિમાં તત્પર બ્રાહ્મણને અપાતું દાન તો ફળદાયી થાય જ. - [૪૮૭] - લોક પૂજા વડે આવર્જાય-વશ કરાય તે પૂજાહાર્ય - પૂજિતને પૂજનાર છે. પણ કોઈ કૃપણાદિને દાન આપતો નથી. કૃપણ, ઈષ્ટજનના વિયોગાદિથી દુઃખી મનવાળા, બાંધવરહિત ઈત્યાદિમાં - x - દાન દેતો પુરુષ આ લોકમાં

દાનપતાકાદિને ગ્રહણ કરે છે. - [૪૮૮] - અહીં પ્રાયઃ કરીને લોકો ઉપકારી કે પરિચિતો કે આશ્રિતોને વિશે જ ભોજનાદિનું દાન આપે છે. પરંતુ જે માર્ગથી ખેદ પામેલા અતિથિને પૂજે છે, તે જ દાન જગતમાં પ્રધાન છે. [૪૮૯,૪૯૦] શ્વાન ભક્તો પાસે શુનકની પ્રશંસારૂપ વનીપકપણું કરતો સાધુ કહે છે – શ્વાનોને જે અપાય છે તે ઘણાં ફળવાળું છે ઈત્યાદિ ગાથાર્થ મુજબ જાણવું.

[૪૯૧] બ્રાહ્મણાદિ વિષયક વનીપકપણાને વિશે દોષો - નમવા અને દાનાદિ વડે આવર્જન કરવા લાયક એવા બ્રાહ્મણાદિ પ્રત્યેકનું વનીપકત્વ કરવામાં પૂર્વે કહેલા ભદ્રક-પ્રાંતાદિ દોષો વિચારવા. જો ભદ્રક હશે તો પ્રશંસા વચનથી આધાકર્માદિ આહાર આપશે. જો પ્રાંત-અધર્મી હશે તો ઘેરથી કાઢી મૂકવા વગેરે દોષો આવશે. - [૪૯૨] - શ્વાનનું ગ્રહણ એ કાગડા આદિનું ઉપલક્ષણ છે, તેથી તેની પણ વનીપકતા કહે છે – સાધુ તે કાક આદિના પૂજારીપણે આસક્ત પાસે પોતાને તેના ભક્તરૂપે દેખાડે છે.

[૪૯૩] વનીપકપણું કરનાર સાધુની દોષ બહુલતા - અપાત્રદાનની પાત્રદાનના જેવી પ્રશંસા કરવાથી સમકિતમાં અતિચાર સંભવે છે, તો પછી અપાત્રોની સાક્ષાત્ પ્રશંસા કરનારનું શું કહેવું ? તેમાં નિશ્ચે મહાદોષ લાગે છે.

આ પ્રમાણે વનીપક દ્વાર કહ્યું, હવે ચિકિત્સાદ્વાર કહે છે –

● **મૂલ-૪૯૪ થી ૪૯૮ :-**

***[૪૯૪] સાધુ બોલે કે – હું વૈદ્ય નથી, અથવા પોતાના રોગની ક્રિયા કહે અથવા તો વૈદ્યપણાએ કરીને ચિકિત્સા કરે, એમ ત્રણ પ્રકારે ચિકિત્સા જાણવી. - [૪૯૫] - ભિક્ષાદિ માટે ગયેલ સાધુ રોગી પૂછે ત્યારે બોલે કે – "શું હું વૈદ્ય છું ?" આમ કહીને અર્થાપત્તિથી અબુધને બોધ કર્યો. - [૪૯૬] - આવું જ મારું દુઃખ અમુક ઔષધ વડે નાશ પામેલું હતું. અથવા અકસ્માત ઉત્પન્ન થયેલ રોગને અમે અટ્ઠમાદિથી નિવારીએ છીએ. - [૪૯૭] - આગંતુક અને ધાતુના ક્ષોભવાળા વ્યાધિમાં જે ક્રિયાને કરે છે. તે આ પ્રમાણે સંશોધન, સંશમન અને નિદાનનું વર્જવું છે. - [૪૯૮] આ રીતે ચિકિત્સાથી અસંયમયોગનું નિરંતર પ્રવર્તન, ગૃહસ્થ અયોગોલક સમાન હોવાથી કાયવધ થાય. તેમાં દુર્બળ વાઘનું ઉદાહરણ છે. અતિરોગનો ઉદય થાય તો ગ્રહણ અને ઉડ્ડાહ થાય.***

● **વિવેચન-૪૯૪ થી ૪૯૮ :-**

[૪૯૪] - ચિકિત્સા - રોગનો પ્રતિકાર કે રોગના પ્રતિકારનો ઉપદેશ. સાધુને આશ્રીને ચિકિત્સા ત્રણ ભેદે છે – (૧) શું હું વૈદ્ય છું ? આમ કહીને વૈદ્ય પાસે જવાનું પરોક્ષ સૂચન કરી દીધું તે એક ચિકિત્સા. (૨) મને આમ થયું, ત્યારે મેં અમુક ઔષધ લીધેલું. (૩) વૈદ્યપણે સાક્ષાત્ ચિકિત્સા કરે. પહેલી બે સૂક્ષ્મ છે, ત્રીજી બાદર છે. - [૪૯૫] - પૂર્વે કહ્યા મુજબ - શું હું વૈદ્ય છું ? કહીને વૈદ્ય પાસે જવું જોઈએ તેવો બોધ કરે. - [૪૯૬] - અમુક ઔષધથી મારું દુઃખ નાશ પામેલ અથવા અમે અટ્ઠમાદિ તપથી રોગ નિવારીએ તેમ કહેવું. - [૪૯૭] આગંતુક અને ધાતુના ક્ષોભથી



રોગ ઉત્પન્ન થતાં તેમાં જે ક્રિયાને કરે છે, તે આ પ્રમાણે – (૧) હરડે આદિ આપવા વડે સંશોધન. (૨) પિત્ત આદિનું ઉપશમન, (૩) રોગના કારણનું વર્જન કરવું.

[૪૯૮] ચિકિત્સા કરવામાં થતા દોષ બતાવે છે – તેનાથી સાવદ્ય વ્યાપારોનું નિરંતર પ્રવર્તન થાય છે કેમકે ગૃહસ્થો તપેલા લોઢાના ગોળા જેવા છે, નીરોગી થયેલો તે યાવજ્જીવ છકાયનો વધ કરે છે. તેથી ચિકિત્સાકરણ નિરંતરપણે અસંયમ યોગોનું કારણ છે. દુર્બળ વાઘ - અટવીમાં અંધપણાને લીધે ભક્ષ્યને ન પામતો વાઘ હતો. કોઈએ ચિકિત્સા દ્વારા તેને દેખતો કર્યો. તેણે પહેલા તો વૈદ્યને જ મારી નાંખ્યો, પછી ઘણાં જીવોનો નાશ કર્યો. એ રીતે ચિકિત્સા પામેલ ગૃહસ્થ સાધુના સંયમ પ્રાણોને હણે છે. પછી પૃથ્વીકાયાદિને હણે છે. જો રોગ વધી જાય તો, સાધુને રાજકુળે પકડાવી દે છે, તેનાથી પ્રવચન માલિન્ય થાય છે.

ચિકિત્સા દ્વાર કહ્યું. હવે ક્રોધાદિ ચાર દ્વારોને કહે છે –

● **મૂલ-૪૯૯ થી ૫૦૨ :-**

***[૪૯૯] - હસ્તકલ્પ, ગિરિપુષ્પિત, રાજગૃહ, ચંપા - - - કરેલા ઘેવર, સેવ, મોદક, સિંહકેસરા આ ચારે ક્રોધાદિ ઉત્પત્તિના કારણો છે.***

***[૫૦૦] - સાધુના વિદ્યા અને તપના પ્રભાવને અથવા રાજકુળમાં વલ્લભપણાને અથવા છાતીના બળને જાણી, તે સાધુને જે પિંડ પ્રાપ્ત થાય તે ક્રોધ પિંડ જાણવો. - [૫૦૧] - અથવા બીજાને દેવાતા પિંડની યાચના કરતો સાધુ તે ન પામવાથી લબ્ધિરહિત હોવાથી કોપ કરે, ત્યારે ગૃહસ્થે ક્રોધનું ફળ દીઠેલું હોવાથી તેની પાસથી જે પિંડ, સાધુ પામે તે ક્રોધપિંડ કહેવાય. - [૫૦૨] - મૃતકના ભોજનને આશ્રીને દૃષ્ટાંત છે, વિવેચનથી અર્થ જાણવા.***

● **વિવેચન-૪૯૯ થી ૫૦૨ :-**

[૪૯૯] ક્રોધપિંડના દૃષ્ટાંતનું નગર હસ્તકલ્પ, માનપિંડનું ગિરિપુષ્પિત, માયાપિંડનું રાજગૃહ, લોભપિંડનું ચંપા જાણવું તથા કરેલા ઘેબર ન પામનાર સાધુને ક્રોધ ઉત્પન્ન થયો, એ રીતે સેવથી માન, લાડુથી માયા અને સિંહકેસરા લાડુથી લોભોત્પત્તિ થઈ. હવે ક્રોધપિંડ –

[૫૦૦] સાધુના પોતાના ઉચ્ચાટન, મારણાદિ વિદ્યાના પ્રભાવને, શાપ દેવો આદિ તપના પ્રભાવને, રાજકુળમાં વલ્લભપણાને કે સહસ્ર યોધિત્વ બળને જાણીને જે આહાર ગૃહસ્થ આપે તે ક્રોધપિંડ છે - અથવા - - [૫૦૧] - બ્રાહ્મણાદિને આહાર અપાતા સાધુ યાચના કરવા છતાં પિંડને પામે નહીં, ત્યારે લબ્ધિરહિત થઈ કોપ કરે, "સાધુ કોપે તે સારું નહીં" માની ગૃહસ્થ આહાર આપે તે ક્રોધપિંડ અથવા ક્રોધિત મુનિએ આપેલા શ્રાપને સફળ થતાં જોઈને ગૃહસ્થ આહાર આપે તે ક્રોધપિંડ.

[૫૦૨] દૃષ્ટાંત :- હસ્તકલ્પ નગરમાં કોઈ બ્રાહ્મણને ઘેર કોઈ મરેલાનું માસિકભોજન અપાતું હતું. માસક્ષમણના પારણે કોઈ સાધુ ભિક્ષાર્થે આવ્યા. ઘેબર બ્રાહ્મણોને અપાતા જોયા, દ્વારપાળે સાધુને ન જવા દીધા. તે કોપ પામીને બોલ્યા –

કોઈ બીજાની માસિક તિથિમાં આપજો દૈવયોગે ત્યાં કોઈ મરી ગયું. પૂર્વવત્ માસક્ષમણના પારણે સાધુ ગયા, દ્વારપાળે નિષેધ કર્યો. ફરી કોપ પામી સાધુ બોલ્યા – ફરી કોઈ બીજાના માસિકમાં આપજો. ફરી ત્યાં કોઈ મરણ પામ્યું. ત્રીજી વખત પણ સાધુએ શ્રાપ આપ્યો. દ્વારપાળે ગૃહનાયકને નિવેદન કર્યું. તેણે આદર સહિત વહોરાવ્યું.

આ પ્રમાણે ક્રોધ પિંડ કહ્યો, હવે માનપિંડ વિશે કહે છે –

● **મૂલ-૫૦૩ થી ૫૧૧ :-**

***[૫૦૩] બીજાએ ઉત્સાહ પમાડેલો કે લબ્ધિ અને પ્રશંસા વડે ગર્વિત થયેલો અથવા બીજાએ અપમાન કરેલો સાધુ જે પિંડની એષણા કરે તે માનપિંડ કહેવાય. [૫૦૪ થી ૫૧૧-પૂર્વાર્દ્ધ] આટલી ગાથાઓમાં માનપિંડનું દૃષ્ટાંત છે, તેને વિવેચનથી જાણવું. [૫૧૧-ઉત્તરાર્દ્ધ] આવો માનપિંડ લેવાથી બેમાંથી એકને પ્રદ્વેષ થાય, આત્માની વિપત્તિ થાય, શાસનનો ઉડ્ડાહ થાય છે.***

● **વિવેચન-૫૦૩ થી ૫૧૧ :-**

[૫૦૩] બીજા સાધુઓ વડે - "તું જ આ કાર્ય કરવા સમર્થ છે" એમ ઉત્કર્ષ પમાડેલો અથવા લબ્ધિ અને પ્રશંસા વડે ગર્વિત થયેલો – "હું જ્યાં પણ જઉં, ત્યાં સર્વ સ્થાને મને લાભ મળે." ઈત્યાદિ અથવા "તારા વડે કશું નહીં થાય" એ પ્રમાણે બીજા દ્વારા અપમાન કરાયેલો સાધુ અહંકાર વશ થઈ, પિંડની જે એષણા કરે છે, તે માનપિંડ કહેવાય છે.

[૫૦૪ થી ૫૧૧-પૂર્વાર્દ્ધ] માનપિંડમાં ક્ષુલ્લકનું દૃષ્ટાંત :-

ગિરિપુષ્પિત નામે નગરમાં સિંહ નામે આચાર્ય પરિવાર સહ આવ્યા. કોઈ દિને તે નગરમાં સેવક્કિ [સેવ]નો ઉત્સવ થયો. સૂત્રપોરિસિ બાદ એક સ્થાને યુવાન સાધુનો સમુદાય મળ્યો. પરસ્પર ઉલ્લાપ થયો. કોઈ સાધુ બોલ્યા – બધાં માટે સવારમાં કયો સાધુ સેવ લાવશે ? ગુણચંદ્ર નામે ક્ષુલ્લકે કહ્યું કે હું લાવીશ. તેઓ બોલ્યા – જો સેવ બધાં સાધુને પૂર્ણ ન થાય કે ઘી-ગોળ રહિત હોય તો તેનું કંઈ પ્રયોજન નથી. ક્ષુલ્લક સાધુએ કહ્યું – તમે ઈચ્છો છો તેવી લાવીશ. નંદીપાત્ર લઈ ભિક્ષાર્થે નીકળ્યા.

તેઓ કોઈ કૌટુંબિકને ઘેર ગયા. ત્યાં સેવ, ઘી, ગોળ તૈયાર જોયા. અનેક ચાટુ વચનથી સુલોચના નામે કૌટુંબિકની ભાર્યા પાસે યાચના કરી. પણ તેણીએ સર્વથા નિષેધ કરી દીધો. ત્યારે અમર્ષ પામેલા ક્ષુલ્લક સાધુએ કહ્યું હું તે અવશ્ય ગ્રહણ કરીશ, તારું નાક કાપીશ. બહાર નીકળી પૃચ્છા કરી કે આ ઘર કોનું છે ? વિષ્ણુમિત્રનું છે. સાધુએ સભા મધ્યે જઈને પૂછ્યું કે તમારામાં વિષ્ણુમિત્ર કોણ છે ? મારે તેની પાસે કંઈક યાચના કરવાની છે. ત્યારે સભાજનો બોલ્યા, તે કૃપણ છે, કંઈ નહીં આપે, અમારી પાસે માંગો. વિષ્ણુમિત્રે અપમાનથી બચવા કહ્યું કે – બોલો, બોલો આપને શું જોઈએ છે ? સાધુએ કહ્યું કે સ્ત્રીને આધીને એવા છ પુરુષોમાંનો તું ન હો તો યાચના કરું. બધાં બોલ્યા – કહો કહો - એવા સ્ત્રીમુખા છ પુરુષો



કોણ છે ?

(૧) શ્વેતાંગુલિ - કોઈ ગામમાં કોઈ પુરુષ પોતાની પત્નીની ઈચ્છા મુજબ વર્તનારો હતો. ભુખ્યો થવાથી સવારે પત્ની પાસે ભોજન માંગે છે. તેણી બોલી – તમે જાતે જ ચૂલામાંથી રાખ કાઢો, અગ્નિ નાંખો, ઇંધણથી સળગાવો, ચૂલા ઉપર તપેલી મૂકો યાવત્ રસોઈ કરીને મને કહો, એટલે હું તમને પીરસુ. રોજ તેમ કરવાથી તેની આંગળી શ્વેત થઈ જવાથી લોકો તેને શ્વેતાંગુલિ કહે છે.

(૨) બકોડ્ડાયક - કોઈ ગામમાં કોઈ પુરુષ પોતાની પત્નીના મુખનાં દર્શનરૂપ સુખમાં લંપટ હતો. તેથી તેણીની આજ્ઞામાં વર્તતો હતો. કોઈ વખતે તેણીએ તળાવમાંથી પાણી ભરી લાવવા કહ્યું, પત્નીની આજ્ઞાને દેવાજ્ઞા માની શિરોધાર્ય કરી, લોકો ન જુએ તે માટે રાત્રિના છેલ્લા પ્રહરે હંમેશાં તળાવમાંથી પાણી ભરે છે. તેના પગના સંચાર અને ઘડો ભરવાના અવાજથી બગલા ઉડી જવા લાગ્યા. તેથી લોકો તેને બકોડ્ડાયક કહેવા લાગ્યા.

(૩) કિંકર - કોઈ ગામમાં કોઈ પુરુષ, પત્નીના સ્તન, જઘનાદિના સ્પર્શમાં લંપટ હોવાથી પત્નીની ઈચ્છા પ્રમાણે વર્તતો હતો. તે સવારમાં ઉઠીને હાથ જોડીને પત્નીને પૂછે કે – "હે પ્રિયે ! હું શું કરું ?" તેની પત્ની તેને જે-જે આદેશ આપે તેમ કર્યા કરતો. ત્યાં સુધી કે તેની પત્ની તેણીના પગ ધોવાનું કહે, તો તે પણ ધોઈ દેતો. તેથી લોકો તેને 'કિંકર' કહેતા હતા.

(૪) સ્નાયક - કોઈ ગામમાં કોઈ પુરુષ પત્નીની આજ્ઞામાં રહેતો હતો. કોઈ દિવસે પત્નીને કહ્યું – "હું સ્નાન કરવાને ઈચ્છું છું" તેણી બોલી – આમળાને શિલા ઉપર વાટો, સ્નાનની પોતડી પહેરો, તેલ વડે શરીરને માલીશ કરો, ઘડો હાથમાં લ્યો, તળાવે સ્નાન કરીને જળથી ભરીને અહીં લાવો. હંમેશાં તેમ કરવા લાગ્યો. લોકોએ તેનું નામ સ્નાયક કર્યુ.

(૫) ગૃદ્ધ ઈવ રિંખી - કોઈ ગામમાં કોઈ પુરુષ પત્નીના આદેશ મુજબ કાર્ય કરતો હતો. તે સ્ત્રી રસોઈ કરવા બેઠી, તેણે પત્ની પાસે ભોજન માંગ્યું, તેણી બોલી – મારી પાસે થાળી લઈને આવો. ભોજન આપ્યું, તેણી બોલી ભોજન સ્થાને જઈને જમો. આ રીતે તે રોજ ગીધની જેમ ઉભડક પગે ઠેકતો - ઠેકતો હાથમાં થાળ લઈને આવે-જાય છે. તેથી લોકોએ આવું નામ રાખ્યું.

(૬) હદજ્ઞ - કોઈ ગામમાં પત્નીનું મુખ જોવામાં લંપટ પુરુષ તેણીની આજ્ઞામાં વર્તતો હતો. તેને એક પુત્ર થયો. તે બાળક વિષ્ટાદિ કરે ત્યારે, તે પત્નીની આજ્ઞાથી તેને પખાળે છે. હદનને પખાળતો હોવાથી હદજ્ઞ કહેવાયો.

ક્ષુલ્લકે આ કથા કહેતા બધાં અટ્ટહાસ્ય કરતાં બોલ્યા કે – હે સાધુ ! આ વિષ્ણુ મિત્ર તો છ એ પુરુષોના ગુણ ધરાવે છે. તેથી સ્ત્રીમુખા એવા આની પાસે કંઈ માંગશો નહીં. વિષ્ણુમિત્ર કહે ના-ના હું તેવો નથી. માંગો તે આપું. ક્ષુલ્લકે સેવ-ઘી-ગોળ માંગ્યા. ઘેર લઈ ગયો. પત્નીને કોઈ બહાને માળીયે ચડાવી દીધી, પછી

સીડી ખેંચી લીધી. ક્ષુલ્લકને પાત્ર ભરીને સેવ-ઘી-ગોળ આપ્યા. તેણે સુલોચના સામે જોઈને નાક ઉપર આંગળી ફેરવી નિશાની કરી. પછી પાત્ર ભરીને પોતાની વસતિમાં ગયો.

[૫૧૧-ઉત્તરાર્દ્ધ] આવો માનપિંડ ગ્રહણ ન કરવો. કેમકે તેનાથી બંને દંપતિને દ્વેષ થાય, તદ્દ્રવ્ય અને અન્ય દ્રવ્યનો વિચ્છેદ થાય. અપમાનિત થયેલી તે સ્ત્રી પોતાનું મરણ કરે, પ્રવચનનું માલિન્ય થાય.

માનપિંડનું દૃષ્ટાંત કહ્યું, હવે માયાપિંડને કહે છે –

**● મૂલ-૫૧૨ થી ૫૧૮ :-**

***અષાઢાભૂતિનું દૃષ્ટાંત છે. ગાથાર્થ વિવેચનમાં સમાવિષ્ટ છે.***

**● વિવેચન-૫૧૨ થી ૫૧૮ :-**

રાજગૃહી નામે નગર હતું. ત્યાં સિંહરથ નામે રાજા હતો. તે નગરે વિશ્વકર્મા નામે નટ હતો. તેને બે પુત્રી હતી. બંને અતિ સુંદર અને રૂપશ્રેષ્ઠ હતી. અદ્‌ભુત મુખ કાંતિ, કમલયુગલ જેવા નેત્રો, પુષ્ટ-ઉંચા અને આંતરરહિત એવા સ્તનયુગલ વાળી ઈત્યાદિ - x - x - થી સર્વાંગ સુંદર હતી.

ત્યાં વિહાર કરતા ધર્મરુચિ આચાર્ય પધાર્યા. તેમને અષાઢાભૂતિ નામે બુદ્ધિનિધાન શિષ્ય હતા. ભિક્ષાર્થે અટન કરતાં વિશ્વકર્મા નટના ઘરમાં પ્રવેશ્યા. તેને શ્રેષ્ઠ મોદક મળ્યો. બહાર નીકળી વિચાર્યું કે – આ મોદક તો આચાર્ય મહારાજનો થશે. રૂપ પરાવર્તન કરી બીજો મોદક માંગુ. કાણાનું રૂપ કરી ફરી તે ઘેર જઈ બીજો મોદક પ્રાપ્ત કર્યો. આ તો ઉપાધ્યાયનો થશે. કુબ્જના રૂપે જઈ ત્રીજો મોદક પ્રાપ્ત કર્યો. આ મોદક બીજા સંઘાટક સાધુનો થશે. કુષ્ટીનું રૂપ કરી ચોથો મોદક પ્રાપ્ત કર્યો. વિશ્વકર્મા નટ ઉપર બેઠા બેઠા બધું જોતો હતો. તેણે વિચાર્યું કે – આ અમારા મધ્યે ઉત્તમ નટ થઈ શકે છે.

માળેથી ઉતર્યો, આદરપૂર્વક અષાઢા ભૂતિને બોલાવી, તેનું પાત્ર મોદકથી ભરી દીધું. વિનંતી કરી કે – આપ હંમેશાં અહીં આહારાર્થે પધારજો. અષાઢાભૂતિ ગયા. વિશ્વકર્મા નટે સાધુના રૂપ પરાવર્તનની વાત કરી, પુત્રીઓને કહ્યું કે – દાન આપી, પ્રીતિ દેખાડી તમે આ સાધુને વશ કરી લો. અષાઢાભૂતિ રોજ તેમને ત્યાં આવે છે, બંને નટ કન્યા તે પ્રમાણે ઉપચાર કરે છે. સાધુને અત્યંત રાગવાળા જાણીને, એકાંતમાં લઈ જોઈ નટ કન્યા બોલી – તમે અમને પરણીને ભોગવો, અમે તમારા વિના રહી શકતી નથી.

અષાઢા ભૂતિનું ચારિત્રાવરણ કર્મ ઉદયમાં આવ્યું. વિવેક જતો રહ્યો. કુળ-જાતિનો મદ જતો રહ્યો. નટકન્યાની વાત સ્વીકારી. ગુરુ પાસે સાધુવેશ મૂકવા ચાલ્યા. ગુરુને નમીને સ્વ-અભિપ્રાય કહ્યો. ગુરુએ ઘણાં વાર્યા, શાસ્ત્રવચનો કહ્યા. આષાઢાભૂતિ બોલ્યા – આપ સર્વથા સત્ય છો, પણ તેવા કર્મોના ઉદયથી હું રહી શકતો નથી. ગુરુને વાંદીને રજોહરણ પાછું સોંપ્યું. પણ ગુરુને પીઠ દેખાડવી તે અવિવેક સમજી



પાછા પગે ચાલતો વસતિની બહાર નીકળ્યો. વિશ્વકર્માનટને ઘેર આવ્યો. નટપુત્રીઓએ સાદર તેને અનિમેષનયને જોયો, અષાઢાભૂતિનું આશ્ચર્યકારી રૂપ જોયું. સર્વાંગ સંપૂર્ણ એવા તેના પૌરુષત્વને જોઈને આધીન થઈ. વિશ્વકર્માએ બંને કન્યા તેમને પરણાવી.

વિશ્વકર્માએ બંને પુત્રીને કહ્યું કે – જે આવી અવસ્થા પામ્યા પછી પણ ગુરુપાદનું સ્મરણ કરે છે, તેથી તે અવશ્ય ઉત્તમ પ્રકૃતિવાળો છે. તેથી આના ચિત્તને વશ કરવા તમારે નિરંતર મદિરાપાન કર્યા વિના જ રહેવું. અન્યથા તે વિરક્ત થઈને ચાલ્યો જશે. અષાઢાભૂતિ કુશળ હોવાથી તે નટોનો અગ્રણી થયો. સર્વ સ્થાને ઘણું દ્રવ્ય, વસ્ત્ર, આભરણો મેળવે છે. કોઈ દિવસે નટી શૂન્ય નાટક ભજવવાનું હતું. બધાં પોત-પોતાની સ્ત્રીને ઘેર મૂકીને રાજકુળે આવ્યા. અષાઢાભૂતિની બંને ભાર્યા તે દિવસે ખૂબ દારૂ પીને ચેતના રહિત અને વસ્ત્રરહિત થઈ ભૂમિ ઉપર પડેલી હતી. રાજાએ નિષેધ કરતાં બધાં નટો ઘેર ગયા. અષાઢાભૂતિએ આવીને બંને પત્ની બીભત્સરૂપે નગ્ન પડેલી જોઈ. અષાઢાભૂતિને તુરંત મોહ ઉતરી ગયો અને ચારિત્રની રુચિ થઈ, ઘરમાંથી બહાર નીકળી ગયો.

વિશ્વકર્માએ અષાઢાભૂતિના ઇંગિતાકારાદિથી જાણ્યું કે આ નક્કી વિરક્ત થઈને જાય છે. તેની પુત્રીઓને ઉઠાડી ધમકાવી, તેને પાછો વાળો, ન વાળી શકતી હો તો આજીવિકા માંગો. બંને પત્નીઓ દોડી, અષાઢા ભૂતિએ માત્ર દાક્ષિણ્યતાથી આજીવિકા માટે અનુમતિ આપી. પછી તેણે ભરતચક્રવર્તીના ચરિત્રને પ્રગટ કરતું રાષ્ટ્રપાળ નામે નાટક બનાવ્યું. રાજા પાસેથી ૫૦૦ રાજપુત્રો અને આભુષણાદિ માંગ્યા. અષાઢાભૂતિ પોતે ભરત ચક્રવર્તી થયો. રાજપુત્રોને યથાયોગ્ય સામંતાદિરૂપે તૈયાર કર્યા. ચક્રવર્તીની બધી જ ઋદ્ધિ સમૃદ્ધિ વિકુર્વી, છેક અરિસાભવનમાં ભરત ચક્રીને કેવળજ્ઞાન થયું ત્યાં સુધી ભજવ્યું. રાજાએ અને લોકોએ પુષ્કળ આભરણાદિ આપ્યા. પણ ૫૦૦ રાજપુત્ર સહિત અષાઢાભૂતિ ધર્મલાભ દઈને ચાલ્યા. રાજાને થયું આ શું? તેણે કહ્યું ભરતચક્રી પાછા ફરેલા કે હું ફરું? ફરી ગુરુ પાસે જઈ દીક્ષા લીધી.

આ રીતે માયાપિંડ ન સેવવો, છતાં ગ્લાન, ક્ષપક, પ્રાઘૂર્ણક અને સ્થવિરાદિનો નિભાવ ન થતો હોય તો માયાપિંડ ગ્રહણ કરવો.

માયાપિંડ કહ્યો. હવે લોભપિંડ કહે છે –

**● મૂલ-૫૧૯ થી ૫૨૧ :-**

***[૫૧૯] - આજે હું અમુક વસ્તુ ગ્રહણ કરીશ એમ ધારી પ્રાપ્ત થતી એવી પણ બીજી વસ્તુ ગ્રહણ ન કરે, તે લોભપિંડ. અથવા આ સારા રસવાળું છે એમ જાણીને સ્નિગ્ધાદિ ગ્રહણ કરે તે લોભપિંડ. [૫૨૦,૫૨૧] આ વિષયમાં સિંહ કેસરા મોદક વિષયક દૃષ્ટાંત છે, તેનો ગાથાર્થ વિવેચનમાં સમાયેલ છે.***

**● વિવેચન-૫૧૯ થી ૫૨૧ :-**

આજે હું સિંહકેસરીયા મોદકાદિને ગ્રહણ કરીશ, એવી બુદ્ધિથી વાલ, ચણાદિ મળે તો પણ ન લે પણ ઈપ્સિતને જ ગ્રહણ કરવા તે લોભપિંડ છે. અથવા લાપસી

આદિને ઘણાં ગ્રહણ કરે તે લોભપિંડ.

ચંપાનગરીમાં સુવ્રત સાધુ હતા. કોઈ દિવસે નગરમાં મોદકનો ઉત્સવ થયો. તે દિવસે સુવ્રત સાધુને થયું કે – આજે મારે સિંહકેસરામોદક જ ગ્રહણ કરવા. ભિક્ષા લેવા ચાલ્યો. અઢી પ્રહર સુધી મોદક માટે ભટક્યો મોદક ન મળવાથી તે નષ્ટચિત્ત થયો. 'ધર્મલાભ'ને બદલે જેના ઘેર જાય ત્યાં તે 'સિંહકેસરા' બોલે છે. તે પ્રમાણે ભમતા રાત્રે બે પ્રહર ગયા. કોઈ શ્રાવકના ઘેર 'સિંહકેસરા' બોલતા પ્રવેશ કર્યો. શ્રાવક ગીતાર્થ અને ડાહ્યો હતો. તે સમજી ગયો કે સિંહકેસરાલાડુ ન મળવાથી આ નષ્ટચિત્ત થયા છે. તેથી તેણે સિંહ કેસરાનું ભરેલ પાત્ર મૂકી દીધું. લો ! ગ્રહણ કરો. તે ગ્રહણ કર્યા પછી સુવ્રત સાધુનું ચિત્ત સ્વસ્થ થયું. પછી શ્રાવકે કહ્યું – ભગવન્ ! આજે મેં પુરિમડ્ઢનું પ્રત્યાખ્યાન કરેલ છે, તેનો સમય થયો કે નહીં ? ત્યારે સુવ્રત સાધુએ ઉપયોગપૂર્વક આકાશમાં જોયું, તારા સમૂહ જોઈ મધ્યરાત્રિ થયાનો ખ્યાલ આવ્યો. પોતાના જીવિત ઉપર ધિક્કાર છુટ્યો. શ્રાવકના ગુણને પ્રશંસતો અને પોતાને નિંદતો વિધિપૂર્વક મોદક પરઠવે છે. ધ્યાનાગ્નિ પ્રજ્વલિત થયો. ક્ષણવારમાં બધાં ઘાતિકર્મો બાળીને કેવળજ્ઞાન પામ્યા.

આ લોભપિંડ કહ્યો. હવે સંસ્તવદ્વાર કહે છે –

**● મૂલ-૫૨૨ થી ૫૩૧ :-**

***[૫૨૨] સંસ્તવ બે ભેદે છે - સંબંધી સંસ્તવ, વચન સંસ્તવ. તે દરેકના બે ભેદ છે - પૂર્વ અને પશ્ચાત્. - [૫૨૩] - માતાપિતાદિ પૂર્વ સંસ્તવ છે અને સાસુ-સસરાદિ પશ્ચાત્ સંસ્તવ છે. તેમાં સાધુ ગૃહસ્થ સાથે પૂર્વ કે પશ્ચાત્ સંસ્તવના સંબંધને કરે. - [૫૨૪] - કેવી રીતે પરિચય કરે? પોતાની વય અને પરની વય જાણીને તેને યોગ્ય સંબંધ દેખાડે, કે – મારી માતા આવી હતી કે બહેન કે પુત્રી કે પૌત્રી આવી હતી. - [૫૨૫] - પૂર્વરૂપ સંબંધી સંસ્તવ :- કોઈ સાધુ અધીરજ વડે નેત્રમાં અશ્રુ લાવે, પૂછતા કહે કે – મારી માતા આવી જ હતી, ત્યારે તે સ્તનક્ષેપ કરે, પરસ્પર સંબંધ થાય, વિધવા સ્નુષાદિનું દાન કરે. - [૫૨૬] - પશ્ચાત્ સંસ્તવના આ દોષો :- 'આ મારી સાસુ જેવી છે' કહેતા વિધવાદિ પુત્રીનું દાન કરે 'આવી મારી ભાર્યા હતી' કહેવાથી તત્કાળ ઘાત કે વ્રતભંગ થાય. અસાધારણ દોષ કહી હવે સાધારણ દોષ કહે છે –***

***[૫૨૭] - આ માયાવી અને ચાટુકારી સાધુ અમને વશ કરે છે, એમ નિંદા કરે, જો તે અધર્મી હોય તો કાઢી મૂકે, ભદ્રિક હોય તો પ્રતિબંધ થાય. - [૫૨૮] - પૂર્વરૂપ વચન સંસ્તવ :- પહેલાં છતા કે અછતા ગુણસંસ્તવ વડે જે સાધુ દાન કર્યા પહેલાં દાતાની સ્તુતિ કરે તે પૂર્વ સંસ્તવ કહેવાય. - [૫૨૯] - તે જ આ છે કે – જેના ગુણો દશે દિશામાં ન નિવાર્યા છતાં પ્રસરે છે, અન્યથા કથામાં અમે સાંભળ્યા છે, તે અત્યારે અમે પ્રત્યક્ષ તમને જોયા છે - [૫૩૦] ભોજનાદિ***





***આપ્યા પછી છતા કે અછતાં ગુણોની સ્તુતિ વડે દાતાની સ્તુતિ કરાય, તે પશ્ચાત્ સંસ્તવ કહેવાય છે. - [૫૩૧] - આજે તમે મારા ચક્ષુ નિર્મળ કર્યા. તમારા યથાર્થગુણો સર્વત્ર વિસ્તાર પામેલા છે, પહેલાં મને શંકા હતી. હવે મારું મન નિઃશંક થયું છે.***

**● વિવેચન-૫૨૨ થી ૫૩૧ :-**

[૫૨૨] સંસ્તવ બે ભેદે – પરિચય રૂપ, શ્લાઘારૂપ. પરિચયરૂપ તે સંબંધી સંસ્તવ અને શ્લાઘારૂપ તે વચન સંસ્તવ. તે પ્રત્યેક પણ બબ્બે ભેદે છે. પૂર્વસંસ્તવ, પશ્ચાત્સંસ્ત્વ. બંને પ્રકારના સંબંધી સંસ્તવ કહે છે –

[૫૨૩] માતાપિતાદિ રૂપ પરિચય તે પૂર્વ સંસ્તવ. સાસુ-સસરાદિ તે પશ્ચાત્ સંસ્તવ. સાધુ પરિચય ઘટનાને પૂર્વ કે પશ્ચાત્ કાળમાં સાંકળે.

[૫૨૪] પરિચય કેવી રીતે કરે ? સાધુ આહાર લંપટત્વથી પોતાની અને બીજાની વય અનુસાર સંબંધ બતાવે. જેમકે તે વયોવૃદ્ધા હોય તો ત્યાં ''મારી માતા આવી હતી'' તેમ કહે. ઈત્યાદિ - x - પૂર્વરૂપ સંબંધી સંસ્તવ :-

[૫૨૫] ગૃહસ્થને ઘેર ભિક્ષાર્થે પ્રવેશી પોતાની માતા જેવી કોઈક સ્ત્રીને જોઈને આહારના લંપટપણાથી કપટ કરી આંખમાં અશ્રુ લાવી દે. તે સ્ત્રી પૂછે, ત્યારે કહે – મારી માતા તમારા જેવી જ હતી. તેના દોષો કહે છે – તે સ્ત્રી માતૃત્વ દેખાડવા સાધુના મુખમાં સ્તનને મૂકે. પરસ્પર સ્નેહ સંબંધ થાય. વિધવા પુત્રવધૂ આદિનું દાન કરે દાસી વગેરેનું પણ દાન કરે. આ પૂર્વસંસ્તવનું દૃષ્ટાંત કહ્યું. એ પ્રમાણે પશ્ચાત્ સંસ્તવ સંબંધી દૃષ્ટાંત જાણવું, તેના દોષો કહે છે –

[૫૨૬] મારી સાસુ આવી હતી કહેતા તે સ્ત્રી પોતાની પુત્રીનું દાન કરે. ''મારી પત્ની આવી હતી'' એમ કહે તેથી કોઈ ઈર્ષ્યાળુ પતિ સાધુનો ઘાત કરે. જો તેણીનો પતિ સમીપ ન હોય તો ''આણે મને પત્ની કરી'' એમ વિચારી ઉન્મત્ત થઈ તે સ્ત્રી પત્નીપણે વર્તે તો સાધુનો વ્રત ભંગ થાય.

[૫૨૭] આ માયાવી સાધુ અમને વશ કરવા માટે ખુશામત કરે છે, એવી નિંદા થાય. ભિખારી જેવી માતા-પિતાની કલ્પનાથી અમારી અપભ્રાજના કરે છે, એમ વિચારી ઘરમાંથી કાઢી મૂકે. જો શ્રાવકો ભદ્રિક હોય તો સાધુ ઉપર પ્રતિબંધ - આસક્તિ થાય, આધાકર્માદિ આહાર આપે છે.

[૫૨૮] ઔદાર્ય આદિ ગુણો, તેમનો જે પ્રશંસારૂપ વચનસમૂહ સત્ય કે અસત્ય હોય તેનાથી ભોજનાદિ પૂર્વે જ દાતાની સ્તુતિ કરે.

[૫૨૯] સુગમ છે. હવે પશ્ચાત્ વચન સંસ્તવ કહે છે –

[૫૩૦] ભોજનાદિ આપ્યા પછી દાતાને સત્ય કે અસત્ય રૂપે ગુણ પરિચય કહેવા વડે જે સાધુ સ્તુતિ કરે તે. [૫૩૧] જેમકે – વાહ ! તમારા દર્શન થયા, અમારા નેત્રો નિર્મળ થઈ ગયા. ઈત્યાદિ - x -

૦ સંસ્તવ દ્વાર કહ્યું, હવે વિદ્યા અને મંત્રનું દ્વાર કહે છે –

● મૂલ-૫૩૨ થી ૫૩૭ :-

*[૫૩૨] વિદ્યા અને મંત્રની પ્રરૂપણા કરવી. વિદ્યામાં ભિક્ષૂપાસકનું દૃષ્ટાંત છે, મંત્રમાં શિરોવેદનામા મુરૂંડ રાજાનું દૃષ્ટાંત છે. - [૫૩૩,૫૩૪] આ બંને ગાથાનો અર્થ વિવેચનમાં દૃષ્ટાંત સહ સમાવાય જાય છે. તેમાં દોષો કહે છે - [૫૩૫] - પ્રતિવિદ્યા દ્વારા તે કે બીજો તેનું સ્તંભનાદિ કરે. તથા આ પાપ વડે જીવનારા માયાવી અને કામણગારા છે, એમ લોકમાં જુગુપ્સા અને ગ્રહણાદિ થાય. - [૫૩૬] મંત્રના વિષયનું દૃષ્ટાંત છે. જેનો અર્થ વિવેચનમાં જોવો. - [૫૩૭] - તેના દોષો - પ્રતિમંત્ર વડે તે અથવા બીજો તેનું સ્તંભનાદિ કરે ઈત્યાદિ ગાથાર્થ- ૫૩૫ - મુજબ જાણવું.*

● વિવેચન-૫૩૨ થી ૫૩૭ :-

[૫૩૨] વિદ્યા સાધના સહિતની અથવા સ્ત્રીરૂપ દેવતાધિષ્ઠિત જે અક્ષર રચના. મંત્ર - સાધનારહિત કે પુરુષ દેવતાધિષ્ઠિત અક્ષર રચના.

[૫૩૩,૫૩૪] ભિક્ષુ-ઉપાસકનું દૃષ્ટાંત - સાધુમાં આલાપ થયો કે ભિક્ષૂપાસક અતિ પ્રાંત છે, તેને કોઈ અપાવે એવો છે ? સાધુએ કહ્યું — મને અનુજ્ઞા આપો. ગંધ સમૃદ્ધ નગરનો આ ધનદેવ ભિક્ષૂપાસક સાધુને કંઈ આપતો ન હતો. અનુજ્ઞા પામેલ સાધુ કેટલાંક સાધુને લઈને તેને ઘેર ગયો. વિદ્યા વડે મંત્રિત કર્યો. તેણે સાધુને કહ્યું — તમને શું આપું ? તેઓ બોલ્યા — ઘી, ગોળ, વસ્ત્રાદિ આપો. તેણે સ્વજનો મારફતે ઘણાં ઘી, ગોળ આદિ અપાવ્યા. પછી સાધુએ વિદ્યા સંહરી લીધી. ભિક્ષૂપાસક મૂળ સ્વભાવમાં આવી ગયો. વિલાપ કરવા લાગ્યો કે મારા ઘી આદિ કોણ હરણ કરી ગયું ? ત્યારે તેના પરિજનો બોલ્યા — તમે જ સાધુઓને અમારા હાથે અપાવેલ છે.

[૫૩૫] અહીં તેના દોષો કહે છે — વિદ્યામુક્ત થયેલો તે ગૃહસ્થ કદાચ દ્વેષી થાય, તેનો પક્ષનો કોઈ પ્રતિવિદ્યાથી સ્તંભન, ઉચ્ચાટન, મારણાદિ કરે. આ સાધુ વિદ્યાદિથી જીવનારા, માયાવી, શઠ છે એવી લોકમાં નિંદા થાય છે. રાજકુળે પકડાવો, વેશ છોડાવવો, કદર્થનાદિ પણ થાય છે.

[૫૩૬] મંત્રના વિષયમાં મુરુંડ રાજા, પાદલિપ્તસૂરિનું દૃષ્ટાંત :- પ્રતિષ્ઠાનપુરે મુરુંડ રાજા હતો. ત્યાં પાદલિપ્તાચાર્ય રહેતા હતા. કોઈ દિવસે મુરુંડ રાજાને અતિ શિરોવેદના થઈ, કોઈ તેનું શમન ન કરી શક્યા, ત્યારે કોઈ ન જાણે તેમ પાદલિપ્તાચાર્યએ મંત્રના ધ્યાનપૂર્વક ઓઢેલ વસ્ત્રની અંદર પોતાના જમણા જાનુની ઉપર, પડખે, ચોતરફ પોતાના જમણા હાથની અંગુલી જેમ જેમ ભમાવવા લાગ્યા, તેમ તેમ રાજાની શિરોવેદના દૂર થવા લાગી. રાજા આચાર્ય ભગવંતનો ઉપાસક થયો ઘણાં આહારાદિ આપવા લાગ્યો.

[૫૩૭] અહીં પાદલિપ્તાચાર્યે કોઈ દોષ સેવન કરેલ નથી. પણ પૂર્વે કહેલા વિદ્યા કથાનકની જેમ મંત્ર પ્રયોગ કરતાં દોષો સંભવે છે તેથી તેને કહેવાયેલ છે. દોષો 'વિદ્યા-પ્રયોગ'વત્ જાણવા. છતાં સંઘાદિના પ્રયોજનમાં મંત્રનો પ્રયોગ એ અપવાદ માર્ગ છે.



વિદ્યા અને મંત્ર કહ્યા. હવે ચૂર્ણાદિ દ્વારોને કહે છે :-

● મૂલ-૫૩૮ થી ૫૪૨ :-

*[૫૩૮] અદૃશ્ય કરનાર ચૂર્ણમાં ચાણક્યનું, પાદલેપરૂપ યોગમાં સમિતસૂરિનું, મૂલકર્મ-વિવાહ, ગર્ભ પરિશાટનમાં બે યુવતીનું દૃષ્ટાંત છે.*

*[૫૩૯ થી ૫૪૧] આ ત્રણ ગાથામાં દૃષ્ટાંત છે, અર્થ વિવેચનમાં જોયો.*

*[૫૪૨] વિદ્યા અને મંત્રને વિશે જે દોષો કહ્યા, તે જ વશીકરણાદિ ચૂર્ણોને વિશે પણ જાણવા. એક કે અનેક ઉપર પ્રદ્વેષ કરે કે નાશ પણ થાય.*

● વિવેચન-૫૩૮ થી ૫૪૨ :-

કુસુમપુર નગરમાં ચંદ્રગુપ્ત નામે રાજા હતો. ચાણક્ય તેનો મંત્રી હતો. ત્યાં જંઘાબળરહિત સુસ્થિતાચાર્ય હતા. ત્યાં દુષ્કાળ પડ્યો. આચાર્યએ વિચાર્યુ કે — સમૃદ્ધ નામના શિષ્યને આચાર્યપદે સ્થાપી, ગચ્છ સહિત કોઈ સુભિક્ષ દેશમાં મોકલું. એમ વિચારી તેને યોનિપ્રાભૃત એકાંતમાં ભણાવે છે. બે નાના સાધુ અદૃશ્ય થવાના કારણરૂપ અંજનની વ્યાખ્યા સાંભળી. સમૃદ્ધ નામક મુનિને આચાર્યપદે સ્થાપ્યા. ગચ્છ સહિત દેશાંતર મોકલ્યા આચાર્યશ્રી એકલા રહ્યા. બે નાના સાધુ તેમની પાસે રહ્યા. આહાર પરિપૂર્ણ ન હોવાથી આચાર્યશ્રી દુર્બળ થવા લાગ્યા. અંજનવિધિથી અદૃશ્ય થઈ તેઓ ચંદ્રગુપ્ત સાથે ભોજન કરે છે. ચંદ્રગુપ્ત રાજા દુબળો થવા લાગ્યો. આહાર પૂરો થતો નથી. ચાણક્યએ વિચાર્યુ કે આટલો આહાર પીરસાવા છતાં આમ કેમ ? માટે અંજનસિદ્ધ પુરુષ રાજા સાથે જમતો હોવો જોઈએ.

ચાણક્યએ બુદ્ધિથી જાણ્યું કે બે અંજનસિદ્ધ પુરુષો આવે છે. પકડવા માટે ધુમાડો કર્યો. આંખમાંથી આંસુ સાથે અંજન પણ રેલાઈ ગયું. બંને સાધુ પ્રત્યક્ષ થયા. ચાણક્યએ પ્રવચનની મલિનતા ન થાય તે માટે ચંદ્રગુપ્તને ધન્યવાદ આપી, વંદના કરીને બંને સાધુને વિદાય આપી. પછી આચાર્યશ્રીને કહ્યું કે આપના ક્ષુલ્લકો ઉડ્ડાહ કરે છે. આચાર્યશ્રીએ તેમને કહ્યું — શ્રાવક થઈને પણ તમે મુનિના નિર્વાહનો વિચાર કરતા નથી ? ચાણક્યએ ક્ષમાયાચના કરી.

ચૂર્ણદ્વાર કહ્યું. હવે 'યોગ' પદને જણાવે છે —

● મૂલ-૫૪૩ થી ૫૪૭ :- [પ્રક્ષેપ-૬]

*[૫૪૩] સૌભાગ્ય અને દૌર્ભાગ્ય કરનારા યોગો આહાર્ય, અનાહાર્ય એમ બે ભેદે છે. તેમાં આઘર્ષ અને ધૂપવાસ આહાર્ય છે અને પાદલેપાદિ યોગ અનાહાર્ય છે - [૫૪૪ થી ૫૪૬] - પાદલેપન યોગનું દૃષ્ટાંત છે, જેનો ગાથાર્થ વિવેચનમાં સમાવિષ્ટ છે. [૫૪૭] આ એક પ્રક્ષેપ ગાથા છે. જે મૂલકર્મ સંબંધી છે. જે હવે પછીના દ્વારમાં કહેવાશે.*

● વિવેચન-૫૪૩ થી ૫૪૭ :-

યોગો બે ભેદે - લોકોને પ્રીતિકારી અને અપ્રીતિકારી. પાણી વગેરેની સાથે

જે આહાર કરાય તે આહાર્ય, તેનાથી વિપરીત તે અનાહાર્ય. જે જલાદિ સાથે પીવાય તે આઘર્ષ કહોય. [શંકા] ચૂર્ણ અને વાસમાં શો તફાવત છે ? [સમાધાન] સામાન્ય વસ્તુથી બનેલ શુષ્ક કે આર્દ્ર ભૂકો તે ચૂર્ણ, સુગંધી વસ્તુથી બનેલ, અતિ પીસાયેલ તે વાસ કહેવાય. પાદલેપનયોગનું દૃષ્ટાંત –

અચલપુરનગર પાસે કૃષ્ણા અને બેન્ના બે નદી, વચ્ચે બ્રહ્મ નામે દ્વીપ છે. ત્યાં ૪૯૯ તાપસો સાથે દેવશર્મ કુલપતિ વસંતો હતો. પોતાના તીર્થની પ્રભાવના કરવા સંક્રાંતિ આદિ દિવસે પાદલેપ કરી કૃષ્ણા નદી ઉપર ચાલીને અચલપુર આવતો. લોકો વિસ્મિત થઈને તેનો ભોજનાદિ સત્કાર કરતા. તેઓ શ્રાવકોની નિંદા કરતા કે તમારા ગુરુમાં આવી શક્તિ નથી. સમિત સૂરિને વાત કરી. સમિત સૂરિ જાણતા હતા કે આ પાદલેપ કરી લોકોને છેતરે છે. તેમાં કોઈ તપશક્તિ નથી. આચાર્યશ્રીએ કહ્યું – તમે તેને ભોજન માટે નિમંત્રી, પગ ધોઈ નાંખજો. પછી શ્રાવકોએ તેમ કરી બધાં લોકોને બોલાવી નદીએ વળાવવા ગયા પાદલેપ ન હોવાથી તે તાપસ કુલપતિ ડૂબવા લાગ્યો. લોકમાં તેની અપભ્રાજના થઈ. તેને બોધ કરવા સમિતસૂરિ ત્યાં પધાર્યા. બધાં લોકો સમક્ષ તેમણે નદીને કહ્યું – હે કૃષ્ણા! અમે સામે કાંઠે જવા ઈચ્છીએ છીએ, તે વખતે તે નદીના બંને કાંઠા એક સાથે મળી ગયા. બધાં વિસ્મય પામ્યા. તાપસે દીક્ષા લીધી.

યોગ દ્વાર કહ્યું, હવે 'મૂલ' નામક દ્વાર કહે છે –

● **મૂલ-૫૪૮ થી ૫૫૪ :-**

***[૫૪૮] ભિન્ન યોનિક કન્યા સંબંધે દૃષ્ટાંત છે, વિવેચન થકી ગાથાર્થ જાણવો. [૫૪૯] તેમાં પ્રદ્વેષ અને ઉડ્ડાહ નામે દોષ લાગે છે.***

***[૫૫૦] વિવાહ સંબંધે પુત્રીનું દૃષ્ટાંત છે. [૫૫૧] વિવાહ સંબંધે પુત્રનું દૃષ્ટાંત છે. ગાથાર્થ, વિવેચનથી જાણવો. [૫૫૨,૫૫૩] આદાન અને પરિસાડ બે અવયવની વ્યાખ્યા એક દૃષ્ટાંત દ્વારા કહી છે. ગાથાર્થ વિવેચનમાં છે.***

***[૫૫૪] મૂલકર્મમાં દોષ :- સંખડી કરવામાં છકાયની વિરાધના થાય, એકમાં કામની પ્રવૃત્તિ કરે, એકમાં ઉડ્ડાહાદિ થાય. એકમાં યાવજ્જીવ ભોગાંતરાય થાય છે.***

● **વિવેચન-૫૪૮ થી ૫૫૪ :-**

[૫૪૮] કોઈ નગરમાં ધન નામે શ્રેષ્ઠી હતો, તેની પત્ની ધનપ્રિયા, પુત્રી સુંદરી હતી. તેણી ભિન્નયોનિવાળી હતી. આ વાત માતા જાણતી હતી પિતા નહીં. કોઈ શ્રેષ્ઠીપુત્ર સાથે વિવાહ થયો. માતાને થયું કે આનો પતિ જો તેણીને ભિન્નયોનિકા જાણશે તો આ દુઃખી થશે. કોઈ સાદુને બધી વાત જણાવી. સાધુએ તેણીને આચમન અને પાનઔષધ આપ્યા. તેનાથી તે અભિન્ન યોનિવાળી થઈ.

[૫૪૯] ચંદ્રાનના નગરીમાં ધનદત્ત સાર્થવાહ, ચંદ્રમુખી તેની પત્ની હતી. બંનેને કોઈ દિને પરસ્પર કલહ થયો. ધનદત્તે બીજી શ્રેષ્ઠીપુત્રી પરણવા વિચાર્યું. તે વાત ચંદ્રમુખીએ જાણી. તેણીને ઈર્ષ્યા થઈ. જંઘાપરિજિત નામે સાધુ ભિક્ષાર્થે આવ્યા.



ચંદ્રમુખી પાસે સપત્નીની વાત સાંભળી, સાધુએ તેણીને ઔષધ આપ્યુ, કહ્યું કે આ કોઈ રીતે તેણીને ખવડાવી દેજે. જેથી તે ભિન્નયોનિકા થશે અને તે વાત તારા પતિને કહેજે, જેથી પરણશે નહીં.

ઉક્ત બંનેમાં આ દોષ છે - યાવજ્જીવ મૈથુન પ્રવૃત્તિ થાય. જો સ્ત્રી આ વાત જાણે તો તેને સાધુ ઉપર દ્વેષ થાય, પ્રવચન ઉડ્ડાહણા થાય.

[૫૫૦] કોઈ ગૃહપતિની પુત્રી યુવાન થઈ, કોઈ સાધુ ભિક્ષાર્થે આવ્યા. સાધુએ તેણીની માતાને કહ્યું કે – આને નહીં પરણાવો તો કોઈ યુવાન સાથે અકાર્ય આચરી કુળને મલિન કરશે. લોકશ્રુતિ પણ છે - x - પરણાવી દેવી.

[૫૫૧] કોઈ ગામમાં કોઈ કુટુંબીનો પુત્ર યૌવનને પામેલ હતો. તેને જોઈ સાધુ, તેની માતાને કહે કે – આ તમારો પુત્ર યૌવનને પામ્યો છે, તો તેને કેમ પરણાવતાં નથી ? પરણીને પત્નીના સ્નેહથી સ્થિર થશે, ન પરણ્યો તો કોઈ સ્વચ્છંદાચારી સ્ત્રી સાથે ચાલ્યો જશે. તેના કરતા પરણાવી દો.

[૫૫૨,૫૫૩] સંયુગ નામે નગર હતું. સિંધુરાજ રાજા હતો, તેને બે પત્ની હતી - શ્રૃંગારમતી, જયસુંદરી, શ્રૃંગારમતીને ગર્ભાધાન થયું. જયસુંદરીને માત્સર્યથી અધૃતિ થઈ. કોઈ સાધુ આવ્યા, તેણીને પૂછ્યું કે કેમ દુઃખી છે? સપત્નીનો વૃત્તાંત સાંભળ્યો. તેણીને ગર્ભાધાનનું વચન આપ્યું. તેણી બોલી કે – મને પુત્ર થશે તો પણ યુવરાજપણું નહીં પામે. સાધુએ બે ઔષધ આપ્યા – (૧) તેણીના ગર્ભાધાનનું (૨) સપત્નીના ગર્ભના પાતનનું.

[૫૫૪] વિવાહ કાર્યમાં છકાયની વિરાધના થાય છે. એક સ્થાને અક્ષત યોનિપણું અને ગર્ભાધાન કરવામાં મૈથુન પ્રવૃત્તિ થાય - પરંપરા ચાલે છે. ગર્ભપાતાદિ કરાવતા પ્રવચનની મલિનતા, આત્માનો વિનાશાદિ થાય છે. ક્ષતયોનિકરણથી યાવજ્જીવ ભોગાંતરાય અને ઉડ્ડાહાદિ થાય છે.

આ પ્રમાણે ઉત્પાદનાના ૧૬-દોષો કહ્યા. હવે ગ્રહણૈષણા કહે છે –

● **મૂલ-૫૫૫ થી ૫૫૮ :-**

***[૫૫૫] એ પ્રમાણે ઉદ્‌ગમ અને ઉત્પાદનાથી વિશુદ્ધ, ગવેષણા કરેલ તથા ગ્રહણની વિશોધિએ કરીને વિશુદ્ધ એવા પિંડનું ગ્રહણ થાય છે. - [૫૫૬] - સાધુથી ઉત્પન્ન થયેલા દોષો ઉત્પાદનાના છે, એમ તું જાણ. પોતાથી અને પરથી ઉત્પન્ન થયેલા દોષો ગ્રહણૈષણાના છે, તેને હું કહીશ. - [૫૫૭] - શંકિત તથા ભાવથી અપરિણત બે દોષો સાધુથી ઉત્પન્ન થયેલા છે, બાકીના આઠે દોષો નિશ્ચયથી ગૃહસ્થ વડે ઉત્પન્ન થયેલા તું જાણ. - [૫૫૮] - ગ્રહણ એષણાના નિક્ષેપા – નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ચાર ભેદે છે. તેમાં દ્રવ્યમાં વાનરયૂથ-દૃષ્ટાંત અને ભાવમાં દશ પદો છે.***

● **વિવેચન-૫૫૫ થી ૫૫૮ :-**

[૫૫૫] ઉદ્‌ગમ અને ઉત્પાદનારૂપ દોષથી રહિત ગવેષણા કરેલા પિંડનું ગ્રહણ

થાય છે. પણ ક્યારે ? ગ્રહણમાં શંકાદિ દોષના અભાવે વિશુદ્ધ હોય તો, અન્યથા વિશુદ્ધ થતું નથી. તેથી હું ગ્રહણૈષણાના દોષો કહીશ.

[૫૫૬] ગાથાર્થ કહ્યો. પોતાથી અને પરથી ઉત્પન્ન થયેલા દોષોને વિભાગ પાડીને કહે છે — [૫૫૭] સુગમ છે. હવે ગ્રહણૈષણાનો નિક્ષેપ કહે છે —

[૫૫૮] ગ્રહણૈષણા ચાર ભેદે - નામ ગ્રહણૈષણા, સ્થાપના ગ્રહણૈષણા, દ્રવ્ય ગ્રહણૈષણા, ભાવગ્રહણૈષણા. ગવેષણાવત્ આ ભેદો કહેવા. વિશેષ એ કે — તદ્દ્રવ્ય ગ્રહણૈષણામાં વાનરયૂથનું દૃષ્ટાંત છે. ભાવ ગ્રહણૈષણા બે ભેદે છે — આગમથી અને નોઆગમથી. તેમાં નોઆગમથી બે ભેદે — પ્રસસ્તગ્રહણૈષણા અને અપ્રશસ્ત ગ્રહણૈષણા. પ્રશસ્ત એટલે સમ્યગ્જ્ઞાનાદિ વિષયવાળી. અપ્રશસ્ત એટલે શંકિતાદિ દોષથી દુષ્ટ ભક્ત-પાનાદિ વિષયવાળી.

**• મૂલ-૫૫૯ થી ૫૬૧ :-**

***દ્રવ્ય ગ્રહણૈષણા સંબંધે વાનરજુથનું ઉદાહરણ આ ત્રણ ગાથામાં છે.***

**• વિવેચન-૫૫૯ થી ૫૬૧ :-**

વિશાલશ્રૃંગ નામે પર્વત હતો. ત્યાં એક વનખંડમાં વાનરયૂથ રમતું હતું. તે જ પર્વતે બીજું પણ વનખંડ સર્વ પુષ્પ અને ફળની સમૃદ્ધિવાળું હતું. પણ ત્યાં દ્રહમાં મોટો મત્સ્ય હતો, તે પાણી પીવા આવનાર બધાં મૃગાદિ પ્રાણીને ખેંચીને ખાઈ જતો. પોતાનું વનખંડ પુષ્પાદિ રહિત જાણીને યૂથસ્વામીએ નિર્વાહ સમર્થ એવા બીજા વનખંડને શોધવા બે વાનર મોકલ્યા. તેમણે શોધેલ વનખંડમાં યૂથપતિ પોતાના યૂથસહિત ગયો. તેણે વનખંડ મધ્યે દ્રહ જોયો, ત્યાં પ્રવેશતા શ્વાપદોના પગલાં જોયા પણ બહાર નીકળતાં ન જોયા. તેણે વાનરોને સૂચના આપી કે કાંઠે રહીને કમળની નાળ વડે પાણી પીજો, અંદર પ્રવેશશો નહીં. જેમણે યૂથપતિનું વચન માન્યું. તેઓ સ્વેચ્છાથી સુખ ભોગવનાર થયા, ન માન્યું તે વિનાશ પામ્યા.

હવે અપ્રશસ્ત ભાવગ્રહણૈષણામાં શંકિતાદિ દશ ભેદો કહે છે —

**• મૂલ-૫૬૨નું વિવેચન :-**

(૧) શંકિત - આધાકર્માદિ દોષની સંભાવના, (૨) મ્રક્ષિત - સચિત્ત પૃથ્વીકાયાદિથી ખરડિત, (૩) નિક્ષિપ્ત - સચિત્ત ઉપર સ્થાપેલ, (૪) પિહિત-સચિત્તથી ઢાંકેલ, (૫) સંહૃત-બીજે સ્થાને મૂકેલ, (૬) દાયક-દાયક દોષથી દૂષિત, (૭) ઉન્મિશ્રિત - પુષ્પાદિથી મિશ્ર, (૮) અપરિણત - પ્રાસુક ન થયેલ, (૯) લિપ્ત - લેપવાળું, (૧૦) છર્દિત - ભૂમિ ઉપર વેરાયેલ. આ દશ એષણા દોષો છે.

**• મૂલ-૫૬૩ થી ૫૭૨ :-**

***[૫૬૩] - શંકિતમાં ચતુર્ભંગી છે. તેમાં બેમાં, ગ્રહણમાં, ભોજનમાં દોષ લાગે છે. પચીશમાંથી જે દોષની શંકાને પામે તે દોષ લાગે છે માત્ર છેલ્લો ભંગ શુદ્ધ છે - [૫૬૪] - આધાકર્માદિ ૧૬-ઉદ્ગમ દોષો, મ્રક્ષિતાદિ નવ એષણા દોષો એ કુલ ૨૫-દોષો છે, છેલ્લો ભંગ શુદ્ધ છે - [૫૬૫] - ઉપયોગવંત અને ઋજુ***



***એવો શ્રુતજ્ઞાની છદ્મસ્થ સાધુ પ્રયત્નથી ગવેષણા કરતો પચીશમાંથી કોઈ દોષને પામે તો પણ શ્રુતજ્ઞાનના પ્રમાણપણાથી શુદ્ધ છે. - [૫૬૬] સામાન્યથી શ્રુતમાં ઉપયોગવંત શ્રુતજ્ઞાની જો કે - અશુદ્ધને ગ્રહણ કરે તો તેનો કેવળી પણ આહાર કરે છે. અન્યથા શ્રુત અપ્રમાણરૂપ થાય. - [૫૬૭] - શ્રુતના અપ્રમાણમાં ચારિત્રનો અભાવ થાય, તેથી મોક્ષનો અભાવ થાય, મોક્ષનો અભાવ થતાં દીક્ષાની પ્રવૃત્તિ નિરર્થક બને ચે.***

***- [૫૬૮] - પહેલાં ભંગનો સંભવ :- કોઈ લજ્જાળુ સાધુ 'કેમ તમે ઘણી ભિક્ષા આપો છો ?' એમ પૂછવા સમર્થ નથી, તેથી શંકા વડે ગ્રહણ કરીને શંકાવાળો જ તેનો આહાર કરે છે. - [૫૬૯] - બીજો ભંગ :- શંકિત હૃદયથી ગ્રહણ કરી, તે બીજા સાધુએ શોધી, કંઈક પ્રકરણ અથવા પ્રહેણક છે તે સાંભળીને શંકા રહિત વાપરે. - [૫૭૦] - ત્રીજો ભંગ :- આલોચના કરતા બીજા સાધુને સાંભળી પોતે વિચાર કરે છે કે — "અમુક ઘેર મેં જેવી ઘણી ભિક્ષા પ્રાપ્ત કરી છે, તેવી જ બીજાએ પણ પ્રાપ્ત કરી છે" એમ શંકા સહિત ખાનાર સાધુ. - [૫૭૧] - જો શંકા જ દોષ કરનારી હોય, તો એ પ્રમાણે શંકાવાળું શુદ્ધ છતાં પણ અશુદ્ધ થશે તથા અનેષણીય પણ શંકારહિતપણે અન્વેષિત કરેલું શુદ્ધ થસે. - [૫૭૨] - આચાર્ય કહે છે કે તારી શંકા ઠીક છે, તો પણ - બેમાંથી એકે પક્ષમાં ન પડેલો અશુદ્ધ પરિણામ એષણીયને અનેષણીય કરે છે અને વિશુદ્ધ પરિણામ અનેષણીયને એષણીય કરે છે.***

**• વિવેચન-૫૬૩ થી ૫૭૨ :-**

શંકિતને વિશે ચતુર્ભંગી — (૧) ગ્રહણ કરવા અને ભોજન બંનેમાં શંકિત. (૨) ગ્રહણમાં શંકિત પણ ભોજનમાં અશંકિત, (૩) ભોજનમાં શંકિત પણ ગ્રહણમાં અશંકિત, (૪) ગ્રહણ અને ભોજન બંનેમાં અશંકિત. આમાં પહેલાં ત્રણે ભંગો દોષયુક્ત છે. કયા દોષ - ઉદ્ગમના-૧૬, એષણાના-૯. જે આધાકર્મપણાથી શંકિત હોય તે ગ્રહણ કે ભોજન કરતો આધાકર્મના દોષ વડે બંધાય છે. એ પ્રમાણે જ ઔદ્દેશિક દોષમાં પણ સમજવું. ચોથો ભંગ શુદ્ધ છે.

પચીશ દોષથી શુદ્ધ - ગ્રહણ કરવામાં કે ભોજન કરવામાં શંકિત નહીં એવા ચોથા ભંગમાં વર્તતો સાધુ શુદ્ધ છે. કેમકે છદ્મસ્થની પરીક્ષાથી શંકારહિત ગ્રહણ કરેલું હોય તે શુદ્ધ કહેવાય. ગાથા-૫૬૫ નો અર્થ સ્પષ્ટ છે. સામાન્યથી પિંડનિર્યુક્તિ આદિ આગમને વિશે ઉપયોગી, આગમાનુસારે કલ્પ્ય - અકલ્પ્યની ભાવના કરતો શ્રુતજ્ઞાની જો કોઈ પ્રકારે અશુદ્ધ ગ્રહણ કરે તો પણ કેવળજ્ઞાની તેને ખાય છે. અન્યથા શ્રુતજ્ઞાન અપ્રમાણ થાય. શ્રુતજ્ઞાનના અપ્રમાણપણાથી સર્વ ક્રિયાના લોપનો પ્રસંગ આવે, કેમકે શ્રુત વિના છદ્મસ્થોને ક્રિયા કાંડના જ્ઞાનનો અસંભવ છે.

ક્રિયા કાંડનો અસંભવ થવાથી - શ્રુત વિના યથા યોગ્ય સાવદ્ય અને નિરવદ્ય વિધિ અને પ્રતિષેધના જ્ઞાનના અસંભવથી સૂત્રનું અપ્રમાણપણું થતાં ચારિત્રનો અભાવ

થાય. યાવત્ દીક્ષા નિરર્થક થાય કેમકે દીક્ષાનું બીજું કંઈ પ્રયોજન નથી.

હવે પહેલાં ઈત્યાદિ ભંગનો સંભવ કહે છે.

[૧] કોઈ સાધુ સ્વભાવથી લજ્જાવાન્ હોય, કોઈ ઘરમાં ભિક્ષાર્થે પ્રવેશે, ઘણી ભિક્ષા પામી શંકિત થાય કે આટલી ભિક્ષા કેમ અપાય છે ? પણ લજ્જાથી પૂછી ન શકે અને વાપરે તો તે પહેલા ભંગમાં વર્તે છે.

[૨] કોઈ સાધુ પહેલાં ભંગવાળો હોય, પણ સંઘાટક તેની શંકાનું નિવારણ કરી દે, પછી જે આહાર વાપરે, તે બીજા ભંગમાં વર્તે ચે.

[૩] કોઈ સાધુ ઘણી ભિક્ષા પામે, સમ્યક્ આલોચના કરતા બીજા સાધુની આલોચના સાંભળી શંકા કરે કે — મારી જેમ બીજા સંઘાટકે પણ ઘણી ભિક્ષા પ્રાપ્ત કરી છે, તો તે આધાકર્મ દોષથી દૂષિત હશે, એમ વિચારતો જે સાધુ આહાર કરે, તે ત્રીજા ભંગમાં વર્તે છે. શંકા-સમાધાન ગાથાર્થ-૫૭૧ અને ૫૭૨ મુજબ જાણવા. વિશેષ એ કે — અવિશુદ્ધ એવો મનનો પરિણામ, કેવા પ્રકારનો અવિશુદ્ધ? આ ભોજનાદિ શુદ્ધ જ છે કે અશુદ્ધ જ છે, એમ એકે પક્ષમાં ન પડેલો હોય તો તે શુદ્ધને પણ અશુદ્ધ કરે છે. વિશુદ્ધ પરિણામ એટલે આગમોક્ત વિધિ પ્રમાણે ગવેષણા કરનારનો 'આ શુદ્ધ જ છે' એવો અધ્યવસાય, સ્વભાવથી અશુદ્ધ એવા પણ ભોજનાદિને શુદ્ધ કરે છે.

૦ શંકિતદ્વાર કહ્યું, હવે મ્રક્ષિત દ્વાર કહે છે —

● **મૂલ-૫૭૩ થી ૫૮૧ :-**

***[૫૭૩] મ્રક્ષિત બે ભેદે છે — સચિત્ત અને અચિત્ત. સચિત્ત ત્રણ ભેદે અને અચિત્ત બે ભેદે છે. - [૫૭૪] - સચિત્ત મ્રક્ષિત ત્રણ ભેદે — પૃથ્વી, અપ્, વનસ્પતિ. અચિત્ત મ્રક્ષિત બે ભેદે - ગર્હિત અને અગર્હિત. કલ્પ્યાકલ્પ્યની વિધિમાં ભજના. - [૫૭૫] - જે રજ સહિત શુષ્ક વડે અને આર્દ્ર પૃથ્વીકાય વડે મ્રક્ષિત હોય તે સર્વ સચિત્ત મ્રક્ષિત છે. હવે અપ્કાયમ્રક્ષિતને કહીશ.***

***[૫૭૬] - પુરઃકર્મ, પશ્ચાત્કર્મ, સસ્નિગ્ધ, ઉદકાર્દ્ર એ ચાર અપ્કાયના ભેદો છે. પ્રત્યેક અને અનંત વનસ્પતિકાયના ઉત્કૃષ્ટ રસ વડે આલિપ્ત જે હસ્તાદિક તે વનસ્પતિકાય મ્રક્ષિત છે. - [૫૭૭] - બાકીના તેઉ, વાયુ, ત્રસ એ ત્રણ કાય વડે સચિત્ત, મિશ્ર કે આર્દ્રતારૂપ મ્રક્ષિત હોતુ નથી.***

***[૫૭૮] - સચિત્તમ્રક્ષિત એવા હસ્ત, પાત્રને વિશે ચાર ભંગ થાય છે તેમાં પહેલાં ત્રણ ભંગનો નિષેધ છે, છેલ્લા ભંગને વિશે અનુજ્ઞા છે. - [૫૭૯] - અચિત્ત મ્રક્ષિતને આશ્રીને ચાર ભંગોમાં ભજના છે, એટલે કે અગર્હિતનું ગ્રહણ અને ગર્હિતનો નિષેધ છે. - [૫૮૦] - સંસક્ત જીવવાળા અને અગર્હિત એવા પણ ગોરસ અને દ્રવ વડે મ્રક્ષિતને વર્જવું તથા મધુ-ઘી-તેલ-ગોળ વડે મ્રક્ષિત વર્જવું. કેમકે માખી અને કીડીનો ઘાત ન થાઓ. - [૫૮૧] - લોકમાં ગર્હિત એવા પણ માંસ, ચરબી, શોણિત, મદિરા વડે મ્રક્ષિત હોય તે વર્જવું. બંનેને વિશે ગર્હિત એવા મૂત્ર, વિષ્ટાથી સ્પર્શિત પણ વર્જવું.***



● **વિવેચન-૫૭૩ થી ૫૮૧ :-**

[૫૭૩] - મ્રક્ષિત બે ભેદે છે — (૧) સચિત્ત મ્રક્ષિત - સચિત્ત પૃથ્વી આદિ વડે ખરડાયેલ, (૨) અચિત્ત મ્રક્ષિત - અચિત્ત પૃથ્વીની રજાદિ વડે જે ખરડાયેલ હોય તે.

[૫૭૪] ગાથાર્થ કહ્યો જ છે. વિશેષ આ - गर्हित - ચરબી આદિથી લીંપાયેલ, अगर्हित - ઘૃતાદિ વડે લીંપાયેલ. સચિત્તપૃથ્વીકાયમ્રક્ષિત કહે છે —

[૫૭૫] સચિત્ત પૃથ્વીકાય બે ભેદે — (૧) શુષ્ક :- રજસહિત શુષ્ક પૃથ્વીકાય વડે - અતિ બારીક ભસ્મ જેવા પૃથ્વીકાય વડે જે દેય વસ્તુ, પાત્ર કે હાથ મ્રક્ષિત હોય. (૨) આર્દ્ર - સચિત્ત આર્દ્ર પૃથ્વીકાય વડે મ્રક્ષિત.

[૫૭૬] અપ્કાયમ્રક્ષિત ચાર ભેદે — (૧) ભોજનાદિ આપ્યા પૂર્વે સાધુ માટે હાથ, પાત્ર આદિને જળ વડે ધોવું આદિ કર્મ તે પુરઃ કર્મ. (૨) પછી જે ધોવાય આદિ તે પશ્ચાત્કર્મ. (૩) સસ્નિગ્ધ - કંઈક દેખાતા જળ વડે ખરડાયેલ હાથ આદિ. (૪) ઉદકાર્દ્ર - સ્પષ્ટ દેખાતા જળાદિ સંસર્ગવાળા હાથ આદિ.

ઘણાં રસયુક્ત પ્રત્યેક વનસ્પતિના — આમ્રફળાદિના, અનંતકાયિક એટલે ફણસ આદિના તાજા શ્લક્ષ્ણ કકડા વડે ખરડાયેલ હસ્તાદિ.

[૫૭૭] સચિત્તાદિ તેઉકાયાદિના સંસર્ગ છતાં લોકમાં મ્રક્ષિત શબ્દની પ્રવૃત્તિ દેખાતી નથી. અચિત્ત એવા ભસ્માદિરૂપ તે ત્રણ વડે પૃથ્વીકાયવત્ મ્રક્ષિતપણું સંભવે છે, તેથી તેનો નિષેધ નથી. અચિત્ત વાયુકાય વડે પણ મ્રક્ષિતપણાંનો સંભવ નથી, કેમકે લોકમાં તેવી પ્રવૃત્તિ નથી.

[૫૭૮] પૃથ્વીકાયાદિ સચિત્ત વડે મ્રક્ષિત એવા હસ્ત અને પાત્રને વિશે ચાર ભંગ આ પ્રમાણે — (૧) હસ્ત મ્રક્ષિત, પાત્ર પણ મ્રક્ષિત (૨) હસ્ત મ્રક્ષિત પણ પાત્ર નહીં, (૩) પાત્ર મ્રક્ષિત પણ હસ્ત મ્રક્ષિત નહીં. (૪) એકે મ્રક્ષિત નહીં. પહેલાં ત્રણ ભાંગામાં ગ્રહણ કરવું ન કલ્પે. ચોથા ભંગમાં કલ્પે છે.

[૫૭૯] અચિત્ત મ્રક્ષિતમાં પણ હાથ અને પાત્રને આશ્રીને પૂર્વવત્ ચાર ભાંગા કરવા. ચારે ભાંગામાં ભજના છે. લોકમાં અનિંદ્ય ઘૃતાદિ વડે મ્રક્ષિત હોય તો ગ્રહણ કરાય, લોકમાં નિંદ્ય એવા ચરબી આદિ વડે મ્રક્ષિત હોય તો નિષેધ છે. તેમાં પણ ચોથો ભંગ શુદ્ધ જ છે, તેનું ગ્રહણ થાય.

[૫૮૦] તેની મધ્યે પડેલા જીવ વડે યુક્ત અગર્હિત એવા દહીં આદિ અને પાનક વડે મ્રક્ષિત અથવા મ્રક્ષિત એવા હાથ અને પાત્ર વડે અપાતું હોય તો વર્જ્ય છે. અગર્હિત એવા મધુ, ઘી, તેલ વડે મ્રક્ષિત હોય કે મ્રક્ષિત એવા હસ્ત, પાત્ર વડે દેવાતું હોય તે વર્જ્ય છે. ઈત્યાદિ - x - x - - [૫૮૧] - લોકમાં ગર્હિત અને એવા માંસાદિ વડે મ્રક્ષિત, તેને વર્જવું - x -

૦ મ્રક્ષિત દ્વાર કહ્યું, હવે નિક્ષિપ્ત દ્વાર કહે છે —

● **મૂલ-૫૮૨ થી ૫૮૬ :-**

***[૫૮૨] કાયમાં નિક્ષિપ્ત બે ભેદે — સચિત્તમાં, મિશ્રમાં. તે પ્રત્યેક બે***

***પ્રકારે — અનંતર, પરંપર. - [૫૮૩] - પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસ તે પ્રત્યેકના બે ભેદ — અનંતર, પરંપર. અગ્નિકાયના સાત ભેદો છે.***

***[૫૮૪] સચિત્ત પૃથ્વીકાયમાં સચિત્ત પૃથ્વીકાય નાંખ્યો, એ પ્રમાણે અપ્, તેઉ, વનસ્પતિ, વાયુ અને ત્રસકાયમાં જાણવું - [૫૮૫] - એ પ્રમાણે બાકીનાનો પણ જીવનિકાયમાં નિક્ષેપ હોય છે. તેમાં એક એક ભંગ પોતાના સ્થાનમાં અને પાંચ-પાંચ ભંગ પરસ્થાનમાં હોય છે. - [૫૮૬] - એ જ પ્રમાણે મિશ્રમાં પણ ૩૬-ભેદો કહેવા. એ પ્રમાણે સચેતનમાં મિશ્રના ૩૬-ભેદો કહેવા. એમ જ મિશ્રના મિશ્રને કહેવા. એ જ પ્રમાણે સચિત્ત અને મિશ્રના અચિત્તમાં કહેવા.***

**● વિવેચન-૫૮૨ થી ૫૮૬ :-**

[૫૮૨] अनंतर - આંતરા વિના, परंपर - આંતરા સહિત. જેમકે — સચિત્ત પૃથ્વીકાય ઉપર થાળી અને તેના ઉપર દેવા લાયક વસ્તુ મૂકી હોય તે અહીં પરિહાર્ય અને અપરિહાર્યના વિભાગ વિના સામાન્યથી સચિત્ત, અચિત્ત અને મિશ્રરૂપ ભેદ વડે કરીને નિક્ષિપ્ત ત્રણ પ્રકારે છે. તેમાં ત્રણ ચતુર્ભંગી છે તે આ પ્રમાણે — (૧) સચિત્તમાં અચિત્ત, (૨) મિશ્રમાં સચિત્ત, (૩) સચિત્તમાં મિશ્ર, (૪) મિશ્રમાં મિશ્ર. આ એક ચતુર્ભંગી થઈ. સચિત્ત અને અચિત્તને આશ્રીને બીજી ચતુર્ભંગી છે. અચિત્ત અને મિશ્રને આશ્રીને ત્રીજી ચતુર્ભંગી છે. હવે અનંતર-પરંપર વિભાગને કહે છે —

[૫૮૩] પૃથ્વીકાયનો નિક્ષેપ છ પ્રકારે છે — (૧) પૃથ્વીકાયનો પૃથ્વીકાયને વિશે નિક્ષેપ, (૨) પૃથ્વીકાયનો અપ્કાયને વિશે નિક્ષેપ, એ રીતે (૩) તેઉકાયને વિશે, (૪) વાયુકાયને વિશે, (૫) વનસ્પતિકાયને વિશે અને (૬) ત્રસકાયને વિશે પૃથ્વીકાયનો નિક્ષેપ. આ પ્રમાણે અપ્કાયાદિ દરેકનો પણ નિક્ષેપ છ પ્રકારે જાણવો. બધાં મળીને ૩૬-ભેદો થાય છે તે દરેક ભેદ બે પ્રકારે — અનંતર નિક્ષેપ, પરંપર નિક્ષેપ.

[૫૮૪] પૃથ્વીકાયને વિશે છ પ્રકારે નિક્ષેપ — ગાથાર્થ મુજબ જાણવો. એ રીતે પૃથ્વીકાય નિક્ષેપ છ ભેદે કહીને, બાકીના કાયોનો નિર્દેશ કરે છે.

[૫૮૫] પૃથ્વીકાયની માફક અપ્કાયાદિનો નિક્ષેપ પૃથ્વી આદિને વિશે હોય છે. તેમાં એક એક ભંગ પોતાના સ્થાનમાં અને બાકીના પાંચ-પાંચ ભંગ પરસ્થાનમાં હોય છે. જેમ પૃથ્વીકાયનો પૃથ્વીકાયમાં નિક્ષેપ તે સ્વ સ્થાન છે, અપ્કાયાદિ પાંચ તે પરસ્થાન છે. આ રીતે સચિત્તમાં સચિત્ત એવા પ્રકારના પહેલાં ભંગમાં ૩૬ ભેદો થયા. બાકીનાનો અતિદેશ કરે છે.

[૫૮૬] સચિત્તમાં સચિત્તની જેમ મિશ્ર પૃથ્વ્યાદિકને વિશે પણ સચિત્ત પૃથ્વ્યાદિકનો નિક્ષેપ ૩૬-ભેદવાળો જાણવો. આ રીતે પહેલી ચૌભંગીનો બીજો ભંગ કહ્યો. એ પ્રમાણે સચિત્ત પૃથ્વી આદિને વિશે મિશ્ર પૃથ્વીઆદિનો નિક્ષેપ ૩૬-ભેદવાળો કહેવો. આમ કહીને ચૌભંગીનો ત્રીજો ભંગ કહ્યો. એ જ પ્રમાણે મિશ્રપૃથ્વીઆદિનો મિશ્ર પૃથ્વીઆદિને વિશે ૩૬-ભેદ કહેવા. એ પહેલી ચતુર્ભંગીનો ચોથો ભંગ કહ્યો.



એ પ્રમાણે ૧૪૪-ભંગો થયા. એ રીતે ત્રણે ચતુર્ભંગી મળીને ૪૩૨-ભેદો જાણવા.

હવે કલ્પ્યાકલ્પ્ય વિધિ —

**● મૂલ-૫૮૭,૫૮૮ :-**

***[૫૮૭] જે નિક્ષેપમાં સચિત્ત અને મિશ્રને આશ્રીને ચઉભંગી કહી છે, તેમાં ચાર ભંગમાં અનંતર અને પરંપર તથા પરિત્ત અને અનંત વનસ્પતિ અગ્રાહ્ય છે. - [૫૮૮] - અથવા અહીં ચૌભંગી જુદી રીતે થાય છે. તેમાં એક પક્ષમાં સચિત્ત-મિશ્ર અને એક પક્ષમાં અચિત્ત. પહેલા ત્રણ ભંગની વાત જ નથી.***

**● વિવેચન-૫૮૭,૫૮૮ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ એ કે બીજી અને ત્રીજી ચતુર્ભંગીના પહેલાં ત્રણ ભંગમાં વર્તતુ અનંતર આદિ પણ અગ્રાહ્ય છે. તથા બીજી, ત્રીજી ચૌભંગીના ચોથા ભંગમાં વર્તતુ ગ્રાહ્ય છે. કેમકે તે લેવામાં દોષ નથી. હવે મતાંતર કહે છે —

પૂર્વના ક્રમ વડે ચતુર્ભંગી આ પ્રમાણે — સચિત્તમાં સચિત્તમિશ્ર, અચિત્તમાં સચિત્તમિશ્ર, સચિતમિશ્રમાં અચિત્ત અને અચિત્તમાં અચિત્ત. અહીં પહેલાંની જેમ પ્રત્યેક ભંગમાં પૃથ્વી આદિ છ ભેદથી ૩૬-૩૬ ભેદો થાય, એ રીતે કુલ-૧૪૪ ભેદો થાય. તેમાં પહેલાં ત્રણ ભંગમાં ગ્રહણ કરવાની વાત જ નથી. સામર્થ્યથી ચોથા ભંગમાં કલ્પે છે. બીજી અને ત્રીજી ચોભંગી સંબંધીનો ત્રીજો ત્રીજો ભંગ જે સામાન્યથી અશુદ્ધ છે, તે વિષયમાં વિશેષ કહે છે —

**● મૂલ-૫૮૯,૫૯૦ :-**

***[૫૮૯] વળી જે કોઈ અચિત્ત દ્રવ્ય સચિત્ત કે મિશ્રમાં નિક્ષેપ કરાય છે, ત્યાં આ અનંતર અને પરંપર વડે માર્ગણા હોય છે. - [૫૯૦] - પૃથ્વી ઉપર સ્થાપિત અવગાહિમાદિ અનંતર છે, પૃથ્વી ઉપર રહેલા તપેલી આદિમાં સ્થાપન કરેલ તે પરંપર છે. માખણ આદિ જલમાં નાંખેલ હોય તે અનંતર, નાવ આદિમાં મૂકેલ હોય તે પરંપર કહેવાય છે.***

**● વિવેચન-૫૮૯,૫૯૦ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ પ્રમાણે :- अचित्त द्रव्य - ઓદનાદિ, अवगाहिमादि - પક્વાન્ન, માંડા વગેરે. આ ગાથામાં પૃથ્વીકાયને આશ્રીને અનંતર અને પરંપર નિક્ષેપ કહ્યો. પછી અપ્કાયને આશ્રીને કહેલ છે. હવે તેઉકાયને આશ્રીને અનંતર અને પરંપરની વ્યાખ્યા કરે છે —

**● મૂલ-૫૯૧ થી ૫૯૪ :-**

***[૫૯૧] વિધ્યાત, મુર્મુર, ઇંગાલ, અપ્રાપ્ત, પ્રાપ્ત, સમજ્વાલ અને વ્યુત્ક્રાંત એમ સાત પ્રકારનો અગ્નિ છે. તે બે પ્રકારે છે, તેમાં લિંપેલા યંત્રને વિશે યતનાથી ગ્રહણ કરાય છે - [૫૯૨] - અગ્નિ સ્પષ્ટ દેખાતો ન હોય, પણ ઇંધણ નાંખવાથી દેખાય તેવો હોય તો વિધ્યાત કહેવા. કંઈક પીળા અગ્નિના કણીયા***

*મુર્મુર કહેવાય, જ્વાલારહિત તે અંગાર કહેવાય. [૫૯૩] જ્વાલા થાળી આદિ સુધી ન પહોંચે તો ચોથા અપ્રાપ્ત ભેદમાં અને પ્રાપ્ત થઈ હોય તો પાંચમાં ભેદમાં જાણવું. છઠ્ઠા ભેદમાં કર્ણ સુધી જ્વાલા જાય તે અને છેલ્લા ભેદમાં કર્ણથી ઉપર અધિક જ્વાલા જાય તે.*

*[૫૯૪] તે કટાહ ચારે પડખે લીંપેલ હોય, રસનું પરિશાટન થતું ન હોય, તે કટાહ પણ વિશાળ હોય, તે ઈક્ષુરસ પણ તુરંત નાંખેલ હોય અને અતિ ઉષ્ણ ન હોય તો કલ્પે.*

● **વિવેચન-૫૯૧ થી ૫૯૪ :-**

અગ્નિ સાત પ્રકારે :- (૧) વિધ્યાત - સ્પષ્ટ દેખાતો હોય, પછી ઇંધણ નાખવાથી વૃદ્ધિ પામતો દેખાય તે. (૨) મુર્મુર - કંઈક પીળા અને અર્ધા બુઝાઈ ગયેલા અગ્નિના કણિયા. (૩) અંગાર - જ્વાલા રહિત અગ્નિ, (૪) અપ્રાપ્ત - ચૂલે સ્થાપેલ પણ જ્વાળા વાસણને ન સ્પર્શતી હોય. (૫) પ્રાપ્ત-જ્વાળા વાસણમાં તળીયાને સ્પર્શતી હોય. (૬) સમજ્વાલ - જ્વાળા વાસણના કાંઠા સુધી સ્પર્શે. (૭) વ્યુત્ક્રાંત - જ્વાળા વાસણના કાંઠાથી ઉંચે જાય. સાતે તેઉકાયના ભેદો છે.

દરેકના બબ્બે ભેદ - અનંતર નિક્ષિપ્ત, પરંપરનિક્ષિપ્ત. અર્થ પૂર્વવત્. - x - x - હવે આ જ ગાથાનું વિવરણ વિધ્યાતાદિના સ્વરૂપથી કહે છે.

[૫૯૨,૫૯૩] ટીકાર્થ ગાથાર્થમાં અને પૂર્વ સૂત્રની ટીકામાં કહેલો છે.

[૫૯૪] જો કડાઈની ચોતરફ માટી લીંપેલ હોય, દેવાતા ઈક્ષુરસના બિંદુઓ ન પડતાં હોય, જો તે કડાઈ પણ વિશાળ મુખવાળી હોય, જો તે ઈક્ષુરસ પણ તુરંતનો નાંખેલો હોય, તો તે દેવાતો ઈક્ષુરસ કલ્પે. અહીં તે ઈક્ષુરસનું બિંદુ પડે તો પણ માટીના લેપમાં પડે પણ ચૂલાના તેઉકાયમાં નહીં, તેથી લીંપેલ કડાઈ કહી. વિશાળ મુખવાળા પાત્રમાંથી ખેંચાતુ કમંડલ આદિ-થી કડાઈ ન ભાંગે, તેઉકાયની વિરાધના ન થાય માટે 'વિશાળ' શબ્દ લખ્યો. 'અતિ ઉષ્ણ' ન હોય તે ગ્રહણ કરવાનું કારણ પોતે કહેશે. હવે ઉદકને આશ્રીને વિશેષથી કહે છે –

● **મૂલ-૫૯૫ થી ૫૯૯ :-**

*[૫૯૫] ઉષ્ણોદક પણ ગુડરસથી પરિણામ પામેલું અતિ ઉષ્ણ ન હોય તો પણ કલ્પે છે, વળી જે પિઠરના કર્ણ ઘસાયા વિના અપાય તે કલ્પે છે, કેમકે ઘસાવાથી લેપ કે જળના પડવાથી અગ્નિની વિરાધના ન થાય. - [૫૯૬] - પાર્શ્વે લીંપેલ કટાહ, અનતિઉષ્ણ ઈક્ષુરસ, અપરિશાટ અને અઘટ્ટંત આ ચાર પદ વડે સોળ ભંગ થાય છે. તેમાં પહેલાં ભંગમાં અનુજ્ઞા છે, શેષ ભંગોમાં અનુજ્ઞા નથી. - [૫૯૭] - પદની જેટલા દ્વિક સ્થાપવા, તેને ગુણવાથી ભંગોનું માન થાય છે. તેની રચના એક આંતરાવાળા લઘુ, ગુરુ, મૂકવા ઈત્યાદિથી થાય છે. [૫૯૮] અતિ ઉષ્ણ દેતાં બે પ્રકારની વિરાધના, છર્દન થવાથી હાનિ તથા પાત્રનો ભેદ થાય.*



*વાયુએ ઉપાડેલી પર્પટિકા અનંતર છે અને બસ્તિમાં રહેલ પરંપર છે. [૫૯૯] વનસ્પતિમાં હરિતાદિક ઉપર અપૂપાદિક અનંતર નિક્ષિપ્ત છે. પિઠરાદિમાં નાંખેલ પરંપર છે. તથા પીઠ ઉપર મૂકેલ અપૂપાદિ અનંતર છે અને ભરક કે કુતુપાદિમાં મૂકેલ તે પરંપર છે.*

● **વિવેચન-૫૯૫ થી ૫૯૯ :-**

[૫૯૫] જે કડાઈમાં પહેલાં ગોળ ઉકાળ્યો હોય, તેમાં નાંખેલ જળ કાંઈક તપેલ હોય તો પણ સંસક્ત ગુડરસ વડે મિશ્ર થવાથી તત્કાળ અચિત્ત થાય છે. તેથી અતિ ઉષ્ણ ન હોય તો પણ કલ્પે. જે જળ દેવાતુ હોય ત્યારે પિઠરના બંને કર્ણ પ્રવેશ કરતા કે બહાર નીકળતા કમંડળાદિ વડે અથડાતા ન હોય તો તે દેવાતું જળ કલ્પે છે. આમ કહીને હવે કહેવાનાર સોળ ભંગોની મધ્યે પહેલો ભંગ દેખાડ્યો. હવે તે ૧૬-ભંગ કહે છે –

[૫૯૬] ગાથાર્થમાં અર્થ કહેવાયેલ જ છે. હવે ભંગ ગાથા કહે છે –

[૫૯૭] જેટલાં પદોના ભંગો લાવવાની ઈચ્છા હોય તેટલા દ્વિક ઉપર અને નીચે એવા ક્રમ વડે સ્થાપવા. પછી તેમનો યથાક્રમ ગુણાકાર કરતાં છેલ્લા દ્વિકમાં જે અંક આવે, તે ભંગોનું પ્રમાણ જાણવું. ગાથા-૫૯૬માં કહેલા ચાર પદોના ભંગ લાવવાને ઈષ્ટ છે. તેથી ચાર દ્વિક ઉપર નીચેના ક્રમ વડે સ્થાપન કરવા. પછી પહેલા દ્વિકને બીજા દ્વિક વડે ગુણવો, ત્યારે ચાર થાય. તે ચાર વડે ત્રીજો દ્વિક ગુણવો એટલે આઠ થયા. તે આઠ વડે ચોથો દ્વિક ગુણવો ત્યારે સોળ થયા.

*[વૃત્તિમાં પંક્તિરચના કેમ કરવી ? તેની પદ્ધતિ કહી છે અને સ્થાપના પણ દેખાડી છે, જેનો અનુવાદ અમે કરેલ નથી.]* માત્ર એટલું કે તેમાં પાર્શ્વાવલિપ્ત, અનત્યુષ્ણ, અપરિશાટિ, અઘટ્ટિત કર્ણનો ભાંગો શુદ્ધ છે, બાકીના પંદરે ભંગો અશુદ્ધ છે. તેમના વિશે અનુજ્ઞા આપેલ નથી.

[૫૯૮] અતિ ઉષ્ણ ગ્રહણ કરવામાં દોષ કહે છે – (૧) આત્મ (૨) પર-વિરાધના. અતિ ઉષ્ણ ગ્રહણ કરવાથી તે ભાજન તેનાથી તપતા હાથ વડે ગ્રહણ કરનાર સાધુ દાઝે, તે આત્મવિરાધના. સ્થાપન કરેલા સ્થાન વડે આપનારી આપે, તે અતિ ઉષ્ણ હોવાથી તેણી પણ દાઝે છે, તે પરવિરાધના. અતિ ઉષ્ણ હોવાથી દાન આપતા કોઈ પ્રકારે સાધુના પાત્રથી બહાર પડે તો ઈક્ષુરસાદિની હાનિ થાય. વળી તે ભાજન-પાત્ર પડી જવાથી ભંગ થવાનો કે છ જીવનિકાયની વિરાધનાથી સંયમ વિરાધના થાય. વાયુકાય સુગમ છે.

[૫૯૯] વનસ્પતિના વિષયમાં અને ત્રસના વિષયમાં અનંતર અને પરંપર નિક્ષિપ્ત કહેલ છે તે ગાથાર્થમાં સ્પષ્ટ જ છે. તેમાં સર્વત્ર જે અનંતર નિક્ષિપ્ત હોય તે ગ્રહણ કરવા લાયક નથી. કેમકે સચિત્તનો સંઘટ્ટ વગેરે દોષનો સંભવ છે અને પરંપર નિક્ષિપ્ત હોય તો સચિત્તના સંઘટ્ટાદિનો ત્યાગ કરવા વડે યતનાપૂર્વક ગ્રહણ કરવા લાયક છે.

નિક્ષિપ્ત દ્વાર કહ્યું. હવે પિહિતદ્વાર કહે છે –

**● મૂલ-૬૦૦ થી ૬૦૪ :-**

***[૬૦૦] સચિત્ત, અચિત્ત અને મિશ્ર વડે પિહિતને આશ્રીને ચૌભંગી થાય છે. તેમાં પહેલાં ત્રણને વિશે પ્રતિષેધ છે અને છેલ્લા ભંગને વિશે ભજના છે. [૬૦૧] જે પ્રમાણે નિક્ષિપ્તદ્વારમાં સંયોગો અને ભંગો કહ્યા છે, તે જ પ્રમાણે આ પિહિતદ્વારમાં જાણવું. ત્રીજા ભંગમાં આટલું વિશેષ છે.***

***[૬૦૨] અંગારધૂપિતાદિ અનંતર પિહિત છે અને સરાવાદિ સાંતર પિહિત છે તથા તેને વિશે જે વાયુ સ્પૃષ્ટ છે, તે અનંતર છે અને બસ્તિ વડે પિહિત હોય તે પરંપર છે. [૬૦૩] વનસ્પતિકાયમાં ફલાદિ વડે સ્પષ્ટ રીતે પિહિત હોય તે અનંતર છે. છબ્બકાદિમાં રહેલ તે પરંપર છે. ત્રસકાય વિષયમાં કચ્છપ અને સંચારાદિ વડે પિહિત હોય તે અનંતર અને બીજું પરંપર જાણવું. [૬૦૪] અચિત્ત વસ્તુ પિહિત હોતા ગુરુ ગુરુ વડે, ગુરુ લઘુ વડે, લઘુ ગુરુ વડે, બંને લઘુ એમ ચતુર્ભંગી થાય છે. તેમાં બે ભંગ અગ્રાહ્ય છે.***

**● વિવેચન-૬૦૦ થી ૬૦૪ :-**

[૬૦૦] અહીં ત્રણ ચતુર્ભંગી થાય – (૧) સચિત્ત અને મિશ્રપદ વડે, (૨) સચિત્ત અને અચિત્ત પદ વડે, (૩) મિશ્ર અને અચિત્ત પદ વડે. જેમકે – (૧) સચિત્ત વડે સચિત્ત પિહિત, (૨) મિશ્ર વડે સચિત્ત પિહિત, (૩) સચિત્ત વડે મિશ્ર પિહિત, (૪) મિશ્ર વડે મિશ્ર પિહિત. આ જ પ્રમાણે બાકીની બંને સમજી લેવી. તેમાં પહેલી ચતુર્ભંગીમાં ચારે ભંગોમાં આહાર ન કલ્પે. બીજી અને ત્રીજી ચતુર્ભંગીમાં દરેકના પહેલા-પહેલાં ત્રણ ભંગમાં ન કલ્પે. છેલ્લા ભંગ વિશેની ભજના ગાથા-૬૦૪ માં કહેશે.

[૬૦૧] ત્રણ ચતુર્ભંગીના વિષયવાળા અવાંતર ભંગ કથનમાં ભલામણ જે પ્રકારે નિક્ષિપ્તદ્વારમાં સચિત્ત, અચિત્ત, મિશ્રના સંયોગો પૂર્વે કહ્યા છે, એ પ્રમાણે સ્વસ્થાન અને પરસ્થાનની અપેક્ષાથી એક એક ભંગમાં ૩૬-૩૬ ભેદો કહ્યો. એમ કરતાં ત્રણ ચતુર્ભંગીમાં ૪૩૨ ભંગો થાય છે, તે જ પ્રમાણે અહીં પિહિત દ્વારમાં જાણવા. - x - x - વિશેષ એ - બીજી અને ત્રીજી ચતુર્ભંગીના દરેકના ત્રીજા ભંગમાં અનંતર અને પરંપર માર્ગણાની વિધિમાં નિક્ષિપ્તદ્વાર થકી આ આગળ કહેવાશે. તે તફાવત જાણવો. તેમાં સચિત્ત પૃથ્વીકાય વડે સ્પર્શ કરાયેલ જે મંડકાદિ તે સચિત્ત પૃથ્વીકાય અનંતર પિહિત હોય છે, જેને ગર્ભમાં સચિત્ત પૃથ્વીકાય છે એવા પિઠરાદિ વડે જે પિહિત તે સચિત્ત પૃથ્વીકાય પરંપર પિહિત છે. એ જ પ્રમાણે હિમ આદિના દૃષ્ટાંત સચિત્ત અપ્કાયને પણ જાણવા.

[૬૦૨] અહીં જ્યારે તપેલી આદિમાં દાળ-કઢી વગેરેમાં કડછી આદિને વિશે અંગારાને સ્થાપીને હીંગ આદિ વઘાર દેવાય છે. ત્યારે તે અંગારા વડે કેટલાંક દાળ-કઢીનો સ્પર્શ થાય છે. તે અનંતરપિહિત કહેવાય છે. અહીં आदि શબ્દથી મુર્મુરાદિમાં



નાંખેલા ચણા આદિ અનંતરપિહિત જાણવા. અંગારાથી ભરેલા શરાવાદિ વડે ઢાંકેલ પિઠરાદિ પરંપરપિહિત કહેવાય છે.

તે અંગારધૂપિતાદિકમાં વાયુથી સ્પૃષ્ટ છે, માટે તે અનંતરપિહિત જાણવું. કેમકે જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ હોય છે, તથા વાયુથી ભરેલ બસ્તિ વડે અને ઉપલક્ષણથી બસ્તિ વગેરે વડે જે પિહિત તે પરંપર પિહિત જાણવું.

[૬૦૩] વનસ્પતિકાયના વિષયમાં ફળાદિ વડે અતિરોહિત જે પિહિત હોય તે અનંતરપિહિત કહેવાય છે અને છીબું, થાળી, વાસણ વગેરેને વિશે રહેલા ફળાદિ વડે જે પિહિત તે પરંપરપિહિત કહેવાય છે.

ત્રસકાયમાં કાચબા વડે અને કીટિકાની પંક્તિ વગેરે વડે જે પિહિત તે અનંતર પિહિત કહેવાય અને જેને કચ્છપાદિ ગર્ભમાં છે એવા પિઠરાદિ વડે જે પિહિત તે પરંપર પિહિત કહેવાય. અહીં જે અનંતરપિહિત હોય તે કલ્પે નહીં અને પરંપરપિહિત હોય તે યતનાથી લેવું.

[૬૦૪] દેવાલાયક અચિત્ત વસ્તુ પિહિત હોવાથી ચાર ભંગો થાય છે. ગુરુ ગુરુ વડે પિહિત એ પહેલો ભંગ, ગુરુ લઘુ વડે પિહિત એ બીજો ભંગ, લઘુ ગુરુ વડે પિહિત એ ત્રીજો ભંગ, લઘુ લઘુ વડે પિહિત એ ચોથો ભંગ છે. આ ચારે ભંગમાં પહેલો અને ત્રીજો ભંગ અગ્રાહ્ય છે. બીજો, ચોથો ભંગ ગ્રાહ્ય છે.

પિહિત દ્વાર કહ્યું, હવે સંહત દ્વાર કહે છે.

**● મૂલ-૬૦૫ થી ૬૧૩ :-**

***[૬૦૫] સચિત્ત, અચિત્ત અને મિશ્ર સંહતને વિશે ચાર ભંગ છે. તેમાં પહેલાં ત્રણમાં પ્રતિષેધ છે, છેલ્લા ભંગમાં ભજના છે. - [૬૦૬] - જે પ્રકારે નિક્ષિપ્ત દ્વારમાં સંયોગો અને ભંગો કહ્યા છે, તે જ અહીં સંહત દ્વારમાં કહેવા. તેમાં ત્રીજા ભંગમાં વિશેષતા છે. - [૬૦૭] - જે પાત્રમાં દેનારી આપવાની છે, તે પાત્રમાં કંઈક ન દેવા લાયક જે અશનાદિ હોય તેને બીજા સ્થાને નાંખીને તે પાત્ર વડે આપે તે સંહરણ કહેવાય. - [૬૦૮] તે સંહરણ પૃથ્વી આદિ છ એ કાયને વિશે હોય છે તથા જે સંહરણ બંને પ્રકારે અચિત્તને અચિત્તમાં સંહરે તેમાં ચાર ભાંગા હોય. - [૬૦૯] તે ભંગો – (૧) શુષ્કમાં શુષ્ક, (૨) શુષ્કમાં આર્દ્ર, (૩) આર્દ્રમાં શુષ્ક, (૪) આર્દ્રમાં આર્દ્ર. - [૬૧૦] - શુષ્કાદિ ચાર ભંગમાં પ્રત્યેક ભંગને વિશે ચતુર્ભંગી થાય છે. તે સ્તોક અને બહુના ભેદથી જાણવું. - [૬૧૧] જે ભંગમાં સ્તોકમાં સ્તોક, શુષ્કમાં શુષ્ક કે આર્દ્ર આપવામાં આવે તે ગ્રાહ્ય છે. કેમકે જો તે આદેયવસ્તુ બહુ ભાર રહિત હોય તો તેને ઠેકાણે નાંખી અન્ય વસ્તુ આપે છે તો તે કલ્પે છે. - [૬૧૨] - અકલ્પ્ય ભંગમાં આ દોષો છે – મોટું ભાજન લેતા મૂકતા દેનારીને પીડા થાય, સાધુ લોભી દેખાય, પાત્ર નાશ થાય તો દાઝે, અપ્રિતિ, વિચ્છેદ, છકાય વધ થાય. [૬૧૩] સ્તોકમાં સ્તોક નાંખેલ હોય, તે પણ શુષ્કમાં આર્દ્ર હોય તો તે આચીર્ણ છે, પણ બહુક હોય***

*તો કૃત દોષ છે, માટે અનાચીર્ણ છે.*

**● વિવેચન-૬૦૫ થી ૬૧૩ :-**

[૬૦૫] જે પાત્રથી દેનારી ભોજનાદિ દેવાને ઈચ્છે, તે પાત્રમાં બીજી ન દેવા લાયક કંઈપણ સચિત્ત, અચિત્ત કે મિશ્ર હોય, તેને તેમાંથી લઈ બીજે સ્થાને ભૂમિ આદિ ઉપર નાંખીને, તે પાત્ર વડે બીજી વસ્તુ આપે છે. પ્રથમની વસ્તુ જે સચિત્તાદિમાં નાંખે, તેને સંહરણ કહેવાય. સંહરણને વિશે ત્રણ ચઉભંગી થાય છે. તે આ પ્રમાણે – (૧) સચિત્ત અને મિશ્ર, (૨) સચિત્ત અને અચિત્ત, (૩) મિશ્ર અને અચિત્ત. જેમકે – (૧) સચિત્તમાં સચિત્ત સંહર્યુ, (૨) મિશ્રમાં સચિત્ત સંહર્યુ, (૩) સચિત્તમાં મિશ્ર સંહર્યુ, (૪) મિશ્રમાં મિશ્ર સંહર્યુ. એ રીતે બાકીની બે ચઉભંગી પણ સમજી લેવી. પહેલીમાં બધાં ભંગોમાં પ્રતિષેધ, (૨) બીજી અને ત્રીજીમાં પહેલાં ત્રણ-ત્રણ ભંગોને વિશે પ્રતિષેધ છે. ચોથા ભંગમાં ભજના છે. - [૬૦૬] નિક્ષિપ્ત દ્વારમાં સચિત્ત, અચિત્ત, મિશ્રપદના સંયોગો કર્યા છે, તથા સ્વસ્થાન-પરસ્થાનની અપેક્ષાએ એક એકમાં ૩૬-ભંગો કહ્યા, કુલ-૪૩૨ ભંગો થયા છે, તેમ અહીં પણ જાણવા. વિશેષ એ કે સંહૃત દ્વારમાં અનંતર અને પરંપર માર્ગણા અન્યથા રીતે થશે.

[૬૦૭] ગાથાર્થ કહ્યો. વિશેષ આ પ્રમાણે છે – સચિત્ત પૃથ્વીકાયમાં જ્યારે સંહરણ કરે ત્યારે અનંતર સચિત્ત પૃથ્વીકાય સંહરણ કહેવાય. સચિત્ત પૃથ્વીકાય ઉપર રહેલા ભાજનાદિમાં સંહરણ કરે ત્યારે પરંપર સચિત્ત પૃથ્વીકાયમાં સંહરણ કર્યુ કહેવાય. આ પ્રમાણે અપ્કાયાદિમાં કહેવું. અનંતરમાં ગ્રહણ ન કરવું. પરંપર સંહૃતમાં સચિત્તનો સ્પર્શ ન હોય તો ગ્રહણ કરવું.

[૬૦૮] પાત્રમાં રહેલ અદેય વસ્તુનું સંહરણ સચિત્ત પૃથ્વીકાયાદિ છ જીવનિકાયમાં થાય છે. તેમાં અનંતરોક્ત અનંતર પરંપર માર્ગણા અવધારવી કલ્પ્યાકલ્પ્યનો વિધિ જાણવો. આધારણ અને સંહરણીય વસ્તુને આશ્રીને ચાર ભંગ – [૬૦૯] - શુષ્ક અને આર્દ્રને આશ્રીને આ ચાર ભંગ કહ્યા છે. - [૬૧૦] - શુષ્કાદિમાં પણ પ્રત્યેકને આશ્રીને સ્તોક અને બહુના ભેદથી ચાર ભંગ જાણવા. આ રીતે સર્વ સંખ્યા-૧૬-થશે. હવે કલ્પ્ય-અકલ્પ્યની વિધિ કહે છે –

[૬૧૧] બહુમાં સ્તોક અને તે પણ શુષ્કમાં શુષ્ક સંહરેલ હોય તો કલ્પે છે. આર્દ્રમાં શુષ્ક કે આર્દ્રમાં સંહર્યુ હોય તો તે ગ્રાહ્ય છે. ઘણાં ભાર વાળી અદેય વસ્તુને બીજો સ્થાને નાંખી બીજી વસ્તુ આપે તો તે કલ્પે અન્યથા ન કલ્પે. પહેલા અને ત્રીજા ભંગમાં કલ્પે, બાકીમાં નહીં.

[૬૧૨] ભારે વાસણ ઉપાડતા દાત્રીને પીડા થાય. "આ સાધુ લોભીયો છે, બીજાની પીડાને ગણતો નથી" એવી ટીકા થાય. ઉષ્ણ વસ્તુ હોય અને વાસણ ભાંગે તો દેનારી અને સાધુ બંને દાઝે. આ મુંડીયાને ભિક્ષા દેતા વાસણ ભાંગ્યુ એમ ખેદ થતાં અપ્રીતિ થાય. બંનેના દ્રવ્યનો વિચ્છેદ થાય. ભોજનાદિ ચોતરફ વેરાતા છકાય વિરાધના થાય. એવા દોષો બીજા અને ચોથા ભંગમાં જાણવા. - x - આર્દ્રમાં શુષ્ક કે





આર્દ્ર તે આચીર્ણ છે માટે કલ્પે છે. બહુકનું સંહરણ અનંતર ગાથા મુજબ દોષવાળું છે.

**● મૂલ-૬૧૪ થી ૬૧૯ :-**

*સંહૃત દ્વાર કહ્યું. દાયક નામે છટ્ઠું દ્વાર છ ગાથાથી કહે છે. તે આ પ્રમાણે – (૧ થી ૫) બાલ, વૃદ્ધ, મત્ત, ઉન્મત્ત, કંપતો, (૬ થી ૧૦) જ્વરવાળો, અંધ, પ્રગલિત, પાદુકારૂઢ, હાથના બંધનવાળો, (૧૧ થી ૧૫) નિગડ બંધનવાળો, હાથ કે પગ રહિત, નપુંસક, ગર્ભિણી, બાલવત્સા, (૧૬ થી ૨૦) ભોજન કરતી, દહીં વલોવતી, ભુંજતી, દળતી, ખાંડતી, (૨૧ થી ૨૫) પીસતી, પીંજતી, લોઢતી, કાંતતી, પીંખતી, (૨૬ થી ૩૦) છ કાય સહિત હાથવાળી, છ કાયને સાધુને માટે પૃથ્વી ઉપર નાંખતી, છ કાયને પગ વડે ચલાવતી, તેનો જ સંઘટ્ટો કરતી, તેનો જ આરંભ કરતી, (૩૧ થી ૩૫) સંસક્ત દ્રવ્ય વડે લીંપેલા હાથવાળી, તેના વડે ખરડેલા પાત્રવાળી, ઉદ્વર્તના કરતી, સાધારણ ભોજનાદિને આપતી, ચોરેલ વસ્તુ આપતી, (૩૬ થી ૪૦) પ્રાભૃતિકાને સ્થાપન કરતી, અપાયવાળી, અન્યનું ઉદ્દિષ્ટ આપતી, આભોગથી આપતી અને અનાભોગથી આપતી. આ દોષો વર્જવાના છે.*

**● વિવેચન-૬૧૪ થી ૬૧૯ :-**

(૧) બાલ - જન્મથી આઠ વર્ષનો, (૨) વૃદ્ધ - ૭૦ કે બીજા મતે ૬૦ વર્ષ, તેથી ઉપરનો. (૩) મત્ત - મદિરાદિ પીવાથી, (૪) ઉન્મત - ગર્વિષ્ઠ કે ગૃહિત, (૫) કંપતો, (૬) જ્વરિત-તાવનો રોગી, (૭) અંધ-ચક્ષુરહિત, (૮) પ્રગલિત-ઝરતા કોઢવાળાં, (૯) આરૂઢ-પાદુકા ઉપર ચઢેલો. (૧૦) હાથના બંધનવાળો.

(૧૧) પગે બેડી બાંધેલ, (૧૨ થી ૧૭) સુગમ છે. (૧૮) ચૂલા ઉપર કડાઈ આદિમાં ચણા શેકતી, (૧૯) ઘંટી વડે ઘઉં દડતી, (૨૦) ખાણીયામાં તંદુલાદિને ખાંડતી. (૨૧) શીલા તળે આમળા વાટતી, (૨૨) રૂને પીંજતી, (૨૩) કપાસને લોઢતી, (૨૪) કાંતતી, (૨૫) રૂને છૂટું પાડતી.

(૨૬ થી ૩૦) સુગમ છે. (૩૧) દહીં આદિ વસ્તુથી ખરડાયેલા હાથ વાળી (૩૨) તેનાથી જ ખરડેલા પાત્રવાળી. (૩૩) મોટા વાસણાદિનું ઉદ્વર્તન કરીને તેમાંથી આપતી. (૩૪ અને ૩૫) સુગમ છે. (૩૬) અગ્રકૂરાદિ નિમિત્તે મૂળ તપેલીમાંથી કાઢીને થાળી આદિમાં મૂકતી. (૩૭) અપાયના સંભવવાળી દાત્રી. (૩૮) વિવક્ષિત સાધુ સિવાય બીજા સાધુને ઉદ્દેશીને સ્થાપેલ હોય તેને આપતી. (૩૯) સાધુને આ પ્રકારે ન કલ્પે એમ જાણવા છતાં પણ પાસે આવીને અશુદ્ધ આપતી, (૪૦) અના-ભોગથી અશુદ્ધ આપતી.

દાયકના આ ૪૦-દોષો છે. અપવાદથી આ દાયકનો ત્યાગ-અત્યાગ.

**● મૂલ-૬૨૦,૬૨૧ :-**

*[૬૨૦] આ દાયકો મધ્યે કેટલાંક પાસેથી ગ્રહણ કરવાની ભજના છે, કેટલાંક પાસેથી ગ્રહણ ન કરાય. તેથી વિપરીત વિશે ગ્રહણ હોય છે. [૬૨૧]*

*બાલને આશ્રીને દોષ વિશે દૃષ્ટાંત છે, અર્થ વિવેચનથી જાણવો.*

**● વિવેચન-૬૨૦,૬૨૧ :-**

બાલાદિ દાયકો વિશે કેટલાંક પાસેથી – ૧ થી ૨૫ સુધીના દાતારો પાસેથી ગ્રહણ કરવાની ભજના અર્થાત્ મોટા પ્રયોજનમાં કલ્પે, બાકી સમયે ન કલ્પે. છ કાય યુક્ત હાથવાળી, ૨૬ થી ૪૦ સુધીનીના હાથે ભિક્ષાનું અગ્રહણ છે. પણ બાલાદિ સિવાયના દાયક હોય તો ગ્રહણ થઈ શકે. બાલાદિમાં દોષો –

કોઈ નવી શ્રાવિકા પોતાની પુત્રીને 'સાધુને ભિક્ષા આપજે' તેમ કહી ખેતરમાં ગઈ. કોઈ સાધુ ભિક્ષાર્થે આવ્યા. તે બાલિકાએ તંદુલ-ભાત આપ્યા. બાલિકાને મુગ્ધ જાણીને બધો ભાત વહોરી લીધો. એ પ્રમાણે મગ, ઘી, દહીં આદિ સર્વે આપ્યું. સાંજે માતા ઘેર આવી, તેણીએ જે-જે માંગ્યુ, તે-તે બાલિકા બોલી સાધુને આપી દીધું. તે શ્રાવિકા રોષ પામી. બધું સાધુને આપી દીધું? સાધુએ માંગ્યુ અને મેં આપ્યુ. સાધુ ઉપર કોપાયમાન થઈ, શ્રાવિકા આચાર્ય પાસે આવી. ઉંચે સ્વરે ફરિયાદ કરવા લાગી. પરંપરાએ ઘણાં લોકો એકઠા થઈને સાધુનો અવર્ણવાદ કરવા લાગ્યા, – ''આ સાધુ લુંટારા છે'' આચાર્યએ તે સાધુના બધાં ઉપકરણાદિ ખેંચી લઈ વસતિથી બહાર કાઢી મૂક્યો. શ્રાવિકાએ અનુકંપાથી તેને માફી આપી બોલાવી લેવા કહ્યું, તેને શિક્ષા આપી વસતિમાં દાખલ કર્યો.

આ રીતે બાળક પાસે ભિક્ષા ન લેવી. સ્થવિરના દોષો કહે છે –

**● મૂલ-૬૨૨ થી ૬૨૫ :-**

*[૬૨૨] સ્થવિર હોય તે ગળતી લાળવાળો હોય, હાથ કંપતા હોય અથવા દેતો એવો તે પડી જાય, આ તો અસ્વામી છે, એમ ધારીને એકને કે બંનેને વિશે દ્વેષ થાય - [૬૨૩] - આલિંગન, ઘાત, પાત્રભેદ, વમન, અશુચિ છે એમ લોકની ગર્હા એ દોષો મત્તને વિશે છે. વમનને વર્જીને બધાં જ દોષો ઉન્મત્તને વિશે છે. - [૬૨૪] - કંપતા પાસેથી ગ્રહણ કરતાં તે વસ્તુનું પરિશાટન થાય અથવા પાત્રની પડખે તે વસ્તુ પડી જાય કે પાત્રનો ભંગ થાય. એ જ દોષો જ્વરિતમાં છે, વળી જ્વરનો સંક્રમ અને ઉડ્ડાહ થાય. - [૬૨૫] - અંધ પાસે ભિક્ષા ગ્રહણમાં ઉડ્ડાહ, કાયવધ, પોતે પડે અને વસ્તુ પાત્રની બહાર પડે. અતિ ઝરતાં લોહીવાળો કે ચામડીના દોષવાળામાં વ્યાધિ સંક્રમે.*

**● વિવેચન-૬૨૨ થી ૬૨૫ :-**

[૬૨૨] અતિ સ્થવિર પ્રાયઃ લાળ ઝરતો હોવાથી દેવ વસ્તુ પણ લાળ વડે ખરડાય, તે ગ્રહણ કરે તો લોકમાં ગર્હા થાય, તેના હાથના કંપથી દેય વસ્તુ પડી જતાં છ કાયની વિરાધના થાય. સ્થવિર પોતે પડે તો તેને પીડા થાય અને છકાય વિરાધના થાય. પ્રાયઃ સ્થવિર ગૃહસ્વામી રહેતો નથી. તેથી નવા સ્વામીને તેને દાન દેતો જોઈને દ્વેષ થાય. - [૬૨૩] - મત્ત પુરુષ કદાચ મત્તપણાથી સાધુને આલિંગન કરે, કોઈ મદના વ્યાકુળપણાથી સાધુને કેમ આવ્યો છો ? પૂછે, ઘાત કરે, પાત્ર ભાંગી



નાંખે, પીધેલા દારુનું વમન કરે, તેથી સાધુ કે સાધુના પાત્ર ખરડાય, લોકમાં જુગુપ્સા થાય. તેથી મત્ત પાસે ગ્રહણ ન કરવું વમન સિવાયના દોષો ઉન્માદીને વિશે પણ જાણવા. માટે તેની પાસે પણ ન લેવું.

[૬૨૪] કંપતા દાતા પાસે પણ ભિક્ષા લેતાં વસ્તુ પડી જળ, પાત્ર ખરડાવું, વાસણ ફૂટવું આદિ દોષો થાય. જ્વરવાળા પાસે પણ આ દોષો સંભવે છે. સાધુને જ્વરનો સંક્રમ થાય, લોકમાં ઉડ્ડાહણાદિ થાય. - [૬૨૫] - અંધ પાસે ભિક્ષા લેતા પણ ઉડ્ડાહણાદિ થાય – ''જો આ સાધુ, આંધળા પાસે ભિક્ષા લે છે.'' તે દેખતો ન હોવાથી છકાય વિરાધના થાય. સ્ખલના પામે, ભોજન પડી જાય, પાત્ર ભાંગે, આહાર પાત્રની બહાર પડે. ચામડીના દહીં પાસે પણ ન લેવું. ઈત્યાદિ બધું ગાથાર્થવત્ જાણવું. હવે પાદુકારૂઢ આદિ દોષ કહે છે –

**● મૂલ-૬૨૬ થી ૬૩૦ :-**

*[૬૨૬] પાદુકારૂઢને પડવાનું થાય, બદ્ધ પાસે લેતા તેને પરિતાપ થાય, અશુચિથી જુગુપ્સા થાય. હાથ છેદાયેલા પાસેથી લેતા જુગુપ્સા થાય. પગ છેદાયેલા પાસે લેતા જુગુપ્સા તથા પડવાનું બને. - [૬૨૭] - નપુંસક ભિક્ષા આપતો એવો પોતાને, પરને, ઉભયને દોષ લાગે. વારંવાર ભિક્ષા લેવાથી ક્ષોભ અને લોક જુગુપ્સા થાય છે. - [૬૨૮] - ઉઠતાં, બેસતાં ગર્ભિણીના ગર્ભનો સંચાર થાય છે, તથા બાળકને માંસખંડ કે સસલાનું બચ્ચું ધારીને માર્જારાદિનો નાશ કરે છે. - [૬૨૯] - ભોજન કરતી દાત્રી આચમન કરે તો જળની વિરાધના થાય, ન કરે તો ગોબરી છે એમ લોકગર્હા થાય, મથન કરતી આપે તો સંસક્ત વિશે લીંપાયેલ હાથને વિશે રસમાં રહેલા જીવોનો વિનાશ થાય. - [૬૩૦] - પીસવું, ખાંડવું, દળવું કરતી દાત્રી ભિક્ષા આપે તો જળ અને બીજનું સંઘટ્ટન થાય, ભુજંતી હોય તો બળી જાય, પિંજન અને રુંચનાદિ કરતી દાત્રી આપે તો લીંપાયેલા હાથને ધોતાં જળની વિરાધના થાય છે.*

**● વિવેચન-૬૨૬ થી ૬૩૦ :-**

[૬૨૬] પાદુકારૂઢ માણસને ચાલતી વેળા પતન થવું સંભવે છે, બાંધેલ દાતાને દુઃખ થાય. મૂત્રાદિના ત્યાગ કરનાર પાસેથી લેતાં ''આ સાધુઓ અશુચિ છે.'' એવી જુગુપ્સા થાય છે. ઠુંઠા પાસેથી લેતા એવી જુગુપ્સા થાય કે – તથા પ્રકારના હાથના અભાવે શૌચ કરવાનો અસંભવ છે, ભિક્ષાપાત્ર કે દેય વસ્તુનું પડવું થાય છે, છ કાય જીવનો વધ થાય છે. આ જ દોષો લંગડા દાતામાં પણ થાય છે. તેઓને તો પોતાને પડવાનો પણ સંભવ થાય.

[૬૨૭] નપુંસક પાસે વારંવાર ભિક્ષા લેવાતા પરિચય વધે. તેનાથી નપુંસકને, સાધુને કે બંનેને વેદોદયરૂપ ક્ષોભ થાય છે. બંનેને મૈથુન સેવારૂપ કર્મબંધ થાય. વળી ક્યારેક ગ્રહણ કરવામાં પણ લોક જુગુપ્સા સંભવે છે – આ સાધુ અધમ એવા નપુંસક પાસેથી પણ ભિક્ષા લે છે. સાધુને પણ તેવા સમજે.

[૬૨૮] ભિક્ષા આપવા ઉઠતી કે બેસતી ગર્ભિણીના ગર્ભનો સંચાર થાય છે. તેથી તેની પાસેથી ન લેવાય. બાળકને ભૂમિ ઉપર કે માંચાદિ ઉપર મૂકીને જો ભિક્ષા આપે તો પણ બિલાડી, કુતરાદિથી વિનાશ સંભવે છે, ખરડાયેલા હાથે બાળકને ગ્રહણ કરે તો તેને પીડા થાય છે. તેથી બાલવત્સાથી ન લેવું.

[૬૨૯] ભોજન કરતી દાત્રી ભિક્ષા આપવા હાથ ધોવે તો જળ વિરાધના. ન ધોવે તો તેણી ગોબરી લાગે. દહીંને વલોવતા જો તે દહીં આદિ સંસક્ત હોય તો ભિક્ષા દેતાં તદ્વર્ણ જીવોનો વધ થાય છે તેથી લેવું ન કલ્પે.

[૬૩૦] પીસવું, ખાંડવું, દળવું આદિ કરતી દાત્રીના હાથે લેતાં જળ અને બીજનું સંઘટ્ટન સંભવે છે. કેમકે તલ આદિ સચિત્ત તેના હસ્તાદિમાં લાગેલા સંભવે છે. હાથ ખંખેરવાથી કે ભિક્ષાના સંબંધથી કે ભિક્ષા આપીને જળ વડે હાથ ધોવાથી જળ અને બીજનો વિનાશ સંભવે છે. આ જ પ્રમાણે ખાંડવા અને દળવામાં યથાયોગ્ય ભાવના કરવી. ભુંજતી વખતે તે ભિક્ષા આપતી હોય તો લાગવાથી કડાઈમાં નાંખેલા ચણા આદિ બળી જાય છે. એ રીતે પીંજવું, લોઢવું આદિમાં જળ વડે હાથ ધોતા જળનો વિનાશ થાય છે. માટે તેની પાસેથી ભિક્ષા લેવી ન કલ્પે.

હવે છકાય વ્યગ્રહસ્તાદિ દોષોનું સ્વરૂપ —

● **મૂલ-૬૩૧ થી ૬૩૫ :-**

***[૬૩૧,૬૩૨] હાથમાં સજીવ લવણ, જળ, અગ્નિ, બસ્તિ, ફલાદિ અને મત્સ્યાદિ હોય, તેને ભૂમિ પર નાંખીને આપે, તેને પગ વડે હલાવે, તેને શેષ અવયવ વડે સંઘટ્ટન કરે, તેનો જ આરંભ કરે, ભૂમિને ખોદે, સ્નાન કરે, ધોવે, કંઈક છાંટે, છંદ અને વિશારણને કરે, ફરકતા ત્રસકાયને છેદે.***

***[૬૩૩] કેટલાંક આચાર્યો છકાય વ્યગ્રહસ્તા એટલે કોલાદિ કર્ણ ઉપર રાખેલા હોય અને સિદ્ધાર્થ પુષ્પોને મસ્તક ઉપર રાખેલા હોય, તો તેના હાથથી આપેલું ન કલ્પે એમ કહે - [૬૩૪] - બીજા કહે છે કે — દશે એષણા મધ્યે તેનું ગ્રહણ કર્યું નથી, તેતી તે વર્જવા લાયક નથી, તેને જવાબ આપે છે કે દાયકના ગ્રહણથી તેનું ગ્રહણ આવી જ જગયું.***

***[૬૩૫] સંસક્તિવાળા દેશમાં સંસક્તિવાળા દ્રવ્ય વડે જેના હાથ કે પાત્ર લેંપાયેલ છે એવી દાત્રી વર્જવી તથા મોટા વાસણને ઉતારતાં સંચારિમ પ્રાણીનો વિનાશ થાય, વાસણ ઉંચુ ઉપાડતા પણ તે જ દોષ થાય છે.***

● **વિવેચન-૬૩૧ થી ૬૩૫ :-**

છ કાય વ્યગ્રહસ્તા સ્ત્રી જો આ સજીવ લવણાદિમાંથી કોઈપણને સાધુને ભિક્ષા આપવાને ભૂમિ ઉપર નાંખે તો તેના હાથેથી ભિક્ષા ન કલ્પે. છ કાયને પગ વડે સ્પર્શે, હાથ આદિ વડે તેનું સંઘટ્ટન કરે. કોશ આદિ વડે પૃથ્વી આદિને ખોદે. આમ કહી પૃથ્વીકાયનો આરંભ કહ્યો. તેણી શુદ્ધ જળ વડે સ્નાન કરે, વસ્ત્રો ધુએ, વૃક્ષાદિને સીંચે આ ક્રિયા થકી અપ્‌કાયનો આરંભ કહ્યો. ફુંક મારી અગ્નિ સળગાવતી કે સચિત્ત વાયુથી ભરેલ બસ્તિ વગેરેને આમ તેમ નાંખતી, એમ કહીને અગ્નિ અને વાયુનો આરંભ કહ્યો. શાક વગેરેને છેદતી-વિશારતી, તંદુલ કે મગ આદિને સાફ કરતી, ત્રસકાયરૂપ મત્સ્યાદિ પીડા વડે ઉછળતાને છેદતી, એમ કહી ત્રસકાયનો આરંભ કહ્યો. આ પ્રમાણે છ જીવનિકાયનો આરંભ કરતી દાત્રીના હાથે લેવું ન કલ્પે.



કેટલાંક આચાર્યો બોર વગેરેનું ગ્રહણ કરે છે, કાનમાં ધારણ કરેલા કે મસ્તકે રાખેલા સરસવ અને પુષ્પોને પણ વર્જે છે, તેમના મતે છકાયવ્યગ્રહસ્તા પદથી છકાયનો સ્પર્શ કરતી એ પદનો વિશેષ દુરુપપાદ છે. તો કોઈ કહે છે કે છકાય વ્યગ્રહસ્તા શબ્દનું ગ્રહણ દશે એષણા દોષોમાં નથી. તેથી કોલાદિ વડે યુક્ત દાત્રીથી ભિક્ષાનું ગ્રહણ વર્જ્ય નથી. તેમને ઉત્તર આપે છે કે ‘દાયક’ દોષમાં છકાય વ્યગ્રહસ્તાનું ગ્રહણ થઈ જ જાય છે.

ગાથા-૬૩૫નો અર્થ સ્પષ્ટ જ છે. વિશેષ આ — સંચાર એટલે સંચારિમ કીટિકા, મત્કોટ આદિ પ્રાણીનો વ્યાઘાત. મોટા પિઠરાદિ વાસણ વારંવાર ઉપાડાતા નથી, જેમ-તેમ તેનો સંચાર થતો નથી, વિશેષ પ્રયોજનથી જ તેને ક્યારેક ઉપાડાય છે. તેથી પ્રાયઃ તેને આશ્રીને કીટિકાદિ પ્રાણી સંભવે છે. તેથી તેને ઉદ્‌વર્ત કરીને અપાય ત્યારે તેને આશ્રીને રહેલા જંતુનો વિનાશ થાય છે. દાત્રીને પણ પીડા થાય, માટે તેમાં ભિક્ષા ન કલ્પે.

● **મૂલ-૬૩૬ થી ૬૩૮ :-**

***[૬૩૬] ઘણાંને સાધારણ એવી વસ્તુ આપતાં અનિસૃષ્ટમાં કહેલા દોષો લાગે છે, તથા ચોરી વડે કર્મકર કે પુત્રવધૂ આપે તો ગ્રહણાદિ દોષ લાગે. - [૬૩૭] - પ્રાભૃતિકાને સ્થાપન કરીને આપે તો પ્રવર્તનાદિ દોષો લાગે, અપાય ત્રણ ભેદે — તિર્યક્, ઉર્ધ્વ, અધઃ, ધાર્મિકાદિ માટે સ્થાપન કરેલું કે અન્ય સંબંધી દ્રવ્ય પરનું છે માટે ન લેવું. - [૬૩૮] - જાણવા છતાં પણ અનુકંપાએ કરીને કે પ્રત્યનીકાર્થપણાથી તે એષણાના દોષોને કરે છે. બીજો અજાણતા જ અશઠપણે કરે છે.***

● **વિવેચન-૬૩૬ થી ૬૩૮ :-**

[૬૩૬] ગાથાર્થ કહ્યો. વિશેષ આ — ચોરીથી આપે તો બંધન, તાડન આદિ દોષો લાગે, માટે તેની પાસેથી લેવું ન કલ્પે. - [૬૩૭] - આ ગાથામાં પ્રાભૃતિકા સ્થાપન આદિ ત્રણ દોષ કહેલ છે. તે આ — બલિ આદિ નિમિત્તે ઉપહારને સ્થાપીને જે દાત્રી ભિક્ષા આપે તેમાં પ્રવર્તનાદિ દોષો લાગે. અપાય ત્રણ ભેદે છે :- તીર્છો અપાય - ગાય આદિથી, ઉર્ધ્વ અપાય - બારસાખ ઉપરના કાષ્ઠ થકી, અધો અપાય - સર્પ, કાંટા આદિથી. આ અપાય જાણીને તેની પાસેથી ભિક્ષા ન લે. અન્ય સાધુ, કાર્પટિકાદિ નિમિત્તે સ્થાપન કરેલ હોય. તે પરમાર્થથી બીજા સંબંધી છે, માટે ન લેવું, તેનાથી અદત્તાદાન દોષ લાગે અથવા પર એટલે ગ્લાનાદિ, તેનું પણ લેવું ન કલ્પે. માત્ર તેમાં જો “ગ્લાનાદિ ન લે તો તમે વાપરજો એમ કહેલ હોય તો લેવું કલ્પે. -

[૬૩૮] - મુનિ સદા અંત પ્રાંત જે ખાય છે તો અનુકંપાથી ઘેબર આદિ કરે અથવા સાધુને અનેષણીય ન લેવાનો જે નિયમ છે, તેનો ભંગ કરાવવાની બુદ્ધિથી આધાકર્માદિ દોષો કરે અથવા અશઠ ભાવથી જ કોઈ અજાણતા જ વહોરાવે. હવે ‘ભજના’ સમજાવે છે.

● મૂલ-૬૩૯ થી ૬૪૨ :-

*[૬૩૯] બાળક પોતે ભિક્ષામાત્ર જ આપે કે કોઈના કહેવાથી આપે તો તે ગ્રહણ કરાય, પરંતુ ઘણું આપે તો વિચારવું, અનુજ્ઞા હોય તો કલ્પે - [૬૪૦] - સ્થવિર છતાં પ્રભુ હોય, થરથરતો છતાં બીજાએ ધારણ કરેલ હોય કે દૃઢ શરીરી હોય તો કલ્પે છે. કંઈક મત્ત હોય તો પણ શ્રાવક, અ-પરાધીન અને અસાગારિક હોય તો કલ્પે છે. - [૬૪૧] - દૃપ્તાદિ જો શુચિ અને ભદ્રક હોય, કંપતો પણ દૃઢ હાથવાળો હોય, જ્વર પણ શિવ હોય અને અંધ પણ જો શ્રાવક હોય અને દેય વસ્તુ બીજાએ ધારણ કરી હોય અથવા અંધને બીજાએ ધારણ કરેલ હોય તો તેની પાસેથી કલ્પે છે. - [૬૪૨] મંડલ અને પ્રસૂતિરૂપ કોઢવાળા પાસેથી સાગારિકના અભાવે કલ્પે, પાદુકારૂઢ અચળ હોય તો કલ્પે, પગ બંધાયેલો ચાલી શકતો હોય તો કલ્પે, ન ચાલી શકતો હોય તો સાગારિકના અભાવે બેઠો બેઠો આપે તો કલ્પે.*

● વિવેચન-૬૩૯ થી ૬૪૨ :-

[૬૩૯] માતાની ગેરહાજરીમાં બાળક અલ્પ ભિક્ષા આપે કે પાસે રહેલ માતાદિના કહેવાથી બાળક વડે અપાય તો ભિક્ષા કલ્પે છે. બાળક જો ઘણું આપતું હોય તો તેના માતાપિતાદિની અનુજ્ઞા હોય તો કલ્પે. અન્યથા ન કલ્પે. - [૬૪૦] - સ્થવિર અને મત્તના વિષયવાળી ભજનાને આ ગાથામાં કહે છે, ગાથાર્થ સ્પષ્ટ જ છે. - [૬૪૧] - ઉન્મત એટલે દૃપ્તાદિ અર્થાત્ મદોન્મત્ત કે ગ્રહગૃહિતાદિ, તે જો શુચિ અને ભદ્રક હોય તો તેના હાથેથી દીધેલું કલ્પે, અન્યથા ન કલ્પે. શેષ વૃત્તિ ગાથાર્થ મુજબ જાણવી. - [૬૪૨] - હવે ત્વગ્દોષાદિ પાંચની ભજના કહે છે — ગોળાકાર વિશેષ પ્રકારના ખરજવા, નખાદિથી વિદારાતા છતાં ચેતનાનું જ્ઞાન ન થાય એવા પ્રકારનો જે શુષ્ક કોઢ રોગ હોય તેવો તે સાગારિક અભાવે આપે તો લેવું કલ્પે. બીજા કુષ્ઠી કે સાગારિકના દેખતા લેવું ન કલ્પે. - x - પગે બંધાયેલા જો પીડારહિતપણે આમ-તેમ જઈ શકતો હોય તો તેની પાસેથી કલ્પે અન્યથા લેવું ન કલ્પે. હાથ બાંધેલ હોય તે તો ભિક્ષા દેવા સમર્થ જ નથી, તેથી પ્રતિષેધ જ છે. પણ ઉપલક્ષણથી મૂકેલ છે. શેષ કથન ગાથાર્થ મુજબ છે.

● મૂલ-૬૪૩ થી ૬૪૬ :-

*[૬૪૩] નપુંસક જો અપ્રતિસેવી હોય, પ્રસૂતિ વેળા થઈ હોય, બાળક સ્તન વડે જીવતો હોય, એ જ પ્રમાણે બીજા બધાં જાણવા, મુસળ ઉંચુ કરેલ હોય, તેમાં કોઈ બીજ લાગેલા ન હોય, તેને અનાપાત સ્થાનમાં સ્થાપે તો કલ્પે.*



*- [૬૪૪] - પીસતી સ્ત્રી પીસી રહી હોય, પ્રાસુકને પીસતી હોય, અસંસક્તનું મથન કરતી હોય, શંખ ચૂર્ણ વડે હાથ ખરડ્યા વિના કાંતતી હોય કે ખરડેલા હાથને જળ વડે ધોતી ન હોય - [૬૪૫] - ઉદ્વર્તનને વિશે અસંસક્ત હાથ વડે અસ્થિકને સ્પર્શતી ન હોય તથા પીંજણ અને પ્રમર્દનને વિશે પણ પશ્ચાત્કર્મ ન કરતી હોય તો તેણીના હાથથી આપેલું કલ્પે છે. - [૬૪૬] - કાયગ્રહણ આદિ શેષ દ્વારોને વિશે પ્રતિપક્ષ સંભવતો નથી તેથી પ્રતિપક્ષના અભાવે નિશ્ચયે તેનું અગ્રહણ જ છે.*

● વિવેચન-૬૪૩ થી ૬૪૬ :-

[૬૪૩] નપુંસક પણ જો લિંગાદિ સેવનાર ન હોય તો તેની પાસેથી કલ્પે. ગર્ભવતી પણ નવમા માસના ગર્ભવાળી હોય તો સ્થવિર કલ્પી તેનો ત્યાગ કરે, પણ આઠ માસ સુધીની હોય તો સ્થવિરકલ્પીને તેણીના હાથથી લેવું કલ્પે છે. સ્તનપાનથી જ જીવતા બાળકની માતા પાસેથી લેવું ન કલ્પે. પણ આહાર કરતા થયેલ બાળકની માતા પાસેથી લેવું કલ્પે. જિનકલ્પિકો તો બંનેને સર્વથા વર્જે છે. ભોજન કરતી એ કોળીયો હજી મુખમાં મૂકેલ ન હોય તો તેણીના હાથે કલ્પે છે. ભુંજતી એવી એ પણ સચિત્ત ગોધૂમાદિ શેકીને ઉતાર્યા હોય અને બીજા હજુ હાથમાં ન લીધા હોય ત્યારે સાધુને આપે તો લેવું કલ્પે છે. દળેલા સચિત્ત મગ આદિ સાથે છંટી મૂકી દે તેવા સમયે આવેલા સાધુને આપે કે સચિત્ત મગ આદિ દળતી હોય તો તેની પાસેથી લેવું કલ્પે છે. મુશળના વિષયમાં ગાથાર્થ મુજબ જાણવું. હવે ભજના કહે છે —

[૬૪૪,૬૪૫] ગાથાર્થ સ્પષ્ટ જ કહેલ છે વૃત્તિમાં વિશેષ આ પ્રમાણે છે — પશ્ચાત્કર્મ ન થાય તે પ્રકારે ગ્રહણ કરવું સાધુને કલ્પે છે.

[૬૪૬] ગાથાર્થ સ્પષ્ટ છે —૦— હવે ઉન્મિશ્ર દ્વાર કહે છે :-

● મૂલ-૬૪૭ થી ૬૫૦ :-

*[૬૪૭] અહીં સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ ભેદ છે. તેમાં મિશ્રમાં ચતુર્ભંગી છે. પહેલાં ત્રણ ભંગમાં નિષેધ અને છેલ્લામાં ભજના છે. - [૬૪૮] - જેમ પહેલાં સંહરણ દ્વારમાં કાયના ભંગો દેખાડ્યા, તેમજ ઉન્મિશ્ર દ્વારમાં પણ કહેવા, તેમાં આટલું વિશેષ છે - [૬૪૯] - દેય ઓદન અને અદેય દહીં આદિ, બંને તે મિશ્ર કરીને આપે તે ઉન્મિશ્ર. સદેય વસ્તુને બીજે સ્થાને મૂકીને જે આપે તે સંહરણ કહેવાય છે - [૬૫૦] - તેમાં પણ શુષ્કને વિશે શુષ્ક ઈત્યાદિ ચાર ભંગો, સંહૃતની જેમ કહેવા. અલ્પ અને બહુને આશ્રીને પણ ચાર કહેવા, તે જ પ્રમાણે આચીર્ણ અને અનાચીર્ણ જાણવા.*

● વિવેચન-૬૪૭ થી ૬૫૦ :-

[૬૪૭] અહીં જે જેને વિશે મિશ્ર કરાય છે, તે બંને વસ્તુ ત્રણ પ્રકારે છે — સચિત્ત, અચિત્ત, મિશ્ર. તેથી મિશ્રને વિશે ચતુર્ભંગી થાય છે. તેમાં (૧) સચિત્ત અને મિશ્રપદથી (૨) સચિત્ત અને અચિત્ત પદથી, (૩) મિશ્ર અને અચિત્ત પદથી, એમ

ત્રણ ચતુર્ભંગી થાય છે જે પૂર્વવત્ સમજી લેવી. ગાથાર્થ કહેલ જ છે, હવે અતિદેશને કહે છે — [૬૪૮] પહેલાં સંહરણ દ્વાર માફક ૪૩૨ ભંગો અહીં પણ કહેવા. જેમકે — સચિત્ત પૃથ્વીકાય સચિત્ત પૃથ્વીકાયને વિશે ઉન્મિશ્ર, સચિત્ત પૃથ્વીકાય સચિત્ત અપ્કાયને વિશે ઉન્મિશ્ર. એવા ૩૬-ભંગો થાય. પ્રત્યેક સંયોગોમાં વળી ચતુર્ભંગી થાય. એ પ્રમાણે ૩૬ને ૧૨ વડે ગુણવાથી ૪૩૨-ભંગો થાય.

[૬૪૯] સંહૃત અને ઉન્મિશ્રના તફાવતને જણાવવા આ ગાથા કહેલ છે - સાધુને આપવા લાયક અને ન આપવા લાયક વસ્તુને મિશ્ર કરીને આપવી તે ઉન્મિશ્ર કહેવાય, સંહરણમાં સ્થાનનું પરિવર્તન હોય છે.

[૬૫૦] અચિત્તમાં અચિત્તને મિશ્ર કરે ત્યાં પણ શુષ્કમાં શુષ્ક મિશ્ર એમ ચાર ભંગ સંહરણમાં કહ્યા મુજબ જાણવા. જેમકે શુષ્કમાં શુષ્ક, શુષ્કમાં આર્દ્ર, આર્દ્રમાં શુષ્ક, આર્દ્રમાં આર્દ્ર. તે પ્રત્યેક પણ સંહરમની જેમ અલ્પ અને બહુ વડે ચાર-ચાર ભંગ પામે સર્વ સંખ્યાથી ૧૬-ભંગ થાય. કલ્પ્ય અને અકલ્પ્ય ઉન્મિશ્ર પણ સંહરણની જેમ જાણવું. તેમાં સ્તોકમાં સ્તોક કે બહુમાં સ્તોક ઉન્મિશ્ર કલ્પ્ય છે. બાકીના બે અકલ્પ્ય છે ઈત્યાદિ - x -

ઉન્મિશ્રદ્વાર કહ્યું હવે અપરિણત દ્વાર કહે છે —

● **મૂલ-૬૫૧ થી ૬૫૪ :-**

***[૬૫૧] - અપરિણત પણ દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે તે દરેકના બબ્બે પ્રકાર છે, દ્રવ્યને વિશે છ પ્રકાર અને ભાવને વિશે ભાઈઓ છે. - [૬૫૨] - જીવપણું ન ગયું હોય તો અપરિણત અને જીવ જતાં પરિણત કહેવાય છે. તેમાં દુધ અને દહીં દૃષ્ટાંત છે, તે પણ અપરિણત અને પરિણત જાણવું. - [૬૫૩] - બે વગેરે સામાન્ય વસ્તુમાં જો હું ‘દઉં’ એમ એકની પરિણતિ થાય અને બીજાની ન થાય તો ભાવથી અપરિણત જાણવું. - [૬૫૪] - તેઓમાં કોઈ એકે મનમાં પરિણમાવ્યું અને બીજાએ ન પરિણમાવ્યું તો તે પણ અગ્રાહ્ય છે. ભાઈ અને સ્વામી દાતા છે, સાધુ ગ્રહીતા છે.***

● **વિવેચન-૬૫૧ થી ૬૫૪ :-**

[૬૫૧] અપરિણત બે પ્રકારે — દ્રવ્યથી અપરિણત, ભાવથી અપરિણત. વળી તે પ્રત્યેક દાતા અને ગ્રહીતાના સંબંધથી બે પ્રકારે છે. તે આ પ્રમાણે — દાતા સંબંધી દ્રવ્ય અપરિણત, ગ્રહીતા સંબંધી દ્રવ્ય અપરિણત. - [૬૫૨] - સચેતનપણું નાશ ન થતાં પૃથ્વીકાયિકાદિ દ્રવ્ય અપરિણત કહેવાય, પણ ચાલી જતાં પરિણત કહેવાય. જેમ દુધ દુધપણાથી ભ્રષ્ટ થઈ દહીંપણાને પામતા પરિણત કહેવાય. દુધપણું અવસ્થિત હોય તો અપરિણત કહેવાય. તેમ પૃથ્વીકાયિકાદિ પણ સ્વરૂપથી સજીવ છે, ત્યારે તે અપરિણત કહેવાય અને જીવપણાથી મુક્ત થતાં પરિણત કહેવાય. જ્યારે તે દાતાની સત્તામાં હોય ત્યારે દાતા સંબંધી, ગ્રહીતાની સત્તામાં હોય ત્યારે ગૃહીતા સંબંધી છે.

[૬૫૩] દાતા વિષયક ભાવ અપરિણત - ભાઈ વગેરે બે, ત્રણ આદિને



સાધારણ એવી દેય વસ્તુ વિશે જો કોઈ એકનો ‘હું આપુ’ એવો ભાવ થાય, બીજાનો ન થાય તો તે ભાવ અપરિણત. વિશેષ એ કે જ્યારે દાતા પ્રત્યક્ષ ન હોય ત્યારે સાધારણ અનિસૃષ્ટ કહેવાય. દાતા પ્રત્યક્ષ હોય ત્યારે દાતૃ ભાવ અપરિણત કહેવાય. - [૬૫૪] - ગૃહિતા સંબંધી ભાવ અપરિણત - કોઈ એક આગળ કે પાછળ રહેલા સાધુએ આ એષણીય છે એમ મનમાં પરિણમાવ્યું, બીજાએ ન પરિણમાવ્યુ તે ભાવ અપરિણત છે, માટે સાધુને અગ્રાહ્ય છે. ગ્રહણ કરવાથી શંકિતત્વ અને કલહાદિ દોષ સંભવે છે. —૦— અપરિણત દ્વાર કહ્યું. હવે લિપ્તદ્વાર કહે છે :—

● **મૂલ-૬૫૫ થી ૬૬૪ :-**

***[૬૫૫] અલેપકૃતને જ ગ્રહણ કરવું, લેપકૃતને ગ્રહણ કરવામાં પશ્ચાત્કર્મ આદિ દોષ ન થાઓ અને રસની ગૃદ્ધિનો પ્રસંગ થતો નથી. આમ કહેતા શિષ્ય પૂછે છે કે — [૬૫૬] - જો પશ્ચાત્કર્મ હોય તો કદાપિ ખાવું જ નહીં ? હે શિષ્ય ! અનશન કરતા સાધુને તપ, નિયમ અને સંયમની હાનિ થાય.***

***[૬૫૭] લિપ્ત દોષ જણાવી અલેપ લેવું એમ ગુરુએ કહ્યું, ત્યારે શિષ્ય કહે છે કે — છ માસ ઉપવાસ કરવા, તેવી શક્તિ ન હોય તો હાનિ કરતા કરતા ઉપવાસ કરી આયંબિલ કરવું, તેમાં પણ અશક્ત હોય તો અલ્પ લેપ ગ્રહણ કરવું. - [૬૫૮] - નિરંતર છ માસના ઉપવાસ કરીને પારણે આયંબિલ કરો, જો છ માસી કરવાની શક્તિ ન હોય તો એક દિવસ ઓછો કરો. [૬૫૯] એ રીતે એક એક દિવસ ઉપવાસ કરીને આયંબિલનું પારણું કરો, એવી પણ શક્તિ ન હોય તો દિવસે દિવસે નિર્લેપ આયંબિલ કરો. [૬૬૦] શિષ્યએ આવું કહેતા આચાર્ય ઉત્તર આપે છે — હાલમાં કે આગામી કાળે યોગની હાનિ ન થતી હોય તો ઉપવાસી થાઓ, તેવી શક્તિ ન હોય તો ક્ષપણાંતર કરો, પણ આયંબિલ અવશ્ય કરો.***

***[૬૬૧] ફરી શિષ્ય કહે છે — નીચેની પૃથ્વીમાં અને કોશલ દેશમાં રહેનારા મનુષ્યો સૌવીર અને કૂરિયા ખાનારા છે, તેઓ પણ જો નિર્વાહ કરે છે, તો સાધુ કેમ નિર્વાહ ન કરે ? - [૬૬૨] - આચાર્ય કહે છે — સાધુઓને ત્રણ શીત છે, તે જ ત્રણ ગૃહસ્થોને ઉષ્ણ છે. તેથી સાધુઓને તક્રાદિ ગ્રહણ કરવાની અનુજ્ઞા આપી છે તથા કટ્ટરાદિકમાં ભજના છે - [૬૬૩] - તે ત્રણ કયા છે ? આહાર, ઉપધિ, શય્યા એ ત્રણે ગૃહસ્થોને શીતકાળમાં પણ ઉષ્ણ હોય છે. તેથી તેઓનો આહાર બંને પ્રકારે ઉષ્ણ વડે જીર્ણ થાય છે. - [૬૬૪] - આ ત્રણે સાધુઓને ગ્રીષ્મઋતુમાં પણ શીતળ થાય છે, તેથી જઠરાગ્નિ મંદ થાય છે. તેથી અજીર્ણાદિ દોષ થાય છે.***

● **વિવેચન-૬૫૫ થી ૬૬૪ :-**

[૬૫૫] સાધુએ હંમેશા અલેપકૃત્ - વાલ, ચણા આદિ જ ગ્રહણ કરવા. કેમકે લેપકૃત્‌ના ગ્રહણમાં પશ્ચાત્કર્માદિ એટલે દહીં આદિ વડે લેપાયેલ હાથ આદિને ધોવા

ઈત્યાદિ દોષ ન લાગે છે. આદિ શબ્દથી કીટિકાદિ વડે સંસક્ત એવા વસ્ત્રાદિને લુંછવા વગેરેનું ગ્રહણ કરવું. વળી અલેપકૃત લેવાથી રસના આહારમાં લંપટપણાની વૃદ્ધિ થતી નથી. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે –

[૬૫૬] ઉક્ત દોષો થતા હોય તો કદાપિ સાધુએ ભોજન ન કરવું, કેમકે તેથી સર્વ દોષોની ઉત્પત્તિનો મૂળથી જ નાશ થાય છે. આચાર્ય કહે છે – હે શિષ્ય ! સર્વકાળ અનશનતપને કરવો શક્ય નથી. તેથી તપાદિની હાનિ થાય. ફરી શિષ્ય કહે છે – તો પછી છ માસી તપ કરે, કરીને અલેપકૃત્ પારણું કરે. ગુરુ ઉત્તર આપે છે કે – જો તેમ કરતા તપ, નિયમ, સંયમના યોગો કરવાને શક્તિમાન થતો હોય તો ભલે કરે. ફરી શિષ્ય કહે છે – જો એમ હોય તો છ માસ ઉપવાસ કરીને આયંબિલ કરે, જો તેવી શક્તિ ન હોય તો એકાદિ દિવસની હાનિ કરીને આયંબિલ કરે, જો તેવી શક્તિ ન હોય તો એકાદિ દિવસની હાનિ કરીને પારણે આયંબિલ કરે, તેમ પણ ન થાય તો એક-એક દિવસની હાનિ કરતાં-કરતાં છેલ્લે એક ઉપવાસ અને પારણે આયંબિલ કરે, તેમ પણ ન કરી શકે તો સર્વદા અલેપકૃત જ ગ્રહણ કરે.

[૬૫૭] ગુરુ કહે છે કે "જે લિપ્ત છે તે સદોષ છે." એમ કહી અલેપકૃત્ ભોજન કરે, તેવી તીર્થીકરની અનુજ્ઞા છે. ત્યારે શિષ્યે કહ્યું કે – જાવજ્જીવ ભોજન ન કરે યાવત્ ઘટતાં ઘટતાં છેલ્લે રોજ અલેપકૃત્ ગ્રહણ કરે.

[૬૫૮,૬૫૯] ગાથાર્થ કહ્યો છે. વૃત્તિમાં કોઈ જ વિશેષતા નથી. જ્યારે શિષ્યએ છમાસી તપ કે તે ન થઈ શકે તો યાવત્ અલેપકૃત્ આયંબિલને જ ગ્રહણ કરવાનું કહ્યું, ત્યારે ગુરુ જણાવે છે કે – [૬૬૦] - જો તે સાધુને વર્તમાન કાળે કે ભાવિકાળે પ્રત્યુપેક્ષણાદિરૂપ સંયમ યોગનો નાશ ન થતો હોય તો છ માસ આદિનો ઉપવાસ કરે યાવત્ સર્વદા આયંબિલરૂપ તપ કરે. પરંતુ હાલમાં સેવાર્ત્ત સંહનનવાળાને તેવી શક્તિ નથી, તેથી આવો ઉપદેશ કરાતો નથી.

ફરી શિષ્ય કહે છે – [૬૬૧] - નીચેની પૃથ્વીમાં રહેનારા મહારાષ્ટ્રીઓ અને કોશલ દેશોત્પન્ન મનુષ્યો સર્વદા સૌવીર અને કૂરીયાનું જ ભોજન કરનારા છે, તેમને પણ સેવાર્ત્ત સંહનન છે, તેઓ જો આ રીતે યાવજ્જીવ નિર્વાહ કરે છે, તો મોક્ષૈકલક્ષી સાધુઓ નિર્વાહ કેમ ન કરે ? આચાર્ય જણાવે છે –

[૬૬૨] આગળ કહેવાનાર ત્રણ વસ્તુ સાધુને શીતળ છે, હંમેશાં આયંબિલ કરવામાં તક્ર આદિના અભાવે આહાર પાચન અસંભવથી અજીર્ણાદિ દોષો પ્રગટ થાય છે અને તે જ ત્રણ વસ્તુ ગૃહસ્થોને ઉષ્ણ છે, તેથી સૌવીર અને કૂરિયા માત્રના ભોજન છતાં તેમને આહારનું પચવું થતું હોવાથી અજીર્ણાદિ દોષ થતા નથી. તેથી તેઓ તેવા પ્રકારે નિર્વાહ કરી શકે છે. પણ સાધુઓને તો ઉપર કહ્યા મુજબ દોષો થાય છે, તેથી સાધુઓને તક્રાદિક ગ્રહણ કરવાની અનુજ્ઞા છે. અહીં પ્રાયઃ સાધુને વિકૃતિના પરિભોગનો ત્યાગ કરીને સર્વદા પોતાના શરીરની યાપના કરવી જોઈએ અને શરીરની



અપટુતા હોય ત્યારે સંયમ યોગની વૃદ્ધિ માટે બળ પ્રાપ્ત કરવા કદાચિત્ વિકૃતિનો ઉપયોગ કરવો. સૂત્રમાં કહ્યું છે કે – વિગઈના પરિભોગમાં તક્રાદિ જ ઉપયોગી છે, તેથી તક્રાદિનું ગ્રહણ કરવું ધૃતિવટિકા સહિતનું ગ્રહણ વિકલ્પો કરાય છે તેથી ગ્લાનત્વાદિ પ્રયોજનમાં જ ગ્રહણ કરવું, શેષકાળે નહીં.

[૬૬૩] હવે તે ત્રિક કયા છે ? તે કેહ છે – ગૃહસ્થોને આહાર, ઉપધિ, શય્યા ત્રણે શીતકાળે પણ ઉષ્ણ થાય છે. તેથી તેમને તક્રાદિ વિના પણ બાહ્ય અને અભ્યંતર તાપ વડે આહાર જીર્ણ થાય છે. તેમાં ભોજનના વશથી અભ્યંતર અને શય્યા તથા ઉપધિના વશથી બાહ્ય તાપ વડે જીર્ણ થાય છે. - [૬૬૪] - આ જ ત્રણે સાધુઓને ગ્રીષ્ણ કાળમાં પણ શીતળ હોય છે. સાધુને ઘણાં ઘરોમાંથી થોડો-થોડો આહાર લાભ થવા વડે ઘણો કાળ જતાં આહાર શીતળ થાય છે. ઉપધિ વર્ષમાં એક જ વાર ધોવાથી મલિનતાને લીધે અને વસતિ સમીપે અગ્નિ કરવાનો અભાવ હોવાથી શીતળતા થાય છે. વળી જઠરાગ્નિના ઉપઘાતથી અજીર્ણ, ક્ષુધાની મંદતા આદિ દોષો થાય છે. તેથી સાધુને તક્રાદિની અનુજ્ઞા આપી છે. જેથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.

હવે અલેપ દ્રવ્યોને દેખાડે છે –

**● મૂલ-૬૬૫ થી ૬૬૮ :-**

***[૬૬૫] ઓદન, માંડા, સાથવો, કુલ્માષ, રાજમાષ, કલા, વાલ, તુવેર, મસૂર, મગ અને અડદ વગેરે બધાં સૂકાયેલા હોય તે અલેપકૃત્ છે. - [૬૬૬] - અલ્પલેપવાળા દ્રવ્યો દર્શાવે છે – ઉદ્ભેદ્ય, પેય, કંગૂ, તક્ર, ઉલ્લણ, સૂપ, કાંજી, ક્વથિત આદિ. તેને વિશે પશ્ચાત્કર્મની ભજના છે. - [૬૬૭] - ક્ષીર, દધિ, જાઉ, કટ્ટર, તેલ, ઘી, ફાણિત, સપિંડરસ આદિ દ્રવ્યો બહુ લેપવાળા છે, તેમાં પશ્ચાત્કર્મ અવશ્ય કરવાનું છે. - [૬૬૮] - હાથ અને પાત્ર પણ સંસૃષ્ટ અથવા અસંસૃષ્ટ હોય છે, દ્રવ્ય પણ સાવશેષ કે નિરવશેષ હોય છે. તેને વિશે આઠ ભંગ થાય છે. તેમાં વિષમ ભંગમાં અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય છે.***

**● વિવેચન-૬૬૫ થી ૬૬૮ :-**

[૬૬૫] ઓદન - ભાત, मंडुक - માંડા, सक्तु - સાથવો, कुल्माष - અડદ, રાજમાષા - ઓળા, कला - ગોળ ચણા કે વટાણા, वल्ला-વાલ, तुवरी-તુવેર, મસૂર - દ્વિદળ વિશેષ, મગ. આવા ધાન્યો સૂકા હોય તે અલેપકૃત જાણવા. - [૬૬૬] - અલ્પલેપવાળા દ્રવ્યો - उद्भेद्य - વત્થુલાની ભાજી, पेय - રાબડી, कंगू - કોદરાના ચોખા, तक्र - છાશ, ઉલ્લણ - ઓસામણ, सूप - રાંધેલી દાળ કાંજિક - સૌવીર, ક્વથિત - તીમનાદિક. આવી બળ વસ્તુ અલ્પલેપવાળી છે, તેમાં પશ્ચાત્કર્મની ભજના છે. હવે બહુ લેપવાળા દ્રવ્યોને બતાવે છે –

- [૬૬૭] - क्षीर - દુધ, दधि - દહીં, जाउ - ક્ષીરપેયા, फाणित - ગોળનું પાણી. સપિંડ રસ - અતિ અધિક રસવાળા ખજૂર આદિ. આ બધાં દ્રવ્યો બહુલેપકૃત્ હોવાથી તેમાં પશ્ચાત્કર્મ અવશ્ય થાય છે.

- [૬૬૮] - દાતા સંબંધી હાથ સંસૃષ્ટ કે અસંસૃષ્ટ હોય છે, જેનાથી ભિક્ષાને આપે છે તે પાત્ર પણ સંસૃષ્ટ કે અસંસૃષ્ટ હોય છે. દ્રવ્ય પણ સાવશેષ કે નિરવશેષ હોય છે. આ સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ પાત્ર, સાવશેષ દ્રવ્ય રૂપ ત્રણ પદ તે પણ પ્રતિપક્ષ સહિતના પરસ્પર સંયોગથી આઠ ભંગ થાય છે. તે આ પ્રમાણે – (૧) સંસૃષ્ટ હાથ સંસૃષ્ટપાત્ર સાવશેષ દ્રવ્ય, (૨) સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટપાત્ર અને નિરવશેષ દ્રવ્ય. (૩) સંસૃષ્ટ હાથ અસંસૃષ્ટ પાત્ર અને સાવશેષદ્રવ્ય ઈત્યાદિ - x - x - આ ભંગમાં અવશ્ય વિષમ એટલે પહેલા, ત્રીજા, પાંચમાં, સાતમાં ભંગમાં ગ્રાહ્ય છે. પણ સમ એટલે બેકી ભંગો અગ્રાહ્ય છે. સારાંશ એ કે – હાથ કે પાત્ર અથવા બંને પોતાના માટે સંસૃષ્ટ કે અસંસૃષ્ટ હોય તો તેના વશથી પશ્ચાત્કર્મ સંભવતુ નથી, પણ દ્રવ્યના વશથી પશ્ચાત્કર્મ સંભવે છે. - x - દ્રવ્ય સાવશેષ હોય તેમાં હાથ અને પાત્ર સાધુને માટે ખરડ્યા હોય તો પણ દાત્રી ધોતી નથી. કેમકે ફરીથી પીરસવાનો સંભવ છે, જેમાં નિરવશેષ દ્રવ્ય હોય - પાત્ર ખાલી હોય, તેમાં સાધુને આપ્યા પછી તે પાત્ર, હાથ આદિ અવશ્ય ધોવે છે, તેથી દ્વિતીયાદિ સમ ભંગોમાં નિરવશેષ દ્રવ્ય હોવાથી પશ્ચાત્કર્મ સંભવે છે. માટે ન કલ્પે. પ્રથમાદિ વિષમ ભંગમાં પશ્ચાત્કર્મનો અસંભવ હોવાથી ગ્રહણ કરવું કલ્પે છે.

લિપ્તદ્વાર કહ્યું છે, હવે છર્દિતદ્વાર કહે છે –

● **મૂલ-૬૬૯,૬૭૦ :-**

***[૬૬૯] સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ છર્દિત તે વિશે ચૌભંગી થાય છે. આ ચૌભંગીને વિશે નિષેધ છે. તેના ગ્રહણથી આજ્ઞાદિ દોષ લાગે છે. - [૬૭૦] - ઉષ્ણના છર્દનમાં દેનાર દાઝે અથવા પૃથ્વી આદિ કાયનો દાહ થાય છે તથા શીતદ્રવ્યના પડવામાં પૃથ્વીકાયાદિની વિરાધના થાય છે, મધુબિંદુ દૃષ્ટાંત –***

● **વિવેચન-૬૬૯,૬૭૦ :-**

છર્દિત, ઉજ્ઝિત અને ત્યક્ત એ બધાં પર્યાયો છે. છર્દિત ત્રણ ભેદે – સચિત્ત, અચિત્ત, મિશ્ર દ્રવ્યના સંયોગથી ચતુર્ભંગી થાય છે. જેમકે સચિત્ત અને મિશ્રપદથી એક ચતુર્ભંગી ઈત્યાદિ - x - તેમાં સચિત્તમાં સચિત્તછર્દિત, મિશ્રમાં સચિત્ત, સચિત્તમાં મિશ્ર અને મિશ્રમાં મિશ્ર આ પહેલી ચઉભંગી. એ પ્રમાણે સચિત્ત અને અચિત્તની, અચિત્ત અને મિશ્રની બે ચઉભંગી થાય છે. આ બધાં ભંગમાં સચિત્ત પૃથ્વીકાય, સચિત્ત પૃથ્વીકાયમાં છર્દિત ઈત્યાદિ વડે સ્વસ્થાન અને પરસ્થાનથી ૩૬-૩૬ વિકલ્પો થાય, તેથી ૩૬ x ૧૨ = ૪૩૨ ભંગો થાય. એ બધામાં ભોજનાદિ ગ્રહણનો નિષેધ છે. જો કદાચ લે તો આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, વિરાધનાદિ દોષો લાગે છે.

છર્દિતના ગ્રહણમાં દોષમાં મધુબિંદુનું દૃષ્ટાંત આ પ્રમાણે –

વારત્તપુર નગર, અભયસેન રાજા, વારત્તક અમાત્ય છે. ધર્મઘોષ નામે મુનિ



ભિક્ષાર્થે અટન કરતા વારતક મંત્રીના ઘેર પધાર્યા. તેની પત્નીએ ઘી, ખાંડ સહિતની ખીરની થાળી ઉપાડી, ખાંડથી મિશ્ર એવું ઘીનું બિંદુ જમીન ઉપર પડ્યું. અરિહંતોક્ત ભિક્ષાગ્રહણ વિધિમાં ઉદ્યમી મુનિ ધર્મઘોષ આ ભિક્ષા છર્દિત દોષ દુષણવાળી જાણી, ‘‘મારે ન કલ્પે’’ એમ વિચારી નીકળી ગયા. તે વાર્ત્તક અમાત્યએ જોયું. તેને વિચાર થયો કે સાધુએ મારે ત્યાં કેમ ભિક્ષા ન લીધી ? ત્યાં માખીઓ આવીને તે ખાંડયુક્તબિંદુમાં ચોંટી.

માખીને ખાવા ગરોળી આવી, ગરોળીને મારવા કાકીડો દોડ્યો, તેને મારવા બિલાડી દોડી, તેના વધાર્થે મહેમાનનો કુતરો દોડ્યો. તેને જોઈ ત્યાંનો સ્થાયી કુતરો દોડ્યો. બંને કુતરા પરસ્પર બાઝ્યા. પોતપોતાના કુતરાનો પરાભવ જોઈ તેના સ્વામીઓ દોડ્યા, તેમની વચ્ચે તલવારથી યુદ્ધ થયું. આ બધું વાર્ત્તકે પ્રત્યક્ષ જોયું. તેને થયું કે એક બિંદુમાં થનાર અધિકરણના ભયથી સાધુએ ભિક્ષા ન લીધી. અહો ! અરિહંત દેવે સારી રીતે ધર્મને જોયો છે સર્વજ્ઞ ભગવંત વિના આવો એકાંત હિતકર ધર્મોપદેશ આપવા કોણ સમર્થ છે ? ઈત્યાદિ વિચારણાથી, સંસારના ભયથી વિમુખ બનેલા વાર્ત્તકે ધર્મઘોષમુનિ પાસે દીક્ષા લીધી. યાવત્ મોક્ષે ગયા.

૦ એષણા દ્વાર કહ્યું. હવે સંયોજનાદિ દ્વારો કહે છે, તેમાં ગ્રાસૈષણા –

● **મૂલ-૬૭૧ થી ૬૭૫ :-**

***[૬૭૧] નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર ભેદે ગ્રાસૈષણા જાણવી. તેમાં દ્રવ્યમાં મત્સ્યનું દૃષ્ટાંત, ભાવમાં પાંચ પ્રકારો છે. - [૬૭૨] - જેમ ઓદનને સાધવા માટે ઇંધણ છે, તેમ અર્થને સાધવા માટે ચરિત અને કલ્પિત બે દૃષ્ટાંત જાણવા. - [૬૭૩ થી ૬૭૫] ત્રણ ગાથા વડે દ્રવ્ય ગાસૈષણામાં મત્સ્યનું દૃષ્ટાંત છે, જેનો અર્થ વિવરણથી જાણવો.***

● **વિવેચન-૬૭૧ થી ૬૭૫ :-**

ગ્રાસૈષણા ચાર ભેદે – નામગ્રાસૈષણા, સ્થાપના ગ્રાસૈષણા, દ્રવ્ય વિષયક ગ્રાસૈષણા, ભાવવિષયક ગ્રાસૈષણા. તેમાં ગ્રહણૈષણાવત્ બધું જ જાણવું. વિશેષ આ – તદ્વ્યતિરિક્ત ગ્રાસૈષણામાં મત્સ્યનું દૃષ્ટાંત છે. ભાવ વિષયક ગ્રાસૈષણા બે ભેદે – આગમથી, નોઆગમથી. નોઆગમમાં પણ બે ભેદો – પ્રશસ્ત અને અપ્રશસ્ત. તેમાં સંયોજનાદિ દોષ રહિત હોય તે પ્રશસ્ત અને સંયોજનાદિ દોષયુક્ત હોય તે અપ્રશસ્ત છે.

અહીં વિવક્ષિત અર્થના પ્રતિપાદન માટે બે પ્રકારનું ઉદાહરણ જાણવું. તે આ પ્રમાણે – ચરિત અને કલ્પિત. પ્રસ્તુત અર્થના સાધવા માટે એક કલ્પિત ઉદાહરણ - કોઈ મચ્છીમાર મત્સ્યને પકડવા સરોવરે ગયો. કાંઠે માંસપેશીસહિતની એક ગલ સરોવરમાં નાંખી. ત્યાં પરિણત બુદ્ધિવાળો એક મહાદક્ષ નામે જુનો મચ્છ હતો. તે માંસની ગંધ સુંઘીને આવ્યો. યતનાપૂર્વક છેડે છેડે રહેલ બધું માંસ ખાઈને પુચ્છ વડે ગલને મારીને દૂર ચાલ્યો ગયો. મચ્છીમારે જોયું. પછી ફરી માંસપેશી સહિત ગલને

તેમાં નાંખ્યો. તે જ પ્રમાણે પહેલો મત્સ્ય તે ગલનું માંસ ખાઈ, પુચ્છ વડે ગલન મારી નાસી ગયો. ત્રણ વાર એમ થયું. પણ તે ન પકડાયો.

માંસ ક્ષીણ થતાં તે મત્સ્યે માછીમારને કહ્યું કે – તું આ શું વિચારી રહ્યો છે ? તું જે રીતે નિર્લજ્જ થાય છે. તે પહેલાં સાંભળ. હું એકદા ત્રણ વખત બગલીના મુખથી મૂકાયો. ત્રણે વખત મારી ચતુરાઈ અને દક્ષતાથી જ બચી ગયેલો. ૨૧-વાર મચ્છીમારની જાળમાંથી નીકળી ગયો. એક વખતે કોઈ મચ્છીમારે પાણીરહિત દ્રહ કરીને મને પકડ્યો. તેણે બધાં મત્સ્યો ભેગ કરી, તીક્ષ્ણ લોઢાની સળીમાં પરોવ્યા. ત્યારે મચ્છીમાર ન જાણે તેમ હું સ્વયં જ મુખ વડે લોઢાની શલાકામાં વળગી રહ્યો. પછી મચ્છીમાર તે મત્સ્યોને ધોવા સરોવરમાં ગયો, ત્યારે હું જળમાં પેસી ગયો. આવા સ્વરૂપનું મારું સત્વ, કુટિલત્વ અને મચ્છીમારાદિના ઉપાયને ચલાવનારું છે, તું મને ગલ વડે ગ્રહણ કરવા ઈચ્છે છે ? આ તારું નીર્લજ્જપણું છે. આ દ્રવ્યગ્રાસૈષણા.

૦ હવે ભાવ ગ્રાસૈષણામાં ઉપનય કરાય છે. મત્સ્યને સ્થાને સાધુ જાણવા. માંસને સ્થાને ભોજન પાન જાણવા. મચ્છીમારના સ્થાને રાગાદિ દોષોનો સમૂહ જાણવો. સાધુએ મત્સ્યની જેમ છળાવું ન જોઈએ. પણ ભોજનાદિ આહારથી આત્માને બચાવવો. તે જ બતાવે છે –

● મૂલ-૬૭૬,૬૭૭ :-

***[૬૭૬] બેંતાલીશ એષણા દોષ વડે સંકટવાળા ભોજનાદિ ગ્રહણ કરવામાં હે જીવ ! તું છળાયો નથી તો હવે આહાર કરતાં રાગ-દ્વેષ વડે જેમ ન છળાય તેમ કર. - [૬૭૭] - ભાવગ્રાસૈષણા પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારે છે. અપ્રશસ્ત પાંચ પ્રકારે છે, તેથી વિપરીત તે પ્રશસ્ત છે.***

● વિવેચન-૬૭૬,૬૭૭ :-

[૬૭૬] અહીં એષણા શબ્દના ગ્રહણથી એષણામાં રહેલાં દોષો કહેવાય છે. તેથી ૪૨-સંખ્યાવાળા જે એષણાના દોષો તે વડે સંકટવાળા ભોજનપાનાદિને ગ્રહણ કરવામાં ન છળાયો, તો તું એ રીતે આહાર કર, જેથી રાગ-દ્વેષ વડે ન છળાતો. - [૬૭૭] - ભાવના વિષયમાં ગ્રાસૈષણા બે ભેદે :- (૧) અપ્રશસ્ત-સંયોજના, અતિબહુક, અંગાર, ધૂમ, નિષ્કારણ. (૨) પ્રશસ્ત - આ પાંચ દોષોથી રહિત. હવે સંયોજનાની જ વ્યાખ્યા કરવા કહે છે –

● મૂલ-૬૭૮ થી ૬૮૧ :-

***[૬૭૮] દ્રવ્ય અને ભાવ એ બે ભેદે સંયોજના છે. તેમાં દ્રવ્યમાં બહાર અને અંદર એમ બે ભેદ છે. ભિક્ષાર્થે અટન કરતો જે સંયોજના કરે તે બાહ્ય છે. - [૬૭૯] દુધ, દહીં, દાળ અને કટ્ટરનો લાભ થતાં તથા ગોળ, ઘી, વટક, વાલુંક પ્રાપ્ત થતા બહાર જ જે સંયોજના કરે તે બાહ્ય-સંયોજના કહેવાય. તથા અભ્યંતર ત્રણ પ્રકારે – પાત્ર, લંબન, વદનથી.***

***[૬૮૦] સંયોજનામાં દોષ કહે છે – જે સાધુ દ્રવ્યના રસાદિને માટે ભોજન-પાનની સંયોજના કરે. તેનો આ વ્યાઘાત થાય છે. - [૬૮૧] તે દ્રવ્યોની સંયોજના કરીને આત્માને કર્મની સાથે જોડે છે, આ ભાવ સંયોજના જાણવી. તથા કર્મ વડે ભવને અને ભવ થકી દુઃખને સંયોજે છે.***



● વિવેચન-૬૭૮ થી ૬૮૧ :-

સંયોજના બે ભેદે૦ ઈત્યાદિ ગાથાર્થમાં કહ્યું. વિશેષ એ કે – ભિક્ષાર્થે અટન કરતો દુધ વગેરેને ખાંડ આદિની સાથે રસની ગૃદ્ધિથી વિશેષ રસ ઉત્પન્ન કરવા માટે મિશ્ર કરે તે બાહ્ય સંયોજના. તેમાં દુધ, દહીં, દાળ ઈત્યાદિ જે કંઈ પ્રાપ્ત થયા હોય, તેમાં વિશેષ રસ ઉત્પન્ન કરવા અનુકૂળ દ્રવ્યને માટે ભિક્ષાર્થે અટન કરતો બહાર જ જે સંયોજના કરે તે બાહ્ય દ્રવ્ય સંયોજના છે. અભ્યંતર સંયોજના વસતિમાં આવીને ભોજનની વેળાએ કરે છે – (૧) પાત્ર સંયોજના :- જે દ્રવ્ય, જે દ્રવ્યના રસ વિશેષને ધારણ કરે, જેમકે લાપસીમાં ખાંડ, ઘી. તે પાત્ર અભ્યંતર સંયોજના કહેવાય. (૨) કવલ સંયોજના - હાથમાં રહેલું જ કોળીયારૂપે ઉપાડેલ ચૂર્ણ, તેમાં ખાંડ આદિની સંયોજના કરે તે. (૩) મુખ સંયોજના - મોઢામાં કોળીયો મૂકીને, તેમાં કઢી જેવા કોઈ પેય પદાર્થ નાંખે કે મંડકાદિ ખાતો મુખમાં ગોળ આદિ નાંખે તે વદનને વિશે અભ્યંતર સંયોજના છે. આ સંયોજનાથી આત્માને રાગ-દ્વેષ યુક્ત કરે છે માટે અપ્રશસ્તા સંયોજના છે.

સંયોજનામાં અનુકૂળ દ્રવ્યની સાથે ખંડાદિની સંયોજના કરનાર સાધુને આગળ કહેવાનાર વ્યાઘાત - દુઃખીની પ્રાપ્તિ થાય છે. તે વ્યાઘાતને જ ભાવતા ભાવ સંયોજના કહે છે – ખાંડ આદિ દ્રવ્યોની રસ ગૃદ્ધિ વડે સંયોજના કરતો સાધુ પોતાના ગૃદ્ધિરૂપ અપ્રશસ્ત ભાવો વડે સંયોજના કરે છે તથા પ્રકારે દ્રવ્યોને સંયોજતો આત્મામાં જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધે છે. કર્મોથી અતિ દીર્ઘ સંસારનો સંયોગ કરે છે. - x - દ્રવ્ય સંયોજનાનો અપવાદ –

● મૂલ-૬૮૨,૬૮૩ :-

***[૬૮૨] પ્રત્યેકને ઘણો લાભ થતાં ભોજન પછી પણ બાકી વધેલ હોય તો તે શેષના નિર્ગમનને માટે સંયોગ દેખેલો છે. હવે બીજો પણ તેનો આ ક્રમ છે - [૬૮૩] - રસને માટે સંયોગનો નિષેધ છે, પણ ગ્લાનને માટે કલ્પે છે. અથવા જેને ભોજન ઉપર અરુચિ હોય, કે જે સુખોચિત હોય અને જે અભાવિત હોય તેને કલ્પે છે.***

● વિવેચન-૬૮૨,૬૮૩ :-

પ્રત્યેક સાધુ સંઘાટકને ઘણાં ઘૃતાદિ પ્રાપ્ત થતાં, કોઈપણ પ્રકારે વાપર્યા છતાં પણ વધેલ હોય તો શેષના નિર્ગમન માટે તીર્થંકરે સંયોગ કરવાની અનુજ્ઞા આપી છે. કેમકે વધેલા ઘી વગેરે ખાંડ આદિ સિવાય એકલા મંડકાદિ સાથે પણ ખાઈ શકાતું નથી, પ્રાયઃ સાધુ ધરાઈ ગયા હોય છે અને ઘી વગેરે પરઠવવા પણ યોગ્ય નથી. કેમકે તેથી ઘણાં કીટકાદિનો વ્યાઘાત સંભવે છે. આ સંયોજનાનો પહેલો

અપવાદ કહ્યો, બીજો આગળ કહેવાશે. હવે તેમાં ક્રમ-પરિપાટી કહે છે —

ગૃદ્ધિ વડે વિશેષ રસને ઉત્પન્ન કરવા માટે તીર્થંકરાદિએ સંયોગનો પ્રતિષેધ કર્યો છે. પરંતુ માંદાને સાજો કરવામાં કલ્પે છે. એ રીતે ભોજન ઉપર અરૂચિ હોય, રાજપુત્રાદિ હોય, બાલસાધુ હોય તો તેને કલ્પે છે.

સંયોજના દ્વાર કહ્યું. હવે આહાર પ્રમાણ દ્વાર કહે છે —

**● મૂલ-૬૮૪ થી ૬૮૬ :-**

***[૬૮૪] પુરુષને બત્રીશ કવળરૂપ આહાર કુક્ષિપૂરક કહ્યો છે અને સ્ત્રીને અઠ્ઠાવીશ કવળ. - [૬૮૫] - સાધુને આ પ્રમાણથી કંઈક હીન, અર્દ્ધ, અર્દ્ધાર્દ્ધ, યાત્રા માત્રા આહાર પ્રમાણ ધીરપુરુષો કહે છે, તે જ અવમ આહાર છે. [૬૮૬] હવે પ્રમાણના દોષો કહે છે — જે સાધુ પ્રકામ, નિકામ, પ્રણીત, અતિબહુ અને અતિ બહુશઃ ભોજનાદિ આહાર કરે, તેને પ્રમાણ દોષ જાણવો.***

**● વિવેચન-૬૮૪ થી ૬૮૬ :-**

પુરુષની કુક્ષિને પૂર્ણ કરનાર આહાર મધ્યમ પ્રમાણવાળો ૩૨-કવલરૂપ કહ્યો છે. સ્ત્રીને-૨૮ અને નપુંસકને-૨૪ કવલ કહ્યો છે. પણ નપુસંકને દીક્ષા પ્રાયઃ અયોગ્ય હોવાથી અહીં તેનું ગ્રહણ કરેલ નથી. આ કવલ પ્રમાણ કુકડીના અંડ જેટલું છે. કુક્કુટી બે ભેદે — દ્રવ્યથી, ભાવથી. દ્રવ્યકુક્કુટી બે ભેદે — ઉદરકુક્કુટી અને ગલ કુક્કુટી. ઉદરકુક્કુટી એટલે - ઉદર પ્રમાણ આહાર, પણ ન્યૂનાધિક નહીં. તેનો જે ૩૨-મો ભાગ તે અંડક કહેવાય. ગલકુક્કુટી-વિકાર રહિત મુખવાળા પુરુષના ગળાની વચ્ચે કવલ લાગ્યા વિના પ્રવેશ કરે. તે પ્રમાણવાળો કવલ. શરીરરૂપી કુક્કુટી, તેનું મુખ મંડક. તેમાં નેત્રાદિનો વિકાર પામ્યા વિના જે કવલ મુખમાં પ્રવેશ કરે તે પ્રમાણવાળો કવલ.

ભાવ કુક્કુટી એટલે જે આહાર ખાવા વડે ઉદર ન્યૂન કે અધિક ન થાય અને ધૃતિને વહન કરે તથા જ્ઞાનાદિત્રયની વૃદ્ધિ થાય તેટલા પ્રમાણવાળો આહાર. તેના બત્રીશમો જે ભાગ તે અંડક છે.

આ બત્રીશ કવલથી એક, બે, ત્રણ વડે હીન આદિ આહાર લેવો તે. આને જ ઉણોદરી કહે છે. પ્રમાણના દોષની ગાથા સ્પષ્ટ જ છે.

**● મૂલ-૬૮૭ થી ૬૮૯ :-**

***[૬૮૭] ૩૨ આદિ કવલથી વધુ ખાય તે પ્રકામ. તેને જ હંમેશા ખાય તે નિકામ, ટપકતાં ઘીવાળા પદાર્થ ખાય તે પ્રણીત એમ જિનો કહે છે. - [૬૮૮] - અતિબહુ, અતિબહુવાર તૃપ્તિ ન પામતા જે ભોજન ખાધું હોય તે અતિસાર કરે, વમન કરાવે કે અજીર્ણ થવાથી મરણ પમાડે. - [૬૮૯] - બહુને ઉલ્લંઘે તે અતિ બહુ, ત્રણ કે ત્રણથી વધુ વાર ખાય તે અતિબહુશઃ, તથા તે જ ત્રણથી વધારે વાર કે તૃપ્તિ પામ્યા વિના ભોજન કરે તે અતિ પ્રમાણ.***

**● વિવેચન-૬૮૭ થી ૬૮૯ :-**





ગાથાર્થ સ્પષ્ટ જ છે. વિશેષ આ પ્રમાણે :- બુધ - તીર્થંકરાદિ કહે છે. તથા અતિબહુ - આ આગળ કહેશે. અતિબહુશઃ અનેકવાર તૃપ્તિ ન પારમતાં ભોજન કર્યુ હોય તે. તેનાથી અતિસાર, વમનાદિ થાય. માટે પ્રમાણાતિક્રમ ન કરવો. બહુ - પ્રમાણથી અતિ ભોજન. - x - હવે પ્રમાણયુક્ત હીનાદિ ભોજન —

**● મૂલ-૬૯૦ થી ૬૯૨ :-**

***[૬૯૦] હિતાહારી, મિતાહારી, અલ્પાહારી જે મનુષ્યો, તેની વૈદ્યો ચિકિત્સા કરતા નથી, પણ તેઓ જ પોતાના ચિકિત્સક છે - [૬૯૧] - તેલ અને દહીંનો યોગ તથા દુધ, દહીં, કાંજીનો યોગ અહિત છે, પણ પથ્ય દ્રવ્ય રોગહર છે, તેને રોગનું કારણ થતું નથી. - [૬૯૨] મિત એટલે વ્યંજન સહિત અશનના ત્રણ ભાગ કરવા, પાણીના બે ભાગ અને વાયુના સંચાર માટે છઠ્ઠો ભાગ ન્યૂન રાખવો.***

**● વિવેચન-૬૯૦ થી ૬૯૨ :-**

હિત બે ભેદે - દ્રવ્યથી અને ભાવથી. અવિરુદ્ધ દ્રવ્ય તે દ્રવ્યથી હિત છે અને એષણીય દ્રવ્ય તે ભાવથી હિત છે. તેનો આહાર કરે તે હિતાહારી. પ્રમાણોપેત આહાર કરે તે મિતાહારિ. બત્રીશ કવલથી પણ અલ્પ આહાર કરે તે અલ્પાહારી. આવા મનુષ્યોને રોગનો સંભવ નથી, મૂળથી જ રોગ ન થાય.

દહીં અને તેલ આદિનો યોગ અહિત-વિરુદ્ધ છે. - x - અવિરુદ્ધ દ્રવ્યનો યોગ તે પથ્ય છે. તે ઉત્પન્ન રોગના વિનાશક છે, થનારા રોગનું કારણ નથી. - x - હવે મિતની વ્યાખ્યા :- ઉદરના છ વિભાગો કલ્પવા. ત્રણ ભાગ અશનના આધારરૂપ કરવા, બે ભાગ પાણીના આધારરૂપ કરવા એક ભાગ વાયુ માટે છોડવો. કાળની અપેક્ષા હોવાથી ત્રણ કાળ કહે છે —

**● મૂલ-૬૯૩ થી ૬૯૬ :-**

***[૬૯૩] કાળ ત્રણ ભેદે — શીત, ઉષ્ણ, સાધારણ. આ આહાર માત્ર સાધારણ કાળને વિશે કહી છે. - [૬૯૪] - શીતકાળે પાણીનો એક ભાગ અને આહારના ચાર ભાગ અથવા પાણીના બે ભાગ. ઉષ્ણ કાળે પાણીના બે કે ત્રણ ભાગ, બાકીના ભાગ ભોજનના જાણવા. [૬૯૫] પાણીનો એક ભાગ અને ભોજનનો બે ભાગ અવસ્થિત છે. પ્રત્યેકમાં બબ્બે ભાગ વૃદ્ધિ અને હાનિ પામે છે. - [૬૯૬] - અહીં ત્રીજો અને ચોથો એ બે ભાગ અસ્થિર છે તથા પાંચમો, છઠ્ઠો, પહેલો અને બીજો ભાગ અવસ્થિત છે.***

**● વિવેચન-૬૯૩ થી ૬૯૬ :-**

ગાથાર્થ કહ્યો જ છે. વૃત્તિગત વૈશિષ્ટ્ય આ પ્રમાણે :- આ ઉપર કહી તે માત્રા છે એટલે પ્રમાણ છે. મધ્યમ શીતકાળમાં પાણીના બે ભાગ કલ્પે ત્રણ ભાગ ભોજનના કલ્પે. મધ્યમ ઉષ્ણકાળમાં બે ભાગ, ભોજનના ત્રણ ભાગ કલ્પવા. ઈત્યાદિ - x - બધાં કાળમાં છઠ્ઠો ભાગ વાયુસંચાર માટે છે. ૦ ભાગોના સ્થિર અને ચરપણાંને કહે

છે – પાણીનો એક ભાગ અને ભોજનના બે ભાગ અવસ્થિત છે. બાકીના બબ્બે ભાગ વધે છે અથવા ઘટે છે. જેમકે શીતકાળમાં ભોજનના અને ઉષ્ણકાળમાં પાણીના બે ભાગ વધે. ૦ ગાથાર્થ કહેલ છે. વિશેષ આ - આહાર વિષયક પહેલો અને બીજો ભાગ, પાણી વિષયક પાંચમો ભાગ, વાયુના સંચાર માટેનો છટ્ઠો ભાગ તે ચારે અવસ્થિત છે. એટલે કદાપિ ન હોય તેમ નથી.

૦ હવે સાંગાર અને સાધૂમ દ્વાર કહે છે –

● મૂલ-૬૯૭ થી ૭૦૨ :-

*[૬૯૭] મૂર્છાવાળો થઈને જે આહાર કરે તે સાંગાર હોય છે અને નિંદતો એવો તે આહાર કરે તે સધૂમ હોય છે. - [૬૯૮] - અંગારપણાને ન પામેલ અને સળગતું એવું જે ઇંધન તે સધૂમ છે અને તે જ બળી ગયેલ ઇંધણ ધૂમ થતાં તે અંગાર કહેવાય છે. - [૬૯૯] - પ્રાસુકાહારનું ભોજન કરતો એવો પણ રાગરૂપી અગ્નિ વડે અતિ પ્રદીપ્ત થયેલ મનુષ્ય ચરણરૂપી ઇંધનને તત્કાળ બળેલા અંગારની જેવું કરે છે. - [૭૦૦] - દીપતો એવા દ્વેષરૂપી અગ્નિ પણ જ્યાં સુધી અપ્રીતિરૂપ ધૂમ વડે ધૂમિત એવું ચારિત્ર અંગાર માત્ર જેવું ન થાય ત્યાં સુધી બાળે છે. - [૭૦૧] - રાગ વડે સાંગાર અને દ્વેષ વડે સધૂમ ભોજન જાણવું. આ રીતે ભોજનવિધિમાં ૪૬- દોષો થયા. - [૭૦૨] તપસ્વી - [સાધુ] સાંગાર અને સધૂમ આહારને કરે છે, તે પણ ધ્યાન અને અધ્યયન નિમિત્તે કરે. આ પ્રવચનનો ઉપદેશ છે.*

● વિવેચન-૬૯૭ થી ૭૦૨ :-

ગાથાર્થ કહ્યો છે. વૃત્તિમાં કહેલ અન્ય વિશેષતા માત્ર નોંધીએ છીએ – સાંગાર દોષયુક્ત ભોજન - તે ભોજનમાં રહેલ વિશેષ ગંધ અને રસના આસ્વાદન વશ મૂર્છા ઉત્પન્ન થઈ હોય તેવો તે ભોજનની પ્રશંસા કરતો આહાર કરે તે અને સધૂમ દોષવાળો આહાર - તેમાં રહેલા વિરૂપ રસ અને ગંધના આસ્વાદથી વ્યલિક ચિત્તવાળો તે ભોજનની નિંદા કરતો વાપરે.

અંગાર દોષ બે ભેદે – દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્ય - અગ્નિથી બળેલા લાકડા. ભાવ - રાગરૂપ અગ્નિથી બલેલ ચારિત્રરૂપી ઇંધન. ધૂમ પણ બે ભેદે - દ્રવ્યથી તે અર્ધ બળેલા કાષ્ઠનો ધૂમ, ભાવથી - દ્વેષરૂપી અગ્નિથી બળતા ચરણરૂપી ઇંધણનો જે નિંદારૂપ કલુષભાવ.

અંગાર અને ધૂમનું લક્ષણ ગાથામાં કહ્યું. વિશેષ એટલું જ કે – ચારિત્રરૂપી ઇંધણ રાગરૂપ અગ્નિ વડે બળી જતાં અંગારરૂપ કહેવાય અને દ્વેષરૂપી અગ્નિ વડે બળતું ચારિત્રરૂપી ઇંધણ સધૂમ કહેવાય. તે જ વાત ગાથા-૬૯૯ અને ૭૦૦માં પણ કહેલ છે. તે ગાથાર્થ સ્પષ્ટ જ છે. તેના વડે સિદ્ધ થયું કે રાગ વડે ધમધમતાનું જે ભોજન તે સાંગાર જાણવું. કેમકે તેથી ચારિત્રરૂપી ઇંધણ સાંગાર થઈ જાય છે. દ્વેષ વડે ધમધમતાનું જે ભોજન તે સધૂમ જાણવું. કેમકે નિંદાત્મક કલુષપણારૂપ ધૂમ વડે



મિશ્ર છે. આ રીતે કુલ ૪૬ દોષો કહ્યા. હવે સાધુના ઉદ્દેશીને કહે છે કે – તપસ્વી સાધુ આવા રાગદ્વેષને છોડીને આહાર કરે. તે પણ કારણ વિના ન કરે, પણ શુભધ્યાન અને અધ્યયન નિમિત્તે કરે. ૦ હવે કારણ દ્વાર –

● મૂલ-૭૦૩ થી ૭૦૬ :-

*[૭૦૩] છ કારણે સાધુ આહાર કરવા છતાં ધર્મ આચરે છે અને છ કારણે આહાર વિના નિર્વાહને પામતો પણ ધર્મને આચરે છે. - [૭૦૪] - છ કારણો :- વેદના શાંતિ માટે વૈયાવચ્ચાર્થે, ઈર્યાપથને માટે, સંયમાર્થે, પ્રાણ ધારણાર્થે, ધર્મચિંતાર્થે આહાર કરે. - [૭૦૫] - ક્ષુધા સમાન વેદના નથી, તેને શમાવવા ભોજન કરે, ભુખ્યો વૈયાવચ્ચ ન કરી શકે માટે આહાર કરે. - [૭૦૬] - ઈર્યા ન શોધી શકે, પ્રેક્ષાદિ સંયમ ન કરી શકે, બળ હાનિ પામે, ગુણન અને અનુપ્રેક્ષામાં અસમર્થ થાય છે.*

● વિવેચન-૭૦૩ થી ૭૦૬ :-

ગાથાર્થ કહેલ જ છે, વૃત્તિમાં કિંચિત્ વિશેષ જે છે, તેનું જ કથન કરીએ છીએ – આહાર કરવાના છ કારણોનું કથન કરે છે – (૧) ક્ષુધા વેદનાનું ઉપશમન કરવા માટે, (૨) આચાર્યાદિનું વૈયાવચ્ચ કરવા માટે, (૩) ઈર્યાપથના સંશોધનને માટે, (૪) પ્રેક્ષા આદિ સંયમ નિમિત્તે, (૫) પ્રાણને ધારણ કરવા માટે, (૩) ધર્મ ચિંતાની વૃદ્ધિને માટે. આ જ વાતને આગળ ગાથા ૭૦૫ અને ૭૦૬માં વિસ્તારે છે :- ક્ષુધા - ભુખ જેવી કોઈ વેદના નથી. કેમકે કહ્યું છે કે - x - x - x - આહાર રહિત પ્રાણીને સર્વ દુઃખો સમીપપણાને આપે છે. તેથી ક્ષુધાવેદનાને શાંત કરવા માટે ભોજન કરવું જોઈએ. વળી ભુખ્યો વૈયાવચ્ચ ન કરી શકે કેમકે કહ્યું છે કે – આહાર રહિત પ્રાણીનું બળ ગળી જાય છે, ઉત્સાહ નાશ પામે છે, બધાં વ્યાપારો શિથીલ થાય છે, સત્ય નાશ પામે છે અને અરતિ વૃદ્ધિ પામે છે. તેથી વૈયાવચ્ચાર્થે ભોજન કરવું જોઈએ. ક્ષુધાર્ત્ત એવો પ્રેક્ષાદિ સંયમ પાળવા સમર્થ ન થાય. તેથી સંયમની વૃદ્ધિ માટે ભોજન કરવું તથા બળ-પ્રાણ, તે ભુખ્યાના હાનિ પામે છે અને ગ્રંથનું પરાવર્તન તથા ચિંતવન પણ ભૂખ્યાથી થતું નથી, તેથી આ છ કારણે તે લીધે ભોજન કરવું જોઈએ. આમાંના કોઈ એક કારણે પણ આહાર કરતો સાધુ ધર્મનું ઉલ્લંઘન કરતો નથી.

● મૂલ-૭૦૭ થી ૭૧૦ :-

*[૭૦૭] અથવા સાધુ છ સ્થાન વડે આહાર ન કરે. પછી પાછલી વયમાં આત્માને ખપાવીને આહારનો ત્યાગ કરે. - [૭૦૮] અભોજનના આ છ કારણો છે – (૧) આતંકમાં, (૨) ઉપસર્ગ થાય તેને સહન કરવા તે, (૩) બ્રહ્મચર્યની ગુપ્તિમાં, (૪) પ્રાણીદયાને માટે, (૫) તપ માટે, (૬) શરીરત્યાગ માટે. [૭૦૯,૭૧૦] - આતંક એટલે જ્વર આદિ, રાજા અને સ્વજનાદિના ઉપસર્ગ. બ્રહ્મવ્રતને પાળવા માટે, વર્ષા આદિ થાય ત્યારે પ્રાણીદયા માટે, ઉપવાસથી છ માસી સુધીના તપને માટે, શરીરના વિચ્છેદન માટે આહાર ત્યાગ કરે.*

● **વિવેચન-૭૦૭ થી ૭૧૦ :-**

[૭૦૭] આગળ કહેવાનાર છ સ્થાનો વડે સાધુ આહાર ન કરે, શિષ્યનું સ્થાપન વગેરે સર્વ કર્તવ્ય કર્યા પછી પાછલી વયમાં સંલેખના કરવા દ્વારા આત્માને ખપાવીને જાવજ્જીવ અનશન પ્રત્યાખ્યાન કરવાને યોગ્ય એવો કરીને ભોજનનો ત્યાગ કરે. અન્યથા ન કરે. આમ કહીને પહેલી-બીજી વયમાં સંલેખના કર્યા વિના શરીરના ત્યાગને માટે અનશન કરતા એવા સાધુને તેનું પ્રત્યાખ્યાન કરવામાં જિનાજ્ઞા ભંગ છે એમ દેખાડે છે. *[મલયગિરિજી મહારાજાનું આ કથન કોઈ ગીતાર્થ પાસે સમજવું, શ્રીહરિભદ્રસૂરિ આદિમાં આવી વ્યાખ્યા થઈ નથી.]*

[૭૦૮] અભોજનના કારણો — आतंक - જ્વર આદિ વ્યાધિ. उपसर्ग - રાજા કે સ્વજનાદિએ કરેલા અથવા દેવ, મનુષ્ય, તિર્યંચે કરેલા ઉપસર્ગમાં, તેને સહન કરવાને માટે. ब्रह्मचर्यगुप्ति ના પાલનને માટે. જીવદયાને માટે. તપના કારણે, છેલ્લી અવસ્થામાં શરીરના ત્યાગને માટે. આ છ કારણે ભોજનનો ત્યાગ કરે. હવે આ ગાથાનો જ વિસ્તાર બે ગાથામાં કરે છે —

[૭૦૯,૭૧૦] ગાથાર્થ કહ્યો છે, કેટલુંક વિવરણ ગાથા-૭૦૮ના વિવેચનમાં આવી ગયેલ છે. તેથી માત્ર વિશેષ નોંધનીય વૃત્તિ જ અહીં લીધેલ છે, તે આ પ્રમાણે (૧) आतंक - જ્વરાદિ વ્યાધિની ઉત્પત્તિમાં આહાર ન કરે. કેમકે જ્વરારંભે લંઘન હિતકારી છે. (૨) ઉપસર્ગ ઉત્પન્ન થતાં તેના ઉપશમનને માટે આહાર ન કરે. (૩) મોહોદય થતાં બ્રહ્મવ્રતના પાલનાર્થે આહાર ન કરે. કેમકે આહાર રહિત પ્રાણીના વિષયો નાશ પામે છે. (૪) વરસાદ વરસતો હોય અથવા મહિકા-ધુમ્મસ પડતું હોય, સૂક્ષ્મ દેડકી આદિથી ભૂમિ વ્યાપ્ત હોય તેવા સંયોગોમાં જીવદયાને માટે અટનનો ત્યાગ કરતો એવો તે આહાર ન કરે. (૫) છ માસી પર્યન્તના ઉપવાસનો તપ કરવા માટે આહાર ન કરે. **વર્ધમાન સ્વામીના તીર્થમાં છ માસથી વધુ તપનો નિષેધ છે.** તથા પૂર્વોક્ત છટ્ઠું કારણ - ચરમકાળે શરીરના ત્યાગને માટે અનશન કરે.

આ રીતે ગ્રાસૈષણા કહી. તેમ કરતાં ત્રણે એષણા પૂરી થઈ.

● **મૂલ-૭૧૧ + વિવેચન :-**

ઉદ્‌ગમના ૧૬-દોષો, ઉત્પાદનના ૧૬-દોષો, એષણાના ૧૦-દોષો, સંયોજનાદિ-૫-દોષો મળીને કુલ-૪૭-દોષો થાય છે. આ દોષોની શુદ્ધિ કરનાર સાધુ પિંડની શુદ્ધિ કરે છે. પિંડશુદ્ધિથી ચારિત્ર શુદ્ધિ, ચારિત્ર શુદ્ધિથી મોક્ષપ્રાપ્તિ થાય છે. દોષોની શુદ્ધિ ન કરે તો ચારિત્રનો નાશ જાણવો. ભિક્ષાચર્યામાં પરિતાપ પામતાને મંદ સંવેગવાળો જાણવો. ભિક્ષાચર્યાએ જ્ઞાન અને ચારિત્રનું મૂળ છે, તેમાં ઉધમી તે તીવ્ર સંવેગવાળો જાણવો. પિંડની શુદ્ધિ ન કરતો સાધુ અચારિત્રી જ છે. ચારિત્રાભાવે દીક્ષા નિરર્થક છે.

● **મૂલ-૭૧૨,૭૧૩ :-**

***[૭૧૨] આ આહારવિધિ જે પ્રમાણે સર્વભાવદર્શી તીર્થંકરો એ કહેલ છે,***



***તે પ્રમાણે મેં વ્યાખ્યા કરી છે, જે વડે ધર્માવશ્યક યોગો હાનિ ન પામે તે કરવું.***

***[૭૧૩] યતના કરતા, સૂત્રવિધિ વડે પૂર્ણ અને અધ્યાત્મની વિશુદ્ધિ વડે યુક્ત સાધુને થતી વિરાધના નિર્જરાના ફળવાળી છે.***

● **વિવેચન-૭૧૨,૭૧૩ :-**

આ આહાર વિધિની કાળને યોગ્ય પોતાની મતિના વૈભવ વડે મેં વ્યાખ્યા કરી છે. અપવાદમાં કહે છે કે — શ્રુતધર્મ, ચારિત્રધર્મ અને પ્રતિક્રમણાદિ વ્યાપારે જે વડે હાનિને ન પામે તે કરવું. કેમકે સાધુએ જેમ યોગ્ય હોય તેમ ઉત્સર્ગ અને અપવાદમાં રહેવું. અપવાદ સેવી પણ અશઠ - ઋજુ સાધુને જે વિરાધના થાય તે પણ નિર્જરાના ફળવાળી છે તે માટે ગાથા-૭૧૩માં કહેલ છે, તે ગાથાર્થ સ્પષ્ટ જ છે. ભાવાર્થમાં વૃત્તિકારશ્રી લખે છે કે — કૃતયોગી, ગીતાર્થ, કારણના વશથી યતના વડે અપવાદને સેવનારા સાધુને જે વિરાધના થાય તે સિદ્ધિના ફળવાળી છે.

**આ રીતે આગમ [સૂત્રક્રમ] ૪૧/૧ એવા પિંડનિર્યુક્તિ [મૂલ સૂત્ર ક્રમ-૨]નો ટીકા સહિતનો અનુવાદ કિંચિત્ સંક્ષેપથી નોંધ્યો.**

અહીં પિંડનિર્યુક્તિ અને વિકલ્પે ઓઘનિર્યુક્તિ એમ બંને અલગ આગમ પરંપરામાં સ્વીકાર્ય હોવાથી ૪૧/૧ અને ૪૧/૨ એવો ભાગ કરેલ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ-આગમ-૪૧/૧**
**પિંડનિર્યુક્તિ [મૂળસૂત્ર-૨નો] સટીક અનુવાદ પૂર્ણ**

o — x — x — x — x — o

# ઓઘ-નિર્યુક્તિ-સાર

## ભાગ-૩૫-ચાલુ

## ૪૧/૨-ઓઘનિર્યુક્તિ-મૂલસૂત્ર-૨

સૂત્ર-સાર



# ઓઘનિર્યુક્તિ-મૂલસૂત્ર/૨ આગમ-૪૧/૨નો વિશિષ્ટ સૂત્રસાર

આગમ સટીક અનુવાદ શ્રેણીમાં આ ૪૧-મું આગમ છે. તે ચાર મૂળસૂત્રોમાં બીજું સૂત્ર છે. ‘‘ઓઘનિર્યુક્તિ’’ નામથી પ્રસિદ્ધ છે. તેને પ્રાકૃતમાં ઓહનિજ્જુત્તિ કહેવામાં આવે છે. આ આગમ પિંડનિર્યુક્તિના વિકલ્પમાં છે. આ આગમમાં મૂળ નિર્યુક્તિ-૮૧૨ છે, તેમાં ભાષ્ય ગાથા-૩૨૨ છે અને પ્રક્ષેપગાથા-૩૧-છે એ રીતે બધું મળીને ૧૧૬૫ ગાથા છે, જેને અમે ‘મૂલ’ શબ્દથી મૂકેલ છે.

આ આગમમાં ઓઘ - સામાન્યથી સાધુની દિનચર્યાનું વર્ણન છે, તેથી પણ ઓઘનિર્યુક્તિ કહેવાય છે. શ્રી ભદ્રબાહુસ્વામી રચિત આ નિર્યુક્તિમાં સાત દ્વાર – પ્રતિલેખના, પિંડ, ઉપધિ, અનાયતનવર્જન, પ્રતિસેવા, આલોચના અને વિશુદ્ધિનું વર્ણન કરી ચરણકરણાનુયોગની મુખ્યતા મૂકી છે, જો કે તેમાં ધર્મ કથાનુયોગ સમાવિષ્ટ તો છે જ. નવમાં પૂર્વમાં રહેલ ત્રીજી આચાર વસ્તુના વીસમાં ઓઘપ્રાભૃતમાં રહેલ ઓઘ સામાચારીએ આ આગમનો આધાર ગણાય છે. આ આગમની ચૂર્ણિ પણ હોવાનું જાણવા મળેલ છે, પણ અમે તો દ્રોણાચાર્યકૃત્ વૃત્તિનો જ આધાર લીધેલો છે.

પિંડ નિર્યુક્તિનો ટીકા સહિત અનુવાદ કરતી વેળાએ પણ અમે અનુભવેલું કે આટલો વિસ્તાર અને તેનું ઉંડાણ સમજાવતા પહેલાં નુતન સાધુ-સાધ્વીને તેમાં પ્રવેશ કરાવવા સારરૂપ સમજણ વધુ ઉપયોગી થાય. આ જ કથન ઓઘનિર્યુક્તિ માટે પણ સત્ય જ છે. પિંડનિર્યુક્તિ કરતાં પણ દોઢું કદ ધરાવતો અને જેમાં પિંડનિર્યુક્તિ કરતાં ૪૫૦ જેટલી વધારે ગાથા છે તેવું આ આગમ ટીકા સહિત અક્ષરશઃ અનુવાદ પામે તેવી ભાવના છતાં અમે અહીં માત્ર તેમાં પ્રવેશ કરાવવારૂપ **‘‘ઓઘનિર્યુક્તિ-વિશિષ્ટ સૂત્રસાર’’** મૂકીને અમારી પ્રતિજ્ઞાથી પાછા જ ખસેલા છીએ. અમારો હેતુ ‘‘સરળથી જટીલ’’ તરફ લઈ જવાનો છે. તેથી શ્રમણ ઉપયોગી આ આગમને માત્ર પ્રવેશદ્વાર રૂપે જ રજૂ કરેલ છે. આમાં નથી બધી ગાથાઓનો અર્થ કે નથી પુરો ટીકાનો અર્થ, આ માત્ર ઓઘનિર્યુક્તિની પરિચયપુસ્તિકા જ છે, તે વાત અમે સખેદ કબુલીએ છીએ. આપ તેને અમારો પ્રમાદ ગણશો તો પણ અમારે તે કબૂલવું જ રહ્યું.

– મુનિ દીપરત્નસાગર

# ❀ ઓઘનિર્યુક્તિ-પ્રભા ❀

— x — x — x — x — x —

● **મૂલ-૧ થી ૬ :-**

**પ્રસ્તાવના :-** ઓઘનિર્યુક્તિકર્તા ચૌદપૂર્વધર ભદ્રબાહુસ્વામી છે. તેમણે શ્રમણ-શ્રમણી વર્ગના અનુગ્રહાર્થે નવમાં પૂર્વમાં રહેલ, ત્રીજી આચારવસ્તુના વીસમાં ઓઘપ્રાભૃતમાં રહેલ ઓઘ સામાચારી કે જેમાં સાધુઆચાર સ્વરૂપ છે, તેનું ઉદ્ધરણ કરેલ છે. અહીં ઓઘ, પિંડ, સમાસ, સંક્ષેપ એ એક અર્થ જણાવનારા શબ્દો કે એકાર્થિક નામો છે.

ઓઘ નિર્યુક્તિની રચના કરતા આવી પ્રતિજ્ઞા જણાવે છે કે :—

“હું બધાં જ અરિહંત ભગવંતોને, બધાં જ ચૌદપૂર્વધરોને, બધાં દશ પૂર્વધરોને, બધાં અગિયાર અંગધારણ કરનારાઓને તથા બધાં સાધુઓને નમસ્કાર કરીને ચરણ-કરણાનુયોગમાંથી અલ્પ અક્ષરવાળી અને મહાન્ અર્થવાળી એવી ઓઘનિર્યુક્તિ સાધુઓના અનુગ્રહને માટે કહું છું.”

આથી આ ઓઘનિર્યુક્તિમાં શબ્દો થોડાં હોવા છતાં અર્થથી મહાન્ છે અને સાધુ-સાધ્વી માટે ખૂબ ઉપકારક છે.

આ ચરણ સિત્તરી અને કરણ સિત્તરી શું છે ? તે કહે છે —

● **મૂલ-૭ :-**

**ચરણસિત્તરી :-** ચરણ સિત્તરીના ૭૦ ભેદો આ પ્રમાણે છે — (૧) વ્રત, (૨) શ્રમણધર્મ, (૩) સંયમ, (૪) વૈયાવચ્ચ, (૫) બ્રહ્મચર્ય, (૬) જ્ઞાનાદિ ત્રિક, (૭) તપ અને (૮) ક્રોધાદિ નિગ્રહ. તેમાં

— (૧) વ્રત પાંચ છે - સર્વથા (૧) પ્રાણાતિપાત વિરમણ, (૨) મૃષાવાદ વિરમણ, (૩) અદત્તાદાન વિરમણ, (૪) મૈથુન વિરમણ, (૫) પરિગ્રહ વિરમણ.

— (૨) શ્રમણધર્મ દશ છે — ક્ષમા, માર્દવતા, સરળતા, મુક્તિ (સંતોષ), તપ, સંયમ, સત્ય, પવિત્રતા, નિષ્પરિગ્રહતા અને બ્રહ્મચર્ય.

— (૩) સંયમ ૧૭ ભેદે છે — પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ એ પાંચ એકેન્દ્રિય તથા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય મળીને નવ પ્રકારના જીવોની વિરાધના, પરિતાપના, કિલામણા ન થાય તેમ વર્તવું. (૧૦) અજીવ-તેમાં રાગ કે દ્વેષ ન કરવો. (૧૧) પ્રેક્ષા સંયમ - ચક્ષુ આદિથી પડિલેહવા માટેનો ઉપયોગ રાખવો તે. (૧૨) ઉપેક્ષા સંયમ - શક્તિ હોવા છતાં સંયમમાં વીર્ય ન ફોરવતા એવા આત્માઓ તથા સાવદ્ય વ્યાપારમાં પ્રવર્તતા ગૃહસ્થો પ્રતિ ઉપેક્ષા ભાવ રાખવો. (૧૩) પ્રમાર્જના - વસ્તુ લેતા કે મૂકતાં પૂંજવાનો ઉપયોગ રાખવો. (૧૪) પારિષ્ઠાપના - શરીરના મળમૂત્રાદિ વિધિપૂર્વક પરઠવવામાં ઉપયોગ રાખવો. (૧૫ થી ૧૭) મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિઓ રોકીને શુભ પ્રવૃત્તિમાં ઉપયુક્ત રહેવું.



— (૪) વૈયાવચ્ચ દશ પ્રકારે છે — આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ, ગ્લાન, કુલ, ગણ, સંઘ, સાધુ, સમનોજ્ઞ એ દશેની ભક્તિ-સેવા કરવા.

— (૫) બ્રહ્મચર્ય નવ પ્રકારે છે — (૧) સ્ત્રી, પશુ અને નપુંસક રહેતા હોય તે વસતિમાં ન રહેવું. (૨) સ્ત્રીની સાથે રાગથી વાતચીત ન કરવી કે સ્ત્રી પશુ નપુંસક સંબંધી કામકથા ન કરવી. (૩) સ્ત્રી બેઠી હોય ત્યાં પુરુષે બે ઘડી અને પુરુષ બેઠો હોય તે સ્થાને સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી બેસવું નહીં. (૪) સ્ત્રીના અંગોપાંગ, મુખ, સ્તન, ચક્ષુ, પગ, હાથ વગેરે રાગદૃષ્ટિથી જોયા નહીં. દૃષ્ટિ પડી જાય તો પણ તુરંત ખસેડી લેવી. (૫) સ્ત્રી સંબંધી કામકથા ભીંત કે બીજા સ્થાનના આંતરેથી ન સાંભળવી કે ભીંતના આંતરેથી જોવી નહં. (૬) ગૃહસ્થપણામાં સ્ત્રી સાથે કરેલ કામક્રીડાનું સ્મરણ ન કરવું. (૭) પૌષ્ટિક, ઉત્તેજક, કામવર્ધક સ્નિગ્ધ આહાર ન વાપરો. (૮) વિગઈરહિત આહાર પણ ક્ષુધા શાંત થાય તેથી વધારે ન વાપરવો. (૯) સારા દેખાવા શરીરની ટાપટીપ ન કરવી.

— (૬) જ્ઞાનાદિ ત્રિક - જ્ઞાન, દર્શન, ચારિત્રની સુંદર આરાધના કરવી.

— (૭) તપ - છ બાહ્ય અને છ અભ્યંતર ભેદે તપ કરવો તે. તેમાં છ બાહ્યતપ આ પ્રમાણે — (૧) અનશન - આહારના ત્યાગરૂપ, (૨) ઉણોદરી - ભુખ કરતાં બે-ચાર કોળીયા ન્યૂન રાખી આહાર કરવો, (૩) વૃત્તિસંક્ષેપ - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી આહારાદિનો સંક્ષેપ કરવો. (૪) રસત્યાગ - છએ વિગઈઓનો કે બે, ત્રણ વિગઈઓનો ત્યાગ. (૫) કાયક્લેશ - લોચ આદિ કષ્ટ કે શીત-ઉષ્ણાદિને સહેવા તે. (૬) સંલીનતા - અંગોપાંગને સંકોચીને રાખવારૂપ.

છ અભ્યંતર તપ આ પ્રમાણે છે — (૧) પ્રાયશ્ચિત્ત - મૂલગુણ કે ઉત્તર ગુણના વિષયમાં થયેલ જે કોઈપણ ભૂલ હોય તે સર્વે ભૂલોની આલોચના કરી આત્મ શુદ્ધિ કરવી. (૨) વિનય - આચાર્યાદિ રત્નાધિકનો વિનય કરવો - આવે ત્યારે ઉભા થવું, હાથ જોડવા, આસન આપવું વગેરે. (૩) વૈયાવચ્ચ - બાલ, ગ્લાન, આચાર્યાદિ, વૃદ્ધ વગેરેની સેવા કરવી, આહાર પાણી ઔષધાદિ લાવી આપવા, શરીરની વિશ્રામણાદિ કરવા. (૪) સ્વાધ્યાય — વાચના, પૃચ્છના આદિ પંચવિધ જે સ્વાધ્યાય તેને નિરંતર કરવો. (૫) ધ્યાન - એકાગ્ર મનથી શુભધ્યાન. તત્ત્વ આદિની વિચારણા વગેરે કરવા. (૬) કાયોત્સર્ગ - કર્મક્ષયાર્થે મૌન-ધ્યાન-સ્થાન વડે સ્થિર થઈને આત્માના બહિર્ભાવને વોસિરાવવા પૂર્વક રહેવું તે કાયોત્સર્ગ અથવા દેહ-ઉપધિ આદિ બાહ્ય અને ક્રોધાદિ કષાયરૂપ અભ્યંતરનો ઉત્સર્ગ અર્થાત્ ત્યાગ.

— (૮) ક્રોધાદિ કષાયનો નિગ્રહ કરવો — તેમા ક્રોધનો નિગ્રહ ક્ષમાથી કરવો, માનનો નિગ્રહ નમ્રતાથી કરવો, માયાનો નિગ્રહ સરળતાથી કરવો અને લોભનો નિગ્રહ સંતોષથી કરવો.

આ પ્રમાણે મુખ્ય આઠ ભેદોમાં પેટાભેદ આ પ્રમાણે થયા — ૫ + ૧૦ + ૧૭ + ૧૦ + ૯ + ૩ + ૧૨ + ૪ = ૭૦ એ સિત્તેર ભેદો ચરણ સિત્તરીના કહ્યા છે, તેમ જાણવું.

● મૂલ-૮ :-

આ ગાથામાં કરણસિત્તરીના સિત્તેર ભેદો જણાવે છે, તે આ – (૧) પિંડ વિશુદ્ધિ, (૨) સમિતિ, (૩) ભાવના, (૪) પ્રતિમા, (૫) ઈન્દ્રિય નિરોધ, (૬) પ્રતિલેખના, (૭) ગુપ્તિ, (૮) અભિગ્રહ.

– (૧) પિંડ વિશુદ્ધિ ચાર ભેદે છે – (૧) વસ્ત્ર, (૨) પાત્ર, (૩) વસતિ, (૪) આહાર અથવા સામાન્યથી એક 'આહાર' જ, તે નિર્દોષ મેળવવા માટે ગવેષણા આદિ કરવી તે.

– (૨) સમિતિ પાંચ પ્રકારે છે, તે આ પ્રમાણે –

(૧) ઈર્યાસમિતિ - સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ ઉપર દૃષ્ટ રાખી ચાલવું. (૨) ભાષા સમિતિ - નિરવદ્ય, હિતકર, મિત અને ખપ પૂરતી સત્ય ભાષા બોલવી અથવા બોલવામાં સમ્યક્ ઉપયોગ રાખવો. (૩) એષણાસમિતિ – ફક્ત સંયમ યાત્રાના નિર્વાહ માટે બેંતાલીશ દોષરહિત અને યતનાપૂર્વક આહારાદિની ગવેષણા કરવી. (૪) આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ – વસ્ત્ર, પાત્ર આદિ કોઈપણ વસ્તુ લેતા કે મૂક્તા દૃષ્ટિથી જોઈ, પૂંજી, પ્રમાર્જી, લેવું કે મૂકવું. (૫) પારિષ્ઠાપનિકા સમિતિ – મળ, મૂત્ર, કફ, મેલ, સંયમને અનુપયોગી થયેલા વસ્ત્ર, પાત્ર આદિને નિર્જીવ સ્થાનમાં અને વિધિપૂર્વક પરઠવવા તેમજ પ્રવચનનો ઉડ્ડાહ ન થાય તેમ પરઠવવામાં ઉપયુક્ત હોવું.

– (૩) ભાવના બાર પ્રકારે છે, તે આ પ્રમાણે :–

(૧) અનિત્ય ભાવના - જગત્‌ના પદાર્થો અનિત્ય-નાશવંત છે. (૨) અશરણ ભાવના - મરણ અથવા બહુ કષ્ટ કાળે કોઈ શરણભૂત થતું નથી. (૩) સંસાર ભાવના - ચાર ગતિરૂપ કે પંચવિધ ભવ સાગરરૂપ આ સંસાર ભયંકર છે. તેમાં શત્રુ-મિત્ર કે મિત્ર-શત્રુ બની જાય છે. (૪) એકત્વ ભાવના-જીવ એકલો જ જન્મે છે, મરીને પરલોકમાં એકલો જ જાય છે, પોતાના કર્મોનું વેદન એકલો જ કરે છે. કોઈ સાથે આવતું નથી.

(૫) અન્યત્વ ભાવના – સ્વજન, કુટુંબ, ધન યાવત્ શરીર પણ પોતાનું નથી, મારું કોઈ નથી, સૌ પોત-પોતાના સ્વાર્થમાં ડૂબેલા છે. (૬) અશુચિત્વ ભાવના-શરીરની ઉત્પત્તિ, સ્વરૂપ, પરિણામ અપવિત્ર છે. તેમાંથી નિરંતર અશુચિ ઝર્યા કરે છે. તેમાં રહેલ માંસ, લોહી, મળ, મૂત્રાદિ બધું અશુચિ છે. (૭) આશ્રય ભાવના - ઈન્દ્રિયાદિ આશ્રવો આત્માને કર્મથી મલીન કરનારા છે. તેમાં અવ્રત, યોગ, કષાય, મિથ્યાત્વ, પ્રમાદની પરિણતિ માત્ર જ આશ્રવ છે. (૮) સંવર ભાવના – સમ્યક્‌દૃષ્ટિત્વ, વિરતિ, જ્ઞાનાદિથી કર્મનો બંધ અટકવો તે.

(૯) નિર્જરા ભાવના - કર્મનું આત્માથી છૂટા પડવું તે. જો દેશથી કર્મ છૂટા પડે તો તે નિર્જરા છે, સર્વથા કર્મો ખરી જાય તો તેને મોક્ષ કહે છે. કર્મો સ્વકાળથી કે તપ અને વ્રતથી છૂટા પડે છે. (૧૦) લોકસ્વરૂપ ભાવના-છ દ્રવ્યનો સમવાય કે ઉર્ધ્વ અધઃ અને મધ્ય એ ત્રણ ભેદથી આ લોક છે. જેમાં અશુભ ભાવાદિથી નરક



કે તિર્યંચ ગતિ અને શુભ ભાવથી મનુષ્ય અને દેવલોકરૂપ ગતિ પ્રાપ્ત થાય છે. નિજશુદ્ધ ભાવથી સિદ્ધિ ગતિ પમાય છે. (૧૧) બોધિ દુર્લભ ભાવના - મોહ વ્યાધિવાળાને સદ્દ્જ્ઞાન દૃષ્ટિ અને બોધિ દુષ્પ્રાપ્ય છે. વિરતિરૂપ નિજભાવનું ચારિત્ર પણ દુષ્કર છે, ત્રણ રત્નોની પ્રાપ્તિ થવી તે બોધિ કહેવાય છે. (૧૨) ધર્મસ્વરૂપ ભાવના - અહો ! જિનેશ્વરોએ કેવો આ સુંદર ધર્મ ઉપદેશેલ છે. ઈત્યાદિ ચિંતવના. આ ધર્મ અસંગ અને સ્વભાવરામી છે.

– (૪) પ્રતિમા - વિશિષ્ટ પ્રતિજ્ઞા, તે બાર પ્રકારે છે. આ બારે પ્રતિમાનું સ્વરૂપ દશાશ્રુત સ્કંધમાં સારી રીતે વર્ણવેલ છે, આવશ્યક નિર્યુક્તિ-વૃત્તિમાં પણ તેની સુંદર વિવેચના છે. જેમાં એક માસ, બે માસ યાવત્ સાત માસની પ્રતિમા એ સાત, ત્રણ સપ્તઅહોરાત્રની, એક-એક અહોરાત્રની એમ બાર પ્રતિમા થાય છે. જો કે આ પ્રતિમાનું આરાધન, પ્રથમ સંઘયણવાળા, ધીરજ અને સત્વયુક્ત સાધુ ગુરુ મહારાજની આજ્ઞાથી કરાય છે.

– (૫) ઈન્દ્રિય નિરોધ - ઈન્દ્રિયો પાંચ ભેદે છે, તે આ – (૧) સ્પર્શનેન્દ્રિય, (૨) રસનેન્દ્રિય, (૩) ઘ્રાણેન્દ્રિય, (૪) ચક્ષુરિન્દ્રિય, (૫) શ્રોત્રેન્દ્રિય. આ પાંચે ઈન્દ્રિયોના વિષયભૂત સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ પરત્વે રાગ કે દ્વેષનો ત્યાગ કરી, સમભાવ કેળવવામાં ઉદ્યમશીલ રહેવું.

-૬- પડિલેહણા - પચ્ચીશ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે –

વિધિપૂર્વક, બોલ બોલવાપૂર્વક અને સોળ દોષોથી રહિત એવી પડિલેહણા કરવી જોઈએ. ૧૬ દોષો આ પ્રમાણે છે :- (૧) નર્તન-વસ્ત્ર કે શરીરને નચાવવું, (૨) વલન-વસ્ત્ર કે શરીરને સીધું ન રાખવું, (૩) અનુબંધ-અખોડા, પખોડા વધારે કરાવવા, (૪) મોસલી - કપડાં જેમ-તેમ લેવાં કે મૂકવા. (૫) આરભટ-ઉતાવળે પડિલેહણા કરવી. (૬) સંમર્દ - વસ્ત્ર પુરુ ખોલ્યા વિના પડિલેહણા કરવી, (૭) પ્રસ્ફોટન-વસ્ત્રને ઝાપટવા. (૮) નિક્ષેપ-વસ્ત્ર એક બાજુ ફેંકતા જવું અથવા કપડાંના છેડા અદ્ધર કરવા.

(૯) વેદિકા - બંને હાથ ઢીંચણની ઉપર રાખવા કે નીચે રાખવા. (૧૦) પ્રશિથિલ - કપડું ઢીલું પકડવું. (૧૧) પ્રલંબ - કપડું લટકતું રાખવું, (૧૨) લોલ-કપડું જમીનને અડાડવું. (૧૩) એકામર્શ - એક બાજુથી પકડી હલાવીને કપડું નીચે મૂકી દેવું. (૧૪) અનેકરૂપ ધૂનન - અનેક કપડાં ભેગાં કરી ખંખેરવા. (૧૫) શક્તિગણના - અખોડા પખોડા ભૂલી જવા. (૧૬) વિતથકરણ - પડિલેહણ કરતા વાતો કરવી, પચ્ચક્ખાણાદિ આપવા.

-૭- ગુપ્તિ ત્રણ પ્રકારે જાણવી. તે આ – મનની, વચનની, કાયાની અશુભ પ્રવૃત્તિઓને રોકવી.

-૮- અભિગ્રહ ચાર પ્રકારે છે, તે આ – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી વિશિષ્ટ નિયમને ધારણ કરવા તે.

આ પ્રમાણે મુખ્ય આઠ ભેદોના પેટા ભેદો વડે ૭૦ પ્રકારોને કહ્યા. તેમાં ૪

+ ૫ + ૧૨ + ૧૨ + ૫ + ૨૫ + ૩ + ૪ = ૭૦ ભેદો કરણ સિત્તરીના થયા. આ કરણસિત્તરી સાધુના ઉત્તરગુણરૂપ છે.

૦ चरण - હંમેશા જે કરવા કે પાળવાના હોય, તે મહાવ્રતાદિ.

૦ करण - પ્રયોજન પડે કરવાના ગૌચરી આદિ.

— એ રીતે ઉક્ત ૭૦ + ૭૦ = ૧૪૦ માં વિતથ આચરવાથી અતિચાર લાગે છે, માટે આ ૧૪૦માં કોઈ દોષ ન લાગે તે માટે સાવધ રહેવું.

● **મૂલ-૯ થી ૧૯ :-**

અહીં કહેવાયેલ છે કે ચરણકરણાનુયોગથીમાંથી હું ઓઘનિર્યુક્તિ કહીશ. આથી ચરણકરણાનુયોગ સિવાય બીજા અનુયોગો પણ હોય જ. તે બીજા ત્રણ અનુયોગો આ પ્રમાણે છે અને તે ચારિત્રની રક્ષા માટે છે.

(૧) ચરણ કરણાનુયોગ - સાધુના આચારરૂપ ‘આચાર’ સૂત્રાદિ. (૨) ધર્મકથાનુયોગ - કથા સ્વરૂપ, જ્ઞાતાધર્મકથાદિ. (૩) ગણિતાનુયોગ - ગણિતરૂપ સૂર્ય પ્રજ્ઞપ્તિ આદિ. (૪) દ્રવ્યાનુયોગ - જીવાજીવાદિ પદાર્થત્વચારણા.

આ ચારે અનુયોગ એક એકથી ચડિયાતા છે, તેનું દૃષ્ટાંત આપે છે - એક રાજાના દેશમાં ચાર ખાણો હતી. રત્નની, સોનાની, ચાંદીની, લોઢાની. ચારે ખાણો એક એક પુત્રને એક એક વહેંચી આપી. જેના ભાગે લોઢાની ખાણ આવી તેને ચિંતા થઈ કે મારા ભાઈઓને કિંમતી ખાણો મળી, મને નકામી ખાણ મળી. તે દુઃખી થવા લાગ્યો. સુબુદ્ધિપ્રધાને તેને સમજાવ્યો કે તને ચારેમાં કિંમતી ખાણ મળી છે, કેમકે બીજી ત્રણે ખાણો લોઢા ઉપર આધાર રાખે છે. લોઢા સિવાય તે રત્નો, સોનું, ચાંદી કાઢી શકાતા નથી. જ્યારે તારી પાસે બધાં લોઢું માંગવા આવે ત્યારે તું રત્નો આદિના બદલામાં લોઢું આપજે, જેથી સૌથી ધનવાન્ બની શકીશ.

આ રીતે ચરણકરણાનુયોગ હોય તો જ બીજા ત્રણ અનુયોગો છે. ચરણકરણાનુયોગમાં અક્ષરો અલ્પ હોવા છતાં અર્થથી મહાન્ છે. તે પહેલાં ભંગમાં છે, તેનું દૃષ્ટાંત ઓઘનિર્યુક્તિ છે.

ધર્મકથાનુયોગમાં અક્ષરો ઘણાં અને અર્થ થોડો, તે બીજા ભંગમાં છે. દ્રવ્યાનુયોગમાં અક્ષરો ઘણા અને અર્થ પણ ઘણો છે, તે ત્રીજા ભંગમાં છે. ગણિતાનુયોગમાં અક્ષરો થોડાં અને અર્થ પણ થોડો છે, તે ચોથા ભંગમાં છે.

સાધુ-સાધ્વીના અનુગ્રહને માટે ચૌદપૂર્વીશ્રી ભદ્રબાહુ સ્વામીએ ઓઘનિર્યુક્તિની રચના કરેલી છે. તેના મુખ્ય સાત દ્વારો છે —

● **મૂલ-૨૦ :-**

(૧) પ્રતિલેખનાદ્વાર - પડિલેહણા કેમ કરવી તેનું નિરૂપણ.

(૨) પિંડદ્વાર - ગોચરીની શુદ્ધિ કેમ રાખવી તેનું નિરૂપણ.

(૩) ઉપધિ પ્રમાણદ્વાર - સંખ્યા અને માપથી કેટલી અને કેટલા પ્રમાણવાળી વસ્તુ રાખવી તેની નિરૂપણા.

(૪) અનાયતન વર્જનદ્વાર - કેવી વસતિમાં ન રહેવું તેનું નિરૂપણ.



(૫) પ્રતિસેવનાદ્વાર - સંયમની સાધનામાં પ્રમાદાદિ દોષો થાય તે નિરૂપણ.

(૬) આલોચનાદ્વાર - થયેલા દોષોનું પ્રાયશ્ચિત્ત નિરૂપણ.

(૭) વિશુદ્ધિદ્વાર - પ્રાયશ્ચિત્ત કરી દોષોની શુદ્ધિ કરવી, તેનું નિરૂપણ.

બધી જ ક્રિયા પ્રતિલેખનાપૂર્વક કરવી જોઈએ. તેથી સૂત્રોક્ત વિધિ અનુસાર ક્ષેત્ર આદિને જોવા તે માટે સર્વ પ્રથમ પ્રતિલેખના દ્વાર કહ્યું. પ્રતિલેખના કરવા માટે શરીર સામર્થ્ય જોઈશે, તે સાચવવા માટે પિંડ-આહાર દ્વાર કહ્યું. આહાર ગ્રહણ કરવા પાત્ર આદિ જોઈએ માટે ત્રીજું ઉપધિદ્વાર. આહાર લાવ્યા પછી વાપરવા માટે સ્થાનની જરૂર પડે, તેથી વ્યાઘાત રહિત પશુપંડકાદિ રહિત વસતિ જોઈએ માટે ચોથું અનાયતન વર્જન દ્વાર.

આ બધું ગ્રહણ કરતાં અવિધિ આદિ થઈ હોય તો તપાસવા માટે પાંચમું પ્રતિસેવના દ્વાર. તેમાં લાગેલા દોષોની આલોચના કરવી, તે માટે ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત કરવું તે છટ્ઠું આલોચના દ્વાર અને આલોચના અનુસાર તપશ્ચર્યાદિ કરી પાપ-દોષની શુદ્ધિરૂપ સાતમું વિશુદ્ધિદ્વાર.

**મુનિ દીપરત્નસાગરે અનુવાદ કરેલ**
**ઓઘનિર્યુક્તિ-સટીક-સંક્ષેપ-પરિચય-ભૂમિકા પૂર્ણ**

# ❀ દ્વાર-૧-પ્રતિલેખના ❀

-- x -- x -- x -- x --

● **મૂલ-૨૧ થી ૨૩ :-**

પ્રતિલેખનના એકાર્થિક નામો આ પ્રમાણે છે – આભોગ, માર્ગણા, ગવેષણા, ઈહા, અપોહ, પ્રતિલેખના, પ્રેક્ષણા, નિરીક્ષણા, આલોકના, પ્રલોકના.

પ્રતિલેખના શબ્દથી પ્રતિલેખક - પડિલેહણ કરનાર, પ્રતિલેખના - જેનું સ્વરૂપ આગળ કહેવાશે તે બે ભેદે, પ્રતિલેખિતવ્ય - પડિલેહણ કરવાની વસ્તુ. આ ત્રણે બાબતો કહેવાની છે. જેમ ઘડો-શબ્દ કહેવાથી તેનો કર્તા, કુંભાર અને માટી વગેરે બધું જ આવી જાય છે.

૦ પ્રતિલેખક - એક કે અનેક હોય. તે પડિલેહણા કરનાર કારણિક હોય અથવા નિષ્કારણિક હોય, તે સાધર્મિક હોય કે વૈધર્મિક હોય.

૦ કારણિક - અશિવાદિ કારણે એકલા થાય તે.

૦ નિષ્કારણિક – ધર્મચક્ર, સ્તુપ, યાત્રા આદિ જોવાના નિમિત્તે એકલા.

૦ એક-એકલો હોય તે ૦ અનેક - એકથી વધુ હોય તે.

૦ સાધર્મિક - સમાન આચારવાળા હોય તે.

૦ વૈધર્મિક - અસમાન આચાર કે વ્યવહારવાળા હોય તે.

● **મૂલ-૨૪ થી ૪૫ :-**

આ કારણોથી એકલા થાય તે કારણિક કહેવાય. એવા અશિવાદિ દશ કારણો કહેલ છે. તે આ પ્રમાણે –

– **(૧) અશિવ** - દેવતા આદિના ઉપદ્રવ થવાથી, બાર વર્ષ પૂર્વે એવી ખબર પડે કે આ પ્રદેશમાં દુષ્કાળ આદિ થવાનો છે, તો સાધુઓ તે વખતે ત્યાંથી વિહાર કરી સૂત્રપોરિસિ આદિ કરતાં સુકાળ પ્રદેશમાં જાય.

દુકાળ પડવાની ખબર આ રીતે પડી શકે છે – (૧) અવધિજ્ઞાન હોવાથી (૨) તપસ્વીના પ્રભાવથી કોઈ દેવતા આવીને કહી જાય. (૩) આચાર્ય નિમિત્તતા જ્ઞાન વડે કહે અથવા કોઈ નૈમિત્તિક કહી દે.

બાર વર્ષ પૂર્વે દુકાળની ખબર પડે તો બાર વર્ષ પૂર્વે વિહાર કરી જાય, તે ક્ષેત્ર છોડી દે. કદાચ બાર વર્ષ પૂર્વે ખબર ન પડે પણ અગિયાર વર્ષ પૂર્વે ખબર પડે તો ત્યારે વિહાર કરી જાય. એ રીતે યાવત્ દશ-નવ-આઠ-સાત-છ-પાંચ-ચાર-ત્રણ-બે-એક વર્ષ અગાઉ જાણ થાય તો તે વખતે પણ વિહાર કરી જાય, છેવટે અશિવાદિ ઉત્પન્ન થયા પછી ખબર પડે તો ત્યારે વિહાર કરી બીજા સારા ક્ષેત્રમાં જાય. પણ રસ્તામાં જતાં સૂત્ર પોરિસિ અને અર્થ પોરિસિ ન ચૂકે.

ઉપદ્રવ કરનાર દેવતાદિની ચતુર્ભંગી આ પ્રમાણે છે – (૧) સાધુને ઉપદ્રવ ન કરે, પણ ગૃહસ્થને કરે. (૨) ગૃહસ્થને ઉપદ્રવ ન કરે, પણ સાધુને કરે. (૩) બંનેને ઉપદ્રવ ન કરે. (૪) બંનેને ઉપદ્રવ કરે. ઉક્ત ચારમાંથી ત્રીજા ભાંગામાં રહેવું.



પણ બાકીના ત્રણે ભંગોમાં અવશ્ય વિહાર કરી જવો. પહેલાં ભાંગામાં સાધુને ઉપદ્રવ કરનાર નથી. પરંતુ ગૃહસ્થને ઉપદ્રવ કરતાં દેવતા કદાચ સાધુને પણ ઉપદ્રવ કરનાર થઈ જાય. માટે તેમાં ત્યાં ન રહેવું.

ગામમાં ઉપદ્રવ થયા પછી નીકળવાનું થાય તો ઉપદ્રવ કરનાર દેવતા આખા ગચ્છને ઉપદ્રવ કરે તેવું લાગે તો સાધુ અડધા-અડધા થઈને વિહાર કરે. અડધા થયા પછી પણ ઉપદ્રવ કરે તો તેથી ઓછા થઈને વિહાર કરે યાવત્ છેવટે એક-એક થઈને વિહાર કરે.

જેવા પ્રકારના દેવતા હોય તેવા પ્રકારે સંકેત કરીને બધાં વિહાર કરે અને જ્યાં એકઠા થાય ત્યાં જે ગીતાર્થ હોય તેની પાસે આલોચના કરે.

જો સૌમ્યમુખી દેવતા હોય તો તે તે જ ક્ષેત્રમાં ઉપદ્રવ કરે. તેથી બીજા ક્ષેત્રમાં જવું. કાળમુખી દેવતા હોય તો ચારે દિશામાં બીજા ક્ષેત્રમાં પણ ઉપદ્રવ કરે. માટે ત્રીજા ક્ષેત્રમાં જવું. રક્તાક્ષી દેવતા હોય તો ચારે દિશાના ત્રીજા ક્ષેત્રમાં પણ ઉપદ્રવ કરે, માટે ત્રણ ક્ષેત્રને મૂકીને ચોથા ક્ષેત્રમાં જવું.

જો નીકળતા પહેલાં કોઈ સાધુને મિથ્યાદૃષ્ટિ દેવતાએ ઉપદ્રવ કરેલો હોય તો તે સાધુને પૂછીને શક્ય હોય તો બીજા કોઈ કારણોસર રોકાયેલા સાધુને ભલામણ કરીને બીજા સાધુઓ ઉપદ્રવથી ન ઘેરાય એટલા માટે વિહાર કરી જાય.

હવે ઉપદ્રવવાળાની સારવાર કેમ કરવી ? તે બતાવે છે – કોઈ કારણથી કોઈ ગ્લાનાદિની વૈયાવચ્ચના કારણે નીકળી શકાય તેમ ન હોય અને સેવા માટે રોકાવું પડે તો વૈયાવચ્ચાર્થે રોકાયેલા સાધુએ – (૧) વિગઈ ન વાપરવી, (૨) મીઠું ન વાપરવું, (૩) દશીવાળું વસ્ત્ર ન વાપરવું, (૪) લોઢાનો સ્પર્શ ન કરવો. [તથા]

(૫) જે ઘરમાં દેવતાનો ઉપદ્રવ હોય તે ઘરોમાં ગોચરી ન જવું. (૬) બધાં જ ઘરોમાં દેવતાનો ઉપદ્રવ હોય તો, આહાર ગ્રહણ કરતાં ગૃહસ્થ સામી એક નજર ન કરવી, કેમકે દૃષ્ટિ એક થવાથી તેનો ઉપદ્રવ સાધુમાં સંક્રમવાની સંભાવના છે.

જે સાધુને દેવતાદિનો ઉપદ્રવ હોય, તેને બીજા ઓરડામાં રાખવો, બીજો ઓરડો ન હોય તો વચ્ચે પડદો રાખવો. અંદર જવા-આવવાનો રસ્તો જુદો રાખવો, એટલે જે બાજુથી જાય તેની બીજી બાજુથી બહાર આવે.

આહારાદિ ત્રણ પરંપરાએ આપે, એક આપે, બીજો ગ્રહણ કરે અને ત્રીજો ઉપદ્રવવાળા સાધુને અનાદરથી આપે. આપ્યા પછી તેના દેખતાં માટીથી હાથ ધોઈ નાંખે કેમકે અનાદરથી ઉપદ્રવ કરનાર દેવતાદિ જલ્દી ચાલ્યા જાય. સાધુને ઉંચા-નીચા કરવા પડે કે ફેરવવા પડે તો વચમાં કપડું રાખીને સારવાર કરે.

સેવા કરનાર સાધુ (૧) બીકણ ન હોવા જોઈએ. (૨) તપશ્ચર્યામાં વધારો કરે. નવકારશી વાળો પોરિસિ કરે, પોરિસિ વાળો સાર્દ્ધ પોરિસિ કરે એ પ્રમાણે જે તપ કરતો હોય તેમાં વૃદ્ધિ કરે.

ઉપદ્રવવાળો સાધુ કદાચ કાળ કરી જાય તો, તેની ઉપધિ, પાતરાં વગેરે પરઠવી દેવા. તેની કોઈ પણ વસ્તુ બીજા કોઈએ ન વાપરવી. કેમકે જો તે સાધુની

ઉપધિ, પાતરા આદિ કોઈપણ વસ્તુ બીજા સાધુ વાપરે, તો કદાચ દેવતાદિ તેને પણ ઉપદ્રવ કરે.

કોઈ કારણે તે ક્ષેત્ર છોડી જવાનો અવસર આવે તો, તે ઉપદ્રવવાળા સાધુને કોઈ બીજા સાધુને સોંપે, સાધુ ન હોય તો પાસત્થાદિ પાસે મૂકે, તે ન હોય તો ચૈત્યવાસી પાસે મૂકે, તે ન હોય તો શય્યાતરને સોંપે, તે પણ ન હોય તો છેવટે કોઈ યોગ્ય ઉપાયપૂર્વક પોતે નીકળી જાય.

**(૨) દુકાળ** – બાર વર્ષ પૂર્વે ખબર પડે તો ત્યારે નીકળી જાય યાવત્ દુકાળ પડે ત્યારે નીકળી જાય. જતાં આખા ગચ્છનો નિભાવ થાય તેમ હોય તો બધાં સાથે નીકળે, બધાંનું પૂરું થાય તેમ ન હોય તો અડધા-અડધા જાય. અથવા ત્રણ ભાગમાં કે ચાર ભાગમાં કે યાવત્ એકલા વિહાર કરી જાય.

જેમ ગાયોનો ચારો એક સ્થાને પૂરો થાય તેમ ન હોય તો ગોવાળ ગાયોને થોડી થોડી જુદે જુદે સ્થાને ચરાવે છે, તેમ આચાર્ય પણ સાધુનો નિર્વાહ થાય તેમ ન હોય તો યાવત્ એક એક સાધુને વિહાર કરાવે. તેમાં ગ્લાન સાધુને એકલો ન મૂકે પણ સાથે લઈ લે.

**(૩) રાજભય** – રાજા તરફથી ચાર પ્રકારે ભય થાય – (૧) વસતિ ન આપે. (૨) આહાર-પાણી ન આપે. (૩) વસ્ત્ર-પાત્રાદિ લઈ લે, (૪) મારી નાંખે, તો આવા સંયોગોમાં રાજમાંથી નીકળી કોઈ નિરૂપદ્રવી-સારા ક્ષેત્રમાં જાય.

[શંકા] સાધુઓને તો હાથ, પગ, જીભ કાબૂમાં હોય છે, ઈન્દ્રિયો પણ સ્વાધીન હોય છે, તો પછી રાજા તેમને શું કરે ?

[સમાધાન] (૧) કોઈ વખતે કોઈએ સાધુનો વેશ લઈ રાજકુળમાં પ્રવેશી કોઈનું ખૂન કર્યુ હોય. તેથી કોપાયમાન થયેલો રાજા બધાં સાધુને બોલાવીને મારી નાંખે કે બીજા પાસે મરાવી નાંખે. (૨) કોઈ રાજા સાધુનું દર્શન અમંગલ માનતો હોય, (૩) કોઈ રાજાને ચડાવે કે આ સાધુ તમારું બગાડવા માંગે છે. (૪) રાજાના નિષેધ છતાં કોઈને દીક્ષા આપી હોય, તેથી કોપાયમાન રાજા સાધુને હેરાન કરે. (૫) કોઈ સાધુવેશધારીએ અંતઃપુરમાં જઈ અકૃત્ય કરેલ હોય. (૬) કોઈ વાદી સાધુએ અભિમાની રાજાનો પરાભવ કરેલ હોય, રાજા તેનાથી કોપાયમાન થઈ કંઈ ઉપદ્રવ કરતો હોય તો એકાકી થઈ વિહાર કરી જાય.

**(૪) ક્ષુભિત** – ક્ષુભિત એટલે ભય પામવો કે ત્રાસ પામવો. જેમકે ઉજ્જૈની નગરીમાં ઘણાં ચોર લોકો ગામમાં આવીને ઘણાં મનુષ્યોનું હરણ કરી જતા હતા. કોઈ વખતે કેટલાંક માણસો કોઈ ઝાડ નીચે બેઠા હતા, ત્યારે કોઈ માણસે 'माला पत्तिता' એમ કહ્યું માળા પડી ગઈ તેમ અર્થ કરવાને બદલે 'માળવાના ચોરો આવ્યા' એમ સમજી, ગભરાઈને ત્યાં બેઠેલા માણસોએ નાસભાગ કરી મૂકી. એવી રીતે અકસ્માતે કોઈ સાધુ ક્ષોભ થવાથી એકલો થઈ જાય.

**(૫) અનશન** – કોઈ સાધુને અનશન કરવું છે, આચાર્ય પાસે કોઈ નિર્યામક સાધુ નથી, પણ બીજા સ્થાને છે, તેથી અનશન કરવા ઈચ્છુક સાધુ બીજે





સ્થાને જાય, ત્યારે રસ્તામાં એકલા થવું પડે અથવા કોઈ અનશન સ્વીકારેલ સાધુ, તે સાધુ પાસે અપૂર્વ શ્રુતજ્ઞાન છે, તેવું બીજા કોઈ પાસે નથી તો સૂત્ર-અર્થ કે ઉભય સ્વીકારવા સંઘાટકના અભાવે એકલો જાય. અથવા અનશની સાધુની સેવા માટે સંઘાટકના અભાવે એકલો જાય.

**(૬) સ્ફટિત** – (૧) માર્ગે જઈ રહ્યા છે, રસ્તામાં બે ફાંટા આવે, ત્યાં ભૂલથી બીજા રસ્તે ચડી જાય, તેથી એકલા થઈ જાય. (૨) ધીમે ધીમે ચાલવાના કારણે પાછળ રહી જાય. (૩) ડુંગર આદિ ચઢાવ આવે ત્યાં બીજા સામર્થ્યવાન્ સાધુ ચડીને આગળ જાય. પણ ગ્લાન, બાળ, વૃદ્ધ આદિ સાધુ તેના ઉપર ચડી શકે તેમ ન હોય તેથી ફરીને જાય તેથી એકલા પડે.

**(૭) ગ્લાન** – બિમાર સાધુ માટે ઔષધાદિ લાવવા માટે કોઈ ન હોય તેથી એકલાં જવું પડે. અથવા બીજા કોઈ સ્થાને સાધુ બિમાર હોય, તેની સેવા કરનાર કોઈ નથી, તો તેની સેવાર્થે એકાકી જવું પડે.

**(૮) અતિશય** – કોઈ અતિશય સંપન્ન આત્મા જ્ઞાનથી જાણે અથવા તેને ખબર પડે કે 'નવદીક્ષિત સાધુને પાછો લઈ જવા તેના સ્વજનો આવે છે' આવા કારણે સંઘાટકના અભાવે સાધુને એકલા વિહાર કરાવે. અહીં સાધુના રક્ષણ માટે એકાકી કરાય છે.

**(૯) દેવતા** – તેમના નિમિત્તે એકલા થવું પડે. તેનું દૃષ્ટાંત કહે છે –

કલિંગ દેશમાં કંચનપુર નામે નગર હતું ત્યાં ઘણાં જ્ઞાની આચાર્યો રહેતા હતા. કોઈ વખતે આચાર્યશ્રી શિષ્યોને પાઠ આપીને ગામ બહાર સ્થંડિલ ભૂમિ જતાં હતા. રસ્તામાં ઝાડ નીચે કોઈ સ્ત્રી રૂદન કરી રહી હતી. આચાર્યએ તેણીને જોઈ. બીજે દિવસે પણ જોઈ. આચાર્ય ભગવંતે વિચાર્યુ – આ સ્ત્રી કેમ રૂદન કરતી હશે ? પાછા વળતા તેણીને પૂછ્યું – કેમ રડે છે ?

તે સ્ત્રી બોલી – મારે થોડું રડવાથી શું થશે ? હું આ નગરની દેવતા છું. આ નગરી જળપ્રણયથી ડૂબી જવાની છે. વળી તમે ભૂમિમાં અહીં સ્વાધ્યાય કરો છો, તેનો વ્યાઘાત થશે, એટલે તમે પણ ચાલ્યા જશો.

આચાર્યએ પૂછ્યું – નગરીમાં જળપ્રલય થશે એમ કઈ રીતે જાણવું ? દેવતાએ કહ્યું કે – કાલે નાના સાધુને ભિક્ષામાં દુધ મળશે. તે દુધ પાત્રમાં પડતાં જ લોહી થઈ જશે. તેનાથી તમે જાણજો કે જળપ્રલય થશે. તે દુધ બીજા સાધુઓને પાત્રમાં થોડું-થોડું આપજો અને તે પાત્ર સાથે વિહાર કરાવજો જે ક્ષેત્રમાં દુધ સ્વાભાવિક થઈ જાય, ત્યાં જળપ્રલય નહીં થાય.

**(૧૦) આચાર્ય** – કોઈ કારણે આચાર્ય, સાધુને એકલા મોકલે, તેથી એકલા જવું પડે. જેમકે – અમુક કાર્ય માટે કોઈ સમર્થ સાધુને આજ્ઞા આપે, ત્યારે તે સાધુ કહે કે – "આપે મારા ઉપર મહાન્ ઉપકાર કર્યો." હવે તે સાધુને સવારમાં વહેલું જવાનું હોય તો. સૂત્ર પોરિસિ કરીને કે કર્યા વિના સૂઈ જાય. સૂતા પહેલા પણ આચાર્યશ્રીને કહેતો જાય કે "આપે કહેલા કામ માટે હું સવારે જઈશ." તેમ ન

કહેવામાં દોષ અને પૂછતા લાભ છે.

જેમકે – (૧) કદાચ આચાર્યને યાદ આવે કે – મારે અમુક કાર્ય કહેવાનું હતું પણ બીજું કહ્યું. (૨) જે કામ માટે સાધુને મોકલવાના છે, તે પ્રયોજન સાર્થક થાય તેમ નથી કેમકે તે આચાર્ય ત્યાં નથી. (૩) સંઘાટક આચાર્યને કહે કે – આપે અમુક સાધુને જવા માટે આજ્ઞા કરી, પણ તે સાધુ ગચ્છમાંથી નીકળી જવાની ઈચ્છાવાળો છે.

સાધુ પૂછવા આવે ત્યારે આચાર્યશ્રી કહે કે – 'જવાની જરૂર નથી' અથવા જે કાર્યની ભલામણ કરવાની હોય તે કરીને, "જવાની આજ્ઞા આપો."

સવારમાં જનારો સાધુ આચાર્ય પાસે આવે. જો આચાર્યશ્રી નિદ્રામાં હોય તો ગીતાર્થ સાધુ આચાર્યશ્રીને જગાડે કે પગે સંઘટ્ટના કરે એટલે જાગે. સાધુ તેમને વંદના કરીને કહે – "આપે જે કામ બતાવ્યુ તે માટે હું જઉં છું."

જો આચાર્યશ્રી ધ્યાનાદિમાં હોય તો જનાર સાધુ ત્યાં ઉભો રહે. કેમકે ધ્યાનાદિમાં કોઈ કાર્ય સિદ્ધ થવાનું હોય તો અટકી જાય. ધ્યાન પૂર્ણ કરે, ત્યારે વંદના કરીને કહે કે – "હું કાર્ય કરવા માટે જઉં છું." જનાર સાધુ, રત્નાધિકાદિ બધાંને વંદના કરે.

આવા એકાકી સાધુ વિહારમાં શો વિધિ સાચવે ?

**● મૂલ-૪૬ થી ૫૭ :-**

**(૧) વિહાર વિધિ :-** ઘણે લાંબે જવાનું હોય તો વહેલો વિહાર કરે. નીકળતી વખતે ઘણું અંધારુ હોય કે કૂતરા કે શિકારી જનાવરનો ભય હોય તો, બીજો સાધુ તેની સાથે અજવાળુ હોય ત્યાં સુધી જાય. જનાર સાધુને લઘુનીતિ, વડીનીતિની શંકા હોય તો ગામની નજીક શંકા ટાળીને આગળ વિહાર કરે, બીજો સાધુ વસતિમાં પાછો જાય. વહેલા જવામાં ચોર આદિનો ભય હોય તો અજવાળું થયા પછી વિહાર કરે.

જનાર સાધુને આહાર કરીને જવાની ઈચ્છા હોય તો, ગીતાર્થ સાધુ સંખડી કે સ્થાપના કુળમાંથી યોગ્ય વસ્તુ લાવી આપે. તે સાધુને વસતિમાં વાપરવું હોય તો વાપરી લે, ન વાપરવું હોય તો સાથે લઈને વિહાર કરે અને બે કોસમાં વાપરી લે, કેમકે તેનાથી વધુ આહાર-પાણી લઈ જવાથી ક્ષેત્રાતિક્રમ દોષ લાગે.

ગામની હદ પૂરી થતાં રજોહરણથી પગ પૂંજી લે. જેથી મિશ્ર કે સચિત્ત પૃથ્વીની વિરાધના ન થાય. જ્યાં જ્યાં જુદી ભૂમિ આવે ત્યાં ત્યાં અવશ્ય પગ પૂંજે. જો કોઈ ગૃહસ્થ જોતા હોય તો પગ પૂંજવામાં ભજના. પગ નિષધાથી પૂંજે, રજોહરણથી નહીં. તે નિષધા શરીરને ન અડે તેમ હાથમાં લટકતી રાખીને થોડે સુધી જાય, ગૃહસ્થ ન દેખાય ત્યારે ફરી તેને બગલમાં મૂકી દે. પગ પૂંજતી વખતે ત્યાં રહેલ ગૃહસ્થ કોઈ ચાલતો હોય, કોઈ કાર્યમાં ચિત્તવાળો હોય તો રજોહરણથી પગ પૂંજે. તેમાં આઠ ભાંગા થાય. તેમાં કયા ભંગમાં પગ પૂંજે અને કયા ભંગમાં ન પૂંજે તે કહે છે–

જો ગૃહસ્થ (૧) ચલ, વ્યાક્ષિપ્ત કે અનુપયુક્ત હોય, (૨) ચલ, અવ્યાક્ષિપ્ત



કે અનુપયુક્ત હોય, (૩) સ્થિર, વ્યાક્ષિપ્ત કે અનુપયુક્ત હોય, (૪) સ્થિર, અવ્યાક્ષિપ્ત કે અનુપયુક્ત હોય તો પ્રમાર્જના કરે. પણ જો ગૃહસ્થ ઉપયુક્ત હોય તો ચલ, સ્થિર, વ્યાક્ષિપ્ત કે અવ્યાક્ષિપ્ત એ ચારમાંથી એકે ભંગમાં પ્રમાર્જના ન કરે. અહીં સ્થિર - ઉભો હોય. अव्याक्षिप्त - કંઈ કામ કરતો ન હોય. उपयुक्त - સાધુ શું કરે છે ? તે તરફ ધ્યાન હોય.

ઉપરોક્ત આઠ ભાંગામાં પહેલા ભંગમાં તો અવશ્ય પ્રમાર્જના કરે, બાકીના ભંગોમાં સાધુ તરફ ગૃહસ્થનો ઉપયોગ જ્યાં હોય ત્યાં ન પૂંજે, પણ ઉપયોગ ન હોય ત્યાં પૂંજે. તેથી સૂત્રકારે ભજના શબ્દ કહેલ છે.

૦ વિહાર કરતા રસ્તો કઈ રીતે પૂછવો ? રસ્તો પૂછવામાં ત્રણ ત્રિક થાય છે. બે વ્યક્તિને રસ્તો પૂછવો, જેથી ભૂલા ન પડાય. મુખ્યતાએ બે તરુણ શ્રાવકને રસ્તો પૂછવો, તે ન હોય તો બે તરુણ, અન્યધર્મીને પ્રીતિપૂર્વક રસ્તો પૂછવો, બાકીના આઠ ભાંગામાં પૂછવાથી દોષ સંભવે છે. તે આઠ આ પ્રમાણે – (૧) વૃદ્ધ - વિસ્મૃતિથી રસ્તો બરાબર બતાવી ન શકે. (૨) બાળક - ક્રીડાપ્રિય હોવાથી ખોટો રસ્તો બતાવી દે. (૩ અને ૪) સ્ત્રી અને નપુંસક - જો મધ્યમ વયના હોય તો કોઈ શંકા કરે કે સાધુ આની સાથે શું વાત કરે છે ? અથવા બંનેમાં કંઈ અકાર્ય છે. (૫ થી ૮) વૃદ્ધ નપુંસક, બાળ નપુંસક, વૃદ્ધ સ્ત્રી, બાલિકા - આ ચારે માર્ગથી અજાણ હોય અથવા બરાબર જાણતા ન હોય.

નજીકમાં રહેલાની પાસે જઈને રસ્તો પૂછે. જો તે માણસ મૂંગો રહે તો ન પૂછે, જો તે માણસ મૌન રહે તો ન પૂછે. જો દૂરથી બૂમ પાડીને પૂછે, તો કદાચ શંકા થાય કે – 'આની પાસે દ્રવ્ય હશે કે બળદ આદિને લઈ જનાર હશે ? અથવા તે દોડતો આવે તો રસ્તામાં વનસ્પતિ આદિની વિરાધના થાય. સાધુ જો દૂર સુધી તેની પાસે જાય તો પૃથ્વીકાયાદિ વિરાધના થાય, પગમાં કાંટો વાગવાનો સંભવ રહે. આથી સંયમ વિરાધના અને આત્મ વિરાધના થાય. તેથી નજીકમાં રહેલાને પૂછે.

મધ્યમ વયના પુરુષ ન હોય તો દૃઢ સ્મૃતિવાળા વૃદ્ધને પૂછે. દૃઢ સ્મૃતિવાળા વૃદ્ધ ન હોય તો ભદ્રિક તરુણને પૂછે, સ્ત્રી હોય તો પહેલાં મધ્યમ વયવાળી સ્ત્રીને પૂછે. તે ન હોય તો દૃઢ સ્મૃતિવાળી વૃદ્ધાને પૂછે તે ન હોય તો તરુણીને પૂછે, તે ન હોય તો સરળ બાળાને પૂછે.

નપુંસકમાં પહેલાં મધ્યમ વયના નપુંસકને પૂછે, ન હોય તો દૃઢ સ્મૃતિવાળા વૃદ્ધ નપુંસકને પૂછે, તે ન હોય તો સરળ નપુંસકને પૂછે.

આ દરેકમાં પરસ્પર સંયોગી ભાંગા ૧૭૧ થાય છે. સાધર્મિકમાં-૪૫ અને અન્યધર્મીમાં ૪૫ ભંગો, ઉભયમાં-૮૧ ભાંગા એમ કુલ-૧૭૧ થાય.

**● મૂલ-૫૮ થી ૯૮ :-**

માર્ગે ચાલતા છકાયની જયણા પાળવી. તે આ પ્રમાણે –

**(૧) પૃથ્વીકાયની જયણા –** પૃથ્વીકાય સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ ભેદે હોય છે. તેથી અચિત્ત પૃથ્વીમાં જાય. અચિત્તમાં પણ આર્દ્ર અને શુષ્ક બંને હોય

તો શુષ્કમાં ચાલે. શુષ્કમાં પણ રેતીવાળો અને રેતી વિનાનો માર્ગ હોય તો રેતી વિનાના માર્ગે જાય. રેતી વિનાના માર્ગમાં પણ આક્રાંત અને અનાક્રાંત બે પ્રકારે માર્ગ હોય, તેમાં આક્રાંત માર્ગે જાય.

આર્દ્ર માર્ગ પણ ત્રણ પ્રકારે હોય. મધુસિકથ-પગથી પાની સુધીનો કાદવ, પિંડક - પગે મોજા પહેર્યા હોય તેમ લાગે તેટલો કાદવ ચિકિખલ્લ-ગરકી જવાય તેટલો કદાવ. શુષ્ક માર્ગ ન હોય તો જ આર્દ્ર માર્ગે જાય.

માર્ગમાં જતાં સંયમ વિરાધના અને આત્મવિરાધના ન થાય તેવી પૃથ્વી ઉપર ચાલે. સંયમવિરાધના એટલે સજીવ પૃથ્વીકાયની વિરાધના થાય તે. આત્મવિરાધના - કાંટા આદિ વાગતાં શરીરને પીડા થાય તે.

શિયાળા અને ઉનાળામાં રજોહરણ (નિષધા)થી પગ પૂંજે અને ચોમાસામાં પાદલેખનિકાથી પૂંજે. પાદલેખનિકા-૧૨ આંગળ લંબી, એક આંગળ જાડી, બંને બાજુ નખની જેવી અણીયાળી કોમળ દરેક રાખવાની હોય. જેમાં એક તરફથી સચિત્ત પૃથ્વી દૂર કરે, બીજી બાજુથી અચિત્ત પૃથ્વી દૂર કરે.

**(૨) અપ્કાયની જયણા —** પાણી બે પ્રકારે હોય, (૨) આકાશથી પડતું, (૨) જમીનથી નીકળતું. આકાશમાંથી પડતું પાણી પણ બે પ્રકારે — (૧) ધુમ્મસનું (૨) વરસાદનું. ધુમ્મસ પડતું હોય ત્યારે મકાનના બારી-બારણાં બંધ કરી, કામળી ઓઢીને મકાનમાં એક બાજુ બેસી રહે. પડિલેહણાદિ ક્રિયા ન કરે, ઉંચે અવાજે ન બોલે, જરૂર પડે પરસ્પર ઈશારાથી જ વાત કરે.

વરસાદ પડતો હોય ત્યારે મકાનમાંથી બહાર ન જાય, નીકળ્યા પછી જો વરસાદ પડે તો રસ્તામાં વૃક્ષ નીચે ઉભો રહે. ઘણો વરસાદ પડતો હોય તો સૂકા ઝાડ ઉપર ચડી જાય અથવા કોઈ એવા સ્થાને રહે કે જ્યાંથી શરીર ઉપર પાણી ન પડે. ભય હોય તો કામળી ઓઢીને જાય.

માર્ગમાં નદી આવે અને બીજો રસ્તો હોય તો ફરીને જાય. પુલ હોય તો પુલ ઉપરથી જાય. ભયવાળો કે રેતી ખરતો પુલ હોય તો ન જાય. જે નદીમાં પાણી અર્ધી જંઘા જેટલું હોય તેને સંઘટ્ટ કહે છે. નાભિ પ્રમાણ પાણીને લેપ કહે છે. નાભિથી વધારે પાણી હોય તેને લેપોપરી કહે છે. સંઘટ્ટ નદી ઉતરતાં એક પગ પાણીમાં અને બીજો પગ ખાણાથી અદ્ધર રાખવો. તેમાંથી પાણી નીતરી જાય એટલે તે પગ આગળ પાણીમાં મૂકે અને પાણીમાં રહેલ પગ બહાર કાઢે, પછી તે પગ નીતરી જાય એટલે આગળ મૂકે. સામે કિનારે પહોંચી ઉભો રહે, પાણી નીતર્યા પછી ઈરિયાવહી કરે.

નાભિ પ્રમાણ પાણીવાળી નદી નિર્ભય હોય તો, ગૃહસ્થાદિ ઉતરતાં હોય ત્યારે તેમની પાછળ પાછળ ઉતરે. જો ભય હોય તો ચોલપટ્ટાને ગાંઠવાળી માણસોની વચમાં ઉતરે કેમકે કદાચ પાણીમાં ખેંચાય તો લોકો બચાવી લે. સામે કિનારે પહોંચી ચોલપટ્ટાનું પાણી નીતરી જાય. ત્યાં સુધી ઉભો રહે. પછી ઈરિયાવહી કરી આગળ જાય. જો કાંઠે શિકારી પશુ કે ચોર આદિનો ભય ન હોય તો ચોલપટ્ટો શરીરને ન અડે તેમ લટકતો રાખે.



નદી ઉતરતી વેળા ગૃહસ્થ ન હોય તો નાસિકાથી પાણી માપે. જો ઘણું પાણી હોય તો ઉપકરણો ભેગા કરી બાંધી લે અને મોટું પાત્ર ઉંધુ શરીર સાથે બાંધીને તરીને સામે કાંઠે જાય. નાવમાં બેસીને ઉતરવું પડે તેમ હોય તો નાવમાં થોડા માણસો બેસે પછી ચડે. નાવના મધ્ય ભાગે બેસે, ઉતરતાં થોડા માણસો ઉતર્યા પછી ઉતરે. નાવમાં બેસતા સાગારિક અનશન કરે અને કાંઠે ઉતરી ઈરિયાવહી કરી આગળ જાય.

**(૩) તેઉકાયની જયણા —** રસ્તામાં જતા વનદવ આગળ હોય તો પાછળ જવું, સામે આવતો હોય તો સૂકી જમીનમાં ઉભા રહેવું. સૂકી જમીન ન હોય તો કામળી ભીની કરીને ઓઢી લે. જો ઘણો અગ્નિ હોય તો ચામડું ઓઢી લે અથવા ઉપાનહથી ચાલે.

**(૪) વાયુકાયની જયણા —** પવન ઘણો હોય તો પર્વતની ખીણમાં કે વૃક્ષના ઓથે ઉભા રહે ત્યાં ભય હોય તો નિશ્છિદ્ર કામળી ઓઢી લે.

**(૫) વનસ્પતિકાયની જયણા —** પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાય. દરેકમાં અચિત્ત, મિશ્ર, સચિત્ત. તેમાં પ્રત્યેકમાં સ્થિર અને અસ્થિર. તે દરેકમાં પણ આક્રાંત નિષ્પ્રત્યખાય, આક્રાંત સપ્રત્યપાય, અનાક્રાંત નિષ્પ્રત્યપાય અને અનાક્રાંત સપ્રત્યપાય એ ચાર ભેદો જાણવા. તેમાં — આક્રાંત એટલે કચડાયેલી નિષ્પ્રત્યપાય - ભય રહિત, અનાક્રાંત - ન કચડાયેલ, સપ્રત્યપાય - ભયવાળી. સ્થિર - દૃઢસંઘયણી આમાં જયણા કઈ રીતે ?

મુખ્ય રીતે તો — (૧) અચિત્ત, પ્રત્યેક, સ્થિર, આક્રાંત, ભય વિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો (૨) અચિત્ત, પ્રત્યેક, સ્થિર, અનાક્રાંત, ભય વિનાની વનસ્પતિમાં જવું તે ન હોય તો (૩) અચિત્ત, પ્રત્યેક, અસ્થિર, આક્રાંત અને ભય વિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો (૪) અચિત્ત, પ્રત્યેક, અસ્થિર, અનાક્રાંત, ભય વિનાની વનસ્પતિમાં જવું.

આ જ રીતે ચાર ભંગ અનંતકાય વનસ્પતિના કહેવા. તે પણ ન હોય તો મિશ્ર, પ્રત્યેક, સ્થિર, આક્રાંત અને ભયરહિત વનસ્પતિમાં જવું તે પણ ન હોય તો બાકીના સાત અચિત્ત મુજબ સમજી લેવા. તે પણ ન હોય તો સચિત્ત, પ્રત્યેક, સ્થિર, આક્રાંત, ભયરહિત માર્ગે જવું. બાકીના સાત અચિત્ત પ્રમાણે સમજી લેવા. આ રીતે કુલ-૨૪ ભંગ થાય.

છેવટે ભય વિનાની વનસ્પતિમાં જયણાપૂર્વક જવું.

**(૬) ત્રસકાયની જયણા —** બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય. તે દરેકમાં સચિત્ત, મિશ્ર અને અચિત્ત. દરેકમાં સ્થિર સંઘયણ અને અસ્થિર સંઘયણવાળા. તે દરેકમાં આક્રાંત, અનાક્રાંત, સપ્રત્યપાય, નિષ્પ્રત્યપાય. સચિત્ત - જીવતા બેઈન્દ્રિયાદિ જીવોથી વ્યાપ્ત ભૂમિ. અચિત્ત - મૃત બેઈન્દ્રિય આદિ જીવોથી વ્યાપ્ત ભૂમિ. મિશ્ર - કેટલાંક જીવતા અને કેટલાંક મરેલા હોય તેવી. આ બધામાં મુખ્યતાએ અચિત્ત વ્યાપ્ત ભૂમિમાં જવું.

સજાતીયમાં યતના કહીને પછી વિજાતીયમાં યતના કહે છે. તે આ – પૃથ્વીકાય અને અપ્કાય હોય તો પૃથ્વીકાયમાં જવું યાવત્ ત્રસકાય હોય તો ત્રસ રહિત ભૂમિમાં જવું. આ બધાં ભંગોમાં ઓછી વિરાધના થાય. તેવા માર્ગે જવું. આ રીતે જતાં જો આત્મવિરાધના થતી હોય તો સંયમ વિરાધનાને ગૌણ કરીને પણ આત્મરક્ષા કરવી. કેમકે બધે સંયમ રક્ષા કરવી. સંયમથી પણ આત્માની રક્ષા કરવી. કેમકે જીવતો હશે તો જીવ વિરાધનાદિથી આત્માની શુદ્ધિ, તપ વગેરે દ્વારા કરી શકાશે.

[શંકા] જીવની હિંસા થવાથી પહેલા મહાવ્રતનું ખંડન થયું. વળી કહ્યું કે – એક વ્રતના ખંડનમાં બધાં વ્રતનું ખંડન થાય છે તેનું શું ? [સમાધાન] આશય શુદ્ધિ હોવાથી તથા ચિત્તના વિશુદ્ધ પરિણામ હોવાથી તેને અવિરતિ થતી નથી. વિશુદ્ધ પરિણામ મોક્ષનો હેતુ છે.

[શંકા] ''સાધુ શરીરને સાચવે'' એમ કહ્યું તો પછી ગૃહસ્થ અને સાધુમાં ફેર શો ? કેમકે ગૃહસ્થ પણ કાદવ, શિકારી પશુ આદિ હોય તેવા રસ્તે જતાં નથી. [સમાધાન] સાધુ અને ગૃહસ્થમાં ઘણો ફેર છે. કેમકે ગૃહસ્થો જયણા, અજયણા, સચિત્ત, મિશ્ર આદિ જાણી શકતા નથી. તેને જીવવધના પચ્ચકખાણ નથી, તેથી ગમે તેમ ચાલતો જીવ વિરાધના કરે છે. સાધુ ઉપયોગપૂર્વક, દયાના પરિણામથી જયણા પાળતા ચાલે છે. કદાચ જીવ વિરાધના થઈ જાય તો પણ શુદ્ધ સાધુને હિંસાજન્ય કર્મબંધ થતો નથી. કેમકે જે અને જેટલા હેતુ સંસારના છે, તે અને તેટલા હેતુ મોક્ષના છે. રસ્તામાં જયણાપૂર્વક ચાલતા ક્રિયા મોક્ષ માટેની થાય છે. જેમ તેમ ચાલે તો ક્રિયા કર્મબંધ માટે થાય છે. કર્મબંધ અને કર્મ નિર્જરામાં પણ સાધુ અને ગૃહસ્થને ઘણો ફર્ક પડે છે.

જિનેશ્વર ભગવંતે એકાંત નિષેધ કે એકાંત વિધિ કહેલ નથી. નિષેધ અને વિધિ વ્યક્તિ-વિશેષ છે. સાધુને આશ્રીને શાસ્ત્રમાં ઉત્સર્ગ અને અપવાદ બંને કહેલાં છે, ગીતાર્થો જ તેનો નિર્ણય કરવા સમર્થ છે.

[શંકા] બાહ્ય વસ્તુને આશ્રીને કર્મબંધ થતો નથી. પણ જેવો આત્માનો પરિણામ તે પ્રમાણે કર્મબંધ થાય છે. તો પછી પૃથ્વીકાય આદિની જયણા શું કામ કરવી ? માત્ર મન શુદ્ધ રાખવું.

[સમાધાન] માત્ર બાહ્ય વસ્તુ જ કર્મબંધનું કારણ નથી, તો પણ મુનિઓ પરિણામની વિશુદ્ધિ માટે પૃથ્વીકાયાદિની યતના કરે છે. જો પૃથ્વીકાય આદિની યતના ન કરે તો પરિણામની શુદ્ધિ રહી શકે નહીં. તેથી મુનિઓએ અવશ્ય પૃથ્વીકાયાદિની યતના કરવી જોઈએ. જો મુનિ જયણા રહિત વર્તે તો જીવહિંસા ન થાય તો પણ હિંસા પ્રત્યયિક કર્મબંધ થાય છે. પણ જો જયણા સહિત વર્તે તો કદાચ જીવહિંસા થાય તો પણ હેતુ કર્મબંધ થતો નથી. કેમકે તેને પરિણામની શુદ્ધિ રહેલી છે.

**● મૂલ-૯૯ થી ૧૦૭ :-**

૦ રસ્તામાં કોઈ ગામ વગેરે આવે તો તેમાં પ્રવેશવાની વિધિ સંબંધે સાત દ્વારો



છે. ગ્લાન, ગ્લાનયતના વગેરે. તે આ પ્રમાણે –

**(૧) ગ્લાનવિષયક પ્રથમ દ્વાર** – શાસ્ત્રકાર પહેલાં શંકા દ્વાર રજૂ કરી તેનો ઉત્તર આપે છે - [શંકા] આચાર્યાદિના કાર્યાર્થે જલ્દી જવાનું છે, તો પછી ગામમાં પ્રવેશનું શું પ્રયોજન ? [સમાધાન] પ્રવેશમાં ઘણાં ગુણો છે. જેમકે – (૧) ઈહલૌકિક ગુણો - જેમને માટે ગયેલ હોય તે આચાર્ય આદિ અમુક સ્થાને છે કે માસકલ્પાદિ કરી તે જ ગામમાં આવેલા છે, તો ત્યાં જ કાર્ય થઈ જાય આગળ વિચરવું ન પડે. અથવા ગામમાં આહાર-પાણી લઈને જઈ શકે. (૨) પારલૌકિકગુણો - કદાચ ગામમાં કોઈ સાધુ-સાધ્વી બિમાર હોય તો તેની સેવાનો લાભ મળે. જિનમંદિર હોય તો દર્શનાદિ કરે. ઈત્યાદિ

પૃચ્છા - ગામમાં પ્રવેશતા પૃચ્છા બે પ્રકારે થાય. અવિધિ અને વિધિ. (૧) અવિધિ પૃચ્છા - ગામમાં સાધુ છે કે નહીં ? પ્રશ્ન સાધુ વિશે હોવાથી, ગામમાં સાધ્વી હશે તો પણ પૂછનાર કહેશે કે – સાધુ નથી. 'સાધ્વી છે કે નહીં ?' તેમ પૂછે તો સાધુ હોવા છતાં પ્રશ્ન સાધ્વીનો હોવાથી – ''નથી'' તેમ કહેશે. શ્રાવક છે કે નહીં - એમ પૂછે તો થશે કે આને આહાર કરવો હશે. જો શ્રાવિકા વિશે પૂછે તો તેને થશે કે આ ખરાબ આચારવાળો છે. ઈત્યાદિ કારણે વિધિપૂર્વક પૃચ્છા કરવી જોઈએ.

(૨) વિધિ પૃચ્છા - ગામમાં જવા આવવાને રસ્તે ઉભો રહીને કે ગામની નીકટ માણસોને પૂછે કે – ગામમાં અમારો પક્ષ છે ? સામેનો માણસ ન જાણતો હોય તો સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા છે ઈત્યાદિ પૂછે. જિનાલય હોય તો પહેલા દર્શન કરીને સાધુ પાસે જાય. વંદનાદિ કરે. પછી જો ત્યાં સાધુ એમ કહે કે – 'અહીં સાધુ બિમાર છે' તેના ઔષધાદિ વિશે અમે જાણતાં નથી, તો તે બતાવે, વ્યાધિ શાંત પડે પછી વિહાર કરે. જો કોઈ કારણ ન હોય તો દર્શન-વંદન કરી આગળ જાય.

**● મૂલ-૧૦૮ થી ૧૧૮ :-**

ગ્લાન નામક પહેલાં દ્વારમાં જ સૂત્રકાર ગ્લાનની પરિચર્યાદિ વિશે આગળ કહે છે – (૧) ગમન-બિમાર સાધુમાં શક્તિ હોય તો વૈદ્યને ત્યાં લઈ જાય, જો શક્તિ ન હોય તો બીજા સાધુ ઔષધ માટે વૈદ્યને ત્યાં જાય. (૨) પ્રમાણ - વૈદ્યને ત્યાં એક સાધુ ન જાય, પણ ત્રણ, પાંચ કે સાત સાધુ જાય. (૩) ઉપકરણ - વૈદ્યને ત્યાં જતાં ચોખ્ખા કાપ કાઢેલા કપડાં પહેરીને જવું. (૪) શુકન-સારા શુકન જોઈને જવું. (૫) વ્યાપાર - વૈદ્ય ભોજન કરતો કે ગડગુમડ કાપતો હોય ત્યારે ન પૂછવું. (૬) સ્થાન - વૈદ્ય ઉકરડે કે ફોતરાદિના ઢગલા ઉપર હોય તો ન પૂછવું. (૭) ઉપદેશ - વૈદ્યને યતનાપૂર્વક પૂછીને તે જે કહે તે બરાબર સાંભળી લેવું અને તે મુજબ બિમારની પરિચર્યા કરવી. (૮) વૈદ્યને લાવવા - જો વૈદ્ય કહે કે બિમારને જોવો પડશે. તો બિમારને ઉપાડીને વૈદ્યને ત્યાં ન લઈ જવા, પણ વૈદ્યને ઉપાશ્રયમાં લાવવા. તે પહેલાં બિમારને ગંધોદકથી વાસિત કપડાં પહેરાવવા, માટી પાણી આદિ વૈદ્યને ધોવા માટે રાખવું.

વૈદ્યના આવવાના સમય પહેલાં આચાર્યએ ઉપાશ્રયમાં આટા મારવા કેમકે

વૈદ્ય આવે ત્યારે આચાર્ય ઉભા થાય તો લાઘવતા થાય અને ન ઉઠે તો વૈદ્યને કોપ થાય.

ગ્લાન સાધુ આહાર લાવતો કે બહાર સ્થંડિલાર્થે જતો થઈ જાય ત્યાં સુધી વૈયાવચ્ચ કરે. પછી ત્યાં રહેલ સાધુ સહાય આપે તો તેની સાથે, નહીં તો એકલા આગળ વિહાર કરે.

અન્ય સાંભોગિક સાધુ હોય તો બીજા સાધુને સામાચારી જોતાં વિપરીત પરિણામ ન થાય તે માટે પોતાના ઉપધિ આદિ ઉપાશ્રયની બહાર મૂકીને અંદર જાય. જો બિમાર માટે રોકાવું પડે તો બીજે રહે.

ગામમાં જતાં કોઈ એમ કહે કે ''તમે ગ્લાનની સેવા કરશો ?'' તો સાધુ 'હા' કહે. જો સાધુ કલ્લા-માત્રાથી લેપાયેલા છે, તેમ જાણે તો પાણી લઈને ગ્લાન સાધુ પાસે જાય અને લોકો જુએ તે રીતે બગડેલાં વસ્ત્રાદિ ધુવે. કોઈ પૂછે કે ''કયા સંબંધથી આની સેવા કરો છો ?'' તો કહે કે ધર્મ સંબંધથી. જેથી લોકોમાં 'ધર્મ' વિશે અહોભાવ થાય.

સાધુ વૈદક જાણતો હોય તો તે રીતે ઔષધાદિ કરે, ન જાણતો હોય તો વૈદ્યની સલાહ મુજબ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વૈયાવચ્ચ કરે. ગ્લાન કારણે એકલો થયો હોય તો સારુ થતા તેની અનુકૂળતા પ્રમાણે સાથે વિહાર કરે, નિષ્કારણ એકલો થયો હોય તો શાસ્ત્રોક્ત રીતે ઠપકો આપે.

૦ **સાધ્વી સંબંધે વિધિ** – ગામમાં સાધ્વી રહેલા હોય તો ઉપાશ્રય પાસે આવી બહારથી નિસીહિ કહે. જો સાધ્વી સ્વાધ્યાયાદિમાં લીન હોય તો બીજા દ્વારા કહેવડાવે કે – ''સાધુ આવ્યા છે.'' તે સાંભળી મુખ્ય સાધ્વી સ્થવિરા હોય તો બીજા એક સાધ્વી સાથે બહાર આવે. સાધુને આસનાદિ નિમંત્રણા કરે. પછી સાધુ તે સાધ્વીઓની સુખશાતા પૂછે. જો સાધ્વીજીને કોઈ બાધા હોય તો તે સાધુ તેનો નિગ્રહ કરે અથવા સમર્થ સાધુને ત્યાં મોકલે. કદાચ સાધ્વી એકલા હોય અને બિમાર હોય અને બીજા ઉપાશ્રયમાં રહીને સહન કરી શકે એમ ન હોય તો તે જ સ્થાને વચ્ચે પડદો કરી શુશ્રૂષા કરે. સારું થયા પછી કારણે એકલા પડેલ હોય તો યતનાપૂર્વક સ્થાને પહોંચાડે અને નિષ્કારણે એકલા હોય તો ગચ્છમાં ભેગા કરાવે.

● **મૂલ-૧૧૯ થી ૧૩૬ :-**

**(૨) ગ્લાન યતના** નામક બીજું દ્વાર હવે કહે છે – જો સાધુ જાણે કે બાજુના ગામમાં બિમાર સાધુ છે, તો ત્યાં જઈને બિમારની સેવા કરે. તે સાંભોગિક, અન્ય સાંભોગિક અને ગ્લાનની સેવા કરે. તે મુજબ પાસત્થા, ઓસન્ન, કુશીલ, સંસક્ત, નિત્યવાસી ગ્લાનની પણ સેવા કરે. પણ તેમની સેવા પ્રાસુક આહાર, પાણી, ઔષધાદિથી કરે. જો કોઈ ગામમાં ગ્લાનને યોગ્ય વસ્તુ મળે. બીજે ગામ ગ્લાન સાધુના સમાચાર મળે, તો તે ગામમાં જઈ આચાર્યાદિને બતાવે. આચાર્ય કહે કે – ગ્લાનને યોગ્ય બીજું ઘણું છે. માટે તમે જ વાપરો, તો પોતે વાપરે. આચાર્યને શઠ જાણે તો વિહાર કરે.



જો કોઈ વેશધારી ગ્લાન હોય તો તે સાજો થાય એટલે કહે કે – ધર્મમાં ઉદ્યમ કરો, જેથી સંયમમાં દોષ ન લાગે. ઈત્યાદિ.

આ રીતે ગ્લાનાદિ સેવા કરતો વિહાર કરે. પ્રશ્ન :- આ રીતે બધે સેવા કરતો વચ્ચે રોકાય તો આચાર્યની આજ્ઞા ન લોપાય કેમકે આચાર્યએ જે કામે મોકલેલ છે, ત્યાં ઘણાં કાળે પહોંચે. ઉત્તર - તીર્થંકરની આજ્ઞા આચાર્યની આજ્ઞા કરતાં બળવાન્ છે. તીર્થંકરની આજ્ઞા છે – ''ગ્લાનની સેવા કરવી.'' તેથી આજ્ઞા ભંગ ન થાય. છતાં પ્રવચન વિરાધનાનો પ્રસંગ હોય તો વચ્ચે ન રોકાય, એ રીતે કાર્યના બલાબલનો વિવેક કરી વર્તે. આ વિષયમાં રાજા અને મુખીનું દૃષ્ટાંત છે –

કોઈ રાજા યાત્રાર્થે નીકળ્યો. સિપાઈને અમુક ગામે મુકામ કરીશું. તેવી આજ્ઞા કરી સિપાઈએ ગામમાં જઈ રાજાને માટે એક આવાસ કરવાની સૂચના આપી. આ સાંભળી મુખીએ પણ ગામલોકોને પોતાના માટે એક આવાસ કરવા કહ્યું. ગામ લોકોએ વિચાર્યુ – રાજા એક દિવસ જ રહેશે અને મુખી તો કાયમ રહેવાના છે. એમ વિચારી રાજા માટે ઘાસના માંડવા જેવું મકાન બનાવ્યું, મુખી માટે સુંદર મહેલ જેવું મકાન બનાવ્યું. રાજાને સામાન્ય મકાનમાં ઉતારો આપ્યો. તેણે સુંદર મકાન જોઈને પૂછ્યું – આ કોનું મકાન છે ? લોકો બોલ્યા – મુખી માટે બનાવેલ છે. તે સાંભળી રાજાએ ગુસ્સે થઈ મુખીને કાઢી મૂક્યો અને લોકોનો દંડ કર્યો. અહીં મુખીના સ્થાને આચાર્ય અને રાજાના સ્થાને તીર્થંકર છે. તીર્થંકરની આજ્ઞાના લોપથી સંસાર વધે છે.

બીજા ગામના લોકોએ વિચાર્યુ કે – રાજા માટે સુંદરતમ મહેલ બનાવીએ, કેમકે રાજાના ગયા પછી મુખીના કામમાં જ આવશે - એમ વિચારી તેનો અમલ કર્યો. રાજાએ ખુશ થઈ ગામનો કર માફ કર્યો, મુખીને બીજા ગામનો સ્વામી બનાવ્યો. આ રીતે તીર્થંકરની આજ્ઞામાં વર્તનાર સંસાર સમુદ્ર તરી જાય છે. કેમકે તીર્થંકર આજ્ઞામાં આચાર્યઆજ્ઞા સમાઈ જાય છે.

● **મૂલ-૧૩૭ થી ૧૬૧ :-**

**૩-શ્રાવકદ્વાર** – ગ્લાનાર્થે રોકાય પણ ભિક્ષાર્થે વિહારમાં વિલંબ ન કરે, તેના દ્વારો કહે છે – (૧) ગોકુળ - રસ્તામાં ગોકુળ આવે ત્યાં દુધ વગેરે વાપરી તુરંત ચાલે તો માર્ગમાં વડીનીતિની શંકા થાય, કાંજી સાથે દુધ વિરુદ્ધાહાર છે, તેથી સંયમ વિરાધના થાય અને શંકા રોકે તો મરણ થાય. વળી ગોકુળમાં ગૌચરી જવામાં આત્મવિરાધના સાથે પ્રવચન વિરાધના થાય, આગળ જવામાં વિલંબ થાય. માટે ગોકુળમાં ભિક્ષાર્થે ન જવું. (૨) ગામ :- સમૃદ્ધ હોય, પણ ભિક્ષાનો સમય ન થયો હોય અને દુધ આદિ ગ્રહણ કરે તો પૂર્વવત્ દોષ લાગે. (૩) સંખડી :- જો રાહ જુએ તો સ્ત્રી આદિના સંઘટ્ટાદિ દોષો થાય. સમય થતાં આહાર લાવી ઘણું વાપરે તો બિમારી આવે. વારંવાર સ્થંડિલ જવું પડે તો વિહારમાં વિલંબ થાય. (૪) સંજ્ઞી :- શ્રાવક આગ્રહ કરે અને ગૌચરીનો સમય થયો ન હોય તો દોષો પૂર્વવત્ થાય. (૫) દાનશ્રાવક :- ઘી વગેરે ઘણું વહોરાવી દે અને વાપરે તો બિમારી આદિ દોષ, પરઠવી

દે તો સંયમ વિરાધના. (૬) ભદ્રક :- ભદ્રક સ્વભાવી પાસે જવામાં વિલંબ કરે, પછી તે લાડવા આદિ વહોરાવે. તો પણ દાનશ્રાવક જેવા જ દોષ લાગે. (૭) મહાનિનાદ - વસતિવાળા પ્રસિદ્ધ ઘરોમાં જાય, સ્નિગ્ધાદિ આહાર મળે તો પૂર્વવત્ દોષો લાગે. વધારે વાપરે તો ઉંઘ આવે, સૂત્રપાઠ ન થાય, સૂત્રાર્થ વિસરાઈ જાય અને ઉંઘે તો અજીર્ણ થાય. તેથી ગોકુળાદિમાંથી માત્ર છાશ-ભાત ગ્રહણ કરે.

કારણિક સેવન :- પોતે જે ગામે આવ્યો ત્યાં ભિક્ષાવેળા થઈ ન હોય, બીજું ગામ દૂર હોય અતવા નીકટનું ગામ નવું વસેલું કે ખાલી થઈ ગયેલું હોય, પ્રત્યનીક આદિ કારણો હોય તો, આવા કારણે ગામ બહાર રાહ જુએ. ભિક્ષાવેળા થતાં ઉક્ત ગોકુળ, સંખડી, શ્રાવકાદિથી દુધ લાવી, વાપરી આગળ ચાલે. સાધુના રૂક્ષપણાથી કોઠામાં દુધ-ઘી ક્ષીણ થઈ જાય છે. આ રીતે કારણે દુધ-ઘી સેવન ગુણરૂપ થાય.

ગામમાં જઈને ખબર પડે કે ભિક્ષાવેળા થઈ નથી. તો રાહ જુએ, ઉદ્ગમાદિ દોષો તપાસે, બાળકોને પૂછી-તપાસીને ભિક્ષા ગ્રહણ કરે. ગામમાં ગૌચરી વપરાય તેવું સ્તાન ન હોય તો ગામ બહાર જાય અને દેવકુળ કે શુન્યગૃહાદિમાં જ્યાં ગૃહસ્થાદિ ન હોય ત્યાં ગૌચરી વાપરે.

શુન્યગૃહાદિમાં પ્રવેશતા પૂર્વે લાકડી ઠપકારે. ખાંસી આદિ અવાજ કરે, જેથી કોઈ અંદર હોય તો નીકળી જાય, પછી ઈરિયાવહી કરી, ગૌચરી વાપરે. તે વેળા કદાચ કોઈ ગૃહસ્થ આવી જાય તો ગભરાયા વિના બોલવા માંડે કે – ''યમાય પિંડં સ્વાહા'', ''વરુણાય પિંડં સ્વાહા'', ''ધનદાય પિંડં સ્વાહા'' ઈત્યાદિ આથી પે'લા માણસ ભય પામી ભાગી જાય.

કદાચ કોઈ માણસ બહારથી, છિદ્રમાંથી, ઉપરથી આદિથી ક્યાંક જોઈ જાય અને તે બીજાને બૂમો પાડી ભેગા કરે અને કહે કે – જુઓ જુઓ આ સાધુ પાત્રમાં ભોજન કરે છે. તો ગૃહસ્થો દૂર હોય તો થોડું વાપરે. વધારાનું ત્યાં રહેલા ખાડા આદિમાં નાંખી દે કે ધૂળથી ઢાંકી દે. માણસો આવતા પહેલાં પાત્ર સ્વચ્છ કરી, સ્વાધ્યાય કરવા લાગે.

તે માણસો પૂછે કે – ગૌચરી ક્યાં કરી ? જો તેઓએ ગામમાં ગૌચરી ફરતા જોયેલ હોય તો કહે કે – શ્રાવકાદિના ઘેર વાપરીને આવ્યો છું જો ન જોયેલ હોય તો આખું પૂછે કે – 'શું ભિક્ષા વેળા થઈ ગઈ ?' જો તેઓ પાત્ર જોવા આગ્રહ કરે તો પાત્ર બતાવે. પાત્ર ચોખ્ખા જોઈ આવેલા માણસો કહેનારનો તિરસ્કાર કરે, જેથી શાસનનો ઉડ્ડાહ ન થાય.

ગામની નજીક સ્થાન ન મળે અને કદાચ દૂર જવું પડે તો ત્યાં જઈને ઈરિયાવહી કરી, થોડીવાર સ્વાધ્યાય કરી, શાંત થઈ, ભિક્ષા વાપરે. જો કોઈ ભદ્રક વૈદ્ય જાણે કે આ સાધુને ધાતુનું વૈષમ્ય થયેલ છે, જો આહાર તુરંત વાપરશે તો અવશ્ય મરણ થશે. તેમની પાછળ જાય, છુપાઈને જુએ કે સાધુ આહાર નહીં પણ કંઈક ક્રિયા કરે છે, તેનાથી શરીરમાં ધાતુ સજા થઈ જાય છે. માટે સાધુને આહારમાં વિપરિણમન થતું નથી. તો વૈદ્ય આવીને સાધુને પૂછશે કે – શું તમે વૈદક ભણ્યા



છો કે – જલ્દી ભિક્ષા ન વાપરી ? ત્યારે સાધુ કહેશે કે – ના, આ તો અમારા સર્વજ્ઞ ભગવંતનો ઉપદેશ છે કે સ્વાધ્યાય કરીને વાપરવું. પછી સાધુ વૈદ્યને ધર્મોપદેશ આપે, તેથી કદાચ વૈદ્ય દીક્ષા લે કે શ્રાવક થાય. આમ વિધિ પાલનમાં ઘણાં લાભો થાય.

ત્રણ ગાઉ જવા છતાં ગૌચરી વાપરવાનું સ્થાન ન મળે અને નજીકના ગામમાં આહાર મળે તેમ હોય તથા સમય પહોંચતો હોય તો લાવેલો આહાર પરઠવી દે, પણ સમય ન હોય તો ત્રણ ગાઉએ જ યતનાપૂર્વક આહાર વાપરી લે જેથી ક્ષેત્રાતિક્રમ દોષ ન લાગે.

**● મૂલ-૧૬૨ થી ૧૭૧ :-**

**(૪) સાધુદ્વાર** :- સાધુ બે પ્રકારે - જોયેલા અને ન જોયેલા. તેમાં પરિચયથી ગુણ જાણેલા અને ગુણ ન જાણેલા. ન જોયેલમાં સાંભળેલ ગુણવાળા અને ન સાંભળેલ ગુણવાળા. તેમાં પ્રશસ્ત ગુણવાળા અને અપ્રશસ્ત ગુણવાળા. તેમાં પણ સાંભોગિક અને અન્ય સાંભોગિક. જો સાધુ શુદ્ધ આચારવાળા હોય તો તેમની સાથે નિવાસ કરવો.

અપ્રશસ્ત સાધુની પરીક્ષા ચાર પ્રકારે – (૧) બાહ્ય દ્રવ્ય પરીક્ષા - જંઘા આદિ સાબુ વગેરેથી સાફ કરે, જોડાં રાખે, સાધ્વી માફક માથે કપડું ઓઢે, સાધુ પરસ્પર હાથ મીલાવી ચાલે, ડાફોળીયા મારતાં ચાલે, દિશા આદિના ઉપયોગ વિના સ્થંડિલ બેસે. ઘણાં પાણીથી પ્રક્ષાલન કરે આદિ.

(૨) બાહ્ય ભાવથી પરીક્ષા - વિકથા કરતાં ચાલે, રસ્તામાં ગાન કરતા કે મૈથુન સંબંધી વાતો કરતા ચાલે, મનુષ્ય કે તિર્યંચો આવતા હોય, ત્યાં માત્રુ, સ્થંડિલ જાય, આંગળી દર્શાવી કોઈ ચાળા આદિ કરતા હોય. કદાચ બાહ્ય પ્રેક્ષામાં અશુદ્ધ હોય તો પણ વસતિમાં જવું અને ગુરુની પરીક્ષા કરવી. કેમકે કદાચ સાધુ ગુરુની મનાઈ હોવા છતાં તેવું આચરણ કરતાં હોય. બાહ્ય પરીક્ષામાં શુદ્ધ હોય તો પણ અભ્યંતર પરીક્ષા કરે.

(૩) અભ્યંતર દ્રવ્ય પરીક્ષા – ભિક્ષા આદિ માટે ગયા હોય ત્યાં કોઈ ગૃહસ્થ આદિ નિમિત્ત વગેરે પૂછે તો ન કહેતો હોય. અશુદ્ધાહારાદિનો નિષેધ કરતો અને શુદ્ધાહાર ગ્રહણ કરતો હોય. તો તેવા સાધુ શુદ્ધ જાણવા. ઉપાશ્રયમાં શેષકાળમાં પીઠફલક-પાટ પાટલાં વાપરે છે કે કેમ ? માત્રુ આદિ ગૃહસ્થથી જુદુ કરે છે કે કેમ ? શ્લેષ્મ, બળખા આદિ કઈ રીતે નાંખે છે ? આ બધું જુએ. તેના આધારે શુદ્ધતા નક્કી કરે.

(૪) અભ્યંતર ભાવ પરીક્ષા - બિભત્સ ગીત ગાન કે કથા કરતા હોય, પાસા-કોડી આદિ રમતા હોય તો અશુદ્ધ જાણવા.

ગુણયુક્ત સમનોજ્ઞ સાધુ સાથે રહેવું, તેવા ન હોય તો અમનોજ્ઞ ગુણવાળો સાથે રહેવું. ઉપાશ્રયમાં પ્રવેશી, વંદનાદિ કરીને ગૌચરી જાય.

**● મૂલ-૧૭૨ થી ૧૭૮ :-**

**(૫) વસતિદ્વાર** – સંવિજ્ઞ સમનોજ્ઞ સાધુ સાથે વસતિ શોધવી, તેવી ન હોય

તો નિત્યવાસી, અમનોજ્ઞ, પાસત્થાદિ ત્યાં રહેલાં હોય તો તેમની સાથે ન વસવું પણ જુદા સ્થાનમાં રહેવું – સ્ત્રી રહિત શ્રાવકના ઘરમાં રહે, ન મળે તો સ્ત્રીરહિત ભદ્રકના ઘેર રહે, ન મળે તો સ્ત્રી સહિત ભદ્રકના ઘેર જુદા ઓરડા કે ડેલીમાં રહે, તે ન મળે તો સ્ત્રી સહિત ભદ્રકના ઘરમાં વચ્ચે પડદો કરીને રહે, તે ન મળે તો શૂન્યગૃહમાં રહેવું. તે ન મળે તો ઉક્ત કાલચારી નિત્યવાસી પાર્શ્વસ્થાદિ હોય, ત્યાં તેમણે ન વાપરેલા પ્રદેશમાં ઉતરે. ઉપધિ આદિ પાસે રાખી પ્રતિક્રમણાદિ કરી કાયોત્સર્ગ કરે. જાગવાની શક્તિ ન હોય તો યતનાપૂર્વક સુવે, તે ન મળે તો યથાછંદ આદિની વસતિ ઉપયોગમાં લે. પણ ત્યાં તે ખોટી પ્રરૂપણા કરતો હોય તો તેનો વ્યાઘાત કરે, તેમ ન થાય તો ધ્યાન કરે, ઉંચેથી ભણવા માંડે, કાનમાં આંગળી ખોસી દે, નસકોરા બોલાવતો ઉંઘવાનો ડોળ કરે. જેથી પે'લો કંટાળી જાય. એમ ન થાય તો પોતાના ઉપકરણો પાસે રાખી યતનાપૂર્વક સુવે.

**• મૂલ-૧૭૯ થી ૧૯૦ :-**

(૬) **સ્થાનસ્થિતદ્વાર** – કારણે-વિહાર કરતા વર્ષાકાળ આવી જતાં વચમાં રોકાવું પડે જે રસ્તે જવાનું હોય તે ગામમાં અશિવાદિ ઉપદ્રવ વગેરે કારણે વચમાં રોકાવું પડે. જે કામે નીકળેલ હોય તે આચાર્ય વિહાર કરી ગયા છે, તેમ જાણી, જ્યાં સુધી આચાર્ય કયા ગામે ગયા છે, તે ખબર ન પડે ત્યાં સુધી રોકાવું પડે. તે આચાર્યશ્રીના કાળધર્મના સમાચાર જાણી, ચોક્કસ ન થાય ત્યાં સુધી વચ્ચેના ગામમાં રોકાવું પડે કે પોતે બિમાર પડતાં રોકાઈ જાય. ઈત્યાદિ - x - x -

આ રીતે કારણિક હોય તે પ્રમાદ છોડીને વિચરે. હવે અકારણિક સ્થાનસ્થિતને કહે છે – (૧) ગચ્છમાં સારણા, વારણાદિ થતાં હોય, તેથી દુભાઈને એકલો થઈ જાય, તો પોતાના આત્માને નુકસાન કરે છે. કેમકે - x - x - x - ગચ્છમાંથી કંટાળીને નીકળી જનાર સાધુ ઉલટો સાધુતાથી ભ્રષ્ટ થઈ જાય. પ્રતિકૂળતા છતાં ગચ્છમાં રહેવું જોઈએ. (૨) જે સાધુ ચક્ર, સ્તૂપ, પ્રતિમા, કલ્યાણકાદિ ભૂમિ, સંખડી આદિ માટે વિહાર કરે. (૩) પોતે જ્યાં રહ્યાં તે સ્થાન સારું ન હોય તેથી વિહાર કરે. (૪) સારા સારા ઉપધિ, વસ્ત્ર, પાત્ર તથા ગોચરી ન મળવાથી વિહાર કરે.

આ નિષ્કારણ વિહાર કહેવાય. પણ જો સાધુ સૂત્ર, અર્થ, ઉભયને કરતાં સમ્યગ્દર્શનાદિ સ્થિર કરવા માટે વિહાર કરે તો કારણિક વિહાર કહેવાય. પરંતુ જો અગીતાર્થ એકલો વિચરે કે બધાં જ અગીતાર્થ વિચરતા હોય તો તે સંયમ અને આત્મ વિરાધના કરનારા થાય છે.

**• મૂલ-૧૯૧ થી ૧૯૯ :-**

શાસ્ત્રકારે એક ગીતાર્થ અને બીજો ગીતાર્થ નિશ્રિત એવા બે વિહારની અનુજ્ઞા આપેલ છે. આ રીતે વિહાર કરનારા ચાર ભેદે છે – (૧) જયમાના :- ત્રણ ભેદે – (૧) બીજા આચાર્યાદિ પાસે અપૂર્વ શ્રુત જ્ઞાન હોય તે મેળવવા વિહાર કરે. (૨) જૈન શાસનની પ્રભાવનાર્થે વિહાર કરે, (૩) વિહાર કરતી વેળા માર્ગમાં ઘણી વિરાધના થતી જાણી, બચવા માટે પાછો વિહાર કરે.



– (૨) વિહરમાના - બે ભેદે છે (૧) ગચ્છમાં રહેલા સાધુ, આચાર્ય, સ્થવિર, વૃષભ-વૈયાવચ્ચ સમર્થ, ભિક્ષુ-ગોચરી લાવનારા, બાલ સાધુ. (૨) ગચ્છમાં ન રહેલા સાદુ-પ્રત્યેક બુદ્ધ, જિનકલ્પી, પ્રતિમાધારી.

– (૩) અવધાવમાન - બે ભેદે છે. (૧) સાધુવેશ રાખવાપૂર્વક ગૃહસ્થ થયેલા. (૨) પાર્શ્વસ્થ, કુશીલાદિ થઈ ગયેલા.

– (૪) આહિંડકા - બે ભેદે (૧) ઉપદેશ આહિંડકા - આજ્ઞા મુજબ વિહાર કરનારા, સૂત્ર અને અર્થ ગ્રહણ કરીને ગ્રામાદિનો અનુભવ લેવા માટે બાર વર્ષ વિચરે. (૨) અનુપદેશ આહિંડકા-સ્તૂપાદિ જોવા માટે વિચરનારા.

**• મૂલ-૨૦૦ થી ૨૧૯ :-**

માસકલ્પ કે ચોમાસુ પૂર્ણ થયે આચાર્યાદિ બીજા ક્ષેત્રમાં જવાનું હોય ત્યારે ક્ષેત્ર પ્રત્યુપ્રેક્ષકો આવી ગયા પછી બધાં સાધુને ભેગા કરીને આચાર્ય પૂછે કે – કોને કયું ક્ષેત્ર યોગ્ય લાગ્યું ? બધાંનો મત લઈને સૂત્રાર્થની હાનિ ન થાય તે રીતે વિહાર કરે. ચારે દિશા શુદ્ધ હોય તો ચારે દિશામાં, ત્રણ દિશા શુદ્ધ હોય તો ત્રણ દિશામાં, બે દિશા શુદ્ધ હોય તો બે દિશામાં સાત, પાંચ કે ત્રણ એ રીતે સંઘાટક વિહાર કરાવે.

જ્યાં જવાનું હોય તે ક્ષેત્ર પહેલાં જાણી લે, જાણીને વિહાર કરે. જો તપાસ ન કરે તો કદાચ વસતિ ન મળે કે ભિક્ષા દુર્લભ હોય કે બાળ, ગ્લાન આદિને યોગ્ય ભિક્ષા ન મલે કે માંસ, લોહી આદિથી અસજ્ઝાય રહેવાથી સ્વાધ્યાય ન થાય. માટે તપાસ કરી યતનાપૂર્વક વિહાર કરે.

ક્ષેત્રની તપાસ માટે બધાંનો મત લે, ગણને પૂછીને કોઈને મોકલે. ખાસ અભિગ્રહવાળા સાધુ હોય તો તેમને મોકલે, ન હોય તો બીજા સમર્થને મોકલે પણ બાળ, વૃદ્ધ, અગીતાર્થ, યોગી, વૈયાવચ્ચી આદિને ન મોકલે. કેમકે જો બાળને મોકલે તો મ્લેચ્છાદિ કોઈ ઉપાડી જાય અથવા માર્ગમાં રમવા લાગે, કર્તવ્ય-અકર્તવ્ય ન સમજે, લોકો અનુકંપાથી વધુ આપે ઈત્યાદિ દોષો લાગે. જો વૃદ્ધ સાધુને મોકલે તો તેમનું શરીર કંપતું હોય તેથી લાંબા કાળે યોગ્ય સ્થાને પહોંચે. ઈન્દ્રિયોની શિથિલતાથી રસ્તો બરાબર ન જોઈ શકે, સ્થંડિલ ભૂમિ બરાબર તપાસી ન શકે, લોકો અનુકંપાથી વધુ આપે ઈત્યાદિ દોષ લાગે. અગીતાર્થને મોકલે તો તે માસકલ્પ, વર્ષાકલ્પાદિ વિધિ જાણતો ન હોય તેથી વસતિની પરીક્ષા ન કરી શકે અથવા અવિધિથી ઉત્તર આપે. યોગીને મોકલે તો જલ્દી કાર્ય પતાવવાની બુદ્ધિથી જલ્દી જલ્દી જાય, માર્ગની બરાબર પ્રત્યુપ્રેક્ષા ન થઈ શકે, સ્વાધ્યાયનો અર્થી હોવાથી ભિક્ષા માટે બહુ ફરે નહીં ઈત્યાદિ દોષો લાગે. વૃષભને મોકલે તો રોષથી સ્થાપના કુલો કહે નહીં, કહે તો પણ બીજાને જવા ન દે અથવા સ્થાપના કુલો તેના જ પરિચિત હોવાથી બીજા સાધુને પ્રાયોગ્ય આહારાદિ ન મળે ઈત્યાદિ દોષ લાગે. તપસ્વીને મોકલે તો તે દુઃખી થાય, લોકો તપસ્વી જાણીને તેને વધારે આહારાદિ આપે અથવા તે ત્રણ વાર ભિક્ષાર્થે જવા અસમર્થ હોય માટે તપસ્વીને પણ ન મોકલે.

બીજા કોઈ સમર્થ સાધુ જાય તેમ ન હોય તો અપવાદે ઉપર કહેલમાંથી કોઈ

સાધુને યતનાપૂર્વક મોકલે. બાળ સાધુને મોકલે તો સાથે ગણાવચ્છેદકને મોકલે. તે ન હોય તો ગીતાર્થને મોકલે, તે ન હોય તો અગીતાર્થ સાધુને સામાચારી કહીને મોકલે. યોગીને મોકલે તો અનાગાઢ યોગી હોય તો યોગમાંથી કાઢીને મોકલે. તે ન હોય તો તપસ્વીને પારણું કરાવીને મોકલે. તે ન હોય તો વૈયાવચ્ચીને મોકલે તે ન હોય તો વૃદ્ધ અને તરુણને કે બાલ અને તરુણને મોકલે.

**● મૂલ-૨૨૦ થી ૪૪૩ :-**

માર્ગે જતાં ચાર પ્રકારની **પ્રત્યુપેક્ષણા** કરતા જાય. તે આ પ્રમાણે — (૧) દ્રવ્યથી પ્રત્યુપેક્ષણા - રસ્તામાં કાંટા, ચોર, શિકારી પશુ, પ્રત્યનીક, કૂતરા આદિને જોવા. (૨) ક્ષેત્રથી પ્રત્યુપેક્ષણા — ઉંચી, નીચી, ખાડાં-ટેકરા, પાણીવાળા સ્થાનાદિ. (૩) કાળથી પ્રત્યુપેક્ષણા - જવામાં રાત્રે કે દિવસે જ્યાં આપત્તિ હોય તે જાણી લે. અથવા કાળથી રસ્તો ક્યારે ખરાબ છે, તે જાણી લે. (૪) ભાવથી પ્રત્યુપેક્ષણા - તે ક્ષેત્રમાં નિહ્નવ, ચટક, પરિવ્રાજક આદિ વારંવાર આવતા હોય તેથી લોકોની દાનની રુચિ રહી છે કે નહીં તે તપાસે.

**૦ ક્ષેત્ર જોવા કઈ રીતે જાય ?** જ્યાં સુધી ઈચ્છિત સ્થાને ન પહોંચે ત્યાં સુધી સૂત્રપોરિસિ, અર્થ પોરિસિ ન કરે. ક્ષેત્રની નજીક આવી જાય ત્યારે નજીકના ગામમાં કે ગામ બહાર ગૌચરી વાપરીને, સાંજના વખતે ગામમાં પ્રવેશ કરે અને વસતિ શોધે. વસતિ મળી જાય એટલે કાલગ્રહણ લઈ બીજે દિવસે કંઈક ન્યૂન પોરિસિ સુધી સ્વાધ્યાય કરે. પચી ગૌચરી જાય.

ક્ષેત્રના ત્રણ ભાગ કરે. એક ભાગમાં સવારે ગૌચરી જાય, બીજા ભાગમાં બપોરે ગૌચરી જાય, ત્રીજા ભાગમાં સાંજે ગૌચરી જાય. બધેથી થોડું થોડું ગ્રહણ કરે. દુધ-દહીં-ઘી વગેરે માંગે જેથી લોકો દાનશીલ છે કે કેવા છે ? તે ખબર પડે. ત્રણે વખત ગૌચરી જઈને પરીક્ષા કરે.

આ રીતે નજીકમાં રહેલા આસપાસના ગામમાં પણ પરીક્ષા કરે બધું સારી રીતે મળતું હોય તો તે ક્ષેત્ર ઉત્તમ કહેવાય. કોઈ સાધુ કાળ કરે તો તેને પરઠવી શકાય તે માટે મહા સ્થંડિલ ભૂમિ પણ જોઈ રાખે.

વસતિ કયા સ્થાને કરવી અને કયા સ્થાને ન કરવી, તે માટે જે વસતિ હોય તેમાં ડાબે પડખે પૂર્વાભિમુખ વૃષભ બેઠેલો હોય તેવી કલ્પના કરે. તેના દરેક અંગના લાભાલાભ આ પ્રમાણે :- શીંગડાના સ્થાને વસતિ કરે તો કલહ થાય. પગના સ્થાને વસતિ કરતા પેટના રોગ થાય. પુંછડાના સ્થાને વસતિ કરતાં નીકળી જવું પડે. મુખના સ્થાને વસતિ કરે તો ગૌચરી સારી મળે, શીંગડાના મધ્યભાગે વસતિ કરતાં પૂજા સત્કાર થાય. સ્કંધ અને પીઠના સ્થાને વસતિ કરે તો ભાર થાય. પેટના સ્થાને વસતિ કરે તો નિત્ય તૃપ્ત રહે.

**● મૂલ-૨૪૪ થી ૨૪૬ :-**

**— શય્યાતર પાસે અનુજ્ઞા લેવી અને સંવાદ કઈ રીતે કરવો ?** શય્યાતર પાસેથી દ્રવ્યાદિ પ્રાયોગ્યની અનુજ્ઞા મેળવે, તે આ પ્રમાણે :- દ્રવ્યથી - ઘાસ, ડગલ,



રાખ આદિની. ક્ષેત્રથી - ક્ષેત્રની મર્યાદા આદિ. કાળથી - રાત્રે કે દિવસે સ્થંડિલ માત્રુ પરઠવવાની. ભાવથી - ગ્લાનાદિ માટે યોગ્ય પ્રદેશની.

શય્યાતર સાથે સંવાદ :- જેમકે - હું તમને આટલું સ્થાન આપું છું, વધુ નહીં. ત્યારે સાધુ કહે — જે ભોજન આપે તે પાણી પણ આપે, એ રીતે અમોને વસતિ આપતા તમે સ્થંડિલ-માત્રાદિ ભૂમિ આદિ પણ આપી જ છે.

શય્યાતર પૂછે — કેટલો સમય રહેશો ? સાધુ કહે — જ્યાં સુધી અનુકૂળ હશે ત્યાં સુધી. શય્યાતર પૂછે — કેટલાં સાધુ અહીં રહેશો ? સાધુ કહે કે ‘સાગરની ઉપમાએ’. જેમ સમુદ્રમાં કોઈ વખત ઘણું પાણી હોય, કોઈ વખત મર્યાદિત પાણી હોય, તેમ ગચ્છમાં સાધુની વધ-ઘટ થયા કરે.

શય્યાતર પૂછે — ક્યારે આવશો ? સાધુ કહે — અમારા બીજા સાધુ બીજે સ્થાને ક્ષેત્ર જોવા ગયેલા છે, તેથી વિચારીને ક્ષેત્ર યોગ્ય લાગે તો આવશું.

શય્યાતર એમ કહે કે — તમારે આટલાં જ ક્ષેત્રમાં અને આટલી સંખ્યામાં રહેવું તો તે ક્ષેત્રમાં સાધુને માસકલ્પ આદિ કરવો ન કલ્પે. જો બીજે વસતિ મળે તો ત્યાં નિવાસ કરે.

જે વસતિમાં રહ્યા હોય, તે વસતિ જો પરિમિત હોય અને ત્યાં બીજા સાધુઓ આવે તો તેમને વંદનાદિ કરવા, ઉભા થવું૰ પાદ પ્રક્ષાલન કરવું. ભિક્ષા લાવી આપવી, ઈત્યાદિ વિધિ સાચવવી. પછી તે સાધુને કહેવું કે અમને આ વસતિ પરિમિત મળી છે, એટલે બીજા વધુ રહી શકે એમ નથી.

**● મૂલ-૨૪૭ થી ૨૮૦ :-**

**ક્ષેત્ર તપાસ કર્યા પછીની વિધિ :-** ક્ષેત્રની તપાસ કરી પાછા આવતા બીજા રસ્તે થઈને આવવું. કેમકે કદાચ બીજું સારું ક્ષેત્ર હોય તો ખબર પડે. પાછા વળતાં પણ સૂત્ર કે અર્થ પોરિસિ ન કરે. કેમકે જેટલાં મોડાં આવે તેટલો સમય આચાર્યને રોકાવું પડે. માસકલ્પથી વધુ થાય તે નિત્યવાસ છે.

આચાર્યશ્રી પાસે આવી, ઈરિયાવહી આદિ કરી, આચાર્યને ક્ષેત્રના ગુણો વગેરે કહે. આચાર્ય બધાં સાધુને ભેગા કરી ક્ષેત્રની વાત કરે બધાંનો અભિપ્રાય લઈ યોગ્ય લાગે તે ક્ષેત્ર તરફ વિહાર કરે. આચાર્યમત પ્રમાણ ગણાય.

તે ક્ષેત્રમાંથી વિહાર કરતાં વિધિપૂર્વક શય્યાતરને જણાવે. અવિધિથી કહેવામાં અનેક દોષો છે. શય્યાતરને કહ્યા. સિવાય વિહાર કરે તો તે એમ વિચારે કે આ ભિક્ષુ લોકધર્મને જાણતા નથી. જે પ્રત્યક્ષ લોકધર્મને જાણતા નથી, તે અદૃષ્ટને કેવી રીતે જાણતા હોય ? કદાચ જૈનધર્મ મૂકી દે. અથવા બીજી વાર કોઈ સાધુને વસતિ ન આપે.

કોઈ શ્રાવકાદિ આચાર્યને મળવા કે દીક્ષાર્થે આવ્યા હોય, તે શય્યાતરને પૂછે કે — આચાર્ય ક્યાં છે ? રોષિત થયેલો તે કહે કે — ‘‘અમને શી ખબર ?’’ કહ્યા વિના જતા રહ્યા છે. આવા જવાબો સાંભળી શ્રાવકાદિ વિચારે કે — લોક વ્યવહારનું પણ જ્ઞાન નથી તો પછી પરલોકનું શું જ્ઞાન હશે ? આથી દર્શનનો ત્યાગ કરે ઈત્યાદિ

દોષો થાય, માટે વિધિપૂર્વક નીકળે.

જો નજીકના ગામમાં જવાનું હોય તો સૂત્ર કે અર્થ પોરિસિ કરીને વિહાર કરે. દૂર જવાનું હોય તો પાત્ર પડિલેહણા કર્યા સિવાય વહેલા નીકળે. બાલ, વૃદ્ધ આદિ પોતાથી ઉપડે તેટલી ઉપધિ લે, બાકીની તરુણાદિ ઉપાડે. કોઈ ખગ્ગુડ-પ્રમાદી જેવા વહેલા ન નીકળે તો તેમને ભેગા થવા માટે જતાં સંકેત કરીને જાય. વહેલાં જતી વેળા અવાજ ન કરે, કેમકે લોકો જાગી જાય તો અધિકરણાદિ દોષો લાગે. બધાં સાધુ સાથે જ નીકળે.

વિહાર સારી તિથિ, મુહૂર્ત, સારા શુકન જોઈને કરવો. ૦ **અપશુકનો આ પ્રમાણે** – મલીન શરીરી, ફાટેલા કપડાવાળો, શરીરે તેલ ચોળેલો, કુબડો, વામન, કૂતરો, પૂર્ણ ગર્ભવતી સ્ત્રી, મોટી ઉંમરની કન્યા, લકાડાનો ભારો, બાવા, પાંડુ રોગી ઈત્યાદિ. ૦ **સારા શુકનો** – નંદી, વાજીંત્ર, પૂર્ણ ભરેલ ઘડો, શંખ કે પટહનાદ, છત્ર, ચામર, ધ્વજા, શ્રમણ, પુષ્પ ઈત્યાદિ.

● **મૂલ-૨૮૧ થી ૨૯૦ :-**

**– હવે સંકેત આદિ દ્વારો કહે છે – (૧) સંકેત** - પ્રદોષ કાળે આચાર્ય બધાં સાધુને ભેગા કરી કહે કે – 'અમુક સમયે નીકળીશું' અમુક સ્થાને વિશ્રામ કરીશું - રોકાઈશું. અમુક ગામે ભિક્ષાર્થે જઈશું. કોઈ ખગ્ગુડપ્રાયઃ આવવા તૈયાર ન થાય તો તેને પણ અમુક સ્થાને ભેગા થવાનો સંકેત આપે.

ક્ષેત્ર પ્રત્યુપેક્ષકો કેટલાંક ગચ્છની આગળ, કેટલાંક મધ્યમો કેટલાંક પાછળ ચાલે. રસ્તામાં સ્થંડિલ, માત્રાદિની જગ્યા બતાવે. જેથી કોઈને અતિ શંકા થઈ હોય તો ટાળી શકે. માર્ગમાં ગામ આવે ત્યાં ભિક્ષા મળી શકે તેમ હોય અને જ્યાં રોકાવાનું હોય તે ગામ નાનું હોય, તો તરુણ સાધુને ગામમાં ભિક્ષા લેવા મોકલે, તેની ઉપધિ બીજા સાધુ લઈ લે. જો કોઈ સાધુ અસહિષ્ણુ હોય તો ગૌચરી માટે ત્યાં મૂકતા જાય અને સાથે માર્ગજ્ઞ સાધુને મૂકે. જેથી જે ગામ જવાનું છે, ત્યાં સુખપૂર્વક આવી શકે.

મુકામ કરવાના ગામમાં કોઈ કારણે ફેરફાર થઈ ગયો હોય તો પાછળ રહેલા સાધુ ભેગા થઈ શકે તે માટે ત્યાં બે સાધુને રોકતા જાય. જો બે સાધુ ન મળે તો એકને રોકે અથવા કોઈ ગૃહસ્થને કહે કે 'અમે અમુક ગામ જઈએ છીએ.' પાછળ અમારા સાધુ આવે છે તેને કહેજો. જો તે ગામ શૂન્ય હોય તો જે માર્ગે જવાનું હોય તે માર્ગે લાંબી રેખા કરવી, જેથી પાછળ આવતાં સાધુને માર્ગની ખબર પડે.

ગામમાં પ્રવેશ કરે, તેમાં જો વસતિનો વ્યાઘાત થયો હોય તો બીજી વસતિની તપાસ કરીને ઉતરે. માર્ગમાં ભિક્ષાર્થે રોકેલા સાધુ ભિક્ષા લઈને આવે ત્યાં ખબર પડે કે – ગચ્છા આગળ ગયેલો છે, તો જો તે ગામ બે ગાઉથી વધુ હોય, તો એક સાધુને ગચ્છ પાસે મોકલે, ભિક્ષા આવી ગયાના સમાચાર આપે. તેથી ભૂખ્યા થયેલા સાધુ પાછા ફરે અને ગૌચરી વાપરીને તે ગામમાં જાય. જો ગામમાં પહોંચેલા સાધુઓએ વાપરી લીધું હોય તો કહેવડાવે કે – તમે વાપરીને





આવો, અમે ગૌચરી કરી લીધી છે.

● **મૂલ-૨૯૧ થી ૩૧૮ :-**

**(૨) વસતિગ્રહણ** – ગામમાં પ્રવેશી ઉપાશ્રય પાસે આવે. પછી વૃષભ સાધુ વસતિમાં પ્રવેશી કાજો લે, ત્યાં સુધી બીજા સાધુ બહાર ઉભા રહે. કાજો લેવાઈ ગયા પછી બધાં સાધુ વસિતમાં પ્રવેશ કરે, જો ગોચરીવેળા થઈ ગઈ હોય તો એક સંઘાટક કાજો લે અને બીજા ગૌચરી જાય. પૂર્વે નક્કી કરેલ વસતિનો કોઈ કારણે વ્યાઘાત થયો હોય, તો બીજી વસતિ શોધીને, બધાં સાધુઓ તે વસતિમાં જાય. - x - x -

[શંકા] ગામ બહાર ગૌચરી વાપરીને વસતિમાં પ્રવેશે તો ?

[સમાધાન] જો બહાર ગૌચરી કરે તો, ગૃહસ્થોને દૂર જવા કહેવું પડે, જો તે દૂર જાય તો સંયમ વિરાધના થાય. કદાચ ન જાય અને કલહ પણ કરે. મંડલીબદ્ધ રીતે સાધુ વાપરતા હોય, ત્યાં કૌતુકથી ગૃહસ્થો આવે તો ક્ષોભ થાય. આહાર ગળે ન ઉતરે ઈત્યાદિ દોષો થાય.

બીજા ગામમાં જઈને વાપરે તો ઉપધિ અને ભિક્ષાના ભારથી કે ક્ષુધાને લીધે ઈર્યાપથ જોઈ ન શકે, આદિ કારણે આત્મવિરાધના થાય. આહારાદિ વેરાય તો છ કાય વિરાધના થાય.

વિકાલે પ્રવેશે તો વસતિ ન જોઈ હોય તો પ્રવેશમાં જ કૂતરા આદિ કરડી ખાય. ચોરો ઉપધિ લઈ જાય, કોટવાળ પકડે કે મારે, બળદ વગેરે શીંગડા મારે, ભૂલા પડાય, નિંદ્ય ગૃહોની ખબર ન પડે. કાંટા વાગે, સર્પ ડંશ થાય આથી આત્મ વિરાધના થાય ન જોયેલ, ન પ્રમાર્જેલ વસતિમાં સંથારો કરવાથી કીડી આદિ મરતાં સંયમ વિરાધના થાય. ન જોયેલ વસતિમાં કાલગ્રહણ લીધા વિના સ્વાધ્યાય કરે તો દોષ લાગે અને સ્વાધ્યાય કરે તો સૂત્રાર્થની હાનિ થાય.

સ્થંડિલ, માત્રુ ન જોયેલા સ્થાને પરઠવે તો સંયમ વિરાધના તથા આત્મ વિરાધના બંને થાય. સ્થંડિલ રોકે તો મરણ, માત્રુ રોકે તો ચક્ષુનું તેજ ઘટે, ઓડકાર રોકે તો કોઢ થાય. ઉક્ત દોષોને કારણે શક્યતઃ સવારમાં જાય. વસતિ ન મળે તો શૂન્યગૃહાદિમાં રહે, વચ્ચે પડદો કરે. જો ગોશાળા કે સભા આદિ સ્થાન મળે તો કાલભૂમિ જોઈને ત્યાં કાલગ્રહણ કરે તથા સ્થંડિલ ભૂમિ જોઈ આવે.

અપવાદે વિકાલે પ્રવેશ કરે તે આ રીતે – રસ્તામાં કોટવાલાદિ મળે તો કહે – "અમે સાધુ છીએ ચોર નથી." જો શૂન્યગૃહ હોય તો વૃષભ સાધુ દાંડાથી ઉપર-નીચે ઠપકારે જેથી સર્પ-મનુષ્યાદિ હોય તે જતાં રહે કે ખબર પડે. આચાર્ય માટે ત્રણ સંથારા ભૂમિ રાખે એક પવનવાળી, બીજી પવન વિનાની. ત્રીજી સંથારા માટેની વસતિ મોટી હોય તો છુટા-છુટા સંથારા કરે, વસતિ નાની હોય તો ક્રમવાર સંથારો કરી વચ્ચે પાત્રાદિ મૂકી દે સ્થવિર સાધુ, બીજા સાધુને સંથારાની જગ્યા વહેંચી આપે.

જો આવતાં રાત્રિ થઈ ગઈ હોય તો કાલગ્રહણ ન કરે, પણ નિર્યુક્તિ સંગ્રહણી આદિ મંદ સ્વરે બોલે ગુરુ પાસે કાળે સંથારા પોરિસિ ભણે. સંથારો પાથરીને શરીરને પડિલેહે, ગુરુ આજ્ઞા લઈ વિધિ પ્રમાણે સંથારો કરે પગ લાંબો-ટુંકો કરતાં

કે પડખું ફેરવતાં પ્રમાર્જના કરે.

રાત્રે માત્રાદિ કારણે ઉઠે તો પહેલાં દ્રવ્યાદિ ઉપયોગ કરે, જેમકે – દ્રવ્યથી હું કોણ છું ? દીક્ષિત છું કે અદીક્ષિત. ક્ષેત્રથી - નીચે છું કે ઉપર ? કાળથી રાત્રિ છે કે દિવસ ? ભાવથી - કાયિકાદિની શંકા છે કે કેમ ? જો આંખમાં ઉંઘ હોય તો શ્વાસને રુંધે, ઉંઘ ઉડે પછી સંથારામાં ઉભો થઈ પ્રમાર્જના કરતાં દ્વાર પાસે આવે. બહાર ચોર આદિનો ભય હોય તો એક સાધુને ઉઠાડે, તે દ્વાર પાસે ઉભો રહે, પોતે કાયિકાદિ શંકા ટાળીને આવે. કૂતરા આદિનો ભય હોય તો બે સાધુને ઉઠાડે. એક દ્વાર પાસે ઉભો રહે, પોતે કાયિકાદિ વોસિરાવે, ત્રીજો રક્ષણ કરે પછી પાછા આવી ઈરિયાવહી કરે. સૂક્ષ્મ આન-પ્રાણવાળો હોય તો ચૌદે પૂર્વ ગણી જાય. લબ્ધિયુક્ત ન હોય તો ઘટતા-ઘટતા છેલ્લે ત્રણ ગાથા ગણી સુવે. આ વિધિથી નિદ્રાના પ્રમાદનો દોષ દૂર થાય.

ઉત્સર્ગથી શરીર ઉપર વસ્ત્ર ઓઢ્યા વિના સુવે, ઠંડી આદિ લાગે તો એક, બે કે ત્રણ કપડાં ઓઢે. તો પણ ઠંડી દૂર ન થાય તો બહાર જઈ કાયોત્સર્ગ કરે, પછી અંદર આવે. છતાં ઠંડી લાગે તો બધાં કપડાં કાઢી નાંખે, પછી એક-એક વસ્ત્ર ઓઢે, સમાધિ રહે તેમ કરે.

**● મૂલ-૩૧૯ થી ૩૩૧ :-**

(૩) **સંજ્ઞી** – વિહાર કરતાં વચ્ચે કોઈ ગામ આવે. તે સાધુના વિહારવાળું હોય કે વિનાનું હોય, ત્યાં શ્રાવકોના ઘર હોય કે ન પણ હોય, જો સંવિજ્ઞ સાધુના વિહારવાળું હોય તો ગામમાં પ્રવેશે. પાર્શ્વસ્થ આદિનું હોય તો ન પ્રવેશે જિનાલય હોય તો દર્શન કરવા જાય.

ગામમાં સાંભોગિક સાધુ હોય તો પ્રાઘુર્ણક માટે ગોચરી પાણી લાવી આપે. કોઈ શ્રાવક આગ્રહ કરે તો આગંતુક સાથે કોઈ એક સાધુને મોકલે. ઉપાશ્રય નાનો હોય તો આગંતુક સાધુ બીજા સ્થાને ઉતરે, ગામમાં રહેલા સાધુ તેમને ગૌચરી લાવી આપે. સાંભોગિક ન હોય તો આવેલા સાધુ ગૌચરી લાવી આચાર્યાદિને પ્રાયોગ્ય આપી બાકીનું બીજા વાપરે.

**● મૂલ-૩૩૨ થી ૩૩૬ :-**

(૪) **સાધર્મિક** – આહારાદિનું કામ પતાવી, ઠલ્લાની શંકા ટાળીને સાંજે સાધર્મિક સાધુ પાસે જાય, જેથી તેમને ભિક્ષાદિ માટે આકુલત્ય ન થાય. સાધુને જોઈને ત્યાં રહેલા સાધુ ઉભા થાય, સામે જાય પાત્રાદિ લઈલે. - x - ગામ નાનું હોય, ભિક્ષા પ્રાપ્ત ન હોય, બપોરે જવામાં માર્ગમાં ચોર આદિનો ભય ન હોય તો સવારમાં જ બીજે ગામ જાય.

ઉપાશ્રયમાં પ્રવેશતા નિસીહિ કહે. ત્યાં રહેલા સાધુ તે સાંભળી સામા આવે. વાપરતા હોય તો કોળીયો મુખમાં હોય ને વાપરી લે, હાથમાં હોય તો પાત્રામાં મૂકી દે. સામે આવેલા સાધુનું સન્માન કરે. આવેલા સાધુ સંક્ષેપથી આલોચના કરી, તેમની સાથે આહાર વાપરે. જો તેઓએ વાપરી લીધું હોય તો તેમ કહે. જો વાપરવાનું બાકી



હોય તો બધાં સાથે વાપરે આહાર ઓછો હોય તો, પોતાને માટે બીજો આહાર લાવીને વાપરે. આવેલા સાધુની ત્રણ દિવસ આહાર-પાણી આદિથી ભક્તિ કરે, શક્તિ ન હોય તો બાલ-વૃદ્ધ આદિની ત્રણ દિવસ ભક્તિ કરે.

**● મૂલ-૩૩૭ થી ૩૫૫ :-**

(૫) **વસતિ** – ત્રણ પ્રકારે, મોટી-નાની-પ્રમાણયુક્ત. પહેલાં પ્રમાણયુક્ત વસતિ ગ્રહણ કરે, તે ન હોય તો નાની વસતિ ગ્રહણ કરે, તે પણ ન હોય તો મોટી વસતિ ગ્રહણ કરવી. મોટી વસતિમાં બીજા લોકો, પારદારિકો, બાવા આદિ આવીને સુવે છે, તેથી ત્યાં સૂત્ર-અર્થ પોરિસિ કરતાં કે જતા આવતાં, કોઈ અસહિષ્ણુ હોય તો બૂમાબૂમ કરી મૂકે, ઝઘડો થાય પરિણામે આત્મવિરાધના કે સંયમ વિરાધના થાય વળી બધાના દેખતાં શંકા ટાળે તો પ્રવચનની લઘુતા થાય. રાત્રે વસતિમાં પૂંજતા પૂંજતા જાય તો કોઈને ચોરની શંકા થાય અને કદાચ મારી નાંખે સાગારિક ગૃહસ્થને સ્પર્શ થતાં તે સાધુને નપુંસક સમજે. સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો સ્ત્રી સમજે છે કે – આ સાધુ મને ઈચ્છે છે, તેમાં મારપીટ થાય. દિવસે સાધુ ઉપર રાગી થયેલ કોઈ સ્ત્રી રાત્રે સાધુની પાસે આવીને સૂઈ જાય, સાધુને બળાત્કારે ગ્રહણ કરે તેથી મોટી વસતિમાં ન ઉતરવું.

નાની વસતિમાં રાત્રે જતાં-આવતાં કોઈના ઉપર પડી જવાય. જાગી જતાં ચોરની શંકા થાય ઈત્યાદિથી આત્મ અને સંયમ વિરાધના થાય.

પ્રમાણયુક્ત વસતિમાં કેવી રીતે ઉતરવું ? એક એક સાધુ માટે ત્રણ હાથ પહોળી જગ્યા રાખવી, એક હાથ-ચાર આંગળ પહોળો સંથારો, પછી વીસ આંગળ ખાલી જગ્યા રાખવી, પછી એક હાથ જગ્યામાં પાત્રાદિ મૂકવા, પછી બીજા સાધુના આસનાદિ રાખવા. પાત્રાદિ બહુ દૂર મૂકે તો બિલાડી, ઉંદર આદિથી રક્ષણ ન થાય. બહુ નીકટ રાખે તો પાત્રાદિ તુટવાનો ભય રહે. માટે ૨૦ આંગળ અંતર રાખવું.

જો બે હાથથી વધુ અંતર હોય તો, કોઈ ગૃહસ્થ વચ્ચે સૂઈ જશે. તેથી બીજા દોષો લાગશે. ત્યાં બે સાધુ વચ્ચે બે હાથની જગ્યા રાખે. જો હાથથી ઓછું આંતરું હોય તો, બીજા સાધુનો સ્પર્શ થઈ જાય તો ભુક્ત ભોગીને પૂર્વક્રીડાનું સ્મરણ થઈ આવે. કુમારપણામાં દીક્ષા લીધી હોય તેને સાધુના સ્પર્શથી સ્ત્રીનો સ્પર્શ કેવો હશે ? તેવું કુતૂહલ થશે. વચ્ચે બે હાથનું અંતર રાખે, તેથી પરસ્પર કલહ આદિ ન થાય. ભીંતથી એક હાથ દૂર સંથારો કરવો. પગ નીચે પણ જવા આવવાનો માર્ગ રાખવો. મોટી વસતિ હોય તો ભીંતથી ત્રણ હાથ દૂર સંથારો રાખવો.

પ્રમાણયુક્ત વસતિ ન હોય તો નાની વસતિમાં રાત્રે જયણા પૂર્વક જવું-આવવું હાથથી પરમાર્શ કરી બહાર નીકળવું. પાત્રાદિને ખાડામાં મૂકવા અને ખાડો ન હોય તો દોરી બાંધી ઉંચે લટકાવવા.

મોટી વસતિમાં ઉતરવું પડે તો સાધુ છુટા છુટા થઈ સુવે. કોઈ આવીને એક બાજુ થઈ જવા કહે તો તેમ કરી પડદો કરી લે. ત્યાં બીજા ગૃહસ્થો આદિ હોય તો જતાં આવતાં પ્રમાર્જનાદિ ન કરે.

● મૂલ-૩૫૬ થી ૩૮૭ :-

(૬) **સ્થાનસ્થિત** :- પ્રવેશના દિને પ્રાતઃકાલીન પ્રતિક્રમણાદિ કરી, સ્થાપના કુળ, પ્રાંત કુલાદિનો વિભાગ કરે એટલે અમુક ઘરોમાં ગૌચરી જવું, અમુકમાં ન જવું. પછી સારા શુકન જોઈને ગામમાં પ્રવેશ કરે. પ્રવેશતા પહેલાં કથાલબ્ધિસંપન્ન સાધુને મોકલે. તે સાધુ ગામમાં જઈ શય્યાતર પાસે કથા કરે. પછી આચાર્યશ્રી પધારે ત્યારે ઉભા થઈ વિનય સાચવે અને શય્યાતરને કહે કે – આ અમારા આચાર્યશ્રી છે. આચાર્યને કહે કે આ મહાનુભવે આપણને વસતિ આપે છે. આચાર્ય પછી શય્યાતર સાથે વાતચીત કરો, જેથી તેને એમ ન થાય કે આ લોકો ઉચિત જાણતા નથી.

વસતિમાં આચાર્ય માટે ત્રણ જગ્યા રાખી સ્થવિર સાધુ બીજા માટે રત્નાધિકના ક્રમે યોગ્ય જગ્યા વહેંચી આપે. ક્ષેત્ર પ્રત્યુપેક્ષકો આવેલા સાધુને સ્થંડિલ ભૂમિ, સ્વાધ્યાય ભૂમિ આદિ બતાવે. સાધુમાં કોઈ તપસ્વી હોય, કોઈને વાપરવાનું હોય તો સ્થાપનાકુળ આદિ બતાવે છે.

જિનાલયે જતાં આચાર્ય સાથે એક-બે સાધુ પાત્રા લઈને જાય કેમકે ત્યાં કોઈ ગૃહસ્થને ગૌચરી આપવાની ભાવના થાય તો લઈ શકાય. પાત્રા લઈને આવીશું કહે અને શ્રાવક વસ્તુ રાખી મૂકે તો સ્થાપના દોષ લાગે. બધાં સાધુએ સાથે ન જવું કેમકે તો ગૃહસ્થને એ થશે કે કોને આપું અને કોને ન આપું. સાધુને જોઈને ભય પામે અથવા આ બધાં ખાઉધરા છે તેમ વિચારે. તેથી આચાર્ય સાથે બે-ત્રણ સાધુ જ પાત્ર લઈને જાય.

જો તે ક્ષેત્રમાં પહેલાં માસકલ્પ ન કરેલ હોય કે પહેલાં આવ્યા હોય, તો જાણકાર સાધુ દર્શન કે ગૌચરી અર્થે જાય, ત્યારે દાન આપનાર આદિના કુળો બતાવે કાં તો પ્રતિક્રમણ કર્યા પછી દાનાદિ કુલો કહે. આચાર્ય પણ પ્રતિક્રમણ કર્યા બાદ ક્ષેત્ર પ્રત્યુપેક્ષકોને બોલાવી સ્થાપનાદિ કુળો પૂછે. ક્ષેત્ર પ્રત્યુપેક્ષકો તે જમાવે તેમને પૂછ્યા વિના સાધુ સ્થાપનાદિ કુળોમાં જાય, તો સંયમ કે આત્મ વિરાધનાદિ દોષ લાગે.

૦ **સ્થાપનાદિ કુળોનું પ્રયોજન** :- સ્થાપનાદિ કુળો સ્થાપવાનું કારણ એ છે કે, આચાર્ય ગ્લાન પ્રાઘુર્ણકાદિને યોગ્ય ભિક્ષા મળી રહે. જો બધાં જ સાધુ ત્યાં ભિક્ષા લેવા જાય તો ગૃહસ્થોને કદર્થના થાય અને આચાર્ય આદિના પ્રાયોગ્ય દ્રવ્યનો ક્ષય થવાથી જોઈએ ત્યારે વસ્તુ ન મળે. કેમકે તેણે ઘણાં સાધુને ઘૃતાદિ આપ્યા. હોવાથી ઘૃતાદિ ખલાસ થઈ જાય.

પ્રાંત-વિરોધી ગૃહસ્થો હોય તો સ્ત્રીને માર મારે કે મારી પણ નાંખે અથવા ઠપકો આપે કે – તેં સાધુઓને ઘૃતાદિ આપ્યું એટલે ખલાસ થઈ ગયું. ભદ્રક હોય તો નવું લાવે કે કરાવે.

સ્થાપના કુળો રાખવાથી ગ્લાન, આચાર્ય, બાળ, વૃદ્ધાદિની યથાયોગ્ય ભક્તિ કરી શકાય છે, તેથી સ્થાપના કુળો રાખવા જોઈએ. ત્યાં અમુક ગીતાર્થ સિવાય બધાં



સાધુઓએ ન જવું. કહ્યું છે કે – આચાર્યની ભક્તિથી ગચ્છની અનુકંપા થાય, ગચ્છાનુકંપાથી તીર્થ પરંપરા ચાલે છે. આ કુળોમાં વિના કારણે પણ થોડાં થોડાં દિવસે જવાનું ચાલુ રાખું કેમકે તેમને ખ્યાલ રહે કે અહીં સાધુ આદિ રહેલાં છે.

● મૂલ-૩૮૮ થી ૪૨૮ :-

**– આચાર્યની વૈયાવચ્ચ માટે આ દશ પ્રકારના સાધુ અયોગ્ય છે –** (૧) આળસુ-પ્રમાદથી સમયે ગૌચરી ન જાય, (૨) ઘસિર - બહુ ખાનારો હોય તો પોતાનો જ આહાર પહેલાં પૂરો કરે ત્યાં ભિક્ષાનો સમય થઈ જાય. (૩) ઉંઘણસી - ઉંઘ્યા કરે, ત્યાં ગૌચરીનો સમય પૂરો થઈ જાય. (૪) તપસ્વી-તેને ગૌચરીમાં વધુ સમય લાગે, તેથી આચાર્યને પરિતાપનાદિ થાય, જો તપસ્વી પહેલાં આચાર્યની ગૌચરી લાવે તો તેને પરિતાપનાદિ થાય. (૫) ક્રોધી-ગૌચરીમાં ક્રોધ કરે. (૬) માની - સત્કાર ન મળે તો ગૌચરી ન જાય, (૭) માયી - સારું સારું એકાંતમાં વાપરી, રૂક્ષ આહાર વસતિમાં લાવે. (૮) લોભી - મળે તેટલું બધું લઈ લે, (૯) કુતૂહલી - માર્ગમાં નટ આદિને રમતાં જોવો ઉભો રહી જાય. (૧૦) પ્રતિબદ્ધ - સૂત્રાર્થની તલ્લીનતા-વાળો હોય.

ઉપર બતાવ્યા સિવાયના ગીતાર્થ, પ્રિયધર્મી સાધુ હોય તે આચાર્યની ભક્તિ માટે યોગ્ય છે, તેમને ગૌચરી મોકલવા. કેમકે તેઓ વિવેકથી ભિક્ષા ગ્રહણ કરશે. પરિણામે ઘૃતાદિ દ્રવ્યોની નિરંતર પ્રાપ્તિ કરીને ભાવની વૃદ્ધિ કરનારા થાય છે. સ્થાપના કુળોમાં એક સંઘાટક જાય, બીજા કુળોમાં બાળ, વૃદ્ધ, તપસ્વી આદિ જાય. તરુણ બીજે ગામ ગૌચરી જાય. તેમના બહારગામ જવાથી ગામના ગૃહસ્થોને ખ્યાલ આવે કે આ સાધુ બહારગામ ગૌચરીએ જાય છે, નવા સાધુ આવે ત્યારે જ આપણે ત્યાં આવે છે, તેથી બાળ, વૃદ્ધાદિને ઘણું આપે.

આ પ્રમાણે ગૌચરી જતાં આચાર્યાદિને ન પૂછતાં આવા પ્રકારના દોષો થાય છે – (૧) રસ્તામાં ચોર આદિ ઉપધિને કે તેને ઉપાડી જાય તો તેમને શોધવા મુશ્કેલ પડે. (૨) પ્રાઘુર્ણક આવ્યા હોય તેમને યોગ્ય કંઈ લાવવાનું હોય તો ખબર ન પડે. (૪) રસ્તામાં કૂતરા આદિનો ભય હોય તો કરડે. (૫) સ્ત્રી કે નપુંસકના દોષો હોય તેની ખબર ન પડે, કદાચ ભિક્ષાએ ગયા ત્યાં મૂર્છા આવી તો શોધવા ક્યાં ? તેથી જતી વેળા આચાર્યને કહે કે – હું અમુક ગામમાં ગૌચરી જઉં છું. - x - x -

કદાચ નીકળતી વખતે કહેવાનું ભૂલી જાય, પછી યાદ આવે તો પાછો આવીને કહી જાય, તેટલો સમય ન હોય તો માર્ગમાં સ્થંડિલ કે આહારાદિ માટે નીકળેલા સાધુને કહે કે – હું અમુક ગામે ગૌચરી જાઉં છું, તમે આચાર્યને કહી દેજો. જ્યાં જાય તે ગામ કોઈ કારણે દૂર હોય, નાનું હોય કે ખાલી થઈ ગયું હોય, તો કોઈ સાથે કહેવડાવે અને બીજા ગામે ગૌચરી જાય.

ચોર આદિ સાધુને ઉપાડી જાય, તો સાધુ રસ્તામાં અક્ષરો લખતો જાય અથવા વસ્ત્ર ફાડીને ટુકડા રસ્તામાં નાંખતો જાય, જેથી તપાસ કરનારને ખબર પડે કે સાધુને કઈ દિશામાં લઈ ગયા છે. ગૌચરી આદિ ગયેલા સાધુને ઘણી વાર લાગે તો

વસતિમાં રહેલાં સાધુ, ન આવેલા સાધુ માટે વિશિષ્ટ વસ્તુ રાખીને બીજું વાપરી લે. પછી સાધુ જે દિશામાં ગયા હોય તે દિશામાં તપાસ કરે. કોઈ ચિહ્ન ન મળે તો ગામમાં જઈને પૂછે, ઈત્યાદિ તપાસ કરે.

બીજા ગામ ગૌચરી જવાથી - આધાકર્માદિ દોષથી બચાય. આહારાદિ વધુ મળે, અપમાન આદિ ન થાય. મોહ ન થાય. વીર્યાચારનું પાલન થાય.

૦ સંઘાટક ગૌચરી આદિ કઈ રીતે ગ્રહણ કરે ? એક પાત્રમાં આહાર, બીજા પાત્રમાં પાણી, એકમાં આચાર્યાદિને પ્રાયોગ્ય આહાર, બીજામાં જીવ સંસૃષ્ટાદિ હોય તેવા આહાર કે પાણી ગ્રહણ કરે.

● **મૂલ-૪૨૯ થી ૪૩૫ :-**

**— પડિલેહણા દ્વાર —** બે પ્રકારે છે. (૧) કેવળીની, (૨) છદ્મસ્થની. બંને બાહ્યથી અને આભ્યંતરથી. બાહ્ય - દ્રવ્ય, અભ્યંતર-ભાવ. કેવળીની પડિલેહણા પ્રાણીથી સંસક્ત દ્રવ્ય વિષયક છે. છદ્મસ્થની પડિલેહણા પ્રાણીથી સંસક્ત કે અસંસક્ત દ્રવ્ય વિષયક છે.

૦ કેવળીની દ્રવ્ય પડિલેહણા - વસ્ત્રાદિથી જીવાદિથી સંસક્ત હોય તો પડિલેહણા કરે તથા જ્યારે તે વસ્ત્ર વાપરવાનું હોય ત્યારે જો સંસક્ત હોય તો જ પડિલેહણા કરે —૦— કેવળીની ભાવ પડિલેહણા-વેદનીય કર્મ ઘણું ભોગવવાનું હોય અને આયુકર્મ ઓછું હોય તો કેવળી ભગવંતો કેવળી સમુદ્ઘાત કરે છે, તે ભાવપડિલેહણા.

૦ છદ્મસ્થની દ્રવ્ય પડિલેહણા - સંસક્ત કે અસંસક્ત વસ્ત્ર આદિની પડિલેહણા કરવી તે. —૦— છદ્મસ્થની ભાવ પડિલેહણા - રાત્રે જાગે ત્યારે વિચારે કે — મેં શું કર્યુ ? મારે શું કરવાનું છે ? ઈત્યાદિ.

● **મૂલ-૪૩૬ થી ૪૯૬ :-**

**— પડિલેહણા શેની શેની કરે ?** સ્થાનાદિ પાંચની, આ પ્રમાણે —

**(૧) સ્થાપના પડિલેહણા :-** સ્થાન ત્રણ પ્રકારે છે — (૧) કાયોત્સર્ગ, (૨) બેસવું, (૩) સૂવું. તેમાં કાયોત્સર્ગ - સ્થંડિલાદિ જઈને ગુરુ પાસે આવી ઈરિયાવહી કરતાં કાયોત્સર્ગ કરે. યોગ્ય સ્થાને ચક્ષુથી પ્રમાર્જના કરે અને જવા-આવવાનો માર્ગ રોકીને કાયોત્સર્ગ ન કરે. બેસતી વખતે - જંઘા અને સાથળનો વચલો ભાગ પ્રમાર્જી, જમીનની પ્રમાર્જના કરીને બેસે સૂતી વખતે પડખું ફેરવતાં પ્રમાર્જના કરીને બેસે. સૂતી વખતે પડખું ફેરવતા પ્રમાર્જના કરે, સુવે પણ પૂંજીને.

**(૨) ઉપકરણ પડિલેહણા —** વસ્ત્ર અને પાત્ર સંબંધી પડિલેહણા સવાર, બપોર બે વખતે કરે. મુહપત્તિ પડિલેહીને પછી બીજા વસ્ત્રાદિ પડિલેહે.

૦ વસ્ત્રની પડિલેહણા કઈ રીતે કરે ? વસ્ત્રના ત્રણ ભાગ બુદ્ધિથી કરીને જોવા, પછી પાછળની બાજુ ત્રણ ભાગ કરીને જોયા. ત્રણ વાર છ પુરિમા કરવા. ઉત્કટુક આસને બેસી વિધિપૂર્વક પડિલેહણા કરે, તેમાં આ વિધિ છે —

(૧) પડિલેહણ કરતાં વસ્ત્ર કે શરીરને ન નચાવે. (૨) સાંબેલા માફક વસ્ત્ર



ઉંચુ ન કરે. (૩) વસ્ત્રના નવ અખોડા-પખોડા અને છ વાર પ્રસ્ફોટન કરવું. (૪) પડિલેહણ કરતાં વસ્ત્ર કે શરીરને ઉંચે છતને, ભીંતને કે જમીનને ન લગાડવું. (૫) પડિલેહણ કરતાં ઉતાવળ ન કરે. (૬) વેદિકા દોષ વર્જવો :- ઉર્ધ્વવેદિકા-ઢીંચણ ઉપર હાથ રાખવા. અધો વેદિકા-ઢીંચણ નીચે હાથ રાખવા. તિર્છી વેદિકા-સંડાસાની વચ્ચે હાથ રાખવા. એગતો વેદિકા - એક હાથ, બે પગની અંદર અને બીજો હાથ બહાર રાખવો. દ્વિધાતો વેદિકા - બે હાથની વચ્ચે પગ રાખવો.

(૭) વસ્ત્ર અને શરીર બરાબર સીધા રાખવા. (૮) વસ્ત્ર લાંબુ ન રાખવું. (૯) વસ્ત્રને લટકતું ન રાખવું. (૧૦) વસ્ત્રના બરાબર ત્રણ ભાગ કરવા. (૧૧) એક પછી એક વસ્ત્રની પડિલેહણા કરવી. એક સાથે વધારે વસ્ત્ર ન જોવા. (૧૨) ઉપયોગપૂર્વક પડિલેહણા કરવી.

**૦ સવારે પડિલેહણા કરવાનો કાળ :-** (૧) અરુણોદયે પડિલેહણા કરવી. (૨) અરુણોદય થતાં આવશ્યક કરી પછી પડિલેહણા કરવી. (૩) એકબીજાના મુખ જોઈ શકાય, ત્યારે પડિલેહણા કરવી. (૪) હાથની રેખા દેખાય ત્યારે પડિલેહણા કરવી. આવા ચાર અલગ-અલગ મતો છે. પણ સિદ્ધાંતવાદી કહે છે કે — આ બધાં આદેશો બરાબર નથી. ઉત્સર્ગથી પ્રતિક્રમણ પૂરુ થયા પછી મુહપત્તિ, રજોહરણ, બે નિષધા, ચોલપટ્ટક, ત્રણ કપડાં, સંથારો અને ઉત્તર પટ્ટો — આ દશની પડિલેહણા પૂરી થતાં સૂર્યોદય થાય. તે રીતે પડિલેહણા શરૂ કરવી. અપવાદે સમયાનુસાર પડિલેહણ કરે.

પડિલેહણમાં ઉત્સર્ગે વિપર્યાસ ન કરે. તે વિપર્યાસ બે ભેદે છે — (૧) પુરુષ વિપર્યાસ :- મુખ્યતાએ આચાર્યાદિની પડિલેહણા કરનાર અભિગ્રહી સાધુ પહોંચી વળે, તેમ હોય તો ગુરુને પૂછીને પોતાની કે ગ્લાનાદિની ઉપધિ પડિલેહે. જો અભિગ્રહી ન હોય અને પોતાની ઉપધિ પડિલેહે તો અનાચાર થાય. પડિલેહણ કરતાં પરસ્પર વિકથા કરે, શ્રાવકાદિને પચ્ચકખાણ કરાવે, સાધુને પાઠ આપે કે પોતે પાઠ લે, તો પણ અનાચાર થાય. છ કાય જીવની વિરાધનાનો દોષ લાગે. તેથી ઉપયોગપૂર્વક પડિલેહણા કરે.

(૨) ઉપધિ વિપર્યાસ :- કોઈ ચોર આદિ આવેલ હોય તો પહેલાં પાત્ર પડિલેહણા કરે, પછી વસ્ત્ર પડિલેહણા કરે. આ પ્રમાણે વિકાલે સાગારિક આવી જાય તો પણ પડિલેહણામાં વિપર્યાસ કરે. પડિલેહણાદિ બધાં જ અનુષ્ઠાનો ભગવંતે કહ્યા મુજબ કરવાથી કર્મ નિર્જરા થાય છે. જિનોક્ત પ્રત્યેક યોગની સમ્યક્ આરાધના કરતાં અનંતા આત્મા કેવળી થયા છે. એ પ્રમાણએ પડિલેહણથી પણ આત્માઓ કેવળી થઈ મોક્ષે ગયેલ છે.

શંકા-પડિલેહણ કરતાં અનેક આત્મા મોક્ષે જતાં હોય તો પછી અમે એકલી જ પડિલેહણા કરીએ, બીજા અનુષ્ઠાનો શા માટે કરવા ?

સમાધાન - આમ કરવું બરાબર નથી. કેમકે બીજા અનુષ્ઠાનો ન કરે અને માત્ર પડિલેહણા કર્યા કરે, તો તે સંપૂર્ણ આરાધક થઈ શકતો નથી. માત્ર દેશ

આરાધક થાય, માટે બધાં અનુષ્ઠાનો કરવા જોઈએ.

૦ **સર્વ આરાધકની વ્યાખ્યા** – પાંચ ઈન્દ્રિયોથી ગુપ્ત, મન આદિ ત્રિવિધ કરણથી યુક્ત, તપ-નિયમ-સંયમમાં જોડાયેલ સંપૂર્ણ આરાધક થાય.

– પાંચ ઈન્દ્રિયના વિષયો શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શની ઈચ્છા ન કરવી તથા પ્રાપ્ત થયેલા વિષયો અનુકૂળ હોય તો રાગ ન કરે, પ્રતિકૂળ હોય તો દ્વેષ ન કરે.

– મન, વચન, કાયાને અશુભ કર્મબંધ થાય તેવા વ્યાપારથી રોકવા અને શુભ કર્મબંધ થાય તેમાં પ્રવૃત્ત કરવા.

– છ બાહ્ય અને છ અભ્યંતર એ ૧૨ ભેદે તપ કરવો.

– ઈન્દ્રિય અને મનને કાબુમાં રાખવા, તથા ક્રોધાદિ ન કરવા.

– ૧૭ પ્રકારનો સંયમ પાળવો. જેમાં જીવ સંયમને પૃથ્વીકાયથી પંચેન્દ્રિય પર્યન્ત નવ પ્રકારના જીવની વિરાધના ન થાય તેમ વર્તવું. અજીવ સંયમ તે લાકડું, વસ્ત્ર આદિમાં લીલ ફૂગ હોય તો ગ્રહણ ન કરવું. પ્રેક્ષા સંયમ તે - વસ્તુ પૂંજી પ્રમાર્જીને લેવી, ઈત્યાદિ. ઉપેક્ષા સંયમમાં - સાધુને સંયમમાં વર્તવા પ્રેરવા અને ગૃહસ્થને પાપકાર્ય માટે ન પ્રેરવા તે.

ઉક્ત બધી આરાધના કરનાર સંપૂર્ણ આરાધક થાય.

સવારે પડિલેહણા કરી, પછી સ્વાધ્યાય કરવો, પાદોન પોરિસિ થાય ત્યારે પાત્રાની પડિલેહણા કરવી. પછી સાંજે પાદોન પોરિસિ રહેતા બીજી વખત પડિલેહણા કરવી.

પોરિસિનું માપ ગણવા માટે શાસ્ત્રિય વિધિ આવી છે - સૂર્યના પ્રકાશમાં ઉભા રહેતાં જે પડછાયો પડે તેની લંબાઈના માપ ઉપરથી કયા મહિનામાં ક્યારે સવારની અને સાંજની પોરિસિ ગણવી તેના માપને આધારે પોરિસિ સમયનો નિર્ણય થઈ શકે છે. જેમકે :- અષાડ સુદ પૂનમે બે પગલાં-શૂન્ય આંગળ પોરિસિ અને ચરમ પોરિસિ- બે પગલાં અને છ આંગળ એ રીતે શ્રાવણમાં પોરિસિ - ૨/૪ અને ચરમ પોરિસિ - ૨/૧૦ છે. એ પ્રમાણે મહાસુદ પૂનમ સુધી ચાર-ચાર આંગળ વધે અને પછી ચાર-ચાર આંગળ ઘટતાં જેઠ સુદ પૂનમે પોરિસિ-૨/૪, ચરમ પોરિસિ ૨/૧૦ થશે.

૦ **પાત્ર પડિલેહણાં** – તેમાં પાંચે ઈન્દ્રિયોનો ઉપયોગ બરાબર રાખવો. પાત્ર જમીનથી ચાર આંગળ ઉંચા રાખવા. પાત્રાદિ ઉપર ભ્રમરાદિ હોય તો જયણાપૂર્વક દૂર કરવા. પહેલાં પાત્રા, પછી ગુચ્છા, પછી પલ્લાની પડિલેહણા કરવી. જો પડિલેહણા મોડી થાય તો કલ્યાણક પ્રાયશ્ચિત્ત આવે.

જો પાત્રને ગૃહકોકિલાદિનું ઘર લાગ્યું હોય તો પાત્રાને ત્રણ પ્રહર સુધી એક બાજુ રાખી મૂકવું. એટલામાં ઘર ન ખરી પડે તો બીજું પાત્ર લેવું. બીજું પાત્ર ન હોય તો પાત્રનો તેટલો ભાગ કાપીને બાજુમાં મૂકી દે. જો સૂકી માટીનું ઘર હોય અને તેમાં જો કીડા ન હોય તો માટી દૂર કરવી.

શિયાળા, ઉનાળામાં પાત્રાદિ પડિલેહણ કરી, બાંધીને રાખવા. કેમકે અગ્નિ, ચોરાદિના ભય વખતે, બધી ઉપધિ લઈને સુખેથી નીકલી શકાય. જો ન બાંધે તો



બળી જાય કે ઉતાવળે લેતાં તુટી જાય છે.

● **મૂલ-૪૯૮ થી ૫૩૨ :-**

**(૩) સ્થંડિલ :-** અનાપાત અને અસંલોક શુદ્ધ છે. अनापात - સ્વપક્ષ કે પરપક્ષમાંથી કોઈનું ત્યાં આવાગમન ન હોય. असंलोक - સ્થંડિલ બેઠા હોય, ત્યાં કોઈ જોઈ ન શકે. સ્થંડિલભૂમિ આ પ્રકારે હોય -

(૧) અનાપાત અસંલોક - કોઈની અવર-જવર નહીં, તેમ કોઈ જુએ નહીં.

(૨) અનાપાત સંલોક - કોઈની અવર જવર ન હોય, પણ જોઈ શકાતું હોય.

(૩) આપાત અસંલોક - અવર જવર ન હોય, પણ જોઈ શકાતું હોય.

(૪) આપાત સંલોક - અવર જવર પણ હોય અને જોઈ પણ શકાતું હોય.

आपात - બે પ્રકારે છે. સ્વપક્ષ સંયત વર્ગ, પરપક્ષ ગૃહસ્થાદિ. સ્વપક્ષ આપાત બે પ્રકારે છે – સાધુ અને સાધ્વી. સાધુમાં સંવિજ્ઞ અને અસંવિજ્ઞ. સંવિજ્ઞમાં ધર્મી અને નિર્ધર્મી. પરપક્ષ આપાત બે ભેદે - મનુષ્યઆપાત અને તિર્યંચ આપાત. મનુષ્ય આપાત ત્રણ ભેદે – પુરુષ, સ્ત્રી અને નપુંસક. તિર્યંચ આપાતના ત્રણ ભેદ – પુરુષ, સ્ત્રી, નપુંસક. પુરુષ આપાત ત્રણ પ્રકારે – રાજા, શ્રેષ્ઠી, સામાન્ય. વળી તે શૌચવાદી અને અશૌચવાદી. આ જે ત્રણ ભેદો સ્ત્રી અને નપુંસકમાં પણ જાણવા. તિર્યંચ આપાત બે ભેદે – મારકણાં અને ન મારકણાં. તે પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ આદિ.

મુખ્યતાએ અનાપાત અને અસંલોકમાં સ્થંડિલ જવું. મનોજ્ઞના આપાતમાં સ્થંડિલ જઈ શકાય. સાધ્વીનો આપાત એકાંતે વર્જવો.

૦ પરપક્ષ આપાતમાં થતા દોષો – (૧) લોકો વિચારે કે – આ સાધુ અમે જ્યાં જઈએ છીએ ત્યાં જ સ્થંડિલ આવે છે, તે અમારું અપમાન છે. અથવા અમારી સ્ત્રીની અભિલાષાવાળા છે અથવા કોઈ સ્ત્રીએ સંકેત કરી રાખેલ હશે, માટે જાય છે. અનાથી શાસનની ઉડ્ડાહણા થાય. - (૨) ઓછા પાણીથી પણ ઉડ્ડાહણા થાય. - (૩) કોઈ મોટો માણસ સાધુને તે દિશામાં જતા જોઈ ભિક્ષાદિનો નિષેધ કરે. - (૪) શ્રાવકાદિને સાધુના ચારિત્રમાં શંકા થાય. - (૫) કદાચ સ્ત્રી ધરાર ગ્રહણ કરે.

૦ તિર્યંચ આપાતમાં થતા દોષો – (૧) શીંગડું મારે, કરડે. - (૨) હિંસક હોય તો ખાઈ જાય. - (૩) ગધેડી આદિમાં મૈથુનની શંકા થાય.

૦ સંલોકમાં થતા દોષો :- તિર્યંચના સંલોકમાં કોઈ દોષ થતા નથી, મનુષ્ય સંલોકમાં ઉડ્ડાહ આદિ દોષો થાય. સ્ત્રી આદિના સંલોકમાં મૂર્છા કે અનુરાગ થાય, તેથી સ્ત્રી સંલોકમાં તો ન જ જવું.

આપાત અને સંલોકના દોષો ન થાય ત્યાં સ્થંડિલ જવું. સાધ્વીજીઓએ આપાત હોય પણ સંલોક ન હોય ત્યાં સ્થંડિલ જવું.

૦ **સ્થંડિલ માટેની કાળ અને અકાળ સંજ્ઞા** – તેમાં कालसंज्ञा - ત્રીજી પોરિસિમાં સ્થંડિલ જવું તે. अकाल संज्ञा - ત્રીજી પોરિસિ સિવાયના વખતે સ્થંડિલ જવું તે અથવા ગૌચરી વાપર્યા પછી સ્થંડિલ જવું તે કાળ સંજ્ઞા અથવા અર્થ પોરિસિ

કર્યા પછી સ્થંડિલ જવું તે કાલ સંજ્ઞા.

ચોમાસા સિવાયના કાળમાં ડગલ લઈ તેનાથી સાફ કરી પછી ત્રણ વાર પાણીથી આચમન કરવું.

સાપ, વીંછી આદિના દર ન હોય, કીડા, જીવજંતુ કે વનસ્પતિ ન હોય તથા પ્રાસુક સમ ભૂમિમાં છાયો હોય ત્યાં સ્થંડિલ જવું. આ પ્રાસુક ભૂમિ ઉત્કૃષ્ટથી બાર યોજન, જઘન્યથી એક હાથ લાંબી-પહોળી, આગાઢ કારણે જઘન્યથી ચાર આંગળ લાંબી-પહોળી અને દશ દોષ રહિત જાયાનો ઉપયોગ કરવો.

આ દશ દોષ આ પ્રમાણે છે :–

(૧) આત્મ ઉપઘાત-બગીચા આદિમાં જતા. - (૨) - પ્રવચન ઉપઘાત - ખરાબ સ્થાન - વિષ્ટા આદિ હોય ત્યાં જતાં. - (૩) - સંયમ ઉપઘાત - અગ્નિ, વનસ્પતિ આદિ હોય, જ્યાં જવાથી છ કાય જીવોની વિરાધના થાય. - (૪) - વિષય સ્થાનમાં - જ્યાં જવાથી પડી જવાય, કેથી આત્મ વિરાધના થાય, માતૃ આદિનો રેલો ઉતરે તેમાં ત્રસ આદિ જીવોની વિરાધનાથી સંયમવિરાધના થાય. - (૫) - પોલાણવાળી જીયા - ત્યાં જતાં વીંછી આદિ કરડવાનો સંભવ છે, તેથી આત્મ વિરાધના. પોલાણમાં પાણી આદિ જવાથી ત્રસ આદિ જીવોની વિરાધના થવાથી સંયમવિરાધના થાય.

- (૬) - મકાનોની નીકટમાં - ત્યાં જતાં સંયમ અને આત્મવિરાધના થાય. - (૭) - બિલવાળી જગ્યામાં - ત્યાં જતાં પણ સંયમ અને આત્મ વિરાધના થાય. - (૮) - બીજ, ત્રસાદિ જીવો હોય - ત્યાં પણ ઉક્ત વિરાધના થાય છે. - (૯) સચિત્ત ભૂમિમાં - ત્યાં પણ ઉક્ત વિરાધના થાય છે. - (૧૦) - એક હાથથી ઓછી અચિત્ત ભૂમિમાં જાય - ત્યાં પણ ઉક્ત સંયમ અને આત્મ વિરાધના થાય.

આ દશ દોષોના એકાદિ સાંયોગિક-૧૦૨૪ ભંગો થાય છે.

સ્થંડિલ બેસતાં પૂર્વે ''अणुजाणह जसुग्गाहो અને ઉઠ્યા પછી ત્રણ વાર वोसिरइ - 'વોસિરે' કહેવું.

પૂર્વ દિશા અને ઉત્તર દિશાને પીઠ કરીને ન બેસવું. કેમકે તે બંને દિશાઓ પૂજ્ય ગણાય છે. રાત્રે દક્ષિણ દિશા પ્રતિ પીઠ કરવી નહીં, કેમકે રાત્રે પિશાચાદિ આવતા હોય છે.

પવનને પીઠ ન કરવી, કેમકે દુર્ગંધ નાકમાં જાય તો તેથી મસા થાય. સૂર્ય તથા ગામને પીઠ ન કરવી. કેમકે તેથી અપયશ થાય.

પેટમાં કૃમિ થયેલાં હોય અને છાંયો ન મળે તો વોસિરાવીને બે ઘડી સુધી ત્યાં શરીરની છાયા કરીને ઉભા રહેવું. જેથી બે ઘડીમાં કૃમિ સ્વયં પરિણમન પામે.

રજોહરણ અને દંડ ડાબા સાથળ ઉપર રાખવા. પાત્ર જમણાં હાથમાં રાખી ત્રણ વાર આચમન કરી શુદ્ધિ કરવી.

**● મૂલ-૫૩૩ થી ૫૩૭ :-**

**(૪) અવષ્ટંભ –** લીંપેલી ભીંત, થાંભલા આદિને ટેકો ન દેવો. કેમકે ત્યાં નિરંતર ત્રસ જીવો રહેલા હોય છે. પૂંજીને પણ ટેકો ન દેવો. ટેકો દેવાની જરૂર પડે



તો કોઈ વસ્તુ કે પાટીયા આદિથી ઢાંકેલ ભીંત વગેરે હોય તો ત્યાં પૂંજીને ટેકો દેવો.

**● મૂલ-૫૩૮ થી ૫૪૭ :-**

**(૫) માર્ગ –** રસ્તામાં ચાલતા સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ જોઈને ચાલવું કેમકે તેટલા પ્રમાણમાં દૃષ્ટિ રાખી હોય તો જીવ આદિ જોતાં એકદમ પગ મૂકાતો રોકી શકાય છે. તે પ્રમાણથી દૂર નજર રાખી હોય તો નજીક રહેલા જીવોની રક્ષા થઈ શકે નહીં. જોયા વિના ચાલે તો રસ્તામાં ખાડો આદિ આવે તો પડી જવાય. જેથી પગમાં કાંટા આદિ વાગે તથા જીવોની વિરાધના પણ થાય છે. માટે ૩॥ હાથ પ્રમાણ ભૂમિમાં ઉપયોગ રાખી ચાલવું.

આ પ્રમાણે પડિલેહણ વિધિ શ્રી ગણધર ભગવંતોએ કહેલી છે. આ પડિલેહણ વિધિને આચરતા ચરણકરણાનુયોગવાળા સાધુઓ અનેક ભવના સંચિત અનંતા કર્મોને ખપાવે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પડિલેહણ દ્વારનો સટીક સંક્ષિપ્ત પરિચય પૂર્ણ**

# ❀ દ્વાર-૨-“પિંડ” ❀

-- x -- x -- x -- x --

હવે પિંડ અને એષણાનું સ્વરૂપ કહેવામાં આવે છે.

**● મૂલ-૫૪૮ થી ૫૫૩ :-**

૦ પિંડની એષણા ત્રણ પ્રકારે — ગવેષણા, ગ્રહણૈષણા, ગ્રાસૈષણા.

૦ પિંડ ત્રણ પ્રકારે — સચિત્ત, અચિત્ત, મિશ્ર. તેમાં અચિત્ત પિંડ દશ પ્રકારે છે — પૃથ્વીકાય યાવત્ વનસ્પતિકાય પિંડ, બેઈન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય પિંડ અને લેપપિંડ, સચિત્ત અને મિશ્ર પિંડ :- લેપ પિંડ સિવાયના નવ નવ પ્રકારે જાણવો. પૃથ્વીકાયથી પંચેન્દ્રિય સુધીનો પિંડ ત્રણ ભેદે છે — સચિત્ત - જીવવાળો. મિશ્ર - જીવસહિત અને રહિત. અચિત્ત - જીવરહિ.

**● મૂલ-૫૫૪ થી ૫૫૯ :-**

**(૧) પૃથ્વીકાય પિંડ** :- સચિત્ત, અચિત્ત, મિશ્ર. સચિત્ત બે ભેદે છે — (૧) નિશ્ચયથી સચિત્ત - રત્નપ્રભા, શર્કરાપ્રભાદિ, હિમવંતાદિ મહાપર્વતોના મધ્યભાગાદિ. (૨) વ્યવહારથી સચિત્ત - જ્યાં છાણ આદિ ન હોય, સૂર્યનો તાપ કે મનુષ્યાદિની અવર-જવર ન હોય તેવા જંગલ આદિ.

મિશ્ર પૃથ્વીકાય — ક્ષીરવૃક્ષ, વડ, ઉદુંબરાદિનો નીચેનો છાયાવાળો બેસવાનો ભાંગ. હળથી ખેડેલ જમીન આર્દ્ર હોય ત્યાં સુધી, ભીની માટી એક, બે, ત્રણ પ્રહર સુધી મિશ્ર હોય છે. ઇંધણ ઘણું હોય, પૃથ્વી થોડી હોય તો એક પ્રહર સુધી મિશ્ર. ઇંધણ થોડું પૃથ્વી ઘણી હોય તો ત્રણ પ્રહર સુધી મિશ્ર. બંને સરખા હોય તો બે પ્રહર સુધી મિશ્ર.

અચિત્ત પૃથ્વીકાય — શીત શસ્ત્ર, ઉષ્ણ શસ્ત્ર, તેલ, ક્ષાર, બકરીની લીંડી, અગ્નિ, લવણ, કાંજી, ઘી આદિથી હણાયેલ પૃથ્વી અચિત્ત થાય છે. આ અચિત્ત પૃથ્વીકાયનો ઉપયોગ — દાહને શમાવવા, સર્પદંશ ઉપર લગાડવા, બિમારીમાં, કાયોત્સર્ગ કરવામાં, સુવા-બેસવા-ચાલવામાં ઉપયોગી થાય છે.

**● મૂલ-૫૬૦ થી ૫૭૪ :-**

**(૨) અપ્કાયપિંડ** — સચિત્તાદિ ત્રણ ભેદે. સચિત્ત બે પ્રકારે (૧) નિશ્ચય સચિત્ત - ઘનોદધિ આદિ, કરા, દ્રહ-સમુદ્રના મધ્યભાગનું પાણી. (૨) વ્યવહાર સચિત્ત - કૂવા, તળાવ, વરસાદ આદિનું પાણી.

મિશ્ર અપ્કાય - બરાબર ન ઉકેળલ પાણી, વરસાદનું પાણી પહેલી વાર ભૂમિ ઉપર પડે ત્યારે - આ બંને મિશ્ર અપ્કાય છે.

અચિત્ત અપ્કાય — ત્રણ ઉકાળાવાળું પાણી તથા બીજા શસ્ત્રાદિથી હણાયેલું પાણી અચિત્ત થાય છે. અચિત્ત અપ્કાયનો ઉપયોગ - તૃષા છીપાવવા, શેક કરવા, હાથ-પગ-વસ્ત્રાદિના પ્રક્ષાલન માટે થાય છે.

વર્ષાઋતુના આરંભે વસ્ત્રનો કાપ કાઢવો. તે સિવાય ઋતુબદ્ધ કાળમાં કાપ



કાઢે તો બકુશ ચારિત્રી, વિભૂષણશીલ થાય અને તેથી બ્રહ્મચર્યનો વિનાશ થાય. લોકો પણ તેને કામી સમજે છે. કપડાં ધોવામાં સંપાતિમ જીવો તથા વાયુકાય જીવોની વિરાધના થાય છે.

વર્ષાકાળ પહેલાં કાપ કાઢવો જોઈએ. ન કાઢે તો દોષો થાય. કપડાં મેલા થવાથી ભારે થાય, લીલ-ફૂગ થાય, જૂ આદિ પડે, મેલાં કપડાંથી અજીર્ણ આદિ થાય. વર્ષાઋતુના આરંભે ૧૫ દિવસ પૂર્વે અવશ્ય કાપ કાઢવો. બધાંનો કાપ બાર મહિને કાઢવો તેમ નહીં, આચાર્ય અને ગ્લાનાદિના મેલાં વસ્ત્રો ધોઈ નાંખવો, જેથી લોકમાં નિંદા ન થાય, ગ્લાનાદિને વ્યાધિ ન થાય.

૦ કાપ કેવી રીતે કાઢવો ? કપડામાં જૂ આદિની પરીક્ષા કર્યા બાદ કાપ કાઢવો. જૂ આદિને જયણાપૂર્વક દૂર કરીને પછી કાપ કાઢવો. કપડાં ધોબીની માફક પછાડીને ન ધોવા. ધોકા મારીને ન ધોવે પણ જયણાપૂર્વક બે હાથેથી મસળીને કાપ કાઢે. છાયામાં સૂકવે, તડકે નહીં.

**● મૂલ-૫૭૫ થી ૫૭૮ :-**

**(૩) અગ્નિકાય પિંડ** :- સચિત્તાદિ ત્રણ ભેદે છે. સચિત્ત બે ભેદે - નિશ્ચય સચિત્ત - ઇંટના નિભાડાના મધ્ય ભાગનો અને વીજળી આદિનો અગ્નિ. વ્યવહાર સચિત્ત-અંગારા આદિનો અગ્નિ. મિશ્રઅગ્નિકાય - તણખા, મુર્મુર આદિનો અગ્નિ. અચિત્તઅગ્નિ — ભાત, કૂર, શાક, ઓસામણ, ઉકાળેલું પાણી આદિ અગ્નિથી પરિપક્વ થયેલ. આ અચિત્ત અગ્નિકાય આહારપાણી આદિ વાપરવામાં અને ઇંટના ટુકડા આદિ અન્યાન્ય ઉપયોગ થાય છે.

અગ્નિકાયના શરીર બે પ્રકારના હોય છે. (૧) બદ્ધેલક - અગ્નિ સાથે સંબંધિત હોય તેવા. (૨) મુક્કેલક - અગ્નિરૂપ બનીને છૂટાં પડી ગયેલ હોય તેવા. આહારાદિ મુક્કેલક અગ્નિકાય કહેવાય છે અને તેનો ઉપયોગ વાપરવામાં થાય છે.

**● મૂલ-૫૭૯ :-**

**(૪) વાયુકાયપિંડ** :- સચિત્તાદિ ત્રણ ભેદે છે. તેમાં (૧) નિશ્ચય સચિત્ત - રત્નપ્રભાદિ પૃથ્વીની નીચે વલયાકારે રહેલ ઘનવાત, તનુવાત, અતિ ઠંડીમાં વાતો વાયુ, અતિ દુર્દિનમાં વાતો વાયુ આદિ. (૨) વ્યવહાર સચિત્ત - પૂર્વાદિ દિશાનો પવન અતિ ઠંડી અને અતિ દુર્દિન સિવાયનો વાતો વાયુ. મિશ્રવાયુકાય - મશકાદિમાં ભરેલો વાયુ અમુક સમય પછી મિશ્ર થાય. અચિત્ત વાયુકાય - તે પાંચ પ્રકારે છે. (૧) આક્રાંત - કાદવાદિ દબાવાથી નીકળતો વાયુ, (૨) મસકાદિનો વાયુ, (૩) ધમણ આદિનો વાયુ, (૪) શરીરમાં રહેલો વાયુ, (૫) સંમૂર્છિમ - પંખા આદિનો વાયુ.

આ અચિત્ત વાયુકાયનો ઉપયોગ - મસક તરવાના કામમાં આવે તથા ગ્લાનાદિના ઉપયોગમાં લેવાય છે. અચિત્ત વાયુ ક્યાં સુધી અચિત્ત રહે ? અચિત્ત વાયુ ભરેલી મશક - ક્ષેત્રથી ૧૦૦ હાથ સુધી તરે ત્યાં સુધી અચિત્ત. બીજા ૧૦૦ હાથ સુધી મિશ્ર અને ૨૦૦ હાથ પછી સચિત્ત થાય. આ અંગે વિશેષ જાણવા

''પિંડનિર્યુક્તિ ટીકાનુવાદ'' જુઓ.

**● મૂલ-૫૮૦,૫૮૧ :-**

**(૫) વનસ્પતિકાયપિંડ —** સચિત્તાદિ ત્રણ ભેદે છે. તેમાં (૧) નિશ્ચય સચિત્ત - અનંતકાય વનસ્પતિ. (૨) વ્યવહાર સચિત્ત - પ્રત્યેક વનસ્પતિ.

મિશ્ર - ચીમળાયેલા ફલાદિ, ચાળ્યા વિનાનો લોટ, ખાંડેલ ડાંગરાદિ.

અચિત્ત - શસ્ત્રાદિથી પરિણત વનસ્પતિ. તેનો ઉપયોગ સંથારામાં, કપડામાં અને ઔષધાદિમાં થાય છે.

**● મૂલ-૫૮૨ થી ૫૮૭ :-**

**(૬ થી ૮) બે-ત્રણ-ચાર ઈન્દ્રિય પિંડ —** આ બધાં એક સાથે પોત-પોતાના સમૂહરૂપે હોય ત્યારે પિંડ કહેવાય છે. તે પણ સચિત્તાદિ ત્રણ ભેદે હોય છે. તેમાં અચિત્ત વિકલેન્દ્રિયનું પ્રયોજન આ પ્રમાણે છે - બેઈન્દ્રિયમાં — ચંદનક, શંખ, છીપ આદિ સ્થાપનામાં, ઔષધાદિ કાર્યોમાં આવે. તેઈન્દ્રિયમાં - ઉધેહીની માટી આદિ ઔષધરૂપ છે. ચઉરિન્દ્રિયમાં - શરીર, આરોગ્ય માટે ઉલટી આદિમાં માખીની આગાર કામ આવે છે.

**(૯) પંચેન્દ્રિય પિંડ —** ચાર પ્રકારે છે, નારકી - તિર્યંચ - મનુષ્ય - દેવતા. તેમાં નારકીનો વ્યવહાર કોઈ રીતે ન થઈ શકે. તિર્યંચ પંચેન્દ્રિયનો ઉપયોગ - ચામડા, હાડકા, વાળ, દાંત, નખ, રોમ, શીંગડા, વિષ્ટા, મૂત્ર આદિનો કારણે ઉપયોગ કરાય છે તથા વસ્ત્ર, દુધ આદિ ઉપયોગી છે. મનુષ્યનો ઉપયોગ - સચિત્ત મનુષ્યને દીક્ષા અપાય કે માર્ગ પૂછવા કામ આવે. અચિત્ત મનુષ્યની ખોપરી વેશ પરિવર્તનાદિ કરવા માટે કામ આવે તથા ઘસીને ઉપદ્રવ શાંત કરી શકાય. દેવનો ઉપયોગ - તપસ્વી કે આચાર્ય પોતાનું મૃત્યુ પૂછવાને, શુભાશુભ પૂછવા કે સંઘકાર્ય માટે ઉપયોગી થાય.

**● મૂલ-૫૮૮ થી ૬૪૪ :-**

**(૧૦) લેપ પિંડ :-** પૃથ્વીકાયથી મનુષ્ય સુધી આ નવેના સંયોગ વડે ઉત્પન્ન થયેલ લેપ પિંડ હોય છે. કેવી રીતે ? ગાડાંના અક્ષમાં પૃથ્વીની રજ લાગેલ હોય, તેથી પૃથ્વીકાય. ગાડું નદી ઉતરતાં પાણી લાગેલું હોવાથી અપ્કાય. ગાડાંનું લોઢું ઘસાતાં અગ્નિ ઉત્પન્ન થવાથી તેઉકાય. જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુકાય હોવાથી વાયુકાય. અક્ષ લાકડાનો હોવાથી વનસ્પતિકાય. મળીમાં સંપાતિમ જીવ પડેલા હોવાથી બેઈન્દ્રિય આદિ અને દોરડું ઘસાવાથી પંચેન્દ્રિય. એ પ્રમાણે લેપપિંડ કહ્યો છે.

આ લેપપિંડનો ઉપયોગ - રંગવામાં થાય છે. લેપ યતનાપૂર્વક ગ્રહણ કરવો. ગાડાં પાસે જઈ તેના માલિકને પૂછીને લેપ ગ્રહણ કરવો. શય્યાતરના ગાડાંનો લેપ લેવામાં શય્યાતર પિંડનો દોષ ન લાગે.

લેપને દૂરથી સૂંઘીને પરીક્ષા કરવી. મીઠો હયો તો ગ્રહણ કરવો. લેપ લેવા જતાં ગુરુજીને વંદન કરીને પૂછીને જવું. પહેલાં નવા પાત્રાનો લેપ કરવો, પછી જૂનાં



પાત્રાનો લેપ કરવો. જૂના પાત્રા ગુરુને બતાવીને પછી લેપ કરવો. કેમકે કોઈ નવા સાધુ સૂત્ર-અર્થ ગ્રહણ કરવાને આવવાના હોય તો પાત્રાને લેપ કરવાનો નિષેધ કરી શકે. અથવા માયાવીની વારણા થઈ શકે.

સવારમાં લેપ લગાવી પાત્રને સૂકાવા દેવું. શક્તિ હોય તો ઉપવાસ કરીને લેપ લેવો. શક્તિ ન હોય તો લેપ કરેલ પાત્ર બીજાને સોંપીને આહાર કરવા જાય. તેમ ન કરે તો સંપાતિમ જીવોની વિરાધના થાય. લેપની પોટલી બનાવી પાત્ર રંગે, પછી આંગળીથી સુંવાળા કરે. લેપ બે, ત્રણ કે પાંચ વાર લગાવે. લેપ વિભૂષા માટે નહીં પણ સંયમ માટે કરે.

લેપ બે પ્રકારે છે — યુક્તિ લેપ અને ખંજન લેપ. અનેક વસ્તુ મેળવીને થતો યુક્તિલેપ નિષિદ્ધ છે. શિયાળામાં લેપકૃત્ પાત્રને પહેલા અને છેલ્લા પ્રહરમાં તાપમાં ન સૂકવે. ઉનાળામાં પહેલો અને છેલ્લો અર્ધ પ્રહર લેપકૃત્ પાત્ર તડકામાં ન સૂકવે. કેમકે ઉક્ત કાળ સ્નિગ્ધ હોવાથી લેપનો વિનાશ થાય, માટે ન સૂકવે. ઘણાં તાપમાં માત્ર સૂકવતા લેપ જલ્દી સૂકાઈ જાય છે.

પાત્ર તુટેલું હોય તો મુદ્રિકા બંધથી તથા નાવા બંધથી સાંધવું. પણ સ્તેન બંધથી ન સાંધવું. કેમકે સ્તનેબંધમાં બંને બાજુ સાંધા ન દેખાય તે રીતે પાત્રને અંદરથી સંધાય છે, તેથી પાત્ર નિર્બળ બને છે.

**● મૂલ-૬૪૫ થી ૬૪૮ :-**

**૦ પિંડના એકાર્થક નામો —** પિંડ, નિકાય, સમૂહ, સંપિંડન, પિંડના, સમવાય, સમવસરણ, નિચય, ઉપચય, ચય, જુમ્મ, રાશિ.

આ રીતે દ્રવ્યપિંડ કહ્યો, હવે ભાવપિંડ કહે છે :- ભાવપિંડ બે ભેદે છે — પ્રશસ્ત અને અપ્રશસત્, ૦ અપ્રશસ્ત ભાવપિંડ બે, સાત, આઠ અને ચાર એમ ચાર ભેદે કહેવાયેલ છે. તે આ રીતે છે - બે ભેદે - રાગથી અને દ્વેષથી.

(૨) સાત પ્રકારે - ઈહલોક ભય, પરલોક ભય, આદાન ભય, અકસ્માત્ ભય, આજીવિકા ભય, મરણ ભય અને અપયશ ભય.

(૩) આઠ પ્રકારે — જાતિ, કુળ, બળ, રૂપ, તપ, સત્તા, શ્રુત અને લાભ એ આઠ મદના સ્થાનોથી. તથા - આઠ કર્મોના ઉદયથી.

(૪) ચાર પ્રકારે — ક્રોધ, માન, માયા, લોભથી પિંડ ગ્રહણ કરવો તે.

૦ પ્રશસ્ત ભાવ પિંડ ત્રણ ભેદે છે :- (૧) જ્ઞાનપિંડ - જે પિંડથી જ્ઞાનની વૃદ્ધિ થાય. (૨) દર્શન પિંડ - જે પિંડથી દર્શનની વૃદ્ધિ થાય. (૩) ચારિત્ર પિંડ - જે પિંડથી ચારિત્રની વૃદ્ધિ થાય. આ ત્રણે માટે શુદ્ધ આહારાદિ ગ્રહણ કરવા. લેપકૃત્ પાત્રમાં આહારાદિ ગ્રહણ કરાય છે. તે એષણા યુક્ત હોવો જોઈએ.

તેથી એષણાનું સ્વરૂપ કહે છે —

**● મૂલ-૬૪૯ થી ૬૭૯ :-**

**૦ એષણા :-** ત્રણ ભેદે છે, ગવેષણા ગ્રહણૈષણા ગ્રાસૈષણા.

**(૧) ગવેષણા —** તેના આઠ દ્વારો છે. પ્રમાણ, કાળ ઈત્યાદિ.

**-૧- પ્રમાણ :-** ભિક્ષાર્થે ગૃહસ્થોના ઘેર બે વાર જવું - અકાળે સ્થંડિલની શંકા થઈ હોય તો પાણી લેવા. ભિક્ષા વખતે આહારાદિ લેવા.

**-૨- કાળ :-** જે ગામમાં ભિક્ષાનો જે કાળ હોય ત્યારે જવું. સમય પહેલાં જાય તો જો પ્રાંત દ્વેષવાળા ગૃહસ્થો હોય તો આ પ્રમાણે દોષો થાય :- (૧) જો તે સાધુનું દર્શન અમંગલ માનતો હોય તો સાધુને જોતાં જ પરાભવ કરે, નિંદે કે મારે, (૨) આ સાધુ માત્ર પેટભરા છે, અત્યારમાં નીકળી પડ્યા છે આદિ. (૩) ભિક્ષા સમય પછી ગૌચરી જાય તો જો ગૃહસ્થ સરળ હોય તો ઘરમાં કહે કે હવેથી અમુક સમયે રસોઈ બનાવજો, આથી ઉદ્‌ગમાદિ દોષ થાય અથવા સાધુ માટે આહારાદિ રાખી મૂકે. (૪) ગૃહસ્થ પ્રાંત હોય તો નિંદા કરે કે, શું આ ભિક્ષાનો સમય છે ? ન સવારનો, ન બપોરનો. (૫) સમય સિવાય ભિક્ષાર્થે જતાં ઘણું ફરવું પડે, તેથી શરીરને કલેશ થાય છે. (૬) આ રીતે ભિક્ષાના સમય પૂર્વે જતાં જો ભદ્રક હોય તો વહેલા આહારાદિ કરાવશે, પ્રાંત હોય તો હીલનાદિ કરશે.

**-૩- આવશ્યક :-** ઠલ્લા, માત્રાદિની શંકા દૂર કરીને ભિક્ષાર્થે જવું. ઉપાશ્રયની બહાર નીકળતાં 'આવસ્સહિ' કહેવું.

**-૪- સંઘાટ્ટક :-** બે સાધુ સાથે ભિક્ષાર્થે જાય. એકલા જવામાં અનેક દોષોનો સંભવ છે. સ્ત્રીનો ઉપદ્રવ થાય કે કૂતરા, પ્રત્યનીકાદિથી ઉપઘાત થવાનો સંભવ રહે.

૦ સાધુ એકલો ભિક્ષાર્થે જાય તેના કારણો :- (૧) હું લબ્ધિમાન છું માનીને જાય. (૨) ભિક્ષાર્થે જાય ત્યાં ધર્મકથા કરવા માંડે, તેથી બીજા સાધુ સાથે ન જાય. (૩) માયાવી હોવાથી એકલો જાય. સારું સારું બહાર વાપરીને સામાન્ય ગૌચરી વસતિમાં લાવે. (૪) આળસુ-હોવાથી એકલો ગૌચરી લાવે. (૫) લુબ્ધ હોવાથી - બીજો સાધુ સાથે હોય તો વિગઈ આદિ માંગી ન શકે. (૬) નિર્ધર્મી હોવાથી અનેષણીય ગ્રહણ કરવા એકલોજાય, (૭) દુકાળ-આદિ કારણે ભિક્ષા મેળવવા જુદા જુદા જાય. (૮) આત્માધિષ્ઠિત - પોતાને જે મળે તે જ વાપરવા માટે. (૯) વઢકણો હોવાથી કોઈ સાથે ન જાય.

**-૫- ઉપકરણ :-** ઉત્સર્ગથી સર્વે ઉપકરણો સાથે લઈને ભિક્ષાએ જાય. તો તેમ કરવા સમર્થ ન હોય તો પાત્રા, પલ્લા, રજોહરણ, બે વસ્ત્ર અને દંડ સાથે લઈને ગૌચરીએ જાય.

**-૬- માત્રક :-** પાત્રની સાથે બીજું માત્રક ભિક્ષાએ લઈ જાય.

**-૭- કાયોત્સર્ગ :-** ઉપયોગ કરાવણિયનો આઠ શ્વાસોચ્છ્‌વાસ કાયોત્સર્ગ કરીને આદેશ માંગે. 'સંદિસહ' આચાર્ય કહે 'લાભ' સાધુ કહે 'કહંલેસુ' આચાર્ય કહે — 'જહા ગહિયં પુવ્વ સાહૂહિં.'

**-૮- યોગ :-** પછી કહે 'આવસ્સિયાએ જસ્સ જોગો' જે-જે સંયમને ઉપયોગી હશે તે તે ગ્રહણ કરીશ.

અપવાદો કહે છે — (૧) આચાર્ય, ગ્લાન, બળ, તપસ્વી આદિ માટે બે થી વધુ વખત ગૌચરી જાય. ગયા પછી લઘુનીતિ-વડીનીતિ શંકા થાય તો યતનાપૂર્વક





ગૃહસ્થની રજા લઈને શંકા દૂર કરે. (૨) સાથે ગૌચરી ફરતાં સમય પહોંચે એમ ન હોય તો બંને જુદા જુદા થઈ જાય. (૩) એકાકી ગૌચરી ગયા હોય અને કદાચ સ્ત્રી ભોગ માટે પ્રાર્થે તો તેને સમજાવે કે મૈથુન સેવનથી આત્મા નરકમાં જાય છે, ઈત્યાદિ. છતાં ન છોડે તો કહે કે — મારા મહાવ્રતો ગુરુ પાસે મૂકીને આવું, આમ કહીને ઘરમાંથી નીકળી જાય. તો પણ ન જવા દે તો કહે કે — ઓરડામાં તારા વ્રતો મૂકી દઉં. પછી ઓરડામાં જઈ ગળે ફાંસો નાંખે. તે જોઈ ભયથી તે સ્ત્રીનો મોહોદય શમી જાય અને છોડી મૂકે. આમ કરવા છતાં ન શમે તો ગળે ફાંસો ખાઈને મરી જાય, પણ વ્રત ન ખંડે. (૫) કૂતરા, ગાય આદિની દાંડા વતી યતના કરે. (૫) પ્રત્યનીકના ઘેર ન જવું. કદાચ પ્રવેશ થઈ જાય તો પણ ગમે તેમ કરી નીકળી જવું.

**● મૂલ-૬૮૦ થી ૬૮૮ :-**

**૦ ભિક્ષા ગ્રહણ કરતી વેળા પાંચ મહાવ્રતની યતના :-** (૧) ભિક્ષા ગ્રહણ કરતાં કોઈ જીવની વિરાધના ન થાય તેનો ઉપયોગ રાખવો. - (૨) - કોઈ નિમિત્તાદિ પૂછે તો 'હું જાણતો નથી' તેમ કહે. - (૩) - હિરણ્ય, ધન આદિ રહેલ હોય ત્યાં ન જવું. - (૪) - ઉપર કહ્યા મુજબ બ્રહ્મચર્ય વ્રતનું રક્ષણ કરવું. - (૫) - ઉદ્‌ગમાદિ દોષોથી રહિત આહારાદિની ગવેષણા કરવી. અશુદ્ધ સંસક્ત આહાર-પાણી આવી જાય તો તુરંત પરઠવી દેવા.

**● મૂલ-૬૮૯ થી ૭૦૮ :-**

૦ બીજા ગામ ગૌચરી જાય ત્યાં ભિક્ષાવેળા થઈ છે કે નહીં ? તે કેવી રીતે અને કોને પૂછે ? તરુણ, મધ્યમ, સ્થવિર આદિ ભેદથી પૂર્વે માર્ગ પૃચ્છામાં કહ્યું તેમ જયણાપૂર્વક પૂછે. ભિક્ષા વેળા થઈ ગઈ હોય તો પગ પૂંજીને ગામમાં પ્રવેશ કરે. ગામમાં એક સામાચારીવાળા સાધુ હોય તો ઉપકરણ બહાર મૂકી, અંદર જઈ, વંદન કરી, સ્થાપનાદિ કૂળો પૂછી ગૌચરી જાય, ભિન્ન સામાચારીવાળા સાધુ સામે મળે તો થોભવંદન કરે.

છ જીવનિકાય રક્ષક સાધુ પણ જો અયતનાથી આહાર, નિહાર કરે કે મ્લેચ્છ, જુગુપ્સિત, ચંડાલાદિ કુળમાંથી ભિક્ષા લે તો બોધિદુર્લભ કરે. નિષિદ્ધ સ્થાને વસતિ ન કરે. નિષિદ્ધ કુળથી ભિક્ષા ન લે.

જે સાધુ જેમ મળે તેમ, જે મળે તે દોષિત આહાર, ઉપધિ આદિ ગ્રહણ કરે છે, તે શ્રમણ ગુણથી રહિત થઈને સંસાર વધારે છે. જે પ્રવચનથી નિરપેક્ષ, આહારાદિમાં નિઃશુક, લુબ્ધ અને મોહિત થાય છે, તેનો અનંત સંસાર શ્રી જિનેશ્વર ભગવંતે કહ્યો છે, માટે વિધિપૂર્વક નિર્દોષ આહારાદિ ગવેષણા કરે. આ ગવેષણા બે ભેદે છે — (૧) દ્રવ્યથી (૨) ભાવથી.

**● મૂલ-૭૦૯ થી ૭૨૪ :-**

દ્રવ્ય ગવેષણાનું દૃષ્ટાંત :- વસંતપુર નગરમાં જિતશત્રુ રાજાને ધારિણી નામે રાણી હતી. તેણીએ ચિત્રસભામાં સુવર્ણની પીઠવાળું હરણ જોયું. તે રાણી ગર્ભવતી

હતી. તેને આવા હરણનું માંસ ખાવાની ઈચ્છા થઈ. રાજાએ પોતાના માણસોને સુવર્ણમૃગ પકડી લાવવા હુકમ કર્યો. ઈત્યાદિ કથા પિંડનિર્યુક્તિ દ્રવ્ય ગવેષણામાં આપેલ છે. ત્યાંથી જોઈ લેવી. આ જ રીતે ત્યાં અશ્વનું પણ દૃષ્ટાંત છે.

ભાવ ગવેષણાનું દૃષ્ટાંત - કોઈ સંખડીમાં ઘણાં સાધુને આવેલા જોઈને કોઈ શ્રાવકે કે ભદ્રિકે સાધુ માટે જ ભોજન તૈયાર કરાવ્યું. બીજા અનેકને બોલાવીને ભોજન આપ્યું. તેને થયું કે આ જોઈને સાધુઓ આહાર લેવા આવશે. આચાર્યને કોઈ રીતે આ વાતની ખબર પડી જતાં તેણે સાધુઓને કહ્યું કે – ત્યાં આહાર લેવા ન જશો. તે આધાકર્મી છે.

કેટલાંક સાધુ ત્યાં આહાર લેવા ન ગયાં. પણ અન્યત્ર જઈ ગૌચરી લાવ્યા. કેટલાંક સાધુ આચાર્યના વચનને ન ગણકાર્યુ. તે આહાર લાવીને વાપર્યો. જેઓએ આચાર્યનું વચન પાળ્યું. તેઓ તીર્થંકર ભગવંતની આજ્ઞાના આરાધક થયા અને પરલોકમાં સુખને પામ્યા. જેમણે આધાકર્મી આહાર લાવીને વાપર્યો, તેઓ જિનેશ્વર ભગવંતની આજ્ઞાના વિરાધક થઈ સંસાર વધારનારા થયા.

ઉક્ત કારણે સાધુઓએ નિર્દોષ આહાર-પાણીની ગવેષણા કરવી જોઈએ. દોષિત આહાર-પાણીનો ત્યાગ કરવો જોઈએ.

**● મૂલ-૭૨૫ થી ૭૨૮ :-**

**૦ ગ્રહણૈષણા :-** તે બે ભેદે છે - દ્રવ્યથી અને ભાવથી.

દ્રવ્ય ગ્રહણૈષણાનું દૃષ્ટાંત :- એક વનમાં કેટલાંક વાનરો રહેતાં હતાં. કોઈ વખતે ઉનાળામાં તે વનમાં ફળ, પાન આદિ સૂકાઈ ગયેલાં જોઈ મુખ્ય વાનરે વિચાર્યુ કે – 'બીજા વનમાં જઈએ'. બીજા સારા વનની તપાસ કરવા જુદી જુદી દિશામાં કેટલાંક વાનરોનો મોકલ્યો. તે વાનરો તપાસ કરીને મળ્યા. પછી એક સુંદર વનમાં બધાં વાનરો ગયા. ઈત્યાદિ આખું દૃષ્ટાંત - ''પિંડનિર્યુક્તિ''માં ગ્રહણૈષણામાં છે, ત્યાં જોવું.

ભાવ ગ્રહણૈષણાનું દૃષ્ટાંત – તે પણ પિંડનિર્યુક્તિમાં જોવું.

**● મૂલ-૭૨૯ થી ૭૮૨ :-**

**૦ ભાવ ગ્રહણૈષણાના દ્વારો** – સ્થાન, દાયક આદિ ૧૧ છે –

**(૧) સ્થાન :-** ત્રણ ભેદે છે (૧) આત્મ ઉપઘાતિક સ્થાન – ગાય, ભેંસ આદિ જ્યાં હોય, ત્યાં ઉભા રહીને ભિક્ષા ગ્રહણ કરવામાં તે ગાય, ભેંસ આદિ શીંગડુ કે લાત મારે, તેથી પડી જવાય. વાગે કે પાત્ર ભાંગી જાય. તેથી છકાય જીવ વિરાધના થાય. તેથી તેવા સ્થાનો તથા જ્યાં જીર્ણ ભીંત, કાંટા, દર આદિ હોય ત્યાં પણ ઉભા રહીને ભિક્ષા ન ગ્રહણ કરવી.

(૨) પ્રવચન ઉપઘાતિક સ્થાન :- ઠલ્લા-માત્રાનાં સ્થાન, ગૃહસ્થને સ્નાન કરવામાં સ્થાન, ખાળ આદિ અશુચિવાળા સ્થાને ઉભા રહી ભિક્ષા ગ્રહણ કરતાં પ્રવચનની હીલના થાય, આવા સ્થાને રહી ભિક્ષા ન લેવી.

(૩) સંયમ ઉપઘાતિક સ્થાન :- પૃથ્વી, પાણી, અગ્નિ, બીજ, આદિ જ્યાં



હોય ત્યાં ઉભા રહીને ભિક્ષા ગ્રહણ કરતાં તે જીવોની વિરાધના થાય, માટે તેવા સ્થાને ઉભા રહી ભિક્ષા ગ્રહણ ન કરવી.

**(૨) દાયક :-** આઠ વર્ષથી ઓછી ઉંમરનું બાળક, નોકર, વૃદ્ધ, નપુંસક, મત્ત, ગાંડો, ક્રોધી, વળગાળવાળો, હાથ વિનાનો, પગ વિનાનો, આંધળો, બેડીવાળો, કોઢ રોગી, ગર્ભવાળી સ્ત્રી, ખાંડતી, દળતી, પીંજતી આદિ સ્ત્રી પાસેથી ભિક્ષા ગ્રહણ ન કરવી. અપવાદે-કોઈ જાતનો દોષ ન થાય તેમ હોય તો ઉપયોગપૂર્વક ભિક્ષા ગ્રહણ કરે.

**(૩) ગમન :-** ભિક્ષા આપનાર, ભિક્ષા લેવા અંદર જાય તો તેની ઉપર નીચેની જમીન તથા આસપાસ પણ જોવું. જો તે જતાં પૃથ્વી, પાણી, અગ્નિ આદિનો સંઘટ્ટો કરતાં હોય તો ભિક્ષા ગ્રહણ ન કરવી. કેમકે તેવી ભિક્ષા ગ્રહણ કરતાં સંયમ વિરાધના થાય અથવા આપનારને અંદરના ભાગમાં જતા કદાચ સર્પ આદિ કરડે, તો ગૃહસ્થાદિ મિથ્યાત્વ પામે.

**(૪) ગ્રહણ :-** નીચું દ્વાર હોય, જ્યાં બરાબર જોઈ શકાતું ન હોય, કમાડ વાસેલ હોય, ઘણાં માણસો આવ-જા કરતાં હોય, ગાડાં વગેરે આડાં પડેલા હોય, ત્યાં ભિક્ષા ગ્રહણ ન કરવી. જો બરાબર ઉપયોગ રહી શકે તેમ હોય તો ભિક્ષા ગ્રહણ કરવી.

**(૫) આગમન :-** ભિક્ષા લઈને આવતા ગૃહસ્થ, પૃથ્વી આદિની વિરાધના કરતો આવતો હોય તો ભિક્ષા ગ્રહણ ન કરવી.

**(૬) પ્રાપ્ત :-** આપનારનો હાથ કાચા પાણીવાળો છે કે કેમ ? તે જોવું. આહાર આદિ સંસક્ત છે કે કેમ ? તે જોવું. ભાજન ભીનું છે કે કેમ ? ઈત્યાદિ જોવું. આવું હોય તો ભિક્ષા ગ્રહણ ન કરવી.

**(૭) પરાવર્ત્ત :-** આહાર આદિ બીજા વાસણમાં નાંખે તો તે વાસણમાં સચિત્ત પાણી આદિ સંસક્ત હોય તો તે વાસણમાંનો આહાર ન લેવો.

**(૮) પતિત :-** આહાર પાત્રમાં ગ્રહણ કર્યા પછી તપાસવો. પિંડ યોગવાળો છે કે સ્વાભાવિક તે જોવું. જો યોગવાળો કે ભેળસેળ લાગે તો તોડીને તપાસવો. કદાચ તેમાં ઝેર ભેળવેલું હોય કે કંઈ કાર્મણ કરેલું હોય અથવા સુવર્ણ આદિ નાંખેલ હોય, કાંટા આદિ હોય તો સંયમ વિરાધના અને આત્મ વિરાધના થાય.

**(૯) ગુરુક :-** મોટા પત્થર વગેરેથી ઢાંકેલું હોય, તે ખસેડવા જતાં ગૃહસ્થને કદાચ ઈજા થાય, આપવાનું ભાજન ઘણું મોટું હોય કે ભારે વજનદાર હોય, તે ઉપાડીને આપવા જતાં કદાચ હાથમાંથી પડી જાય, તો ગૃહસ્થ દાઝી જાય અથવા પગે ઈજા થાય, તેમાં રહેલ આહાર નીચે ઢોળાય તો છ કાય જીવની વિરાધના થાય. માટે તેવા મોટા કે ભારે ભાજનથી ભિક્ષા ગ્રહણ ન કરવી.

**(૧૦) ત્રિવિધ :-** કાળ ત્રણ પ્રકારે છે (૧) ગ્રીષ્મ, (૨) હેમંત, (૩) વર્ષાકાળ આપનાર પણ ત્રણ પ્રકારે છે. (૧) સ્ત્રી, (૨) પુરુષ, (૩) નપુંસક. તે દરેકના પણ ત્રણ ભેદ છે – (૧) તરુણ, (૨) મધ્યમ, (૩) સ્થવિર.

નપુંસક શીત હોય છે, સ્ત્રી ઉષ્માવાળી હોય છે, પુરુષ શીતોષ્ણ હોય છે. તેઓમાં પુરઃકર્મ, ઉદકાર્દ્ર, સસ્નિગ્ધ ત્રણ હોય છે. તેના પણ પ્રત્યેકના સચિત્ત, અચિત્ત અને મિશ્ર ત્રણ ભેદો છે.

સસ્નિગ્ધમાં એટલે મિશ્ર અને સચિત્ત પાણીવાળા હાથ હોય તે હાથના આંગળા, રેખા, હથેળીને આશ્રીને સાત ભાગ કરવા. તેમાં કાળ અને વ્યક્તિ ભેદે જો સૂકાયેલા હાથ હોય તો ભિક્ષા ગ્રહણ કરાય.

**● મૂલ-૭૮૩ થી ૮૧૧ :-**

**૦ ભાવ** — તે લૌકિક અને લોકોત્તર બે ભેદે છે. લૌકિક એટલે સામાન્ય જન સમુદાય પ્રસિદ્ધ, લોકોત્તર - જિનેશ્વરના શાસનમાં પ્રચલિત પ્રશસ્ત એટલે મોક્ષમાર્ગમાં સહાયક, અપ્રશસ્ત એટલે મોક્ષમાર્ગમાં સહાયક નહીં.

૦ લૌકિક દૃષ્ટાંત :- કોઈ ગામમાં બે ભાઈઓ જુદા રહેતા, ખેતી કરીને નિર્વાહ કરતા હતા. એકની સ્ત્રી સારી હતી. બીજાની સ્ત્રી બેદરકાર હતી. તેણી સવારમાં વહેલી ઉઠી હાથ-મોં ધોઈને પોતાની જ કાળજી રાખતી. નોકરોની ખબર ન રાખતી, તેમની સાથે કલહ કરતી. ક્રમશઃ નોકરો આદિ બધાં ચાલ્યા ગયા, દ્રવ્ય પણ ખલાસ થઈ ગયું. આ લૌકિક અપ્રશસ્ત ભાવ.

બીજાની સ્ત્રી હતી તે નોકરોની ખબર રાખતી, સમયસર ભોજન આદિ આપતી. કામકાજમાં પ્રેરણા કરતી. આથી નોકરો સારી રીતે કામ કરતાં અનાજ પણ ઘણું પાક્યું, ઘર ધન-ધાન્યથી સમૃદ્ધ થયું. આ લૌકિક પ્રશસ્ત ભાવ.

૦ લોકોત્તર દૃષ્ટાંત - જે સાધુ સંયમના પાલનાર્થે આહારાદિ ગ્રહણ કરે છે, પણ પોતાના રૂપ, બળ કે શરીરની પુષ્ટિ માટે આહાર કરતા નથી, આહારાદિ લાવી આચાર્યાદિને આપીને વાપરે છે. તે દર્શન-જ્ઞાન-ચારિત્રનો આરાધક થાય છે. આ લોકોત્તર પ્રશસ્તભાવ.

જે સાધુ સ્વ વર્ણ, બલ, શરીરાદિ પુષ્ટિ માટે આહાર ગ્રહણ કરે છે. આચાર્યાદિની ભક્તિ ન કરે. તે આરાધક ન થાય. તે લોકોત્તર અપ્રશસ્ત.

૪૨-દોષરહિત શુદ્ધાહાર ગ્રહણ કરીને, તે આહાર તપાસી લેવો. તેમાં કાંટા, સંસક્તાદિ આદિ હોય તો તે કાઢી-પરઠવીને આવે. ઉપાશ્રયમાં પ્રવેશતા પગ પૂંજી ત્રણ વાર નિસીહિ કહી માથું નમાવીને નમસ્કરા કરે. જો ઠલ્લા-માત્રાની શંકા હોય તો પાત્રા બીજાને સોંપી શંકા નિવારી, આવીને કાયોત્સર્ગ કરે, કાયોત્સર્ગમાં ગૌચરીમાં લાગેલા દોષો ચિંતવે, ગુરુ સમક્ષ આલોચના કરે. જો ગુરુ સ્વાધ્યાયમાં, વિશ્રામમાં કે વ્યાક્ષિપ્ત ચિત્ત હોય તો આલોચના ન કરે, પણ શાંત, અવ્યાક્ષિપ્ત ચિત્તાદિ હોય તો આલોચે.

**● મૂલ-૮૧૨ થી ૮૨૨ :-**

**આલોચના કરતી વેળા ટાળવાના દોષો** :- (૧) नट्ट - ગોચરી આલોચતા હાથ, પગ, ભૃકુટી, માથું, આંખ આદિના વિકાર ન કરે. (૨) वलं - હાથ અને શરીર ન વાળે. (૩) चलं - આળસ મરડતા ન આલોચવું. (૪) भास - ગૃહસ્થ ભાષામાં



ન આલોચે. (૫) મૂકં - મુંગા મુંગા આલોચના ન કરે. (૬) ढड्ढर - મોટા અવાજે આલોચના ન કરે.

આ છ પ્રકારના દોષો ન લાગે એ રીતે આચાર્યાદિ પાસે આલોચના કરવી. થોડો કાળ હોય તો સંક્ષેપથી આલોચના કરે. પછી ગૌચરી બતાવી, પહેલાં પોતાનું મુખ અને મસ્તક પ્રમાર્જે. ઉપર-નીચે આસ-પાસ નજર કરીને પછી ગૌચરી બતાવે.

- x - x -

ગૌચરી બતાવીને અજાણતાં લાગેલા દોષોની શુદ્ધિ માટે આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરે અને अहो जिणेहिं असावज्जा ગાથા ચિંતવે. [જો કે પૂર્વે બે અલગ ગાથા ચિંતવાતી હતી.]

**● મૂલ-૮૨૩ થી ૮૩૯ :-**

**૦ આલોચના કરીને શું કરે ?** ગોચરી આલોવ્યા પછી મુહૂર્ત માત્ર સ્વાધ્યાય કરીને ગુરુ પાસે જઈને કહે કે — પ્રાઘૂર્ણક, તપસ્વી, બાળ આદિને આપ ગૌચરી આપો. ગુરુ મહારાજ આપે અથવા આજ્ઞા કરે કે — "તમે જ તે આપી દો." પોતે પ્રાદૂર્ણક આદિને તથા બીજા સાધુને નિમંત્રણા કરે. જો તેઓ ગ્રહણ કરશે તો નિર્જરા થશે. અવજ્ઞાથી નિમંત્રે તો કર્મબધ થાય.

કહ્યું છે કે — પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ ક્ષેત્રો. આ પંદર કર્મભૂમિમાં રહેલાં સાધુમાંથી એક સાધુની પણ હીલના કરવાથી બધાં સાધુની હીલના થાય છે. એક સાધુની પણ ભક્તિ કરવાથી [જો બધાં પરત્વેનું બહુમાન હોય તો] બધા સાધુની ભક્તિ થાય છે.

[શંકા] એકની હીલનાથી બધાંની હીલના અને એકની ભક્તિથી બધાંની ભક્તિ કેમ થાય ? યજ્ઞદત્ત ખાય તેમાં દેવદત્તનું પેટ કેમ ભરાય ?

[સમાધાન] જ્ઞાન, દર્શન, તપ અને સંયમ - એ સાધુના ગુણો છે. આ ગુણો જેમ એક સાધુમાં છે, તેમ બધાં સાધુમાં છે. તેમ એક સાધુની નિંદા કરવાથી બધાં સાધુના ગુણોની નિંદા થાય છે. એકની ભક્તિ, પૂજા, બહુમાન કરવાથી પંદરે કર્મભૂમિમાં રહેલાં બધાંની ભક્તિ, પૂજાદિ થાય છે.

ઉત્તમ ગુણવાન્ સાધુની હંમેશાં વૈયાવચ્ચાદિ કરવાથી, પોતાને બધાં પ્રકારે સમાધિ મળે છે. વૈયાવચ્ચ કરનારને એકાંતે કર્મનિર્જરા થાય.

સાધુ બે પ્રકારે હોય. કેટલાંક માંડલીમાં આહાર કરનારા, કેટલાંક જુદા વાપરનારા. જે માંડલીમાં આહાર કરનારા હોય, તે ભિક્ષા ગયેલા સાધુ આવી જાય એટલે બધાં સાથે વાપરે. તપસ્વી આદિ ગુર્વાજ્ઞાથી જુદુ વાપરે.

**● મૂલ-૮૪૦ થી ૮૪૫ :-**

**૦ ગ્રાસૈષણા** :- બે ભેદે છે — (૧) દ્રવ્ય ગ્રાસૈષણા, (૨) ભાવ ગ્રાસૈષણા.

૦ દ્રવ્યગ્રાસ એષણા :- એક માછીમાર માછલાં પકડવા માટેના કાંટામાં માંસપિંડ ભરાવીને દ્રહમાં નાખતો હતો, તે વાત એક માછલો જાણતો હતો. તેથી તે માછલું કાંટા ઉપરનું માંસપિંડ આજુબાજુથી ખાઈ જાય છે, પછી ગલ હલાવે છે. તેથી

માછીમાર માછલું તેમાં ફસાયેલું જાણી, તે બહાર કાઢે છે, તો કાંઈ હેતુ નથી. આ પ્રમાણે વારંવાર પેલું માછલું માંસ ખાઈ જાય છે, પણ ગલમાં સપડાતું નથી.

માછીમારને વિચારમાં પડેલ જોઈ માછલું તેને માછલું કહે છે કે હું એક વાર પ્રમાદમાં પડ્યો, બગલાએ મને પકડ્યો ઈત્યાદિ - x - x - x - આખું દૃષ્ટાંત પિંડ નિર્યુક્તિના ગ્રાસૈષણામાં આવી ગયેલ છે, ત્યાં જોવું.

આ રીતે માછલો સાવધાનીથી આહાર મેળવતો હતો. તેથી ક્યાંય છેતરાતો ન હતો.

**● મૂલ-૮૪૬ થી ૮૪૮ :-**

**૦ ભાવ ગ્રાસૈષણા :-** આ પ્રમાણે કોઈ દોષોમાં ન છળાય તે રીતે નિર્દોષ આહાર-પાણીની ગવેષણા કરી, સંયમના નિર્વાહ માટે જ આહાર વાપરવો. આહાર વાપરતાં પણ પોતાના આત્માને શાસિત કરે કે — હે જીવ ! તું બેંતાલીશ દોષ રહિત આહાર લાવ્યો છે, તો હવે વાપરવામાં મૂર્છાવશ થઈશ નહીં, રાગ-દ્વેષ કરીશ નહીં.

આહાર વધુ પણ ન વાપરવો, તેમ ઓછો પણ ન વાપરવો. જેટલાં આહારથી શરીર ટકી રહે તેટલાં પ્રમાણમાં આહાર વાપરવો.

**● મૂલ-૮૪૯,૮૫૦ :-**

**૦ ગૌચરી કોણ-કોણ જુદી વાપરે ? તે કહે છે :-** (૧) આગાઢ યોગ વહન કરનાર જુદુ વાપરે - (૨) - માંડલી બહાર રાખેલા અમનોજ્ઞ જુદા વાપરે. - (૩) - મહેમાન સાધુ આવેલા હોય, તેમને પહેલાંથી પૂરેપૂરુ આપવામાં આવે એટલે તેઓ જુદુ વાપરે છે. - (૪) - નવદીક્ષિત હોય, ઉપસ્થાપના ન થઈ હોય, ત્યારે તેમને જુદું વાપરવા આપે. - (૫) - દોષ શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરતાં હોય તે શબલ ભ્રષ્ટ ચારિત્રીઓ જુદા વાપરે. - (૬) - બાળ, વૃદ્ધ, અસહિષ્ણુ જુદુ વાપરે. આ રીતે જુદુ વાપરનારા અસમુદ્દેશિક કહેવાય છે. તદુપરાંત કોઢ આદિ રોગવાળા જુદુ વાપરે.

**● મૂલ-૮૫૧ થી ૮૫૯ :-**

**૦ પ્રકાશની વ્યાખ્યા —** આહાર પ્રકાશમાં કરવો જોઈએ. આ પ્રકાશ બે પ્રકારનો છે — (૧) દ્રવ્ય પ્રકાશ, (૨) ભાવ પ્રકાશ.

(૧) દ્રવ્ય પ્રકાશ - દીપક, રત્ન આદિનો હોય છે.

(૨) ભાવ પ્રકાશ - તે સાત પ્રકારે છે, સ્થાન, દિશા ઈત્યાદિ.

**- (૧) સ્થાન :-** માંડલીમાં સાધુને જવા આવવાનો માર્ગ મૂકીને તથા ગૃહસ્થ આવતા ન હોય તેવા સ્થાનમાં પર્યાયાનુસાર બેસીને આહાર કરે.

**- (૨) દિશા :-** આચાર્યની સામે, પાછળ કે પરાંડ્મુખ ન બેસવું, પણ માંડલી પ્રમાણે ગુરુથી અગ્નિ કે ઈશાન દિશામાં બેસીને આહાર કરવો.

**- (૩) પ્રકાશ :-** અજવાળું હોય તેવા સ્થાને બેસીને આહાર કરવો. જેથી માખી, કાંટો, વાળ આદિ હોય તો ખબર પડે. અંધારામાં આહાર કરતાં માખી આદિ આહાર સાથે પેટમાં જાય તો ઉલટી, વ્યાધિ આદિ થાય છે.

**- (૪) ભાજન :-** અંધારામાં ભોજન કરતાં જે દોષો લાગે, તે દોષો સાંકડા



મુખવાળા પાત્રમાં વાપરતા લાગે છે. નીચે આહાર વેરાય, વસ્ત્રાદિ બગડે ઈત્યાદિ દોષો થાય. તેથી પહોળા પાત્રમાં આહાર વાપરવો.

**- (૫) પ્રક્ષેપ :-** કૂકડીના ઇંડા પ્રમાણ કોળીયો લઈને મુખમાં મૂક્યો અથવા મુખ વિકૃત ન થાય તેટલા પ્રમાણનો કોળીયો મુખમાં મૂકે.

**- (૬) ગુરુ :-** ગુરુ જોઈ શકે તેમ વાપરવું. કેમકે તેમ ન કરતાં સાધુ જો ઘણું વાપરે કે અપથ્ય વગેરે તો રોગાદિ થાય અથવા ગૌચરીમાં સ્નિગ્ધ દ્રવ્ય મળેલ હોય, તો તે ગુરુને બતાવ્યા સિવાય વાપરી લે.

**- (૭) ભાવ :-** જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના સારી રીતે થઈ શકે તે માટે વાપરવું પણ વર્ણ, બળ, રૂપ આદિ માટે આહાર ન વાપરવો.

જે સાધુ ગુરુને બતાવીને વિધિપૂર્વક વાપરે છે, તે સાધુ ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણાથી શુદ્ધ વાપરે છે.

**● મૂલ-૮૬૦ :-**

**ઉપસંહાર —** આ રીતે વાપરવાનો વિધિ સંક્ષેપથી કહ્યો. તે બધાં સાધુ માટે સમજી લેવો. પણ અનેક સાધુ હોય તો માંડલીબદ્ધ વાપરે.

**● મૂલ-૮૬૧ થી ૮૬૮ :-**

**૦ માંડલી શા માટે કરવી ?** માંડલી કરવાના કારણો આ પ્રમાણે છે —

(૧) ગ્લાન સાધુની કોઈ એક સાધુ વૈયાવચ્ચ કરે તો તેને સૂત્ર, અર્થની હાનિ થાય. જો મંડલીબદ્ધ હોય તો જુદા જુદા સાધુ કાર્યો સંભાળી લે તેથી કોઈને સૂત્રાર્થની હાનિ ન થાય, ગ્લાનની સેવા સારી થાય.

(૨) બાળ સાધુ - ભિક્ષા લાવવા સમર્થ નથી, તેથી જો માંડલીબદ્ધ હોય તો બીજા સાધુ ગૌચરી આદિ લાવી આપે, બાળ સાધુ સુખે સચવાઈ જાય.

(૩) વૃદ્ધ સાધુ - બાળ સાધુ પ્રમાણે જ સમજી લેવું.

(૪) નવદીક્ષિત ગોચરીની શુદ્ધિ ન જાણે, તેથી બીજા સાધુ લાવી આપે.

(૫) પ્રાઘૂર્ણક આવે ત્યારે સાથે મળીને ભક્તિ કરી શકાય તે માટે.

(૬) અસમર્થ એવા રાજપુત્રાદિને દીક્ષામાં સંયમની હાનિ ન થાય.

(૭) બધાં સાધુઓને આહારાદિની ભક્તિનો લાભ લઈ શકાય.

(૮) કોઈ અલબ્ધિક સાધુને આહારાદિ ન મળે તો સીદાય નહીં.

ઉક્ત કારણોથી માંડલી કરવામાં આવે છે, જેથી સંયમારાધના સુખે થાય.

**૦ ભિક્ષાર્થે ગયેલ સાધુ ઉપાશ્રય/વસતિમાં આવે ત્યારે વસતિપાલક સાધુએ કરવાની વિધિ -** ભિક્ષાર્થે ગયેલ સાધુને આવવાનો સમય થાય એટલે વસતિપાલક નંદી પાત્ર પડિલેહણ કરીને તૈયાર રાખે. સાધુ આવીને તેમાં પાણી નાંખે. પછી પાણી સ્વચ્છ થઈ જતાં બીજા પાત્રમાં ગાળી લેવાય. ગચ્છમાં સાધુની સંખ્યાનુસાર પાત્ર-સંખ્યા રાખે. વસતિપાલક નંદીપાત્ર રાખવા સમર્થ ન હોય કે નંદીપાત્ર ન હોય, તો સાધુ પોતાના પાત્રમાં ચાર આંગળ ઓછું પાણી લાવે. જેથી એકબીજામાં નાંખીને પાણી સ્વચ્છ કરી શકાય. પાણીમાં કચરો કે કીડી આદિ હોય તો જયણાપૂર્વક

પાણીને ગાળે અને કીડી આદિને દૂર કરે.

સાધુઓ માંડલીમાં યથાસ્થાને બેસીને બધાં સાધુ આવી ન જાય ત્યાં સુધી સ્વાધ્યાય કરે. અસહિષ્ણુ હોય તો તેને વાપરવા આપી દે.

**૦ ગૌચરી-આહારની વહેંચણી કોણ કરે ?**

ગીતાર્થ, રત્નાધિક, અલુબબ્ધ એવા મંડલી સ્થવિર આચાર્યશ્રીની રજા લઈને માંડલીમાં આવે. આ ગીતાર્થ, રત્નાધિક અને અલુબ્ધ એ ત્રણ પદના આઠ ભંગો થાય છે. તે આ પ્રમાણે – (૧) ગીતાર્થ, રત્નાધિક, અલુબ્ધ, (૨) ગીતાર્થ, રત્નાધિક, લુબ્ધ, (૩) ગીતાર્થ, લઘુપર્યાય, અલુબ્ધ, (૪) ગીતાર્થ, લઘુપર્યાય, લુબ્ધ. (૫) અગીતાર્થ, રત્નાધિક, અલુબ્ધ. (૬) અગીતાર્થ, રત્નાધિક, લુબ્ધ. (૭) અગીતાર્થ, લઘુપર્યાય, અલુબ્ધ. (૮) અગીતાર્થ, લઘુ પર્યાય, લુબ્ધ. ઉક્ત આઠ ભંગોમાં લુબ્ધવાળા ચારે ભંગો દુષ્ટ છે. પછી અલુબ્ધમાં પણ પાંચમો અને સાતમો અપવાદે શુદ્ધ, માત્ર પહેલો અને ત્રીજો ભંગ શુદ્ધ છે. આ શુદ્ધ મંડલી સ્થવિર બધાં સાધુને આહાર વહેંચી આપે.

રત્નાધિક સાધુ પૂર્વાભિમુખ બેસે, બાકીના સાધુ યથાયોગ્ય પર્યાય પ્રમાણે માંડલીબદ્ધ બેસે. ગૌચરી વાપરવા બેસતી વખતે દરેક સાધુ રાખની કુંડી સાથે રાખે. કેમકે વાપરતાં કદાચ ઠળીયો, કાંટો આદિ આવે તો કુંડીમાં નાંખી શકાય. વાપરતી વખતે ગૃહસ્થાદિ આવી ન જાય તે માટે એક સાધુ નાકા ઉપર બેસે.

**● મૂલ-૮૭૬ થી ૮૯૫ :-**

**૦ આહાર કેવી રીતે વાપરવો ?** પહેલાં સ્નિગ્ધ અને મધુર આહાર વાપરે. કેમકે તેનાથી બુદ્ધિ અને બળ વધે તથા પિત્તનું શમન થાય. વળી સ્નિગ્ધ આહાર છેલ્લો રાખે તો પરઠવવો પડે ત્યારે અસંયમ થાય. આ આહાર કટક છેદ, પ્રતર છેદ કે સિંહભક્ષિત રીતે વાપરે. તેમાં कटकछेद - કટકા કરી કરીને વાપરવો. प्रतरछेद - ઉપરથી વાપરતા જવું सिंहभक्षित - એક બાજુથી શરૂ કરી બધો આહાર ક્રમસર વાપરે.

આહાર વાપરતાં - સબડકાં ન બોલાવે, ચબચબ ન કરે, ઉતાવળ ન કરે, બહુ ધીમે પણ ન વાપરે, વાપરતાં નીચે ન વેરે. રાગદ્વેષ ન કરે. મન-વચન-કાયાથી ગુપ્ત થઈ શાંત ચિત્તે આહાર વાપરે.

ઉદ્‌ગમ ઉત્પાદના દોષોથી શુદ્ધ, એષણા દોષરહિત એવો પણ ગોળ આદિ આહાર દુષ્ટભાવથી અધિક ગ્રહણ કરવાથી સાધુ જ્ઞાન-દર્શન-ચારિત્રથી અસાર થાય છે. જ્યારે શુદ્ધ ભાવથી પ્રમાણસર આહાર ગ્રહણ કરવાથી સાધુ જ્ઞાન-દર્શન-ચારિત્રના સારરૂપ થાય છે.

**● મૂલ-૮૯૬ થી ૯૦૮ :-**

**હવે આહાર વાપરવા કે ન વાપરવાના છ-છ-કારણો કહે છે –** સાધુ ક્ષુધાવેદના શમાવવા, વૈયાવચ્ચાર્થે, ઈર્યાપથ શોધવા માટે, સંયમ અર્થે, શરીર ટકાવવાને, સ્વાધ્યાય કરવા માટે, આ છ કારણે આહાર કરે. - તથા - છ કારણે આહાર ન



કરે, તે આ - તાવ કે બિમારી હોય, રાજા કે સ્વજનાદિનો ઉપદ્રવ હોય, બ્રહ્મચર્ય રક્ષાર્થે, જીવદયાર્થે, વિશિષ્ટ તપશ્ચર્યા નિમિત્તે અને શરીરના ત્યાગ માટે અનશન કરે ત્યારે. [આ છ કારણો છે.]

આહાર વાપર્યા બાદ પાત્ર ત્રણ વાર પાણીથી ધોવાં જોઈએ.

**● મૂલ-૯૦૯ થી ૯૧૩ :-**

**આહાર વધે ત્યારની વિધિ :-** આહાર વાપર્યા છતાં વધ્યો હોય તો રત્નાધિક સાધુ વધેલો આહાર આચાર્યને બતાવે. આચાર્ય કહે કે આયંબિલ, ઉપવાસવાળા સાધુને બોલાવો. ત્યારે મોહની ચિકિત્સ માટે જેમણે ઉપવાસ કર્યો હોય, જેમણે અઠ્ઠમાદિ કર્યા હોય, ગ્લાન કે આત્મ લબ્ધિક હોય તે સિવાયના સાધુને રત્નાધિક સાધુ કહે કે – ''તમને આચાર્ય ભગવંત બોલાવે છે.'' તે સાધુઓ આચાર્યશ્રી પાસે ઉપસ્થિત થાય. આચાર્ય કહે કે – ''આ આહાર વધ્યો છે, તે વાપરી જાઓ.'' ત્યારે સાધુ કહેશે કે – વપરાશે એટલું વાપરીશું. વપરાયા છતાં આહાર વધે તો જેનું પાત્ર હોય તે સાધુ આહાર પરઠવી દે. જો સાધુ ''વપરાશે તેટલું વાપરીશું'' એમ ન બોલ્યા હોય તો વધેલું તે પોતે પરઠવી દે.

**● મૂલ-૯૧૪,૯૧૫ :-**

**૦ પાત્રમાંથી બીજાને કેવો આહાર આપવો ?** વિધિપૂર્વક લાવેલો અને વિધિપૂર્વક વાપરેલો આહાર બીજાને આપી શકાય, તેના ચાર ભાંગા થાય. તે આ પ્રમાણે – (૧) વિધિથી ગૃહીત-વિધિથી વાપરેલ. (૨) વિધિ વડે ગૃહીત - અવિધિથી વાપરેલ. (૩) અવિધિથી ગૃહીત - વિધિથી વાપરેલ. (૪) અવિધિથી ગૃહીત - અવિધિથી વાપરેલ.

વિધિગૃહીત એટલે ઉદ્‌ગમાદિ દોષરહિત અને ગૃહસ્થે જેવો આપ્યો હોય તેવો જ ગ્રહણ કરેલ. તે સિવાયનો અવિધિગૃહીત છે.

**● મૂલ-૯૧૬ થી ૯૨૩ :-**

**વિધિ અવિધિ ભોજનનું સ્વરૂપ કહે છે –** (૧) અવિધિ ભોજનના ચાર ભેદો છે - (૧) - કાકભુક્ત - જેમ કાગડો વિષ્ટા આદિમાંથી વાલ, ચણા આદિ કાઢીને ખાય છે, તેમ પાત્રમાંથી સારી-સારી કે અમુક-અમુક વસ્તુ કાઢીને વાપરે તે અથવા ખાતા ખાતા વેરે તથા મુખમાં કોળીયો નાંખી કાગડાની માફક આસપાસ જુએ - (૨) - શ્રૃગાલ ભુક્ત - શિયાળની જેમ જુદે જુદેથી લઈને ખાય. - (૩) - દ્રાવિત રસ - ભાત ઓસામણ ભેગા કરેલમાં પાણી કે પ્રવાહી નાંખીને એક રસરૂપ થયેલું પી જાય. - (૪) - પરામૃષ્ટ - ફેરફાર, ઉંધુ-ચત્તુ, તળનું ઉપર અને ઉપરનું તળે કરીને વાપરે.

(૨) વિધિ ભોજન - પહેલાં ઉત્કૃષ્ટ દ્રવ્ય, પછી અનુત્કૃષ્ટ દ્રવ્ય, પછી સમીકૃતરસ વાપરવું એ વિધિ ભોજન.

અવિધિથી ગ્રહણ કરે અને અવિધિથી વાપરેલું બીજાને આપે કે ગ્રહણ કરે તો આચાર્ય બંનેને એક કલ્યાણક પ્રાયશ્ચિત્ત આપે.

● **મૂલ-૯૨૪ થી ૯૪૨ :-**

**આહાર વધે તો પારિષ્ઠાપન કરવાની વિધિ** — પરિષ્ઠાપના બે પ્રકારે છે — (૧) જાત પરિષ્ઠાપના - પ્રાણાતિપાત દોષોથી યુક્ત અથવા આધાકર્માદિ દોષવાળું અથવા લોભથી લીધેલું તથા અભિયોગકૃત્, વશીકરણ કૃત્, મંત્ર-ચૂર્ણાદિ મિશ્રકૃત તથા વિષમિશ્રિત આહારો પણ અશુદ્ધ હોવાથી પરઠવવામાં 'जात' ભેદ કહેવાય છે.

(૨) અજાત પરિષ્ઠાપના - શુદ્ધ આહાર વધેલો હોય તેને પરઠવવો તે 'अजात' કહેવાય છે. તે આહાર સાધુઓને ખબર પડે તે રીતે ત્રણ ઢગલી કરી પરઠવવો પરઠવીને ત્રણ વખત वोसिरइ - વોસિરે કહેવું. આ પ્રમાણે વિધિ પરિષ્ઠાપનાથી સાધુ કર્મબંધ કરતો નથી.

[શંકા] શુદ્ધ અને વિધિપૂર્વક લાવેલો આહાર કઈ રીતે વધે ?

[સમાધાન] જે ક્ષેત્રમાં રહેલા હોય ત્યાં આચાર્યાદિને પ્રાયોગ્ય દ્રવ્ય દુર્લભ હોવાથી આહાર બીજે ગામ ગૌચરી ગયેલા બધાં સાધુ આચાર્ય પ્રાયોગ્ય દ્રવ્ય મળી જતાં ગ્રહણ કરે. અથવા ગૃહસ્થ વધારે વહોરાવી દે, તેથી વધે. આ કારણે શુદ્ધ આહાર પણ પરઠવવો પડે.

● **મૂલ-૯૪૩ થી ૯૪૯ :-**

૦ **આચાર્યને પ્રાયોગ્ય ગ્રહણ કરવાથી થતાં લાભો :-** આચાર્ય પ્રાયોગ્યના ગ્રહણથી ગુરુને સૂત્ર અને અર્થ સ્થિર થાય છે. મનોજ્ઞાહારથી સૂત્ર અને અર્થનું સુખપૂર્વક ચિંતન કરી શકે છે. આથી આચાર્યનો વિનય થાય, નવદીક્ષિતને આચાર્ય પ્રત્યે બહુમાન થાય, પ્રાયોગ્ય આપનાર ગૃહસ્થને શ્રદ્ધાની વૃદ્ધિ થાય. શિષ્યને નિર્જરાનું કારણ થાય છે. ઉક્ત કારણે આચાર્ય પ્રાયોગ્ય ગ્રહણ કરવાથી આચાર્યની અનુકંપા થાય છે. આચાર્યની અનુકંપાથી ગચ્છની અનુકંપા થાય છે. ગચ્છ અનુકંપાથી તીર્થની ભક્તિ થાય છે. માટે આ પ્રાયોગ્ય ગ્રહણ કરવું.

આચાર્ય પ્રાયોગ્ય જો મળતું હોય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ઉત્કૃષ્ટ દ્રવ્ય પ્રથમ ગ્રહણ કરવું. ઉત્કૃષ્ટ ન મળે તો યથાયોગ્ય ગ્રહણ કરવું. પરંતુ ગ્લાન માટે નિયમા પ્રાયોગ્ય ગ્રહણ કરવું.

● **મૂલ-૯૫૦ થી ૯૬૨ :-**

૦ **પરઠવતાં એક, બે, ત્રણ ઢગલી કરવાનું કારણ :-** ગૌચરી આદિ ગયેલા, વિહારમાં રહેલા સાધુઓને શુદ્ધ-અશુદ્ધ આદિ આહારની ખબર પડી શકે અથવા કદાચિત ગામમાં રહેલા સાધુને જરૂર પડે, તે માટે એક-બે-ત્રણ ઢગલી કરવી. વાપર્યા પછી ઠલ્લા આદિની શંકા હોય તો દૂર અનાપાતાદિ સ્થંડિલમાં જઈને વોસિરાવે.

પછી પડિલેહણનો સમય થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરે.

● **મૂલ-૯૬૩,૯૬૪ :-**

૦ **પડિલેહણની વિધિ** — ચોથો પ્રહર શરૂ થાય, એટલે ઉપવાસી પહેલાં મુહપત્તિ અને શરીરને પડિલેહીને આચાર્યની ઉપધિ પડિલેહે. પછી અનશન કરેલાની,



નવદીક્ષિતની, વૃદ્ધ આદિની ક્રમશઃ પડિલેહણા કરે.

પછી આચાર્ય પાસે જઈને ''ઉપધિ પડિલેહું'' આદેશ માંગીને પાત્રાની પડિલેહણા કરે. પછી માત્રક અને પોતાની ઉપધિ પડિલેહી છેલ્લે ચોલપટ્ટો પડિલેહે. ગૌચરી વાપરી હોય તે પહેલાં મુહપત્તિ, પછી શરીર, પછી ચોલપટ્ટો પડિલેહે. પછી ક્રમશઃ ગુચ્છા, ઝોળી, પડલાં, રજસ્ત્રાણ, પછી પાત્રા પડિલેહે. પછી આચાર્યની ઉપધિ પડિલેહે. પછી આદેશ માંગી ગચ્છ સાધારણના પાત્રા, અપરિભોગ્ય વસ્ત્ર પડિલેહે. પછી પોતાની ઉપધિ પડિલેહે. છેલ્લે રજોહરણ પડિલેહે.

પડિલેહણ કર્યા પછી સ્વાધ્યાય કરવો અથવા સીવવા આદિ કાર્ય હોય તો તે કરવું. એ પ્રમાણે સ્વાધ્યાયાદિથી છેલ્લી પોરિસિનો ચતુર્થ ભાગ બાકી રહે ત્યાં સુધી કરે. પછી કાળ પ્રતિક્રમીને ૨૪-માંડલા કરે. સૂર્ય અસ્ત થતાં બધાં પ્રતિક્રમણ કરે. આચાર્યશ્રી ધર્મકથાદિ કરતા હોય, તો બધા સાધુ આવશ્યકભૂમિ માંડલીમાં પોતપોતાના યથાયોગ્ય સ્થાને કાયોત્સર્ગમાં રહી સ્વાધ્યાય કરે.

કોઈ કહે છે કે — સાધુઓ સામાયિક સૂત્ર કહી કાયોત્સર્ગમાં અર્થપાઠ કરે. આચાર્ય ન આવે ત્યાં સુધી ચિંતવના કરે. આચાર્ય આવી સામાયિક સૂત્ર કહી, દૈવસિક અતિચાર ચિંતવે ત્યારે સાધુઓ પણ મનમાં દૈવસિક અતિચાર ચિંતવે.

બીજા વળી એમ કહે છે કે — આચાર્ય આવે એટલે સ્વાધ્યાય કરતાં સાધુ પણ આચાર્ય સાથે સામાયિક સૂત્ર ચિંતવી, અતિચાર ચિંતવે. આચાર્ય બે વાર અતિચાર ચિંતવે, સાધુ એક વાર ચિંતવે.

એ રીતે આવશ્યક પૂર્ણ કર્યા પછી ઉંચા વધતા સ્વરથી ત્રણ સ્તુતિ મંગલ માટે બોલે. કાલગ્રહણ વેળા થઈ કે નહીં તે તપાસે.

● **મૂલ-૯૭૫ થી ૧૦૦૫ :-**

**કાલગ્રહણની વિધિ-સંક્ષેપથી :-** કાળ બે ભેદે છે. તે આ પ્રમાણે —

(૧) વ્યાઘાત - થાંભલા કે વૈદેશિકો સાથે જતાં - આવતાં સંઘટ્ટો થાય તથા આચાર્ય શ્રાવકાદિ સાથે ધર્મકથા કરતા હોય તો કાલગ્રહે નહીં.

(૨) અવ્યાઘાત - કોઈ જ વ્યાઘાત ન હોય તો કાલગ્રહી અને દાંડીધર આચાર્ય મહારાજ પાસે જઈ આજ્ઞા માંગે કે અમે કાલગ્રહણ કરીએ ? પછી પણ જો આવો વ્યાઘાત હોય તો કાલ ન ગ્રહે — આચાર્યને પૂછેલ ન હોય, અવિનયથી પૂછેલ હોય, વંદન ન કરેલ હોય, આવસ્સહી ન કહી હોય, અવિનયથી કહેલ હોય, પડી જાય, ઈન્દ્રિયના વિષયો પ્રતિકૂળ હોય, દિગ્મોહ થાય, તારા ખરે, અસ્વાધ્યાય થાય, છીંક થાય, ઉજ્જેહી લાગે ઈત્યાદિ તો કાલગ્રહણ ન લે.

કાલગ્રહી કેવો હોય ? પ્રિયધર્મી, દૃઢધર્મી, મોક્ષસુખાભિલાષી, પાપભીરુ, ગીતાર્થ, સત્ત્વશીલ એવો સાધુ કાલગ્રહણ લે.

કાળ ચાર પ્રકારે છે — (૧) પ્રાદોષિક, (૨) અર્ધરાત્રિક, (૩) વૈરાત્રિક, (૪) પ્રાભાતિક. પ્રાદોષિક કાળમાં બધાં સજ્ઝાય સાથે સ્થાપે. બાકીના ત્રણમાં સાથે અથવા જુદા જુદા સ્થાપે.

પ્રાદોષિક અને અર્ધરાત્રિક કાળ ઉત્તર દિશામાં લેવાય. વૈરાત્રિક કાળ ઉત્તર કે પૂર્વમાં લેરવાય. પ્રાભાતિક કાળ પૂર્વમાં લેવાય.

પ્રાદોષિક કાળ શુદ્ધ હોય તો સ્વાધ્યાય કરીને પહેલી, બીજી પોરિસિ જાગરણ કરે. કાળ શુદ્ધ ન આવે તો ઉત્કાલિક સૂત્રનો સ્વાધ્યાય કરે. [કાળ ગ્રહણ વિષયક ઘણી જ વિશેષ હકીકતોનું કથન જોવા મળે છે, તે ટીકા ગ્રંથથી કે ભાષ્યથી જાણી શકાય છે. અમે તેનું અવતરણ કરેલ નથી, કેમકે તે સૂત્રની સાથે ક્રિયારૂપે પ્રત્યક્ષ જ સમજાય તેવું છે.]

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પિંડ દ્વારનો સટીક સંક્ષિપ્ત પરિચય પૂર્ણ**



# દ્વાર-૩-ઉપધિ

-- x -- x -- x --

હવે ઓઘનિર્યુક્તિનું ત્રીજું ''ઉપધિ'' નામે દ્વાર કહે છે –

**● મૂલ-૧૦૦૬ થી ૧૦૨૬ :-**

ઉપકાર કરે તે ઉપધિ કહેવાય છે. તે દ્રવ્યથી શરીરને ઉપકારક છે અને ભાવથી જ્ઞાન-દર્શન-ચારિત્રને ઉપકારક છે.

આ ઉપધિ બે પ્રકારે છે – (૧) ઓઘ ઉપધિ, (૨) ઉપગ્રહ ઉપધિ. આ બંને પણ સંખ્યા પ્રમાણ અને માપ પ્રમાણથી બબ્બે ભેદે છે.

૦ ઓઘ ઉપધિ - નિત્ય ધારણ કરાય તે.

૦ ઉપગ્રહ ઉપધિ - કારણે સંયમના માટે ધારણ કરાય તે.

**૦ જિનકલ્પીની ઓઘ ઉપધિ –** તે ઉત્કૃષ્ટ બાર પ્રકારે કહેલી છે. તે આ પ્રમાણે :- (૧) પાત્રા, (૨) ઝોળી, (૩) નીચેનો ગુચ્છો, (૪) પાત્ર કેસરિકા અર્થાત્ પાત્ર પડિલેહણનું વસ્ત્ર વિશેષ, (૫) પડલાં, (૬) રજસ્ત્રાણ, (૭) ઉપરનો ગુચ્છો, (૮ થી ૧૦) ત્રણ કપડાં, (૧૧) ઓઘો, (૧૨) મુહપત્તિ.

આ બાર ભેદ ઉત્કૃષ્ટથી કહ્યા. બાકી ૧૧, ૧૦, ૯, ૫, ૪, ૩ અને જઘન્યથી બે પ્રકારે પણ હોય છે. બે પ્રકારમાં ઓઘો અને મુહપત્તિ તો અવશ્ય દરેકને હોય જ છે. ત્રણ પ્રકારમાં ઓઘો, મુહપત્તિ અને એક વસ્ત્ર હોય. ચાર પ્રકારમાં ઓઘો, મુહપત્તિ અને બે વસ્ત્ર હોય. પાંચ પ્રકારમાં ઓઘો, મુહપત્તિ અને ત્રણ વસ્ત્ર હોય. નવ પ્રકારમાં ઓઘો, મુહપત્તિ, પાત્ર, ઝોળી, નીચેનો ગુચ્છો, પાત્ર કેસરિકા, પડલાં, રજસ્ત્રાણ અને ઉપરનો ગુચ્છો હોય. દશ પ્રકારની ઉપધિમાં ઉક્ત નવ ઉપધિ ઉપરાંત એક વસ્ત્ર હોય અને અગિયાર પ્રકારની ઉપધિમાં ઉક્ત નવ ઉપધિ ઉપરાંત બે વસ્ત્રો હોય છે. જ્યારે બાર પ્રકારની ઉપધિમાં ઉક્ત બારે હોય છે.

૦ સ્થવિરકલ્પોની ઓઘ ઉપધિ :-

– સાધુ માટે ચૌદ પ્રકારની ઉપધિ હોય છે :- ઉક્ત ૧૨ પ્રકારની ઉપધિ ઉપરાંત (૧૩) માત્રક, (૧૪) ચોલપટ્ટો.

– સાધ્વી માટે પચ્ચીશ પ્રકારે ઉપધિ કહેલી છે કેમકે સાધ્વીને જિનકલ્પ સ્વીકારવાનો હોતો નથી. તે ૨૫-ઉપધિ આ પ્રમાણે :-

પાત્ર, ઝોળી, નીચેનો ગુચ્છો, પાત્રકેસરિકા, પડલાં, રજસ્ત્રાણ, ઉપરનો ગુચ્છો, ત્રણ કપડાં, ઓઘો, મુહપત્તિ, માત્રક એ તેર [તથા]

(૧૪) કમંઢક - વાપરવા માટેનું જુદું પાત્ર. (૧૫) અવગ્રાહનંતક - ગુહ્ય ભાવના રક્ષણ માટે કોમળ અને મજબૂત ન નાવ સમાન વસ્ત્ર. (૧૬) પટ્ટો - શરીર પ્રમાણ કરી બંધ. (૧૭) અદ્ધોરુગ - અર્ધ સાથળ સુધીનું સીવ્યા વિનાનું ચડ્ડી જેવું વસ્ત્ર, (૧૮) ચલણી - જાનું પ્રમાણ સાડો. (૧૯ અને ૨૦) બે નિવસની - અંતર્નિવસની, જે અર્ધ સાથળ સુધી લાંબી હોય અને બહિર્નિવસની - ઘુંટી સુધીની લાંબી હોય.

(૨૧) કંચુક - છાતી ઢાંકવા માટે, (૨૨) ઉપકક્ષિકા - જમણી બાજુથી કંચુક ઢાંકવા માટે, (૨૩) વેકક્ષિકા - ઉક્ત ૨૧,૨૨ને ઢાંકવા માટે.

(૨૪) સંઘાટી ચાર - (૧) બે હાથ પહોળી-ઉપાશ્રય માટે, (૨) ત્રણ હાથ પહોળી-ગૌચરી જવામાં, (૩) ત્રણ હાથ પહોળી - સ્થંડિલ જવામાં, (૪) ચાર હાથ પહોળી-સમવસરણમાં વ્યાખ્યાન ઉભા રહેતાં, માથાથી પગ સુધીના આચ્છાદન માટે.

(૨૫) સ્કંધકરણી - સ્વરૂપસાધ્વીને ખુંધી બનાવવા માટે.

ઉક્ત ઉપધિઓમાં ઉત્તમ, મધ્યમ, જઘન્ય ત્રણ ભેદ છે —

● **મૂલ-૧૦૨૮ થી ૧૦૩૦ :-**

૦ જિનકલ્પીની ઉત્તમાદિ ઉપધિ :- (૧) ઉત્તમ ચાર - ત્રણ વસ્ત્ર અને પાત્ર, (૨) મધ્યમ ચાર - ઝોળી, પડલાં, રજસ્ત્રાણ, ઓઘો, (૩) જઘન્ય ચાર - ગુચ્છો, નીચેનો ગુચ્છો, મુહપત્તિ, પાત્ર કેસરિકા.

૦ સ્થવિર કલ્પીની ઉત્તમાદિ ઉપધિ :- (૧) ઉત્તમચાર - ત્રણ વસ્ત્ર અને પાત્ર, (૨) મધ્યમ છ - પડલાં, રજસ્ત્રાણ, ઝોળી, ચોલપટ્ટો, ઓઘો, માત્રક, (૩) જઘન્ય ચાર - બંને ગુચ્છા, મુહપત્તિ, પાત્ર કેસરિકા.

૦ સાધ્વીની ઉત્તમાદિ ઉપધિ :- (૧) ઉત્તમ આઠ - ચાર સંઘાટિકા, પાત્ર, સ્કંધ કરણી, અંતર્નિવસની, બહિર્નિવસની, (૨) મધ્યમ ઉપધિ તેર ભેદે — ઝોળી, પડલાં, રજસ્ત્રાણ, ઓઘો, માત્રક, અવગ્રહાનંતક, પટ્ટો, ઓદ્ધોરૂક, ચલણી, કંચુક, ઉત્કક્ષિકા, વૈકક્ષિકા, કમઢક. (૩) જઘન્યચાર ભેદે - બંને ગુચ્છા, મુહપત્તિ, પાત્ર કેસરિકા.

● **મૂલ-૧૦૩૧ થી ૧૦૭૬ :-**

**ઓઘ ઉપધિનું પ્રમાણ :-** પાત્ર આદિનું પ્રમાણ ક્રમશઃ બતાવે છે.

**(૧) પાત્ર —** સરખું અને ગોળ હોય, ગોળાઈમાં પોતાની ત્રણ વેંત અને ચાર આંગળ, તેથી ઓછું હોય તો જઘન્ય, વધુ હોય તો ઉત્કૃષ્ટ પ્રમાણ ગણાય અથવા આહાર પ્રમાણ પાત્ર લેવું.

વૈયાવચ્ચ કરનાર આચાર્યએ આપેલું કે પોતાનું નંદી પાત્ર રાખે. નગરનો રોધ કે અટવી ઉતરતાં આદિ કારણે તેનો ઉપયોગ થાય.

પાત્ર મજબૂત, સ્નિગ્ધવર્ણી, બરોબર ગોળ, લક્ષણયુક્ત ગ્રહણ કરવું, બળેલું, છિદ્રવાળું કે વળી ગયેલ પાત્ર ન રાખે. પાત્ર છ કાય જીવની રક્ષાને માટે રાખવાનું હોય છે.

**૦ પાત્રના ગુણ-દોષ -** અવસર પ્રાપ્ત હોવાથી પાત્રના ગુણ-દોષ જણાવતા લક્ષણવાળું, લક્ષણ વિનાનું, તેના લાભો જણાવે છે —

-૦- લક્ષણવંત પાત્ર - ચોતરફ સરખું, ગોળ, મજબૂત, પોતાનું, સ્નિગ્ધ વર્ણવાળું પાત્ર ગ્રહણ કરવું.

-૦- લક્ષણરહિત પાત્ર - ઉંચુ-નીચું, વળી ગયેલું, છિદ્રવાળું, આવા પાત્ર રાખવા નહીં.

-૦- લક્ષણવંત પાત્રના લાભ — (૧) સરખા ગોળ પાત્રથી લાભ થાય, (૨)



મજબૂત પાત્રથી ગચ્છની પ્રતિષ્ઠા થાય. (૩) વ્રણરહિત પાત્રથી કીર્તિ અને આરોગ્ય મળે. (૪) સ્નિગ્ધવર્ણી પાત્રથી જ્ઞાન સંપત્તિ થાય.

-૦- કુલક્ષણ પાત્રથી દોષ — (૧) ઉંચા-નીચા પાત્રથી ચારિત્રનો વિનાશ થાય. (૨) દોષવાળા પાત્રથી ગાંડપણ થાય. (૩) પડઘી વિનાના પાત્રાથી ગચ્છ અને ચારિત્રમાં સ્થિરતા ન રહે, (૪) ખીલા જેવા ઉંચા પાત્રથી પણ પડઘીરહિતવત્ દોષ (૫) કમળ જેવા પહોળા પાત્રથી અકુશળ થાય. (૬) છિદ્રવાળા પાત્રાથી શરીરે ગુમડાં આદિ થાય.

**(૨) ઝોળી -** પાત્ર બંધાય, છેડા ચાર આંગળ વધે તેવી રાખવી.

**(૩ થી ૫) બંને ગુચ્છા અને પાત્ર કેસરિકા -** આ ત્રણે એક વેંત અને ચાર આંગળ રાખવા. બંને ગુચ્છા ઉનના રાખવા અને ઝીણા, સુંવાળા સુતરાઈ કપડાંની પાત્ર કેસરિકા રાખવી.

**(૬) પડલાં -** કોમળ અને મજબૂત રાખવા. ઋતુભેદે ત્રણ, પાંચ કે સાત રાખવા. ભેગાં કરતાં સૂર્યના કિરણો ન દેખાય તેવા, અઢી હાથ લાંબા અને ૩૬-આંગળ પહોળા રાખવા. ઋતુભેદ પ્રમાણે સંખ્યા-ઉનાળે ત્રણ, શિયાળે ચાર, ચોમાસે પાંચ હોય પણ જીર્ણ કે વિશેષ જીર્ણ પડલાં હોય તો એક-એકની સંખ્યા વધારવી. ભિક્ષાર્થે જતાં ફૂલ, પત્ર આદિથી રક્ષણાર્થે પાત્રા ઢાંકવા. તથા લિંગ પણ ઢંકાય તે જોવું.

**(૭) રજસ્ત્રાણ -** રજ આદિથી રક્ષણ માટે પાત્રના પ્રમાણમાં રાખવું.

**(૮ થી ૧૦) ત્રણ વસ્ત્રો -** શરીર પ્રમાણ, ઓઢતાં ખભે રહે, અઢી હાથ પહોળાં, લંબાઈ શરીર પ્રમાણ, બે સુતરાઉ અને એક ઉનનું વસ્ત્ર હોય. ઘાસ, અગ્નિ ન લેવા પડે. ઠંડી આદિથી રક્ષણ થાય તે માટે વસ્ત્ર છે.

**(૧૧) રજોહરણ -** મૂળમાં ઘન, મધ્યમાં સ્થિર, દશી પાસે કોમળ. અંગુઠાના પર્વમાં પાસેની આંગળી મૂકતાં જેટલો ખાડો થાય તેટલી જાડાઈવાળું રજોહરણ રાખવું. મધ્યમાં દોરાથી ત્રણ આંટા મારી બાંધવું. તે કુલ ૩૨-આંગળ લાંબુ હોય. રજોહરણનું પ્રયોજન પૂંજવા - પ્રમાર્જવા માટે છે. તથા સાધુનું ચિહ્ન ગણાય છે.

**(૧૨) મુહપત્તિ -** સુતરાઉ, એક વેંત અને ચાર આંગળની એક અને બીજી ત્રિકોણ કરીને મુખ ઉપર ઢાંકી, પાછળથી ગાંઠ બંધાય, તેટલા પ્રમાણની વસતિ પ્રમાર્જના વખતે બાંધવા માટે હોય. મુહપત્તિનું પ્રયોજન - સંપાતિમ જીવોના રક્ષણ માટે, બોલતી વખતે મુખ આગળ રાખવા, કાજો લેતી વખતે રજ આદિ મુખમાં ન પ્રવેશે માટે બીજી, એમ બે રાખવી.

**(૧૩) માત્રક -** પ્રસ્થ પ્રમાણ. આચાર્ય આદિને પ્રાયોગ્ય લેવાને અથવા ઓદન અને સુપથી ભરેલું, બે ગાઉ ચાલીને આવેલો સાધુ વાપરી શકે તેટલાં પ્રમાણવાળું હોય.

**(૧૪) ચોલપટ્ટ -** સ્થવિર માટે કોમળ, બે હાથ લાંબુ, યુવાન માટે સ્થૂળ ચાર હાથ પ્રમાણ હોય. ગુહ્યેન્દ્રિય ઢાંકવા ચોલપટ્ટો રાખવો.

● **મૂલ-૧૦૭૭ થી ૧૧૧૫ :-**

**ઉપગ્રહ ઉપધિનું પ્રમાણ** - આ પ્રમાણે જણાવે છે :-

**(૧,૨) સંથારો, ઉત્તરપટ્ટો** - જીવ અને ધૂળથી રક્ષણાર્થે અઢી હાથ લાંબો અને એક હાથ ચાર આંગળ પહોળો રાખવો. સંથારા ઉપર ઉત્તરપટ્ટો પાથરવો સંથારો ઉનનો, ઉત્તરપટ્ટો સુતરાઉ રાખવો.

**(૩,૪) ઓઘારીયું, નિસીથિયું** - જીવ રક્ષા માટે ઓઘારીયું ગરમ, નિશીથિયું સુતરાઉ રાખવું. એક હાથ પહોળું, રજોહરણ પ્રમાણ લાંબુ હોય.

ઔપગ્રહિક ઉપધિમાં કામળી અને પડલાં આત્મરક્ષા તથા સંયમ રક્ષાર્થે, ગૌચરી આદિ માટે બહાર જતા હોય તેણે વર્ષાવાસમાં બબ્બે રાખવા [?] વર્ષાકાળે એક જ રાખે તો ભીના થયેલા ઓઢી રાખવાથી બિમારી થાય. અતિ મલીન વસ્ત્રો ઉપર પાણી પડતાં અપ્કાય જીવોની વિરાધના થાય. ગૌચરી આદિ માટે ગયા હોય ત્યાં વરસાદથી ભીના થતાં આવીને બીજી ઉપધિનો ઉપયોગ કરી શકાય. બાકીની ઉપધિ એક જ રાખવી.

વસ્ત્રો શરીર પ્રમાણ કરતાં લાંબા કે ટૂંકા જેવા મળે તેવા ગ્રહણ કરવાં, પણ લાંબા હોય તો ફાડવા નહીં, ટૂંકા હોય તો સાંધવા નહીં.

ઔપગ્રહિક ઉપધિમાં સાધુને દાંડો, યષ્ટિ, વિયષ્ટિ રાખવાની હોય છે. તથા ચર્મ, ચર્મકોશ, ચપ્પું, અસ્ત્રો, નેરણી, યોગપટ્ટક, પડદો વગેરે ગુરુ-આચાર્ય જ રાખે. સાધુ ન રાખે. આ ઓઘ ઉપધિ કહી.

શાસ્ત્રમાં દંડ પાંચ પ્રકારે કહ્યાં છે – (૧) યષ્ટિ - શરીર પ્રમાણ, પડદો બાંધવા માટે. (૨) વિયષ્ટિ - શરીર પ્રમાણથી ચાર આંગળ ન્યૂન - નાસિકા પ્રમાણની. ઉપશ્રાયના દ્વારની આડે રાખવા માટે. (૩) દંડ - ખભા સુધીનો - ઋતુબદ્ધ કાળમાં ઉપાશ્રયની બહાર ભિક્ષાર્થે ભમતાં હોય ત્યારે હાથમાં રાખવા માટે (૪) વિદંડ - કાળ પ્રમાણ, વર્ષાકાળમાં ભિક્ષાર્થે ભમતાં ગ્રહણ કરાય છે. (૫) નાલિકા - પાણીની ઉંડાઈ માપવા માટે શરીર પ્રમાણથી ચાર આંગળ અધિક.

૦ **યષ્ટિના લક્ષણ** - પર્વને આશ્રીને કહે છે, તે આ પ્રમાણે :-

એક પર્વની યષ્ટિ પ્રશંસાવાળી છે, બે પર્વની યષ્ટિ કલહકારી છે, ત્રણ પર્વની યષ્ટિ હોય તો લાભકારી છે, ચાર પર્વની યષ્ટિ મૃત્યુકારી છે, પાંચ પર્વની યષ્ટિ હોય તો શાંતિકારી અને માર્ગમાં કલહ નિવારનારી છે, છ પર્વની યષ્ટિ કષ્ટકારી છે, સાત પર્વની યષ્ટિથી નિરોગી રહે. આઠ પ્રવની યષ્ટિ હોય તો સંપત્તિ દૂર રહે. નવ પર્વની યષ્ટિ યશને કરનારી છે અને દશ પર્વની યષ્ટિ સર્વ રીતે સંપદાકારી છે.

નીચેથી ચાર આંગળ જાડી, ઉપર પકડવાનો ભાગ આઠ આંગળ ઉંચાઈનો રાખવો. દુષ્ટ પશુ, કૂતરા, કાદવ તથા વિષમ સ્થાનથી રક્ષાર્થે યષ્ટિ રખાય છે. તે તપ અને સંયમને પણ વધારે છે. કઈ રીતે ? મોક્ષ પ્રાપ્તિ માટે જ્ઞાન મેળવાય છે, જ્ઞાન માટે શરીર, શરીરના રક્ષણ માટે યષ્ટિ આદિ ઉપકરણો છે.

પાત્ર આદિ જે જ્ઞાન વગેરેના ઉપકાર માટે થાય, તે ઉપકરણ કહેવાય અને





જે જ્ઞાનાદિના ઉપકાર માટે ન થાય તે સર્વે અધિકરણ કહેવાય.

ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણાદિ દોષોથી રહિત તેમજ પ્રગટ જેની પડિલેહણા કરી શકાય એવી ઉપધિ સાધુએ રાખવી જોઈએ.

સંયમની સાધના માટે ઉપધિ રાખવી. પરંતુ તે ઉપધિ ઉપર મૂર્છા ન રાખવી, કેમકે મૂર્છા એ પરિગ્રહ છે.

આત્મ ભાવની વિશુદ્ધિ ધરતો સાધુ વસ્ત્ર, પાત્ર આદિ બાહ્ય ઉપકરણોને સેવતો છતા પણ અપરિગ્રહી છે, એમ ત્રૈલોક્ય દર્શી જિનેશ્વર ભગવંતોએ કહેલું છે.

અહીં કોઈ દિગંબર મતાવલંબી શંકા કરે કે – "ઉપકરણ હોવા છતાં નિર્ગ્રન્થ કહેવાય તો ગૃહસ્થો પણ ઉપકરણ રાખે છે, તેથી ગૃહસ્થોને પણ શું નિર્ગ્રન્થ કહેવા ?

ના, અધ્યાત્મની વિશુદ્ધિથી સાધુ ઉપકરણયુક્ત હોવા છતાં નિર્ગ્રન્થ કહેવાય છે. જો અધ્યાત્મ વિશુદ્ધિ ન માનો તો આખો લોક જીવોથી વ્યાપ્ત છે, તેમાં નગ્ન પણે ફરતાં એવા તમોને પણ હિંસકપણું કેમ ન આવે ? આવશે જ. તેથી તમારે આત્મબાવની વિશુદ્ધિથી જ અહિંસકપણું માનવાનું રહેશે.

તે પ્રમાણે અહીં આત્મભાવ વિશુદ્ધિથી સાધુને નિષ્પરિગ્રહત્વ છે. ગૃહસ્થને એ ભાવ આવી શકતો નથી, માટે તે નિર્ગ્રન્થ ન કહેવાય.

અહિંસકપણું પણ શ્રી જિનેશ્વર ભગવંતો, આત્માની વિશુદ્ધિમાં કહે છે. જેમકે – ઈર્યાસમિતિયુક્ત`વા સાધુના પગ નીચે કદાચ બેઈન્દ્રિયાદિ જીવની વિરાધના થઈ જાય તો પણ મન-વચન-કાયા નિર્દોષ હોવાથી તે નિમિત્તનો સૂક્ષ્મ પણ પાપબંધ તે સાધુને લાગતો નથી. યોગપ્રત્યયિક બંધ તો પહેલા સમયે બંધાય અને બીજા સમયે ભોગવાઈ જાય છે.

જ્યારે પ્રમત્તપુરુષથી જે હિંસા થાય, તેનો હિંસાજન્ય કર્મબંધ તે પુરુષને અવશ્ય થાય છે. ઉપરાંત હિંસા ન થાય તો પણ હિંસાજન્ય પાપકર્મથી તે બંધાય છે, એટલે પ્રમાદી હિંસક જ ગણાય છે.

કહ્યું પણ છે કે – નિશ્ચયથી આત્મા એ જ હિંસક છે અને આત્મા એ જ અહિંસક છે. જે અપ્રમત્ત આત્મા છે તે અહિંસક છે. જે પ્રમત્ત આત્મા છે, તે હિંસક છે.

શ્રી જિનેશ્વર ભગવંતના શાસનમાં પરિણામ એ પ્રધાન વસ્તુ છે. આ ઉપરથી જેઓ બાહ્ય ક્રિયાને છોડી દઈને કેવળ પરિણામનું જ ગ્રહણ કરે છે, તેઓએ ધ્યાનમાં રાખવું કે –

બાહ્ય ક્રિયાની શુદ્ધિ વિના પરિણામની શુદ્ધિ પણ જીવમાં આવી શકતી નથી.

તેથી વ્યવહાર અને નિશ્ચય એ જ મોક્ષનો માર્ગ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**ઉપધિ દ્વારનો સટીક સંક્ષિપ્ત પરીચય પૂર્ણ**

# ❁ દ્વાર-૪-"અનાયતન વર્જન" ❁

-- x -- x -- x -- x -- x -- x --

● **મૂલ-૧૧૧૬ થી ૧૧૩૮ :-**

વિધિપૂર્વક ઉપકરણને ધારણ કરતો સાધુ સર્વદોષ રહિત આયતન એટલે ગુણોના સ્થાનભૂત બને છે. જે અવિધિથી ગૃહીત ઉપધિ આદિ ધારણ કરનાર અનાયતન - ગુણોના અસ્થાનરૂપ થાય છે.

અનાયતન, સાવદ્ય, અશોધિસ્થાન, કુશીલસંસર્ગ આ શબ્દો એકાર્થક છે અને આયતન, નિરવદ્ય, શોધિસ્થાન, સુશીલ સંસર્ગ એકાર્થક છે.

૦ સાધુએ અનાયતનના સ્થાન છોડીને આયતન સ્થાનો સેવવા. આ અનાયતન સ્થાન બે ભેદે છે — (૧) દ્રવ્ય અનાયતન સ્થાન-રૂદ્ર આદિનાં ઘર વગેરે. (૨) ભાવ અનાયતન સ્થાન - લૌકિક અને લોકોત્તર.

લૌકિક ભાવ અનાયતન સ્થાન — વૈશ્યા, દાસી, તિર્યંચો, શાક્યાદિ રહેલા હોય. તથા શ્મશાન, શિકારી, સિપાઈ, ભીલ, માછીમારાદિ હોય તથા લોકમાં દુર્ગંછાપાત્ર નિંદનીય સ્થાન હોય તો તે બધાં કહેવા. આવા સ્થાનોમાં સાધુ-સાધ્વીએ ક્ષણવાર પણ ન રહેવું, ત્યાં સંસર્ગ દોષ લાગે છે.

લોકોત્તર ભાવ અનાયતન સ્થાન - જેમણે દીક્ષા લીધી છે અને સમર્થ હોવા છતાં સંયમ યોગોની હાનિ કરતાં હોય, તેવા સાદુની સાથે ન વસવું, સંસર્ગ પણ ન કરવો. કેમકે લીમડાના મૂળીયા ભેગા થતાં આંબો જેમ મધુરતા ગુમાવે છે, તેમ સારા સાધુના ગુણો પણ સંસર્ગદોષથી નાશ પામે છે અને દુર્ગુણો સંક્રમતા વાર લાગતી નથી.

[શંકા] શું સંસર્ગથી દોષ જ થાય, એવું એકાંત છે. તો પછી શેરડી સાથે રહેલ નલસ્તંભ કેમ મધુર ન થાય ?

[સમાધાન] જગત્‌માં દ્રવ્યો બે પ્રકારના છે (૧) ભાવુક - સંસર્ગમાં આવે તેના જેવા બની જાય. (૨) અભાવુક - સંસર્ગમાં આવવા છતાં જેવા છે તેવા જ રહે. વૈડૂર્ય, મણિ આદિ અભાવુક છે, આમ્રવૃક્ષાદિ ભાવુક છે. જેમ ભાવુક દ્રવ્યમાં તેના સોમા ભાગ પ્રમાણ લવણ આદિ વ્યાપ્ત થાય, તો તે આખું દ્રવ્ય લવણભાવને પામે છે. ચર્મ-કાષ્ઠાદિમાં વ્યાપ્ત લવણ તેનો નાશ કરી દે છે, તેમ કુશીલનો સંસર્ગ ઘણાં સાધુને દૂષિત કરે છે, માટે કુશીલ સંસર્ગ ન કરવો. જ્યાં જ્યાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપઘાત થાય એમ હોય તેવા અનાયતન સ્થાનોનો પાપભીરુ સાધુએ તુરંત ત્યાગ કરવો જોઈએ.

૦ **અનાયતન સ્થાનો** - ત્રણ ગાથામાં કહે છે. તે આ પ્રમાણે છે —

જ્યાં ઘણાં સાધુઓ શ્રદ્ધા સંવેગ વિનાના અનાર્ય હોય, મૂલગુણ અર્થાત્ પ્રાણાતિપાતાદિને સેવતા હોય તેને અનાયતન જાણવો. જ્યાં ઘણાં સાધુ શ્રદ્ધા સંવેગ વિનાના અનાર્ય હોય, ઉત્તરગુણ પિંડવિશુદ્ધિ આદિ દોષો કરતાં હોય તેને અનાયતન



જાણો. તેવા પ્રકારના સાધુઓ બાહ્યથી માત્ર વેશને ધારણ કરે છે, તેમને અનાયતન જાણવા.

૦ **આયતન** - બે ભેદે છે. (૧) દ્રવ્ય આયતન - જિનમંદિર, ઉપાશ્રય આદિ. (૨) ભાવ આયતન - ત્રણ ભેદે છે, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ.

જ્યાં સાધુઓ ઘણાં શીલવાન્ બહુશ્રુત, ચારિત્રાચાર પાલક હોય તેને આયતન જાણો. આવા સાધુ સાથે વસવું જોઈએ.

સારા જનોનો સંસર્ગ એ શીલગુણોથી દરિદ્ર હોય તો પણ શીલ આદિ ગુણવાળો બનાવે છે. જેમ મેરુ પર્વતે ઉગેલ ઘાસ પણ સોનાપણાને પામે છે, તેમ સારા ગુણવાળાનો સંસર્ગ કરવાથી પોતાને પણ તેવા ગુણો પ્રાપ્ત થાય છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અનાયતન વર્જન દ્વારનો સંક્ષિપ્ત પરિચય પૂર્ણ**

# ❁ દ્વાર-૫-પ્રતિસેવના ❁

— x — x — x — x — x —

**● મૂલ-૧૧૩૯ થી ૧૧૪૩ :-**

આયતનનું સેવન કરતાં અર્થાત્ સારા શીલ-જ્ઞાન-ચારિત્રવાળા સાધુઓ સાથે રહેતાં પણ સાધુને કંટક પંથની જેમ કદાચ રાગ-દ્વેષ આવી જાય અને તેથી વિશુદ્ધ આચરણ થઈ જાય તે આ પ્રમાણે છે –

**૦ મૂલગુણમાં છ પ્રકારે –** પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજન સંબંધી કોઈ દોષ લાગે.

**૦ ઉત્તરગુણમાં ત્રણ પ્રકારે –** ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણા સંબંધી કોઈ દોષો લાગી જાય. તે પ્રતિસેવન - દોષોનું સેવવું તે કહેવાય.

**૦ એકાર્થિક નામો –** પ્રતિસેવના, મલિન, ભંગ, વિરાધના, સ્ખલના, ઉપઘાત, અશુદ્ધ અને શબલીકરણ.

**૦ પ્રતિસેવનાથી બચવાના માર્ગો –** ક્ષમાશીલ, ઉપશાંત, દાંત બનવું. બાહ્ય વિષયોમાં દોષનું દર્શન કરવું. જિતેન્દ્રિય બને - ઈન્દ્રિયોને આંતરમાં દોરે અર્થાત્ વિષયને ન સેવવામાં તૃપ્તિવાળા, નિસ્પૃહી, સત્યભાષી, ત્રિવિધે છ કાય જીવ હિંસાથી અટકવું. મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિને રોકવી. સ્ત્રી કથા અને સ્ત્રી સંસર્ગથી દૂર રહેવું. સ્ત્રીના અંગોપાંગ ન નીરખવા. ઉપાંગ એટલે અંગૂઠો પણ ન જોવે.

જેમ સતી, તેના ૧૦૦ વર્ષના આયુમાં એક પણ વખત શીલનો ભંગ થવા ન દે, તેમ સાધુ જીવનપર્યન્ત એકપણ વખત શીલનો ભંગ ન થવા દે. એટલે કે સાધુને માટેની અયોગ્ય પ્રવૃત્તિનું લેશમાત્ર સ્થાન સાધુ જીવનમાં ન હોય. તે સમજતો જ હોય કે "આ આપણી દિશા જ નથી." સાધુ વિચારે કે – આપણે ઉચ્ચ-કુલીન છીએ. આપણા શરીર કે મનને આ શોભે જ નહીં. આવા વિચારવાળા સાધુની આંખ સ્ત્રીની સામે ઉંચી પણ ન થાય અને આ પાપ છૂટે ત્યારે જ ઉચ્ચ તત્ત્વોની રમણતા અંતરમાં ચાલે, પણ જો ઈન્દ્રિયના વિષયો મગજમાં રમતા હોય તો પરમતત્ત્વના વિચારો મગજમાં રમી ન શકે.

વળી સાધુ સ્વ શરીરમાં પણ નિર્મમત્વ ભાવવાળા હોય છે એટલું જ નહીં પણ દ્રવ્ય, ક્ષેત્રાદિથી પણ અપ્રતિબદ્ધ હોય. પ્રતિબંધ આ રીતે –

**૦ દ્રવ્ય પ્રતિબંધ :-** મારે તો આવું દ્રવ્ય હોય તો જ ચાલે. વસ્ત્ર-પાત્ર-આહાર મારો મન માનેલ ન હોય તો ન જ ચાલે. ઈત્યાદિ દ્રવ્ય પ્રતિબંધ છે. ગર્ભવાસ અને ભવ ભ્રમણાથી ભય પામેલા આત્માએ આવા દ્રવ્ય પ્રતિબંધથી રહિત બનવું જોઈએ.

**૦ ક્ષેત્ર પ્રતિબંધ :-** મારે તો આવી જ વસતિ જોઈએ. અભ્યાસ તો અમુક સ્થાનમાં જ થઈ શકે. વિહાર તો મારાથી આટલો જ થાય અથવા અમુક રાજ્યમાં જ ફાવે, તો આ ક્ષેત્ર પ્રતિબંધ છે, તે પણ ન રાખવો.

**૦ કાળ પ્રતિબંધ :-** મારાથી તો સાંજનો જ વિહાર થઈ શકે કે શિયાળામાં



જ વિહાર થાય. અમુક કાળે તો ગૌચરી જોઈએ જ. અમુક કાળ તો નિદ્રા જોઈએ જ આ કાળ પ્રતિબંધ છે, આવો પ્રતિબંધ ન રાખવો.

**૦ ભાવ પ્રતિબંધ :-** મને તો ખામોશ સાધુ સાથે જ ફાવે. કલહકારી સાધુ તો ન જ ચાલે. ગુરુ મહારાજ તો અમુક પ્રકારના જ જોઈએ. વારંવાર કચકચ કરે તો ન ફાવે અથવા ગુરુ વિચારે કે શિષ્ય વિનિત જ જોઈએ, સામે જવાબ આપે તેવા ન જોઈએ ઈત્યાદિ. તો આવા બધાં ભાવ પ્રતિબંધ કહેવાય. આવો પ્રતિબંધ આત્માને વિરાધક ભાવમાં લઈ જાય.

પ્રતિબંધ એટલે આસક્તિ, માનસિક પરાધીનતા.

**● પ્રતિબંધોથી બચવા સાધુ કેવી વિચારણા કરે ? તે કહે છે –**

(૧) જે દ્રવ્ય-ક્ષેત્રાદિ પ્રતિબંધ મારા આત્માને ગળિયો બનાવે છે, જેનું રટણ માનસમાં ઉલ્કાપાત મચાવે છે, તેની ઝંખના શું કરવી ? જેમની પાસે આવો પુન્યોદય નથી, જેમની પાસે દ્રવ્ય-ક્ષેત્રાદિ તેવા અનુકૂળ સંયોગો નથી, તો કેવી રીતે ચલાવે છે ?

જેઓ નારકીમાં પરાધીનતા સેવે છે, તેવો જીવો પરમાધામીના ઘમાં મારઝૂડને સહે છે, નરકના ભૂમિગત દુઃખોને સહે છે, ક્ષણવાર પણ સુખ પામતા નથી, તો પણ ચલાવવું જ પડે છે ને ?

વળી તિર્યંચગતિમાં જે પરાધીનતા અને પ્રતિકૂળતા છે, તેને વિચારે. તો આહાર-પાણી, શીત-ઉષ્ણાદિ પરિતાપો બધું જ સહેવું પડે છે તેની સામે મારે શું પ્રતિકૂળતા છે કે શો ત્રાસ છે ?

(૨) આત્મામાં જ્ઞાનાદિ ગુણોની સ્થિરતા અને ગુણસ્થાનકનું આરોહણ ઈત્યાદિ સમભાવે સહેવાથી આવશે કે મન ધાર્યુ કરવાથી આવશે ? આ પ્રમાણે વિચારતા દ્રવ્ય-ક્ષેત્રાદિની પ્રતિકૂળતા પણ સંયમ પોષક લાગશે. ચાલો, કર્મ ખપાવવાનો અવસર મળ્યો, સારું થયું.

(૩) કર્મની નિર્જરા અનુકૂળતાઓ વધાવી લેવામાં નથી, પણ પ્રતિકૂળતાઓ વધાવી લેવામાં છે.

(૪) ધર્મીની કસોટી પણ પ્રતિકૂળતા સહેવામાં છે, તેથી જેવા દ્રવ્યાદિ પ્રાપ્ત થયા હોય તેને યોગ્ય માને.

(૫) મારે સાધના શેની કરવાની છે ? આ દ્રવ્ય - ક્ષેત્રાદિની અનુકૂળતા મેળવવાની કે મોક્ષની ? અહોનિશ શાસ્ત્ર ચિંતવવા કે આનુકૂલ્ય ?

(૬) ઉક્ત દ્રવ્યાદિની અનુકૂળતાની વિચારણા, અધ્યાત્મ ચિંતન કે તત્ત્વ વિચારણા છોડાવી જડપુદ્‌ગલની ગડમથલમાં પાડે છે.

**૦ અસંયમ -** પાપ છે, તે અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે :- હિંસાદિ પાપ, શબ્દાદિ વિષયો, ઈન્દ્રિયોની પરવશતા, કષાયોની પરવશતા, મન-વચન-કાયાનો દંડ ઈત્યાદિ છે.

-૦- હિંસા-પૃથ્વી આદિ છ માં થાય.

-૦- મૃષા - પારમાર્થિક અને સર્વોત્તમ જે પરમાર્થ મોક્ષ, તેની સાથે સંબંધ રાખનાર તાત્ત્વિક ધર્મનો ઉપદેશ છોડીને મૃષાવાદ કરવો.

-૦- ચોરી - ઉદ્‌ગમ, ઉત્પાદના, એષણા અને માંડલીના દોષયુક્ત ગૌચરી વાપરે તે ચોરી છે. તે રીતે ઉપધિ, ઉપકરણાદિ અશુદ્ધ વાપરે તે પણ ચોરી છે. તીર્થંકર આજ્ઞા વિરુદ્ધ વર્તતા તીર્થંકર અદત્ત લાગે. એ રીતે સ્વામી અદત્ત, જીવ અદત્ત, ગુરુ અદત્ત પણ સમજવું.

-૦- મૈથુન - માત્ર મનથી પણ દિવ્ય કામ રતિના સુખને કે ઔદારિક રતિ સુખને ચિંતવે તેને અબ્રહ્મચારી માનવો. કદાચ અબ્રહ્મ ન સેવે તો પણ સ્ત્રી કથા કરે, સ્ત્રીની વસતિમાં રહે. એ રીતે બ્રહ્મચર્યની વાડ વિરાધી. સરાગદૃષ્ટિ કરે તો પણ બ્રહ્મચર્ય ભંજક છે.

-૦- પરિગ્રહ - સંખ્યા અને પ્રમાણથી વધારે એવું જે ધર્મોપકરણ તે પરિગ્રહ પાપ છે. આગળ વધીને કહીએ તો મૂર્છા જ પરિગ્રહ છે.

અપ્રશસ્તયોગોનું આચરણ તે હિંસા, થોડો પણ આરંભ તે હિંસા.

કષાય કે ક્રુરભાવથી કલુષિત વાણી અને સાવધ વચન - મૃષાવાદ.

એક તણખલું પણ માલિકની રજા વિના લે તે ચોરી.

હસ્તકર્મ, શબ્દાદિ વિષયમાં આસક્તિ હોવી તે મૈથુન.

જ્યાં મૂર્છા, લોભ, કાંક્ષા, મમત્વ હોય તે પરિગ્રહ.

ઉણોદરી ન રાખે અને આકંઠ વાપરે તે રાત્રિ ભોજન.

-૦- શબ્દાદિ વિષયો - ઈષ્ટ હોય કે અનિષ્ટ, પરંતુ તેના ઉપર ન રાગ કરવો કે ન દ્વેષ ન કરવો. રાગદ્વેષથી આત્માને કર્મબંધ થાય.

-૦- કષાયો - ક્રોધ, માન, માયા, લોભથી કર્મ બંધાય છે.

-૦- યોગો - મન, વચન, કાયાનો ખોટો પ્રયોગ, તેથી કર્મ બંધાય.

-૦- પ્રતિસેવના - ચારિત્ર પાલનમાં જે-જે વિરુદ્ધ આચરણ થાય તે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિસેવના દ્વારનો સટીક સંક્ષેપ પરિચય પૂર્ણ**



# દ્વાર-૬-"આલોચના"

-- x -- x -- x -- x -- x --

*૦ [આ દ્વારનો અહીં તો અતિ સંક્ષેપ જ રજૂ કરેલ છે, પણ જિજ્ઞાસુ, ભવભીરુ, આત્માર્થી, મોક્ષાર્થી કે સંયમના ખપી સાધુ-સાધ્વીને નમ્ર પ્રાર્થના છે કે મૂળ નિર્યુક્તિ પાઠ-ટીકા સહિત ખાસ વાંચવો - સમજવો - ચિંતવવો]*

૦ આલોચના બે ભેદે છે - મૂળગુણ સંબંધી, ઉત્તરગુણ સંબંધી. આ બંને આલોચના સાધુ, સાધ્વી વર્ગમાં ચાર કાનવાળી કહી છે. કેવી રીતે ?

સાધુમાં એક આચાર્ય અને બીજા આલોચના કરનાર સાધુ. એ બંનેના થઈને ચાર કાન થશે. એ પ્રમાણે સાધ્વીમાં પણ એક પ્રવર્તિની અને બીજી સાધ્વી એમ બંનેના થઈને ચાર કાનો થશે.

તેઓ આચાર્ય પાસે મૂલગુણ અને ઉત્તરગુણની આલોચના કરે. એ રીતે બંનેની મળીને આઠ કાનવાળા આલોચના થાય છે.

આચાર્ય વૃદ્ધ હોય તો છ કાનવાળી આલોચના પણ થાય.

સાધ્વીજીએ આચાર્ય પાસે આલોચના લેતી વખતે સાથે બીજા સાધ્વી અવશ્ય રાખવા, પણ એકલા સાધ્વીએ કદી આલોચના ન કરવી.

૦ ઉત્સર્ગ માર્ગે આલોચના આચાર્ય ભગવંત પાસે જ કરવી જોઈએ. જો આચાર્ય ભગવંત ન હોય તો –

– બીજા દેશ કે ગામમાં તપાસ કરીને આચાર્ય પાસે આલોચના કરે.

– આચાર્ય મહારાજ ન હોય તો ગીતાર્થ પાસે આલોચના કરવી.

– ગીતાર્થ પણ ન મળે તો યાવત્ છેલ્લે સિદ્ધ ભગવંતની સાક્ષીએ પણ અવશ્ય આલોચના કરી આત્મશુદ્ધિ કરવી.

આચાર્ય જે રીતે આલોચના આપે તેને તે રીતે પૂર્ણ કરવી જોઈએ.

૦ **આલોચનાના એકાર્થિક નામો** – આલોચના, વિકટના, શુદ્ધિ, સદ્‌ભાવદાપના, નિંદા, ગર્હા, વિકુટ્ટણં, સલ્લુદ્ધરણ.

૦ **શલ્ય** – બે પ્રકારના છે, (૧) સૂક્ષ્મ અને બાદર. - તે બંને પણ ત્રણ ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે – (૧) ઘોર (૨) ઉગ્રઘોર, (૩) ઉગ્રતરઘોર.

(૧) ઘોર - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન માયા.

(૨) ઉગ્રઘોર - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, સંજ્વલની માનયુક્ત માયા.

(૩) ઉગ્રતરઘોર - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલની ચારેથી ક્રોધ-લોભ અને માનયુક્ત એવી માયા.

૦ સૂક્ષ્મ કે બાદર કોઈ પણ શલ્ય હોય, તો તેનો તત્કાળ અને જલ્દી ઉદ્ધાર કરવો જોઈએ. તે વિશે શ્રી મહાનિશીથ સૂત્રમાં જોવું.

૦ ક્ષણવાર પણ શલ્ય સહિત ન રહેવું જોઈએ.

– જેમ નાના સાપોલીયાની ઉપેક્ષા પણ ઝેર ફેલાવી શકે છે.

– જેમ નાનો અગ્નિનો કણીયો પણ જો બુઝાવવામાં ન આવે તો થોડીવારમાં

ભડકો થઈ નગરને પણ બાળી દેવા સમર્થ ચે.

— અલ્પ પણ વ્યાધિ સમગ્ર શરીરને રોગાતંકમય કરી શકે છે.

એ પ્રમાણે નાનું પણ શલ્ય જો સેવ્યું હોય અને તેનો તત્કાળ ઉદ્ધાર ન કરેલ હોય તો કરોડો ભવ ભવાંતરમાં સંતાપનું સ્થાન બને છે.

ગુરુ ગૌતમસ્વામી ભગવંતને પૂછે છે કે —

ભગવન્ ! આ જે પાપશલ્ય છે, તે ઉદ્ધરવા અત્યંત મુશ્કેલ છે, સુદુરુદ્ધર છે. કેમકે ઘણાં લોકો એવા છે કે — "પોતાના ધારેલા ઘોર તપથી પોતે શલ્યને ઉદ્ધર્યું માનતા હોવા છતાં જાણી શકતા નથી કે હજું શલ્ય ઉદ્ધરાયું છે કે નથી - - -

- - - અર્થાત્ પોતે શલ્ય સેવન કર્યા પછી પોતાની કલ્પના વડે તેનું પ્રાયશ્ચિત્ત કરી લે. - - - અથવા - - -

તેનું જે પ્રાયશ્ચિત્ત હોય તેનાથી દશગણું પ્રાયશ્ચિત્ત કરે.

પરંતુ આ પ્રમાણે વાસ્તવિક રીતે શલ્યોદ્ધાર થતો નથી. કેમકે તેણે વિધિપૂર્વક ગુરુ સમક્ષ પ્રગટ કરેલ નથી. આ કારણે હે ભગવન્ ! તે શલ્યોદ્ધાર ઘણો દુષ્કર છે, તે કથન યોગ્ય છે ?

હે ગૌતમ ! જે શલ્ય ભવાંતરમાં સર્વે અંગોપાંગોને ભેદી નાખે તેવા અત્યંત દુષ્કર પણ શબ્દનો ઉદ્ધાર કરવો હોય તો તેનો પણ માર્ગ કહેલો જ છે. શાસ્ત્રોક્ત માર્ગે તે શલ્યોદ્ધાર થઈ શકે છે — તે કેવી રીતે ? કયો માર્ગ છે ?

**૦ શલ્યોદ્ધારનો ઉપાય —**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર. આ ત્રમેનું એકીકરણ તે શલ્યના ઉદ્ધરણનો ઉપાય છે.

૦ દૃષ્ટાંત દ્વારા આ વાતને સમજવતા કહે છે — જેમ કોઈ ક્ષત્રિય યોદ્ધો હોય, તે લડાઈમાં જાય, લડાઈ જીતી જાય, પરંતુ લડાઈમાં તીક્ષ્ણ બાણોના ઘા વાગ્યા હોય. તેમાં કોઈ કોઈ બાણ ઝેરી પણ હોય, તેના શલ્યો શરીરમાં ગૂઢ બની ગયા હોય, વળી કેટલાંક શલ્યો છૂપાઈ ગયાં હોય, કેટલાંક બહાર દેખાતાં હોય, ત્યારે કેટલાંક શલ્યો હાડકામાં પ્રવેશી ગયા હોય, કેટલાંક શલ્યો શરીરના છેક અંદરના ભાગમાં પ્રવેશી ગયેલા પણ હોય, તેવું બની શકે છે.

તે ક્ષત્રિય છે, જીતેલો પણ છે, પરંતુ અંદરના શલ્યોનું શું ?

તે પ્રમાણે સાધુ સંસાર ઉપર વિજય મેળવી લે. પરંતુ જે શલ્યો અંદર પ્રવેશી ગયા છે, તેનું શું ? દૃષ્ટાંતમાંના ક્ષત્રિયને જે શલ્યો બહાર છે, તે શલ્ય તરીકેની ગરજ સારતાં નથી. પણ જે અંદર છે, તેનો નિર્મૂળ ઉદ્ધાર કરવો પડે છે. તેવી જ રીતે સાધુને શલ્યોદ્ધાર કરવા માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રને એકમેક કરતાં શલ્યોદ્ધાર થાય.

નિષ્કર્ષ :- શલ્ય એટલે છુપાવેલ પાપકર્મ. જેનું પ્રાયશ્ચિત્ત લેવાનું મન થતું નથી અથવા માત્ર બચાવ કરતો સાધુ કહે કે — "આમાં કંઈ વિશેષ પાપ જેવું છે નહીં.



સામાન્યથી કષાયો અને સંજ્ઞાઓ, તેની લાગણીઓ, વિષયોનો પક્ષપાત વગેરે જે હૃદયમાં ઘર કરી ગયા હોય છે, તેનાથી કેટલાંકનો મન બગાડવાનો સ્વભાવ હોય છે. કેટલાંકની વૃત્તિઓ જ પાપી રહ્યા કરતી હોય છે. જે ત્યાગ અને વૈરાગ્યની વૃત્તિ સાધુમાં રહેવી જોઈએ, તે રહેતી નથી, આ બધાં શલ્યો આત્મ સ્વભાવમાં ઘર કરી ગયા છે, તેનો ઉદ્ધાર કરવાનો છે, તે શલ્યોદ્ધારનો ભગવંતે [એક] ઉપાય બતાવેલ છે, તે છે - સમ્યગ્ એવા દર્શન, જ્ઞાન, ચારિત્રને એકીભૂત કરી દેવાં.

**૦ શલ્ય એટલે શું ?**

પ્રચ્છન્ન પાપોની વિધિપૂર્વક આલોચના, પ્રાયશ્ચિત્ત ન કરવું તે. તેવું જ બીજું મહાશલ્ય આપણી સ્વભાવગત બની ચૂકેલી કેટલીક મોટી ભાવનાઓ, પાપવૃત્તિઓ અને અન્યતમ કષાયો છે. જેમકે - પ્રત્યેક વાતમાં કંઈક વાંકુ પડવું. કોઈક પણ સારી વસ્તુ જોઈ કે તેમાં લોભાઈ જવું. જેમાં કંઈ જ લેવા-દેવાનું ન હોય, તો પણ સહેજે આકર્ષાઈ જાય. આવા જે કોઈ પણ શલ્યો છે, તેનો ઉદ્ધાર કરવાનો છે, તેના માટે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રનું એકીકરણ જોઈએ.

૦ મદના આઠ સ્થાનો પણ શલ્યને કોઈને કોઈ રીતે આત્મામાં સુરક્ષિત રાખે છે, પણ શલ્યોદ્ધાર થવા દેતા નથી.

**૦ મદના આઠ સ્થાનો કયા છે ? - તે કઈ રીતે શલ્યરૂપ બને છે ?**

મદના આઠ સ્થાનો તે (૧) કુળ, (૨) જાતિ, (૩) રૂપ, (૪) બળ, (૫) લાભ, (૬) તપ, (૭) ઐશ્વર્ય અને (૮) જ્ઞાન એ સુપ્રસિદ્ધ છે.

અહીં આ આઠ સ્થાનો વડે શલ્ય કઈ રીતે પ્રવેશે તે જણાવે છે —

**[૧,૨] કુળમદ અને જાતિમદ :-** આત્મા વિચારે કે લોકો મને ઉચ્ચ જાતિમાં અને ઉચ્ચ કુળમાં જન્મેલા તરીકે જાણે છે, ઓળખાવે છે અને જો હું મારા આ ગુપ્ત પાપકાર્યોને જાહેર કરી દઈશ, તો લોકો મારા વિશે શું ધારશે ? અરેરે ! ઉચ્ચકુળ અને ઉચ્ચ જાતિમાં જન્મેલો અને આવો પાપી ?

**[૩] રૂપમદ :-** પોતાના રૂપનો મદ હોય, તેથી મનમાં આવું શલ્ય રહે કે — આલોચના કરીશ તો શક્ય છે કે મને પ્રાયશ્ચિત્તમાં ઘણાં આયંબિલ, નીપિ વગેરે આપશે. તે આયંબિલાદિ કરવાથી મારું આવું સુંદર રૂપ છે તે ક્યાંક ખરાબ કે કુરુપપણે પરિણમશે.

**[૪] બળમદ :-** પોતાના બળનો મદ કરતો સાધુ હોય, તો મનમાં એવું શલ્ય રાખશે કે — "જો તને છ માસી તપ રૂપ પ્રાયશ્ચિત્ત આવશે." તો મારું શરીર સૂકાઈ જશે અને આ બધું બળ ખતમ થઈ જશે.

**[૫] લાભમદ :-** જો કોઈ સાધુને લાંભાતરાયનો ઘણો જ ક્ષયોપશમ થયેલો હોય, જ્યાં જાય ત્યાં જે જોઈએ તે મળી રહેતું હોય ત્યારે તેને એવો મદ થશે કે — જુઓ મારે લીધે આ સમુદાય સુખેથી નભે છે. હું આવો લબ્ધિવાન્ છું. જો હવે હું આલોચના કરું અને મારા પ્રચ્છન્ન પાપો - દોષોને જાહેર કરીશ તો લોકો મારે વિશે શું ધારશે ?

**[૬] તપમદ :-** તપસ્વી હોય, પોતે તપસ્વી છે તેવા અભિમાનમાં રાચતો હોય, ત્યારે તે એવું વિચારશે કે મારે તો તપથી જ શુદ્ધિ છે માટે વળી આલોચના કે પ્રાયશ્ચિત્તની શી જરૂર છે ?

**[૭] ઐશ્વર્યમદ :-** મારે આટલા શિષ્યો છે, આવો મારો ભક્તવર્ગ છે, આવી પુન્યાઈ છે, એવા પ્રકારના ઐશ્વર્યના અભિમાનમાં રાચતો સાધુ મનમાં શલ્યવાળો થશે કે હવે મારાથી આલોચના કરાય જ કેમ ?

**[૮] જ્ઞાનમદ :-** જે જ્ઞાની છે, જ્ઞાનનું અભિમાન છે, તે તો એવું જ વિચારવાનો કે – મને તો ખબર જ છે કે – કયા દોષનું શું પ્રાયશ્ચિત્ત આવે છે ? હું મારી મેળે જ મારું પ્રાયશ્ચિત્ત કરી લઈશ.

આ પ્રમાણે આઠે પ્રકારના મદો અંતરને શુદ્ધ થવા દેતા નથી. વળી આ મદ મોટા સાધુને કે મહા સામર્થ્યવાળાને જ થાય છે, તેવું પણ નથી, નાના સાધુને કે અલ્પ ઋદ્ધિવાન્‌ને પણ મદ થઈ શકે છે.

ક્યારેક શલ્યવાન્ આત્મા એવું પણ વિચારે છે કે – જો હું હવે આલોચના કરું અને કદાચ આલોચના દેનારની દૃષ્ટિમાં હું ખરાબ દેખાઈશ તો ? પરંતુ આ માન્યતા ખોટી છે. કેમકે ગીતાર્થ મહાપુરુષો તો સાગરની જેમ ગંભીર હૃદયી અને ખૂબ ઉદાત્ત હોય છે.

વળી સાધુ એવું પણ વિચારે કે – જો હું અંતરની મલિન વૃત્તિઓ, કષાય કે વિષયનાં આકર્ષણોની આલોચના ન કરું તો બીજાઓ મારા વિશે ધારી લેશે કે – “આ સાધુ નિરતિચાર ચારિત્ર પાળનાર છે.” આવા ભ્રમમાં રાચતો તે શલ્યાંકિત થઈ આલોચના કરે. તો આ પણ ખોટી માન્યતા છે. કેમકે આત્મોન્નતિ કોઈના પ્રમાણ પત્રથી નહીં પણ આપણી નિર્મળતા અને શુદ્ધિને આધારે જ થાય છે.

જો શલ્ય રાખીને સાધુ આરાધના કરે તો કરોડો વર્ષોનો કરેલો તપ પણ નકામો થઈ જશે. માટે સંપૂર્ણપણે નિઃશલ્ય થઈ આલોચના કરવી. કશું જ ન છૂપાવી, અતિ લઘુરૂપ થઈ આલોચવું જોઈએ.

**૦ કેવળજ્ઞાન પામેલાની ભાવના ભાવે –** સાધુને ઉપદેશ આપતાં અહીં ભગવંત કહે છે – “જે ભાવોથી આલોચતા કેવળી થાય તેને સાંભળો –

(૧) સંવેગથી આલોચના કરતાં કરતાં કેવલી થાય.

(૨) હમણાં જ હું ગુરુ ભગવંત પાસે જઈને મારું જ બધું દુષ્કૃત કહી દઉં. એમ વિચારીને એક ડગલું માંડતા કેવલી થાય.

(૩) કોઈ ગુરુ ભગવંત પાસે જઈને મોં ખોલે ત્યાં જ કેવલી થાય.

(૪) કોઈ ગુરુ મુખે પ્રાયશ્ચિત્ત સાંભળતા-સાંભળતા જ કેવલી થાય.

(૫) કોઈ પ્રાયશ્ચિત્ત ગ્રહણ બાદ મહા વૈરાગ્યોર્મિ જાગતાં અથવા આલોચના પૂર્વેના ઉત્કટ વૈરાગ્યથી કેવલી બને.

(૬) કેટલાંક આલોચના કરીને પછી કેવલી થાય.

(૭) કેટલાંક - “હું પાપાત્મા છું’ એટલો વિચાર કરતાં કેવળી થાય. જેમકે – ઝાંઝરીયા મુનિના ઘાતક રાજા કેવલી થયા.



(૮) કેટલાંકને થાય કે – “અરેરે ! “હું જ્ઞાનીની આજ્ઞા વિરુદ્ધ ચાલ્યો”. તેના પશ્ચાત્તાપમાં કેવલી થાય.

(૯) હું સાવદ્ય યોગ જરા પણ નહીં સેવું, એમ વિચારતા કેવલી થાય.

(૧૦) “હું મારા તપ-સંયમ-વ્રતની રક્ષા કરું” એવું વિચારતા કેવલી.

(૧૧) પોતાનાથી થયેલા પાપોની નિંદા-ગર્હા કરતાં કેવલી થાય.

(૧૨) કોટીપૂરક તપ વડે લગાતાર પ્રાયશ્ચિત્તને વહન કરું અને મારા શીલને સર્વથા રક્ષું - એમ વિચારી કેવલી થાય.

(૧૩) “શરીર અને વસ્ત્રાદિનું કંઈ જ પરિકર્મ ન કરું” એવી નિષ્પરિકર્મા બનીને ભાવનામાં આરૂઢ થતાં કેવલી થાય.

(૧૪) આહટ્ટ-દોહટ્ટથી પાપબંધ થાય, માટે મૌન રહું એવા પ્રકારની ભાવના ભાવતા કેવલી થાય.

(૧૫) સંયમને દુરારાધ્ય જાણી, દીર્ઘકાળ પાળવાની તૈયારીના અભાવે અનશન કરી લઉં - એવી ભાવનાથી કેવલી થાય.

(૧૬) સ્વ દુષ્કૃત્યો જોઈ – “મારું શું થશે ?” એવી નિત્ય આલોચના કરતાં માત્ર નવકાર ગણતાં કેવલી થાય છે.

(૧૭) શલ્ય રહિત થયા પછી કેવલી બને.

(૧૮) શલ્યોદ્ધાર કરતાં-કરતાં કેવળી બને.

(૧૯) આવી શલ્યોદ્ધારની સામગ્રી મળતાં પોતાની જાતને ધન્ય માનતો માત્ર અનુમોદનાથી કેવળી થાય.

(૨૦) હવે સશલ્ય અવસ્થામાં રહેવું નથી, હું કેમ સંપૂર્ણ જ્ઞાનવાળો, ઉન્નતિવાળો અને દોષરહિત ન બનું ? એમ વિચારતા કેવલી થાય.

(૨૧) ગુરુ મુખે પ્રાયશ્ચિત્ત કથન સાંભળતો જ કેવલી થાય.

(૨૨) અનિત્યભાવના ભાવતો કેવલી થાય.

(૨૩) આલોચના, નિંદાદિ કરી, દુષ્કર પ્રાયશ્ચિત્તથી કેવલી થાય.

(૨૪) પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી એક હાથ પાછો ફરે ત્યાં કેવલી થાય.

(૨૫) પ્રાયશ્ચિત્ત લઈને આસને જાય ત્યાં કેવલી થાય.

(૨૬) આઠ કવળનું પ્રાયશ્ચિત્ત કરતો કરતો કેવલી થાય.

(૨૭) કેટલાંકને દાણાનું પ્રાયશ્ચિત્ત આપે, તે સાંભળતા કેવલી થાય.

(૨૮) પ્રાયશ્ચિત્ત વહનનો આરંભ કરે ત્યાં કેવલી થાય.

(૨૯) પ્રાયશ્ચિત્ત વહન કરવામાં કાળમાં કેવલી થાય.

(૩૦) પ્રાયશ્ચિત્ત સમાપ્તિ કરતાં કેવલી થાય.

(૩૧) સ્વશુદ્ધિ થતી નથી, કોઈ પ્રાયશ્ચિત્ત દાતા નથી, તેમ ભાવતા કેવલી.

(૩૨) એકે પ્રાયશ્ચિત્ત વહ્યું નથી, બીજો વહે છે ત્યાં કેવળી બને.

(૩૩) આત્મા નિઃશલ્ય બને તેવું પ્રાયશ્ચિત્ત વહું તેમ ભાવાતા કેવલી.

(૩૪) તે-તે શલ્યોને હું રોકું એવી ભાવના કરતાં કેવલી.

(૩૫) હું કેવું પ્રાયશ્ચિત્ત કરું એવી ઉગ્ર ભાવનાથી કેવલી.

(૩૬) જિનાજ્ઞા ભંગ કરતાં પ્રાણત્યાગ સારો-વિચારતા કેવલી.

(૩૭) શરીર તો બીજું મળશે, પણ બોધિ નહીં મળે - વિચારતા કેવલી.

(૩૮) શરીર સમર્થ છે, તો પાપોને બાળી નાંખુ - વિચારતા કેવલી.

(૩૯) અનાદિ પાપમલને ધોઈ નાંખુ - એમ વિચારતા કેવલી.

(૪૦) પ્રમાદાચારણ નહીં જ કરું એમ વિચારતા કેવલી.

(૪૧) દેહની ક્ષણિકતા વિચારતા કર્મનિર્જરાથી કેવલી થાય.

(૪૨) ''શરીર ધારણ કરવાનો સાર-નિષ્કલંક સમય છે'' એવી ભાવના ભાવતો-ભાવતો કેવલી થાય.

(૪૩) મનથી પણ શીલને ન ખંડુ, ખંડિત થાય તો પ્રાણને ધારણ કરીશ નહીં - એવી ભાવના ભાવતો કેવલી થાય.

અનાદિકાળમાં આવી રીતે અનંતા કેવલી થયા છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ
આલોચના દ્વારનો સટીક સંક્ષેપ પરિચય પૂર્ણ



# દ્વાર-૭-''વિશુદ્ધિ''

-- x -- x -- x -- x --

૦ આલોચના દ્વાર કહીને હવે વિશુદ્ધિ દ્વાર કહે છે –

**● મૂલ-૧૧૪૬ થી ૧૧૫૩ :-**

ધીરપુરુષોએ, જ્ઞાની ભગવંતોએ શલ્યોદ્ધાર કરવાનું ફરમાવેલ છે, તે જાણીને સુવિહિત લોકો તેનું આચરણ કરીને પોતાના આત્માની શુદ્ધિ કરે છે. આવી શુદ્ધિ બે ભેદે છે – (૧) દ્રવ્યથી, (૨) ભાવથી.

**(૧) દ્રવ્યશુદ્ધિ** - વસ્ત્ર આદિને ચોખ્ખા કરવા તે.

**(૨) ભાવશુદ્ધિ** - મૂલ ગુણ અને ઉત્તર ગુણોમાં જે દોષો લાગ્યા હોય તેની આલોચના પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરવી.

જાતિ, કુળ, બળ, રૂપાદિ છત્રીશ ગુણોથી યુક્ત એવા આચાર્યને પણ શુદ્ધિ કરવાનો અવસર આવે તો બીજાની સાક્ષીએ કરવી જોઈએ.

જેમ હોશિયાર વૈદ્યને પણ પોતાની જાત માટેની ચિકિત્સા કરવી હોય તો બીજા પાસે લેવી પડે છે. અર્થાત્ બીજો વૈદ્ય તપાસીને તેને રોગ નિવારવા માટેની ચિકિત્સા આરંભે છે.

આ પ્રમાણે પોતે પ્રાયશ્ચિત્તની વિધિ જાણતા હોય તો પણ અવશ્ય બીજાની પાસે આલોચના કરી શુદ્ધિ કરવી જોઈએ.

જો આવા ગુણવાન્ આચાર્યને પણ બીજા સમક્ષ આલોચના કરવી આવશ્યક છે, તો પછી સામાન્ય સાધુની તો વાત જ શું કરવી ? તેથી સર્વ કોઈએ ગુરુ સમક્ષ વિનયપૂર્વક અંજલી જોડીને પોતપોતાના આત્માની શુદ્ધિ કરવી જોઈએ.

શુદ્ધિ માટેનું સારભૂત કથન કરતાં કહે છે કે –

જેમણે આત્માનો સર્વ રજ્જાલ દૂર કરેલો છે તેવા શ્રી જિનેશ્વર ભગવંતના શાસનમાં ફરમાવેલ છે કે –

''જે આત્મા સશલ્ય છે, તેની શુદ્ધ થતી નથી.''

સર્વે શલ્યોનો જે ઉદ્ધાર કરે છે, તે જ આત્મા શુદ્ધ બને છે.

૦ દોષો લાગવાના કારણો બતાવે છે –

આત્માને સહસા, અજ્ઞાનતા આદિ આઠ કારણો અત્રે બતાવેલ છે. જેનાથી દોષો લાગતા હોય છે, તે આ પ્રમાણે –

**(૧) સહસા** - પગલું જોઈને ઉપાડ્યું, ત્યાં સુધી નીચે કંઈ ન હતું. પણ પગ મૂકતાં જ નીચે કોઈ જીવ આવી જાય ઈત્યાદિ કારણે.

**(૨) અજ્ઞાનતાથી** - લાકડાં ઉપર નિગોદ આદિ હોય, પણ તેનું જ્ઞાન ન હોવાથી, તેને લુંછી નાંખે.

**(૩) ભયથી** - જૂઠું બોલે કે, પ્રશ્નનો જૂઠો ઉત્તર આપે.

**(૪) બીજાની પ્રેરણાથી** - બીજાએ કંઈક માયાપૂર્વક જૂઠું જ સમજાવેલ હોય અને તે મુજબ માનીને અકાર્ય કરે.

**(૫) સંકટમાં** - વિહાર આદિમાં ભૂખ કે તરસ લાગી હોય, ત્યારે આહારાદિની શુદ્ધિ ન તપાસીને વાપરી લે.

**(૬) રોગપીડામાં** - આધાકર્મી આદિ વાપરી લે.

**(૭) મૂઢતાથી** - મૂઢતાને લીધે ખ્યાલ ન રહેવાથી દોષ સેવે.

**(૮) રાગદ્વેષથી** - રાગ કે દ્વેષને કારણે દોષ સેવે કે લાગે.

૦ હવે આલોચના કઈ રીતે કરવી ? તે જણાવે છે –

**• મૂલ-૧૧૫૪ થી ૧૧૫૬ :-**

સાધુ ગુરુ પાસે જઈને વિનયપૂર્વક બે હાથ જોડીને જે રીતે દોષો થયા હોય, તે બધાં દોષો શલ્યરહિત થઈને, જેમ નાનું બાળક પોતાની માતા પાસે જેવું હોય તેવું બધું સરળ રીતે બોલી જાય છે, તે પ્રમાણે ગુરુની સમીપે જઈને માયા અને મદથી રહિત થયેલો સાધુ પોતાના દોષો જણાવી પોતાની આત્મશુદ્ધિ કરે.

હે જીવ ! જો તું સ્પષ્ટપણે તારા પાપ કાર્યો ગુરુ સમીપે જઈને પ્રગટ કરીશ, તો તારો નિશ્ચે ઉદ્ધાર થશે. અરે ! માત્ર ''હું કહેવા જઉં છું.'' એવી અવસ્થામાં પણ ઘણાં પાપ તો ખત્મ થઈ જાય છે. તથા પાપનું પ્રગટીકરણ કરીશ કે, જેથી ગુરુ મહારાજની કૃપા તારી ઉપર ઉતરશે અને તારું નક્કર સ્થાન તે પૂજ્ય ભગવંતના હૃદયમાં નિશ્ચિત્ત થસે તો હે મુમુક્ષુ ! તેના જેવો મોટો લાભ બીજો કયો થશે ?

અવસરે ગુરુજી એવી સારણાં-વારણાં આદિ કરશે કે જેનાથી હે સાધો ! તારું જીવન ધન્ય બની જશે.

પણ આ બધું ક્યારે બની શકે ? જો હૃદય તદ્દન સ્પષ્ટ, શુદ્ધ અને સાફ કરેલું હોય તો, ગુરુની ભવ્ય પ્રેરણાથી બને.

શલ્યોદ્ધાર કર્યા પછી માર્ગજ્ઞ આચાર્ય ભગવંત જે પ્રાયશ્ચિત્ત આપે, તે પ્રાયશ્ચિત્તને વિધિપૂર્વક પૂર્ણ કરી આપવું જોઈએ. જેથી અનવસ્થાને પ્રસંગ ન આવે.

અનવસ્થા એટલે અકાર્યની આલોચના ન કરે અથવા આલોચના લઈને તેને પૂર્ણ ન કરે. આવા અનવસ્થા કરવાથી બીજા સાધુને થશે કે – પ્રાણી હિંસા આદિમાં કંઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી, તેથી પ્રાણી હિંસા આદિ કરવામાં કોઈ દોષ લાગતો નથી. પરિણામે બીજા સાધુ પણ પાપકાર્ય કરતાં થઈ જશે. તેથી અનવસ્થા ન થાય તે માટે સાધુએ પ્રાયશ્ચિત્ત આચરવું જોઈએ.

૦ હવે આત્મશુદ્ધિ ન કરવાથી થતાં નુકસાનને જણાવે છે –

**• મૂલ-૧૧૫૭ થી ૧૧૬૧ :-**

શસ્ત્ર કે વિષ જે નુકસાન કરતાં નથી, દુષ્ટપ્રયુક્ત વૈતાલ પણ પ્રતિકૂળ થઈને જે દુઃખ આપતો નથી, [ઉલટું ચાલેલું યંત્ર પણ જે નુકસાન કરતું નથી] ક્રોધાયમાન સર્પ પણ જે કરી શકતો નથી, તેનાથી અનેકગણું દુઃખ શલ્યનો ઉદ્ધાર ન કરવાથી થાય છે.



શસ્ત્ર આદિના દુઃખથી વધુમાં વધુ એક ભવનું જ મરણ અથવા કષ્ટ આપે છે, પણ શલ્ય ન ઉદ્ધરેલ આત્માને દુર્લભ બોધિત્વ અને અનંત સંસારીપણારૂપ ભયંકર નુકસાન થાય છે.

તેથી સાધુએ સર્વે અકાર્યોની આલોચના કરી આત્મશુદ્ધિ કરવી.

ગારવરહિતપણે આલોચના કરવાથી મુનિ ભવ સંસારરૂપ લતાના મૂલને છેદી નાંખે છે. તથા માયાદિ શલ્યોને દૂર કરે છે.

જેમ માથે ભાર ઉપાડેલો મજૂર, ભાર મૂકવાથી હળવો થાય છે, તેમ સાધુ શલ્યરહિત પાપોની આલોચના, નિંદા, ગર્હા ગુરુ સન્મુખ કરવાથી કર્મરૂપી ભારથી હળવો થાય છે.

સર્વશલ્યથી શુદ્ધ બનેલો સાધુ ભક્તપ્રત્યાખ્યાન અનશનમાં અત્યંત ઉપયોગવાળો થઈ મરણાંતિક આરાધનો કરતો રાધાવેધને સાધે છે. અર્થાત્ સમાધિપૂર્વક કાળ કરી ઉત્તમાર્થને સાધે છે.

**• ઉપસંહાર** - કરતાં હવે જણાવે છે કે –

**• મૂળ-૧૧૬૨ થી ૧૧૬૪ :-**

આરાધનામાં તત્પર સાધુ સારી રીતે આરાધના કરી, સમાધિપૂર્વક કાળ કરે તો અવશ્ય ત્રીજા ભવે મોક્ષને પામે છે.

[શંકા] સર્વવિરતિ સામાયિક પ્રાપ્ત આત્મા ઉત્કૃષ્ટથી આઠમા ભવે અને જઘન્યથી તે જ ભવે મોક્ષ પામે છે એમ કહેલું છે, તમે ત્રીજા ભવે મોક્ષને પામે તેમ કહો છો ? તો તત્ત્વ શું છે ?

[સમાધાન] ''જઘન્યથી તે જ ભવે અને ઉત્કૃષ્ટથી આઠમા ભવે મોક્ષ પામે'' આ વચન વજ્રઋષભનારાચ સંઘયણીને આશ્રીને કહેલું છે. અહીં જે 'ત્રીજે ભવે મોક્ષ પામે' તેમ કહ્યું તે છેલ્લા સંઘયણવાળાને આશ્રીને છે. છેલ્લા સંઘયણવાળો પણ અતિશય આરાધનાના બળથી ત્રીજે ભવે અવશ્ય મોક્ષ પામનારો થાય છે.

ચરણકરણમાં આયુક્ત સાધુ, આ પ્રમાણે સામાચારીનું પાલન કરતાં અનેક ભવમાં સંચિત કરેલા અનંતા કર્મોને ખપાવે છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ
વિશુદ્ધિ દ્વારનો સટીક સંક્ષિપ્ત પરિચય પૂર્ણ

# ઓઘનિર્યુક્તિ સટીક સંક્ષેપ પરિચય પૂર્ણ

# 卐 ભાગ-૩૫-સમાપ્ત 卐

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |